BAOU
Education for All


ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી


MGT – 01

માસ્ટર ઑફ આર્ટ્સ - ગુજરાતી

ગ્રંથકારનો અભ્યાસ

# ઉમાશંકર જોશી





## જીવન અને કવિતા - 1

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક,ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં,ગુજરાત સરકારશ્રીએ ઈ.સ.૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે,શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. **BAOU**ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો,આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છે : **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય,જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય,જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત,વ્યવસાયલક્ષી,જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ,કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્દો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી,જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાય**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

**નિદર્શન :**

પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય — સ્કૂલ ઑફ હ્યુમિનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સીઝ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સમિતિ :**

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રો.ડૉ.ઉષા ઉપાધ્યાય — વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

ડૉ.હેતલ ગાંધી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પરામર્શન (વિષય) :**

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન :**

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રો.ડૉ.જિતેન્દ્ર મેકવાન — આસિસ્ટન્ટ પ્રોફેસર
મહેમદાવાદ આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ

**સહસંપાદન :**

પ્રા.ઉર્વિકા પટેલ — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** ૨૦૨૦-૨૧

**પ્રકાશક :** કાર્યકારી કુલસચિવ,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# 1

## જીવન અને કવિતા

## બ્લૉક : ૧


| | |
|---|---|
| **એકમ : 1** | |
| ઉમાશંકર જોશી : જીવન-ઘડતર અને સાહિત્યસર્જન | 01-07 |
| **એકમ : 2** | |
| ઉમાશંકર જોશીની સૉનેટ કવિતા | 08-17 |
| **એકમ : 3** | |
| ઉમાશંકર જોશીની ગીતરચના | 18-27 |
| **એકમ : 4** | |
| ઉમાશંકર જોશીનાં પદ્યનાટકોનો અભ્યાસ-I | 28-41 |
| **એકમ : 5** | |
| ઉમાશંકર જોશીનાં પદ્યનાટકોનો અભ્યાસ-II | 42-55 |
| **એકમ : 6** | |
| ઉમાશંકર જોશીનાં અછાંદસ કાવ્યો | 56-61 |
| **એકમ : 7** | |
| કાવ્યાસ્વાદ-I | 62-78 |
| **એકમ : 8** | |
| કાવ્યાસ્વાદ-II | 79-93 |

## પાઠ્યક્રમ પરિચય

એમ.એ.પાર્ટ-૧ના અભ્યાસક્રમમાં ગ્રંથકાર ઉમાશંકર જોશીનો અભ્યાસ કરવાનું ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સુનિશ્ચિત થયું. વીસમી સદીના સર્જકોમાં ઉમાશંકર જોશીનું સાહિત્યિક પ્રદાન તેમને માત્ર ગુજરાતી સાહિત્યમાં જ નહિ પણ સમકાલીન ભારતીય સાહિત્યમાં પણ શીર્ષસ્થ ભૂમિકાએ પ્રથમ પંક્તિમાં સ્થાન અપાવે તેવું છે. કવિ-વાર્તાકાર-નિબંધકાર-વિવેચક-અનુવાદક-સંપાદક આદિ અનેકવિધ ભૂમિકાએ ઉમાશંકર જોશીની સર્જકતા-સજ્જતાનો પરિચય સુવિદિત છે. ગ્રંથકાર તરીકે ઉમાશંકર જોશીનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી વીસમી સદીની સાહિત્યક ગતિવિધિના મૂલ્યવાન પ્રવાહમાં પ્રવેશે છે.

ઉમાશંકર જોશીએ વીસ વર્ષની યુવાન વયે ‘વિશ્વશાંતિ’ના ‘મંગલ શબ્દ’થી સર્જનનો પ્રારંભ કર્યો. ‘સંસ્કૃતિ’ સામયિક સુધી વિસ્તરેલી સાહિત્યિક નિસબતનો સમગ્રલક્ષી આલેખ કોઈપણ જિજ્ઞાસુને માટે સર્વથા પ્રેરક, પ્રોત્સાહક છે. ‘ગુજરાત યુનિવર્સિટી’, ‘શાંતિનિકેતન’ આદિ વિશ્વવિદ્યાલયોના કુલગુરુ રહી ચૂકેલા ઉમાશંકર વીમસી સદીના ગુજરાતી ભાષા-સાહિત્યના મૂલ્યવાન પ્રતિનિધિ તરીકે રાજ્યસભામાં પણ નિયુક્તિ પામ્યા. ‘જ્ઞાનપીઠ’ પુરસ્કૃત સર્જક ઉમાશંકર જોશીએ ગુજરાતી સાહિત્ય પરિષદ, કેન્દ્રીય સાહિત્ય અકાદમી આદિ સર્વોચ્ચ સાહિત્ય સંસ્થાઓમાં અગ્રભૂમિકાએ માર્ગદર્શન પૂરું પાડ્યું.

મૂર્ધન્ય સારસ્વત ઉમાશંકર જોશીની બહુમુખી પ્રતિભા વિશે સંદર્ભ સહિત અભ્યાસ-સામગ્રી ઉપલબ્ધ કરાવવાનો આ વિનમ્ર પ્રયાસ ગુજરાતી ભાષા-સાહિત્યના દરેક વિદ્યાર્થી માટે ઉપયોગી થશે એવી અપેક્ષા અસ્થાને નથી. અભ્યાસ સામગ્રી લેખનમાં ઉપયોગી-સહયોગી સર્વ લેખકશ્રીઓનો ખૂબ-ખૂબ આભાર. સઘન અધ્યયન અને નિત્ય સ્વાધ્યાયનો કોઈ વિકલ્પ નથી એ વાતનું સ્મરણ રહે. શુભેચ્છાઓ.

# એકમ 1 ઉમાશંકર જોશી : જીવન-ઘડતર અને સાહિત્યસર્જન

**રૂપરેખા :**


1.1. ઉદ્દેશ

1.2 પ્રસ્તાવના

1.3 ઉમાશંકર જોશીનું જીવન-ઘડતર

1.4 ઉમાશંકર જોશીનું સાહિત્યસર્જન

1.5 તમારી પ્રગતિ ચકાસો

1.6 સંદર્ભ પુસ્તકો


## 1.1 ઉદ્દેશ :

આપણે ગ્રંથકાર ઉમાશંકર જોશીનો અભ્યાસ કરવાનો છે. ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગના (1915 થી 1948) પ્રતિનિધિ સર્જક તરીકે ઉમાશંકર જોશીનું નામ આગળ પડતું છે. આ એકમના અભ્યાસ દ્વારા તમે ઉમાશંકર જોશીના જીવન-ઘડતર વિશે તથા સમગ્ર સાહિત્ય વિશે અભ્યાસપૂર્ણ વિગતોથી માહિતગાર થશો. પ્રતિનિધિ સર્જકની જીવનયાત્રા અને સર્જનયાત્રાને સમજવા માટે આ એકમ ઉપયોગી છે.

## 1.2 પ્રસ્તાવના :

ઉમાશંકર જોશી ગાંધીયુગના પ્રતિનિધિ સર્જક છે તેમ આપે જાણ્યું. આ સર્જકનો જીવનકાળ (1911-1988) ને ધ્યાનમાં લઈએ તો તેઓ માત્ર ગાંધીયુગના જ સર્જક નથી પણ આધુનિક સમય સુધી સર્જનમાં પ્રવૃત્ત રહ્યા છે. સાહિત્યિક સક્રિયતાથી વિસ્તરતા રહ્યા છે. સમગ્ર સાહિત્યયાત્રામાંથી પસાર થતાં જણાશે કે તેઓ એક યુગના જ નહિ, કાળખંડની રીતે વીસમી સદીના ગુજરાતી સાહિત્યના પ્રતિનિધિ સર્જક છે. 19 વર્ષની યુવાનવયે વિશ્વશાંતિથી શરૂ થયેલી સર્જનયાત્રા પૂરા છ દાયકાની સફરમાં વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં વિકસે છે. કવિતા, વાર્તા, એકાંકી, ચરિત્ર, વિવેચન, સાહિત્યનું શિક્ષણ, સાહિત્યિક સામયિકો આદિમાં ઉમાશંકર જોશીની સર્જકચેતનાનાં વિવિધ પરિમાણો જોઈ શકાય છે.

## 1.3 ઉમાશંકર જોશીનું જીવન-ઘડતર :

ઉમાશંકર જોશીનો જન્મ 21 જુલાઈ, 1911ના રોજ ઉત્તર ગુજરાતના ઈડર તાલુકાના બામણા ગામમાં થયો. ચાર ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ બામણા ગામમાં લીધું. માધ્યમિક શિક્ષણ ઈડર મુકામે છાત્રાલયમાં રહીને મેળવ્યું. ઈડર છાત્રાલયમાં વિદ્યાર્થીકાળ દરમિયાન પન્નાલાલ પટેલ નામના સહાધ્યાયી મિત્ર મળ્યા. જે આગળ જતાં મોટા સર્જક થયા. માધ્યમિક શિક્ષણ બાદ આગળ ભણવા માટે અમદાવાદ આવ્યા. અમદાવાદમાં પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલમાં ભણીને વર્ષ 1927માં મેટ્રિક થયા. મેટ્રિકની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈ ગુજરાત કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો. 1930માં ઈન્ટર આર્ટ્સની પરીક્ષા આપવાની હતી ત્યાં ગાંધીજી પ્રેરિત સત્યાગ્રહની ચળવળમાં ઝુકાવ્યું. અભ્યાસ અધૂરો રહ્યો.

1930માં દાંડીકૂચની આગલી રાતે, યુવાન ઉમાશંકરને આશ્રમના દરવાજે એક મિત્રએ પ્રશ્ન પૂછ્યો કે ''હજી તું પરીક્ષા આપીશ ?' જવાબમાં યુવાન કવિએ કહ્યું, ''પરીક્ષા આપતાં રણશીંગું સંભળાશે તો વચ્ચેથી ઊઠી જઈ સેનામાં દાખલ થઈશ.''

આઝાદી આંદોલનના એ દિવસો હતા. સાબરમતી જેલ તથા વિસાપુર જેલમાં જવાનું થયું. 1931માં ગૂજરાત વિદ્યાપીઠમાં થોડો સમય રહેવાનું થયું. એ સમયમાં વિદ્યાપીઠ તેમના જેવા આદર્શોન્મુખ યુવાનો માટે સાહિત્યતીર્થ પણ હતી. છ માસ જેટલા વિદ્યાપીઠ મુકામ દરમિયાન કાકાસાહેબ કાલેલકરનો સંપર્ક થાય છે. ગાંધીજીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ

મળે છે. દાંડીકૂચ જેવી વિશ્વપ્રસિદ્ધ ઘટનાના સાક્ષી બને છે. ગાંધીજીના જીવનસંદેશથી પ્રેરિત યુવાન કવિ 'વિશ્વશાંતિ' ખંડકાવ્ય લખે છે.

વિદ્યાપીઠમાં ગાંધીજી સરદાર, રાધાકૃષ્ણન, રવીન્દ્રનાથ, કાલેલકર, રા. વિ. પાઠક જેવા વિરાટ વ્યક્તિત્ત્વના દર્શન - વક્તવ્ય સંપર્કમાં આવતી યુવાન કવિની ચેતનાને અમદાવાદમાં આનંદશંકર ધ્રુવ, રમણભાઈ નીલકંઠ, ન્હાનાલાલ, નરસિંહરાવ, કેશવ હર્ષદ ધ્રુવ, નરસિંહરાવ દિવેટિયા, સુન્દરમ્ જેવા સર્જકોનો ભેટો થાય છે.

વિદ્યાપીઠના વિશાળ ગ્રંથાલયમાં 'મહાભારત', 'ગીતાંજલિ', 'સ્વદેશી સમાજ' 'માનવધર્મ', 'સરસ્વતીચંદ્ર', 'કાવ્યમાધુર્ય'નો સ્વાધ્યાય તેમની સર્જક ચેતનાને પોષે છે.

વ્યક્તિત્વ ઘડતરમાં પ્રવાસ પણ અગત્યનો ભાગ ભજવે છે. ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત કૉલેજમાં અભ્યાસ કરતા ઉમાશંકર દિવાળીની રજાઓમાં, પંદર રૂપિયા ઉછીના લઈને અમદાવાદથી આબુ રોડનો પ્રવાસ ગાડીમાં કરે છે. આબુ રોડ પહોંચ્યા પછી પર્વત, ખીણ અને વન-જંગલનો સોએક માઈલનો પ્રવાસ પગપાળા કરે છે. પ્રવાસમાં શરદપૂનમની રાતે, નખી સરોવરના કિનારે, કવિને કાવ્યદીક્ષાનો શબ્દ મળે છે.

''સૌંદર્યોથી, ઉરઝરણ ગાશે પછી આપમેળે' - જેવી કાવ્યપંક્તિ ઉદ્ભવે છે. આ પંક્તિ તેમની કાવ્યપ્રવૃત્તિના સંદર્ભમાં સાર્થક ઠરે છે. આ કાવ્ય; 'નખી સરોવર પર શરત્પૂર્ણિમા'; એ તેમનું પ્રથમ કાવ્ય (1928); જે ગુજરાત કૉલેજ મેગેઝિનમાં પ્રગટ થયું.

1934માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. અધૂરો છોડેલો અભ્યાસ આગળ ધપાવ્યો. 1936માં અર્થશાસ્ત્ર-ઈતિહાસ વિષય સાથે બી.એ. થયા અને 1938માં ગુજરાતી (મુખ્ય વિષય) તથા સંસ્કૃત (ગૌણ) સાથે એમ.એ. પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.

ઈડર તાલુકાના બામણા જેવા નાના ગામમાંથી નીકળેલો એક વિદ્યાર્થી ઈડરની માધ્યમિક શાળા છોડે છે. ત્યારે જ શાળાના પ્રાંગણમાં શાળાનું નામ રોશન કરવાના સંકલ્પનું વાવેતર કરે છે. તેમણે લખ્યું છે; ''ગામમાંથી શબ્દ લઈને નીકળ્યો હતો. શબ્દ ક્યાં ક્યાં લઈ ગયો ? સત્યાગ્રહની છાવણીઓમાં, જેલોમાં, વિશ્વવિદ્યાલયોમાં, સંસદમાં, દેશના મૂર્ધન્ય સાહિત્યમંડળમાં, રવીન્દ્રનાથની વિશ્વભારતીમાં, વિદેશોના સાંસ્કૃતિક સમાજોમાં - એટલે કે વિશાળ કાવ્યલોકમાં, માનવ હોવાના અપરંપાર આશ્ચર્યલોકમાં.... શબ્દના ઋણનું શું ? શબ્દને વીસર્યો છું ? પ્રામાણિકપણે કહી શકું કે શબ્દનો વિસારો વેઠ્યો નથી.''

**શૈક્ષણિક કારકિર્દી અને સાહિત્યિક સન્માન :**

1938માં ગુજરાતી - સંસ્કૃત સાથે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા ઉમાશંકર જોશી મુંબઈ - વિલેપાર્લે ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે, અભ્યાસ દરમ્યાન સેવાઓ આપતા હતા. 1939માં સિડનહામ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા પણ એ જ વરસે મુંબઈ છોડી અમદાવાદમાં નિવાસ કર્યો.

- 1939થી 1946 સુધી ગુજરાત વિદ્યાસભાના અનુસ્નાતક વિભાગમાં ગુજરાતી ભાષા-સાહિત્યના અધ્યાપક તથા સંશોધક.
- 1946થી 1953 સુધી સ્વૈચ્છિક - પ્રવાસી પ્રાધ્યાપક તરીકે વિવિધ શિક્ષણસંસ્થાઓમાં અવૈતનિક અધ્યાપન કર્યું.
- 1947માં 'સંસ્કૃતિ' માસિકની શરૂઆત કરી 1984 સુધી સ્વતંત્ર રૂપે તેનું સંપાદન-પ્રકાશનનું કાર્ય કર્યું.
- 1954માં ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના ગુજરાતી વિભાગમાં પ્રોફેસર તથા વિભાગાધ્યક્ષ તથા ભવનના અધ્યક્ષ.
- 1949માં કોલકાતામાં યોજાયેલ ભારતીય લેખક પરિષદની પ્રવૃત્તિ.

1959માં મુંબઈ યુનિવર્સિટીના નિમંત્રણથી ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળામાં 'કવિતા વિવેક' વિષય પર વ્યાખ્યાનો આપ્યાં.

- 1966થી બે સત્ર સુધી ગુજરાત યુનિવર્સિટીમાં ઉપકુલપતિ.
- 1968માં ગુજરાત સાહિત્ય પરિષદ 24માં અધિવેશન પ્રમુખ.
- 1970થી 1976ના ગાળામાં રાજ્યસભામાં સભ્ય તરીકે નિયુક્તિ થઈ.
- 1978થી 1982 દરમિયાન સાહિત્ય અકાદેમી-દિલ્હીના અધ્યક્ષ.
- 1979થી 1981 એમ કુલ 3 વર્ષ દરમિયાન શાંતિનિકેતનના પ્રથમ આચાર્ય અને કુલપતિ.

**સાહિત્યિક સન્માન**

- 1939માં રણજિતરામ સુવર્ણચંદ્રક
- 1944માં મહીડા પારિતોષિક
- 1947માં નર્મદ સુવર્ણચંદ્રક
- 1965માં ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક
- 1968માં કન્નડ કવિ કે.વી.પુટપ્પા સાથે **'નિશીથ' કાવ્યસંગ્રહ માટે ભારતીય જ્ઞાનપીઠ ઍવૉર્ડ.**
- 1973માં સાહિત્ય અકાદમી પારિતોષિક
- 1973માં સોવિયેટ લેન્ડ પુરસ્કાર
- 1985માં સાહિત્ય અકાદમી દ્વારા 'સિનિયર ફેલો' તરીકે વરણી

● બેંગ્લોર, જોધપુર, સૌરાષ્ટ્ર, જબલપુર તથા સરદાર પટેલ યુનિવર્સિટીઓ દ્વારા ડી.લિટની પદવીઓથી સન્માનિત.

- યુવાન વયે આબુના પ્રવાસે ગયેલા ઉમાશંકરને સૌંદર્યનું રસપાન કરી ઉરઝરણ પ્રાપ્ત થયું. દેશમાં સાહિત્યિક પરિસંવાદો - અધિવેશનોમાં અનેક વખત દેશના વિભિન્ન પ્રદેશોના સર્જકોના પરિચયમાં આવ્યા.1952માં ચીન,જાવા,બાલી,શ્રીલંકા વગેરે એશિયાઈ દેશોનો પ્રવાસ કર્યો. 1956માં અમેરિકા તથા યુરોપ અને 1957માં જાપાન અને રશિયાના પ્રવાસો કર્યા.

1988માં કેન્સરની સારવાર દરમિયાન મુંબઈ મુકામે દેહાવસાન થયું.

**1.4 ઉમાશંકર જોશીનું સાહિત્યસર્જન :**

**(1) કવિતા :** 'વિશ્વશાંતિ' (1931), 'ગંગોત્રી', (1934), 'નિશીથ' (1939), 'પ્રાચીના' (1944) 'આતિથ્ય' (1946) 'વસંતવર્ષા' (1954), 'મહાપ્રસ્થાન' (1965), 'અભિજ્ઞા' (1967), 'ધારાવસ્ત્ર' (1981), 'સપ્તપદી' (1981), 'સમગ્ર કવિતા' (1981)

કુલ દસ કાવ્યસંગ્રહો ઉપરાંત 'સમગ્ર કવિતા' - ગ્રંથમાં તેમની બધી જ કવિતાનો સમાવેશ થાય છે.

તેમની પ્રથમ કવિતાની પ્રથમ પંક્તિ છે, 'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો' અને છેલ્લા કાવ્યની છેલ્લી પંક્તિ છે : 'છેલ્લો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે. આ બે પંક્તિ વચ્ચે પૂરા પચાસ વરસની કાવ્યયાત્રા છે. 'વિશ્વશાંતિ' ખંડકાવ્યની પ્રથમ પંક્તિના મંગલ શબ્દથી મંગલાચરણ થયું. ગાંધીજી પ્રત્યે યુવાન કવિને ભરપૂર આદર હતો. ગાંધીજીના આગમનને વિશે કવિ કહે છે :

**પુણ્યો ફળ્યાં ભારતની પ્રજાનાં**<br>
**અહો ! મહા ભાગ્ય વસુંધરાનાં !**

★

**વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી**<br>
**પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ**

ગાંધીજી વિશ્વશાંતિના વાહક હતા. યુવાન કવિ ઉમાશંકર વિશ્વશાંતિના ગાંધીસંદેશના વાહક બને છે. વસુધૈવ કુટુમ્બકમ્‌ની વાતને આવરી લઈ કવિએ પૂર્વ કે પશ્ચિમ; દરેક દિશાના માનવને માટે સત્ય, અહિંસા, પ્રેમની અનિવાર્યતા વ્યક્ત કરી છે.

**'ગંગોત્રી' (1934)** સંગ્રહમાં પણ કવિની સમાજ પ્રત્યેની નિસબત અને સ્વતંત્રતાનો આગ્રહ જુદી જુદી રીતે વ્યક્ત થાય છે :

**હું ગુલામ ?**
**સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ ?**

★ ★

**સ્વતંત્ર પ્રકૃતિ તમામ**
**એક માનવી જ કાં ગુલામ ?**

**પીડિતો**, શોષિતોની વ્યથા કવિની વાણીમાં વેધકતાથી વ્યક્ત થાય છે.'ઘાણીનું ગીત' 'પહેરણનું ગીત','હથોડાનું ગીત','મોચી' જેવી કવિતામાં કવિનો સૂર તીવ્રતાથી પ્રગટ થાય છે.

**રામજી કાં રોટલા મોંઘા ?**
**લોહીમાંસ આટલાં સોંઘા ?**

- જેવી પંક્તિમાં વ્યક્ત થતું સંવેદન કવિની સમાજાભિમુખતાનું દર્શન કરાવે છે.

'જઠરાગ્નિ', 'ઉરખાખ', 'વિશ્વમાનવી', 'વિશ્વતોમુખી', 'બાણપથારી', 'ભોમિયા વિના' 'પંપા સરોવર' 'રામ મઢી'-'ગંગોત્રી' સંગ્રહના કાવ્યો છે.

**'નિશીથ' (1939)** કાવ્યસંગ્રહ નિમિત્તે કવિને 1968માં જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો હતો. 'આત્માનાં ખંડેર' 'વિરાટ પ્રણય' 'નિશીથ' 'લોકલમાં' અને 'અન્નબ્રહ્મ' જેવી રચનાઓ 'નિશીથ' સંગ્રહનો વિશેષ છે.

**પ્રાચીના - મહાપ્રસ્થાન :**

**'પ્રાચીના'(1944)**માં મહાભારત, ભાગવત અને જાતકકથામાંથી વસ્તુ લઈને સાત સંવાદકાવ્યો-કાવ્યો સમાવ્યા છે. 'કર્ણ-કૃષ્ણ' '19મા દિવસનું પ્રભાત' 'ગાંધારી' જેવા કાવ્યો મહાભારતમાંથી લીધા છે. 'રતિ-મદન' તથા 'કુબ્જા'નું વિષયવસ્તુ ભાગવતમાંથી પસંદ કરેલ છે. પ્રાચીનામાં પૌરાણિક ભવ્યતા અને ગૌરવનો કથાવસ્તુ તરીકે વિનિયોગ થયો છે.

**'મહાપ્રસ્થાન' (1965)**માં પણ સાત કૃતિ છે. જેમાં 'મહાપ્રસ્થાન' યુધિષ્ઠિર, 'અર્જુન-ઉર્વીશ અને કથાનું વિષયવસ્તુ મહાભારતમાંથી લેવામાં આવ્યું છે. 'મંથરા' અને 'ભરત'નું વિષયવસ્તુ રામાયણમાંથી અને 'નિમંત્રણ'નું બુદ્ધના જીવનમાંથી લેવામાં આવ્યું છે.

**આતિથ્ય (1946)**માં વિષયનું અપાર વૈવિધ્ય છે. પ્રણયગીત, વર્ષાગીત, અંજલિગીતો, વિશ્વયુદ્ધ, સ્વદેશપ્રેમ આદિ વિષયો કાવ્યમાં અભિવ્યક્ત થાય છે. 'વસંતવર્ષા' સંગ્રહની 'હું ગૂર્જર ભારતવાસી' રડો ન મુજ મૃત્યુને' જેવી કવિતા ખૂબ જાણીતી બની છે.

**'અભિજ્ઞા' (1967)**માં ઉમાશંકર જોશીની કવિતામાં વિષયવસ્તુ અને અભિવ્યક્તિની દૃષ્ટિએ આ કાવ્યસંગ્રહ મહત્ત્વનો વળાંક સિદ્ધ થાય છે. 'છિન્નભિન્ન છું' 1955માં લખાયેલું જે 'અભિજ્ઞા' સંગ્રહમાં સમાવિષ્ટ છે. 'શૅક્સપિયર,' ઊર્ધ્વમાનુષ' અને 'ગાંધીજયંતી તે દિને' - અંજલિ કાવ્યો છે. 'ત્રણ વાનાં' નામનું ખૂબ જાણીતું મુક્તક પણ આ કાવ્યસંગ્રહમાં છે.

**'ધારાવસ્ત્ર' (1981)** : આ સંગ્રહમાં 'ધારાવસ્ત્ર', 'માઈલોના માઈલો મારી અંદર 'એક ઝાડ' 'અમે ઈડરિયા પથ્થરો', 'ચિલિકા', 'સ્વપ્નોનું એક નગર' જેવાં કાવ્યો સમાવિષ્ટ છે. તેર અંજલિકાવ્યો પણ આ સંગ્રહમાં છે.

**'સપ્તપદી' (1981)**માં ઉમાશંકર જોશીનો આ છેલ્લો કાવ્યસંગ્રહ છે. 'શોધ', 'નવપરિણીત પેલાં', 'પીછો', 'મૃત્યુક્ષણ', 'પંખીલોક', જેવા મહત્ત્વનાં કાવ્યો છે.

**(2) નાટક :** 1932માં જેલવાસ દરમ્યાન 'સાપના ભારા'ના એકાંકીઓ રચાયાં છે. 'સાપભારા'નાં એકાંકીઓ પૈકી 'દુર્ગા', 'ગાજરની પિપૂડી' અને 'વિરાટ જનતા'માં નગરજીવનનું આલેખન છે. ઉત્તર ગુજરાતના ગ્રામજીવનનું વાસ્તવિક નિરૂપણ અને પ્રાદેશિક લોકબોલીનો પાત્રાનુસાર વિનિયોગ સુચારુ રીતે થયો છે.

1951માં બીજો એકાંકીસંગ્રહ 'શહીદ' પ્રગટ થયો છે 'શહીદ'માં અગિયાર એકાંકી છે. 'વિદાય', 'પારખું', 'માણેકચોક', 'શહીદ' તખ્તાલાયક-મંચનક્ષમ એકાંકીઓ છે.

**(3) ટૂંકીવાર્તા :** 'શ્રાવણી મેળો' (1937),
'ત્રણ અર્ધું બે અને બીજી વાતો' (1938)
'અંતરાય' (1947)
'વિસામો' (1959)

ઉપરોક્ત સંગ્રહો પૈકી 'ત્રણ અર્ધું બે' અને 'અંતરાય' સંગ્રહોની વાર્તાઓ રદ કરતાં આખરે 'શ્રાવણી મેળો' તથા 'વિસામો'ની 37 જેટલી વાર્તાઓ તેમનું કુલ વાર્તાસર્જન ગણાય. ઉમાશંકર જોશીએ 'વાસુકિ' ઉપનામથી વાર્તાઓ લખી છે. તેમની વાર્તાઓમાં 'ગુજરીની ગોદડી', 'છેલ્લું છાણું', 'મારી ચંપાનો વર', શ્રાવણી મેળો' ગુજરાતી વાર્તાવિશ્વની નોંધપાત્ર વાર્તાઓમાં સ્થાન પામે તેવી વાર્તાઓ છે.

**(4) નિબંધ :** ઉમાશંકર જોશીએ 'નિબંધ - એક કલાપ્રકાર' નામે લેખમાં નિબંધના સ્વરૂપ વિષયક માર્ગદર્શક નીવડે તેવી છણાવટ કરી છે. સર્જક તરીકે વિવિધ વિષયના નિબંધો આપીને તેમણે પોતાની ચિંતનશીલ નિસબતનો પરિચય આપ્યો છે.

'ગોષ્ઠી' (1951), 'ઉઘાડી બારી' (1959), 'શિવ સંકલ્પ' (1978) તેમના નિબંધસંગ્રહો છે. આ ત્રણેય નિબંધસંગ્રહોમાં ચિંતનલક્ષી, માનવસ્વભાવની લાક્ષણિક મુદ્રાઓનું સૂક્ષ્મ નિરીક્ષણ - ચિંતન વ્યક્ત કરતા નિબંધો, નાગરિક નિસબતને વ્યક્ત કરતા નિબંધો, કેળવણી વિષયક નિબંધો દ્વારા સર્જકના વ્યાપવિશ્વનો પરિચય થાય છે.

**પ્રવાસ નિબંધ :** 'ચીનમાં 54 દિવસ' (1954), 'ઈશાન ભારતમાં અને આંદામાનમાં ટહુક્યા મોર' (1976), 'યુરોપયાત્રા' (1985), 'યાત્રી' (1994) જેવા પ્રવાસ પુસ્તકો દ્વારા વિચાર, અભ્યાસ, અનુભવ અને નિરીક્ષણની વિસ્તરતી ક્ષિતિજોનો પરિચય ભાવકને થાય છે.

**(5) ચરિત્ર :** 'ગાંધીકથા' (1969), 'હૃદયમાં પડેલી છબીઓ : 1-2' (1977), 'જીવનનો કલાધર' (1995) '31માં ડોકિયું' (1977), 'થોડુંક અંગત' (1999) એમના ચરિત્રસાહિત્યના પુસ્તકો છે.

1969માં ગાંધી શતાબ્દી વર્ષે 'ગાંધીકથા' લખી. ગાંધીજીના જીવનપ્રસંગોને રસપ્રદ રીતે કથાકથન શૈલીમાં વણી લેવામાં આવ્યા છે.

'હૃદયમાં પડેલી છબીઓ'માં સવા બસો જેટલાં રેખાચિત્રો - ચરિત્ર નિબંધો બે ભાગમાં આપ્યા છે. સાહિત્ય, સંગીત, ચિત્ર, ચિંતન આદિ ક્ષેત્રના મહાનુભાવો, સંતો, સાધકો, ઈતિહાસકારો, વૈજ્ઞાનિક આદિના રેખાચિત્રો અહીં સાંપડે છે.

**'થોડુંક અંગત' (1999)**માં પ્રગટ થાય છે. ઉમાશંકર જોશીનાં સુપુત્રી સ્વાતિ જોશીએ આ પુસ્તક પ્રગટ કર્યું છે. ઉમાશંકર જોશીએ સળંગ આત્મકથા નથી લખી પણ આંશિક આત્મકથા જેવા આ પુસ્તકમાં પોતાના સંસ્મરણો નોંધ્યા છે. પ્રસંગોપાત વ્યક્ત થયેલાં આત્મકથનાત્મક ઉલ્લેખો આદિનો આ સ્મૃતિસંચય ખૂબ અગત્યનું પ્રકાશન છે.

**'31માં ડોકિયું' (1931)**માં ઉમાશંકર જોશી ગૂજરાત વિદ્યાપીઠમાં રહ્યા હતા એ દરમ્યાન; 16-7-31થી 27-10-31ની તેમણે ડાયરી લખી છે. આ ડાયરીમાં નાની-મોટી નોંધો છે. યુવાન ઉમાશંકર જોશીના વ્યક્તિત્ત્વ ઘડતરમાં વિદ્યાપીઠ નિવાસનું પ્રદાન મહત્ત્વનું છે. એ જાણવા, સમજવા માટે '31મા ડોકિયું' ઉલ્લેખનીય પુસ્તક છે.

**(6) ગ્રંથ સંપાદન :** વિવિધલક્ષી ઉપક્રમોમાં ઉમાશંકર જોશીએ ત્રેપન જેટલાં સંપાદનો કર્યા છે. 'અખાના છપ્પા' (1953),'મ્હારાં સૉનેટ' (1953),હરિશ્ચન્દ્ર ભટ્ટ કૃત 'સ્વપ્નપ્રયાણ' (1959), 'અખેગીતા', (અન્ય સાથે) (1967), 'કલાપીનાં કાવ્યો' (1974), 'નિશીથ' પુરસ્કાર ગ્રંથમાળા અંતર્ગત 21 અનૂદિત કાવ્યગ્રંથો, 'ગાંધી કાવ્યસંગ્રહ' (અન્ય સાથે, 1993), જેવા કવિતા વિષયક પુસ્તકો ઉપરાંત વિવેચન ક્ષેત્રના 'સાહિત્ય વિચાર' 'આનંદશંકર ધ્રુવકૃત 'કાવ્યતત્ત્વ વિચાર', મેઘાણી ગ્રંથ : 1-2, 'મડિયાનું મનોરાજ્ય'

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' (1 થી 4) અન્ય સાથે, 'પ્રતિભા અને પ્રતિભાવ' (1981), 'સર્જકની આંતરકથા' જેવા ગ્રંથો તેમણે આપ્યા છે.

લોકસાહિત્ય ક્ષેત્રે 'ગુજરાતી લોકસાહિત્યમાળા' જેવું પુસ્તક પણ ઉલ્લેખનીય છે. ઉપરાંત અનેકવિધ અભિવાદન ગ્રંથો, સ્મારક ગ્રંથો, સ્મૃતિગ્રંથ, પાઠ્ય પુસ્તકો આદિના સંપાદનોને તેમની વિદ્યા ચેતનાનો લાભ મળ્યો છે.

**(7) અનુવાદ :** પોલિશ કવિ મિત્સક્યોવિચ કૃત 'ધ ક્રિમિયન સોનેટ્સ'-નો અનુવાદ 'ગુલે પોલાંડ' (1939), 'ઓડેનનાં કાવ્યો' (અન્ય સાથે, 1976), રવીન્દ્રનાથની કવિતા 'એકોત્તર શતી' (અન્ય સાથે, 1978) અને 'ગીત પંચશતી' (અન્ય સાથે, 1978), 'ઈશાવાસ્ય ઉપનિષદ' (1988) જેવા કવિતાના અનુવાદો ઉપરાંત નાટક સ્વરૂપમાં ભવભૂતિનું 'ઉત્તરરામ ચરિત' (1950), કાલિદાસકૃત 'શાકુંતલ' (1955)ના અનુવાદો પણ તેમની પાસેથી મળે છે.

**(8) પત્રકારત્વ :** યુવાન ઉમાશંકર જ્યારે 1930માં વીરમગામ છાવણીમાં સત્યાગ્રહી તરીકે હતા ત્યારે છાવણીમાંથી પ્રગટ થતી પત્રિકા 'નવજીવન'ના પ્રકાશનની જવાબદારી સંભાળી હતી ત્યારથી પત્રકારત્વમાં તેમનો પ્રવેશ થયો ગણાય. 1947ની 26મી જાન્યુઆરીએ 'સંસ્કૃતિ'નો પ્રથમ અંક પ્રગટ થયો. 'સંસ્કૃતિ' ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વનું સુવર્ણ પ્રકરણ ગણાય છે. 'સંસ્કૃતિ' પૂરા આડત્રીસ વર્ષ ચલાવ્યું. 'સંસ્કૃતિ'ના વિશેષાંકો પણ ઉલ્લેખનીય છે. 100મો અંક લોકશાહી વિશે, 200મો અંક વિવેચન વિશે, 300મો અંક વિદેશી કવિતાના અનુવાદનો અને 400મો અંક ગુજરાતી ભાષાનાં મૂર્ધન્ય કાવ્યોના આસ્વાદનો હતો.

**(9) વિવેચન :** પ્રથમ પંક્તિના કવિ ઉમાશંકર જોશી પૂર્વ તથા પશ્ચિમની વિવેચન પરંપરાના અભ્યાસી હોવાનો લાભ ગુજરાતી સાહિત્યને આપે છે. 'અખો : એક અધ્યયન' તેમનો શોધનિબંધ છે 'સમસંવેદન', 'અભિરુચિ', 'શૈલી અને સ્વરૂપ' 'નિરીક્ષા' 'કવિની સાધના' 'શ્રી અને સૌરભ' 'શેક્સપિયર', 'પ્રતિશબ્દ' જેવા વિવેચનગ્રંથોમાં તેમના વિષયવ્યાપ અને અભ્યાસનું વૈવિધ્ય જણાય છે. 'શૈલી અને સ્વરૂપ' પુસ્તકમાં વિવિધ સાહિત્ય - સ્વરૂપો; નિબંધ, એકાંકી, ઊર્મિકાવ્ય, ટૂંકીવાર્તા, સૉનેટ, મુક્તક, લોકસાહિત્ય વગેરેની મૂળગામી ચર્ચા કરી છે.

કર્તાલક્ષી વિવેચનમાં વાલ્મીકિ, વ્યાસથી શરૂ કરી કાલિદાસ, ભવભૂતિ, નરસિંહ, પ્રેમાનંદ, અખો, રવીન્દ્રનાથ, ન્હાનાલાલ, બ.ક. ઠાકોર, હરિશચંદ્ર ભટ્ટ તથા પશ્ચિમના શેક્સપિયર, રોબર્ટ ફ્રોસ્ટ અને ચેખોવ સુધીના સર્જકો સુધી તેમનો અભ્યાસ વિસ્તરે છે.

'કલા : એક જીવનમૂલ્ય', 'વિવેચન : કલા કે શાસ્ત્ર', 'આંતર દર્શન : આંખ, કાન અને નાકની કવિતા', 'સૌન્દર્ય લુબ્ધ કવિ : રાજેન્દ્ર' 'સંસ્કૃતિનો કવિ' (કાલિદાસ), 'મહાભારતમાં માનવતા' 'નવલકથાકારની ભારત માટેની ખોજ' જેવા લેખો તેમની વિવેચક તરીકેની વ્યાપક અભિરુચિના પરિચાયક છે. 'વિવેચન : કલા કે શાસ્ત્ર' લેખ પણ ઉલ્લેખનીય છે.

વિવેચક તરીકે તેમણે પ્રાચીન ભારતીય સાહિત્ય, મધ્યકાલીન, ગુજરાતી સાહિત્ય, અર્વાચીન, આધુનિક ગુજરાતી સાહિત્ય ઉપરાંત પશ્ચિમના પ્રશિષ્ટ સર્જકો - કૃતિઓ તથા સાહિત્ય સ્વરૂપો વિશે પૂરી નિસબતથી લખ્યું છે. ઉમાશંકર જોશીના બધા મળીને પંદર વિવેચન સંગ્રહો તેમની ભાવયિત્રી પ્રતિભાનો સમ્યક્ પરિચય આપે છે.

આમ, સિદ્ધાંત વિવેચન, કર્તાલક્ષી વિવેચન, કૃતિલક્ષી વિવેચન; એમ દરેકમાં તેમની સર્જક તરીકે પ્રતિભાનો સ્પર્શ વિવેચન પ્રવૃત્તિને મળવાના કારણે ગુજરાતી વિવેચન સમૃદ્ધ બન્યું છે.

**(10) નવલકથા :** 'પારકાં જણ્યાં' (1940) - અગાઉ 'ઊગમણે બારણે' શીર્ષકથી એક નવલકથા લખવાનું નક્કી કર્યું હતું. પણ તે અધૂરી રહી. ત્યારબાદ જયંતિ દલાલના આગ્રહથી 'પારકાં જાણ્યાં' નવલકથા લખી સામાજિક નવલકથા તરીકે તેની નોંધ લેવામાં આવે છે. પૂરી સર્જકતા છતાં કથાવસ્તુનો બંધ શિથિલ રહ્યો હોવાના કારણે વ્યાપક આવકાર પામી નથી.

એકાંકી અને ટૂંકીવાર્તા જેવા ગદ્યસ્વરૂપોમાં સર્જકને જે સફળતા મળી છે તેવી અહીં, નવલકથામાં મળી નથી.

આમ, ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં ઉમાશંકર જોશીએ મૂલ્યવાન પ્રદાન આપ્યું છે. વીસમી સદીની ગુજરાતી કવિતાના તેઓ શિખર પુરુષ હતા. કવિતા સ્વરૂપનું તેમનું પ્રદાન સમગ્ર ભારતીય સાહિત્યના તેમના સમકાલીનોમાં બહુ ઊંચી ભૂમિકાએ ઉલ્લેખ પામી શકે છે તેટલું માતબર છે. જાગ્રત નાગરિક તરીકે તેઓ સજાગ હતા. સક્રિય હતા. 1975માં દેશમાં કટોકટી લાદવામાં આવી ત્યારે રાજ્યસભામાં સાંસદ તરીકે તેમણે વ્યક્ત કરેલું મંતવ્ય વ્યક્તિ સ્વાતંત્ર્ય અને લોકશાહી મૂલ્યો વિશેની તેમની પ્રતિબદ્ધતાનો પરિચય કરાવે છે. ઉમાશંકર જોશી સર્જક, કેળવણીકાર, વિશ્વ નાગરિક તરીકે સર્વથા ઉલ્લેખનીય રહેશે.' હું ગુર્જર ભારતવાસી' કહેનાર ઉમાશંકર સાચે જ ગુજરાતીમાં લખનાર મહાન ભારતીય સાહિત્યકાર હતા.

- **તમારી પ્રગતિ ચકાસો.**

**(અ) એક વાક્યમાં જવાબ આપો.**

(1) ઉમાશંકર જોશીનું જન્મવર્ષ અને વતન જણાવો.

(2) કયા સાહિત્યકાર ઉમાશંકર જોશીના સહાધ્યાયી હતા ?

(3) ગૂજરાત વિદ્યાપીઠનાં ગ્રંથાલયમાં ઉમાશંકર જોશીએ કયા ગ્રંથો વાંચ્યા ?

(4) ઉમાશંકર જોશીનું પ્રથમ કાવ્ય કયું ?

(5) ઉમાશંકર જોશીને જ્ઞાનપીઠ પુરસ્કાર કયા પુસ્તક નિમિત્તે મળ્યો ?

(6) ઉમાશંકર જોશીના એકાંકી સંગ્રહોના નામ આપો.

(7) ઉમાશંકર જોશીની જાણીતી વાર્તાઓ કઈ છે ?

(8) ઉમાશંકર જોશીનું આત્મકથનાત્મક પુસ્તક કયું છે ?

(9) ‘હૃદયમાં પડેલી છબીઓ’ કેટલા ભાગમાં પ્રગટ થઈ છે ?

(10) ઉમાશંકર જોશીનું સાહિત્ય સ્વરૂપોની સમજ આપતું વિવેચન પુસ્તક કયું છે ?

**(બ) જોડકાં જોડો.**

| | સાહિત્ય કૃતિ | | સાહિત્ય સ્વરૂપ |
|---|---|---|---|
| (1) | સાપના ભારા | - | સાહિત્યિક સામયિક |
| (2) | વિશ્વ શાંતિ | - | નવલકથા |
| (3) | અખાના છપ્પા | - | ચરિત્ર |
| (4) | જીવનનો કલાધર | - | ટૂંકી વાર્તા |
| (5) | સંસ્કૃતિ | - | એકાંકી સંગ્રહ |
| (6) | પારકાં જણ્યાં | - | કવિતા સંપાદન |
| (7) | વિસામો | - | ખંડકાવ્ય |

**સંદર્ભ સાહિત્ય**

(1) ‘ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ’-ગ્રંથ-5, સંપાદ.રમેશ ર.દવે

(2) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ - ધીરુભાઈ ઠાકર

(3) થોડુંક અંગત - ઉમાશંકર જોશી

**લેખન :** પ્રો.યોગેન્દ્ર પારેખ - ગુજરાતી વિભાગાધ્યક્ષ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

# એકમ 2 ઉમાશંકર જોશીની સૉનેટ કવિતા (સૉનેટમાળા, સૉનેટયુગ્મ)

રૂપરેખા


2.1 ઉદ્દેશો
2.2 પ્રસ્તાવના
2.3 ઉમાશંકર જોશીનાં સૉનેટ
2.3.1 સૉનેટનું સાહિત્યસ્વરૂપ
2.3.2 ઉમાશંકર જોશીનાં સૉનેટ
2.3.3 ઉમાશંકર જોશીની સૉનેટમાળાઓ
2.3.4 ઉમાશંકર જોશીનાંનાં સૉનેટ-યુગ્મો
2.3.5 વિવેચનાત્મક અભિપ્રાય
2.4 સૉનેટનો આસ્વાદ
2.4.1 'રડો ન મુજ મૃત્યુને' - સૉનેટ
2.4.2 સૉનેટનો આસ્વાદ
2.5 વિશેષ અધ્યયન
2.6 સંદર્ભ પુસ્તકો


## 2.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે સૉનેટનું સાહિત્યસ્વરૂપ સમજશો. સાથે સાથે સૉનેટમાળા અને સૉનેટયુગ્મના સ્વરૂપની પણ જાણકારી મેળવશો.

- ઉમાશંકર જોશીની સૉનેટરચનાઓ કેવી છે તેનો પરિચય મેળવશો.
- સૉનેટસર્જન માટે નવા પ્રકારનાં ભાવસંવેદનો કે વિષયો આવશ્યક છે તે સમજશો.
- સૉનેટમાં ભાવની અભિવ્યક્તિ માટે કેવી ભાષા અને છંદોની આવશ્યકતા છે તે પણ સમજશો.
- સૉનેટના આસ્વાદ કેવી રીતે કરી શકાય તે શીખશો.
- અન્ય કવિઓનાં સૉનેટ વાંચવા-માણવા માટે પ્રેરાશો.

## 2.2 પ્રસ્તાવના

ઉમાશંકર જોશીની સમગ્ર કવિતામાં જે 10 કાવ્યસંગ્રહો સમાવિષ્ટ છે, તેમાંના લગભગ 675 જેટલાં કાવ્યોમાં 145 જેટલાં તો સૉનેટ છે. એટલે એમના કાવ્યસર્જનમાં લગભગ 22 ટકા કાવ્યો સૉનેટ સ્વરૂપમાં છે. આ હકીકત બતાવે છે કે સૉનેટસર્જન એ તેમની સર્જકતાનો એક સ્વાભાવિક ઉન્મેષ છે. એમનું કાવ્યસર્જન જ સૉનેટથી આરંભાયેલું છે. 'નખી સરોવર ઉપર શરદપૂર્ણિમા' સૉનેટ એમની પ્રથમ કાવ્યકૃતિ છે. ઉમાશંકરની સૉનેટસર્જનની પ્રવૃત્તિ 1928થી લઈને 1979 સુધી સતત ચાલુ રહી છે. આમ લગભગ પાંચ દાયકા સુધી એમણે વિવિધ વિષય અને વિવિધ સ્વરૂપનાં સૉનેટ લખ્યાં છે. તેમની પાસેથી ઉત્તમ સૉનેટ ઉપરાંત નોંધપાત્ર સૉનેટમાળા અને સૉનેટયુગ્મ પણ મળ્યાં છે. અહીં આપણે એમના આ વૈવિધ્યસભર સૉનેટસર્જનનો વિગતે પરિચય મેળવીશું.

## 2.3 ઉમાશંકર જોશીનાં સૉનેટ

### 2.3.1 સૉનેટનું સાહિત્ય સ્વરૂપ

સૉનેટના ઉદભવ વિશે જુદા જુદા મત છે પરંતુ સૉનેટનો ઉદભવ સૌ પ્રથમ ઇટાલીમાં તેરમી સદી દરમ્યાન થયો હોવાનો મત સર્વમાન્ય છે. ઇટાલીમાં સૉનેટ પાંગર્યા પછી આખા યુરોપમાં ફેલાયું અને અંગ્રેજીમાં થઈને આપણે ત્યાં આવ્યું. ગુજરાતીમાં કવિ બળવંતરાય ઠાકોરે

ઈ.સ. 1988માં પ્રથમ સૉનેટ 'ભણકારા' રચ્યું. આવા પરદેશી છોડ 'સૉનેટ'નું સાહિત્યસ્વરૂપ તપાસીએ.

**સૉનેટઃ બહિરંગ**

સૉનેટની પ્રથમ ઓળખ 14 પંક્તિની છે. ચૌદ પંક્તિ એ સૉનેટના મૂળભૂત લક્ષણ તરીકે સર્વસ્વીકૃત બની છે. ઇટાલી, ફ્રાન્સ, ઇંગ્લેન્ડ વગેરે દેશોમાં સૉનેટના જે પ્રયોગો થયા તેમાં ચૌદ લીટીનું બંધન સ્વીકારાયું છે.

સૉનેટમાં ચૌદ પંક્તિના જુદી જુદી રીતે ભાગ પાડવામાં આવે છે. ઇટાલીમાં સૌથી જૂની પ્રણાલી પ્રમાણે ચૌદ લીટીના બે ભાગ અષ્ટક (આઠ લીટી) અને ષટક (છ લીટી) પાડવામાં આવે છે જે પેટ્રાર્કન કે પેટ્રાર્કશાઇ તરીકે ઓળખાય છે. ઇંગ્લેન્ડમાં ત્રણ ચતુષ્ક અને એક યુગ્મ (4+4+4+2) એવા ભાગ પાડીને શેક્સપિયરે એટલાં સમૃદ્ધ સૉનેટ રચ્યાં કે તે પ્રકારને શેક્સપિયરશાઇ સૉનેટ કહેવામાં આવ્યાં. તો મહાકવિ મિલ્ટને બંને પદ્ધતિથી જુદું ચૌદ પંક્તિને સળંગ જ રાખીને સૉનેટ રચ્યાં. આ પદ્ધતિ મિલ્ટનશાઇ કે અનિયમિત સૉનેટ કહેવાઈ. પંક્તિનું આ વિભાગીકરણ જોકે કોઈ યાંત્રિક કે બાહ્ય વ્યવસ્થામાત્ર નથી. સૉનેટના પંક્તિ વિભાજનનો આધાર સૉનેટના વિષય ઉપર, ખાસ તો સૉનેટમાં આવતા આંતરવળાંકો ઉપર રહેલો છે.

સૉનેટના ઉદ્‌ગમકાળથી જ પ્રાસનું તત્ત્વ તેના એક વિશિષ્ટ લક્ષણ તરીકે ગણી શકાય. પેટ્રાર્કશાઇ સૉનેટમાં અષ્ટકમાં મોટા ભાગે abba/abba અને ષટકમાં cdcdcd અથવા cddcdd કે cdecde જેવી પ્રાસરચના જોવા મળે છે. જ્યારે શેક્સપિયરશાઇ સૉનેટમાં ત્રણ ચતુષ્કમાં અને એક યુગ્મમાં abab cdcd efef gg પ્રકારની પ્રાસરચના હોય છે. પ્રાસરહિત એવા સૉનેટ પણ રચાયાં છે. ગુજરાતીમાં પણ સૉનેટને પ્રાસનું તત્ત્વ ખાસ અનુકૂળ આવ્યું નથી, તેમ છતાં ઉત્તમ સૉનેટ મોટી સંખ્યામાં રચાયાં છે, એ દર્શાવે છે કે પ્રાસ વિના પણ ઉત્તમ સૉનેટ સંભવી શકે છે.

સૉનેટમાં છંદ લગભગ અનિવાર્ય તત્ત્વ છે. ગુજરાતીમાં સૉનેટ માટે સામાન્ય રીતે અગેય અક્ષરમેળ છંદો વપરાયા છે. બળવંતરાય ઠાકોરે અગેય પૃથ્વી છંદને સૉનેટ માટે વધારે ઉપકારક ગણ્યો છે. સૉનેટમાં ઊર્મિની સાથે ચિંતનનો પણ સમન્વય હોવાથી સૉનેટમાં પ્રયોજાતો છંદ પક્વ અને ગંભીર પ્રકૃતિને અનુકૂળ હોવો જોઈએ. પરિણામે મંદાક્રાન્તા, શિખરિણી, પૃથ્વી, હરિણી, માલિની, વસંતતિલકા જેવા છંદો આનંદ માટે યોગ્ય લખાયા છે. કેટલાક પ્રયોગશીલ કવિઓએ છંદવિહીન સૉનેટ રચવાના પ્રયાસો પણ કર્યા છે પરંતુ એવી રચનાઓ ખાસ સફળ થઈ નથી.

**સૉનેટઃ અંતરંગ**

સૉનેટની કાવ્યકલાનું રહસ્ય તેના અંતરંગમાં રહેલું છે. સૉનેટ એ ઊર્મિકાવ્યનો જ એક પ્રકાર છે. પરંતુ સૉનેટમાં ઊર્મિ અને ચિંતન બંને સમન્વિત થઈને આવે છે. ચૌદ પંક્તિની મર્યાદામાં રહીને ઊર્મિ અને વિચાર બંનેના સંતુલન દ્વારા કાવ્ય સિદ્ધ કરવું એ કોઈ પણ કવિની કપરી કસોટી છે. આમ સૉનેટ એક વિશિષ્ટ સૌષ્ઠવ ધારણ કરતો કાવ્યપ્રકાર છે. એમાં સર્જકના વક્તવ્યની એક આગવી મુદ્રા ઉપસવી જોઈએ. સૉનેટનો સર્જક પોતાની આગવી સર્જકતાના બળે જ ઊર્મિ અને ચિંતનના પિંડને સૉનેટની આકૃતિમાં ઉપસાવે છે. સૉનેટનું સૉનેટપણું એમાં પ્રગટતા વક્તવ્યના આરોહ-અવરોહ એના વિશિષ્ટ ભાવમરોડ કે વિચાર વળાંકમાં રહેલું છે. સૉનેટમાં આવતા વળાંક એ સૉનેટનું અંતરંગ લક્ષણ પણ છે. આવા ભાવવળાંક એ અન્ય ઊર્મિકાવ્યનાં સ્વરૂપો કરતાં સૉનેટ સ્વરૂપની એક આગવી વિશેષતા છે.

સૉનેટના અંતે ચોટ આવવી જ જોઈએ એવા ખ્યાલમાત્રથી બે સૂત્રાત્મક પંક્તિઓ ગોઠવી દેવાથી ચોટ સધાતી નથી. ચોટ એ સૉનેટમાં થતા ભાવવિકાસનું સ્વાભાવિક પરિણામ છે. ઉપરની પંક્તિઓમાં થયેલા ભાવોર્મિના કે વિચારના વિકાસના સહજ પરિણામરૂપે તે આવવી જોઈએ. આવી સહજ અને સ્વાભાવિક રીતે આવેલી ચોટ સાથેનો અંત જ પ્રભાવક બની રહે છે.

સૉનેટના ઉદ્‌ભવકાળથી સૉનેટનો મુખ્ય વિષય પ્રીતિસંવેદન જ હતો. ઇટાલી, ઇંગ્લેન્ડ અને યુરોપના અન્ય દેશોમાં વ્યક્તિપ્રેમનાં સૉનેટ અને સૉનેટમાળાઓ રચાયેલાં છે. પરંતુ વર્ડ્ઝવર્થે સૉનેટને આ મર્યાદિત વિષય વર્તુળમાંથી બહાર કાઢીને પ્રકૃતિ, માનવજીવનને સ્પર્શતા કોઈ પણ ગહન વિષયના વિશાળ પ્રદેશમાં મૂકી આપ્યું. આજે તો સૉનેટ માટે કોઈ વિષય ઉપેક્ષિત નથી. આપણે ત્યાં પ્રણય, પ્રકૃતિ, સ્વદેશપ્રેમ, સામાજિક કે અન્ય જીવનપ્રશ્નો, ભક્તિ, વ્યક્તિવિશેષ જેવા વિષયો સૉનેટમાં નિરૂપણ પામ્યા છે.

**સૉનેટમાળા અને સૉનેટયુગ્મ**

કોઈ એક જ વિષયને લઈને પાંચ, સાત, દસ, પંદર કે વધુ સૉનેટ માળાના મણકાની જેમ રચવામાં આવે ત્યારે તે સૉનેટમાળા બને છે. સૉનેટના આરંભકાળથી જ આ સ્વરૂપમાં પણ સૉનેટ સર્જાતાં રહ્યાં છે. ગુજરાતીમાં ‘સૉનેટમાળા’ માટે અન્ય પર્યાયો પણ પ્રયોજાયા છે. ઘણીવાર ‘સૉનેટગુચ્છ’ ‘સૉનેટમાળા’ કે ‘સૉનેટશ્રેણી’ પણ કહેવામાં આવે છે. આપણે એક જ વિષયના સૂત્રથી ગૂંથાયેલાં અને ભાવસંવેદનથી સંકળાયેલાં સૉનેટોને ‘સૉનેટમાળા’ને નામે અને વિષય એક હોવા છતાં સળંગસૂત્રતાનો અભાવ ધરાવતાં સૉનેટને ‘સૉનેટગુચ્છ’ નામથી ઓળખીએ તે વધુ ઉચિત છે.

‘સૉનેટયુગ્મ’ એ સૉનેટના કાવ્યસ્વરૂપની ક્ષિતિજો વિસ્તારતું સૉનેટમાળા જેવું જ સૉનેટનું એક મહત્ત્વનું સ્વરૂપ છે. બે સૉનેટમાં પ્રથમ સૉનેટના ભાવસંવેદનથી ઊફરા ચાલીને કે એનાથી કંઈક જુદેરો ભાવવળાંક સિદ્ધ કરતું બીજું સૉનેટ થાય ત્યારે બંને સૉનેટ ‘સૉનેટયુગ્મ’ તરીકે ઓળખાય છે. બંને સૉનેટની સહોપસ્થિતિ સર્જકની અનુભૂતિનું એક નવું જ પરિમાણ રચી આપે છે.

**2.3.2 ઉમાશંકર જોશીનાં સૉનેટઃ**

ઉમાશંકર જોશી ગાંધીયુગના કવિ છે. ગાંધીયુગમાં સૉનેટ સ્વરૂપનો પ્રભાવ એટલો હતો કે ત્યારે સૉનેટ ન લખ્યું હોય એવા ભાગ્યે જ કોઈ કવિ હશે. ઉમાશંકરના પણ આરંભના કાવ્યસર્જનમાં સૉનેટ કાવ્યો જ વિશેષ પ્રમાણમાં છે. વળી, ઉમાશંકરની ચિંતનશીલ પ્રકૃતિ સાથે સૉનેટનું સ્વરૂપ બંધબેસતું છે. તેમણે વિવિધ વિષયનાં અને વિવિધ સ્વરૂપનાં 145 જેટલાં સૉનેટ આપીને ગુજરાતી સૉનેટના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

આરંભે ગાંધીયુગના રાષ્ટ્રભક્તિ પ્રેરક વાતાવરણમાંથી નીપજેલાં સ્વતંત્ર્યોત્તર સંગ્રામ વિષયક સૉનેટ ખાસ ધ્યાન ખેંચે છે. આ પ્રકારનાં સૉનેટમાં ‘શૂરસંમેલન’, ‘ધ્રુવતારલી’, ‘મોખરે’, ‘પંથહીણ પંથ’ જેવાં સૉનેટ મહત્ત્વનાં છે. આ સમયગાળામાં દેશમાં જોવા મળતી આર્થિક અને સામાજિક વિષમતા અંગેનો આક્રોશ એમના ‘જઠરાગ્નિ’ નામના પ્રસિદ્ધ સૉનેટમાં વ્યક્ત થયો છે. તેમાં શ્રમજીવીઓ અને શ્રીમંતોના વર્ગભેદ સામે કવિનો પુણ્યપ્રકોપ પ્રગટ થયો છે. ધનવાનોના ઊંચા મહેલો અને મિનારા, જાતભાતના ભોગવિલાસો શ્રમિકોના શોષણથી જ સર્જાયા છે. પરંતુ આ ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે ત્યારે મૂડીપતિઓનો સઘળો વૈભવ બળીને રાખ થઈ જશે અને તેની ભસ્મકણી પણ જોવા નહી મળે એવી ઉગ્ર ચેતવણી અહી મળે છે.

દેશદાઝની ભાવનાથી આગળ વધીને વિશ્વબંધુત્વની ભાવના સુધી પહોંચતાં સૉનેટ પણ તેમણે આપ્યાં છે. તેમાં ‘વિશ્વતોમુખી’, ‘વિશ્વમાનવ’, ‘વિકલ્પ’ અને ‘ઓરતા’ જેવાં સૉનેટ નોંધપાત્ર છે. ‘વિશ્વમાનવ’માં સંકુચિત વ્યક્તિતાનાં બંધનો તોડીને વિરાટ વૈશ્વિક વ્યક્તિત્વ ધારણ કરવાની અને તેમ છતાં ધરતી સાથે જોડાયેલા રહેવાની મહત્ત્વાકાંક્ષા ચોટદાર રીતે વ્યક્ત કરી છે.

“વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;
માથે ધરું ધૂળ વસુંધરાની.”

ધરતીને આ રીતે ચાહનારા આ કવિ પાસેથી પ્રાકૃતિક સૌંદર્યનાં સૉનેટ પણ મળ્યાં છે. તેમની પ્રથમ જ કાવ્યરચના ‘નખી સરોવર પર શરતપૂર્ણિમા’માં એમણે લખ્યું હતું - “સૌંદર્યો

પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.'' આની પ્રતીતિરૂપે એમની પાસેથી 'કાંકરિયા', 'હતો જલધિ શાંતિ', 'મધ્યાહ્ન', 'ગુરુશિખર', 'પીંછું', 'બીડમાં', 'સાંજવેળા' જેવાં પ્રકૃતિ સૉનેટો મળ્યાં છે. 'મધ્યાહ્ન' તો ગુજરાતી પ્રકૃતિ કાવ્યોમાં એક વિશિષ્ટ ભાત ઉપસાવતું સૉનેટ બન્યું છે. અષ્ટકમાં ગ્રીષ્મના મધ્યાહ્નનું એકદમ તાદશ અને સ્પર્શક્ષમ વર્ણન કવિએ કર્યું છે અને ષટકમાં ધોમધમખતા તાપથી મૂર્છિત થઈ ગયેલી સૃષ્ટિને એક ખર (ગધેડો) હોંચી હોંચીના અવાજથી કેવી જાગ્રત ચેતનવંતી કરી દે છે તેનું રસપ્રદ આલેખન છે. આખું વર્ણન કવિએ એટલી સચોટ રીતે કર્યું છે કે કાવ્ય એકદમ જીવંત બની ઊઠ્યું છે.

પ્રકૃતિને ચાહનાર આ કવિ પાસેથી માનવીય પ્રણયનાં સૉનેટ પ્રમાણમાં ઓછાં મળ્યાં છે. તેમ છતાં 'સખી મેં કલ્પી'તી', 'મળી ન્હોતી ત્યારે', 'બે પૂર્ણિમાઓ', 'પત્રો' જેવાં સૉનેટમાં મધુર પ્રણયાનુભૂતિ જોવા મળે છે. જોકે તેમનાં પ્રણયકાવ્યોમાં પ્રેમની પ્રબળતા અને આવેગને બદલે શિષ્ટ માધુર્ય પ્રસન્નતાઓ અનુભવ વિશેષ થાય છે.

જીવનમર્મ ચિંતન વ્યક્ત થયું હોય એવાં સૉનેટ ઉમાશંકર જોશી પાસેથી મોટી સંખ્યામાં મળે છે. બૌદ્ધિક, ચિંતનશીલ કવિ તરીકે તેમણે જીવનનાં વિવિધ પાસાંને જે રીતે જોયાં છે તેનું વિશિષ્ટ દર્શન તેમણે આવાં સૉનેટમાં રજૂ કર્યું છે. આ પ્રકારનાં સૉનેટમાં 'બળતાં પાણી', 'આત્મસંતોષ', 'વિજય', 'કવિધર્મ', 'વ્યક્તિત્વ', 'હિસાબો જીવ્યાનો', 'આત્મદેવને નિવેદન' વગેરે મહત્ત્વનાં છે. (આ પ્રકારના ચિંતનની ગહનતાનો અનુભવ કરાવતી સૉનેટમાળા 'આત્માના ખંડેર' વિશે આગળ વધુ નોંધ કરેલી છે.) ઉમાશંકરનું જીવન ચિંતન કેવું વિશિષ્ટ છે તેનો પરિચય 'બળતાં પાણી' સૉનેટમાં થાય છે.

ઉમાશંકર જોશી પાસેથી કેટલાંક વ્યક્તિલક્ષી સૉનેટ પણ મળ્યાં છે. કોઈ ને કોઈ પ્રસંગ નિમિત્તે અથવા ક્યારેક સ્મૃતિરૂપે કે કોઈ મહામાનવના ગુણોની પ્રશસ્તિરૂપે આવાં સૉનેટ રચાયાં છે. જેમ કે ગાંધીજીના અવસાન બાદ તેમને શ્રદ્ધાંજલિરૂપે રચાયેલું 'રડોના મુજ મૃત્યુને' સૉનેટ ગાંધીજીના વિરાટ વ્યક્તિત્વને તંતોતંત ઉપસાવતું એક સમૃદ્ધ સૉનેટ છે. આ ઉપરાંત 'કાલિદાસ', 'મહાકવિ દાન્તે', 'રવીન્દ્રનાથ', 'નર્મદ', 'ગોવર્ધનસ્મૃતિમંદિર', 'પાઠકસાહેબ', 'મહામના લિંકન', 'અજબ પુષ્પ માનવ્યનું' જેવાં સૉનેટ જે-તે સર્જકવિભૂતિનાં કાર્યો, ગુણો, શક્તિ વગેરે વિશિષ્ટ રીતે પ્રગટ કરી આપે છે.

પ્રકૃતિએ ગંભીર અને ચિંતનશીલ એવા આ કવિ પાસેથી 'પુનર્લગ્ન', 'ઝભ્ભો', 'બાળક', 'ખુરશી' જેવાં કેટલાંક હળવાં, વિનોદી શૈલીનાં સૉનેટ પણ મળ્યાં છે. જોકે તેના હળવા વિનોદની અંદર કંઈક મર્મ પણ છુપાયેલો હોય છે.

### 2.3.3 ઉમાશંકર જોશીની સૉનેટમાળાઓ :

સૉનેટની જેમ સૉનેટમાળાના સ્વરૂપનું પણ ઉમાશંકરને આરંભથી જ આકર્ષણ છે. તેમના પ્રથમ જ કાવ્યસંગ્રહ 'ગંગોત્રી' (1934)માં 'યુગદ્રષ્ટા' અને 'બાણપથારી' નામની સૉનેટમાળા મળે છે. ત્યાર બાદ 'નિશીથ' (1939)માં તેમની ખૂબ પ્રસિદ્ધ સૉનેટમાળા 'આત્માના ખંડેર' મળી છે અને 'આતિથ્ય' (1940)માં 'પ્રણયસપ્તક' અને 'નારી કેટલાંક સ્વરૂપો' નામનાં બે સૉનેટ સપ્તક તથા 'અભિસાર અને મિલન' નામનું એક સૉનેટગુચ્છ મળી આવે છે. આ સૉનેટમાળાનો તેમના વિષય અને સ્વરૂપની દૃષ્ટિએ ટૂંકો આસ્વાદાત્મક પરિચય મેળવીએ.

**(1) 'યુગદ્રષ્ટા' - ત્રીજા ભરતકુલ-કવિની ઝંખના :**

'યુગદ્રષ્ટા' એક વિશિષ્ટ વિષયને આલેખતી સૉનેટ રચના છે. પ્રથમ સૉનેટમાં રામાયણના રચયિતા મહાકવિ વાલ્મીકિને કવિએ સ્મર્યા છે, તો બીજા સૉનેટમાં એવા જ બીજા મહાકવિ વ્યાસ અને તેમના સર્જન 'મહાભારત'નું લાઘવપૂર્વક આલેખન કર્યું છે. ભરતકુળના આ બે મહાકવિઓને સંભારીને ત્રીજા સૉનેટમાં આવા ત્રીજા ભરતકુળના મહાકવિની ઝંખના કવિ પ્રગટ કરે છે.

આ સૉનેટગુચ્છમાં ઉમાશંકરે જે યુગદ્રષ્ટા કવિની માંગણી કરી છે તેમાં સ્વયં તેવા કવિ બનવાની મહત્ત્વાકાંક્ષા પણ જોઈ શકાય અને ઉમાશંકરનું સમગ્ર સાહિત્યસર્જન જોતાં ઉમાશંકર જોશી પોતાને એવા યુગદ્રષ્ટા કવિ સિદ્ધ કરી શક્યા છે એમ કહી શકાય.

**(2) 'બાણ પથારી' - ઈસુ અને ગાંધીની આદર્શ ભાવનાનો ઉન્મેષ :**

આ સૉનેટમાળામાં દસ સૉનેટ છે. ઈસુખ્રિસ્ત અને મહાત્મા ગાંધીના જીવનકાર્ય અને આદર્શ ભાવનાનો બોધ કરાવતું આ કાવ્ય છે.

પ્રથમ સૉનેટમાં હજારો વર્ષો પછી પણ મનુષ્યની આદિમતા એવી જ રહી છે તેનો વિષાદ વ્યક્ત થયો છે. સંસાર અગણિત ગુનાથી ભરાઈ ગયો ત્યારે સૌને ઉગારવા એક કુમળું હૃદય પ્રગટ્યું તેનું અહીં વર્ણન છે. બીજા સૉનેટમાં એ કુમળાં હૃદયની ઓળખ ઈસુ ખ્રિસ્ત તરીકે મળે છે. ઈસુનું જીવનકાર્ય આ સૉનેટમાં સચોટ રીતે આલેખાયું છે. ત્રીજા સૉનેટમાં ઈસુના બલિદાન પછીની જગતની સ્થિતિ દર્શાવી છે. ઈસુના મૃત્યુ બાદ લોકોએ તેમને પયગંબર તરીકે પૂજ્યા, ધર્મ રચ્યો અને ઉત્સવો ઊજવ્યા પણ સૌ પ્રત્યે પ્રેમ રાખવાની તેમની આજ્ઞા ધરાર ન પાળી. એકબીજા પ્રત્યે પ્રેમ રાખવાને બદલે લોકોના હૃદયમાં ઝેર ઉપજાવ્યું. આમ છતાં આવા લોકોના મહાકલ્યાણ અર્થે આ પૃથ્વી પર ગાંધી અવતર્યા તેની વાત ચોથા-પાંચમા સૉનેટમાં આવે છે. છઠ્ઠા સૉનેટમાં કવિએ દેવ-દાનવોએ કરેલા સમુદ્રમંથન સાથે આ જગતની સ્થિતિ સરખાવી છે. સાતમા સૉનેટમાં આ જગતનું વિષ ગ્રહણ કરવાની ગાંધીજીની વૃત્તિને કવિએ બિરદાવી છે. આઠમા સૉનેટમાં ગાંધીજીએ આ જગતના કેવાં કેવાં વીતકો સામે લડવાનું છે તેની યાદી અને આવી વેદના વેઠવા ગાંધીજીએ કેવું જીવન અપનાવ્યું તેની વાત કરી છે. નવમા સૉનેટમાં મહાત્મા અને જગત વચ્ચે થયેલો સંવાદ કવિએ કલ્પ્યો છે. અંતિમ સૉનેટમાં કવિ કહે છે કે હજુ હજારો વર્ષ વહી જશે અને ત્યારે પણ જગતની આંતરવ્યથા આવી જ હશે. ઈસુ અને ગાંધીના આદર્શોની ભવ્યતા છતાં તેનો અસ્વીકાર કરતા જગતની કરુણ સ્થિતિનું ચિત્ર આ સૉનેટમાળામાં યથાર્થ રીતે ઉપસાવ્યું છે.

**(3) 'આત્માના ખંડેર' - મુગ્ધતાથી સમજણ સુધીના ચિત્તવ્યાપારોનું નિરૂપણ :**

સત્તર સૉનેટની બનેલી આ માળા ઉમાશંકરની સૉનેટકવિ પ્રતિભાનું સર્વોચ્ચ શિખર છે. અનેક વિવેચકોએ પ્રશંસેલી આ રચના કવિના આયુષ્યની પહેલી પચીસીમાં 19થી 25 વર્ષની ઉંમરમાં જ રચાયેલી છે. યુવાનીના પ્રારંભથી જ પરિપક્વ સમજ ધરાવનાર આ કવિએ 'આત્માના ખંડેર'માં એક સંવેદનશીલ યુવાનને જીવન અને જગતનો જે વાસ્તવિક અનુભવ થયો છે તેનું રૂપકાત્મક આલેખન કર્યું છે.

પ્રથમ સૉનેટ 'ઊગી ઉષા'માં આગંતુક એવો કાવ્યનાયક ઊંચા મહેલની અગાશીમાંથી વિસ્તરેલું શહેર જુએ છે. તેના મનમાં મહત્ત્વાકાંક્ષા છે. 'આ ભૂમિનો બનીશ એક દી હું વિજેતા' પરંતુ સૉનેટમાળા આગળ વધતી જાય છે તેમ નાયકે જે ભૂમિ પર ઊભા રહીને પોતાના અહમનો વિસ્તાર કર્યો હતો, વિજેતા થવાના ઓરતા સેવ્યા હતા તે જ ભૂમિ હવે જીવન અને જગતના કટુ અનુભવો પછી ખંડેર લાગે છે. અહમને જે રીતે પછાડ મળી છે તેનાથી આઘાત પામીને તે રૂદનનો આશરો લે છે. પછડાટમાંથી ઊભા થઈને એણે જીવનનો માર્ગ શોધવાનો છે ને એ માર્ગે ગતિ કરવાની છે. સત્તરમા સૉનેટ 'યથાર્થ જ સુપથ્ય એક'માં નાયકનો આવો સંકલ્પ દેખાય છે. પહેલાં સૉનેટમાં જે મુગ્ધતાથી જીવનની મહત્વાકાંક્ષી સફર શરૂ કરી હતી તે હવે સમજણમાં પરિણમી છે. હવે માણસ, પ્રકૃતિ કે નિયતિ પાસે કશી આશા-અપેક્ષા રાખવાની નથી. એમના થકી મળેલી ઉપેક્ષા, અવગણના, પરાજય અને નિષ્ફળતાની કશી રાવ-ફરિયાદ કરવાની નથી બધું જ છોડીને યથાર્થના સ્વીકારમાં જ સમાધાન શોધવાનું છે. એ જ ઇષ્ટ અને અનિવાર્ય છે અને એ જ ભાવિ જીવનના પંથનું પ્રેરકબળ બની શકે એમ છે. આવી સમજ સાથે નાયક એક નિશ્ચય કરે છેઃ "યથાર્થ જ સુપથ્ય એક, સમજ્યાં જવું શક્ય જે." આ સૉનેટમાળાના આવા અંતિમ ઉદ્‌ગારને કવિએ પોતે આધ્યાત્મિક અનુભૂતિના ઉદગાર તરીકે પણ ઓળખાવ્યો છે.

આ માળાનાં સત્તર સૉનેટમાંની મોટા ભાગની રચનાઓ સ્વતંત્ર કૃતિ તરીકે પણ આકર્ષક બની છે. સમગ્ર માળામાં ઉમાશંકરનું ભાષાપ્રભુત્વ ખાસ ધ્યાન આકર્ષે છે. સંસ્કૃત વૃત્તોને અનુકૂળ તત્સમ પદાવલિ તો કુશળતાપૂર્વક પ્રયોજી જ છે પણ કેટલાક તળપદા શબ્દો પણ સહજતાથી વાપર્યા છે. આમ, વિષય, સ્વરૂપ ભાષા આદિ સમગ્ર દૃષ્ટિએ 'આત્માના ખંડેર' એક યશસ્વી સૉનેટમાળા છે.

**(4) 'પ્રણય-સપ્તક' આત્મલક્ષી પ્રણયોદ્‌ગાર :**

આ સાત સૉનેટનું ગુચ્છ કવિની અંગત પ્રણયાનુભૂતિને વ્યક્ત કરે છે. 1937થી 45 સુધીનાં વર્ષોમાં જુદા જુદા સમયે લખાયેલાં સાત સૉનેટને કવિએ 'પ્રણય-સપ્તક' શીર્ષક હેઠળ સૉનેટગુચ્છ રૂપે ગોઠવ્યાં છે. ત્રણેક સૉનેટને બાદ કરતાં બાકીનાં સૉનેટમાં કાવ્યનાયકની પોતાની પ્રિયતમા પ્રત્યેની ઉક્તિ આલેખાઈ છે. પ્રણયના ભિન્ન ભિન્ન સમય-સંવેદનના અનુભવોને કવિએ અહીં આત્મલક્ષી ઢબે આલેખ્યા છે. કવિની અંગત પરિપક્વ પ્રણયાનુભૂતિને વ્યક્ત કરતું આ સૉનેટગુચ્છ સ્વરૂપની દૃષ્ટિએ પણ ધ્યાનાકર્ષક છે.

**(5) 'અભિસાર અને મિલન' : પરલક્ષી પ્રણયાનુભૂતિ :**

'પ્રણયસપ્તક' કરતાં ઊલટું અહીં પરલક્ષી પ્રણયાનુભૂતિ કવિએ વ્યક્ત કરી છે. પાંચ સૉનેટના ગુચ્છમાં એક યુગલને નિમિત્ત બનાવીને કવિએ પરલક્ષી ઢબે પ્રણયાનુભવનું ચિંતનસભર ચિત્ર આલેખ્યું છે. શીર્ષક જ સૂચવે છે તેમ આ કાવ્યમાં પ્રણયાતુર દંપતીની બે સ્થિતિ અભિસાર અને મિલનનું ચિત્રાત્મક વર્ણન જોવા મળે છે. સમગ્ર સૉનેટગુચ્છમાંથી પ્રણયાનુભવનું જે કલાત્મક ચિત્ર ઊપસે છે સાથે સાથે પ્રણય-સંવેદનનું જે ચિંતન પ્રગટે છે તે આ ગુચ્છને ઉત્તમ અને ચિરંજીવ બનાવે છે. વિરલ સંસ્કૃતિપુરુષ અને વિદગ્ધ કવિ ઉમાશંકરનું આદરણીય દર્શન આ સૉનેટગુચ્છમાં થાય છે તે દૃષ્ટિએ પણ આ રચના નોંધપાત્ર છે.

**(6) 'નારીઃ કેટલાંક સ્વરૂપો' - સ્ત્રીના વ્યક્તિત્વનાં વિવિધ સ્વરૂપોનું નાટ્યાત્મક આલેખન :**

આ સૉનેટમાળાને 'આતિથ્ય' સંગ્રહની પ્રસ્તાવનામાં ઉમાશંકર જોશીએ 'પ્રણયજીવનની ક્ષણોને આલેખતાં વિવિધ નાટ્યોર્મિ કાવ્યો' તરીકે ઓળખાવી છે. આમ આ સપ્તકમાં સ્ત્રીનાં વિવિધ સ્વરૂપોનું નાટ્યાત્મક આલેખન કવિએ કર્યું છે. વિષય અને તેના આલેખનની રીતે આ એક પ્રયોગશીલ સૉનેટમાળા છે. સૉનેટનાં શીર્ષકો પરથી પણ તેનાં ભાવસંવેદનોનો ખ્યાલ આવશે. 'સ્ત્રી', 'સુધા અને વારુણી', 'ઈર્ષ્યા', 'પુરુષદ્વેષ', 'હતી તે યે સંધ્યા', 'અહો શા વ્યક્તિત્વે'. જોકે પહેલા અને પાંચમા સૉનેટમાં જેવો નાટ્યાત્મકતાનો અનુભવ થાય છે તેવો અન્ય સૉનેટમાં થતો નથી. સ્ત્રીનાં વિવિધ પાસાંને વ્યક્ત કરવામાં સૉનેટનું આવું સ્વરૂપ બહુ કામિયાબ નીવડ્યું નથી એવું કેટલાંક સૉનેટ જોતાં લાગે છે.

### 2.3.4 સૉનેટ-યુગ્મો

સૉનેટમાળાના પ્રમાણમાં ઉમાશંકર જોશીએ સૉનેટયુગ્મો બહુ ઓછાં લખ્યાં છે. એમના બધા સંગ્રહોમાં થઈને ત્રણ જ સૉનેટયુગ્મો મળે છેઃ 'મુખર મૌનના ઝરો' (આતિથ્ય) 'ગયાં વર્ષો' અને 'રહ્યાં વર્ષો તેમાં' (વસંતવર્ષા) અને 'રવીન્દ્રનાથ' (અભિજ્ઞા) આ દરેક યુગ્મનો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.

(1) 'મુખર મૌનનો ઝરો' : મિત્રના મૌનને મુખર કરતી સૉનેટદ્વયી :

આ સૉનેટયુગ્મના શીર્ષક નીચે 'હરિશ્ચંદ્ર ભટ્ટને' એવી નોંધ કવિએ મૂકી છે. આમ અનુગાંધીયુગના એક નોંધપાત્ર કવિને ઉદ્દેશીને આ બંને સૉનેટ લખાયાં છે. આ બંને કાવ્યો કવિના મૌનને અર્થસભર રીતે મુખર કરી આપે છે. મિતભાષી એવા શ્રી હરિશ્ચંદ્ર ભટ્ટને સંબોધીને પહેલા સૉનેટમાં કવિ સૂચવે છે કે ભલે વ્યક્તિ પોતે ન બોલે પરંતુ મૌનને તો તેણે બોલવા દેવું જોઈએ. બીજા સૉનેટમાં આવું મૌન કેવી રીતે મુખર બન્યું એનું સુંદર કલ્પનસભર ચિત્ર આલેખાયું છે. હરિશ્ચંદ્ર ભટ્ટનાં કાવ્યોને કવિએ અહીં તેમના મૌનની અભિવ્યક્તિ ગણાવ્યાં છે અને તેમનાં કાવ્યોમાં જાણે કે તેમનું મૌન મુખર થઈને ગાઈ ઊઠતું તેમને સંભળાય છે. મિત્રહૃદયના મૌનની આવી અભિવ્યક્તિને આવકારતું આ એક સુંદર કાવ્ય બન્યું છે.

(2) 'રવીન્દ્રનાથ' : વિરાટ વ્યક્તિત્વની ઝાંખી :

'અભિજ્ઞા'માં સંગ્રહાયેલા આ યુગ્મ વિશે નોંધ મળે છે તેમ આ કાવ્યો તા.7-5-1961ના રોજ મુંબઈ-કલકત્તા ગાડીમાં લખાયેલાં અને 8મીએ જોડાસાંકો મહર્ષિ ભવનના કવિજન્મશત વાર્ષિકી ઉત્સવમાં વંચાયેલા છે. આમ આ પ્રાસંગિક કાવ્યો હોવા છતાં એક મહાસમર્થ કવિને અપાયેલી સમર્થ ભાવાંજલિ તરીકે તે ચિરંજીવ બન્યા છે. રવીન્દ્રનાથ ટાગોર જેવા મહાન કવિના વિરાટ વ્યક્તિત્વની એક સુરેખ ઝાંખી આ કાવ્યોમાંથી પ્રાપ્ત થાય છે.

પ્રથમ સૉનેટમાં રવીન્દ્રનાથની કવિતાને ભારતની કાવ્યગંગોત્રી તરીકે ઓળખાવી છે. રવીન્દ્રનાથના સર્જને ભારતના અનેક ભાષા-સાહિત્યમાં જે ચેતન પ્રગટાવ્યું તેનો સરસ સંકેત અહીં મળે છે. બીજા સૉનેટમાં મહાકવિના સર્જનના ચિરકાલીન પ્રભાવ અને તેમણે પ્રવર્તાવેલા નવયુગની પ્રશંસા છે. રવીન્દ્રનાથના જન્મનાં સો વર્ષ પછી પણ તેમનો શબ્દ કેવો જીવંત છે તે અહીં દર્શાવ્યું છે. રવીન્દ્રનાથના સર્જને દર્શાવ્યું કે 'સત્ય, સૌન્દર્ય અને પ્રેમ સિવાય જગતના શિવનો-કલ્યાણનો બીજો કોઈ માર્ગ નથી.' આવો ઉચ્ચ ભાવ જે મહાકવિના કંઠે ગુંજ્યો તેમને ઉચિત અંજલિ અહીં આપવામાં આવી છે.

(૩) 'ગયાં વર્ષો' અને 'રહ્યાં વર્ષો તેમાં' : જીવનને અર્ધે રસ્તે સરવૈયું :

આ સૉનેટયુગ્મનાં બંને સૉનેટ કવિના જન્મદિવસે લખાયેલાં છે. આ યુગ્મને કવિએ "અડધે રસ્તે કાઢેલા જીવનના સરવૈયારૂપ સૉનેટ રચનાઓ" તરીકે ઓળખાવ્યાં છે. વહી ગયેલા સમયનું મૂલ્યાંકન અને બાકી રહેલા સમય અંગેનો સંકલ્પ આ બે સૉનેટમાં વ્યક્ત થયો છે.

પ્રથમ સૉનેટના આરંભે જ વર્ષો કેમ વહી ગયાં તેની ખબર જ ન રહી તેવી વ્યથા સચોટ રીતે વ્યક્ત થઈ છે. અત્યાર સુધીનો જીવતરનો પંથ જાણે નિદ્રામાં જ ડગ ભરાતાં હોય તે રીતે સર્યો છે. પરંતુ બીજા સૉનેટમાં કવિ 'ગયાં'ની સામે 'રહ્યાં' સમયનો પંથ કેવી રીતે કાપવો તેનો સંકલ્પ પ્રગટ કરે છે. જીવનનાં શેષ વર્ષોમાં કવિએ જીવનના સૌંદર્યને માણવાનો અને આ અજબની દુનિયાને સમજવાનો નવીન રસ્તો શોધી કાઢ્યો છે. આમ, આ સૉનેટમાં કવિનો જીવન માટેનો આદર, ધરતીના સૌંદર્યનો સ્પર્શ અને જગતનું સારભૂત તત્ત્વ પ્રણય જે ધરતીનું અમૃત છે તે ત્રણે ભુવનોમાં શ્રેષ્ઠ છે તેનું ગૌરવ આલેખાયું છે.

### 2.3.5 ઉમાશંકર જોશીનાં સૉનેટ વિશે વિવેચનાત્મક અભિપ્રાયો

- "ઉમાશંકર જેટલા રોમેન્ટિક છે તેથી વધુ કદાચ પ્રશિષ્ટ છે. જેટલા ઊર્મિલ છે તેથી વધુ કદાચ બૌદ્ધિક છે. જેટલા પ્રયોગવાદી છે તેથી વધુ કદાચ પરંપરાવાદી છે. એમના આ પ્રકારના માનસબંધારણને સૉનેટ જેવો સુગ્રથિત સઘન કાવ્યપ્રકાર અનુકૂળ આવી જાય તે સહજ છે." (ધીરુ પરીખ, 'યુગદ્રષ્ટા' ઉમાશંકર જોશી, પૃ. 22)
- "સ્વરૂપ પરત્વેની સભાનતા અને સિદ્ધિ તથા ભાવ-સંવેદન અને ચિંતન-મનનનો જે વિરલ સમન્વય તેમનામાં છે તે જોતાં એમ નિઃશંકપણે કહી શકાય કે ઉમાશંકરના સર્જકત્વનો ઉત્તમોત્તમ, સમૃદ્ધતમ, રસાત્મક અને પ્રતિભાવંત અનુભવ તેમનાં સૉનેટ આપે છે. અનેક કાવ્યસ્વરૂપોમાં સત્ત્વશીલ અર્પણ કરનાર ઉમાશંકરની સર્જકપ્રતિભાને વધુમાં વધુ અનુકૂળ અને પ્રાકટ્ય આપતો કાવ્યપ્રકાર હોય તો તે સૉનેટ છે. અભિવ્યક્તિની વિવિધતા, શબ્દેશબ્દ માટેની ચીવટ, કલ્પના અને વ્યંજનાબળ, નિરૂપિત ભાવ-વિષયાદિ તરફ સીધી એકલવ્ય દૃષ્ટિ અને ગતિ, સૌન્દર્ય પરત્વે અભિજાત, સંસ્કારી અને રસાત્મક અભિગમ, કાવ્યકલાની સૂક્ષ્મતા આદિ શક્તિઓ તેમને સિદ્ધ સૉનેટકાર સ્થાપે છે એમ કહેવામાં જરાય અત્યુક્તિ નથી." (ચન્દ્રશંકર ભટ્ટ, 'આપણાં સૉનેટ', પૃ. 69)

## 2.4 સૉનેટનો આસ્વાદ

### 2.4.1 'રડો ન મુજ મૃત્યુને !'

'રડો ન મુજ મૃત્યુને! હરખ માય આ છાતીમાં
ન રે! - ક્યમ તમેય તો હરખતાં ન હૈયા મહીં?
વીંધાયું ઉર તેથી કેવળ શું રક્તધારા છૂટી,
અને નહિ શું પ્રેમધાર ઊછળી અરે કે રડો?
હતું શું બલિદાન આ મુજ પવિત્ર પૂરું ન કે?
અધૂરપ દીઠી શું કૈં મુજ અક્ષમ્ય તેથી રડો?

તમે શું હરખાત જો ભય ધરી ભજી ભીરુતા
અવાક અસહાય હું હૃદયમાં રૂંધી સત્યને
શ્વસ્યાં કરત ભૂતલે? મરણથી છૂટ્યો સત્યને
ગળે વિષમ જે હતો કંઈક કાળ ડૂમો! થયું
સૂણો પ્રગટ સત્ય : વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ!
હસે ઈસુ, હસે જુઓ સુક્રતુ, સૌમ્ય સંતો હસે.'

'અમે ન રડીએ, પિતા, મરણ આપનું પાવન,
કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન.'

**2.4.2 સૉનેટનો આસ્વાદ :**

ઉમાશંકર જોશીનાં અનેક કાવ્યો અને અન્ય સર્જનોમાં ગાંધીવિચારનો ઘણો પ્રભાવ રહ્યો છે. ગાંધીજીના વ્યક્તિત્વનો નિકટતમ પરિચય પણ આ કવિને સાંપડ્યો છે. ભારતની આઝાદી પછી તરતના વર્ષે આઝાદીના ઘડવૈયા એવા મહાત્મા ગાંધીની હત્યા એ સમગ્ર વિશ્વ માટે આઘાતજનક ઘટના હતી. ઉમાશંકર જેવા ગાંધીપ્રેમી અને અતિસંવેદનશીલ સર્જકને હચમચાવી નાખનારું આ કૃત્ય હતું. છતાં ગાંધીજી જેવા મહાત્મા માટે માત્ર પોચટ આંસુ સારવાને બદલે તેમના વિરાટ વ્યક્તિત્વનો સુપેરે પરિચય કરાવતી અને તેમના જીવનદર્શનને વિશિષ્ટ રીતે પ્રગટ કરતી અંજલિ ઉમાશંકરના આ સૉનેટમાં જોવા મળે છે.

પ્રથમ બે ષટ્કમાં રડી રહેલી માનવજાતને સંબોધીને કરાયેલી મહાત્માની ઉક્તિ છે. પોતાના મૃત્યુથી આઘાત પામીને રડતાં લોકોને જાણે ગાંધી કહી રહ્યા છે : ' રડો ન મુજ મૃત્યુને!' એમના અકુદરતી મૃત્યુથી આપણે તો રડી રહ્યા હતા પણ એમના હૈયામાં તો હરખ હતો. અને આપણને પણ હરખાવાનું તેઓ કહી રહ્યા છે. શા માટે? તો એના જવાબમાં એ બે પ્રશ્નો આપણને પૂછે છે કે ''મારું હૃદય વીધાયું એમાંથી માત્ર રક્તધારા જ નીકળી છે? શું પ્રેમની ધારા નથી ઊછળી?'' ખરેખર, શત્રુને પણ ક્ષમા કરનારા આ મહામાનવનો આત્મા તેમને ધિક્કારનારા પ્રત્યે પણ પ્રેમ જ વહાવી રહ્યો એ ખુશ થવાનું કારણ નથી? વળી તે પૂછે છે કે ''મારું બલિદાન પૂરું પવિત્ર નથી? શું મારામાં કંઈ અક્ષમ્ય અપૂર્ણતા રહેલી છે કે તમે રડો છો?'' આ પ્રશ્નનો જવાબ પણ આપણા મનમાં ઊગે છે કે ગાંધીમાં એવી કોઈ અક્ષમ્ય અધૂરપ નહોતી. દેશની એકતા અને અખંડિતતા માટે જીવન અર્પી દેનાર આ વીરપુરુષનું મૃત્યુ પણ એટલું જ પવિત્ર છે. માટે માત્ર રડીને બેસી રહેવાને બદલે તેમના જીવનધ્યેયને પૂર્ણ કરવામાં દેશની શાંતિ, સંપ અને એકતા જાળવી રાખવામાં જ આપણું શ્રેય છે એમ અહીં સમજાય છે.

બીજા ષટ્કમાં તેઓ જુદી રીતે આપણને ન રડવા વિશે સમજાવે છે. અહી પણ મહાત્મા આપણને પ્રશ્ન કરે છે કે તેમનાથી જુદો વિચાર ધરાવનાર, તેમનો વિરોધ કરનાર લોકો સામે સત્ય પ્રગટ કરવાને બદલે ભય અને ભીરુતા ધારણ કરીને તેઓ જીવ્યા કરત તો શું આપણને આનંદ થાત? ચોક્કસ નહીં જ. ગોળીબાર કે લાઠીચાર્જ કરનાર અંગ્રેજો સામે પણ અહિંસાના ભાવ સાથે જરાય ડર્યા વગર ધસી જનાર આ વીરપુરુષ પોતાના જ લોકો સામે ડરીને બેસી ગયા હોત તો આપણને ન જ ગમત. એને બદલે સત્ય પ્રગટ કરવામાં એમણે મૃત્યુની પણ બીક રાખી નહી તે હરખાવા જેવી જ વાત છે. વળી આગળ તેઓ કહે છે કે તેમના ગળે એક ડૂમો ભરાયો હતો તે આ મરણથી છૂટ્યો અને ખુલ્લા ગળે જે સત્ય પ્રગટ થયું તે આ છે!

''વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ!'' પ્રેમનો આવો મહાન સંદેશો તેમના મૃત્યુથી બુલંદ બન્યો છે એ વાતથી ખુશ થવાનું તેઓ જણાવે છે. ''તમારા શત્રુને પણ તમારી જાત જેટલો જ પ્રેમ કરો'' એવો અદભુત સંદેશ આપનાર ઈસુ પણ મહાત્માના આવા બલિદાનથી ખુશ થઈને હસી રહ્યા છે. શત્રુઓ તરફથી એવા જ મૃત્યુને વરેલા સોક્રેટિસ (સુક્રતુ) પણ હસી રહ્યા છે અને બીજા અનેક સૌમ્ય સંતો પણ મહાત્માના આવા સ્વાર્પણથી ખુશ છે તો પછી ''તમે

શા માટે દુઃખી થઈને રડો છો?'' એવો તાર્કિક પ્રશ્ન ગાંધીજી આપણને પૂછે છે, અને છેલ્લી બે પંક્તિમાં કવિ આપણા સૌ વતી જવાબ આપે છે કે ''પિતા આપનું મરણ તો પવિત્ર જ છે, અમે તેને નથી રડતા પણ આપની હત્યા કરવા સુધીનું કલંકમય અમારું જીવતર છે એને અમે રડી રહ્યા છીએ. ખરેખર દેશની સ્વતંત્રતામાં મહત્તમ યોગદાન આપનાર મહાપુરુષને આપણે સ્વતંત્રતાનો આનંદ પણ ન લેવા દીધો અને હણી નાખ્યા એ આપણા માટે કેટલું મોટું કલંક છે તે વાત ચોટદાર રીતે અહીં વ્યક્ત થઈ છે.

બે ષટ્ક અને એક યુગ્મમાં વહેંચાયેલું આ સૉનેટ તેમાં આવતા વિચારવળાંક અને અંતે સધાતી ચોટ દ્વારા સૉનેટના સ્વરૂપમાં સફળ રીતે બંધ બેસે છે. કવિએ પસંદ કરેલો અગેય પૃથ્વી છંદ સૉનેટમાં રહેલા વાતચીતમય ગદ્યની છટાને સરસ રીતે અભિવ્યક્ત કરે છે. ગાંધીજીના સર્વાલેષી, પ્રેમાળ એવા વિરાટ વ્યક્તિત્વને સચોટ રીતે ઊપસાવતું આ સૉનેટ ઉમાશંકર જોશી દ્વારા મહાત્માને અપાયેલી એક અદ્‌ભુત અંજલિ છે.

### 2.5 વિશેષ અધ્યયન

#### 2.5.1 સ્વાધ્યાય

નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :

(1) ઉમાશંકર જોશીનાં સૉનેટમાં જોવા મળતા વિષયવૈવિધ્યની સદષ્ટાંત ચર્ચા કરો.
(2) ઉમાશંકર જોશીની સૉનેટમાળાઓનો પરિચય આપો.
(3) ઉમાશંકર જોશીનાં સૉનેટયુગ્મો વિશે નોંધ લખો.
(4) નીચે આપેલા સૉનેટનો આસ્વાદ કરાવો.

'ભલે શૃંગો ઊંચા'

મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌનશિખરો,
ધસે ધારો ઊંચી, તુહિન તહીં ટોચે તગતગે,
શુચિ પ્રજ્ઞાશીળું સ્મિત કુમુદપુંજો સમ ઝગે;
વહી રહેતો ત્યાંથી ખળળ ચિર શાતા જળ-ઝરો,.
ઢળી પીતો શૃંગસ્તનથી તડકો શાન્તિ-અમૃત;
મુખે એને કેવું વિમલ શુભ એ દૂધ સુહતું!
હસે નીલું ઊંડું નભ, હૃદય આશિષ્ વરસતું.
રસી શીતસ્પર્શે દિશ દિશ, ભમે મત્ત મરુત.

ગમે શૃંગો, કિન્તુ જનરવભરી ખીણ મુજ હો!
તળેટીએ વીથી સહજ નિરમી શાલતરુની,
રમે ત્યાં છાયાઓ; ઉટજ ઉટજે સૌમ્ય ગૃહિણી
રચે સન્ધ્યાદીપ; સ્તિમિત-દગ ખેલે શિશુકુલો;
સ્ફુરે ખીલે વીલે હૃદય હૃદયે ભાવમુકુલો;-
ભલે શૃંગો ઊંચાં, અવનિતલ વાસો મુજ રહો!
('વસંતવર્ષા'માંથી)

#### 2.5.2. વિશેષ વાચન

ઉમાશંકર જોશીના 'સારસ્વત સહોદર' તરીકે ઓળખાયેલા સુન્દરમનાં સૉનેટ અને સૉનેટમાળાઓ તથા સૉનેટયુગ્મો મેળવીને વાંચો અને વિષય તથા સ્વરૂપની દૃષ્ટિએ તેનો અભ્યાસ કરો.

ગાંધીયુગના અન્ય કવિઓ સ્નેહરશ્મિ, રામપ્રસાદ શુક્લ, સુંદરજી બોટાઈ, મનસુખલાલ ઝવેરી, કૃષ્ણલાલ શ્રીધરાણી, હરિશ્ચંદ્ર ભટ્ટ તથા પ્રહ્લાદ પારેખનાં સૉનેટ પણ મેળવીને વાંચો.

સ્વાતંત્ર્યોત્તરકાળના સૉનેટક્ષેત્રે જાણીતા કવિઓ રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, ઉશનસ્, જયંત પાઠક, બાલમુકુન્દ દવે વગેરે ઉપરાંત આધુનિક યુગમાં પણ સૉનેટક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર લાભશંકર ઠાકર, ચિનુ મોદી, માધવ રામાનુજ, રામચન્દ્ર પટેલ, વિનોદ જોશી, મણિલાલ હ. પટેલ વગેરે કવિઓનાં સૉનેટ મેળવીને તેમાં આવેલા પરિવર્તનનો અભ્યાસ કરો.

**2.6 સંદર્ભ પુસ્તકો**


(1) 'સમગ્ર કવિતા', ઉમાશંકર જોશી
(2) 'આપણાં સૉનેટ', સંપા. ચંદ્રશંકર ભટ્ટ
(3) 'સૉનેટ', ડો. વિનોદ જોશી
(4) 'યુગદ્રષ્ટા ઉમાશંકર', સંપા.ચન્દ્રકાન્ત શેઠ, રઘુવીર ચૌધરી, ભોળાભાઈ પટેલ, ધીરુ પરીખ
(5) 'સૉનેટમાળા અને સૉનેટયુગ્મ', જિતેન્દ્ર મેકવાન



**લેખન :** પ્રો.ડૉ.જિતેન્દ્ર મેકવાન (આસી.પ્રોફેસર)
મહેમદાવાદ આટ્ર્સ એન્ટ કૉમર્સ કૉલેજ

## એકમ 3 ઉમાશંકર જોશીની ગીતરચનાઓ


3.1 ઉદ્દેશો
3.2 પ્રસ્તાવના
3.3 ગીતનું સ્વરૂપ
3.4 ઉમાશંકર જોશીનાં ગીતોઃ વસ્તુલક્ષી પરિચય
3.5 ઉમાશંકર જોશીની ગીતકવિ તરીકેની લાક્ષણિકતાઓ
3.6 વિવેચનાત્મક અભિપ્રાયો
3.7 પ્રશિષ્ટ ગીતરચના આસ્વાદ
 3.7.1 ભૂમિકા
 3.7.2 કૃતિ : ભોમિયા વિના
 3.7.3 કૃતિ સારાંશ - કૃતિનો આસ્વાદ
 3.7.4 કૃતિ
 3.7.5 કૃતિ સારાંશ - કૃતિનો આસ્વાદ
3.8 સ્વાધ્યાય - વિશેષ વાચન-લેખન
3.9 વિશેષ વાચન
3.10 મહત્ત્વનાં પુસ્તકો


### 3.1 ઉદ્દેશો

- આ એકમના અભ્યાસથી ગીત એટલે શું તે તમે સમજશો. ઊર્મિકાવ્યના એક પ્રકાર તરીકે ગીતનું સાહિત્યસ્વરૂપ કેવું છે તે તમે સમજશો.
- ઉમાશંકર જોશીની ગીતરચનાઓ કેવી છે તેનો પરિચય મેળવશો.
- ગીતની રચના માટે કેવાં ભાવસંવેદનો કે લાગણી હોવાં જોઈએ તે સમજશો.
- ગીતમાં ભાવની અભિવ્યક્તિ માટે કેવી ભાષા પ્રયોજાય છે તે સમજશો.
- કોઈ પણ ગીતરચનાનો આસ્વાદ કેવી રીતે માણી શકાય તે શીખશો.
- અન્ય કવિઓનાં ગીતો વાંચવા માટે પણ પ્રેરાશો.

### 3.2 પ્રસ્તાવના

ઉમાશંકર જોશીની કવિતામાં ઘણું સ્વરૂપવૈવિધ્ય જોવા મળે છે. એમણે છંદોબદ્ધ કાવ્યો અને સોનેટ, ગીતો, ખંડકાવ્યો, મુક્ત છંદમાં રચાયેલાં દીર્ઘકાવ્યો, નાટ્યકવિતાઓ, લઘુકાવ્યો, બાળકાવ્યો જેવાં અનેક કાવ્યસ્વરૂપોમાં કાવ્યસર્જન કર્યું છે. આ સૌમાં ઉમાશંકર જોશીની ગીતરચનાઓ ખાસ ધ્યાન ખેંચે છે. બાળપણમાં જે ભરપુર પ્રાકૃતિક સૌંદર્ય તેમણે માણ્યું છે, કૌટુંબિક અને સામાજિક ભાવભર્યા સંબંધો અનુભવ્યા છે, માનવીના મનની સૂક્ષ્મ સંવેદનાઓને નિકટથી જોઈ છે - એ બધું એમનાં ગીતોમાં ખૂબ સહજ રીતે વ્યક્ત થયું છે. ઈશાનિયા પ્રદેશના લોકમેળા અને ઉત્સવોમાંથી એમને ગીતોનો લય સાંપડ્યો છે, તો આસપાસ બોલાતી, સચોટ અભિવ્યક્તિ સાધતી તળપદ વાણી એમના ચિત્તમાં ઝિલાઈ છે. આ બધાંને લીધે તેમનાં ગીતો ભાવ, ભાષા અને લયની દૃષ્ટિએ ખૂબ સમૃદ્ધ બન્યાં છે.

### 3.3 ગીતનું સ્વરૂપ

માનવઉત્ક્રાંતિની સાથે જ ગીતની ઉત્પત્તિ થઈ હોવાનું એક અનુમાન કરી શકાય એમ છે. જ્યારે ભાષાનો ઉદ્‌ભવ નહી થયો હોય તે સમયે પણ માનવસમુદાયોમાં આનંદ-હર્ષ-ઉલ્લાસ દર્શાવવા માટેની લયાત્મક કિલાકારીઓમાંથી ગીતનો ઉદ્‌ભવ થયો હશે, એમ માની શકાય. સમય જતાં ભાષાનો વિકાસ થતાં લયની સાથે અનુક્રમે ભાષા અને ભાવ ભળ્યાં હશે.

એટલે એમ કહી શકાય કે, જે ગાઈ શકાય તે ગીત. ગાન એ ગીતનું મૂળભૂત અંગ છે. જે એનું આંતરિક સ્વરૂપ છે.

ગીતનાં બાહ્ય અને આંતરિક બે પ્રકારે સ્વરૂપ લક્ષણો હોય છે. બાહ્ય લક્ષણોમાં મુખડું કે ધ્રુવ પંક્તિ, બે કડીનો અંતરો અને અંતરા પછી તરત મુખડાના લય-પ્રાસની એક કડી. આ બંધારણના બે, ત્રણ કે ચાર બંધ/અંતરાના ગીત ગુજરાતી ભાષામાં પ્રચલિત છે. આ બંધારણનું એકગીત અહીં ઉદાહરણ તરીકે જોઈએ,-

ડેલીએથી પાછા મ વળજો, હો શ્યામ
મેં તો ઠાલાં દીધાં છે મારાં બારણાં (ધ્રુવપંક્તિ કે મુખડું)

પાછલી તે રેણની નીદરની કામળી
આઘી હડસેલતીક જાગું
દયણે બેસુંને ઓલી જમનાનાં વ્હેણની
ઘુમ્મરીમાં બૂડતી લાગું (પહેલો અંતરો)

બારણાંની તડમાંથી પડતા અજવાસને
ટેકે ઊભી રે મારી ધારણા (ધ્રુવપંક્તિ કે મુખડાના પ્રાસની પંક્તિ)
મેં તો ઠાલાં દીધાં છે મારાં બારણાં (ધ્રુવપંક્તિ કે મુખડું)

આ ઉદાહરણમાં ગીતના બાહ્ય સ્વરૂપનાં બીજાં જે લક્ષણો દેખાય છે તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો. જૂઓ, અંતરામાં બે પંક્તિ છે અને અંતરાની બંને પંક્તિ અંતે પ્રાસયુક્ત છે. આ પ્રાસ પાછો ધ્રુવપંક્તિના અંત્યપ્રાસથી જુદા શબ્દથી બનેલો છે. ટૂંકમાં, ગીતના એક બંધના પ્રાસને આપણે આ રીતે પણ સમજી શકીએ. ધ્રુવપંક્તિ એક નંબરની કડી, અંતરાની પહેલી કડી બે નંબર, અંતરાની બીજી કડી ત્રણ નંબર, ધ્રુવના પ્રાસની પંક્તિ ચાર નંબર. આમાં પહેલા અને ચોથા નંબરની પંક્તિના અંતે અને બીજી અને ત્રીજી પંક્તિના અંતે પ્રાસ મળવો જોઈએ. આ પ્રાસ એટલે રવાનુકારી શબ્દો.

ગીતનું બીજું સ્વરૂપ જેને આપણે લોકગીત તરીકે ઓળખીએ છીએ, તેનું બાહ્ય સ્વરૂપ સાહિત્યિક ગીતના બાહ્ય સ્વરૂપથી જુદું હોય છે. લોકગીત પ્રકારનાં ગીતોમાં દરેક કડીને અંતે પ્રાસવાળા શબ્દો જોવા મળે છે. મોટા ભાગનાં લોકગીતમાં કડીને અંતે ગઝલના કાફિયાની જેમ એકના એક શબ્દ સમૂહમાં ગાવાના હોય છે. એટલે કે, દરેક કડીના બે ભાગ હોય, પ્રથમ ચરણ અને બીજું ચરણ. એમાં કડીનો પહેલો ભાગ(ચરણ) કોઈ એક વ્યક્તિ ગાય અને કડીનો બીજો ભાગ(ચરણ) સમૂહમાં ગવાય. ઉદાહરણ રૂપે આપણે એક ગીતની બે કડી અહીં નોંધી શકીએ...

''જોબનિયું આજે આવ્યું ને કાલ જાશે, જોબનિયું કાલ જાતું રેશે,
જોબનિયાને પાઘડીના છેડે રાખો, જોબનિયું કાલ જાતું રેશે.''

ગીતના ત્રીજા સ્વરૂપમાં ચાર પંક્તિનો બંધ હોય છે. જેમાં પહેલી પંક્તિ ધ્રુવ કહેવાય અને પછી બીજી, ત્રીજી અને ચોથી એમ ચાર પંક્તિનો અંતરો બને, જેની પાંચમી પંક્તિ ધ્રુવપંક્તિ હોય. માત્ર બે પંક્તિના અંતરાવાળા ગીતમાં પહેલી પંક્તિ ત્રીજી પંક્તિમાં ધ્રુવપંક્તિરૂપે લેવાની હોય છે. આવા સ્વરૂપના ગીતનું એક ઉદાહરણ નોંધીએ...

''આજ અંધાર ખુશબો ભર્યો લાગતો,
આજ સૌરભ ભરી રાત સારી;
આજ આ શાલની મંજરી ઝરી ઝરી,
પમરતી પાથરી દે પથારી.
આજ અંધાર...''

આ ઉદાહરણમાં પહેલી પંક્તિ અને પાંચમી પંક્તિ ધ્રુવ પંક્તિ છે, જે આખા ગીતમાં વારંવાર આવ્યા કરે છે. વચ્ચે બે પંક્તિનો અંતરો છે, તેમાં અંત્યાનુપ્રાસ જોવા મળે છે.

ગીતના આ બાહ્ય સ્વરૂપને સમજ્યા પછી એના આંતરિક સ્વરૂપને સમજીએ. કોઈ પણ સાહિત્યસ્વરૂપ માનવભાવોના નિરૂપણ માટે હોય છે, એમ ગીતમાં પણ ભાવ-સંવેદનને વ્યક્ત કરવાનું હોય છે. ગીતમાં રહેલો આ ભાવ મોટા ભાગે વ્યક્તિભાવ હોય છે અને ઘણીવાર સમૂહ ભાવ પણ જોવા મળે છે. કાવ્યસિદ્ધાંત અનુસાર ગીતમાંનો વ્યક્તિભાવ વ્યક્તિગત મટીને સમષ્ટિભાવ કે સમષ્ટિગત બનવો જોઈએ. જો એમ થાય તો એ ગીતની સિદ્ધિ અને એમ ના થાય તો એ ગીતની ખામી ગણાય. ગીતમાં વ્યક્ત ભાવ આચાર્ય ભરતકથિત નવ રસમાંનો કોઈ પણ હોઈ શકે. વળી, એની પૂર્વશરત એ કે એમાં કોઈ એક જ ભાવનું નિરૂપણ હોવું જોઈએ. ધ્રુવપંક્તિમાં ભાવનું તારતમ્ય એટલે કે ઉઘાડમાં જ ચમત્કૃતિ, અંતરાઓમાં એ ભાવ માટેનાં નિમિત્તરૂપ કારણોનું નિર્વહણ અને ધ્રુવના પ્રાસની પંક્તિમાં કારણ-તારણ, એ રીતે ગીતના ભાવને વહેંચી શકાય.

આમ, ગીતમાં ભાવોર્મિસંવેદનનું નિર્વહણ થતું હોવાથી અભ્યાસની સરળતા ખાતર એનો ઊર્મિકાવ્યમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે, ઊર્મિ કે ભાવ-સંવેદન એ ગીતનું પહેલું આંતરિક લક્ષણ ગણાય.

ગુજરાતી કાવ્ય પરંપરાનુસાર ગીતમાં પણ પ્રકૃતિ, પ્રેમ અને પ્રભુને કેન્દ્રમાં રાખીને રચનાઓ થયેલી છે. આમ કહીએ એટલે ગીતના વિષયનો નિર્દેશ થયો એમ કહી શકાય. ગીતમાં નિરૂપિત ભાવ અનેક વિષયોના હોઈ શકે છે. લોકગીત પ્રકારમાં આવું વિષયવૈવિધ્ય વધુ જોવા મળે છે, જ્યારે પ્રશિષ્ટ ગીતરચનાઓના વિષયના કેન્દ્રમાં ભક્તિ અને પ્રેમ-વિરહનું નિરૂપણ પ્રાધાન્ય ભોગવે છે. એટલે એમ કહી શકાય કે, વિષયવૈવિધ્ય એ ગીતનું બીજું આંતરિક લક્ષણ છે.

ગીતના ત્રીજા આંતરિક લક્ષણ તરીકે આપણે શબ્દને અને શબ્દ-શક્તિને ગણાવી શકીએ. કાવ્યશબ્દથી ગીતનો શબ્દ જુદો પડે છે. કાવ્યશબ્દ ચમત્કૃતિ ભરેલો હોય છે, જ્યારે ગીતનો શબ્દ લોકભોગ્ય હોવાથી પ્રચલિત અર્થને વધુ વ્યક્ત કરતો હોય છે. પ્રશિષ્ટ ગીતરચનાઓમાં લોકભોગ્ય શબ્દોનું પ્રચલન પ્રમાણમાં ઓછું થતું ગયું અને આધુનિકતાની અસર હેઠળ એમાં પ્રતીક-કલ્પનનું ઉમેરણ થવા લાગ્યું. એટલે, પ્રશિષ્ટ ગીતરચનાઓમાં હવે શબ્દની વિવિધ અર્થછટાઓ અને મિથનો સુયોગ્ય ઉપયોગ થવા લાગ્યો છે. 'કેમ સખી ચીંધવો પવનને, કે હું તો ખાલી શકુંતલાની આંગળી' અનિલ જોશીના ગીતની આ ધ્રુવપંક્તિમાં રહેલી શકુંતલા, શકુંતલાની ખાલી આંગળી અને પવનને ચીંધવા જેવી અસામાન્ય અને અતાર્કિક લાગતી ક્રિયા જુદા સંદર્ભો-સમેત પ્રયોજવામાં આવ્યાં છે. જોકે, એ પણ નોંધવું જોઈએ કે, ગીતના ભક્તિગીત પ્રકારના પદસાહિત્યમાં અને ભજનસાહિત્યમાં આવાં પ્રતીકોનો ગુજરાતી ભાષાના ઉદ્ભવથી પ્રયોગ થતો આવ્યો છે. ઉદાહરણ તરીકે 'કીડી બિચારી કીડલી ને કીડીનાં લગનિયાં લેવાય, હાલોને કીડીબાઈની જાનમાં' જેવું પ્રચલિત ભજન-લોકગીત નોંધી શકાય. તો, નરસિંહનાં પદોમાં રહેલાં મિથ અને પ્રતીકો પણ નોંધવાં જોઈએ. જેમ કે, 'જાગીને જોઉં તો જગત દિસે નહીં', 'અંતે તો હેમનું હેમ હોયે'. આમ, શબ્દની લોકભોગ્યતા, મિથ-કલ્પન-પ્રતીક અને અભિધા સિવાયની લક્ષણા-વ્યંજના શબ્દશક્તિ એ ગીતનાં આંતરિક લક્ષણ ગણી શકાય.

ગીતનું ચોથું આંતરિક લક્ષણ તે એની ગેયતા છે. ગેયતા એ ગીતનું સૌથી મહત્ત્વનું લક્ષણ ગણાય છે. એટલે તો એમ પણ કહેવાયું છે કે, જે ગાઈ શકાય તે ગીત. 'ગેયતા' કહેવાની સાથે એમાં લયની સાથે સૂર, તાલ અને ઢાળ આપોઆપ ભળે છે. સંગીતના સાત સૂર અને એના તાલની માત્રાઓ ગીતનો આંતરિક ભાગ છે. ગુજરાતી ફિલ્મોના જાણીતા ગીત-સંગીતકાર અવિનાશ વ્યાસે પોતાનાં ગીતોમાં સૂર અને તાલની માત્રાઓ ટિપ્પણ તરીકે નોંધ્યાં છે. તો નરસિંહ આદિ કવિઓએ ગીતના ઢાળ કહ્યા છે. ઝવેરચંદ મેઘાણીનાં ગીતો એમના જ અગાઉના કોઈ એક ગીતના ઢાળ પરથી રચાયાં હોવાનાં અનેક ઉદાહરણ જોવા મળે છે, જેમાં કવિ ગીતની ઉપર લખે, 'મન મોર બની થનગાટ કરે',-નો ઢાળ, 'સૂના સમદરની પાળે'-નો ઢાળ'. આમ, અગાઉના કોઈ ગીતને ગાવાના ઢાળ પરથી પણ ગીત રચાતાં હોય છે.

### 3.4 ઉમાશંકર જોશીનાં ગીતોઃ વસ્તુલક્ષી પરિચય

ઉમાશંકર જોશીનાં ગીતોમાં વિષયવૈવિધ્ય ઘણું જોવા મળે છે. અભ્યાસની સરળતા ખાતર ઉમાશંકર જોશીનાં ગીતોને વિષયનિરૂપણની રીતિએ કેટલાક ખંડમાં વહેંચી શકાય, જેમાં, પ્રકૃતિનાં ગીતો, સ્વતંત્રતા આંદોલનનાં ગીતો, દેશ-રાજ્યભક્તિનાં ગીત, પીડિતનાં ગીત, વતનપ્રીતિનાં ગીતો, લોકઢાળનાં ગીતો... વગેરે. ઉમાશંકર જોશીએ કેટલાંક ગીતોમાં વ્યક્ત કરેલા વિષય-વસ્તુ વિશે માહિતી મેળવીએ.

(1) 'ભોમિયા વિના' - 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા, જંગલની કુંજ કુંજ જોવી હતી...' એ ગીતના વિષયનાં બે અર્થઘટન પ્રાપ્ત થાય છે. બંને અર્થઘટનમાં ગાંધીયુગની અસર જોઈ શકાય તેમ છે. પહેલામાં આદર્શથી ઘેરાયેલા યુવાની આકાંક્ષા અને એનો ભ્રમ ભાંગે તેના આત્મબોધનું આલેખન થયું છે, એમ કહેવાયું છે. જેમાં 'રોતાં ઝરણાની આંખ લો'વી હતી' એમાં દીન-દુઃખિયાંનાં આંસુ લૂછવાની વાત રજૂ થઈ છે. જ્યારે બીજા અર્થઘટનમાં, વતનવિચ્છેદના ભાવ સમેત પ્રકૃતિદર્શન અને આંતરસંવેદનનું નિરૂપણ થયેલું છે, એમ કહી શકાય. 'એકલો આકાશ તળે ઊભીને એકલો' અંતરામાં એકલતાના ભાવને કવિએ ઘૂંટીને વ્યક્તિભાવનું નિરૂપણ કર્યું છે, જે સાર્વત્રિકભાવ સાથે જોડાય છે.

(2) 'ગુજરાત મોરી મોરી રે' - 'મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે' - એ પ્રદેશ નિરૂપણનું ગીત છે, જેને આપણે નર્મદના 'ગુણવંતી ગુજરાત' કાવ્ય સાથે સરખાવી શકીએ. આ ગીતમાં ગુજરાતની ભૌગોલિક - પ્રાદેશિક વિશેષતા દર્શાવવા સાથે ગુજરાતી અસ્મિતાનું ખમીર એવા ધાર્મિક-સાંસ્કૃતિક-સામાજિક જીવનનું દર્શન પણ થાય છે. ગીતના અંતિમ અંતરામાં 'નર્મદની ગુજરાત દોહ્યલી રે જીવવી, ગાંધીની ગુજરાત કપરી જીરવવી' કહીને ગુજરાતના બે કાળના લોકજીવનની છબી ઉજાગર કરી છે. ગીતની ધ્રુવપંક્તિમાં 'મળતાં મળી ગઈ' એમ કહીને કવિએ નિયતિ તરફ ઈશારો કર્યો છે કે, જન્મ અને મૃત્યુ એ માનવના હાથમાં નથી, એમ કયા સ્થળે જન્મ લેવો એ પણ ઈશ્વરાધીન છે; અચાનક મળી ગયેલી આ પ્રાદેશિકતા વિસ્તરીને ભારતની ભવ્યતામાં ભળે છે, તેનો નિર્દેશ કરીને પ્રાદેશિકતાને રાષ્ટ્રિયતામાં પરિવર્તિત કરી છે અને એનું ગુણગાન કર્યું છે.

(3) 'હું ગુર્જર ભારતવાસી' - 'હું ગુર્જર ભારતવાસી, ઝંખો પલ પલ સહુ જન મંગલ મન મારું ઉલ્લાસી, હું ગુર્જર...' ગુજરાત રાજ્યની સ્થાપના પ્રસંગે (1-5-1960) કવિ ઉમાશંકરે ગુજરાત વિષયક ચાર સ્તવનો રચેલાં તેમાંનું એક તે આ. બીજાં સ્તવનોમાં 'આ તે કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી?', 'ગાંધીને પગલે પગલે' અને 'ધન્ય ભૂમિ ગુજરાત'નો સમાવેશ થાય છે. આ ગીતમાં ગુજરાતી હોવાની પ્રાદેશિકતાને કવિએ રાષ્ટ્રીયતાના ભાવ સાથે જોડીને રાષ્ટ્રગાન કર્યું છે. 'ગાંધી-કૃષ્ણની કરુણાકરણી' અને 'ઇસાઇ પારસિક મુસ્લિમ જનહિત' જેવી શબ્દાવલિઓમાં ગુજરાતની કરુણા અને ધાર્મિક સદભાવનાનો રાષ્ટ્રનિર્માણમાં ફાળો વર્ણવાયો છે. આ ગીતમાં 'સર્વ ધર્મ સમ, સર્વ ધર્મ મમ'નો ગાંધીવિચાર પણ ઝિલાયો છે. કવિ ગીત દ્વારા ગુજરાતની પ્રાદેશિકતાને બીજા ક્રમે મૂકી પ્રથમ હું ભારતવાસી છું એ ભાવ-વિચારને ગીતમાધ્યમે અભિવ્યક્ત કરે છે.

(4) 'ગીત ગોત્યું ગોત્યું' - 'અમે સૂતા ઝરણાને જગાડ્યું, ઉછીનું ગીત માગ્યું, કે ગીત અમે ગોત્યું ગોત્યું ને ક્યાંય ના જડ્યું' એ ધ્રુવપંક્તિથી આરંભાતું આ ગીત દરેક અંતરામાં કવિઓને જે જે સ્થળેથી ગીત મળી શકે એ એ સ્થળે શોધ કરે છે, તેમ છતાં કવિને ગીત નથી મળતું. વાસ્તવમાં કવિએ સાદશ્યમૂલક વિરોધાભાસ રચ્યો છે. ખરેખર જ્યાં ગીત હોવું જોઈએ ત્યાં નથી. કવિની એ શોધ છેલ્લા અંતરામાં પૂરી થાય છે. કવિને 'ઉરે આંસુ પછવાડે હીચતું' 'ને સપનાંઓ સીચતું' મળે છે. કવિને ગીત હૃદયમાં અને આંસુ-વેદનાની પાછળ હીચતું છે એ ખબર ખરી, એ સપનાંઓને સીંચે એયે ખબર છતાં એમાં ગીત નથી મળતું એમ કહીને કવિતાની અસમર્થતા કાવ્ય દ્વારા જ સિદ્ધ કરી છે.

(5) 'માનવીનું હૈયું' - 'માનવીના હૈયાને નંદવામાં વાર શી?' માનવ ભાવ-સ્વભાવને રજૂ કરતા આ ગીતમાં હૈયા - મનને ઋજુ, પોચું, સંવેદનશીલ કહીને એના આનંદ અને તૂટવાના સ્વભાવને વ્યક્તરૂપ આપી કારણો દર્શાવ્યાં છે. માનવમન માનવસંબંધોને કારણે

સુખ કે દુઃખની લાગણી અનુભવે છે. શબ્દો - સંવાદ જો અધૂરા હોય કે બિલકુલ ન હોય એ સ્થિતિમાં સંબંધમાં ઓટ આવે છે અને માત્ર સૂચક સ્મિતના કારણે મન આનંદ અનુભવે છે એ મનસ્વભાવને લયાત્મક રીતે કવિએ રજૂ કર્યો છે.

(6) 'ઝંખના' ભજનના ઢાળનું ગીત છે. 'સૂરજ ઢૂંઢે ને ઢૂંઢે ચાંદાની આંખડી, નવલખ તારાનાં ટોળાં ટળવળે રે જી.' અંતરાની આ પહેલી કડીને જ કવિએ ધ્રુવપંક્તિ તરીકે મૂકી છે. જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય અને ઈશ્વરપ્રાપ્તિ એ ભજનના મુખ્ય વિષયો છે, એમાંથી ઈશ્વરપ્રાપ્તિની લગનીનું આ ભજન-ઢાળનું ગીત છે. ત્રણ આખા અંતરા અને ચોથો અંતરો બે કડીનો રાખીને ઉમાશંકર જોશીએ આ ગીતમાં ઈશ્વરને ઉદ્દેશીને અંતમાં પ્રભુદર્શનની ઉત્કંઠા પ્રગટ કરી છે. ગીતમાં અધ્યાત્મનો ભાવ હોવા છતાં એમાં ભજનસાહિત્યમાં જ પ્રયોજાતી હોય તેવી શબ્દાવલિ ઓછી છે. 'ગંગોત્રી' સંગ્રહમાં આ ગીતરચના ઉપરાંત 'ભિખારી' શીર્ષકની ગીતરચના છે, જેમાં પણ પ્રભુપ્રેમના ભાવનું નિરૂપણ થયેલું છે. આવી બીજી કેટલીક ભક્તિરચનાઓ પણ જોવા મળે છે.

(7) 'ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય...' - 'ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય કે ચૈતર કોણે દીઠો રે લોલ.'એ બારમાસા રજૂ કરતું પ્રણયગીત છે. ફાગણ માસથી શરૂ થતું આ ગીત શ્રાવણ માસ સુધીના ઋતુમાસ દરમિયાનના પ્રેમીદંપતીના ભાવને રજૂ કરે છે. ગીતના અંતરાની પહેલી કડી પુરુષના વિધાનપ્રશ્ન અથવા પરિસ્થિતિનું વર્ણન કરે છે અને બીજી કડીમાં સ્ત્રીના મનોભાવોનું આલેખન થયેલું છે. કાવ્યાંતે પ્રણય માટે ઉત્તમ ગણાયેલા ફાગણ માસનું માહાત્મ્ય વર્ણવતી કડી આવે છે - 'વ્હાલા મોરા ફાગણ પાછો લાવ કે ચૈતર ક્યાં મૂક્યો રે લોલ.' એમ કહીને બે પ્રિયજનની પ્રેમઘેલી ચેષ્ટાઓ માટેની ઉત્કંઠાને અને હંમેશા સાથે જ રહેવાની તાલાવેલીને કવિએ અભિવ્યક્ત કરી છે.

(8) 'ચાલને, ચૈત્રની ચાંદની રાતમાં ચાલીએ'માંનો ઝૂલણા છંદનો ડોલન લય આ ગીતને વધુ ગેય બનાવે છે. ચાલ, ચૈત્ર, ચાંદની, ચાલીએ શબ્દોની આંતરસાંકળી અને ગીતમાં રહેલા અન્ય અલંકાર આ ગીતને આસ્વાદ્ય બનાવે છે. કવિતા કાનની કળા છે એ આ ગીતગાનથી વધુ સ્પષ્ટ થાય છે, તો એમાં રહેલો પ્રણયભાવ ઉત્કટ રીતે નિરૂપાયો છે. પ્રણયઘેલા હૈયાને ચંદ્ર અને ચંદ્રમુખી બંનેનો સંગાથ જોઈએ. એ બંનેના સાથે હોવામાત્રથી હૃદયને મળતી શાતા-શીતળતાને કવિએ કાવ્યત્મક રૂપ આપ્યું છે. પ્રિયજનોને પ્રણય ચેષ્ટાઓ જ માત્ર ગમતી હોય એમ નહીં પણ સંગાથ હોવો પણ અતિપ્રિય હોય છે. આ 'સાથે હોવા'ના ઉલ્લાસને કવિએ 'કૌમુદીરસ' સાથે જોડ્યો છે.

(9) 'ચોખૂણિયું મારું ખેતર' - 'ચોખૂણિયું મારું ખેતર નાનું, કાગળનું એક પાનું'-માં કવિએ કલ્પનનો સરસ વિનિયોગ કરીને શબ્દની સર્જનશક્તિનું ગુણગાન કર્યું છે. કાગળને ચોખૂણિયા ખેતર સાથે સરખાવીને કવિએ કૃષિના મહત્ત્વને પણ આંક્યું છે અને એ કૃષિપ્રધાનતાનો સાહિત્યવિધામાં સ-બળ ઉપયોગ કર્યો છે. સાહિત્યલેખનને ખેતર સાથે સરખાવીને કવિ ગીતના પછીના અંતરાઓમાં શબ્દના સૌંદર્યનું વર્ણન શબ્દથી જ કરે છે - 'શબ્દના અંકુર ફૂટ્યા, સુપલ્લવ-પુષ્પનો લચ્યો વિશેષ' પંક્તિમાં પ્રકૃતિનો સાહિત્યસંગમ થાય છે, તો અંતની પંક્તિમાં 'રસનું અક્ષયપાત્ર' કહીને સાહિત્યના અક્ષુણ્ણપણાને બિરદાવે છે.

(10) 'દૂર શું નજીક શું' - 'છોને છોડે એ ભૂમિના કિનારા ને શ્હેરના મિનારા, કે હોડીને દૂર શું? નજીક શું?' સ્થૂળ પણ સ્થિર નહી એવા વસ્તુ-પદાર્થમાં રહેલી જીવંતતાને કવિએ આ ગીતમાં કલ્પીને એ(વસ્તુ)ના ગોપિત ભાવને રજૂ કર્યો છે. સ્થૂળ-સ્થિર પદાર્થોને, નિર્જીવ ઘટકોને કશા ભાવ હોતા નથી, તેથી એને કોઈ ઘટનાથી કશી લેવાદેવા નથી હોતી. આવી એક નિર્જીવ હોડીની સજીવતાને કલ્પીને આ રીતની રચના થઈ છે. ઉમાશંકર ગાંધીયુગના કવિ છે, તેથી ગીતમાં રહેલી હોડી એ સ્થૂળ પદાર્થમાત્ર છે, જો આધુનિક યુગનું આ ગીત હોત તો હોડીનો પ્રતીકરૂપે એક વિશિષ્ટ અર્થ -જીવન- એવો કલ્પી શકાયો હોત. પણ અહીં એના ગતિમાનને સાદશ્ય કરીને કવિએ હોડીનાં વહેણ સાથેના વહનમાં એની આસપાસના પરિવેશને ઉમેર્યો છે. જે ગતિમાન છે એણે પાછળ બધું છોડતાં આગળ વધ્યા

કરવાનું છે અથવા જે સફરમાં છે તેણે કારવામાં પાછળ રહી ગયેલાને યાદ કરવાનાં છે પણ ભૂલી જઈને, એ ભાવ આ ગીતમાંથી પામી શકાય.

(11) 'આજ મારું મન' - 'આજ મારું મન માને ના, માને ના, કેમ કરી એને સમજાવું?'-માં કવિએ ઉદાસીના ભાવને અભિવ્યક્ત કરવા 'જાત સાથે વાત' કરી છે. ગીતમાં માત્ર આળા થયેલા, નિરાશ થયેલા, એકલતા અનુભવતા, વ્યથિત એવા મનની વાત છે. એ મન શા કારણે વ્યથિત થયું છે એના કોઈ સંકેત ગીતમાં ક્યાંય મળતા નથી, છતાં, મનને મનાવવા માટેના જે પ્રયત્નો છે તેમાં પક્ષી-પ્રકૃતિ જગતમાં મનને દોરી જવા, 'જગમંડપ કૈંક રસાળા'માં મનને 'રસ'માં લીન થવાનું પણ કહે છે. તેમ છતાં, મન છે તે ઉદાસીમાંથી મુક્ત થઈ ઉલ્લસિત થતું નથી, એ ભાવને ગીતના લયમાં કાવ્યસદશ કર્યો છે.

આ ગીતો ઉપરાંત, કવિ ઉમાશંકર જોશીએ 'ગાણું અધૂરું', 'ગામને કૂવે', 'થોડો એક તડકો', 'શ્રાવણ હો!', 'પંચમી આવી વસંતની', 'બારણે બારણે બુદ્ધ', 'મ્હોર્યા માંડવા', 'તેં શું કર્યું ?', 'ભારત', 'મેં તાજ જોયો', 'સાબરનો ગોઠિયો' અને બીજાં કેટલાંક લયાત્મક ગીતો આપ્યાં છે.

### 3.5 ઉમાશંકર જોશીની ગીતકવિ તરીકેની લાક્ષણિકતાઓ

કવિ ઉમાશંકર જોશીનાં ગીતમાં વિષયવૈવિધ્ય, વિષયનિરૂપણનું વૈવિધ્ય, ગીતના સ્વરૂપનું વૈવિધ્ય, ગીતના શબ્દો અને પદાવલિઓમાં વૈવિધ્યની લાક્ષણિકતાઓ ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત, તેમની ગીતરચનાઓ સુગમ સંગીતમાં ગવાઈ છે, તે તેની ગેયતાની લાક્ષણિકતાને પ્રગટ કરે છે.

ઉમાશંકર જોશીનાં ગીતોમાં પ્રકૃતિ અને પ્રભુ એ મુખ્ય વિષય તરીકે જોવા મળે છે. તેમણે પ્રકૃતિનાં ગીતોમાં ઋતુવર્ણન, પક્ષીજગતને કેન્દ્રમાં રાખ્યાં છે, એમાંય, પ્રકૃતિના આ સ્થૂળ પદાર્થોને જીવંત કલ્પીને તેની સાથે પરકીય સંવાદ સાધવાના પ્રયત્નમાં કવિની સ્વકીય મુદ્રા ઉજાગર થાય છે. ઋતુ ઉપરાંત મહિનાનાં પણ અનેક ગીતો ઉમાશંકર જોશી પાસેથી મળે છે, જેમાં જે-તે મહિનામાં ઋતુગત માનવીય માનસિક અસરોનું નિરૂપણ આ ગીતોને આસ્વાદ્ય બનાવે છે. પ્રભુભક્તિનાં ગીતોની લાક્ષણિકતા એ છે કે, એમનાં એ ગીતો ભજનના ઢાળના હોવા છતાં ભજન નથી બની ગયાં, તેમાં સાહિત્યિક ગુણવત્તા જળવાઈ રહે છે. ઉમાશંકર જોશીએ પ્રદેશ અને દેશને કેન્દ્રમાં રાખીને પણ કેટલાંક ગીતોની રચના કરી છે, જેમાં ભવ્યોજ્જ્વલ ઐતિહાસિક, સામાજિક, ભૌગોલિક, ધાર્મિક ગાથાઓને રજૂ કરીને ગાંધીપ્રેરિત 'વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી'ના ભાવને ગૂંથી આપ્યો છે. તો, નૈરાશ્ય કે એકલતાના ભાવ પણ એમનાં ગીતોને વિશિષ્ટ બનાવે છે.

ઉમાશંકરનાં ગીતોમાં હાલના ધ્રુવપંક્તિ અને અંતરો એ સ્વરૂપનાં ગીતો સિવાયના બીજા બે પ્રકારનાં ગીતસ્વરૂપ જેવા મળે છે. જેમાં ગીતની પહેલી પંક્તિ ધ્રુવપંક્તિ તરીકે દર ત્રીજી પંક્તિ તરીકે આવે છે એટલે કે બે પંક્તિના અંતરાના અંતે ત્રીજી પંક્તિ ધ્રુવપંક્તિ તરીકે આવર્તિત થતી રહે છે, એ સ્વરૂપ વધુ જોવા મળે છે. આ સ્વરૂપમાં કવિની પ્રાસયોજના ચિત્તાકર્ષક છે. તેમણે 'ચાલને, ચાંદની રાતમાં ચાલીએ' જેવી આંતરસાંકળીના પ્રયોગ દ્વારા પણ કવિત્વશક્તિનાં દર્શન કરાવ્યાં છે, જે એમની ગીતકાર તરીકેની લાક્ષણિકતા ગણાવી શકાય. આ ઉપરાંત, ભક્તિગીત સ્વરૂપમાં ગીતનો ઢાળ સચવાઈ રહે એ કાળજી રાખીને કવિએ ભક્તિપદારથને ગીતમાં વણી લીધો છે. ભક્તિગીતના આ સ્વરૂપમાં તેમણે ગીતની પરંપરિત બાહ્ય લાક્ષણિકતાને જાળવી રાખીને મધ્યકાળ સાથે અથવા સંપ્રદાય-પરંપરા સાથે અનુસંધાન જોડી આપ્યું છે, એ એમની કાવ્યવિશેષતા ગણી શકાય.

ઉમાશંકર જોશી ગાંધીયુગના સર્જક છે અને ગાંધીવિચારને આત્મસાત્ કરેલો છે. સાહિત્યમાં દેશપ્રેમ ઉપરાંત પીડિતભાવને આલેખવા ઉપરાંત તેમણે ભાષાના સ્તરે પણ લોકને ધ્યાનમાં રાખીને લોકગીત સ્વરૂપનાં ગીતો પણ આપ્યાં છે, જેમાં, ગીતની પંક્તિના પહેલા ચરણના અંતે પ્રાસ મળતો હોય અને દરેક કડીનું બીજું ચરણ સમાન હોય. લોકગીતમાં પહેલું ચરણ કોઈ એક વ્યક્તિ ગાતું હોય છે અને બીજું ચરણ સમૂહમાં ગવાતું, ઝિલાતું હોય છે.

કવિનાં આવાં ગીતોનો સઘન અભ્યાસ કરવાથી એમનો ઈશાનિયો પ્રદેશ વિશેષ પણ તેમનાં ગીતોમાં આંગળી ચીંધીને બતાવી શકાય, તેવી વિશિષ્ટ રીતિનાં એ ગીતો છે.

ગીતની શબ્દાવલિમાં પણ કવિએ લોકભોગ્ય ઉપરાંત પ્રચલિત શબ્દોનો પ્રયોગ પ્રમાણમાં વધુ કર્યો છે, તો કેટલાંય ગીતોમાં સંસ્કૃત તત્સમ પદાવલીનો પ્રયોગ પણ કવિના સિદ્ધહસ્તપણાનો નિર્દેશ કરે છે. ગાંધીયુગના કવિઓમાં 'મારે' શબ્દનો વિશિષ્ટ રીતે પ્રયોગ જોવા મળે છે, તે રાજસ્થાની છાંટનો પ્રયોગ ઉમાશંકર જોશીએ પણ પોતાનાં બેથી વધુ ગીતોમાં 'મોરે' 'મોરા' રૂપે પ્રયોગ કર્યો છે. તદુપરાંત, તેમણે અલંકારોનો સ-બળ ઉપયોગ કરીને ગીતને વધુ આસ્વાદ્ય બનાવ્યાં છે. તેમના અલંકારોમાં રૂપકનું ખાસ પ્રયોજન જોવા મળે છે, તો સજીવારોપણ અલંકારનો પ્રયોગ કવિનાં ગીતોને દશ્યાત્મક બનાવે છે. ઉમાશંકરનાં ગીતોમાંની શબ્દપસંદગી અને એના પ્રવાહીપણાને કારણે તથા તેમની પ્રાસયોજનાને કારણે આ ગીતો લયાત્મક બની રહ્યાં છે.

### 3.6 વિવેચનાત્મક અભિપ્રાયો

'આ કવિએ શબ્દધર્મ તો નિભાવ્યો જ છે, સાથે માનવમૂલ્યોના સમકાલીન સંઘર્ષોના કેન્દ્ર તરફ ડગ ભરીને માનવધર્મ પણ ઉજાળ્યો છે.' - યોગેશ જોશી

'ઉમાશંકરે કવિતાના અંતસ્તત્ત્વને પોષક કેટલા વૈવિધ્યપૂર્ણ લયસંકુલો યોજ્યા છે તે સ્વતંત્ર અભ્યાસનો વિષય બને. 'લય' એ કવિની શિરાઓમાં વહેતી લોહીની વસ્તુ છે.' (નવીન કવિતા વિશે વ્યાખ્યાનો, બ.ક. ઠાકોર)

'ઉમાશંકરનું વ્યક્તિત્વ સમકાલીન સાહિત્યકારોમાં અનેક રીતે નોખું તરી આવે છે. તેમનું સંવેદન વિશ્વ માનવી બનેલ સાચા કવિનું છે... તેમની વાણીમાં મંત્રદ્રષ્ટા ઋષિનું તેજ ચમકે છે. તેમને શબ્દ પર અટળ શ્રદ્ધા છે. તેમની ભાવયિત્રી પ્રતિભા ગુજરાતી કવિતાના નવા વળાંકોને ઓળખી બતાવે છે તેમ તેમની સર્જક પ્રતિભા સંવેદનાના પ્રત્યેક વળાંકની શબ્દ દ્વારા સ્પષ્ટ અભિજ્ઞા કરાવી આપે છે.' (અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો, રા.વિ. પાઠક, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ધીરુભાઈ ઠાકર)

'ઉમાશંકર જોશીના કવિતા સર્જનમાં ગીત-પાસું સમૃદ્ધ અને તેથી મહત્ત્વનું છે. એમના કવિતાપુંજમાં કુલ 649 રચનાઓમાંથી વિવાદિત રીતે 177 રચનાઓ તો ગીત-સ્વરૂપની છે જ. ઉમાશંકરે જે ગીતો આપ્યાં છે તે એમનો ગીતપરંપરા સાથેનો ગાઢ સંબંધ તો બતાવે છે જ, ઉપરાંત સહજ રીતે ગેયોર્મિનું સ્વરૂપ ધારણ કરી શકે એવી એમના સંવેદનની રસાત્મકતા પણ બતાવે છે.' (સર્જક પ્રતિભા શ્રેણી, ઉમાશંકર જોશી, લે. ચંદ્રકાન્ત શેઠ)

### 3.7 પ્રશિષ્ટ ગીતરચના આસ્વાદ

#### 3.7.1 ભૂમિકા

કવિ ઉમાશંકર જોશીના વિશાળ કાવ્યરાશિમાંથી અહીં ઉદાહરણરૂપે બે ગીતરચનાનો આસ્વાદ રજૂ કર્યો છે, જે તેમની કવિપ્રતિભાને સમજવામાં ઉપયોગી થઈ શકશે. નીચે આપેલી રચનાઓને ધ્યાનથી એકાધિક વખત વાંચો. ગીતના સ્વરૂપ-લક્ષણોના આધારે તેનો અભ્યાસ કરો. કાવ્યના ભાવ-સંવેદનને અને એના ભાવાર્થને મનોમન ગ્રહણ કરો. ગીતમાં રહેલા લયને આત્મસાત્ કરો અને લયમાં પાઠ કરવાનો પ્રયાસ કરો. ત્યાર બાદ અહીં પ્રસ્તુત આસ્વાદ-લેખને વાંચો અને આસ્વાદ-લેખનની પદ્ધતિનો અભ્યાસ કરો.

#### 3.7.2 કૃતિ : ભોમિયા વિના

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,<br>
જંગલની કુંજકુંજ જોવી હતી;<br>
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,<br>
રોતા ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે

હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો,
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
અકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

**3.7.3 કૃતિ સારાંશ - કૃતિનો આસ્વાદ**

ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે યંત્ર સંસ્કૃતિનો જન્મ થતાં, ભારતમાં પણ ગામડાં ભાંગ્યાં અને શહેરો વિકસ્યાં. ગામની કુદરતી સંપદા અને સમયની મુક્તતા અહીં શહેરી જીવનમાં દુર્લભ થયાં, પરિણામે ગરીબી, ગંદકી અને રોજગારીના ચક્કરમાં ફસાયેલો ગ્રામજન માંદગીના બિછાને પણ પડ્યો. ગામ છૂટ્યું તેથી પ્રકૃતિ સાથેનો તેમ સંસ્કૃતિ સાથેનો વિચ્છેદ થયો. આ ગીતમાં કવિએ આવા વતન વિચ્છેદના ભાવસંવેદનને તાકીને ગીત રચ્યું છે, જેમાં વતનથી દૂર થયેલા વ્યક્તિની પ્રકૃતિ સાથે જીવંત થવાની ઇચ્છાની પ્રબળતા આલેખાઈ છે.

'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા' પંક્તિઓમાં આ ભાવ સહજતાથી આલેખાયો છે. કોઈની સહાય વિના એકલપંડ અલગારી રખડપટ્ટી કરવાની કવિએ ઇચ્છા પ્રગટ કરી છે જે ગીતના એ પછીના અંતરાઓમાં વિસ્તાર પામીને એકલા ફરવાના અને પ્રકૃતિના વિચ્છેદથી અનુભવાતી પીડાના ભાવને સ-ઘન કરે છે. કવિ માત્ર ડુંગર, કોતર, કંદરા સાથે જ અનુસંધાન સાધવા નથી ઇચ્છતા, તેઓ સરોવર અને એમાં તરતા હંસ અને કોયલ સાથે જોડાવા માગે છે, જે શહેરની ભીડમાં એમને ક્યાંય મળતાં નથી. એકલા પડી ગયાની, એકાકી હોવાની આ સભાનતા ગીતના પછીના અંતરામાં ઘેરા નાદે ગુંજે છે જે આકાશ સુધી પહોંચે છે...

'એકલો આકાશ તળે ઊભીને એકલો પડઘા ઉરબોલના ઝીલવા ગયો'માં શહેરમાં બધાં અજાણ્યાં વચ્ચે એકલા પડી ગયાનો ભાવ પડઘાય છે. કવિ સાદ પાડે છે, હૃદયના ઊંડાણથી બોલે છે, પણ એ અવાજ સાંભળનાર કોઈ પોતીકું નથી તેથી એકલા અટૂલા ઝંખવાવાના કારણે ઝાંખા પડે છે. અને છેલ્લા અંતરામાં, કવિને એકલતા એટલી સાલે છે કે, તેઓ અંતરથી રોઈ પડે છે, મનનાં આંસુને લૂછનાર કોઈ નથી, તેથી જાતે જ લૂછવાની - જાતને જ આશ્વાસન આપવાની હામી ભરે છે.

આ ગીત સ્વરૂપની રીતે જુદું પડતું ગીત છે. ગીતમાં ધ્રુવપંક્તિ નથી, માત્ર અંતરા છે. તેથી, ગીતની પ્રથમ કડી-પંક્તિને જ ધ્રુવપંક્તિરૂપે લઈને દરેક અંતરાના અંતે એનું એક આવર્તન લેવું પડે છે. દરેક અંતરાની દરેક પંક્તિ એના લય-માપમાં બંધબેસતી છે, તેથી તેનો લય તૂટતો નથી બલ્કે, ઘૂંટાતો રવ સંભળાય છે.

ગીતમાં પ્રયોજેલી શબ્દાવલિઓમાં માન્ય ગુજરાતી સાથે બોલીના શબ્દો અને સંસ્કૃત તત્સમ-તદ્ભવ પદનો પ્રયોગ એમ મિશ્ર ભાષાનો પ્રયોગ જોવા મળે છે.

### 3.7.4 કૃતિ

બારણે બારણે બુદ્ધ
ધોમ ધખે, ધરણી હાંફે, માડીનાં સુકાય દૂધ,
અંતરના ઉકળાટ વધે, ને ગરજી ઊઠે જુદ્ધ,
ઓ રે! ગરજે કાળાં જુદ્ધ,
અમીકૂપી લઈ ઘૂમી વળો ત્યારે હૃદયવીર! પ્રબુદ્ધ.

અંધારઘેરી અરધી રાતે બુઝાય દીવા વીર!
દશ દિશાથી ફૂંકાય ઘેરા મોતના શીત સમીર,
ઓ રે! કાળના શીત સમીર,
ઉરે ઉરે ત્યારે દીપ પેટાવો ચેતનાના સ્નેહવીર!

માનવતા ઉર ત્રાસી રહી રણ-આંગણ-શોણિત-ક્ષુબ્ધ
વીર, ઊઠી આજ લડી લો ત્યારે જુદ્ધની સામે જુદ્ધ
ઓ રે! જુદ્ધની સામે જુદ્ધ,
ઘરેઘરે વીર ગાંધી જગાવો, બારણે બારણે બુદ્ધ!

### 3.7.5 કૃતિ સારાંશ - કૃતિનો આસ્વાદ

દ્વિતીય વિશ્વયુદ્ધની વિનાશક લીલાઓથી ક્ષત-વિક્ષત-ત્રસ્ત માનવ જનસમુદાયને બોધરૂપ આ ગીતરચના કવિ ઉમાશંકરની ઉત્તમ રચનાઓમાંની એક છે, જેમાં વિશ્વશાંતિ અને સદ્‌ભાવનાં ગાંધી મૂલ્યો અને બુદ્ધની કરુણા બંનેનો સમુચિત કાવ્ય સમન્વય સધાયો છે. કવિ ઉમાશંકર સંવેદનશીલ વ્યક્તિતાના ધારક છે એ એમના પહેલા કાવ્યસંગ્રહ 'વિશ્વશાંતિ'થી આપણને સમજાય છે. 'છિન્નભિન્ન છું' કહેનાર આ કવિ પાસે બુદ્ધ કે ગાંધીનું શરણ લીધા સિવાય માર્ગ નથી એ આ ગીતમાં ઝિલાયું છે.

કવિ કહે છે, સર્વત્ર યુદ્ધનાં મંડાણ થયાં છે, એમાં હોમાઈ ગયેલાં સંતાનોની પીડાથી માતાનાં ધાવણ સુકાયાં છે, પ્રત્યેક માનવ યુદ્ધના કારણે ધ્રુજતી ધરતીને કારણે ડર-બીક-ભય અનુભવે છે, ત્યારે, અમીકૂપ... કહેતાં પ્રેમનો અમીકૂપ લઈને ફરી વળવાની ચાહ રાખે છે. કવિ આવા અમીકૂપ ધારકને પ્રબુદ્ધ તરીકે આળખાવે છે. ચોતરફ મોતના પડછાયા ફરતા હોય તેવા સમયે સ્નેહની સરવાણી સાથે આ પ્રબુદ્ધે ફરતા રહેવાની હાકલ કરે છે. અને આવા યુદ્ધકાળે માનવતા જ્યારે કંપી ઊઠી છે, ત્રાસી ગઈ છે ત્યારે સામું પ્રેમનું યુદ્ધ કરવાની ઝંખના સેવે છે. અહીં સુંદરમ્‌-ની કાવ્યપંક્તિને ટાંકવી જોઈએ - 'લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી'.

અને એ માટે કવિ કહે છે, 'ઘરેઘરે વીર ગાંધી જગાવો, બારણે બારણે બુદ્ધ'. ગાંધીજીના સર્વધર્મ સમભાવ અને બુદ્ધની કરુણાનાં બે હથિયારથી યુદ્ધ જેવી વિભીષિકાનો સામનો કરવા પ્રત્યેક ઘરમાં એનું પ્રસરણ કરવાની કવિની ઇચ્છા આ ગીતમાં પ્રગટી છે.

ગીતમાં ધ્રુવપંક્તિ નથી પણ અંતરાને અંતે આવતી 'ઓ રે!' શબ્દ ધ્રુવપંક્તિની ગરજ સારે છે. ચુસ્ત અંત્યાનુપ્રાસ ધરાવતી આ રચનામાં તદ્‌ભવ-તત્સમ શબ્દોનો વિનિયોગ થયો છે.

### 3.8 સ્વાધ્યાય - વિશેષ વાચન-લેખન

નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો.

(1) ઉમાશંકર જોશીનાં ગીતોમાં વિષયવૈવિધ્ય વિશે નોંધ લખો.

(2) ઉમાશંકર જોશીની ગીતકવિ તરીકે ધ્યાન ખેંચતી લાક્ષણિકતાઓ દર્શાવો.

(3) નીચે આપેલા ગીતનો આસ્વાદ કરાવો.
કોઈ જોડે કોઈ તોડે

કોઈ જોડે કોઈ તોડે
પ્રીતડી કોઈ જોડે કોઈ તોડે

કોઈ ગુમાને ઉરઅરમાને અમથું મુખડું મોડે,
કો આંખને અધઅણસારે ઊલટથી સામું દોડે.
પ્રીતડી...

કો એક ગભરુ પ્રણયભીરું ખસી ચાલે થોડે થોડે,
કોઈ ઉમંગી રસરંગી ધસી આવે કોડે કોડે.
પ્રીતડી...

કોઈ અભાગી અધરે લાગી હૃદય કટોરી ફોડે,
કો રસિયા હૈયા ખાતર થઈ મૂકે જીવતર હોડે.
પ્રીતડી... કોઈ જોડે કોઈ તોડે
પ્રીતડી કોઈ જોડે કોઈ તોડે...

**3.9 વિશેષ વાચન**

- ઉમાશંકર જોશી સાથે ગાંધીયુગના અન્ય જાણીતા કવિઓ સુન્દરમ્, સ્નેહરશ્મિ, કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રહ્લાદ પારેખ, વગેરે કવિઓનાં ગીતો મેળવીને વાંચો અને તેનાં ભાવસંવેદનો માણવાનો પ્રયત્ન કરો.

- આધુનિકયુગના જાણીતા કવિઓ રમેશ પારેખ, અનિલ જોશી, વિનોદ જોશી, માધવ રામાનુજ વગેરે કવિઓનાં ગીતો મેળવીને વાંચો અને તેમાં ગાંધીયુગનાં ગીતો કરતાં જુદાં પડતાં લક્ષણો તપાસો.

**3.10 મહત્ત્વનાં પુસ્તકો**

(1) 'સમગ્ર કવિતા', ઉમાશંકર જોશી
(2) 'ઉમાશંકરનાં શ્રેષ્ઠ કાવ્યો',- સંપા.નિરંજન ભગત, ચિમનલાલ ત્રિવેદી, ભોળાભાઈ પટેલ
(3) 'અમર ગીતો', સંપા.ચંદ્રકાન્ત શેઠ
(4) 'ઉમાશંકર જોશી - કાવ્યાસ્વાદ વિશેષાંક', 'પરબ',-જાન્યુ-ફેબ્રુ 2011
(5) 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ',-ધીરુભાઈ ઠાકર
(6) 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથ 5,-સંપા. રમેશ ર.દવે

---

**લેખન :** પ્રો.ડૉ.જિતેન્દ્ર મેકવાન (આસી.પ્રોફેસર)
મહેમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ

---

એકમ 4

# ઉમાશંકર જોશીનાં પદ્યનાટકોનો અભ્યાસ-I


રૂપરેખા

4.1 ઉદ્દેશો

4.2 પ્રસ્તાવના

4.3 ઉમાશંકર જોશીના કાવ્યસંગ્રહ 'પ્રાચીના'નાં પદ્યનાટકો

4.3.1 પદ્યનાટકનું સ્વરૂપ

4.3.2 'પ્રાચીના'નાં પદ્યનાટકોનો વસ્તુલક્ષી પરિચય

4.3.3 ઉમાશંકરની પદ્યનાટ્યકાર તરીકેની સિદ્ધિઓ

4.3.3.1 વિવેચનાત્મક અભિપ્રાયો

4.4 પ્રશિષ્ટ પદ્યનાટકોનો આસ્વાદ

4.5 વિશેષ અધ્યયન

4.6 સંદર્ભ-ગ્રંથો


4.1 ઉદ્દેશો

આ એકમથી

- પદ્યનાટક એટલે શું, તેનાં લક્ષણો કયાં તેની જાણકારી પ્રાપ્ત થઈ શકશે.
- નાટક-એકાંકી અને પદ્યનાટક વચ્ચેનો ભેદ સ્પષ્ટ થઈ શકશે.
- પદ્યનાટક માટેના વિષયવસ્તુ વિશે વ્યાપક સમજ કેળવી શકાશે.
- પદ્યનાટકમાં સંવાદ માટે જરૂરી છંદ અને લય વિશે માહિતી પ્રાપ્ત કરી શકાશે.
- છંદોબદ્ધ કવિતા અને પદ્યનાટક વચ્ચેનો સર્જનાત્મક ભેદ સ્પષ્ટ થશે.
- ગુજરાતી ભાષામાં લખાયેલાં પદ્યનાટકો, રૂપકો, રેડિયો નાટકો અને નૃત્યનાટિકા વિશે અભ્યાસ કરવાની જિજ્ઞાસા વધશે.
- પદ્યનાટ્યકાર તરીકે કવિ ઉમાશંકર જોશીની સિદ્ધિઓ અને મર્યાદાઓનો અભ્યાસ કરી શકાશે.

**4.2 પ્રસ્તાવના**

ગુજરાતી સાહિત્યનાં અનેક સ્વરૂપો પર પાશ્ચાત્ય સાહિત્ય સ્વરૂપોનો પ્રભાવ પડ્યો છે. નવલકથા, નવલિકા, એકાંકી, ઊર્મિકાવ્ય, સોનેટ, વગેરે જેવાં સ્વરૂપો તો પશ્ચિમની અસર હેઠળ જ ગુજરાતીમાં આવિષ્કાર પામ્યાં છે. ભારતીય નાટ્યકલાની અસરની જેમ પાશ્ચાત્ય નાટ્યકલાની અસરો પણ ગુજરાતી નાટકોએ ઝીલી છે. પશ્ચિમના સાહિત્યના અભ્યાસના કારણે ગુજરાતી સાહિત્યના દરેક યુગમાં કોઈ એક-બે સાહિત્યસ્વરૂપો આવિષ્કાર પામ્યાં, તેમાં, ગાંધીયુગમાં ઉમાશંકર જોશીની કવિત્વશક્તિ દ્વારા પદ્યનાટકનો આવિષ્કાર થયો.

ભારતીય પરંપરામાં ગદ્યનો વિકાસ થયા પૂર્વે પદ્યમાં જ નાટકો હોવાં જોઈએ. સંસ્કૃત નાટ્યપરંપરામાં કાલિદાસ-ભાસ આદિ મહાકવિઓએ અને ભારતીય મહાગ્રંથો રામાયણ-મહાભારત ઇત્યાદિમાં સંવાદમાં પદ્યનો સુભગ સમન્વય કરવામાં આવ્યો છે. ભારતીય નાટ્યપરંપરાનાં ગુજરાતી ગદ્ય નાટકોમાં પણ કવિતાતત્ત્વનું માહાત્મ્ય જોવા મળે છે, જેમાં નાયિકાનું વર્ણન કે શ્રુંગારનું આલેખન કાવ્યબાનીમાં રજૂ થતું રહ્યું છે. નાટકમાં રંગલાનું પાત્ર આવી કાવ્યોક્તિઓ બોલવા માટે જ ખાસ રચાયું હોય એવું કહી શકાય. લોકનાટ્ય ભવાઈના વેશોમાં પણ ગેયતત્ત્વનું પ્રમાણ વધુ રહ્યું છે. આમ, નાટક માટે કવિતા પ્રયોજવાનું વલણ પૌરાણિકકાલીન છે. તો, પશ્ચિમમાં શેક્સપિયર, મિલ્ટન જેવા કવિઓએ પદ્યનાટકોનો સફળ પ્રયોગ કર્યો છે. સંસ્કૃત - પાશ્ચાત્ય પરંપરાઓના વાંચનપ્રભાવથી ઉમાશંકર જોશીએ ઈ.સ. 1944માં આપેલા 'પ્રાચીના' સંગ્રહમાં 'કર્ણ-કૃષ્ણ', '19મા દિવસનું પ્રભાત', 'ગાંધારી', 'બાલ

રાહુલ', 'રતિમદન', 'આશંકા' અને 'કુબ્જા' એ સાત સંવાદકાવ્યો કે પદ્યનાટકો આપ્યાં, જેમાં ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો પ્રગટ થયાં છે.

### 4.3 ઉમાશંકર જોશીના કાવ્યસંગ્રહ 'પ્રાચીના'નાં પદ્યનાટકો

#### 4.3.1 પદ્યનાટકનું સ્વરૂપ

પદ્યનાટકમાં બે શબ્દનો સમુચ્ચય છે. પદ્ય અને નાટક; સામાસિકરૂપ; અર્થાત્, એવું નાટક જે પદ્યમાં છે. એટલે તેમાં નાટકની જે જે લાક્ષણિકતાઓ છે તે, ઘટના, સંઘર્ષ, પરાકાષ્ઠા અને રંગમંચીય ક્ષમતા હોવી અનિવાર્ય છે. પદ્યનાટકમાં ઘટનાની સાથે ઊર્મિતત્ત્વનું મિશ્રણ થતું હોય છે. આમ છતાં કવિતા એ આત્મલક્ષી ભાવોર્મિપ્રધાન સાહિત્યપ્રકાર છે, જ્યારે નાટ્ય પરલક્ષી પ્રકાર. કવિતામાં કવિની હાજરી સતત હોય છે, જ્યારે નાટ્યમાં લેખકની હાજરી ગૌણ બની જાય છે.

પદ્યનાટકમાં નાટકનાં અંગભૂત તત્ત્વો અને બાહ્ય લાક્ષણિકતાઓ કેટલા અંશે જોવા મળે છે, તે પણ તપાસવું જોઈએ. સંસ્કૃત નાટકના બાહ્ય સ્વરૂપમાં સૌ પહેલાં નાન્દીપાઠ (સ્તુતિ) આવે, પછી સૂત્રધારનો પ્રવેશ થાય, સૂત્રધાર પછી વિદૂષકનો પાત્રપ્રવેશ અને એ પછી તરત નાટ્યારંભ થતો હોય છે. નાટક ત્રણ ભાગ આદિ-મધ્ય-અંતમાં વહેંચાયેલું હોય છે. મધ્યભાગથી નાટકમાં સંઘર્ષનો પ્રારંભ થાય છે, ત્યારે નાટક ગત્યાત્મક હોય છે, અંત તરફ જતાં પરાકાષ્ઠા આવે અને છેલ્લે ભરતસૂત્ર. સંસ્કૃત નાટક અનેક અંકમાં વહેંચાયેલું હોય છે. દરેક અંક પાછા અનેક દૃશ્યમાં વહેંચાય છે. નાટકનાં આ બાહ્ય સ્વરૂપ લક્ષણોમાંનાં ઘણાં બધાં લક્ષણો પદ્યનાટકમાં નથી હોતાં. જેમ કે, નાન્દીપાઠ, સૂત્રધાર-વિદૂષક પ્રવેશ અને ભરતવાક્ય એ પદ્યનાટકનો ભાગ નથી બનતાં. પદ્યનાટક અંક વિભાજન કે દૃશ્ય વિભાજન જેવા ખંડો નથી ધરાવતું પણ કોઈ એકાદ દૃશ્યનું જ એમાં આલેખન થતું હોય છે. એક જ દૃશ્યના પદ્યનાટકમાં સંપૂર્ણ નાટકના આદિ-મધ્ય-સંઘર્ષ-પરાકાષ્ઠા-અંતનો સમાવેશ કરી લેવામાં આવે છે.

નાટકનું પહેલું અને મહત્ત્વનું લક્ષણ સંવાદ છે, એટલે પદ્યનાટકમાં પણ સંવાદ કેન્દ્રસ્થાને રહે છે. આ સંવાદો કાવ્યાત્મક હોવા જોઈએ એ એની પૂર્વશરત છે. જો સંવાદો પદ્યમાં ન હોય તો પદ્યનાટક ન કહી શકાય. સંવાદમાં પણ નાટકની જેમ એકોક્તિ જેવા લાંબા સંવાદોનો ઉપયોગ કવિએ ટાળવાનો હોય છે.

સંવાદ હમેશાં બે કે તેથી વધુ વ્યક્તિ વચ્ચે હોઈ શકે, તેથી, નાટકમાં જેમ પાત્રો હોય છે તેમ પદ્યનાટકમાં પણ પાત્રો હોય છે. વળી, આ પાત્રો નાટકનાં પાત્રની જેમ ઉદાત્ત હોવાં જોઈએ. ઉપલબ્ધ પદ્યનાટકોના આધારે એવું તારવી શકાયું છે કે, પદ્યનાટકમાં ઓછાં પાત્રોથી કવિ નાટ્યરૂપાંતર કરે છે. પદ્યનાટ્યમાં પાત્રસંખ્યા વધી જવાથી કવિકર્મ કસોટીની સરાણે ચડે છે અને તેમાં કવિનો સીધો પ્રવેશ થવાની શક્યતા વધી જાય છે. એટલે, પદ્યનાટકમાં પાત્રની સંખ્યા સીમિત હોય છે.

સંવાદ પદ્યમાં હોય તે પદ્યનાટકનું બીજું મહત્ત્વનું અનિવાર્ય લક્ષણ છે. પદ્યની બધી છટાઓ સમેત સંવાદની ભૂમિકા સુધી પહોંચે એ આ પદ્યનું આંતરિક લક્ષણ છે. તેથી, પદ્યનો કાવ્યાત્મક પદક્રમ જાળવીને સંવાદ થવો જોઈએ, તેમાં વાતચીતનો કાકુ ભળવો જોઈએ. તેથી કવિએ સંવાદની ભાષા પ્રયોજતી વખતે બોલચાલના શબ્દોનો વિનિયોગ કરવો પડે છે. સંસ્કૃત તત્સમ પદાવલિઓ કે સામાસિક શબ્દો કે પ્રયોગમાં ઓછા હોય તેવા શબ્દો કે અલંકારનું પ્રાચુર્ય નાટ્યસંવાદોમાં અવગમનમાં વિઘ્નરૂપ બને છે, અર્થબાધક બને છે, તેથી વસ્તુનો બોધ થતો નથી.

સંવાદો પદ્યમાં હોય તેથી તેમાં લયનું તત્ત્વ ઉમેરાય છે. ઉમાશંકર જોશીનાં પદ્યનાટકોના આધારે તારવી શકાયું છે કે, પદ્યનાટકને સંસ્કૃત વૃત્તો ઓછા માફક આવ્યા છે, તે કરતાં વનવેલી અને ગુલબંકી જેવા અ-ગેય છંદો વધુ ઉપકારક રહ્યા છે, તો ઉપજાતિનું બંધારણ પણ સંવાદરચના માટે વધુ ફળદાયક રહ્યું છે. આ ઉપરાંત માત્રમેળ છંદના લયનો પ્રયોગ પણ પદ્યનાટકોમાં સંવાદને કાવ્યાત્મક બનાવવામાં ઉપયોગી સાબિત થયો છે. આમ, પદ્યનાટક માટે છંદ કે છંદનો લય, ઢાળ અનિવાર્ય લક્ષણ ગણાયું છે.

નાટકનાં અન્ય લક્ષણોમાં અંક અને દશ્યો છે. નાટક એક-બે-ત્રણ કે વધુ અંકમાં અનેક દશ્યોમાં વહેંચાયેલું હોય છે અને તેથી તેની ભજવણીનો પટ દીર્ઘ હોય છે. પદ્યનાટકમાં આ લક્ષણની અનિવાર્યતા નથી. પદ્યનાટકમાં અંક-વિભાજન નથી હોતું તેથી, એકાંકી પણ નથી હોતું. સાથે જ, ઉપલબ્ધ પદ્યનાટકોમાં અનેક દશ્યયોજના જોવા મળતી નથી, તેથી તથા ઉમાશંકરે પોતે એક મુલાકાતમાં કહ્યું છે તેમ, તેમનાં પદ્યનાટકો એક દશ્યાત્મક છે, માટે, એકદશ્યાત્મકતાને પણ પદ્યનાટકનું એક લક્ષણ ગણી શકાય.

નાટકના કથાવસ્તુની જેમ પદ્યનાટકનું કથાવસ્તુ પણ એની લાક્ષણિકતા બની શકે છે. નાટકમાં ઘટના વૈવિધ્ય જોવા મળે છે. ગુજરાતી સાહિત્યમાં રચાયેલાં પદ્યનાટ્યસ્વરૂપોમાં આવું ઘટના-વિષયવૈવિધ્ય જોવા મળે છે, તેથી સામાજિક પદ્યનાટ્યરૂપો પણ છે, છતાં, ઉમાશંકર જોશીનાં પદ્યનાટકોના આધારે એમ કહી શકાય કે, પદ્યનાટકોનું કથાવસ્તુ પ્રાચીન-પૌરાણિક-બૌદ્ધકાલીન-ખ્યાત હોઈ શકે. આમ, પદ્યનાટકમાં મિથનો પ્રયોગ કરી શકાય.

### 4.3.2 'પ્રાચીના'નાં પદ્યનાટકોનો વસ્તુલક્ષી પરિચય

ઉમાશંકર જોશીના સંવાદકાવ્યો - દશ્યકાવ્યોનું વિષયવસ્તુ મહાભારત ('કર્ણ-કૃષ્ણ', '19મા દિવસનું પ્રભાત', 'ગાંધારી'), બૌદ્ધધર્મની જાતક કથાઓ — બુદ્ધના જીવન પર ('બાલ રાહુલ', 'આશંકા'), શ્રીમદ્‌ભાગવત (કુબ્જા), શિવમહાપુરાણ ('રતિ-મદન') પર આધારિત છે. પ્રાચીન-પરંપરાગત મૂલ્યોના દઢીકરણ માટે નહીં પણ માનવીય મૂલ્યોના સ્થાપન માટે કવિએ આ કથાઓનો ઉપયોગ કર્યો છે એમ કહી શકાય.

(1) 'કર્ણ-કૃષ્ણ'નું કથાવસ્તુ મહાભારતના ઉદ્યોગપર્વ પર આધારિત છે. હસ્તિનાપુર વિષ્ટિ કરવા આવેલા કૃષ્ણ જ્યારે પાછા ફરે છે ત્યારે રસ્તામાંથી કર્ણને પોતાના રથ પર બેસાડે છે અને કૃષ્ણનો કર્ણ સાથે સંવાદ થાય છે, એ સંવાદનું આ નાટ્યકાવ્ય. કૃષ્ણ કર્ણને પાંડવોના પક્ષે, ધર્મના પક્ષે જોડાવાની સલાહ આપે છે, પરંતુ કર્ણ ઉપકારનો બદલો અપકારથી વાળવા રાજી નથી થતો. આખરે કૃષ્ણ છેલ્લા ઉપાય તરીકે કર્ણને પાંડવ જ્યેષ્ઠ કુંતીપુત્ર હોવાની જાણ કરે છે. કર્ણ પોતાની દ્વિધા રજૂ કરે છે કે, 13 વર્ષ સુધી પોતે માતા કુંતીની નજીક રહ્યો છતાં માતાએ પુત્રપ્રેમથી વંચિત કેમ રાખ્યો? કર્ણ, દ્રૌપદી સ્વયંવરમાં થયેલા પોતાના અપમાનને યાદ કરાવીને રાજસિંહાસનના લોભને જતો કરીને પણ મૈત્રીસંબંધે કૌરવો સાથે જ રહેવા જણાવે છે. આમ, આ પદ્યનાટકમાં કર્ણની નિષ્ઠા અને મૈત્રીધર્મ અને દઢનિશ્ચયપણાનાં દર્શન થાય છે.

(2) '19મા દિવસનું પ્રભાત'નું કથાવસ્તુ પણ મહાભારતમાંથી સૌપ્તિકપર્વમાંથી લેવામાં આવ્યું છે. 18 દિવસના યુદ્ધ પછી 19મા દિવસનું પ્રભાત કેવું છે? તેનું આ સંવાદકાવ્ય છે. 18મા દિવસે દુર્યોધન હણાતાં મૃત્યુ પહેલાં તે અશ્વત્થામાને સેનાપતિ બનાવે છે. સેનાપતિ બનેલો અશ્વત્થામા એ રાત્રિને કાલરાત્રિ બનાવી દે છે. પાંડવોની શિબિરમાં ઘૂસી જઈને તે ધૃષ્ટદ્યુમ્નને અને સૂતેલા દ્રૌપદીપુત્રોની હત્યા કરે છે. આ પશ્ચાદ-ભૂથી અજાણ યુધિષ્ઠિર સવારે રથમાં બેસીને યુદ્ધશિબિરમાં આવે ત્યારે રસ્તામાં પડેલાં શબ જોઈ આઘાત અનુભવે અને સારથિ તેમને રાત્રિની ઘટના વર્ણવે. મૃત્યુતાંડવની આ ઘટના સાંભળ્યા પછીયે ધર્મરાજ તાટસ્થ્ય કેળવીને અશ્વત્થામાને શંકાનો લાભ આપે છે. તે દરમિયાન તેઓ દ્રૌપદીને બોલાવે છે. દ્રૌપદી આવીને અર્જુન-કૃષ્ણને તીખા-કારમા સવાલો પૂછે છે. ત્યાં ગાંધારીનો પ્રવેશ થાય છે. આગલી રાત્રે બંનેએ પોતપોતાના પુત્રો ગુમાવ્યા છે, તેથી કોણ કોને આશ્વાસન આપે એ પ્રશ્ન સાથે બંનેની મૂર્છા સાથે સંવાદકાવ્ય પૂરું થાય છે. કવિ ઉમાશંકર મૂળ કથાને વળગી રહ્યા છે.

(3) 'ગાંધારી'નું કથાવસ્તુ પણ મહાભારતમાંથી લેવાયું છે. ગાંધારીને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે. યુદ્ધ પૂરું થયા પછી ગાંધારી કુંતા સાથે યુદ્ધભૂમિ પર આવે છે ત્યારે કૃષ્ણનો ભેટો થાય છે. ગાંધારી અને કૃષ્ણ વચ્ચે જે સંવાદ થાય છે તે આ સંવાદકાવ્યનો વિષય બને છે. યુદ્ધભૂમિ પર પડેલાં છિન્ન વિચ્છિન્ન શબ, અંગો અને એ શબ વચ્ચે પતિ-પુત્રને શોધતી વધૂ-માતાઓ અને તેમનાં ક્રંદન-આક્રંદ-વલોપાત અને આંતરસંવાદો, એ બધાથી વધુ ખિન્ન થતાં ગાંધારી કૃષ્ણને પાંડવોના અધર્મોની રજૂઆત કરે છે. સામે કૃષ્ણ નિયતિની અને કૌરવોના

અધર્મની ઘટનાઓ વર્ણવી નીતિપૂર્ણ વાત સમજાવે છે. કૃષ્ણ પાંડવોનો બચાવપક્ષ રજૂ કરે છે. અંતે ગાંધારીને સત્યનું દર્શન લાધે છે.

(4) 'બાલ રાહુલ'નું વસ્તુ બુદ્ધના જીવન વિષયક પ્રસંગોમાંથી લેવામાં આવ્યું છે. બુદ્ધના મહાભિનિષ્ક્રમણ માટે એમનો પુત્ર રાહુલ પ્રમુખ કારણોમાંનું એક કારણ હતો, એ ઘટનાની આસપાસ બુદ્ધના શિષ્ય આનંદનો બુદ્ધ સાથેનો સંવાદ આ સંવાદકાવ્યમાં આલેખાયો છે. બોધિસત્ત્વની પ્રાપ્તિ પછી પણ બુદ્ધને પૂર્વાશ્રમ પ્રતિ મમત્વ છે, અને બુદ્ધ પુત્ર રાહુલને પિતાતુલ્ય માને છે, એવી પ્રતીતિ આનંદને સતત થયા કરે છે. તેથી, આનંદ બુદ્ધને પ્રશ્નો પૂછે છે અને બુદ્ધ તેના જવાબો આપે છે, એટલે આ કાવ્યના સંવાદો પ્રશ્નોત્તરી રૂપે છે. આ મૂળ કથાની સાથે બુદ્ધના પૂર્વજીવનની એક કથાને સાંકળીને કવિએ રાહુલ બુદ્ધના પિતા શા માટે છે, એ બુદ્ધમુખે જ ઉચ્ચરાવ્યું છે. કથાનો મુખ્ય સૂર ઉપાધિયોગમાંથી જ સમાધિયોગ પ્રાપ્ત થાય છે તે છે. સંસાર અનુકંપાયુક્ત છે અને વિશ્વકરુણા અને માંગલ્યભાવથી જીવન સાર્થક કરી શકાય તે આ સંવાદકાવ્યનું બીજું મુખ્ય કેન્દ્ર છે.

(5) 'રતિ મદન'નું કથાવસ્તુ શિવમહાપુરાણમાંથી લેવામાં આવ્યું છે. આ કથાવિકાસમાં મત્સ્યપુરાણ અને કાલિદાસના 'કુમારસંભવ'નો ફાળો પણ કેટલાક અભ્યાસુઓ જુએ છે. ભગવાન શિવના અર્ધનારીશ્વર રૂપનું માહાત્મ્ય અને સ્ત્રીપુરુષસંબંધ આ સંવાદકાવ્યનું કેન્દ્ર છે. રતિના વસંત સાથેના સંવાદમાં વિ-સંવાદ અને વિ-રતિનો ભાવ પ્રગટાવી કવિએ કાવ્યઉપાડ કર્યો છે. પ્રકૃતિનાં તત્ત્વો પણ આ વિ-સંવાદની ભૂમિકાએ જ સંવાદમાં આવે છે. ભગવાન શિવને ચલિત કરવાના સંકલ્પ કરેલા મદનને રતિ વારંવાર સમજાવે છે કે, શિવને ચલિત કરવા શક્ય નથી. રતિ ભય અનુભવે અને મદનને સાહસભીરુ બનવા કહે. મદન પણ દ્વિધા અનુભવે છે. શિવપાર્વતીનો યોગ સિદ્ધ કરવાની ઉત્કંઠામાં મદન પણ રતિ સાથે એકાકાર થવા ઉત્સુક બને છે. મદનમાં શિવ નિમિત્તે દેહમનના - આત્માના એકમને ઓગાળીને રતિ સાથે અદ્વૈત બનવાની સ્પૃહા જન્મે છે. છેલ્લે મદનને રતિ વિજયરૂપે અને રતિને મદન નવજીવનરૂપે મળવાની શ્રદ્ધા વ્યક્ત થઈ છે.

(6) 'આશંકા' બૌદ્ધ જાતકકથાના વસ્તુ પર આધારિત સંવાદકાવ્ય છે. જેમાં જાતકકથાના એક પ્રણયપ્રસંગને કેન્દ્રમાં રાખીને વાણીના વૈભવ અને વૈદગ્ધ્યથી રમણીય બનાવાયું છે. આ કાવ્યમાં રાજા બ્રહ્મદત્તના જીવન પ્રસંગનું આલેખન છે. બ્રહ્મદત્ત સતત ત્રણ વર્ષ મહેનત કરે છતાં 'આશંકા' નામ તેને સ્મરણે - હોઠે આવતું નથી, અનેક નામ તે સ્મરતો રહે જેમાં 'પદ્મિની'થી આરંભી બીજાં અનેક નામ હોય પણ 'આશંકા' સ્મૃતિરમણે ન ચડે. જેમાં બ્રહ્મદત્ત આશ્રમ છોડીને જતો રહે. તેની વિદાયસમયનું વર્ણન આ કાવ્યમાં આલેખાયું છે. માનવ જ્યારે સંશયસાગરમાં ઊંડો ઊતરી જાય ત્યારે જ તે શ્રદ્ધાસાગર તરફ આકર્ષિત થાય છે, તે ભાવ આ સંવાદકાવ્યનો મુખ્ય સૂર છે.

(7) 'કુબ્જા'નું વસ્તુ કવિએ શ્રીમદ્‌ભાગવદના દશમસ્કંધમાંથી લીધું છે. જેમાંના સ્થૂળ અંશોને લઈને ઉમાશંકર જોશીએ પાત્રોનો મનોવિકાસ સાધી માનસ સ્તરે સંવાદનું આલેખન કર્યું છે. મૂળ કથાને વળગી રહીને પાત્રોનાં મનોસંવેદનને વ્યક્ત કરવામાં કાવ્યસિદ્ધિ જણાય છે. કૃષ્ણને મારી નાખવાના હેતુથી કંસ એમને મથુરા બોલાવે ત્યારે નગરના રસ્તા પર મળેલી દાસી ત્રિવક્રાને માત્ર સ્પર્શથી જ કૃષ્ણ કામિની બનાવી દે છે, એ કુબ્જાનો મનોવિસ્તાર આ કાવ્યમાં છે. કૃષ્ણના ગયા પછી કુબ્જાના સખીઓ તરલા-સરલા સાથેના સંવાદોમાં ગેરહાજર એવા કૃષ્ણનું તાદૃશ વર્ણન થયું છે. કાવ્યાંતે, કૃષ્ણ કુબ્જાને મળે ત્યારે કુબ્જા થોડા વધુ દિવસ પોતાને ત્યાં રોકાવાની માગ કરે. તેના વિરોધે સખી તરલા એને સમજાવે છે કે તું આખરે કુબ્જા જ રહી, તે માગ્યું; વાંચ્છ્યું નહીં. તેના ઉત્તરરૂપે કુબ્જા પોતાની સરખામણી રાધા સાથે કરી સમજાવે છે કે રાધા તો મનોવિહારમાં રાચે છે, હું, અખંડ આંખે જાગીશ. વળી, પોતાના ત્રિવક્રને તે પ્રભુના ત્રિભંગની સમાંતરે રાખીને પોતાના હૃદયમાં પ્રભુનો કાયમી નિવાસ રહેશે તેવી આસ્થા પ્રગટ કરે છે. કાવ્યમાં કુબ્જા શબ્દનો અર્થવિસ્તાર ક્રિયા દ્વારા સિદ્ધ થયો છે. ત્રિવક્રી કુબ્જા જેનો અર્થ થાય કુંઠિત ચિત્તધારિણી, તેનો વિકાસ થઈ પ્રેમના સ્પર્શે તેના આત્માનું વિગલન થાય છે, તે આ રૂપકનો કેન્દ્રવર્તી સૂર છે.

#### 4.3.3 ઉમાશંકરની પદ્યનાટ્યકાર તરીકેની સિદ્ધિઓ

નાટકનું વસ્તુ ખ્યાત હોય તે વધુ ઉત્તમ, એ ઉક્તિ અનુસાર ઉમાશંકર જોશીએ પોતાનાં સંવાદકાવ્યોના વિષયની પસંદગી તેમણે પૌરાણિક કથાઓ, બૌદ્ધ કે પ્રાચીન કથાઓ, રામાયણ-મહાભારત આદિ ગ્રંથોમાંથી કરી છે. પસંદ કરેલા વિષયોને મિથ બનાવ્યા વગર મૂળ કથાને વફાદાર રહીને જ તેમણે નાટ્યકાવ્યો રચ્યાં તે તેમની નાટ્યકવિત્વશક્તિનું દ્યોતક છે. પરિણામે, એમનાં સંવાદકાવ્યોને ગંભીર અને ઉદાત્ત રીતિનાં ગણી શકાય. એમણે એ એ કથાવસ્તુનો મિથ તરીકે ઉપયોગ ન કર્યો તે એમની મર્યાદા પણ ગણી શકાય.

નાટકની જેમ પદ્યનાટક-સંવાદકાવ્યમાં પણ પાત્રોની અનિવાર્યતા હોય છે. કાવ્યનું ફલક નાનું હોવાથી તેમાં પાત્ર જેટલાં ઓછાં સર્જકને સંવાદની પરિપાટી રચવાની સરળતા એટલી વધુ મળે છે. ઉમાશંકરનાં સંવાદકાવ્યોમાં ઓછાં પાત્રો જોવા મળે છે, તે સિદ્ધકવિની લાક્ષણિકતા ગણી શકાય.

ઉમાશંકર ઊર્મિકાવ્યના કવિ તરીકે સિદ્ધિપ્રાપ્ત છે, તેમના છંદ પાકા હતા અને વિશાળ વાચનના કારણે અનેક ભાષા પર પ્રભુત્વ હતું. શબ્દની શક્તિઓના જાણતલ કવિ નાટક જેવા લોકભોગ્ય સાહિત્યસ્વરૂપ માટે ભાષાને બોલચાલના સ્તરે લઈ જવા અલંકારો પ્રયોજતા નથી તે તેમની સંવાદકાવ્યોના કવિ તરીકેની લાક્ષણિકતા ગણી શકાય. તો, પ્રાસયોજના અને પ્રાસાદિક શબ્દપસંદગી દૃશ્યકાવ્યોને વધુ આસ્વાદ્ય અને પ્રાણવાન બનાવે છે.

'પ્રાચીના'માં ઉમાશંકર જોશીએ સંસ્કૃત તત્સમ-તદભવ તેમજ દેશ્ય શબ્દોનો પ્રયોગ કર્યો છે, તો સાથે તેમણે સામાસિક રૂપો પણ પ્રયોજ્યાં છે.

સંવાદકાવ્ય માટે જરૂરી છંદ પ્રયોજનમાં ઉમાશંકર જોશી સંસ્કૃત છંદોનો ઉપયોગ કરે છે. તે માટે તેમણે મિશ્રોપજાતિ, ઉપેન્દ્રવજ્રા, શાલિની, વંશસ્થ, ઈન્દ્રવંશા, ઈન્દ્રવજ્રા (કર્ણ-કૃષ્ણ), ઉપજાતિ, વસંતતિલકા, મન્દાક્રાંતા(19મા દિવસનું પ્રભાત), મિશ્રોપજાતિ (ગાંધારી), મિશ્રોપજાતિ (બાલ રાહુલ), અનુષ્ટુપ (રતિ-મદન), અનુષ્ટુપ (કુબ્જા) અને ક્યાંક મુક્ત છંદની રીતિએ છંદની લયછટાઓનો ઉપયોગ કર્યો છે. બોલચાલના - નાટકના શબ્દો છંદની માત્રાઓમાં બંધબેસતા ન હોય તે સંજોગોમાં કવિએ છંદમાં આવી છૂટ લીધી છે, તો ક્યાંક તેમણે અર્ધછંદના પ્રયોગ પણ કર્યા છે, જે તેમની કવિ તરીકેની સિદ્ધિ તેમ જ મર્યાદા બંને ગણાવી શકાય.

##### 4.3.3.1 વિવેચનાત્મક અભિપ્રાયો

- "ઉમાશંકરકૃત 'પ્રાચીના'માં નાટકનો એક અંશ, સંવાદનો આશ્રય લેવાયો હોવાથી પદ્યનાટકનો આભાસ ઉત્પન્ન થાય છે. પણ સંવાદથી નાટક બનતું નથી. 'પ્રાચીના'માં વસ્તુનું વિભાવન નાટક રૂપે નથી થયું, કાવ્ય રૂપે જ થયું છે, ને કાવ્યને આવશ્યક હોય, તો સંવાદનો આશ્રય લઈ શકાય. આથી 'પ્રાચીના'માં કવિનો લાભ નાટકને મળ્યો અને પદ્યનાટક યોજાયું, એમ કદાચ કહી ન શકાય." ('કવિ અને રંગભૂમિ', 'કિંચિત', સુરેશ જોષી)

- "આત્મલક્ષી કથનકવિતાથી આરંભાયેલી એમની કાવ્યયાત્રાને એલિયટકથિત 'કવિતાનો ત્રીજો અવાજ' જેમાં ઊપસી રહે છે તેવી નાટ્યકવિતાને માર્ગે વાળી છે." (ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ગ્રંથ 5, સંપા. રમેશ ર. દવે)

- "'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન' બંનેમાં સંવાદનું સ્વરૂપ છે. એને લીધે નાટ્યાત્મકતાના લાભો લેવાની એમાં શક્યતા છે. ...મારા ચૌદે પ્રયોગો એકદૃશ્યાત્મક છે. એમાંથી કોઈ પણ પૂરતી હદે નાટ્યાત્મક હોય તો તે એકાંકી પદ્યનાટક બની શકે." (પ્રશ્નોત્તરી, 'કવિનો શબ્દ', સંપા. સુરેશ દલાલ)

#### 4.4 પ્રશિષ્ટ પદ્યનાટકનો આસ્વાદ

અહીં નીચે ઉમાશંકર જોશીના સંવાદકાવ્યનો આસ્વાદ પ્રસ્તુત કર્યો છે. એ વાંચતાં પહેલાં 'ગાંધારી' કાવ્યનું સઘન વાચન કરો. શક્ય હોય તો એનો પાઠ કરો અને એમાં વ્યક્ત ભાવને સમજવાનો પ્રયાસ કરો. ત્યાર બાદ કાવ્યની નીચે આપેલા આસ્વાદલેખનો અભ્યાસ કરો. પદ્યનાટક કે સંવાદકાવ્યની તમને જણાતી લાક્ષણિકતાઓની નોંધ કરો, જે તમને આવાં બીજાં કાવ્યોને સમજવામાં ઉપયોગી થશે.

### 4.4.1 કૃતિ

ગાંધારી

ગાંધારી : પ્રકાશ પેલો ક્ષિતિજે ઘૂમે શો
સંહારની આ રણભૂમિ વીંટતો!
અહો મને ધન્ય મળ્યું જ, કૃષ્ણ,
આ દિવ્યદર્શિત્વ અમોઘદર્શન.
કૃષ્ણ : એ સત્યના અસ્તની અંતિમ પ્રભા.
ગાંધારી : ના, ના, દ્યુતિ એ સ્મિતની પ્રભુના.
કૃષ્ણ : કે તે સતીની નવદૃષ્ટિની દયા?
ગાંધારી : કૌમારે જે ચક્ષુથી ના દીઠેલું,
કે દામ્પત્યે બદ્ધ નેત્રેય કલ્પ્યું,
અપૂર્વ એવું કંઈ જ્યોતિમંડલ
દિશાન્તરાલે લપકે સુમંગલ.
(અવાજો)
1 : હે નાથ! રે નિર્દય છેક શું થયા?!
2 : હે સ્વર્ગલોભી! મુજને ભૂલી ગયા?
3 : ઉતાવળા યૌવનઉંબરે શમ્યા!
4 : આયુષ્યને ફુલ્લ વસંતકાલ
સમીર ઉન્મૂલિત જેમ શાલ!
ગાંધારી : દર્શાવી યુદ્ધાંગણ પારની દ્યુતિ,
પ્રતારણા આ કરતી જ તો નથી
નવીન દૃષ્ટિ મુજ? - જે રણાંગણ
જુએ નહિ ક્રંદનમગ્ન સ્ત્રીગણ!
એ દિવ્ય ચક્ષુ થકી, કૃષ્ણ, સારાં
સાચાંખોટાં માનવીશ્રોત્ર મારાં.
કૃષ્ણ : જો આંખની ભૂલ સુધારી કર્ણે,
શોધાય કર્ણસ્ખલનોય લોચને.
ગાંધારી : આ શ્રોત્રનેત્રો ઉભયે કહે જે,
ના ઊતરે તે મનમાં સહેજે.
(અવાજો)
1 : કરે ધર્યો જે કર લગ્નવેળા,
તે દેહથી છિન્ન, સખી, મળે ના!
2 : અંગાંગ જેની વહું છું હું લીલા,
રે ગૃધ્રચંચૂમહીં હસ્ત તે હા!
3 : જા, જા, અરે આ ધડ સ્વામીનું જ
મારા, પ્રતાપી હું પિછાણું છું ભુજ,
રોમાંચ દે જે હજીયે મદંગ.
4 : જો એમનું આ શિર એહ સંગ
સોહે શું શૃંગે વડને મયંક!
ગાંધારી : રે કૃષ્ણ, આ કેમ જ જોયું જાય?
વધૂજનોની સ્થિતિ શે ખમાય?
પ્રાસાદઉદ્યાનપથે સુખોચિતા
જેની ગતિ પુષ્પકળીથી કુંચિતા,
કામ્ભોજનાં આસ્તરણે મહાર્ઘે
ચરંતી, તે શોણિતઆર્દ્ર માર્ગે

ચાલે શવાકીર્ણ રણે અનાથ!
શોધી શકે કો પતિનો ન હાથ,
કો શીર્ષ અસ્પષ્ટ શકે ન ઓળખી,
લડી મરે કો ધડ કાજ બે સખી.
કો નાથના દેહ પરેથી અંગના
શકે ઉડાડી નહિ જૂથ ગૃધ્રનાં.
ને કોઈ બેબાકળી અંગ ક્યાંય ના
એકેય શોધી પતિનું શકે હા!
આ પ્રૌઢ ને પ્રીતિમતી વધૂઓ,
આ યૌવને ઉલ્લસતી સ્નુષાઓ,
ને ઓ નવોઢા-ગણ શોકમૂઢ,
ઊભાં છુપાવી ઉર શલ્ય ગૂઢ.
આ હું કયાં પાપની પામી શિક્ષા,
ને દૃષ્ટિની ઉપરથીય ભિક્ષા!
તે દૃષ્ટિ આ, કૃષ્ણ, શું દેખવા જ
મળી ક્ષતે ક્ષાર સમાણી આજ?
કૃષ્ણ : દેનાર તો દે નયનો જ માત્ર
શું દેખવું તે કથવા ન પાત્ર.
(ભાનુમતિવિલાપ)
થૈ ગદાભિમુખ, નાથ હે સૂતેલા,
સંગિની વીસરી કે શું યુદ્ધઘેલા?
નિત્ય હું પરિઘબાહુમાં સમાતી,
અન્ય ત્યાં દયિત આજ રંગરાતી.
હું રહીશ અળગી, ન છોડશે એ,
સોડમાં સુભટ સાથ પોઢશે એ.
લૈ લીધો મદધિકાર, નાથ, તેથી?-
જેહને વ્યજન દેતી હું સુખેથી
તેહને વિહગપંખ દે નભેથી!
લક્ષ્મણપ્રણયરીત શી બતાવી
પુત્ર પાછળ, પિયુ, સ્વયં સિધાવી!
વીસર્યા જનક વૃદ્ધની દશા
શી
આપ સ્વર્ગ પળતાં? વિસારી દાસી?
ગાંધારી : રે કૃષ્ણ, હા! લક્ષ્મણમાત આ તો!
સુયોધનોચ્છેદ નથી ખમાતો!
(મૂર્છા પામે છે.)
કૃષ્ણ : મૂર્છા ખાશો કેટલી વાર વ્યગ્ર?
છે વીર દુર્યોધનવત્ સમગ્ર.
(ભાનુમતિવિલાપ)
દ્યૂતને દિન મળેલું દ્રૌપદીને
દાસ્ય, આજ મુજનેય યુદ્ધદ્યૂતે.
ધર્મ, તેંય અમને દીસે વિસાર્યાં!
ઊરુઘાત દઈ યુદ્ધનિષિદ્ધ! હાર્યાં!
ગાંધારી : હાર્યાં અમે, કૃષ્ણ, અધર્મ પાસે.
કૃષ્ણ : સતી, તમેયે?! જયપ્રાપ્તિઆશે

આવ્યો હતો આશિષ કાજ પુત્ર,
ત્યારે તમે જેહ કહ્યું'તું સૂત્ર-
'જ્યાં ધર્મ હો ત્યાં જય!' - એ સનાતન
ગયાં વિસારી મૃત જોઈને તન?
ગાંધારી : કહ્યું નથી મેં, યદુવીર, કે કદી
'ત્યાં ધર્મ, જ્યાં હો જય'; હું હતી વદી
સોલ્લાસ સદ્ધર્મની સ્થાપનામાં
શ્રદ્ધાવતી. આજ મળ્યાં જ સામાં
અધર્મકર્મો; અદકાં અકારાં
આત્મીયને હાથ થયાથી; સારા
ભૂમંડલે છે ઇતિહાસમાં સુણી
કથા રણે માનવરક્તપાનની?
ને રક્ત દુઃશાસનનું પીનાર જે
નથી અજાણ્યું યદુવીરથી રજે-
તે વ્યાઘ્ર ના, કે વૃક, વન્ય કો પશુ,
પ્રસુપ્ત નિઃસાવધની પરે ધસ્યું,
કિંતુ પ્રતિજ્ઞા થકી બદ્ધ ક્રૂર
યોદ્ધો પીએ શોણિત ઉષ્ણ શૂર,
મનુષ્યનું - ને વળી તેય બંધુનું.
આ 'ધર્મ'નો તે જય કેમ વાંછું હું?
કૃષ્ણ : અપત્ય-શોકે નવ દેખશો, સતી,
શું તે પ્રતિજ્ઞા તણું મૂળ? - કે હતી
રોળાઈ શી ક્ષત્રિય અંગનાની,
ભ્રાતા તણી પત્ની - રજસ્વલા-ની
ત્યાં કેશલક્ષ્મી સભરી સભા વિશે-
ને વસ્ત્રનું લુંચન! ના કશે મિશે
ભુલાય એવું જ કલંકકૃત્ય એ.
જંઘા બતાવી તવ, દેવી, પુત્રે;
ને 'યાજ્ઞસેની! વર અન્ય તું વર,
મરી ખૂટ્યા પાર્થ!' મહારથીવર
વદી રહ્યો એવુંક અંગરાજ.
ગાંધારી : તે દુઃસ્મૃતિનાં જલ ઉષ્ણ આજ
સીંચી શું ઠારો મુજ શોકતાપ?
જાણું છું અંધત્વ તણે પ્રતાપ
હું છૂટી જોવાથી લૂંટાતી લાજ
પાંચાલકન્યા તણી. અંગરાજ
પરંતુ ધર્મચ્યુતિમાંય, કૃષ્ણ,
પૂર્વાપમાનેથી હતો સતૃષ્ણ.
એને હતું કારણ.
કૃષ્ણ : હો તથાપિ
દે વીર તો કારણજાળ કાપી.
ગાંધારી : કુંતી, ચલો આગળ! વૃદ્ધ પેલી
જો કર્ણમાતા વિલપે અકેલી!
મુખાકૃતિ કૃષ્ણચતુર્દશીના
શશી સમી કર્ણની શી બની હા!

(રાધાવિલાપ)
જોઈ બાલમુખ લોલકુંડલ
દૂધધાર ઊભરી; હવે જલ
માયા ના નયન, આ સુઇંદ્રિય
દેહ નિષ્કવચકુંડલ, પ્રિય!
અલ્પ હું, જનનીકોડ કો પૂરે?
નીક પૌરુષની વ્હૈ જ ઊષરે.
તું વર્યો જ કૃતવિદ્ય શાપને,
કર્ણ, દીધ જગતે કશું તને?
ગાંધારી : શી સૂત તે પુત્ર પછાડી રુએ!
ક્ષત્રાણી કો, કુંતી, તું આવી જુએ?
કૃષ્ણ : કુંતી, જશો જો લથડી જ ઠેશે,
તો રાણી આલંબન કોનું લેશે?
(ગાંધારી મૂર્છા પામે છે.)
પડ્યાં જ ને મૂર્છિત પાદદેશે.
(રાધાવિલાપ)
પુત્ર, જો નથી હું માત કૃત્રિમા
સૂતજાતિ, પણ રાજપુત્રી, મા
કૌરવાધિપ તણી, પદે તવ
અર્પતી નૃવરયોગ્ય સંસ્તવ.
ચક્ર એક ધરીનાં સમાન બે
તું-સુયોધન હતા; ન તું છબે
રાજ્યને નૃપ જતાં, ભલે જ તો
બેય સાથ રથ ભગ્ન ભાંગતો!
સૂતના કુલ વિશે તું ઊછર્યો
-ડંખતું મુજ ઉરે- તને મળ્યો
તોય ના ઉચિત સૂત! કે હવે
ધર્મચક્ર થયું ગ્રસ્ત કૈતવે?
ગાંધારી : અધર્મયુદ્ધે જયલોભી અર્જુને!
રણે હણ્યો, કૃષ્ણ, અજેય કર્ણને!
યુદ્ધો લડે ક્ષત્રિય ભારતે હવે
નવીન! સૌ ક્યાં નથી જોયું માધવે?
કૃષ્ણ : જાણી હતી તે સરણી વિવેકે
સંપૂર્ણ કર્ણે મરણક્ષણે કે
સભા મહીંની ચ્યુતિ એક ધર્મની
તે વાગી હૈયે થઈ ચોટ મર્મની.
અધર્મચક્રે શત કૌરવો તે
આરા, હતો મધ્યની નાભિ પોતે.
ઝૂઝ્યો તમારો સુત સત્ત્વ એહને,
છે સ્થાન ક્યાં ધર્મઅધર્મવાદને?
ગાંધારી : અધર્મ હું જોઉં છું અંધ સ્વાર્થી-
એવું જુઓ છો? પણ પાર્થસારથિ,
જુઓ, જુઓ, કોમલ બાલિકાવધૂ
આક્રોશથી આભ વલોવતી બધું.
(ઉત્તરાવિલાપ)

પ્રાણ, હે પ્રણયવીર, પ્રીતમ,
મૌન આમ બનીને સૂતો ક્યમ?
પૂછતી નવવધૂ, સુહૃદ્વર!
ઉત્તરા પ્રતિ ન દૈશ ઉત્તર?
થાક મંગલ તણો ન ઊતર્યો
ત્યાં જ વલ્લભ તું ક્યાં જ સંચર્યો?
સાત માસ હજી તો છ ઉપર!
ઉત્તરા પ્રતિ ન દૈશ ઉત્તર?
સ્હેજમાં હસીહસી તું આવતો,
ગેલમાં મનશું ખૂબ ભાવતો;
બોલતો વણપૂછ્યે મીઠો વર.
ઉત્તરા પ્રતિ ન દૈશ ઉત્તર?
ગાંધારી : આ કેમ સ્હેવાય જ, વાસુદેવ?
નેત્રે નેત્રે નીતરે અશ્રુનેવ!
ના'વી તમોને શિશુઓનીયે દયા?
સૌભદ્રનીયે રહી ના ઉરે મયા?
શોચું ન દુઃશાસન કે સુયોધન,
શોચું છતાં તે અભિમન્યુ-કર્ણ,
તે તો નથીને મજુ પેટના તન?
કૃષ્ણ : સતી, કરો કાં પરિતાપ આકળાં?
ગાંધારીઃ સંતાપ આવા ન સુણાય વ્યાકુળા.
(અવાજ)
સૂક્ષ્મ ગૂઢ સહુ મર્મ સ્પર્શતો,
અંગઅંગ રસઓઘ વર્ષતો,
ઘેનની ઘૂમરીઓ સ્ફુરાવતો,
આ જ હસ્ત પિયુનો હતો-હતો!
ગાંધારી : આક્રંદ આ ભૂરિશ્રવાંગનાનું,
ને આત્મજા આ મુજ દુઃશલાનું
જયદ્રથ પ્રાણવિહીન માટ
રોણું એહો ભીષણ છાતીફાટ!
પ્રસુપ્ત આ વીર યુવા ઘટોત્કચ,
ને દ્રોણ આ શાન્ત, સુણી અસદ્ વચ!
ને ભારતે ભવ્ય તપંત સૂર્યશા!
ગાંગેય આ રાખ-વળ્યા સ્ફુલિંગશા!
કૃષ્ણ : લેશું હજી આશિષ એમની ઘણી,
વિદાય લૈ લો મૃત વીરસંઘની.
ગાંધારી : આ ભ્રાત મારો શકુનિ, પ્રપંચના
જેના બન્યા પાંડવ ભોગ; વંચના
મારા સુતોની કરવા હવે, શું
પૂંઠે ગયો એ પરલોક તે શું?
ટોચે ચખોને શકરો! મુરારિ!
ને કર્ણ-તેજોવધ સાધનારી
જિહ્વા જુઓ શલ્યની કાગ ખેંચે,
લૈ ઝૂંટી તે ગૃધ્રનું જૂથ વ્હેંચે.
(અવાજો)

1 : હા નાથ! સૂના અહીં હસ્તિનાપુરે,
તમે જતાં ક્ષત્રિયશ્રી કશી ઝૂરે!
2 : કોના જયાર્થે, પ્રિય હોમી કાય?
3 : ક્યાં છે અરે તે નૃપ ધર્મરાય?
ધર્મિષ્ઠા તે ગઈ ક્યાં તમારી,
કે આ થવી આમ દશા અમારી?
4 : પ્રજવાલીને ભારતગોત્ર-પિપ્પલ
ભસ્માસનારૂઢ થશે જ બે પલ!
ગાંધારી : સહસ્ર આ ખંડિતયુગ્મ સારસી
સમી સ્ત્રીઓ, સૌ પ્રિયમૃત્યુથી ડસી,
ઊંડી કશી નાખતી ચીસ કારમી,
ક્યારેય જાણે રહેશે ન એ શમી!
ને ડૂસકાં અર્ધદબ્યાં સ્ફુરે છે,
જાણે ધરિત્રી હીબકાં ભરે છે!
માતાવધૂપુત્રીની આવી
દશા ક્ષણેકે હૃદયે ન લાવી
રાજ્યાર્થી તે ધર્મરુચિ યુધિષ્ઠિરે!
પરંતુ - હા કૃષ્ણ! - પરંતુ જે ઉરે
ભૂતાનકંપા-ઝરણું ઝમ્યાં કરે
તેને - તમોને ગમી કેમ વાત આ?
થવા દીધો ભારતગોત્રઘાત હા!
ખાળ્યો ન આ ઘોર વિનાશ આવતો!
કૃષ્ણ : મને હતો તો નહિ એહ ભાવતો!
જાણો જ છો વિષ્ટિ થઈ જ નિષ્ફળ,
ટાળી ઘણી મેં હતી ઘોર આ પલ.
ગાંધારી : ટાળી ન પૂરી, વળી હાથમાં છતાં.
કૃષ્ણ : તમેય તો ક્યાં અધિકારી ના હતાં?
ગાંધારી : દીવો કદી પાલવ-ઓથ છૂપતો,
ઢંકાય ના ત્યાં ભડકો ભભૂકતો.
કૃષ્ણ : પ્રણાશ તો આ અનિવાર્ય શું હતો?
ગાંધારી : ના, વિષ્ટિને તે દિન પુત્ર મારા
સ-કર્ણ બાંધી લઈને પધાર્યા
જો હોત તો, કૃષ્ણ, નિવારવાનું
અશક્ય ન્હોતું! પણ ના જ માન્યું
મારું તમે!
કૃષ્ણ : કેમ શકાય માની?
પ્રણાલિકા તોડવી શે સભાની!
ગાંધારી : પ્રણાશ આ દારુણ ચક્ષુ સામે
તો શે શક્યા જોઈ? સુ-ધર્મ નામે?
કૃષ્ણ : સૌ કોઈ વાતો કરતું જ ધર્મની,
વિશુદ્ધિ દેખે નિજ માત્ર કર્મની!
હું માનતો - છે જન એક ભારતે,
જે કૃષ્ણને કૈં સમજી શકેય તે,
એ તો જરી ચિંતવશે સતી, ન વા,
સુભાગ્ય ન્હોતું દગ મીંચી રાખવા?

તમે હતાં ધન્ય, ન જોવું કાંઈ,
પતિવ્રતાપુણ્ય વધ્યે જ જાય.
જોવાનું મારે હતું છાતી સામે,
ને હાથનું ચક્ર ન લેવું કામે!
ગાંધારી : હા, બંધ નેત્રે કદીયે ન કૃષ્ણ,
નિહાળ્યું મેં દારુણ આ નિકંદન,
જોયું મળ્યે આજ સુદિવ્ય લોચન!
આ દેખવા દૃષ્ટિની પામી ભેટ-
જોવા ન-માંડ્યા-શું થયેલું પેટ?
તમે પરંતુ સહુ સ્પષ્ટ દેખતા,
છતાં રહ્યા ક્રંદન આ ઉવેખતા,
થવા દીધો ઉપર રહૈ જ ધ્વંસ,
તો નાશ પામો ત્યમ વૃષ્ણિવંશ,
જગે રહે યાદવનો ન અંશ!
અને તમેયે અણજાણ માનવી-
હાથે અજાણ્યા સમ આ જગાટવી
મહીં મહાનિર્જનમાં શમી રહો
એકાકી દૂરે!
કૃષ્ણ : બસ એ જ ને? અહો?
દયા સતીની! મુજ
   દોષ તો મહા,
શિક્ષા મળી અલ્પ થકીય અલ્પ હા!
ગાંધારી : અરે! અરે! કૃષ્ણ, હું શું ગઈ બકી?
માતૃત્વમોહે અસહાયતા થકી!
કૃષ્ણ : એ શું વદો, દૈ વરદાન મોઘું?
આવું ન મર્ત્યો મહીં મૃત્યુ સોંઘું.
ગાંધારી : હા, એ થયું સારું જ : શોકતપ્ત
આ માતૃહૈયેથી થયા ન શપ્ત
તે પાંચ મારા કુમળા કુલાંકુરો
રહ્યાસહ્યા! ભસ્મ સમા, જગદ્-ગુરો,
તપઃપ્રભાવે સહુ થાત મારે.
સારું થયું કે વચને તમારે
સંતપ્ત આ ચિત્ત થતું ગયું અને
ઠર્યું જ અંતે દઈ શાપ પૂજ્યને.
કે એય તે કૃષ્ણ તણી જ લીલા?-
ખેંચ્યે ગયા માત સુશોકશીલા,
આ જીભ ભોળી લલચાવતા ગયા;
ને શાપ પોતા પર ખેંચીને ઠર્યા!
વિનાશ આ આમ થવો જ જો હતો,
એનો ન કો ઉત્તરદાયી અન્ય તોઃ
ને શાપ જો ઉચ્ચરવા સમો હતો,
તો અન્ય ના કો ખમતીધરે હતો.
એ શાપની વીજ પડી, સુભાગ્ય કે
વર્જી દ્રુમો પર્વતશૃંગ ત્રાટકે.
કૃષ્ણ : તે તો સતીની દગ મંગલોન્મુખી,

દુઃખાર્ણવેયે નિજને ગણો સુખી.
ગાંધારી : પ્રકાશધારા જગ વીંટતી પણે
સંહાર કે સર્જન કાંઈ ના ગણે.
પોતે કરે છે સહુ ભાસમાન,
પોતે જ ધારે સહુ દૃશ્યમાન,
નિર્લિપ્ત કિંતુ સ્ફુરતી પરી તે;
અસીમ વિશ્વો નવરાવતી સ્મિતે.
શી દિવ્ય દૃષ્ટે ચડી નવ્ય સૃષ્ટિ!
કૃષ્ણ : મીંચાઈ તે ક્યારની દિવ્ય દૃષ્ટિ.
પ્હોંચી ગયાં સૌ રણભૂમિ પાર.
ગાંધારી : તો તો હું અંતે કંઈ પામી સાર :
હવે જ ખૂલ્યાં ગણું દિવ્ય લોચન.
કૃષ્ણ : ને એ જ દેવી! મુજ શાપમોચન.
(સપ્ટે 18, 1942; ઓગસ્ટ 6, 1943)

**4.4.2 કૃતિ સારાંશ - કૃતિનો આસ્વાદ**

ઈ.સ.1944માં પ્રકટ થયેલા 'પ્રાચીના' સંગ્રહમાં ઉમાશંકર જોશીનાં સાત સંવાદકાવ્યોનો સમાવેશ થયો છે, તેમાં આ કાવ્ય 'ગાંધારી' વિશિષ્ટ ભાત ઉપસાવતું કાવ્ય છે. આ જ સંગ્રહના અન્ય એક સંવાદકાવ્ય '19મા દિવસનું પ્રભાત'માં આલેખિત સમય પછી તરતના સમયનું યુદ્ધભૂમિના દૃશ્યનું આલેખન આ સંવાદકાવ્યમાં થયું છે. ઉમાશંકરના ચિત્તમાં પહેલા સંગ્રહ વખતથી જ -'વિશ્વમાનવ'થી- કવિતામાં સંવાદના તત્ત્વને પ્રયોજવાની, પ્રયોગ કરવાની ઈચ્છા હતી. કવિતા આત્મલક્ષીતામાંથી મુક્ત થઈ પરલક્ષીતામાં અને નાટ્યાત્મકતામાં પ્રવેશે એ પોતાની કવિત્વ શક્તિને અને શબ્દમાં રહેલી નાટ્યાત્મક શક્તિને કે દૃશ્યાત્મક શક્તિને પિછાણવાના ભાગરૂપે આ સંગ્રહમાં સાત અને 'મહાપ્રસ્થાન' સંગ્રહમાં સાત એમ કુલ ચૌદ સંવાદકાવ્યો લખાયાં છે.

પ્રસ્તુત કાવ્યમાં પદ્યનાટકની લાક્ષણિકતાઓ પ્રમાણમાં ઓછી પ્રગટે છે, તેથી એને સંવાદકાવ્ય તરીકે ઓળખી શકાય. આ સંગ્રહનાં લગભગ બધાં જ કાવ્ય સંવાદકાવ્યમાં મૂકી શકાય, તેવી લાક્ષણિકતા ધરાવે છે. 'ગાંધારી'માં દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થયા પછીની ગાંધારીનો યુદ્ધભૂમિ પરનો વિહાર છે, જેમાં સાથે કુંતી પણ છે. યુદ્ધભૂમિ પર પુરઃનારીઓના આક્રંદ અને વિલાપ-સંવાદથી વ્યથિત ગાંધારીને કૃષ્ણ મળે છે અને કૃષ્ણ-ગાંધારી વચ્ચે સંવાદ થાય છે, તેનું આલેખન આ સંવાદકાવ્યમાં છે.

કવિએ મહાભારતના પ્રસંગ પરથી આ કાવ્ય લીધું હોવાથી એ મિથ બની શક્યું હોત, જો એમાં સાંપ્રતકાલીન સંદર્ભને જોડી શક્યા હોત તો. પણ કવિએ મૂળ કથાનકને જેમનું તેમ રાખીને જ સંવાદકાવ્ય રચ્યું છે. તેમ છતાં, કાવ્યાંતે બીજા વિશ્વયુદ્ધ(1939-45)ની વિભીષિકાથી વ્યથિત કવિની વિડંબના પણ જોઈ શકાય.

આ સંવાદકાવ્યમાં સ્ત્રીવૃંદ, ભાનુમતિ, ઉત્તરાના વિલાપમાં પતિની વીરગતિનો વિલાપ છે, તો, રાધાના વિલાપમાં પુત્ર ગુમાવ્યાની વેદના છે. આ બધી વેદનાની પડછે ગાંધારીએ સો પુત્ર ગુમાવ્યાની વેદના ગોપિત-ગુંફિત કરીને કવિએ વિશિષ્ટ અર્થબોધ સાધ્યો છે. ગાંધારી એક પછી એક સ્ત્રીના વિલાપને જોતી જાય અને કૃષ્ણને પ્રશ્ન પૂછતી જાય, છેવટ, કૃષ્ણને દોષિત પણ ઠરાવે કે, તમે આ બધું રોકી શક્યા હોત છતાં ન રોક્યું. અને કૃષ્ણને શ્રાપ આપે, એના વંશના નાશનો, અજાણ્યા વ્યક્તિથી એમના પોતાના નાશનો. આ શ્રાપને સ-હર્ષ આશીર્વાદ તરીકે સ્વીકારતા કૃષ્ણના પ્રશ્નથી દિવ્ય દૃષ્ટિથી જાગી ઊઠેલા જ્ઞાન તરફ ગાંધારીનું ધ્યાન દોરાય ત્યાં સંવાદ પૂર્ણ થાય છે.

સંવાદકાવ્યમાં કવિનો સીધો પ્રવેશ શક્ય હોતો નથી, તેણે માત્ર પરિસ્થિતિનું નિર્માણ કરવાનું હોય છે. આ કાવ્યમાં પણ ઉપર કહેલી દરેક સ્ત્રીના આક્રંદયુક્ત સંવાદમાં કવિએ 1,

2, 3 એવા ક્રમાંક દ્વારા પરિસ્થિતિનું વર્ણન કર્યું છે, એ આ કાવ્યનો કે ગાંધારીના પછીના સંવાદોનો આલંબન વિભાવ બને છે. સાથોસાથ, આ સંવાદો અને સંવાદમાં પ્રગટતાં વર્ણનો વાતાવરણની ગરજ પણ સારે છે. વળી, આવા સંવાદો અને ગાંધારીની ઉક્તિઓ એ બેમાં ભેદ તારવવો મુશ્કેલ એટલા માટે બને છે કે, ક્રંદન કરતી સ્ત્રીઓના સંવાદમાંનો અને ગાંધારીના સંવાદમાંનો કાકુ ઘણી બધી વાર એકસમાન ભાસે છે. એટલે કે, એ સંવાદો કોણ બોલે છે એ જો ના કહેવાય તો બધા સંવાદ ગાંધારી જ ઉચ્ચારે છે તેમ નિઃશંક કહી શકાય, તેટલી ખામી એ સંવાદોની ભાષામાં રહી ગઈ છે.

મિશ્રોપજાતિ છંદ અને એના લયમાં લખાયેલા આ સંવાદકાવ્યમાં ભાષાના સ્તરે કવિએ બોલચાલના પ્રયોગોનો અને સંસ્કૃત તત્સમ પદાવલિઓનો વધુ ઉપયોગ કર્યો છે. અલંકારોને ટાળ્યા હોવા છતાં સામાસિક શબ્દો ઘણા પ્રયોજ્યા છે. નાટકની ભાષા સંવાદાત્મક હોય છે, એ જ્યારે પદ્યમાં રચાય ત્યારે એને કાવ્યત્વનું બંધન નડતું હોય છે. કવિ તરીકે રચનાકારે ધ્યાન રાખવું પડે છે કે એ સંવાદોમાં કાવ્યાત્મકતા હોવા છતાં પ્રાસયોજનાથી ઘણે ભાગે દૂર રહેવું જોઈએ. આ સંવાદકાવ્યમાં ઉમાશંકરે લગભગ દરેક બીજી પંક્તિએ પ્રાસ જાળવ્યા છે, જેમાં કવિત્વશક્તિનાં દર્શન તો થાય છે, પણ નાટ્યકવિત્વશક્તિ જોખમાય છે.

### 4.5 વિશેષ અધ્યયન

#### 4.5.1 નીચેના પ્રશ્નોના વિગતવાર જવાબ લખો.

1. ઉમાશંકર જોશીના 'પ્રાચીના' સંગ્રહમાં કેટલાં અને કયાં સંવાદકાવ્યો છે? એ સંવાદકાવ્યોનું વિષયવસ્તુ શેમાંથી લેવામાં આવ્યું છે?
2. ઉમાશંકર જોશીનાં સંવાદયુક્ત પદ્યનો તુલનાત્મક અભ્યાસ કરો.
3. પદ્યનાટ્યકાર તરીકે ઉમાશંકર જોશીની સિદ્ધિઓ અને મર્યાદાઓ વિગતે લખો.
4. નાટક, સંવાદકાવ્ય, પદ્યનાટક, ગીતિકા, સંગીતનાટિકા, સંગીતનૃત્ય, રેડિયોનાટિકા વચ્ચેનો તફાવત ટૂંકમાં સમજાવો.
5. 'પ્રાચીના' સંગ્રહમાંના સંવાદકાવ્ય 'કર્ણ-કૃષ્ણ' અથવા '19મા દિવસનું પ્રભાત'નો આસ્વાદ કરાવો.

---

**લેખન :** પ્રો.ડૉ.જિતેન્દ્ર મેકવાન (આસી.પ્રોફેસર)
મહેમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ

---

# એકમ 5 ઉમાશંકર જોશીનાં પદ્યનાટકોનો અભ્યાસ-II

**રૂપરેખા**

5.1 ઉદ્દેશો
5.2 પ્રસ્તાવના
5.3 ઉમાશંકર જોશીના કાવ્યસંગ્રહ 'મહાપ્રસ્થાન'ના પદ્યનાટકો
  5.3.1 પદ્યનાટકનું સ્વરૂપ
  5.3.2 'મહાપ્રસ્થાન'નાં પદ્યનાટકોનો વસ્તુલક્ષી પરિચય
  5.3.3 ઉમાશંકરની પદ્યનાટ્યકાર તરીકેની સિદ્ધિઓ
  5.3.4 વિવેચનાત્મક અભિપ્રાયો
5.4 પ્રશિષ્ટ પદ્યનાટકનો આસ્વાદ
  5.4.1 કૃતિ : મહાપ્રસ્થાન
  5.4.2 કૃતિ સારાંશ - કૃતિનો આસ્વાદ
5.5 વિશેષ અધ્યયન
  5.5.1 વિશેષ વાચન
5.6 સંદર્ભ-ગ્રંથો

## 5.1 ઉદ્દેશો

આ એકમથી

- ગુજરાતી ભાષામાં પદ્યનાટકનાં લક્ષણો કયાં છે તેની જાણકારી પ્રાપ્ત થઈ શકશે.
- 'મહાપ્રસ્થાન' પદ્યનાટકોમાં ઉમાશંકર જોશીએ કવિતાનો ત્રીજો અવાજ કઈ રીતે સિદ્ધ કર્યો છે તે જાણી શકાશે.
- પદ્યનાટકમાં સંવાદ માટે ઉપયોગી અ-ગેય છંદ વિશે માહિતી પ્રાપ્ત થશે.

## 5.2 પ્રસ્તાવના

ઉમાશંકર જોશીએ ઈ.સ. 1944માં સંવાદકાવ્યનો પહેલો સંપુટ 'પ્રાચીના' નામે આપ્યો. ત્યાર પછી ઈ.સ. 1965માં ફરી એક વાર બીજા સાત સંવાદકાવ્યોનો સંગ્રહ 'મહાપ્રસ્થાન' નામે પ્રગટ થયો. 'પ્રાચીના'ની જેમ આ સંગ્રહમાં પણ સાત સંવાદ-કાવ્યો, નાટ્યકાવ્યો મૂક્યાં છે. આમ, ઉમાશંકર જોશીએ બે સંગ્રહમાં થઈને કુલ 14 સંવાદ-નાટ્યકાવ્યો આપ્યાં છે. અગાઉના 'પ્રાચીના' સંગ્રહથી 'મહાપ્રસ્થાન'નાં કાવ્યો કઈ રીતે જુદાં પડે છે તે તપાસનો વિષય બને છે. 'પ્રાચીના'માં ઉમાશંકરે સંસ્કૃત વૃત્તોનો પ્રયોગ કર્યો હતો, એથી જુદું અહીં માત્રામેળનો પ્રયોગ કર્યો છે અને વનવેલી, પૃથ્વી જેવા અ-ગેય છંદો અને ક્યાંક તેના માત્ર લયનો સહારો લઈને કવિએ સંવાદ રચ્યો છે, તો ક્યાંક છંદનું માત્ર એક જ ચરણ યોજ્યું છે.

## 5.3 ઉમાશંકર જોશીના કાવ્યસંગ્રહ 'મહાપ્રસ્થાન'ના પદ્યનાટકો

### 5.3.1 પદ્યનાટકનું સ્વરૂપ

અગાઉ એકમ-4માં 'પ્રાચીન' સંગ્રહના પદ્યનાટકો જોતાં પહેલાં 4.3.1માં આપણે પદ્યનાટકો સ્વરૂપ લક્ષણો વિશે વિગતે ચર્ચા કરી છે તેથી અહીં માત્ર તેના મુખ્ય લક્ષણો ટૂંકમાં નોંધીશું.

પદ્યનાટકમાં બે શબ્દનો સમુચ્ચય છે. પદ્ય અને નાટક; સામાસિકરૂપ; અર્થાત્, એવું નાટક જે પદ્યમાં છે. એટલે તેમાં નાટકની જે જે લાક્ષણિકતાઓ છે તે, ઘટના, સંઘર્ષ, પરાકાષ્ઠા અને રંગમંચીયક્ષમતા હોવી અનિવાર્ય છે. પદ્યનાટક અંક વિભાજન કે દૃશ્ય

વિભાજન જેવા ખંડો નથી ધરાવતું પણ કોઈ એકાદ દશ્યનું જ એમાં આલેખન થતું હોય છે. એક જ દશ્યના પદ્યનાટકમાં સંપૂર્ણ નાટકના આદિ-મધ્ય-સંઘર્ષ-પરાકાષ્ઠા-અંતનો સમાવેશ કરી લેવામાં આવે છે.

નાટકનું પહેલું અને મહત્ત્વનું લક્ષણ સંવાદ છે, એટલે પદ્યનાટકમાં પણ સંવાદ કેન્દ્રસ્થાને રહે છે. આ સંવાદો કાવ્યાત્મક હોવા જોઈએ એ એની પૂર્વશરત છે. સંવાદ હમેશાં બે કે તેથી વધુ વ્યક્તિ વચ્ચે હોઈ શકે, તેથી, નાટકમાં જેમ પાત્રો હોય છે તેમ પદ્યનાટકમાં પણ પાત્રો હોય છે. સંવાદ પદ્યમાં હોય તે પદ્યનાટકનું બીજું મહત્ત્વનું અનિવાર્ય લક્ષણ છે. પદ્યની બધી છટાઓ સમેત સંવાદની ભૂમિકા સુધી પહોંચે એ આ પદ્યનું આંતરિક લક્ષણ છે. સંવાદો પદ્યમાં હોય તેથી તેમાં લયનું તત્ત્વ ઉમેરાય છે. ઉમાશંકર જોશીનાં પદ્યનાટકોના આધારે તારવી શકાયું છે કે, પદ્યનાટકને સંસ્કૃત વૃત્તો ઓછા માફક આવ્યા છે, તે કરતાં વનવેલી અને ગુલબંકી જેવા અ-ગેય છંદો વધુ ઉપકારક રહ્યા છે, એકદશ્યાત્મકતાને પણ પદ્યનાટકનું એક લક્ષણ ગણી શકાય. નાટકના કથાવસ્તુની જેમ પદ્યનાટકનું કથાવસ્તુ પણ એની લાક્ષણિકતા બની શકે છે.

### 5.3.2 'મહાપ્રસ્થાન'નાં પદ્યનાટકોનો વસ્તુલક્ષી પરિચય

ઈ.સ.1965માં પ્રકટ થયેલા ઉમાશંકર જોશીના પદ્યનાટકોના સંગ્રહ 'મહાપ્રસ્થાન'માં 'મહાપ્રસ્થાન', 'યુધિષ્ઠિર', 'અર્જુન-ઉર્વશી', 'કચ', 'નિમંત્રણ', 'મંથરા' અને 'ભરત' એમ કુલ સાત પદ્યનાટકો, સંવાદકાવ્યોનો સમાવેશ થયો છે.

(1) 'મહાપ્રસ્થાન' મહાભારતના કથાવસ્તુ પર આધારિત પદ્યનાટક છે. મહાભારતના યુદ્ધ પછી પાંડવો દ્રૌપદી સમેત હિમ ગાળવા જાય છે અર્થાત્ સ્વર્ગારોહણ કરે છે, જેમાં હિમાલયના બરફમાં મૃત્યુની કે સ્વર્ગની અપેક્ષાથી આગળ વધ્યા કરવાનું અને પુણ્યકર્મોને આધારે જેટલે સુધી જઈ શકાય, પહોંચવાનું હોય છે. લોકબોલીમાં આ માટે 'હાડ ગાળવા જવું' શબ્દપ્રયોગ છે.

'મહાપ્રસ્થાન'માં સૌ પહેલાં દ્રૌપદી પડે છે, અર્થાત્ મૃત્યુ પામે છે, પછી ક્રમાનુસાર સહદેવ, નકુલ, અર્જુન અને છેલ્લે ભીમ પડે છે. દરેકના મૃત્યુ સાથે ભીમનો એક જેવો પ્રશ્ન અને પાત્ર-વ્યક્તિત્વ અનુસાર યુધિષ્ઠિરનો ઉત્તર એમ ભીમ-યુધિષ્ઠિરના સંવાદનું આ કાવ્ય છે. મહાભારતમાંની મૂળ કથાને અનુસરીને જ ઉમાશંકરે દરેક પાત્રોનાં વ્યક્તિત્વને બારીકીથી ઉપસાવ્યું છે તે તેમનું કવિકર્મ. મહાભારતનો ધર્મ-અધર્મનો સાર આ કાવ્યમાં અંતે પ્રગટ થયો છે. મહાપ્રસ્થાનની યાત્રામાં છેલ્લે માત્ર યુધિષ્ઠિર અને સ્નેહના કારણે પાછળ ચાલ્યો આવતો શ્વાન જ સ્વર્ગમાં સ્થાન પ્રાપ્ત કરી શકે છે.

સોળ અક્ષરના અગેય વનવેલી છંદનો પ્રયોગ આ કાવ્યમાં નાટ્યક્ષમ સંવાદ રચવામાં ઘણો સફળ રહ્યો છે. માન્ય ગુજરાતી ભાષાની અલંકારયુક્ત ભાષાના પ્રયોગ આ પદ્યનાટકને આસ્વાદ્ય બનાવે છે.

(2) 'યુધિષ્ઠિર' 'મહાપ્રસ્થાન'નો ઉત્તરાર્ધ હોય તેમ એ કાવ્યઘટના પતે પછીની ઘટનાનું એમાં સોળ અક્ષરના વનવેલી છંદમાં જ એનું નિરૂપણ થયું છે. યુધિષ્ઠિર જેવા સ્વર્ગમાં પ્રવેશે ત્યારે ત્યાં પોતાના બાંધવો માદ્રી-કુંતીપુત્રોને તથા પાંડવપક્ષે ધર્મ માટે લડનારા ધૃષ્ટદ્યુમ્ન વગેરે જોવા મળતા નથી, દ્રૌપદી પુત્રો પણ નહીં. આથી વિક્ષિપ્ત બનીને નારદ સાથે તથા ઈન્દ્ર સાથે સંવાદ સાધે છે, તે આ પદ્યનાટકનો વિષય બને છે. યુધિષ્ઠિરને સ્વર્ગમાં પોતાના બાંધવો નથી દેખાતા પણ દુર્યોધન સ્વર્ગમાં હોય તેથી આશ્ચર્ય પ્રકટ કરે અને જ્યાં પોતાના બાંધવો હોય ત્યાં જ રહેવા જણાવી એ માટે સ્વર્ગનો ત્યાગ કરવો પડે તો તેમ કરવાની તૈયારી બતાવે. ઈન્દ્ર - યમ દુર્યોધનનું સુયોદ્ધન રૂપ બતાવે તેથી છેવટે યુધિષ્ઠિરનો સંશય દૂર થાય, તેવી ઇતિશ્રી છે.

(3) 'અર્જુન-ઉર્વશી'નું કથાવસ્તુ મહાભારતમાંથી લીધું છે. કવિએ બાર શ્રુતિના વનવેલી છંદનો આ એક જ પદ્યનાટકમાં પ્રયોગ કર્યો છે. સ્વર્ગમાં ઉર્વશી અર્જુનના પ્રેમમાં પડે જેને અર્જુન માતાસ્વરૂપે ઓળખે છે. સ્નેહસંબંધની આ અટપટી આંટીઘૂંટીમાં અર્જુનનું

કામવિજેતા અને પુણ્યજિતા સ્વરૂપ પ્રગટે છે. ઉર્વશીએ આપેલો શ્રાપ અર્જુન માટે તો આશીર્વાદરૂપ જ બને છે.

(4) 'કચ' મહાભારતના આદિપર્વમાંથી વસ્તુ લઈને લખાયેલો 'મોનોલોગ' - 'એકોક્તિ' પ્રકારનું સંવાદકાવ્ય છે. પદ્ય એકોક્તિ તરીકે આ કાવ્ય ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. દેવોના ગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ સંજીવની વિદ્યા પ્રાપ્ત કરવા અસુરોના ગુરુ શુક્રાચાર્ય પાસે જાય છે અને ત્યાં ગુરુપુત્રી દેવયાની સાથે પ્રણય સંબંધે જોડાય છે. વિદ્યા પ્રાપ્ત કર્યા પછી કચ પાછો ફરે ત્યારે રસ્તામાં એને થતી અનુભૂતિ એનો મનમાં ચાલતા ગત વિચારો અને દેવયાની સાથેના તરંગો આ પદ્ય એકોક્તિમાં રજૂ થયા છે. શિખરિણી છંદમાં વહેતું કાવ્ય કચના આંતરમનને વ્યક્ત કરે છે.

(5) બુદ્ધના જીવન પર આધારિત 'મહાપરિનિબ્બાન સુત્તન્ત'માંથી નગરવધૂ આમ્રપાલીનો જીવનવૃત્તાંત લઈને ઉમાશંકરે 'નિમંત્રણ' નામે પદ્યનાટક રચ્યું છે. અ-ગેય પૃથ્વી છંદ આ પદ્યનાટકના ક્રિયાવેગને ઘણો માફક આવ્યો છે. ભગવાન બુદ્ધને પોતાના આવાસમાં આવવાનું નિમંત્રણ આપીને રથ પર આરૂઢ આમ્રપાલી પાછી ફરતી હોય અને ભગવાનને નિમંત્રણ આપવા જતા રથારૂઢ લિચ્છવી યુવાનો - એ બંનેના રથનો સંઘર્ષ અને આમ્રપાલી અને લિચ્છવી યુવાનો વચ્ચેનો સંઘર્ષથી કાવ્યનો નાટ્યાત્મક આરંભ થાય છે. ભગવાને નગર વધૂનું નિમંત્રણ સ્વીકાર્યું તે નગર શ્રેષ્ઠીઓ આમ્રપાલી પાસેથી છીનવી લેવા પ્રયત્ન કરે અને આમ્રપાલીને લોભ-લાલચ આપે છતાં આમ્રપાલી નિમંત્રણ પાછું નથી ખેંચતી તે આ પદ્યનાટ્યની મૂળ કથા છે. ભગવાનની પતિતને તારવાની ભાવના આ કાવ્યનો કેન્દ્રભાવ છે.

(6) 'મંથરા' ઉમાશંકર જોશીનું જ નહી, ગુજરાતી સાહિત્યનું ઉત્તમ પદ્યનાટક છે. રામાયણના 'અયોધ્યાકાંડ' પર આધારિત એનું વસ્તુ છે, જેને કવિએ મંથરાના આંતરવ્યક્તિત્વની રીતે વિકસાવ્યું છે. 'કાલરાત્રિ' અને 'ઋજુલા' જેવાં કાલ્પનિક પાત્રો મંથરાનાં જ બે રૂપ રૂપે આ પદ્યનાટકને વધુ આસ્વાદ્ય બનાવે છે. રામ વનવાસ પૂરો કરીને અયોધ્યા પાછા ફરે છે, તેની આગળની રાત્રિએ મંથરાના ચૈતસિકને કવિએ સંવાદરૂપે પ્રકટાવ્યું છે, જેમાં સદ્-અસદ્ વચ્ચે સંઘર્ષ છે. મંથરાનું કાલરાત્રિ રૂપ રામના આગમનને સહી નથી શકતું અને મંથરાનું સદ્-રૂપ ઋજુલા એનો વિરોધ કરે, છેલ્લે રામપણા સામે મંથરાપણું પદભ્રષ્ટ થાય છે.

(7) 'ભરત' રામાયણમાંથી વસ્તુ પસંદ કરીને લખાયેલું પદ્યનાટક છે. કૈકયીનાં બે વચનના કારણે રામ સીતા અને લક્ષ્મણ સાથે વનમાં ચાલ્યા જાય, રાજા દશરથનું મૃત્યુ થાય અને ભરત અયોધ્યા આવી રામને મળવા વનમાં જાય અને ભરત-મિલાપનો પ્રસંગ છે, તેનું આ પદ્યનાટક છે. લક્ષ્મણ સેનાને જોઈને યુદ્ધ માટે તૈયાર છે, રામ સાથેના સંવાદોમાં લક્ષ્મણનું રૌદ્ર રૂપ પ્રકટે છે, તો રામનું ધીર-શાંત-પ્રેમાળ. ભરત-મિલાપના સમયે ભરતના સંવાદોમાં ભરતનો માતા કૈકયી તરફનો આક્રોશ અને રામનો માતાને દોષ નહી દેવાનો અનુગ્રહ આસ્વાદ્ય છે. ભરતની નીતિમૂલ્યનિષ્ઠા અને ભ્રાતૃપ્રેમ અને રામની પિતૃવચન પાળવાની ઉત્કંઠા ત્યાં ઉપસ્થિત વશિષ્ઠ આદિ ઋષિઓને આશીર્વાદ આપવા પ્રેરે છે. અંતે, રામની પાદુકાને મસ્તકે ચડાવી એને રાજસિંહાસને બિરાજાવીને ભરત નંદિગ્રામમાં તાપસરૂપે રહી પ્રતિનિધિ બની શાસન કરશે એવી આજ્ઞા મેળવે અને વિદાય લે. અંતે અયોધ્યાથી અને માતાઓથી દૂર જવાની વાત રામ સીતાને કહે છે.

### 5.3.3 ઉમાશંકરની પદ્યનાટ્યકાર તરીકેની સિદ્ધિઓ

ઉમાશંકર જોશીએ 'મહાપ્રસ્થાન'નાં પદ્યનાટકોના વિષયની પસંદગી રામાયણ-મહાભારત, બૌદ્ધકથામાંથી કરી છે. તેમણે પસંદ કરેલા વિષયોમાં મૂળ પ્રસંગમાં ફેરફાર કર્યા વગર ઉદાત્ત રીતિએ પાત્ર-પ્રસંગનિરૂપણ કર્યું છે. 'યુધિષ્ઠિર', 'કચ' અને 'મંથરા' જેવા પદ્યનાટકમાં તેમણે મૂળ કથાનકને યથાતથ મૂકવા સાથે પાત્રની આંતરઅભિવ્યક્તિને પણ ઉજાગર કરી છે, તે કવિની વિશેષતા ગણાય.

પદ્યનાટકમાં પાત્રો અનિવાર્ય હોય છે. પાત્ર ઓછાં હોય તો સર્જકને સંવાદની પરિપાટી રચવાની સરળતા રહે છે. 'મહાપ્રસ્થાન'નાં પદ્યનાટકોમાં ઓછાં પાત્રો જોવા મળે છે, તે સિદ્ધકવિની લાક્ષણિકતા ગણી શકાય.

ઉમાશંકર જોશીએ 'મહાપ્રસ્થાન'નાં પદ્યનાટકોને અનુરૂપ ભાષા પ્રયોજી છે. પદ્યમાં સંવાદોના વહન માટે તેમણે માન્ય ગુજરાતીનો માધ્યમરૂપે ઉપયોગ કર્યો છે. જરૂર જણાઈ ત્યાં તેમણે અલંકારો પણ પ્રયોજ્યા છે.

ઉમાશંકર જોશીએ 'પ્રાચીના'નાં સંવાદકાવ્યો માટે મિશ્રોપજાતિ, ઉપેન્દ્રવજ્રા, શાલિની, વંશસ્થ, ઇન્દ્રવંશા, ઇન્દ્રવજ્રા, ઉપજાતિ, વસંતતિલકા, મન્દાક્રાંતા, અનુષ્ટુપ અને ક્યાંક મુક્ત છંદની રીતિએ છંદની લયછટાઓનો ઉપયોગ કર્યો હતો. 'મહાપ્રસ્થાન'નાં પદ્યનાટકો માટે તેમણે સંવાદની ભાષાને બોલચાલના સ્તરે લાવવા અક્ષરમેળ છંદ વનવેલી અને પૃથ્વીનો પ્રયોગ કર્યો છે. આ છંદમાં માત્રાઓ મેળવવાની નથી હોતી, તેથી શબ્દનો વ્યુત્ક્રમ ગોઠવવામાં અને તેમ કરીને સંવાદ સાધવામાં સરળતા રહે છે.

નાટ્યસંવાદો માટે જરૂરી બિનંગતતા ઉમાશંકર જોશીની પદ્યનાટ્યકાર તરીકેની સૌથી મોટી સિદ્ધિ છે. વસ્તુ અને પ્રસંગ નિરૂપણમાં પાત્ર સાથે કવિએ અંગત કે સ્વકીય મુદ્રાઓ ધારણ કરી નથી. એકમાત્ર એકપાત્રસંવાદવાળા 'કચ'માં જ પરકીય અભિવ્યક્તિ સાધવામાં કવિનો આત્મલક્ષી અવાજ ભળી ગયેલો જણાય છે.

### 5.3.4 વિવેચનાત્મક અભિપ્રાય

- "'કચ'માં કચના આંતરનિરીક્ષણમાંથી પ્રગટેલી નાટ્યાત્મકતા એકપાત્રોક્તિ (dramatic monologue) ધ્યાન ખેંચે છે. સામાન્ય રીતે આ પ્રકારની રચનામાં આપણને પાત્રના બુરખામાં બોલતા કવિનો પોતાનો અવાજ સંભળાય છે. ઉમાશંકરે છેવટ લગી પરલક્ષિતા સાચવી છે; છતાં દેવયાનીને કલ્પીને આત્મપૃથક્કરણ કરતા કચના ઉદ્ગારમાં પટાંતરે કવિનો અવાજ સંભળાયા વિના રહેતો નથી." ('અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' - 2, ડો.ધીરુભાઈ ઠાકર)

### 5.4 પ્રશિષ્ટ પદ્યનાટકનો આસ્વાદ

અહીં નીચે ઉમાશંકર જોશીના 'મહાપ્રસ્થાન' પદ્યનાટકનો આસ્વાદ રજૂ કર્યો છે. એ વાંચતાં પહેલાં પદ્યનાટકનું સઘન વાચન કરો. શક્ય હોય તો એનો પાઠ કરો અને એમાં વ્યક્ત ભાવને સમજવાનો પ્રયાસ કરો. ત્યાર બાદ કાવ્યની નીચે આપેલા આસ્વાદલેખનો અભ્યાસ કરો. પદ્યનાટક તમને જણાતી લાક્ષણિકતાઓની નોંધ કરો, જે તમને આવાં બીજાં કાવ્યોને સમજવામાં ઉપયોગી થશે.

### 5.4.1 કૃતિ : મહાપ્રસ્થાન

યુધિષ્ઠિર : હિમાદ્રિ હે! ભવ્ય તારાં શિખરોથી ભવ્યતર,
ઉચ્ચતર, શુભ્રતર ચારિત્ર્યલક્ષ્મી વડે જે,
ક્યાં છે તે સૌ પુરુષોમાં પુરુષોત્તમ, પ્રબુદ્ધ?
ક્યાં છે તે મહામનીષી? ક્યાં છે કૃષ્ણ?
અન્ય સૌ : કૃષ્ણ? કૃષ્ણ!
પડઘા : કૃષ્ણ!!
યુધિષ્ઠિર : કેવા કૃષ્ણ હવે?
અર્જુન : કૃષ્ણ હવે અન્તર્યામી...
કૃષ્ણલૂખું જીવન જે એ જ મૃત્યુ.
સહદેવ : મૃત્યુયાત્રી,
ચલો, જયેષ્ઠબંધુ પૂઠે, હિમશય્યા મૃત્યુશીળી
પ્રતીક્ષા કરી છે રહી.
ભીમ : કોણ, કોઈ પડ્યું? થયો
શાનો આ અવાજ?
યુધિષ્ઠિર : અરે પાંચાલી!

ભીમ : થાકી ગઈ કે?
ઊંચકી લઉં આ સ્કંધે? ...નથી અરે ઊચલાતી...
યુધિષ્ઠિર : ભીમ, લાક્ષાગૃહે થકી જનેતા સમેત ચાર
બંધુને ઉપાડી દોડ્યો ભોંયરે તું એકે શ્વાસે,
હતો એયે સમય, આ સમય છે જુદો, ભાર
સ્વ-કર્મનો ઉઠાવીને ચાલી શકે એ જ આજે
ઘણું તારે માટે. ઊઠો, પાંચાલી, યાત્રા છે શેષ...
દ્રૌપદી : હશે તે તમારે માટે, મારી તો આ પૂરી થઈ
તમારી આંખોની અમી-છાયા નીચે પાંચેયની.
વિદાય આપો અને લો. જીવનમાં પીધું-પાયું
સ્મરણ તેનું કરી લો. અગ્નિજા હું હતી ક્યારે-
ક્યારે અગ્નિજિહ્વાળી, ને તપ્ત વેણ સ્હેવાં પડ્યાં
હશે ધર્મરાજનેયે, ક્ષમા તેની આપો અને
પાંચેના જીવનમાં હું પ્રવેશી, પુરુષવરો,
તે પૂર્વે હતા પ્રવાસી તેમ હવેયે પ્રવાસ
આગે ચલાવો તમારો...
સહદેવ : પાંચ આંગળીઓ જેવા
હતા પાંચેય પાંડવ;
વળી જે મુક્કી તે કિંતુ
દ્રૌપદીના પ્રભાવથી.
યુધિષ્ઠિર : હવે અમે અગ્નિહીન સમિધ-શા જગયજ્ઞે.
અર્જુન : કૃષ્ણે તજ્યા, તજ્યા હવે, કૃષ્ણા, તેંયે!
દ્રૌપદી : તજી શકે
કોઈ કોને, જેને અરે એક વાર સ્વીકાર્યું હો
હૈયાએ સ્નેહાભિષેકે?
યુધિષ્ઠિર : કોડભરી સ્વયંવરે
આશાછલકાતી નારી યૌવનોલ્લાસિની વધૂ
હતી તું શી અર્જુનની પડખે ઊભેલી, અહો
અદભુત તે ચિત્ર મારાં નેત્રોની સમક્ષ સદા
આયુર્માર્ગે તરવર્યાં કર્યું છે. તે કોડ તારા
છૂંદ્યા અમે, માતા તણા વચનનિમિત્તે પંચ
પતિ સ્થાપી તારે માટે.
દ્રૌપદી : ભૂલી જાઓ ગત બધું.
સ્વયંવરસભામાં જો કર્ણને અન્યાય થયો
હોય, તો તે ભૂલી જવો ઘટે, જો ભૂલી શકાય.
યુધિષ્ઠિર : બંનેયમાં માતા કુન્તીનો જ દોષ...
દ્રૌપદી : બસ કરો,
અર્જુનની જનેતાનો દોષ કશો હૈયે મારે
નહી વસે. માતા તણો વિષમ જે ધર્મ, મને
ગમ ના કશીય તેની. નથી માતા, છું હું માત્ર
પત્ની. છું હું સદાભૂખી અગ્નિજ્વાલા ઊર્ધ્વશિખ,
માનિની, પાંચેયે તમે વિવિધ પૌરુષઅંશ
વડે તર્પી, ધન્યતા એ-મહા ચરિતાર્થતા એ
મારી. હવે અહીંયાં આ હિમપથારીમાં જ્વાલા
શમી-વિરમી એ જવા કરે, પંચ નાથ મારા,

વંદના અંતિમ કરે તમોને તમારી...
યુધિષ્ઠિર : પાંચે
તણી અનુગામિની જે સદાની, તે આજ આમ
પાંચેયની આગળ થૈ!
અર્જુન : કૃષ્ણા!
બીજાઓ : કૃષ્ણા!
યુધિષ્ઠિર : 'તૃષ્ણા' મેં શું
ગિરિમુખે પ્રતિધ્વનિ થતો સુણ્યો? સંસારની
તૃષાનું તીવ્ર સ્વરૂપ હતી એ નારી, વિલીન
આયુષ્યકર્તવ્ય પૂરું કરી તે થઈ, સ્વરૂપ
અલૌકિક આભાનું જે હતું એનું, તે તો સદા
અમર્ત્ય છે, આપણે જો પામી શક્યા...
ભીમ : મહારાજ,
ધર્મરાજ, પાંચાલીની સૌ પ્રથમ આયુજર્યોત
બૂઝી શેણે?
યુધિષ્ઠિર : કહું? શું તું જીરવી શકીશ સત્ય?
પાંચેમાં અર્જુન પ્રતિ હતો પક્ષપાત તેનો.
લઈ વધુ આવ્યા યજમાનગૃહે, માતા બોલ્યાં
'વ્હેંચીને ભોગવો', ત્યારે બધા ભાઈઓનાં મુખે
મન્મથે વલોવ્યાં હૈયાં તણી રેખા ફરી વળી
જોઈ, મેંયે માથે શબ્દ ચઢાવ્યો જનેતા તણો.
દ્રૌપદીનું અનોખું આ દામ્પત્ય જે ખીલ્યું તેમાં
સહજ જો ઢળી જતું - ઊછળી જતું હૃદય
ધનંજય પ્રતિ એનું, એમાં શી આશ્ચર્ય વાત?
અર્જુન : આશ્ચર્ય તો એ જ વાતનું કે પંચ પતિ છતાં
માનિનીનું મન પૂરું કદાચ ના સચવાયું.
સભામાં કટુક વેણ વદ્યો હતો કર્ણ - 'પંચ
પતિએ તું અનાથા છે, પાંચાલી', - સાચે જ, ખરી
કસોટીવેળા આવી ત્યાં કૃષ્ણ તે દ્વારકા-વાસી
માત્ર એની વ્હારે ધાયા. કેવું છે અકળ અરે
માનવજીવન, કેવાં અકળ છે પુરુષ ને
નારી! કૃષ્ણને શું કોઈ એક નારી શકે પામી?
કૃષ્ણાને પુરુષ એક અથવા?
યુધિષ્ઠિર : ભારતે જોઈ
નારી તો ગાંધારી, નારી દ્રૌપદી; - ને બંનેયનાં
જીવન કેવાં વિક્ષિપ્ત, વિષમ, વિશીર્ણ, અરે
ક્યારેક તો નિઃસાર-શાં ભાસે. ભીમ સદા રહ્યો
તત્પર સમારવાને અપમાનો દ્રૌપદીનાં,
કિંતુ હિડિમ્બાનો થયા પછી જ એ એનો થયો.
અને આ અર્જુન કામ્ય ધનુર્ધર વર એનો
વનવાસે ગયો વર્ષ બાર, ત્યારે દેશ તણે
ખૂણેખૂણે પ્રણય ને પરિણય લીલા એની
વિસ્તરી. સુભદ્રા લઈ ફર્યો પાછો. બોલી હતી
પાંચાલી ત્યાં નેત્ર કરી વિસ્ફારિત જરી : આ શું,
અર્જુન? ભારાની એક ગાંઠ પરે બીજી વાળો.

પ્હેલી ત્યાં શિથિલ થવાની તે થવાની જ, અરે.
બીજી એ ન્હોતી, હતી એ કેટલામી, જાણતી ના.
અને ગયો વનવાસે અર્જુન તે હું-નિમિત્તે!
શસ્ત્રશાળામાં હું વસ્યો પાંચાલી સમેત, મારા
ક્રમે, ન કો અન્ય બંધુ રહઃનિવાસમાં જૈ
શકે - બાર વર્ષનો તે દેશવટો પામે - તોય
બ્રાહ્મણના રક્ષણાર્થે શસ્ત્ર લેવા પ્રવેશ્યો ને
પામ્યો કિરીટી અરણ્યવાસ. મત્સ્ય વેધ જેહ
કરનારો તેને અરે દ્રૌપદીવિયોગ, આ હું
જેનું કૈં ન પરાક્રમ તે સુખે પાંચાલી સાથે
વસું તે અર્થે? સમ્રાજ્ઞી બની, બેઠી સિંહાસને
મારી જોડે, રાજમાતા તણું ભાગ્ય પામી નહીં.
અગાધકરુણ મહાનારીનું જીવન ખરે.
ભીમ, એક પુણ્યરેખા ઊજળી તું જોઈ શકે?
પંચપતિમાંથી કોઈ એકના ઢળ્યા પછી તે
મૃત્યુ પામી હોત એ તું વિચાર સાંખી શકે કે?
ભીમ : નમોસ્તુ દેવી...
બધા : નમોસ્તુ...
સહદેવ : તમને મારાય...
ભીમ : અરે,
કોણ પડ્યું? સહદેવ?
યુધિષ્ઠિર : માદ્રેય? ના, ના, મને લો
કૌન્તેયને પ્હેલો.
સહદેવ : પ્હેલો પાંચાલી પછી તો હું જ
હોઉં એ ઉચિત થશે. જીવનમાં દ્રષ્ટિ સામે
જોતો એની વિમાનના સ્પષ્ટ હું, ને મૂક રહેતો,
થતું ન કાંઈ જ હુંથી, મૃત્યુમાં હું સાથ આપું
પ્હેલો એને. જય હો, હે બંધુવરો, જીવનનો.
મૃત્યુખોળે છોડી મને - અમને પધારો ચારે
આગે. મારા જ્ઞાન તણે મુખે જે લાગેલ તાળું
મૌનનું તે મૃત્યુને ના ભારરૂપ હશે, હતું
જીવતેજીવત મારે એ જ તો હા સ્વયં મૃત્યુ.
બંધુવરો જયજય?
બધા : જયજય બંધુ!
ભીમ : શાને,
મહારાજ, સહદેવ જીવન છોડીને ચાલ્યો,
માદ્રીનો લાડીલો જાણી વન જતાં કુંતીમાએ
સંભાળ જેની લેવાની કરેલી વિશેષ આજ્ઞા?
યુધિષ્ઠિર : પોતે મોટો જાણ છે - એ અભિમાન હતું એને.
ભીમ : હતોયે ખરો જ ને?
યુધિષ્ઠિર : હં, હતોયે ખરો ને ન'તો.
શકતો ભવિષ્ય વાંચી, વાંચતો ને મનમાં જ
ગૂંચવાડા
સતત એ અનુભવી રહેતો, કોઈ
પૂછે ના ત્યાં સુધી શબ્દ એક ના એ બોલી શકે;

પૂછ્યેથી બોલે, તોયે કૈં ભાવિ જે અફર ફરે?
જાણપણ હતું એને; શાણપણ રૂડું એથી,
જે સહસા આગંતુક ઉપાધિઓમાંથી માર્ગ
કોરી કાઢે, કૃષ્ણ જેમ. શાણપણ વિનાનું જે
જાણપણ, શાપ એ તો. આપણો આ સહદેવ
ભીતરથી કોરાતો'તો શાપથી એ, જાણપણા
તણા અંચળાની હેઠે.
ભીમ : ધબ અવાજ ફરી થયો.
પડ્યું શું કો?
અર્જુન : નકુલ...
યુધિષ્ઠિર : હા, જોડિયો એ બંધુ શેણે
દૂર રહે ઝાઝો સહદેવ થકી?
નકુલ : જાણું છું હું-
સહદેવ જેટલોયે ખપનો હું ન્હોતો કદી,
ભારતના મહાયુદ્ધે અર્પણ નથી કૈં મારું
એવું, કિંતુ જનકુલે જીવવું વર્તવું રહેવું
કેવી રીતે તેનો કૈં મેં પ્રત્યક્ષ પદાર્થપાઠ
આપ્યો છે ખરો. આ ક્ષણે ક્ષીણ પ્રાણશક્તિ થયે
પડ્યો હું ઢળી અવશ અસુભગ જે પ્રકારે
નથી તે ગમ્યું મને કૈં. મૃત્યુ સામે અમર્ત્ય તે
જીવનસૌન્દર્ય તણો જયજયકાર બોલી
માગું હું વિદાય. જયજય બંધુવરો!
ત્રણે : જય
બંધુ!
ભીમ : મહારાજ, કેમ તમે જેને યક્ષપ્રશ્ન
વેળાએ જિવાડ્યો પ્હેલો, નકુલ તે રૂપરૂપ
નો અંબાર ગ્રસી લીધો હિમે? કેમ રૂપ એહ
અપ્રતિમ નામશેષ થઈ ગયું?
યુધિષ્ઠિર : બંધુ ભીમ,
નકુલના દેહરૂપગર્વનો ન પાર હતો.
ભીમ : ભારતમાં હતો વધુ રૂપવાન કોઈ?
યુધિષ્ઠિર : ભલા
કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ કિંચિતે જોયા રૂપાળા?
માતા અંબિકાએ મીચી આંખો ને અંબાલિકા તો
ફિક્કી થઈ ગઈ લોહી ઊડી ગયા સમી - ભીમ,
રૂપ તું શામાં શોધે છે? રૂપરૂપના અંબાર
કૃષ્ણ દ્વૈપાયન મહીં ઉલ્લસ્યા, કે ઉલ્લસ્યા'તા
કૃષ્ણ વાસુદેવ મહીં, જેની તો આંતરબાહ્ય
મૂરત હતી જ રૂપલાવણ્યસભર. અરે
નકુલની સુકુમાર કલાદૃષ્ટિ, રસરુચિ,
સૌન્દર્ય અભિનિવેશ, - ચિત્તના ને કર્મ તણા
ખમીરની ઊણપે સૌ વરવાં બની જતાં એ.
નકુલના રૂપ પરે કેટલીક વારી ગઈ
કૃષ્ણા, એ જ જોને? ભીમ, નકુલની કરુણતા
એ જ કે એ લોભાઈને બાહ્ય સૌન્દર્યથી રહ્યો

રીઝી, ન અંતઃસૌન્દર્ય ખીલવવા આકર્ષાયો.
ભીમ : શો ધુબાકો કારમો આ?
યુધિષ્ઠર : અર્જુન હા ધરાશાયી
થયો! ભીમ, અર્જુન જે હાથપગ આપણા-સૌ
પાંડવોના પરિવાર બૃહતનો સ્તંભજેહ.
અર્જુન : હતો કૃષ્ણનું કરણ, ઉદ્યત બાહુ હું હતો
દિવ્યતાનો. કૃષ્ણ જતાં ગાંડીવધારીને લૂંટ્યો
કાબે. સ્વયંવરકાલે અંતરમાં પૂછ્યું'તું મેં :
કૃષ્ણ, કહો, આ કાર્યમાં સ્હાય શી તમારી હશે?
અંતર્યામી ત્યાં તો બોલ્યા : પલ્લામાં રાખી ધારણ
ઊભા રહેવું, ચકરાતા મત્સ્યની પાણીમાં છાયા
જોઈ એને વીંધવું, - એ સર્વ કૈં તારે જ પાર
પાડવાનું.... કૃષ્ણ ત્યારે, તમારી શી સ્હાય હશે?-
વદ્યા અંતર્યામી : કહું? હું તો માત્ર નીચેનું આ
પાણી ના ડહોળાય તેની રાખીશ, અર્જુન, ભાળ.
તે દીથી આ હૃદયને અણડહોળ્યું રાખી, તેમાં
લક્ષ્યની છબી સુરેખ સ્વચ્છ ઝીલવા મથ્યો છું,
છું માત્ર કૃષ્ણ-કરણ. તોયે પિતામહનો છું
ઘાતક, શિખણ્ડી-ઓથે રહી શર વર્ષનાર
વીર! વીરા કર્ણનો છું પ્રાણઘાત કરનારો-
રથચક્ર પૃથ્વીગ્રસ્યું કાઢતા મહારથીનો.
જ્યેષ્ઠ હે બંધુઓ, ભીમ, મહારાજ યુધિષ્ઠિર,
કૃષ્ણની આંખે જો રહ્યો દેખતો, વિસાર્યા યદિ
તમોને, ક્ષમા કરો, હે બંધુવરો જયજય!
બંને : જયજય બંધુશ્રેષ્ઠ.
ભીમ : મહારાજ, ખાવા ધાય
હિમાદ્રિની ભેખડો આ કારમી, સુણાય માત્ર
શ્વાસોચ્છ્વાસનો અવાજ અને પૂઠે આવતા આ
સ્નેહલુબ્ધ શ્વાન તણી હાંફ કેરો. ધર્મરાજ,
અર્જુન શેં પડ્યો?
યુધિષ્ઠિર : ભાઈ, ભીમ, કહું તને સત્ય?
ગાંડીવધન્વાએ કહ્યું, એક દિનમાં હું શત્રુ
સમસ્તને ભસ્મસાત્ કરી દઉં. કિંતુ ન એ
શક્ય બન્યું એનાથી, ને ખપ્યો ખોટા શૂરમાની
મહી એ. હતું એને કે ધનુર્ધર કો ન હું શો.
ભીમ : એને નહિ, મને અને તમને ને સૌને ન્હોતું?
ભારતમાં અપ્રતિમ ધનુર્ધારી ધનંજય
હતો - બીજો થશે ત્યારે - એનેસ્તો વિશ્વાસે તમે
મહાયુદ્ધ ખેડ્યું. મારું બળ છે અતુલ ભલે,
અર્જુનની શક્તિની સમક્ષ એ છે તૃણતોલે.
યુધિષ્ઠિર : નથી મારી ના એમાં, તું આટલો વિહ્વળ શાને
થાય વૃથા? નહિ અહીં રણક્ષેત્ર તણી રુદ્ર
શૌર્યભર્યાં કાર્ય તણી ડમરીઓ, અહીં તો છે
શાન્ત સ્વચ્છ અવિકંપ ભારતની ઉર-ગુહા.
કાલનાં ન માપ અહીં, માપ છે અનંતતાનાં.

એ માપે સૌ માપવાની આવી વેળ. અર્જુનની
વીરતા અમાપ હતી - નારાયણસખા હતો
નર એહ, કૃષ્ણ તણા અવતારકાર્ય તણી
ધુરા એને હતી વહેવાની. ગીતા પ્રબોધતી
વેળા કૃષ્ણ પ્રિયોઽસિ મે વચન અમોઘ કહ્યું
-તેને પાત્ર હતો એ. તું ભારે ઇષ્ટ છે મને - એ
કૃષ્ણે કહ્યું સાચ્ચું. ભીમ, તેં વિચાર્યું કદીય, શેં
કૃષ્ણની પસંદગીનો કળશ કિરીટી પરે
ઢળ્યો? ન કે બળમાં તું અર્જુનથી ઓછો હતો.
બુદ્ધિમાં, વાક્પાટવમાં, દક્ષતામાં, રાજ્યનય,
જ્ઞાન, વિધિ, શાસ્ત્ર, ધર્મવૃત્તિ ને વિજ્ઞાન આદિ
પ્રત્યેકમાં અર્જુનથી ન કે કોઈ જાય ચઢી
ભારતમાં નહિ. છતાં કૃષ્ણની તો આંખ ઠરી
કિરીટી પરે જ. કૃષ્ણ હતા ધર્મપ્રાણ, ધર્મ
અર્થે ક્ષણેક્ષણ અર્પનારા હતા. ધર્મરાજ
કહી જેને ચઢાવ્યો'તો સિંહાસને તમે સૌએ,
તેને કૃષ્ણે કર્યો નહિ પસંદ સ્વકાર્ય માટે.
ધર્મના મૂલ્યને સ્થાપ્યું સિંહાસને, તદર્થે હું
પાત્ર હતો કદાચિત્. રે ધર્મ-ચાલના અર્થેની
કાર્યઝંઝા, જુદી જ છે વાત એ તો. સુવર્ણ જે
શુદ્ધ, તેના અલંકાર ઘડી નથી શકાતા, જો
ભેળ જરી હોય તો તે શક્ય બને. અથવા તો
માનવીમાત્રને દેવા સધિયારો દિવ્યશક્તિ
અસામાન્ય છોડી કરે પસંદ સામાન્ય વ્યક્તિ.
મધ્યમાધિકારી હતો અર્જુન, એ ન મર્યાદા
કિંતુ શક્તિ બની એની. કિંતુ અધિકાર એનો
વજ્ર સમો દૃઢમૂલ જામ્યો હતો કૃષ્ણ-હૈયે.
ધનુર્ધર-વિદ્યા વિશે કર્ણ ઊતરે ન ઊણો,
કિંતુ એનું મુખ હતું ધર્મ ભણી સતત એ
કોણ કહી શકે? હતું અર્જુનનું નિરંતર
એ હતો શાશ્વત અધિકાર કૃષ્ણપ્રેમ પરે
એનો. અને તોય કેવી વિડંબના! નર બન્યો
વ્યંડળ વિરાટપુરે. મહાયુદ્ધ તણો મોભી
ભારઝલો મહારથી હતો પોતે, યુદ્ધ છેલ્લું
નિર્ણાયક જે, તથાપિ, દુર્યોધન તણો અંત
લાવનારું, તે તો જીત્યો તું જ, ન કે ધનંજય.
દ્રૌપદીનો પામનાર દ્રૌપદીની માનરક્ષા
મહીં દીપી શક્યો નહિ, તારા જેવો; વધ પામ્યો
એનો અભિમન્યુ કેવો! અને એ કિશોરવીર
તણું વેર લેવા, દેવા શિક્ષા બાલઘાતકને-
જયદ્રથને પ્રતિજ્ઞા કરી બેઠો અર્જુન ત્યાં
માંડ બચ્યો પોતે, કહો, કૃષ્ણ-ચમત્કારથી જ
-વીરગાથા કિરીટીની કરુણામિશ્રિત પૂરી.
ભીમ : ધર્મરાજ, ભાઈ, ઝાલો હાથ, આ હું પડ્યો...
યુધિષ્ઠિરઃ ભીમ,

ધર્મ ઝાલનાર છે હવે તો હાથ આપણા સૌ
તણો.
ભીમ : મહારાજ, થઈ અનુચર આપ પૂઠે
ચાલવાનું પુણ્ય મારું શેણે ખૂટ્યું?
યુધિષ્ઠિર : વૃકોદર,
ખાઉધરો હતો તું, ને પરવા તું અન્ય તણી
રાખતો ના. વૃદ્ધ પુત્રહીન ધૃતરાષ્ટ્રનેયે
હતું સંભળાવ્યું તે : આ ડોસો ખાઈ ખુટાડતો.
ગાંધારી - ને કુંતી સાથે અરણ્યે એ જઈ રહ્યા.
ભીમ : ભૂલ્યા, ભાઈ, યુદ્ધાંગણે ઓગણીસમા પ્રભાતે
મને ભેટવાના સમે લોહમૂર્તિ મારી -દ્વેષી
દુર્યોધને વ્યાયામાર્થે શિબિરે રાખેલી- કૃષ્ણે
સેરવી દીધી ન હોત, તો વૃદ્ધે પૂરો જ કર્યો
હોત મને સો પુત્રોના ઘાતકને. ન હું જાણું
ધર્મ તણી ઝીણી વાતો, કૃષ્ણની કળા પ્રમાણું
પૂરી નવ, ધર્મ એક : કુટુમ્બને સંરક્ષવું.
કળા એક : વિદ્વેષીને ડારવો - વિદારવો ને
એમાં જાત ઘસી દેવી. સ્થૂલતા જે દૂષણ તે
ભૂષણ બની મારે તો. દ્રૌપદી જેવી દેવીને
રીઝવવામાં ઘણી તે ખપ લાગી.
યુધિષ્ઠિર : ભીમ, તારી
ગદાની છાયામાં અમે સુરક્ષિત વસ્યા, મહા
વિજયિની ગદા તારી. નરમેધ યોજનારા
જરાસંઘ સમા આતતાયીને વિદારનારી
ગદા એ જ. કૃતઘ્ન ના મને તું લેખીશ, વીર
કિંતુ રક્ત દુઃશાસન તણું ઉષ્ણ પીનારામાં
પ્રકૃતિની પશુતાનો અંશ હશે કેટલો તો
સબળ? છે આશ્ચર્ય તો એ જ વાતનું કે અગ્નિ
તત્ત્વ સમી પાંચાલીને તવ પૃથ્વી-તત્ત્વ
પ્રતિ
આકર્ષણ હતું શુંય? યુયુત્સા તે બંનેયને
જોડનાર વસ્તુ હતી. કામુક કીચક મૂઢ
ને જંઘા બતાવનાર દુર્યોધન, કેશ અને
એક વસ્ત્ર ખેંચનાર દુષ્ટ દુઃશાસન, - હણી
ત્રણેયને, કરી તેં પ્રસન્ન પાંચાલી પ્રિયાને,
અને કૈં અનેક રીતે, હૃદય જેનું તો સદા
સહજ ઢળ્યું કિરીટી પ્રતિ. ભાગ્ય વિશે તારા
રહી મહાવિજયોની સ્થૂલતાની કદ્રૂપતા.
ક્ષમા, બંધુ, મુખમાં તેં આંગળાં નાખી બોલાવ્યું
એથી આ હું બોલી ગયો, તારા આયુષ્યની જેહ
કરુણતા તે મારીય છે જ તો. હે પ્રિય બંધુ,
જયજય!
ભીમ : જયજય મોટાભાઈ!
યુધિષ્ઠિરઃ હિમાદ્રિ હે,
શું ધાર્યું છે? ક્યાં છે મારી મૃત્યુશય્યા બિછાવી તે

બતાવો, ના બંધુઓ ને પત્નીથી વિદૂર થવા
ચાહું. હિમશુભ્ર મૃત્યુ પાંચેયને મળ્યું તેવું
મનેય અર્પો, અતિથિ આવ્યો છું મૃત્યુવિશાળા
આંગણે તમારે, જ્યાં ના જીવનનું ચિહ્ન એકે.
અવાજ : પરમ જીવન તણે દ્વારે ઊભા છો, સદેહે
સ્વર્ગભૂમિમાં પધારો, થાઓ આ રથે આરૂઢ,
યુધિષ્ઠિર ધર્મમૂર્તિ!
યુધિષ્ઠિર : ચાલ, ભાઈ શ્વાન, આવ
રથમાં લે સ્થાન, થાક્યો હશેયે કેવોક ચાલી.
અવાજ : રાજન્, ના રથે તે બેસી અપવિત્ર શકે પશુ!
નથી એને માટે સ્વર્ગદ્વાર ખુલ્લાં.
યુધિષ્ઠિર : કોણ છો આ
સ્વર્ગલોકે માનવ ને પશુ તણો ભેદ જોતા?
સ્વર્ગદ્વાર ભલે રહે બંધ સદા મારે માટે,
ખુલ્લાં જો ન હોય તે આ શ્વાન કાજે. ચાલ્યા અમે
હસ્તિનાપુરેથી દઈ વિદાય સૌ જનસંઘ
વિશાળને, ત્યારે માત્ર અકારણ સ્નેહસૂત્રે
બંધાયેલો ખેંચાઈ આ આવ્યો શ્વાન પૂઠેપૂઠે,
માનવ ને પશુની જે અયુત વર્ષોથી મૈત્રી
વિકસી રહી તેના કો અમોઘ પ્રતીક સમો
તેને તરછોડવાનું કહેનાર હો ભલે ઈન્દ્ર
હો વા સ્વયં ધર્મ, નથી બનનાર એ કદાપિ
મારાથી.
અવાજ : હે યુધિષ્ઠિર, પાંચાલી ને સહદેવ,
નકુલ, અર્જુન, ભીમ હિમશય્યા વિશે રહેશે,
શ્વાનનો શો મોહ એવો તમોને કે એના વિના
સ્વીકારો ના સ્વર્ગમાં પ્રવેશ.
યુધિષ્ઠિર : જેનું જેવું પુણ્ય.
ઢળ્યાં પત્ની-બંધુ વચ્ચે, કિંતુ શ્વાનનો ને મારો
સમાન છે અધિકાર, સ્વર્ગદ્વારેયે શું અરે
ભેદ પ્રાણી પ્રાણી વચ્ચે, -નરક વિરચી દેતો
જેહ બધે? સ્વર્ગ, તો, આ સ્વર્ગ નથી.
અવાજ : યુધિષ્ઠિર,
જો એ નહિ હોય સ્વર્ગ, તોય પુણ્ય પગલાં આ
તમારાં પડ્યેથી થશે અવશ્યે કરી જ સ્વર્ગ.
ચાલો, કરું છું સ્વાગત યમદેવ તમારું હું,
ઈન્દ્ર-રથ સજ્જ લઈ જવા છે આ ઊભો.
યુધિષ્ઠિર : ભાઈ
શ્વાન, ચાલ.
યમદેવ : શ્વાન ક્યાં છે? છું હું એકમાત્ર અહીં,
માર્ગ આખે ધર્મફોર્યાં પગલાં સૂંઘંત ચાલ્યો
આવું છું, ત્યારે મારા જ સ્વર્ગમાં પ્રવેશવાનો
પામું છું નવાધિકાર કો દીધેલો પુણ્યાળુએ.
17/19-5-1964

### 5.4.2 કૃતિ સારાંશ - કૃતિનો આસ્વાદ

'મહાપ્રસ્થાન'નાં પદ્યનાટકો દ્વારા કવિ ઉમાશંકરે સાહિત્યિક મહાપ્રસ્થાન આરંભ્યું એમ કહી શકાય. ઈ.સ. 1965માં પ્રગટ થયેલા 'મહાપ્રસ્થાન'ના સાતે પદ્યનાટકોમાંથી પદ્યનાટકની લાક્ષણિકતાઓ તારવી શકાઈ છે એ એમની કવિત્વશક્તિની સિદ્ધિ છે. 'વિશ્વશાંતિ' જેવા ખંડકાવ્ય અને 'શોધ' જેવા દીર્ઘ કાવ્યના રચયિતા ઉમાશંકર પદ્યમાં રહેલી નાટ્યસંવાદશક્તિને પરખે અને સફળ પદ્યનાટકો લખે છે. એમનાં આ પદ્યનાટકો નાટકનો અંક નહીં, બલકે, દશ્ય છે. નાટકને જરૂરી એવા સંવાદ માટે છંદની શોધમાં પણ કવિનું છંદપ્રભુત્વ જણાઈ આવે છે. સંગ્રહના પ્રથમ પદ્યનાટક 'મહાપ્રસ્થાન' માટે કવિ 16 માત્રાનો વનવેલી છંદ પ્રયોજે છે, જે અ-ગેય અને માત્રાની ગણતરી વગરનો હોવાથી આ પદ્યનાટકના સંવાદને ઉપકારક નીવડ્યો છે.

કવિ ઉમાશંકરે 'મહાભારત'ના 'મહાપ્રસ્થાનિક પર્વ'ના બીજા-ત્રીજા અધ્યાયમાંથી વસ્તુ-કથા-ઘટનાની પસંદગી કરી છે. મૂળ કથાને જેમની તેમ રાખીને જ કવિએ સર્જનશક્તિના ચમકાર આંતરઅભિવ્યક્તિમાં બતાવ્યા છે. આમ છતાં, કવિ આત્મલક્ષી બન્યા નથી અને કવિતામાં પરલક્ષિતા જાળવી રાખી છે.

'મહાપ્રસ્થાન'માં યુદ્ધ પછી પાંચ પાંડવો અને દ્રૌપદી સ્વર્ગારોહણ માટે હિમાલય જાય છે, ત્યારે કર્મના ફળ આધારે એક પછી એક સ્વજનનો દેહ પડે છે, અર્થાત્ મૃત્યુ પામે છે. સ્વજનના પડવા સાથે ભીમ ધર્મરાજ યુધિષ્ઠિરને તેના મૃત્યુનું કારણ પૂછે છે અને યુધિષ્ઠિર તાટસ્થ્ય કેળવીને ધર્માશ્રિત ઉત્તર આપે છે, એ આ પદ્યનાટકની ગતિ. સૌ પ્રથમ દ્રૌપદીનો દેહ પડે છે. જેના ઉત્તરમાં યુધિષ્ઠિર ભીમને જણાવે છે કે, દ્રૌપદી પાંચ પતિ ધરાવતી હતી છતાં, તેને અર્જુન પ્રત્યે વિશેષ અનુરાગ હતો. બીજો દેહ સહદેવનો પડે છે. તેના મૃત્યુના કારણમાં યુધિષ્ઠિર જણાવે કે, તેને ત્રિકાળ જ્ઞાની હોવાનું અભિમાન હતું અને એ જ એનું દુઃખ પણ હતું, કારણ કે, એ બધું જ જાણતો હોવા છતાં નિયતિ સામે તે લાચાર હતો. એ આવનારી ઘટના જાણતો હોવા છતાં એને રોકવામાં અસમર્થ હતો. સહદેવ પછી નકુલ પડે છે. નકુલને પોતાના રૂપનું ઘણું અભિમાન હતું તેમ યુધિષ્ઠિર જણાવે છે. અર્જુનના મૃત્યુનું કારણ આપતાં યુધિષ્ઠિર જણાવે કે, એને પોતે સર્વશ્રેષ્ઠ ધનુર્ધર હોવાનું અભિમાન હતું. વળી, દ્રૌપદી હોવા છતાં તેણે એ વિદ્યાના બળે અન્ય સ્ત્રીઓ સાથે પણ લગ્ન કરેલાં અને પતિધર્મ નિભાવવામાં ઊણો ઊતર્યો હતો. ચાર સ્વજનોના પડ્યા પછી ભીમ, યુધિષ્ઠિર અને પાછળ ચાલ્યો આવતો શ્વાન જ બચે છે. પછીના ક્રમે ભીમ પડે છે. મૃત્યુ પહેલાં ભીમ પોતાના મૃત્યુનું કારણ પૂછે છે. યુધિષ્ઠિર ભીમને જણાવે છે કે, તું વૃકોદર હતો. વળી, તેં દુઃશાસનનું રક્ત પીવાનું પશુ સમાન હીન કર્મ કરેલું. તેં પરિવારનું રક્ષણ કર્યું એ સાચું પણ દ્રૌપદીનો પ્રેમ જીતવા તેં એનાં અપમાનોનો બદલો લીધો તેમ છતાં દ્રૌપદી અર્જુન તરફ ઢળેલી છે, તે તું જાણતો હતો.

બધા જ ભાઈઓ અને પત્નીના મૃત્યુ પછી એકમાત્ર યુધિષ્ઠિર અને પાછળ આવતો શ્વાન સ્વર્ગના પ્રવેશદ્વારે પહોંચે છે. અહીં યુધિષ્ઠિર માટે સ્વર્ગપ્રવેશ માટે રથ છે પણ શ્વાન માટે નથી. તેથી, યુધિષ્ઠિર શ્વાન વગર સ્વર્ગમાં પ્રવેશવાનો ઇનકાર કરે છે. એ કહે છે કે, જો જીવમાત્ર માટે આવો જાતિભેદ સ્વર્ગમાં પણ હોય તો મૃત્યુલોક - સ્વર્ગલોકમાં ભેદ શો? અને એવા સ્વર્ગમાં શા માટે જવાનું જ્યાં મનુષ્યને મનુષ્ય સમજવામાં આવે પ્રાણી નહીં.

આ પદ્યનાટકનો આ કેન્દ્રવર્તી વિચાર કે ભાવ છે. વ્યક્તિએ પોતાની શક્તિનું અભિમાન ન કરવું અને લોકહિતાર્થે નિર્લેપભાવે એનો સદુપયોગ કરવો. અને જગતનાં સર્વ પ્રાણીઓ તરફ સમભાવ રાખવો.

'મહાપ્રસ્થાન'માં દ્રૌપદીના મૃત્યુના કારણમાં કવિએ ઘણો ભાગ રોક્યો છે. એ સંવાદમાં કવિ પૃથક્ રહી શક્યા નથી તેથી, થોડી આત્મલક્ષિતા પ્રવેશી ગયેલી જણાય છે. અંતે પણ, યુધિષ્ઠિરના સંવાદમાં ગાંધીવિચારનો કવિ પરનો પ્રભાવ દેખાઈ આવે છે.

'મહાપ્રસ્થાન'માં વ્યક્ત ભાવના નિર્વહણ માટે ઉપયોગમાં લીધેલો વનવેલી છંદ સંવાદને ઉપકારક નીવડ્યો છે અને તેમાં મંચસજ્જા ઓછામાં ઓછી છે, તેથી આ પદ્યનાટક મંચનક્ષમ છે એમ કહી શકાય.

સંવાદરચનામાં કવિએ બોલચાલના શબ્દોનો ઓછો પ્રયોગ કર્યો છે અને તત્સમ્ શબ્દોથી યુક્ત માન્ય ગુજરાતી ભાષાનો પ્રયોગ કર્યો છે.

### 5.5 વિશેષ અધ્યયન

નીચેના પ્રશ્નોના વિગતવાર જવાબ લખો.

1. ઉમાશંકર જોશીના 'મહાપ્રસ્થાન' સંગ્રહનાં પદ્યનાટકોમાં સંઘર્ષનું નિરૂપણ વિશે નોંધ તૈયાર કરો.
2. પદ્યનાટ્યકાર તરીકે ઉમાશંકર જોશીની મર્યાદાઓ વિશે નોંધ લખો.
3. 'મંથરા' અથવા 'ભરત' પદ્યનાટકનો આસ્વાદ કરાવો.

### 5.5.1 વિશેષ વાચન

- કવિ ઉમાશંકર જોશીના 'મહાપ્રસ્થાન' સંગ્રહનાં પદ્યનાટકોનું વાચન-પઠન કરો.
- શેક્સપિયરના ગ્રીક ટ્રેજેડી 'મેકબેથ'નું વાચન કરો.
- ટી.એસ. એલિયટના કાવ્યસિદ્ધાંતોનો અભ્યાસ કરો.

### 5.6 સંદર્ભ-ગ્રંથો


- 'મહાપ્રસ્થાન', ઉમાશંકર જોશી
- 'ઉમાશંકરનો વાગ્વૈભવ', ખંડ-1, ચંદ્રકાન્ત શેઠ
- 'અધુના', ભોળાભાઈ પટેલ
- 'ઉપસર્ગ', ઉશનસ્
- 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા', ડો. ધીરુભાઈ ઠાકર


---


**લેખન :** પ્રો.ડૉ.જિતેન્દ્ર મેકવાન (આસી.પ્રોફેસર)
મહેમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ


---

એકમ 6

# ઉમાશંકર જોશીનાં અછાંદસ કાવ્યો

રૂપરેખા

6.1 ઉદ્દેશો
6.2 પ્રસ્તાવના
6.3 ઉમાશંકર જોશીના અછાંદસ કાવ્યો
6.3.1 ઉમાશંકર જોશીની અછાંદસ કાવ્યોની સિદ્ધિઓ
6.4 વિવેચનાત્મક અભિપ્રાયો
6.5 અછાંદસ કાવ્યનો આસ્વાદ
6.6 વિશેષ અધ્યયન
6.7 સંદર્ભ-ગ્રંથો

## 6.1 ઉદ્દેશો

આ એકમથી

- અછાંદસ કાવ્યનું સ્વરૂપ સમજી શકાશે.
- ઉમાશંકર જોશીનાં ઉત્તરકાલીન સંગ્રહોમાં કવિ મિજાજની બદલાયેલી તાસીરનો અભ્યાસ કરી શકશો.
- અછાંદસ કાવ્યોમાં પણ ઉમાશંકર જોશીએ કેવી સિદ્ધિઓ બતાવી છે તે સમજશો.

## 6.2 પ્રસ્તાવના

ઉમાશંકર જોશીના 'સમગ્ર કવિતા' સંગ્રહમાં 'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો' એવી પહેલી પંક્તિથી શરૂ થતી કાવ્યયાત્રા સંગ્રહની છેલ્લી પંક્તિ 'છેલ્લો શબ્દ મૌનને કહેવાનો હોય' ત્યાં પૂરી થાય છે. આ બે સ્થિત્યંતરો વચ્ચે કવિ ઉમાશંકરના વ્યક્તિત્વનાં અનેક પાસાં જોવા મળે છે. 'વિશ્વમાનવ' જેવા ખંડકાવ્યથી આરંભાતું કાવ્યરૂપ 'વિશ્વશાંતિ' (1931), 'ગંગોત્રી' (1933), 'નિશીથ' (1939), 'આતિથ્ય' (1946), 'વસંતવર્ષા' (1954)માં સોનેટ, છાંદસ કાવ્યોમાં અને 'પ્રાચીના' (1944)-'મહાપ્રસ્થાન' (1965)માં દશ્યકાવ્યમાં સુધી વિસ્તરે છે. આ યાત્રામાં વિશ્વમાનવ બંધુતા અને સમાનતાની વૈશ્વિક આહલેક પોકારતો કવિ માલાર્મે, વાલેરી, રિલ્કે અને આધુનિકતાવાદી કવિતાનો પ્રતીક-કલ્પનવાદના સાહિત્યિક આંદોલનનો પ્રભાવ ઝીલે છે અને એકલતાની ગર્તમાં પડે છે અને છિન્નભિન્નખિન્ન અવદશાને પામે છે, નિર્ભ્રાંતિની અવસ્થાએ પહોંચે છે, તેથી માનવતાનો પ્રહરી કવિ પોતાના વ્યક્તિત્વની શોધ આરંભે છે. પ્રકૃતિના કણેકણને આત્મસાત્ કરેલા કવિએ નિજી ઓળખ ગુમાવ્યાની એ વેદનાને છંદના માપમાં અભિવ્યક્ત થવું કદાચ નથી ફાવતું તેથી ઉમાશંકર એમના છેલ્લા ત્રણ કાવ્યસંગ્રહો 'અભિજ્ઞા' (1967), 'ધારાવસ્ત્ર' (1981) અને 'સપ્તપદી' (1981)માં અછાંદસનો પ્રયોગ કરે છે.

આ એકમમાં ઉમાશંકરના આ ત્રણ કાવ્યસંગ્રહોમાં રહેલા અછાંદસ કાવ્યોનો પરિચય મેળવીશું. કવિ ઉમાશંકરની બદલાયેલી વ્યક્તિતા એમનાં આ કાવ્યોના પોતને કેવી અસર કરે છે અને કાવ્યરૂપ કેવું બદલાયું છે, તેનો અભ્યાસ કરીશું.

## 6.3 ઉમાશંકર જોશીના અછાંદસ કાવ્યો

### 'અભિજ્ઞા'માં મુક્ત છંદનો કવિ મિજાજ

'અભિજ્ઞા' સંગ્રહમાં કવિ આત્મમંથન અને આત્મશોધનાં કાવ્યો ઉપરાંત પ્રતીક તરફ ઢળ્યા હોવાની આપણને પ્રતીતિ થાય છે. કવિ પર એમના પ્રથમ કાવ્યસંગ્રહથી જ એલિયટની કાવ્ય-વિભાવનાની અસર હતી અને કવિનો પ્રયત્ન હતો કે એ કવિતાનો ત્રીજો સૂર પ્રગટ કરે. એ પ્રયત્નના ભાગ રૂપે 'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન'માં પદ્યનાટકો-સંવાદકાવ્યો પ્રાપ્ત થયા. આ

જ સંગ્રહથી આપણે જાણી શકીએ છીએ છે, હવે પછીની કાવ્યયાત્રા મુક્ત છંદ કે છંદમુક્ત પદ્ય તરફની છે. કવિ, 'અભિજ્ઞા'નાં મોટા ભાગનાં કાવ્યો છંદમુક્ત લયનાં છે. નોંધવું જોઈએ કે, આપણી કાવ્યપરંપરામાં છાંદસ કાવ્યો પછી છંદમુક્ત કાવ્યો અને અ-છાંદસ કાવ્યો તેમ જ ગદ્યકાવ્યો છે. છેલ્લાં બે સ્વરૂપનાં કાવ્યો આધુનિક ગાળાનાં કાવ્યોનો વિશેષ રહ્યો છે, છતાં, આધુનિકતાની અસર ઉમાશંકરનાં કાવ્યોમાં પણ ઝિલાઈ છે, જે આપણને 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર', 'સપ્તપદી'નાં કેટલાંક કાવ્યોમાં દેખાય છે.

'ગાડી ઘણા ગાઉ કાપે' કાવ્યમાં ગાડીનો રેલવે અર્થ લઈને અભિધાશક્તિથી કાવ્યને સમજવા જઈએ તો આ કાવ્યમાં સાદૃશ્યમૂલક વર્ણન જોવા મળે. ગાડી પસાર થાય છે અને ઘર પસાર થઈ જાય છે, કેટલાક મુસાફરો બેસે-ઊતરે છે. માણસ પણ એ રીતે અંતર કાપે છે અને ઘરથી દૂર રહી જાય છે. પરંતુ, આ કાવ્યમાં જ્યારે આધુનિકતાનો સંસ્પર્શ જોઈએ ત્યારે, ગાડી જીવનના પ્રતીકરૂપે શારિરીક ધર્મો બજાવતી ભાસે છે, એમાં બીજા ખંડમાં કવિ આંતરિક વ્યક્તિતાને જોડે છે - 'ભીતરનાં કમાડ ઊઘડે ન ઊઘડે ત્યાં ધડાક ભિડાઈ જાય.' આમ, આ કાવ્યમાં ઉમાશંકર આંતરવ્યક્તિત્વની છબિને પ્રતીકાત્મક રીતે વ્યક્ત કરે છે.

'રખડુ અને ગુફાવાસી' બે ખંડનું કાવ્ય છે. જેમાં ખંડ 1. 'રખડુ' અને ખંડ 2. 'ગુફાવાસી'. કવિએ પહેલા ખંડમાં માનવમનની 'ભટકવા'ની વૃત્તિનું આલેખન છે. માણસ કશાની શોધમાં ભટક્યા કરે છે, એ શોધ કવિમતે, 'પ્રેમરોટીના કદીક બે ટુક'ની છે, જે 'ભાંગે જન્માન્તરોની ભૂખ' કહીને માનવની પ્રેમભૂખને વ્યક્ત કરીને કવિ અની અતૃપ્તિને વર્ણવે છે, એ અતૃપ્તિ 'આત્મ-રત' થવાથી ભાંગશે તે આ પ્રથમ ખંડનો કાવ્યકેન્દ્રવર્તી સૂર. પછી બીજો ખંડ તે 'ગુફાવાસી'. પહેલાનો આરંભ 'ક્યારે પ્હોંચી જાઉં ઘેર!' પંક્તિથી થયો છે તો, બીજાનો આરંભ 'આવી પ્હોંચ્યો ઘેર!'થી થયો છે. બંને વચ્ચેનો વિરોધાભાસ બીજા ખંડમાં વિસ્તરે છે. ઘરમાં બેસી રહેવાથી મન શાંત બેસી રહેતું નથી, 'કીડીઓ ચઢવા માંડી ત્યાં તો;' કહીને કવિ મનની ભ્રમણેચ્છાને વ્યક્ત કરે છે - 'ખેંચતું સ્હેલવા બસ ટહેલવા જગમાં નિરર્થક.' આમ, બંધિયાર બની જવા કરતાં મુક્ત ભ્રમણનો કવિએ મહિમા કર્યો છે. આ મુક્ત ભ્રમણ શરીરનું નહીં, મનનું છે અને મનને કશાની શોધ છે, તેથી કવિ છેલ્લી પંક્તિઓમાં કહે છે, 'એકરૂપ થઈ ભૂમિલોક સકળથી, અનુભવવું ક્યારેક સાયુજ્ય અકળથી, હવે ગુફા મુજ સમષ્ટિઘેર, રહું ન ઘેર.'

'શું શું સાથે લઈ જઈશ હું?'માં જીવનની સભરતા, મૃત્યુની અનિવાર્યતા અને મોહ-માયા-લોભ-લાભની નિરર્થકતાને છોડીને માણસ ખાલી હાથે આવ્યો હતો તેમ જ, ખાલી હાથે જવાનો છે, તેની નિયતિને કાવ્યરૂપ આપ્યું છે. વિદગ્ધ કવિના વસિયતનામા જેવી આ કવિતામાં કવિ 'એક નાનકડો સ્વપ્ન-દાબડો' હૃદયમાં સંચિત કરી રાખે છે, એથી વધુનો એનો લોભ પણ નથી અને છતાં, છેલ્લી પંક્તિઓમાં નેપોલિયને જેમ નનામીમાં બે હાથ ખુલ્લા રખાવેલા જે સંદેશ આપવા તે, કવિએ અહીં કાવ્યાત્મક બાનીમાં રજૂ કર્યો છે -

'ખુલ્લા બે ખાલી હાથે, ખુલ્લા બે 'ખાલી' હાથે?'

કાવ્યચમત્કૃતિ આ બે પંક્તિમાં સિદ્ધ કરી છે, એક જ શબ્દના બે આવર્તનથી. પહેલી કડીનો ખાલીનો અર્થ બીજી કડીના અવતરણમાંના 'ખાલી'ના અર્થથી જુદો છે, જે પ્રશ્નાર્થરૂપે મુકાયો છે.

'અભિજ્ઞા'માં કવિએ કેટલાક કવિઓ-મહાવિભૂતિને શ્રદ્ધાજલિરૂપ કાવ્યો પણ મૂક્યાં છે, જેમાં 'મહાકવિ દાન્તે', 'શેક્સપિયર', 'મહામના લિંકન', 'તોલ્સ્તોયની સમાધિએ', 'કલમને નર્મદની પ્રાર્થના', કવિશ્રી નાનાલાલની સ્મૃતિમાં 'અશેષ શબ્દ-માધુરી', શ્રી રવિશંકર મહારાજની 75 વર્ષ પૂર્તિપ્રસંગે 'ઊર્ધ્વ માનુષ', 'નિરંજન ભગતને જન્મદિને'-નો સમાવેશ થાય છે.

**'ધારાવસ્ત્ર'માં કવિનો મુક્ત લયનો પ્રવાસ**

'અભિજ્ઞા' સંગ્રહમાં કવિએ કેટલાંક પ્રવાસકાવ્યો આપ્યાં છે, જેમ કે, 'રાજસ્થાનમાંથી પસાર થતાં', 'ઓક્સફર્ડ', 'હિમાદ્રીની વિદાય લેતાં' એમ 'ધારાવસ્ત્ર'માં પણ કવિ ઉમાશંકરે

કેટલાંક પ્રવાસવર્ણનનાં કાવ્યોમાં આત્માભિવ્યક્તિ કરી છે. આ સંગ્રહમાં કવિ-મહાપુરુષોને શ્રદ્ધાંજલિરૂપ કાવ્યો અને બાળકાવ્યોનો સમાવેશ કર્યો છે. પ્રવાસનાં સ્થળવિષયક કાવ્યોમાં 'અમે ઈડરિયા પથ્થરો', 'અલ્વિદા દિલ્હી' એમનાં જાણીતાં કાવ્ય છે, તો 'માઈલોના માઈલો મારી અંદર'માં વ્યક્તિચેતનાનો આંતરપ્રવાસ છે.

'માઈલોના માઈલો મારી અંદર' પ્રવાસ દરમિયાન થતા આંતરચેતનાપ્રવાહના પ્રવાસનું કાવ્ય છે. કાવ્યમાં બે પ્રવાહ એકસાથે ચાલે છે. એક, ગાડીના લય સાથે બહારના વસ્તુજગતનો દૃશ્યગત પ્રવાહ, જેમાં ડુંગર, સરિતા, ઝૂંપડીઓ, ઓકળી લીંપેલાં છાપરાં, એની પાસે ઊભેલી કન્યા... આ દૃશ્યજગત કવિની ચેતના સાથે જોડાઈને નવું રૂપ ધરે છે - 'પેલા દૂર ડુંગર સરી જાય અંદર - ડૂબી જાય મજ્જારસમાં, સરિતાઓ નસોમાં શોણિતના વહેણમાં વહેવા માંડે, સરોવરો પહોળી આંખોની પાછળ આખાં ને આખાં ડબક ડબક્યાં કરે.' ગાડીમાંથી દેખાતાં દૃશ્યો પાછળ વહી જાય એમ જ સ્મૃતિ પણ કવિને ભૂતકાળમાં પાછળ લઈ જાય છે - એ રીતે માઈલોના માઈલોનો સ્મૃતિપ્રવાસ કવિ કરે છે. આ પ્રવાસ દિગંતમાં અનંત વિસ્તરે છે. 'આકાશગંગાઓ, નક્ષત્રોનાં ધણ,-ચાલ્યાં આવે. હરણ્ય મારી ભીતર કૂદી, પૂંઠે વ્યાધ, લાંબોક વીંછુડો...' કવિને માત્ર આશા છે આ સ્મૃતિઓનો સંપુટ સચવાઈ રહેવાની અને તેથી 'વિશ્વોનાં વિશ્વો' કવિની અંદરથી પસાર થાય છે. એ વિશ્વ એટલે સ્મૃતિશેષ ભૂતકાળની ઋજુ લાગણીઓ.

'ધારાવસ્ત્ર' શીર્ષકકાવ્ય આધુનિક કવિતાનો સંસ્પર્શ પામ્યું હોય તેવું છે. કાવ્યમાં ધારાવસ્ત્રનો ફરફરાટ છે જે સમગ્ર સૃષ્ટિને ઝપટમાં લઈ લે એવું છે. એને અંકે કરવા વૃક્ષો મથે છે. કવિચેતના એમાં સાથ પુરાવે છે, એમ કહીને 'વ્યર્થ હાથ વીંઝ્યાં કરે'. સૂર્યનું પાછળ હડસેલાવું અને 'ધડાક બારણાં ભિડાય'માં આધુનિકતાનો અંધકારનો ભયભાવ સૂચવાયો છે. આ ધારાવસ્ત્ર એ અગોચર એવી શક્તિને પામવાનાં હવાતિયાંનો અહીં નિર્દેશ છે.

સંગ્રહમાં 'હરિશ્ચંદ્રને', સદ્‌ગત રાવજીની સ્મૃતિમાં 'જીવતો શબ્દ', 'કવિ ઓડેન', 'પાબ્લો નેરૂદાનું મૃત્યુ', 'સુંદરમનું ઘર', 'ચંદ્રવદન એક..' સ્મૃતિકાવ્યો સમાવ્યાં છે.

**'સપ્તપદી'માં કવિચિત્તની નિર્ભ્રાંત અવસ્થા**

'સપ્તપદી' ઉમાશંકરનો અંતિમ અને અગાઉનાં કાવ્યોથી જુદા વિશ્વને પ્રગટાવતો સંગ્રહ છે. સંગ્રહમાં કુલ સાત કાવ્ય 'છિન્નભિન્ન છું', 'શોધ', 'નવપરિણીત પેલાં', 'સ્વપ્નને સળગવું હોય તો', 'પીછો', 'મૃત્યુ-ક્ષણ' અને 'પંખીલોક' છે. આ સાતેય રચના મળીને જાણે એક કાવ્ય હોય તેવી તેની રચનારીતિ છે. પહેલા કાવ્યમાં કવિની વ્યક્તિચેતનાની છિન્નભિન્નતાનો અર્થ-ભાવબોધ છે, બીજા કાવ્યમાં સર્જકતાની અભિવ્યક્તિની અને છિન્ન વ્યક્તિતાની શોધ છે. ત્રીજી રચનામાં પ્રેમ અને દામ્પત્યભાવની પડછે કવિની એકકેન્દ્ર થવાની ચાહ છે. ચોથું કાવ્ય દુરિત તરફ ઈશારો કરે છે. વિશ્વનું અખિલાઈથી દર્શન કરવા મથતા કવિએ દુરિત તત્ત્વોનો પણ સ્વીકાર કરવો પડે. જ્યારે આ દુરિતનો અનુભવ-સ્વીકાર થાય તે પછી જ ઈશ્વરના અસ્તિત્વનો એમની અનિવાર્યતાનો એહસાસ અનુભવાય, તે ભાવ છે. પાંચમી રચનામાં પ્રભુનો પીછો કર્યો છે. છઠ્ઠું કાવ્ય મૃત્યુની અનુભૂતિનું કાવ્ય છે. તો, છેલ્લા કાવ્ય 'પંખીલોક'માં નિર્ભ્રાંત વૈશ્વિક વ્યક્તિચેતનામાં પોતાપણાનો ભાવ પામે છે અને કવિ આનંદલોકમાં પ્રવેશે છે.

'છિન્નભિન્ન છું'માં કવિની અસ્તવ્યસ્ત જીવન પ્રત્યેની અનાસ્થા પ્રગટ થઈ છે. એ વ્યસ્તતાએ માનવમાત્રને પોતાની જાતથી વિચ્છિન્ન કરી નાખ્યો છે. કવિ, પૂછે, 'કોણ બોલી? કોકિલા કે?' આવુંય એટલા માટે પૂછવું પડે છે કે, માનવનું પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય ઓછું થયું છે અથવા નથી રહ્યું. યાંત્રિક જીવનપ્રણાલીએ સાંસ્કૃતિક આક્રમણ કર્યું છે, તેથી, કવિને 'ખબર સરખી ના રહી!' કે 'વસંતપંચમી કેમ આવી ને કેમ ગઈ'. સમગ્ર કવિતામાં 'રાગમૂર્તિ, દ્વેષમૂર્તિ, ભયમૂર્તિ'નો મહિમા અને એની માનવચિત્ત પરની વિઘાતક અસરો વર્ણવાઈ છે. એ નિમિત્તે કવિ ભૂતકાળમાંયે લટાર મારી આવે છે... કવિની આ ખિન્નતા વ્યક્તિગત મટીને વૈશ્વિકતાને સ્પર્શે છે.

'શોધ'માં આ ખિન્નથી ગ્રસ્ત કવિ પોતાને શોધે છે, પોતાના વિદગ્ધ કવિહૃદયને શોધે છે. 'પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નહિ.' એમની એ શોધ, દુર્ગમ પૃથ્વી પદાર્થોમાં છે, ધરતીમાતાના ખોળામાં છે, શિશુઓના કલહાસ્યમાં છે, પણ સૌંદર્યાનુભૂતિની એ શોધમાં 'કવિતા' ખોવાઈ છે. ઋજુ હૃદય ખોવાયું છે, એની શોધ કવિ આત્મામાં કરે છે. આ કાવ્યની સાથે 'આત્માનાં ખંડેર' અને 'ભોમિયા વિના' એ બે કાવ્ય વાંચવાથી કવિવેદનાનો સઘન અનુભવ પામી શકાય એમ છે.

### 6.3.1 ઉમાશંકરની અછાંદસ કાવ્યોની સિદ્ધિઓ

ઉમાશંકર જોશી પ્રથમ કાવ્યસંગ્રહથી જ કવિતાના ત્રીજા સૂરની શોધમાં હતા. એ શોધ માટે તેમણે પદ્યનાટકો કે દૃશ્યકાવ્યો કે સંવાદ કાવ્યો રચ્યાં, જેમાં કવિને પોતાને સંવાદ માટે સંસ્કૃત વૃત્તોની મર્યાદા જણાઈ તેથી તેઓ મુક્ત છંદ કે મુક્ત લયને અથવા વનવેલી, પૃથ્વી જેવા અગેય છંદો પ્રયોજે છે. આમ, કવિતાને - કાવ્યવિષયને - ભાવને અનુરૂપ છંદની જરૂર છે કે નહીં? તેની સમજ કવિને હોવી એ કવિની પોતાની એક સિદ્ધિ ગણાય.

ઉમાશંકરે ભાવભિવ્યક્તિ નિમિત્તે છંદ છોડ્યા. પણ તેથી તેમણે અછાંદસ કાવ્ય લખ્યાં એમ ન કહી શકાય. ઉમાશંકરનાં કાવ્યો છંદમુક્ત છે, કેટલાંક મુક્તછંદ છે તો કેટલાંકમાં છંદનો લયમાત્ર પ્રયોજાયો હોય, તેવું પણ બન્યું છે. એટલે એમ કહી શકાય કે ઉમાશંકરે અછાંદસને બદલે છંદમુક્ત લયની કવિતા રચી છે, જે એમનો કવિવિશેષ ગણી શકાય.

ઉમાશંકરનાં અછાંદસ-છંદમુક્ત કાવ્યો વિષયની રીતે પણ વિશિષ્ટ છે. અગાઉનાં કાવ્યોમાં કવિ પ્રકૃતિનું હૃદ્ય નિરૂપણ કરે છે, માનવસમભાવ-સમાનતા અને વૈશ્વિક માનવબંધુતાના ભાવને આલેખે છે. જ્યારે ઉત્તરકાલીન કાવ્યોમાં ઔદ્યોગિક-રાજકીય-સાંસ્કૃતિક આક્રમણો અને દોડધામો કે વ્યસ્તતાઓમાં ખોવાયેલા પોતાના વ્યક્તિત્વની શોધ કરે છે. આ આંતરશોધ માટે કવિ જે ભાષા-શબ્દો પ્રયોજે છે તે પણ વિશિષ્ટ છે. સમગ્ર કવિતામાં કવિની ભાષાતરાહ એકસમાન તત્સમ-તદ્ભવ શબ્દ-પદાવલીની રહી છે, માન્ય ગુજરાતી ભાષાની રહી છે, છતાં, અછાંદસ કાવ્યોના ભાવનિરૂપણ માટે પ્રયોજાયેલા શબ્દોમાં ખિન્નતા, વિચ્છિન્નતા, નૈરાશ્ય, ગ્લાનિના ભાવ અર્થબોધક શબ્દો વધુ પ્રયોજાયા છે.

આ ઉપરાંત, ઉમાશંકર જોશીનાં ઉત્તરકાલીન અછાંદસ કાવ્યોમાં આધુનિકતાની અસર પણ દેખાય છે. 'છિન્નભિન્ન છું'ને આધુનિક કાવ્ય કહેવું હોય તો કહી શકાય તેવી તેની ધાટી છે. કવિએ પ્રતીક અને કલ્પનોના પ્રયોગ પણ કર્યા છે.

આમ, વિષયનું નાવીન્ય, આત્મની ઓળખની સભાનતા, છંદમુક્ત ભાષા, આધુનિકતાની અસર અને પ્રતીકનો પ્રયોગ જેવી લાક્ષણિકતાઓ ઉમાશંકરનાં અછાંદસ કાવ્યોની સિદ્ધિઓ કે વિશિષ્ટતા ગણી શકાય.

### 6.4 વિવેચનાત્મક અભિપ્રાયો

- "'શોધ' કાવ્યમાં (અને 'સપ્તપદી'નાં બીજાં કાવ્યોમાં) ભારતીય કવિ ઉમાશંકર જોશી પોતાની સંસ્કૃતિની હ્રાસોન્મુખતાનું આલેખન કરે છે એ એના ઉલ્લસન માટે, 'ભવિષ્યના નિર્મલ સકલ આશારહસ્યની' શોધ કરે છે. એક સો નવ પંક્તિમાં વિસ્તરેલા આ કાવ્યની અનેકવિધ લયલીલાઓમાં આજ વરસોથી મને સિમ્ફોનિક મૂવમેન્ટ્સ, બહુવાદ્ય-સંગીતનું આરોહ-અવરોહભર્યું વાગ્‌િ-સંગીત સંભળાતું રહ્યું છે." ('શોધ' - અંગે એક શોધ સફર, સિતાંશુ યશશ્ચંદ્ર, 'પરબ', જાન્યુ-ફેબ્રુ. 2011)

- "'છિન્નભિન્ન છું' તેવું કવિનું કથન પોતાની સમગ્ર હયાતી વિશેનું છે. ....'માનવજાતિના જીવનપટ' સાથે આ સર્જકકવિનો સીધો, આત્મીય લગાવ છે. ટુ બી ઈઝ ટુ બી રિલેટેડ." ('છિન્નભિન્ન છું' વિશે, લાભશંકર ઠાકર, 'પરબ', જાન્યુ-ફેબ્રુ. 2011)

### 3.5 અછાંદસ કાવ્યનો આસ્વાદ
### વીંધાયેલો અવાજ

ઘવાયેલા પ્રાણીની જેમ
ક્યાં ક્યાં તું રખડીશ-રઝળીશ?
આ જંગલઝાડીમાંથી તે-માં પેસી
કંટકોના ઉઝરડાથી જખમો તું ઉબેળીશ?
ઘવાયેલું પશુ થાક્યુંપાક્યું અંતે
પટકાઈને પડે ને જમીનનો
છોડ કોઈક જડીબુટ્ટી સમો
સંજીવની બની રહે.
-બને, બને એવું.
તારે માટે? આ પ્રદેશ તે પ્રદેશ,
સ્વદેશના બધાય તે
-હિમ પડે ને પંખીઓના કંઠને
મૂંગા કરવા મથે એમ-
સૂમસામ જેવા અવિચારી દમનના ભાર તળે;
ચોગમના ડરકુ મતલબી મૌન વચ્ચે
ગાવા કરતા કોઈ કોઈ અવાજ, તેય
ભીતરની વેદનાને વળી વધુ સંકોરશે.
બને કે ઉઝરડાવું જખમોનું ઊંડા જવું
એ જ ઉગાર હશે, ઉપાય હશે
આતંક-ઑથાર ફગાવી દેતા
અમૃત રેલા સમા
મુક્ત અંતરતમ અવાજને સ્ફુરવાનો.

કવિ ઉમાશંકર જોશીની કવિપ્રતિભા અગેય કે અછાંદસ કે મુક્ત લયને આલાપે એ છેલ્લા ત્રણ સંગ્રહમાંના ‘ધારાવસ્ત્ર’માંનું આ કાવ્ય કવિના રુગ્ણ મનોભાવોને અને અંતરતમના અવાજની શોધને પ્રતિબિંબિત કરે છે. ઈ.સ. 1965 પછી ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો સૂર વહેવા માંડ્યો હતો. વિદેશી સાહિત્યનો અભ્યાસ એ સમયના સાહિત્યકારોના ઘડતરમાં મહત્તમ ફાળો આપે છે. ઉમાશંકર પર ગાંધીવિચારનો પ્રભાવ હતો તે, રિલ્કે, માલાર્મે જેવા પશ્ચિમના કવિઓનાં સર્જનોના વાચન-પ્રભાવથી ઓસરી રહ્યો હતો. વિશ્વમાં પ્રસરેલા ભય, આતંક અને એકલતાના ભાવોએ ઉમાશંકરને પણ હચમચાવ્યા હતા, તેથી કવિ નિર્ભ્રાંત બન્યા હતા, પોતાની ઓળખને અંકે કરવા માગતા હતા, પ્રકૃતિની અનંતતાને પિછાણતા કવિ ઔદ્યોગિક હરણફાળમાં બધું પાછળ મૂકી આવ્યા હતા. એના પરિણામે કવિને પોતાને જ પોતાનો સ્વર-સૂર સંભળાતો નહોતો; આત્માનો અવાજ ક્યાંક દબાઈ ગયો હતો; પ્રકૃતિનું સાન્નિધ્ય છૂટી ગયું હતું. તેથી, કવિ એની શોધ આરંભે છે. પોતાના જ અંતરઆત્માના અવાજને ઓળખવા-ખોળવા નીકળેલા કવિને માટે જગત સમસ્તના જીવો પ્રાણીથી વધુ નથી. બીજાં પ્રાણીની જેમ મનુષ્ય પણ પ્રાણી જ છે, એ અનુભૂતિને કવિએ આ કાવ્યમાં વાચા આપી છે.

કાવ્યારંભે આ પોતાની જાતને - પોતાના અંતરઆત્માને સંબોધન છે કે,

ઘવાયેલા પ્રાણીની જેમ
ક્યાં ક્યાં તું રખડીશ-રઝળીશ?
આ જંગલઝાડીમાંથી તે-માં પેસી
કંટકોના ઉઝરડાથી જખમો તું ઉબેળીશ?

કવિની રખડપટ્ટી રે રઝળપાટ શેનો છે તે અસ્પષ્ટ રાખીને કવિએ સમગ્રતામાંથી કવિતાની ચમત્કૃતિ સાધવી છે. 'તે-માં પેસી' શબ્દ વચ્ચે ડેશ મૂકીને કવિએ શબ્દ તોડ્યો છે, જોડ્યો છે, જેથી એમાંથી બે અર્થ પ્રગટી શકે. વળી, આ જંગલઝાડી કઈ એ ભાવકે પછીની પંક્તિઓમાં શોધવાની છે. ઘવાયેલું પ્રાણી જંગલઝાડીના કંટકોથી જખમી થઈ ઉઝરડાયું છે. જગતસમસ્તમાં સાંસ્કૃતિક આક્રમણ, પ્રાદેશિક-રાજકીય આક્રમણ અને પ્રકૃતિ પરનું માનવીનું આક્રમણથી નિર્માયેલી સ્થિતિએ માણસને એકલો પાડી દીધો છે અથવા પ્રકૃતિ-સંસ્કૃતિ સાથેની નિસબત ઓછી કરી દીધી છે, તેની પીડા કવિના અંતરમાં છે.

કવિ અહીં પંખી અને એના ગાનને યાદ કરે છે. પ્રતીકાત્મક રીતે તો જીવ-આત્મા એ પંખીસ્વરૂપ છે, અને બીજું પંખી તે પ્રકૃતિનું વાસ્તવમાં હોય તે પંખી, જેનો અવાજ રૂંધાયો છે, લય તૂટ્યો છે. કવિ ત્યાં આશા પ્રગટ કરે છે,

> બને કે ઉઝરડાવું જખમોનું ઊંડા જવું
> એ જ ઉગાર હશે, ઉપાય હશે
> આતંક-ઑથાર ફગાવી દેતા
> અમૃત રેલા સમા
> મુક્ત અંતરતમ અવાજને સ્ફુરવાનો.

એમ કહીને, કે, અંતરના અવાજને દબાવનારાં, જખમ આપનારાં, ઉઝરડા કરનારાં તત્ત્વોથી એનું દરદ ઊંડું જતાં એની તીવ્રતા વધવાથી, કદાચ અંતરતમનો અવાજ મુક્ત બનીને રેલાવા લાગે. અને જો રેલાય તો, કવિએ એ અવાજને સાંભળવો છે, કારણ, એ દબાયો કે ખોવાયો છે.

આમ, કવિ ઉમાશંકર જોશીની આ કવિતામાં પૂર્વકવિતાથી બદલાયેલો સ્વર-સૂર અ-છાંદસ સ્વરૂપમાં સંભળાય છે. આ કવિતાને અ-છાંદસ કહેવા કરતાં મુક્ત લયની કહેવી વધુ ઉચિત લાગે છે.

### 6.6 વિશેષ અધ્યયન

નીચેના પ્રશ્નોના જવાબ આપો :

1. ઉમાશંકર જોશીના 'સપ્તપદી' સંગ્રહમાંથી 'શોધ' કાવ્યનો રસાસ્વાદ કરાવો.
2. ઉમાશંકર જોશીએ 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર' અને 'સપ્તપદી'માં આપેલાં પ્રવાસનાં કાવ્યો વિશે ટૂંકી નોંધ લખો.
3. ઉમાશંકર જોશીએ 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર' અને 'સપ્તપદી'માં આપેલાં સર્જકસ્મૃતિનાં કાવ્યો વિશે ટૂંકી નોંધ લખો.
4. ઉમાશંકર જોશીના સમગ્ર સર્જનને લક્ષ્યમાં રાખીને અછાંદસ અને છંદમુક્ત કાવ્ય વિશે ટૂંકનોંધ લખો.
5. ઉમાશંકર જોશીનાં અછાંદસ કાવ્યોમાં અધુનિકતાની અસર વિશે નોંધ તૈયાર કરો.

### 6.7 વિશેષ વાંચન

- 'સમગ્ર કવિતા', ઉમાશંકર જોશી
- 'પરબ', ઉમાશંકર જોશી વિશેષાંક, જાન્યુ.-ફેબ્રુ. 2011, અંક 7-8
- 'ચૂંટેલી કવિતા - ઉમાશંકર જોશી' - ચયન- ભોળાભાઈ પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમી
- 'ઉમાશંકર જોશીનાં શ્રેષ્ઠ કાવ્યો',સંપા.નિરંજન ભગત,ચિમનલાલ ત્રિવેદી,ભોળાભાઈ પટેલ
- ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ - ગ્રંથ 5, ગુજરાતી સાહિત્ય પરિષદ

**લેખન :** પ્રો.ડૉ.જિતેન્દ્ર મેકવાન (આસી.પ્રોફેસર)
મહેમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ

# એકમ 7

# કાવ્યાસ્વાદ-I

રૂપરેખા

7.1 ઉદ્દેશો

7.2 પ્રસ્તાવના

7.3 કાવ્યાસ્વાદ

1. સનાતન અને સાર્વત્રિક માંગલ્યનું ભાવનાગાન-મંગલ શબ્દ-શ્રી ધીરુ પરીખ
2. 'વિશ્વશાંતિ' વિશે - ઉશનસ્ - નટવરલાલ પંડ્યા
3. 'જઠરાગ્નિ' : એક સૌંદર્યવાદી કવિની ચરમ ચેતવણી - ડૉ.નીરવ પટેલ
4. અંતરની આરતનું ગીત (ઝંખના) - હર્ષદ ત્રિવેદી
5. માનવ સંવેદનાનો તીણો - વેધક સૂર (ગુલામ) - હરીશ વટાવવાળા

7.4 સ્વાધ્યાય

## 7.1 ઉદ્દેશો :

- આ એકમના અભ્યાસ દ્વારા ઉમાશંકર જોશીની કાવ્યરચનાઓ અને આસ્વાદ માણી શકશો.
- ઉમાશંકર જોશીની સમગ્ર કવિતાના અભ્યાસ માટેની જિજ્ઞાસા થાય એવો આશય આ કાવ્યાસ્વાદ એકમનો મૂળ હેતુ છે.
- ગુજરાતી ભાષાના વિવિધ સમીક્ષકો, આસ્વાદકોની ભાષા અને આસ્વાદ પદ્ધતિથી પરિચિત થયેલો વિદ્યાર્થી પોતાની સમીક્ષાસૂઝ કેળવી શકશે.
- કાવ્યનો આસ્વાદ માટેની આ રચનાઓની પસંદગી દ્વારા વિદ્યાર્થી ઉમાશંકર જોશીની કવિચેતનાથી પરિચિત થશે.

## 7.2 પ્રસ્તાવના

ગાંધીયુગના જ નહિ, સમગ્ર અર્વાચીન ગુજરાતી કવિતાના વીસમી સદીની ગુજરાતી કવિતાના શીર્ષસ્થ કવિ ઉમાશંકર જોશીની પાંચ દાયકા સુધી વિસ્તરેલી કાવ્યયાત્રા 'સમગ્ર કવિતા'માં ગ્રંથસ્થ છે. ગ્રંથકાર ઉમાશંકર જોશીનો અભ્યાસ કરી રહેલ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી માટે સર્જકનો સમગ્ર કાવ્યરાશિ રજૂ કરવો મુશ્કેલ છે. આ એકમમાં જાણીતી રચનાઓના કાવ્યાસ્વાદ સમાવ્યા છે. વિવિધ આસ્વાદકો દ્વારા ઉમાશંકર જોશીના શતાબ્દી વર્ષ નિમિત્તે થયેલા કાવ્યસ્વાદોના 'પરબ' (જાન્યુ-ફેબ્રુઆરી-૨૦૧૧)ના વિશેષાંકમાંથી અત્રે મોટાભાગની રચનાઓ પસંદ થઈ છે. જિજ્ઞાસુ વિદ્યાર્થીએ 'પરબ'નો ઉપર જણાવ્યો તે વિશેષાંકમાંથી અભ્યાસપૂર્વક પસાર થવું જોઈએ.

અત્રે સમાવિષ્ટ અગિયાર રચનાઓ કવિની પ્રતિનિધિ રચનાઓ છે. આ રચનાઓ કવિના વિષયવૈવિધ્ય, સર્જકતાનું સુચારુ પ્રતિનિધિત્વ કરે છે. અન્ય એકમોમાં કવિ ઉમાશંકર જોશી વિશે વિગતે અભ્યાસ કરવાની તક મળી છે. આ એકમમાં સમાવેશ પામેલી કવિતાઓના મૌલિક આસ્વાદ માટેની સજ્જતા કેળવાય એવી અપેક્ષા અસ્થાને નથી. પોતાના કાવ્યસ્વાદને વિદ્યાર્થીઓ માટે સહજ ઉપલબ્ધ બને તેવા વિદ્યાલક્ષી આશયથી અત્રે સમાવવામાં મંજૂરી આપનાર સર્વ સમીક્ષકો, આસ્વાદકોનો આભાર માનીએ છીએ.

### 7.3 કાવ્યાસ્વાદ

**1. સનાતન અને સાર્વત્રિક માંગલ્યનું ભાવનાગાન**

**મંગલ શબ્દ**

ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો !
શતાબ્દીઓના ચિરશાંત ઘુમ્મટો
ગજાવતો ચેતનમંત્ર આવતો !
પ્રકાશના ધોધ અમોઘ ઝીલતી
ધપે ધરા નિત્યપ્રવાસપંથે;
ઝૂમી રહી પાછળ અંધકારની
તૂટી પડે ભેખડ અર્ધ અંગે.
વિરાટ ખોલી નિજ તેજઆંખ
કલ્યાણનો મંગલ પંથ દાખવે;
એ તેજ પીને નિજ સૃષ્ટિ ખીલતી
જોતી ઘડી, એ વધતી ઉમંગે.
અંગે લાગાવ્યા હિમલેપ શીળા,
જ્વાલામુખી કિન્તુ ઉરે જ્વલંત !
        મૈયા તણે અંતર શું હશે પીડા ?
        કે સૃષ્ટિચિંતા ઉરમાં અનંત ?
વિશ્રામ કાજે વિરમે નહીં જરા
અકથ્ય દુઃખે અકળાય હૈડે !
ઉચ્છ્‌વાસથી વાદળગોટ ઊડે,
ને દૂર ફેલે જલનીલ અંચળા !
ભમે ભમે દુઃખતપી વસુંધરા !
ડગો ભરે તેજપથે અધીરાં !
એ તોય પૂરા ન થયા પ્રકાશ !
અંધારમાં આથડી ભૂતસૃષ્ટિ !
આ રક્તરંગી પશુપંખીપ્રાણી
પુકારતાં સૌ નખદંતનાશ.
ને લોહી પીને ઊછરેલ ઘેલી
આ લાડીલી માનવતા ધરાની
ઈતિહાસની ભુલભુલામણીઓ
રચે, અને કૈં જગવે લડાઈઓ.
ભોળી સ્વહસ્તે નિજ અંગ ચીરે
ને ભીંજતી આત્મ તણાં રુધિરે.

જળ્યાં કરે ચોદિશ કોટિ ક્લેશ !
શમે ન એ આગ અબૂઝ લેશ !
કો સિંચતા જીવનવારિ સંત,
તોયે રહે પાવક એ ધગંત !
પેગામ દૈવી પયગંબરો વદ્યા,

શમી ન એ ભીષણ વિશ્વવેદના !
ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો !
યુગો તણી કૈંક પડી કતાર
આવે ધ્વનિ એહની આરપાર :

'તું પાપ સાથે નવ પાપી મારતો !'
એ મંત્ર ઝીલ્યો જગને કિનારે
ઊભેલ યોગીપુરુષે અનેકે,
આરણ્યકોએ, ઋષિમંડલોએ;
સુણેલ બુદ્ધે, ઈશુએ, મહાવીરે.
ન તોય નિદ્રાજડ લોક જાગ્યાં
ડૂબી ગયો મંત્ર અનંતતામાં !

એ આજ પાછો ધ્વનિ સ્પષ્ટ ગાજતો
આ યુદ્ધથાક્યા જગને કિનારે.
ગાંધી તણે કાન પડ્યો, ઉરે સર્યો,
ને ત્યાં થકી વિશ્વ વિશાળ વિસ્તર્યો.
યુગોયુગોની તપસાધના ફળી !
જરી મહા અંતરવેદના શમી !!
માસે માસે, અભિનવ હાસે,
    ઊગે બીજકલા;
યુગે ગુગે પયગંબર જાગે
    ભાંગે જગશૃંખલા.

૧૯૩૦ના ગાળામાં ઉમાશંકર વીરમગામ છાવણીમાં સત્યાગ્રહી સૈનિક તરીકે સક્રિય હતા. તેમનું વય ત્યારે ૧૯નું. મહાત્મા ગાંધીની અસહકારયુક્ત અહિંસક સ્વાતંત્ર્ય ચળવળ ત્યારે મધ્યાહ્ને હતી. ત્યારે ગાંધીસ્થાપી ગૂજરાત વિદ્યાપીઠમાં તેઓ છએક માસ રહ્યા હતા. ત્યારે ત્યાં તેઓ ખાદીકામની પ્રવૃત્તિમાં આનંદ લેતા. 'વિશ્વશાંતિ' જેવું એમનું પ્રથમ યશોદાયી કાવ્ય રચાયું આ ગાળામાં. ૧૯૩૦માં સત્યાગ્રહની લડત વખતે જે જેલવાસ ભોગવ્યો તે ગાળામાં આ ખંડકાવ્યનાં વિચારબીજ રોપાયાં હતાં. તેઓએ લખ્યું છે : ''જીવનનું નિયામક તત્ત્વ પશુબળ નહીં પણ પ્રેમ છે, અને તેનાથી જ વિશ્વમાં શાંતિ સ્થપાશે... જેલમાં એ શ્રદ્ધા ચિંતનના સિંચનથી ફાલી. ત્યાં સૂઝેલું વિશ્વશાંતિ પરનું એક નાટક બહાર આવીને અર્ધું લખ્યા પછી પૂરું કરવાના વિચારમાં હતો ત્યાં આ ('વિશ્વશાંતિ') કાવ્ય લખવાનું સૂઝ્યું... સવારે સૌ વહેલા ઊઠે. વિદ્યાપીઠની લાંબી અગાશીમાં આંટા મારતાં એનાં ખંડકો મનમાં ઘાટ લેતા. પછી આખો વખત એ જ મનમાં ઘોળાયા કરે. દિવસભર છ કલાક ખાદીકામ કરતાં સંખ્યાબંધ પંક્તિઓ હું ઉતારી લેતો. રોજની પચાસથી સો જેટલી. છઠ્ઠા ભાગની પંદર પંક્તિઓ થોડા દિવસ પછી લખાયેલી. તે સિવાયનું આખું 'વિશ્વશાંતિ' પાંચ દિવસની સરજત છે.'' આ છે ઉમાશંકરની પોતાના ખંડકાવ્ય 'વિશ્વશાંતિ' વિશેની કેફિયત.

તો આટલી પ્રસ્તાવના આ ખંડકાવ્યના પહેલા ખંડ 'મંગલ શબ્દ'નું રસપાન કરવા માટે પર્યાપ્ત છે. કાવ્યનો ઉપાડ આ પ્રમાણે છે :

**'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો !**
**શતાબ્દીઓના ચિરશાંત ઘુમ્મટો**
**ગજાવતો ચેતનમંત્ર આવતો !'**

આ માંગલ્યની ભાવના સનાતન અને સાર્વત્રિક છે તે અહીં આરંભે 'શતાબ્દીઓ' પદના નિર્દેશથી પામી શકાય છે. માનવ-માનવ વચ્ચે ચિરશાંતિનો માર્ગ તે માંગલ્યનો માર્ગ છે. આ માર્ગ પ્રકાશમય ગતિનો અથવા પ્રકાશ તરફની ગતિનો છે. સૂર્યોદય માટે કવિ એક પ્રભાવ અને ભવ્ય કલ્પનામય પંક્તિ રચે છે :

**'વિરાટ ખોલી નિજ તેજઆંખ'**

આ સૂર્યરૂપી વિરાટની તેજસ્વી આંખ શું દાખવે છે ? કવિ તરત જ બીજી પંક્તિમાં કહે છે : 'કલ્યાણનો મંગલ પંથ દાખવે.' આ વિરાટની પણ ઝંખના છે કે મનુષ્ય મંગલ પંથે આગળ વધે અને તે પણ માત્ર આપણો તત્કાલનો ગાંધીકેન્દ્રી ભારતદેશ જ નહીં, બલકે સમસ્ત પૃથ્વી આ કલ્યાણ પંથે આગળ ધપે તેવી કવિચિત્તની ભાવના છે. પણ ઈશ્વરે સર્જેલી આ પૃથ્વી પર જ્વાળામુખીનું પણ અસ્તિત્વ છે. આથી કવિ પૃથ્વીમાતા વિશે ચિંતવે છે :

**'મૈયા તણે અંતર શું હશે પીડા ?**
**કે સૃષ્ટિચિંતા ઉરમાં અનંત ?**
**વિશ્રામ કાજે વિરમે નહીં જરા**
**અકથ્ય દુઃખે અકળાય હૈડે !'**

પૃથ્વીની પીડા એટલે જ પૃથ્વીવાસી જીવમાત્રની પીડા ! આથી જ કવિ આગળ જતાં કહે છે : 'ભમે ભમે દુઃખતપી વસુંધરા !' આગળ પીડિત પૃથ્વી માંગલ્યના, કલ્યાણના તેજમાર્ગે અધીરી બની પગલાં આગળ ધપાવે છે. આમ પૃથ્વીની સતત ભ્રમણપ્રક્રિયા છતાં પ્રકાશપથની પૂર્ણ પ્રાપ્તિ થઈ લાગતી નથી અને એથી જ 'અંધારમાં આથડી ભૂતસૃષ્ટિ !'

આનું પરિણામ શું આવ્યું ? કવિ માનવજાતની યુગો જૂની વાસ્તવિકતા પ્રત્યે ધ્યાન દોરતાં જણાવે છે :

**'ને લોહી પીને ઊછરેલ ઘેલી**
**આ લાડીલી માનવતા ધરાની**
**ઈતિહાસની ભુલભુલામણીઓ**
**રચે, અને કૈં જગવે લડાઈઓ.'**

યુગોથી માંગલ્યની ઝંખના કરતી માનવજાત લડાલડીના માર્ગેથી હજુ પરત ફરી નથી. (આ સાથે પ્રથમ વિશ્વયુદ્ધનાં વિનાશક પરિણામોની યાદ આબાદ રીતે ગૂંથાયેલી જણાશે.) હજુ પણ આટઆટલાં લોહી રેડાયાં છતાં કવિ કહે છે : 'શમે ન એ આગ અબૂઝ લેશે.'

આવી પરિસ્થિતિમાંથી માનવજાતને ઉગારવા યુગેયુગે સંતોનું આગમન થયું છે અને એટલે જ કવિ કહે છે : 'કો સિંચતા જીવનવારિ સંત/તોયે રહે પાવક એ ધગંત.' સંતોની અમૃતવાણીના સિંચન છતાં પણ જાણે પૃથ્વીપટેથી ક્લેશની ધગધગતી આગ બુઝાઈ નથી. બરાબર આટલે સુધી કાવ્યમાં આવ્યા પછી ઉમાશંકરની આત્મશ્રદ્ધા ડગી નથી; બલકે વધુ સુસ્થિર બની આશા જગવે છે-કવિહૃદયમાં અને જનહૃદયમાં :

'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો.'

વળી કવિ આ ખંડની પ્રથમ પંક્તિ દોહરાવે છે. આ પુનરુક્તિમાં માંગલ્યની પૂર્ણ શ્રદ્ધા પ્રકટી રહે છે. ઉમાશંકર પોતાની ભાવના 'તું પાપ સાથે નવ પાપી મારતો !' એ અવતરણચિહ્નમાં મૂકીને દૃઢાવે છે.

જગતમાં મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે. પણ એનો અર્થ એ નથી કે મનુષ્યમાત્ર ધિક્કારપાત્ર છે. મનુષ્યમાંથી અને મનુષ્યવિશ્વમાંથી પાપનો નાશ કરવાનો, દુરાચારનો નાશ કરવાનો છે, અમંગલનો નાશ કરવાનો છે અને જો આમ થશે તો જ વિશ્વમાં સાચા અર્થમાં વિશ્વશાંતિ સ્થપાશે. આ મંગલમય શાંતિમંત્ર આપણા અનેક પૂર્વજ યોગીઓ, આરણ્યકો, ઋષિઓએ ઝીલ્યો હતો અને પ્રસાર્યો હતો. પરંતુ 'નિદ્રાજડ' લોકોમાં હજુ જાગ્રતિ આવી નથી. પરંતુ એથી કંઈ કાળભગવાન થંભી ગયા નથી ! યુગે યુગે નવા યુગપુરુષો અવતાર લે છે અને આ વિશ્વશાંતિના મંગલ શબ્દને પ્રસારે-પ્રચારે છે.

આવો વિશ્વશાંતિનો મંગલમય શબ્દ જાણે કે મહાત્મા ગાંધીના આંતરકર્ણે પડ્યો છે અને તેઓ સમસ્ત વિશ્વમાં, મનુષ્યમાત્રના હૃદયમાં મંગલમય શાંતિની સ્થાપના કરવા ઝઝૂમી રહ્યા છે, ઘૂમી રહ્યા છે અને જાણે કે આ યુગની માનવોની યુદ્ધેપ્સા ટળવા લાગી હોય તેમ જણાય છે. ગાંધીના આ પ્રયત્નોથી -

**'યુગોયુગોની તપસાધના ફળી !**
**જરી મહા અંતરવેદના શમી !!'**

કવિ આમ કહી આ પહેલા ખંડ 'મંગલ શબ્દ'ને અંતે આશાવાદ વ્યક્ત કરે છે કે યુગે યુગે કોઈ ને કોઈ પયગંબર આવે છે અને કલાન્ત સૃષ્ટિને શાંત કરતો જાય છે.

આ પ્રથમ ખંડ ઉમાશંકરની આશા અને ભાવનાનું શબ્દાંતરણ છે. એમાંનાં પ્રાસાનુપ્રાસો, વર્ણસગાઈ, કલ્પન-કલ્પનાઓ અને ચિંતનાત્મક પંક્તિઓ કાવ્યને આસ્વાદ્ય બનાવે છે. અલબત્ત, ઉત્તમ કલાકસોટીએ ભલે કદાચ આ કૃતિ થોડ ઊણી ઊતરે; પરંતુ એમાંના ભાવનાવાદને કારણે તત્કાલીન સમયે તે ધ્યાનપાત્ર બની હતી.

---

**ધીરુ પરીખ** (૧૯૩૩) : કવિ,વિવેચક,નિબંધકાર
ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'પરબ'માં પ્રગટ કાવ્યાસ્વાદ અહીં સાભાર રજૂ કરેલ છે.

---

**2. વિશ્વશાંતિ**

વિશ્વશાંતિ
હજી તો કાલ જાતી'તી યુરોપે યાદવાસ્થળી
વર્ષી'તી કારમા ધોધે લોહીની, આંસુની ઝડી !
સંગ્રામની ભીષણ કંદરામાં
કૂદી પડી માનવજાત ઘેલી !
ને આત્મહત્યા કરવા ચડેલી
ઘવાઈ પૂરી રણખેલનામાં !
તપે છે પૃથિવી ત્યારે વર્ષે છે વ્યોમ પાણીડાં;
યુદ્ધે જગ તપ્યું, કાં ના હજીયે વરસ્યા પ્રભુ ?
એ યુદ્ધની દારુણ કાળજવાળા
યુગો તણી સંપદને પ્રજાળે,
નિર્દોષનાંયે રુધિરો વહાવે,
દૂધે ભરી સંસ્કૃતિઓ સુકાવે !
સુધાનું-શાંતિવારિનું તમ હસ્તે કમંડલુ,
સ્નેહનાં સિંચને, સાધો ! રક્ષો પશ્ચિમ પાંગળું.
ત્યાં શાંતિના સૂર અનેક ઊઠતા,
પુષ્પો નીચે ખડ્ગધારા ઝબૂકે.

રેતી પરે વજ્જરકોટ જૂઠના
ઊડી જાશે સત્યની એક ફૂંકે !

લોહીલીંપેલે આંગણિયે ઊભીને
મંડાણ જોશો યુદ્ધનાં ત્યાં રચાતાં !
ને દેખશો કૈં દૂઝતા ઘા હયાના,
પ્રજાપ્રજાના શોણિતલેખ વાંચશો !
ધનિકો મૂડીને યંત્રે પીસે છે દીન માનવી,
સામ્રાજ્યોનાં મહા યંત્રો પીલે માનવતા અતિ !
આજે જગે એ કરપીણ યંત્રણા
કરો, કરો મંગલ પ્રેમઘોષણા !
ઉદ્ધાર કાજે ઉરની અનૂઠી
આપો, ગુરો, મંગલ પ્રેમબુટ્ટી !
વહાવો આત્મશુદ્ધિની ગંગધારા શુભંકરી,
જીવશે જે ટકી રહેશે પ્રેમને પાવકે જળી.
સંગ્રામની સૌ જડને ઉખેડી,
બતાવજો શાંતિની સ્નેહકેડી !
તપ્યાં ઉરે ચંદનલેપ દેજો,
દાઝ્યાં તણાં આશિષવેણ લેજો !
સંસારે, વનઅંધારે મૂલ્યાંના ભોમિયા બની,
પ્રકાશે, તેજઅંબારે બતાવો પ્રેમવાટડી !
ખૂલે ન જ્યાં લોચનદ્વાર ઈંદુનાં,
ઊંચા ઊડે ઉન્મુખ વારિ સિંધુનાં;
સંતો તણી ઊઘડતાં જ આંખડી
ભીંજાય આવે જગપ્રાણપાંખડી.
અહિંસાથી ભીંજાવો ને પ્રકાશો સત્યતેજથી !
શાંતિનો જગને માટે માર્ગ એકે બીજો નથી.
જુઓ છો ભાવને સામ્યે રાષ્ટ્રોનો માર્ગ ઐક્યનો,
ગજાવો એ મહા મંત્ર ઊંડો માનવપ્રેમનો.
માનવી માનવી ઉરે એક માનવભાવ છે;
પેખીને પ્રેમની પીડા નકી એ પીગળી ઊઠે.
એક મ્હેકે મઘમઘે બધાયે મનુમંડપો
સુવાસે સર્વ ડોલે છે, ભલે દુર્ગંધ ક્યાંક હો !
બસૂરા તાલ સૃષ્ટિના સૌ પ્રેમગાનમાં,
દુર્ગંધો દમતી ડૂબે મોંઘા આત્મપરાગમાં.
કહે કવિ : માનવતા જીવંત
પ્રાણી, પ્રજાઓ સહુ એહ અંગ;
ને એક એને ધડકંત ઉર,
વહાવતું નિર્મળ પ્રેમપૂર,
સૌના હયાને ધબકાર-તાને

ગાજી રહંતું સુખશાંતિ ગાને.
છૂટાં નથી, એકશરીર આપણે,
ખેલંત ભોળાં શિશુ એક આંગણે.
તમે એવી મહામોંઘી ઉચ્ચારી પ્રેમની ઋચા,
પસારી સર્વને ઉરે મધુરી જગબંધુતા.
બાંધીને સ્નેહનો સેતુ ભેદસાયર ઉપરે
સાંધો, સાધો ! ઉરતંતુ વડે પશ્ચિમપૂર્વને !
તમે તો પૂર્વના છો ના, કે છો પશ્ચિમનાય ના,
અહિંસા, સત્ય ને પ્રેમ થોડાં છે કોઈ એકનાં ?
સત્ય ને શાંતિ ને પ્રેમ લ્હેરે છે વિશ્વમાત્રમાં,
ને પૃથ્વીને પડે કો દી ઝમે છે યોગ્ય પાત્રમાં.
પૂંજી ન એ કેવલ વર્તમાનની !
ત્રિકાળની પાળ વિશાળ ભેદતી
એ તો અનંતે દિનરાત ઊભરે,
અખંડ વ્હેણે અવકાશને ભરે.
આજે ધરાનાં સુખસિંચનાર્થે
એ પ્રેમધારા તમ અંતરે ફૂટી,
જીવો તણા શાશ્વતમંગલાર્થે
વર્ષ્યાં કરો એ નિત શાંતિમૂર્તિ !
ભાવિએ મીટ માંડીને જોઈ'તી તમ વાટડી,
આજે એને મુખે કેવી રેખા આનંદની ઢળી ?
ને રક્તરંગ્યો અતિચંડકાય,
સૈકાં થકી માનવ ભક્ષતો જે,
ફળેલ દેખી નિજ કર્મને, તે
હસી રહ્યો હર્ષથી ભૂતકાળ.
હસાવ્યાં ભૂત ને ભાવિ, હસાવો વર્તમાનને !
પઢાવો પ્રેમના મંત્રો ઘેલી માનવજાતને !

*

વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી :
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !
વીંધાય છે પુષ્પ અનેક બાગનાં !
પીંખાય છે પાંખ સુરમ્ય પંખીની !
જીવો તણી કાય મૂંગી કપાય છે !
કલેવરો કાનનાં ઘવાય છે !
રડે છે પ્રકૃતિમાતા, દૂઝે છે દિલદુઃખડાં;
અમી પી ન ધરાતાં, ને કપૂતો રક્ત રેલતાં !
છે પત્ર ને પુષ્પની પાંખડીએ
પ્રભુ તણાં પ્રેમપરાગપોઢણાં.
કલ્લોલતાં પંખીની આંખડીએ
ગીતો અનેરાં ચમકે પ્રભુ તણાં !

પ્રકૃતિમાં રમંતા એ દુભાશે લેશ જો દિલે,
શાંતિની સ્વપ્નછાયાએ કદી માનવને મળે ?
સૌ જીવ આજે ઉરથી વહાવીએ
કારુણ્યની મંગલ પ્રેમધારા.
વસુંધરાનાં સહુ બાળકો મળી
બજાવીએ અંતરએકતારા.
હૈયેહૈયાં પ્રેમગાને જગાવી,
પ્રજાપ્રજા હાથમાં હાથ ગૂંથી,
ને સ્કંધે સ્કંધ સંપે મિલાવી,
ગજાવીએ સૌ જગઉંબરે ઊભી :
'માનવી પ્રકૃતિ, સૌને वसुधैव कुटुम्बकम् ।'
ને એ જશે શબ્દ અનંત વીંધી
જ્યાં ઘૂમતી કોટિક સૂર્યમાલા,
જ્યાં શાંતિના રાસ ચગે રસાળા,
यत्र विश्वं भवत्येकनीडम् ।

ઈ.સ.૧૯૧૧માં કવિશ્રી ઉમાશંકર જોશીનો સાબરકાંઠા જિલ્લામાં બામણા ગામે જન્મ થયો હતો; તે માત્ર ૨૦ વર્ષના હતા ત્યારે આ કાવ્યની રચના થઈ હતી. એની રચના વિશે કવિશ્રી કહે છે તે સાંભળીએ : તે કહે છે કે વીરમગામ છાવણીના સૈનિકોના માહિતીપત્રમાં એક પ્રશ્ન હતો : ''તમે આ લડતમાં શા હેતુથી જોડાયા છો ?'' કવિએ ત્યારે જવાબ આપ્યો હતો : ''જીવનનું નિયામકતત્ત્વ પશુબળ નહીં; પણ પ્રેમ છે, અને ગાંધીજીની સ્વરાજ્ય માટેની લડતમાં પ્રેમનું બળ ને અહિંસાનું બળ અજમાવવામાં આવ્યું છે.'' એટલે કવિ આ ગાંધીજીના યુદ્ધમાં જોડાયા છે. 'વિશ્વશાંતિ' ઉપર નાટક લખવાન વિચાર રાખતા હતા, ત્યાં તો તે 'વિશ્વશાંતિ' નાટક થોડુંક લખી ને છોડી દે છે; ને 'વિશ્વશાંતિ' ખંડકાવ્ય રચે છે : જેમાં એકાધિક ખંડક છે ને વૃત્તવૈવિધ્ય પણ છે; આ પૂર્વે કાન્તનાં ખંડકાવ્યોનું સ્વરૂપ હતું : તેમાં વૃતવૈવિધ્યનું લક્ષણ છે, ત્યાં તો પાત્રોની વૃત્તિ બદલાય છે તેમ વૃત્ત બદલાય છે. આપણે આ 'વિશ્વશાંતિ'ને ખંડકાવ્ય કહીશું. ને હવે તપાસીશું. અહીં કવિની વૃત્તિ બદલાય ત્યારે છંદ બદલાય છે; સંસ્કૃતમાં ખંડકાવ્ય છે. દા.ત. 'મેઘદૂતમ' એ કાલિદાસનું ખંડકાવ્ય કહેવાય છે. પણ મને લાગે છે કે 'ખંડકાવ્ય'નું સ્વરૂપ એકસરખું નથી; સંસ્કૃતના અભ્યાસી માત્ર ૨૦ વર્ષની ઉંમરે આ નવા જ પ્રકારનું ખંડકાવ્ય સર્જે છે; એ કાન્ત કે કાલિદાસને અનુસરતું નથી; પોતાનું નવું ને સ્વતંત્ર સ્વરૂપ શોધી લે છે.હજી ગુજરાતીમાં ખંડકાવ્યનું સ્વરૂપ ઠર્યું નથી; નવા નવા પ્રયોગોને હજી અવકાશ છે;'વિશ્વશાંતિ'નું વસ્તુવિધાન કાન્તના જેવું નથી. તેમાં છ ખંડો છે; પણ ઉઘાડ એક વિચારનો, જોરદાર વિચારનો છે;તે પ્રભાવક નીવડે છે.ખંડ ૧માં તે આમ પ્રભાવક રૂપે ઊઘડે છે : 'મંગલ શબ્દ' નામના આ પ્રથમ ખંડમાં તે આમ ઊઘડે છે :

''ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો !
શતાબ્દીઓના ચિરશાંત ઘુમ્મટો
ગજાવતો ચેતનમંત્ર આવતો !''

૨૦ વર્ષના આ તરુણ કવિમાં આ મંગલ શબ્દના આગમન માટે ભારે કૌતુક છે. તે બહુ પ્રભાવકપણે પ્રભાવક શબ્દગુચ્છના પ્રભાવક છંદોલયમાં ઊપડે છે. જે મંગલ શબ્દ દૂરથી આવી રહ્યો છે એનું બયાન પણ એવું જ પ્રભાવક છે : ઉમાશંકરનો 'મિશ્રોપજાતિ' છંદ પ્રથમથી જ કેવાં ''પ્રસન્નગંભીરપદા સરસ્વતી''નું વરદાન પામેલો છે તે અનુભવી શકાય છે.

જે શબ્દતત્ત્વ માટે કવિ આખી જિંદગી મથ્યા હતા તે તેના આરંભની પંક્તિમાં જ પમાય છે; ઉમાશંકરમાં થોડુંક નાનાલાલીય તત્ત્વ અનુસંધાન પામે છે; નાનાલાલના શબ્દનું પ્રૌઢ વિકસિત સ્વરૂપ ઉમાશંકરમાં અનુસંધાન પામી શક્યું છે; નાનાલાલમાં કાન્તના 'ઊગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ'' જેવા તેજઘડ્યા શબ્દો ઠેરઠેર પમાય છે; એવું ઉમાશંકરની કવિતામાં પણ એ 'નાદતત્ત્વ'નો ટોનલ વેલ્યુ (Tonal Value) મહિમા અનુભવાય છે.

આ દૂરથી આવતો મંગલ શબ્દ (કહો કે ચેનતંત્ર) કંઈ શતાબ્દીઓ પછી સંભળાય છે પાસે આવતો એને સત્કારવા ઉમાશંકરનો શબ્દલયછંદ બરાબર સજ્જ છે.

આવા મંગલ શબ્દના કવિ રૂપે ઉમાશંકર પ્રગટ્યા છે એ કાવ્યયાત્રાના અંતે ''છેવટનો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે.'' આવો પ્રારંભ અને આવો અંત એ બેની વચ્ચે ઉમાશંકરની ગુજરાતી ભાષા ઘડાતી આવી છે. વિદ્વાનોએ આ 'વિશ્વશાન્તિ' કાવ્યમાં ઉમાશંકરને સાક્ષરયુગના વાસરદાર કહ્યા છે તે આ કારણે; ગાંધીયુગની કવિતાનો આ પ્રારંભિક ઉદ્‌ગાર છે તથાપિ પ્રૌઢ પવિત્ર ને પ્રેરક નીવડે તેવો છે.

આપણે જોઈ શકીએ છીએ કે એક કવિ એના પ્રારંભમાં જ આવા પ્રૌઢ ઉદ્‌ગારો, આવો પ્રૌઢ છંદોલય પ્રયોજી શક્યો છે તે વિસ્મયકારક લાગે તેવું છે; ઉમાશંકર 'સંસ્કૃતિ' માસિકના તંત્રી જ ન હતા. એમનો આરંભનો શબ્દ પણ સંસ્કૃતિમૂલક છે પરિણામે તે આખા એક 'સંસ્કૃતિપુરુષ' સ્વરૂપે વિકસિત થયા છે જેનાં વાણી, મન અને કર્મ બધું જ સંસ્કૃતિમૂલક નીવડ્યું છે.

'વિશ્વશાન્તિ' ગાંધીયુગીન પ્રભાવ ઝીલતું કાવ્ય છે; પણ તેના નાયક ખુદ ગાંધીજી નથી; ગાંધીવિચાર જ નાયક છે; પેલો દૂરથી આવતો મંગલ શબ્દ ગાંધીજીના શબ્દમાં ઓગળી ગયો છે બાકી એ મંગલ શબ્દ હજારો વર્ષથી સુષુપ્ત હતો તે હવે ગાંધીવાણીમાં સક્રિય થઈને પ્રતિબિંબાયો છે.

ઉમાશંકર તો યુનિવર્સિટીનાં તેજવાળો વિદ્યાપુરુષ છે. આ ઉંમરે એમણે હજારો વર્ષથી ભારતે સેવેલો સંસ્કૃતિ ઉદ્‌ગાર શોધી કાઢ્યો છે. ''તું પાપ સાથે નવ પાપી મારતો!'', સુન્દરમે ગાંધીયુગની આ ખાસ વાત ગણીને કહ્યું છે ''હણો ના પાપીને, દ્વિગુણ જગનાં પાપ વધશે.'' આજે પેલો મંગલ શબ્દ જ ગાંધીયુગની કવિતામાં બરાબર ઝિલાયો છે.

આ 'વિશ્વશાન્તિ' ખંડકાવ્યમાં છ ખંડકો છે. બહુશ્રુત એવા ઉમાશંકર મોટે ભાગે એમના અનુષ્ટુપાદિ છંદોમાં એક આદિ માનવીથી માંડીને બે વિશ્વયુદ્ધો સુધીની વાત ઝડપ કરી આટોપી લે છે; કેટલાક ખંડકો આ વિચારભારથી લચી પડ્યા હોય તેમ લાગે છે; પણ સંકલિત કરવાની, સમેટી લેવાની શક્તિ પણ સુચવાય છે. આ ઠાંસીને કરેલી વાતથી એ અંશોમાં ભાષા કષ્ટાય છે. પણ ઉત્તમ તો એમના મિશ્રોપજાતિ છંદો જ છે; ગાંધીજી, ગુજરાતનાં ગાંધીયુદ્ધો, દાંડી, ધારાસણા, બારડોલી બધું જ તેનાં લક્ષણો સાથે ઉલ્લેખાયું છે;પણ ખંડક-૫ 'વિશ્વશાન્તિ'નું નામ પામેલ આ ખંડકમાં કવિ ગાંધીજીની મૂર્તિ કંડારે છે, જુઓ, પૂર્વને પશ્ચિમની એકતા કરવા ગાંધીજીને પ્રાર્થના કરે છે.

'પઢાવો પ્રેમના મંત્રો ઘેલી માનવજાતને'

પછીના ઉપ-ખંડકનો આરંભ કવિના પ્રથમ અનુષ્ટુપમાં આમ એમની અતિપ્રસિદ્ધ ને સિદ્ધ વાણીમાં થાય છે; વીસ વર્ષના છોકરા-કવિ હવે વિકસિત દૃષ્ટિ પામે છે ને કહે છે :

'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી :
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !'

રવીન્દ્રનાથે જે કણ્વાશ્રમનું વર્ણન કર્યું છે તે જ ભારતીય આદર્શ છે; બધું જ ઉમાશંકરમાં એકઠું થઈ જાય છે. જુઓ :

'માનવી પ્રકૃતિ, સૌને વસુધૈવકુટુમ્બકમ્ !'

'કટુમ્બકમ્' પ્રત્યય લાગતાં આખું વિશ્વ એક કુટુમ્બ થઈને રહેશે; તેય કવિને હજી થોડુંક દૂર લાગતું એટલે હવે તો આદર્શ છે.

'યત્ર વિશ્વ ભવત્યેકનીડમ્' વિશ્વ થઈને રહેશે. હવે કુટુમ્બથીય લઘુ એવો 'એકનીડ' થઈ રહેશે એવી ઝંખના છે.

કવિના આ ભરતવાક્યથી ખંડકાવ્ય અખંડ થઈ જાય છે.

'ને શાંતિ ! શાંતિ ! વદતો સુવિરાટ આત્મા
વિ શ્વા ન્ત રે વિ કિ ર શે ઉ ર સ્ને હ લી લા !'

અંતે જતાં લાગે છે કે કવિ ઉમાશંકર જોશી તે મંગલ શબ્દને પામવા ભરતવાક્યમાં ''શાન્તિ,શાન્તિ''ની ઝંખના કરતા પમાય છે કે ઉમાશંકર કેવળ ૨૦ વર્ષમાં જ આ ગાંધીની મહાન સંસ્કૃતિ પ્રાચીન અને અર્વાચીન પૂર્વ અને પશ્ચિમના સમન્વયને તાકે છે; તો જ 'વિશ્વ'ની વાત કરી શકાય ને; ઉમાશંકર કવિતાનો 'ક' ઘૂંટે છે ત્યોર વીસ વર્ષની વયે આ બધું કેવી રીતે પામી શક્યા હશે ? 'વિશ્વ'થી નાનું એકમ એમને ખપતું નથી. શીર્ષકમાં પણ 'વિશ્વ' શબ્દ આવી મળ્યો છે, પછી તે બને છે 'વિશ્વશાંતિ'; ગાંધીજી પણ એક વિશ્વપુરુષ પ્રાપ્ત થાય છે, પ્રૌઢ શબ્દ, છંદોલય, નાદમૂલ્યવાળી ભાષા એ કેવી રીતે પામી શક્યા હશે; કે એ કોઈ ફિરસ્તા જેવું વ્યક્તિત્ત્વ પ્રાપ્ત કરે છે; પરિણામે એ પોતેય કો વિશ્વપુરુષ બનવા તાકતા હતા.

''વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;
માથે ધરું ધૂળ વસુન્ધરાની.''

ઉમાશંકર એમના છેવટના દિવસોમાં ઉનાળામાં વલસાડ તીથલ રહેવા આવ્યા હતા; ત્યારે એમનું વ્યાખ્યાન યોજ્યું હતું. ત્યારે મેં એમને 'એક વિભૂતિ' કહીને ઓળખાવ્યા હતા. એ મારું પણ 'પરિણત' એવું એમનું મૂલ્યાંકન હતું. એ ખરે જ એક માનવવિભૂતિ હતા, એક વિશ્વસંસ્કૃતિપુરુષ હતા.

હવે એમની શતાબ્દી ઉજવાઈ રહી છે ત્યારે એ મહા કવિ થવા વિકસતા હતા, એવું એમનું વીસેક વર્ષે જ પાકટ જીવનદર્શન ને તેને પહોંચી વળતી ગુજરાતી ભાષાના છંદો, લયોનું સ્વરૂપ આપણી ભાષામાં ઉમેરતા ગયા છે. તેનું શ્રેષ્ઠ નિદર્શન ૧૯૩૧માં પ્રગટ થયેલા 'વિશ્વશાન્તિ' ખંડકાવ્યમાં આપતા ગયા છે, એ દર્શન અને એનું એ ગૌરવયુક્ત પ્રૌઢ આખ્યાન : આ બધાંથી અભિષિક્ત એ દર્શન-વર્ણનથી ઉમાશંકર ક્યારેય ચ્યુત થયા નથી; એ શબ્દની શોધમાં આખી જિંદગી જીવ્યા; દૂરથી આવતો મંગલ શબ્દ એમની આખી સાહિત્યસૃષ્ટિમાં એકાકાર છે; સાહિત્યને અંતે એ કહી શક્યા છે કે,

'નામ મારું ભાષામાં ઓગળી ગયું છે.'

હા, ઓગળી ગયા પછીય તેને ગુજરાતી ભાષાના પ્રૌઢ ઉપભોગ માટે ''ના છે કસૂર કંઈ આવતી પેઢીઓની'' કહેતા એ ભાવિ પેઢીઓ માટે મૂકતા પણ ગયા છે.

---

**ઉશનસ્** (૧૯૨૦-૨૦૧૧) : જાણીતા કવિ,વિવેચક

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'પરબ'માં પ્રગટ કાવ્યાસ્વાદ અહીં સાભાર રજૂ કરેલ છે.

---

**3. 'જઠરાગ્નિ' : એક સૌંદર્યવાદી કવિની ચરમ ચેતવણી**

જઠરાગ્નિ

રચો, રચો અંબરચુંબી મંદિરો,
ઊંચો, ચણો મ્હેલ, ચણો મિનારા !

મઢો સ્ફટિકે, લટકાવો, ઝુમ્મરો,
રંગે ઉડાવો જળના ફુવારા !
રચો, રચો ચંદનવાટિકાઓ,
ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો
ને કૈંક ક્રીડાંગણ, ચંદ્રશાળા
રચો ભલે !
        અંતર-રૂંધતી શિલા
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ?
દરિદ્રની એ ઉપહાસલીલા
સંકેલવા, કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાધશે !

(વીસાપુર જેલ, એપ્રિલ ૧૯૩૨)

'જઠરાગ્નિ' કવિતાનો જિકર થાય ત્યારે એક આખો કાળખંડ અને એક યુગપુરુષની પ્રેરણાથી દીન-દલિત પ્રત્યે પ્રતિબદ્ધ થયેલા ગુજરાતી લેખકો-કવિઓ જે ઉમાશંકરના સમકાલીન હતા તે સૌ સાંભરે. પણ મને સવિશેષ તો મેઘાણીની 'અહોરાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે' અને પછી આવતી ટેકપંક્તિઓ-'ત્યારે હોય રે હાય, કવિ ! તને સંધ્યા ને તારકનાં શેણે ગીત ગમે ! તને શબ્દોની ચાતુરી ગૂંથવી કેમ ગમે ! તને કૃષ્ણ કનૈયાની બંસરી કેમ ગમે !' તથા આ અદ્ભુત કવિતાના ટોનથી જુદેરા ટોનમાં પણ એ જ નિસબત પ્રગટ કરતી કરસનદાસ માણેકની કવિતા ખાસ સાંભરે :

'દરિદ્ર, દુર્બળ, દીન અછૂતો અન્ન વિના અડવડતા,
દેવદ્વારની બહાર ભટકતા ટુકડા કાજ ટળવળતા,
તે દિન આંસુભીનાં રે, હરિનાં લોચનિયાં મેં દીઠાં !'

આ ત્રણે કવિતાઓ ગાંધીયુગની ચેતનાની નિપજ છે એ નિઃશંકપણે કહી શકાય ગુજરાતી સાહિત્યના એ સુવર્ણયુગનો સર્જકધર્મ શો હતો ? મેઘાણી લખે છે : '...પ્રત્યેક લેખક નવયુગની રચનામાં રોકાયેલો મજૂર છે. એ ખરા દિલની મજૂરી કરે : પછી ભલે એને કોતરકામ આવડતું હોય તો નકશી કરે, ને નહિ તો સાદા પથ્થરો ફોડે. ચાહે એ મહાકાવ્ય રચે, કે દૈનિક છાપાની અંદર રિપોર્ટ લખે; પણ એનું નિર્મિત કાર્ય તો એ કરે જ કરે. ન કરનારને નવરચનામાં સ્થાન નહિ.'

અને જાણે ઉમાશંકર 'નકશીકામ' આવડતું હોવા છતાં એને બાજુએ મૂકી જ વિચાર, સંવેદન અને નિસબતના સંમિશ્રણ સમી આ કવિતા સીધી (direct) સાદી (simple) અને સચોટ (true) અભિવ્યક્તિ લઈને આવી છે. એ એટલી સુબોધ છે કે એને ભાગ્યે જ સમજાવી પડે !

આજના અર્વાચીન કે આનુઆધુનિક યુગના ગુજરાતી કવિની નિસબત હજી ભક્તિગાન, પ્રકૃતિગાન કે હાઈકુ-તાન્કાની પ્રયોગખોરીથી આગળ વિસ્તરી નથી. અને એ જોઈને દલિતકવિ પ્રવીણ ગઢવી એના 'રોટી' કાવ્યમાં કહે છે : રોજ-બ-રોજની જરૂરિયાત જેવી રોટીની કવિતા કરતાં આધુનિક કવિઓ શરમાય છે ! પણ ઉમાશંકરના આ કાવ્યમાં જે અંતિમ અલ્ટિમેટમ, જે ચરમ ચેતવણી ઉચ્ચારાઈ છે એ કદાચ ગાંધીયુગી ચેતનાથી પણ એક ડગલું આગળ છે. (સ્વામી સચ્ચિદાનંદની આવી જ એક ચેતવણી સાંભરે છે - 'આ છેલ્લી ટ્રેઈન છે' ?)

A History of Indian Literatureમાં શિશિરકુમાર દાસ એનું પગેરું માર્ક્સવાદી અસરમાં ઈંગિત કરે છે. એ લખે છે કે ગાંધીએ છેડેલા સ્વાધીનતા આંદોલનમાં કેટલાક ગુજરાતી જોતરાયા હતા અને તેઓ ઘણા માર્કસવાદીઓના પરિચયમાં આવ્યા હતા અને એની અસર તેમનાં કાવ્યોમાં આટલી મુખરતાથી વર્તાય છે.

ખરે જ, ઉમાશંકરે આ કાવ્ય મહારાષ્ટ્રના વીસાપુરની જેલમાં ૧૯૩૨માં લખેલું. અને આપણે ઇતિહાસને યાદ કરીએ તો આ એ ગાળો છે જેમાં ગોળમેજી પરિષદમાં દલિતોના પ્રશ્ને ગાંધી-આંબેડકરનો ઐતિહસાકિ વૈચારિક ટકરાવ થાય છે અને આપણને આશ્ચર્ય થાય તેવો એક કવિ અને એક લોકનાયકનો દીન-દલિતોના પ્રશ્ને વૈચારિક સામ્ય અને દૂરદર્શિતાનો યોગાનુયોગ : જેની ફલશ્રુતિ ઉમાશંકરની ‘જઠરાગ્નિ’ કવિતા અને ડૉ.આંબેડકરે ૧૯૪૯ની બંધારણસભામાં કરેલું સંભાષણ :

‘૨૬ જાન્યુ. ૧૯૫૦ના રોજ આપણે વિરોધાભાસોથી ભરેલા જીવનમાં દાખલ થઈ રહ્યા છીએ : રાજકારણમાં સમાનતા અને સામાજિક તથા આર્થિક જીવનમાં અસમાનતા ! આપણે ક્યાં લગી આ અસમાનતાઓ ચાલુ રાખીશું ? આપણે આપણા ભોગે જ તેમ કરીશું, કારણ કે સમાનતાથી વંચિત લોકો એક દિવસ મહામહેનતે મળેલી આ રાજકીય આઝાદીને ફૂંકી મારશે. ઉમાશંકર પણ બરાબર આ જ મતલબની વાત કરે છે. ‘જઠરાગ્નિ’માં અલબત્ત કવિએ તો આ વાત ઘણી વહેલી, છેક ૧૯૩૨માં કરી દીધી છે : દરિદ્રની ઉપહાસલીલા જેવી અંબરચૂંબી ઈમારતો એમનાં અંતર-રૂંધતી શિલાઓ જેવી મુઠ્ઠીભર ધનિકોના ભોગવિલાસ માટે ભલે રચો. પણ ‘એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ?’ અને આજે જાણે કવિની આ ભવિષ્યવાણી સાચી પડતી હોય તેમ નક્સલવાદી દાવાનળ રૂપે એ ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગ્યો છે ને દેશ સળગી રહ્યો છે ! કવિની ચરમ ચેતવણી ન ગણકારવાનાં કેવાં માઠાં પરિણામ દેશે ભોગવવાનાં આવ્યાં છે !

ગાંધીવાદ, માર્ક્સવાદ કે આંબેડકરવાદ જેવા કોઈ વાદમાં કવિ માને કે ન માને; એ સૌંદર્યવાદમાં તો જરૂર માને. હા, દલિત કવિ પણ એમાં અપવાદ ન હોઈ શકે. પૃથ્વી સમેતના પર્યાવરણમાં એ જન્મે છે, જીવે છે ને ન કેવળ એના સૌંદર્યને માણવા ને જાળવવા માટે, બલ્કે એમાં વધારો કરવાના પ્રયાસમાં પોતાને અને હરકોઈને જોતરાયેલાં જોવાં એને ગમે, પર્લ બર્ક જેવાં લેખિકા તો આ પૃથ્વી પરના અપ્રતિમ સૌંદર્યને માણવા માટે સ્વર્ગની કલ્પનાને પણ ઠુકરાવે છે. કદાચ એટલે જ ઉમાશંકર જોશી નામનો યુવાન કવિ મેઘધનુષના સૌંદર્યથી વંચિત રહી જતા ધોબી અને નરી વૈજ્ઞાનિક ઘટના રૂપે જોતા અને એ રીતે સૌંદર્યબોધ ચૂકી જતા વૈજ્ઞાનિકને પોતાની એક કવિતામાં પાત્રો બનાવે છે !

સૌંદર્યવાદની હિમાયત કરતા આ કવિને, બલ્કે હર કોઈ એવા કવિને સૌંદર્યનું સર્જન કરતા, સૌંદર્યનું સંવર્ધન કરતા, સૌંદર્યનું સંરક્ષણ કરતા હર પરિબળ - હર વ્યવસ્થા પ્રત્યે પ્રેમ હોય છે અને એથી ઊલટું, પૃથ્વીના સૌંદર્યને કલુષિત કરતા, એનો નાશ કરતા હર કોઈ પરિબળ વ્યવસ્થાને એ ધિક્કારે છે.

પણ શાને કારણે આ પૃથ્વી સુંદર છે ? જેમાં રહેવા અપ્સરાઓ પણ સ્વર્ગનાં સુખો છોડી દેવા લલચાય છે ! માનવીને વારસામાં મળેલું પ્રાકૃતિક જગત અને એણે પોતે પેદા કરેલું સામાજિક પર્યાવરણ આ પૃથ્વીને સુંદર બનાવે છે. ભૂખ, ગરીબી, શોષણ, દમન, ભેદભાવ આ પૃથ્વીને અસુંદર બનાવે છે અને ન્યાય, પ્રેમ, ભ્રાતૃભાવ, કરુણા આ પૃથ્વીને સુંદર બનાવે છે. વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વમાં માનતા આ સૌંદર્યપ્રેમી કવિએ એટલે જ તો આ ચરમ ચેતવણી ઉચ્ચારી છે : ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે તો સંસ્કૃતિ માત્રનો નાશ થઈ જશે.

કવિએ લખ્યું છે : 'તત્ત્વજ્ઞાન કરતાં વધુ સર્વસુગમ અને હૃદયંગમ રીતે મનુષ્યજીવનને અજવાળવાનું કવિતાને ફાવે છે. એટલે તો કવિના અર્પણ અંગે દુનિયા ઓશિંગણભાન દાખવે છે.' 'જઠરાગ્નિ'ના કવિ, અમે ખરે જ તારા ઓશિંગણ છીએ.

**ડૉ.નીરવ પટેલ** (૧૯૫૦-૨૦૧૯) : જાણીતા ગુજરાતી-અંગ્રેજી કવિ
ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'પરબ'માં પ્રગટ કાવ્યાસ્વાદ અહીં સાભાર રજૂ કરેલ છે.

**4. અંતરની આરતનું ગીત**

**ઝંખના**

સૂરજ ઢૂંઢે ચાંદાની આંખડી,
નવલખ તારાનાં ટોળાં ટળવળે રે જી.
પૃથ્વીપગથારે ઢૂંઢે ભમતા અવધૂત કોઈ
વિશ્વંભર ભરવા નયણે રે હો જી.
- સૂરજ...

મહેરામણ ભૈરવનાદે અલખ પુકારે,
મૂંગા ગિરિઓનાં મસ્તક ઊંચે ઝંખતાં રે જી.
તલખે પંખી ને પ્રાણી, સરવર નદીઓનાં પાણી,
રાતે ડુંગરિયા દવ નો જંપતા રે હો જી.
- સૂરજ...

તરણાની છાયા હેઠે કાયા ઢંકાય તારી,
આભનાં આભૂષણ તોયે ઓછાં પડે રે જી.
બ્રહ્માંડ ભરીને પોઢ્યા, કીકીમાં માશો શેણે ?
જોવા તોયે લોચનિયાં ઘેલાં રડે રે હો જી.
- સૂરજ...

ગગન ઘેરીને આજે દર્શન વરસો રે વ્હાલા !
ઉરે ઝૂરે રે મારો પ્રાણબપૈયો રે હો જી.
- સૂરજ...

(વીસાપુર જેલ, મે ૧૯૩૨)

કવિના હૃદયમાં જાગેલી વિશ્વંભરના દર્શનની ઝંખનાનું આ કાવ્ય છે. જૂના ભજનના ઢાળમાં આપોઆપ ઢળી ગયું હોય એટલો સ્વાભાવિક એનો લય છે. શ્રી યશવંત શુકલ સહેજ માથું ડોલાવતાં ડોલાવતાં કરકરા છતાં આર્દ્ર અવાજે ને ભાવે આ ગીત ગાતા. પરિષદના અધિવેશન કે જ્ઞાનસત્રમાં જવા માટેની બસમાં અનેક વાર હીરાબહેન પાઠકની સાક્ષીએ આ ગીત સાંભળ્યું છે. હજીયે એનો રણકો કાનમાં ગુંજે છે.

ભારતમાં જન્મેલો સંવેદનશીલ અને મનુષ્યજાતને ચાહનારો ભાગ્યે જ કોઈ એવો જીવ હશે જેને વિશ્વંભરની શોધ ન હોય. કવિ ઉમાશંકર જોશી પણ એમાંથી બાકાત નથી. કવિની આ આરત પ્રકૃતિનાં તત્ત્વોને મિષે પ્રગટ થાય છે. પ્રકૃતિનાં તત્ત્વોમાં માનવહૃદયના ભાવોનું આરોપણ કોઈને લાગે એ શક્ય છે, પરંતુ ઉમાશંકર સમષ્ટિ સાથે એકાત્મભાવ અનુભવે છે. એટલે જાણે કે આ કવિની સાથે સમગ્ર વિશ્વ પૃથ્વીના ફરવાના લય સાથે એમાં જોડાય છે. કવિ પોતાનું કેન્દ્ર છોડ્યા વિના બ્રહ્માંડમાં જાણે કે વ્યાપી વળે છે. પ્રભુપ્રાર્થના નિમિત્તે વિશ્વંભરને આંખોમાં સમાવી લે છે. ગીતનો આરંભ જ પૃથ્વી પર ઊભાં ઊભાં બ્રહ્માંડના અનુસંધાન સાથે થાય છે.

**સૂરજ ઢૂંઢે ચાંદાની આંખડી,**

**નવલખ તારાનાં ટોળાં ટળવળે રે જી.**

**પૃથ્વીપગથારે ઢૂંઢે ભમતા અવધૂત કોઈ**

**વિશ્વંભર ભરવા નયણે રે હો જી.**

સૂરજ, ચાંદો અને નવલખત તારાનાં ટોળાં વિશ્વંભરને શોધવા વ્યાકુળ બન્યાં છે. ટોળાં પણ કેવાં ? ટળવળતા. દર્શનની ઈચ્છા જાગવી અને દર્શન માટે ટળવળવું એ બંને સ્થિતિ અલગ છે. આકાશમાં પરમ તત્ત્વોની આ સ્થિતિ છે તો પૃથ્વી ઉપર શું બને છે ? પૃથ્વીપગથારે ભમતા અવધૂતની આંખ પણ એ બ્રહ્માંડની ગોળાઈ જેવડી થઈને પરમતત્ત્વને શોધે છે. શોધવામાં એક પ્રકારની વિકળતા છે. શોધ શાંતિથી પણ થઈ શકે. વ્યાકુળતાનો સંદર્ભ ગીતની અંતિમ પંક્તિમાં પ્રાણબપૈયોમાં આવે છે.

ઉપરના નભના ચંદરવામાં પણ શોધ ચાલે છે એની વાત કર્યા પછી પૃથ્વી ઉપર આવતાં કવિ કહે છે :

**મહેરામણ ભૈરવનાદે અલખ પુકારે,**

**મૂંગા ગિરિઓનાં મસ્તક ઊંચે ઝંખતાં રે જી.**

**તલખે પંખી ને પ્રાણી, સરવર નદીઓનાં પાણી,**

**રાતે ડુંગરિયા દવ નો જંપતા રે હો જી.**

આ શોધ જાણે કે અહોરાત્ર ચાલી રહી છે. કોઈ એકાદ ક્ષણ કે પૂજા-પાઠના પ્રહરની વાત નથી. મહેરામણનો નાદ પણ ભૈરવ છે. 'તલખે' એ 'ટળવળે' પછીનું નવું ક્રિયાપદ છે. ટળવળાટ પછીની સ્થિતિ તલખવાની છે. આ તલસાટમાં પંખી ને પ્રાણીની સાથે નદીઓનાં પાણીનો લયવળોટ માણવા જેવો છે. આપોઆપ એમાં એકતારાનો લય, ગુંજારવ પ્રવેશી જાય છે. દિવસે તો સૂરજનં તેજ છે, પણ રાત્રેય ડુંગરિયા દેવ પ્રજળીને આ શોધ માટે પ્રકાશ પાથરી રહ્યા છે. એની સાથે અંદરનું પ્રજ્જવલન પણ સાક્ષાત્ થઈ આવે છે.

કુદરતના કણેકણ જેની શોધ માટે પ્રવૃત્ત થયા છે ને એ શોધમાં કવિનો માંહ્યલો પણ જાણે કે ઓગળી ગયો છે. આખાયે બ્રહ્માંડમાં વ્યાપેલો, બ્રહ્માંડને ધારણ કરતો એ વિશ્વંભર ક્યાં છે ? ખૂણેખૂણામાં કવિની ચેતના ફરી વળે છે 'ખ' એટલે આકાશથી માંડીને હૃદયના ખૂણા સુધી.પરંતુ અહીં મામલો જરા નાજુક છે. સાવ એવું તો નથી કે એની ભાળ નથી. જાણ્યો છતાં અજાણ્યો. દેખાય છે ને નથી પણ દેખાતો. કવિ પાસે જાણે કે ઈશ્વરનાં પગલાંનો એક નકશો છે.એને થોડો અંદાજ પણ છે એટલે મહાન તત્ત્વોને પળવાર બાજુએ મૂકીને તરણા ઉપર નજર કરે છે.પણ પરમતત્ત્વ તો મૂળમાં છે.જે હોવા છતાં પ્રગટ રીતે પરખાતું નથી.

**તરણાની છાયા હેઠે કાયા ઢંકાય તારી,**

**આભનાં આભૂષણ તોયે ઓછાં પડે રે જી.**

**બ્રહ્માંડ ભરીને પોઢ્યા, કીકીમાં માશો શેણે ?**

**જોવા તોયે લોચનિયાં ઘેલાં રહડે રે હો જી.**

જેને આભનાં આભૂષણેય ઓછાં પડે એને જોવા લોચનિયાં રડે છે. પણ એની આગળનું 'ઘેલાં' વિશેષણ નોંધવું જોઈએ. સાથોસાથ મોટોમસ એક પ્રશ્ન આવે છે. આ તો બ્રહ્માંડ ભરીને પોઢ્યા છો. એકેય કણ એવો નથી જેમાં તમે નથી.તો કીકીમાં માશો શેણે ? જોવાની અદમ્ય ઝંખના તો છે પણ આ ચર્મચક્ષુની મર્યાદાય સ્વીકારવી રહી, પરંતુ આ સમસ્યા કવિની નથી. વિશ્વંભરની છે. એણે કીકીમાં સમાવાનું છે. 'મારા નેણમાં સમાવ્યા નંદલાલ' જેવી આ પરિસ્થિતિ છે. પાછાં રડતાં લોચનિયાં. પ્રભુ એમાં બિરાજે તોય વહી નહીં જાય એની ખાતરી શી ?

બહારનાં તત્ત્વો દ્વારા આરંભાયેલી આ શોધના મૂળમાં અવિરત વ્યાકુળતા છે. ઈશ્વર એટલે કે પ્રકૃતિના પરમ તત્ત્વને માટેની આરત ઉપર ઉપરની નથી. એટલે તો કવિ સમષ્ટિને પણ સાથે લે છે. પરંતુ છેલ્લે તો આત્મસ્થ જ થવાનું હોય. બીજાં તત્ત્વો મદદ કરે તોય કેટલી? એ તત્ત્વો કદાચ આત્મતત્ત્વને બ્રહ્માંડના લયમાં સમાવી લે, ગતિ આપે, તો પણ ઠરવાનું તો જાતમાં જ જગતનિયંતાને જોવાનો. કવિ આ બધું જાણે છે ને સ્વીકાર પણ કરે છે કે આ બધો ક્ષણનો જ મામલો છે. આટઆટલે ઠેકાણે ઘૂમી વળ્યા પછી કવિમન જાતે જ સમાધાન શોધે છે. એ સમાધાનને જ વિશ્વંભરનું વિરાટદર્શન કહી શકાય. છેલ્લે ચાર પંક્તિને બદલે બે પંક્તિમાં જ આ દર્શન આટોપી લીધું છે.

**ગગન ઘેરીને આજે દર્શન વરસો રે વ્હાલા !**
**ઉરે ઝૂરે રે મારો પ્રાણબપૈયો રે હો જી.**

ગગન ઘેરીને માત્ર વરસો એમ નહીં, દર્શન વરસો એવું કવિએ કહ્યું છે. આમ તો ગીતના આરંભથી જ, કવિને પરમતત્ત્વની ઝાંખી હોવાની આપણને ખબર પડી ગઈ છે. અગાઉ કહ્યું તેમ કવિની પાસે આછોતરો પણ એક નકશો છે. એટલે એ પગલે પગલે જાણે કે ફરી વળે છે. પરંતુ કવિને એય ખબર છે કે આટલું મોટું વિરાટ તત્ત્વ એમ કંઈ આંખોમાં સમાવાનું નથી. એટલે વહાવવું એમાં જ ઈષ્ટ. વહાવવામાં વહેવાનો ભાવ પણ છે, એક બાજુ દર્શન વરસે ને નીર વહે તો બીજી બાજુ આંખોમાંથી વહેતાં નીર ! એ સમે પ્રાણબપૈયો ફરી પાછો ઝૂરવા માંડે છે પી..પિયૂ...પી.પિયૂ !

ખરેખર તો કવિનું ગંતવ્ય પ્રભુપ્રાપ્તિનું છે જ નહીં. વિરાટ તત્ત્વોને નિમિત્તે અનુસંધાન રચીને એક ઝલક મેળવવાનો પ્રયત્ન માત્ર છે. અવિરત ઝૂરતું ઉર, અવિરત પીપાસા અને અવિરત શોધનું આ કાવ્ય છે. લયબંધ એકદમ ચુસ્ત છે. ભજનની તમામ વિશેષતાઓ એમાંની વ્યાકુળતાને કવિએ જાણે કે આત્મસાત્ કરી લીધી છે. આ કાવ્યનું પોતાનું એક સંગીત છે. એ સંગીતમાં ઘોંઘાટ નથી. એકતારાની ગુંજ છે. આછેરી ઢોલકી વાગે તો કદાચ ચાલી જાય પણ અન્ય સ્વરો કે સૂરોને અહીં અવકાશ રહેવા દીધો નથી. પોતાના હૃદયના ભાવોની સાથે સૂરજ, ચાંદો, નવલખ, તારા, અવધૂત, મહેરામણ, ગિરિઓનાં મસ્તક, પંખી, પ્રાણી, સરવર-નદીઓનાં પાણી, ડુંગર અને એની ઉપરના દવ - આ બધાં પ્રકૃતિનાં અંગોને પોતાની આ શોધમાં કવિ સ્વાભાવિક રીતે સામેલ કરી દે છે. એ બધાં તત્ત્વો આપમાં છે એમ, આપ પણ એમાં સમાયેલો છે એની પ્રતીતિ કરાવી આપે છે. જાણે કશું પૃથક્ પૃથક્ રહેતું જ નથી. બ્રહ્માંડના લય સાથે શ્વાસ ઉચ્છ્‌વાસનો લય તાલ મેળવે છે. એમાં એક ઝીણી ગૂંજ ભળે છે. એને જ પરમતત્ત્વ કહીશું ?

આરતમાં તીવ્રતા છે, પણ કવિનો સ્વર તીવ્ર નથી. એમાં એક પ્રકારનું આભિજાત્ય અને વિનમ્રતા પણ છે. સાથે સાથે એમ પણ જોઈ શકાય છે કે આટઆટલાં મહાન તત્ત્વો પણ જેની ઝંખના કરે છે એની સામે કવિનું નાનકડું મન કઈ રીતે અલગ રહી શકે ? એટલે વિરાટના દર્શનની અભીપ્સાની સાથે પ્રકૃતિનાં તત્ત્વો સાથે જે એકાત્મનો ભાવ અનુભવાય છે તે મુખ્ય છે. કવિ વિનિત રહીને પણ મહાનની સાથે ભળી જવા છતાં પ્રાણબપૈયાના ઝુરાપાને અખંડ રહેવા દે છે એ પણ મનની લીલા જ ને ?

---

**હર્ષદ ત્રિવેદી** (૧૯૫૮) : કવિ,નવલકથાકાર,વાર્તાકાર,'શબ્દસૃષ્ટિ'ના પૂર્વ સંપાદક
ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'પરબ'માં પ્રગટ કાવ્યાસ્વાદ અહીં સાભાર રજૂ કરેલ છે.

## 5. માનવ સંવેદનાનો તીણો - વેધક સૂર

**ગુલામ**

હું ગુલામ ?
સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ ?
સ્વતંત્ર પુષ્પ ખીલતાંય
સ્વ-છંદ પંખી ઊડતાં,
હલાવતાં સુડાળ ઝાડ, ના કહેતું કોઈ ના.
સરે સરિત નિર્મળા,
નિરંકુશે ઝરે ઝરા,
વહે સુમંદ નર્તનો, ન હાથ કોઈ દેતું ત્યાં.
સિંધુ ઘૂઘવે કરાળ,
ઊછળે તરંગમાળ,
ગાન કોઈ રોકતું ન, નિત્ય ગીત ગાજતાં.
સ્વતંત્ર પ્રકૃતિ તમામ,
એક માનવી જ કાં ગુલામ ?

(દેત્રોજ પોલીસથાણું, નવેમ્બર ૧૯૩૦)

કવિ ઉમાશંકર જોશીએ આ કવિતા લખી ત્યારે તેમની ઉંમર ૧૯ વર્ષની હતી અને ૧૯૩૦ના આરંભમાં જ લાહોર કૉંગ્રેસના ઠરાવ મુજબ દેશભરમાં આઝાદીનું આંદોલન પ્રસરી ગયું હતું. ૧૨મી માર્ચ ૧૯૩૦ના દિવસે ગાંધીજીએ 'દાંડીયાત્રા' શરૂ કરી અને અંગ્રેજો સામે પડકાર કરી કહ્યું : ''કૂતરાંને મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વગર આશ્રમમાં પગ નહીં મૂકું.''

ભારતનું વાતાવરણ જ તે સમયે એવું હતું કે, દરેક વ્યક્તિ અંગ્રેજ શાસનથી મુક્તિ મેળવવા ઈચ્છતી હતી. અંગ્રેજોની નીતિ-રીતિ સામે આક્રોશ હતો. તો બીજી તરફ અંગ્રેજ સરકાર પણ ભારતની દરેક વ્યક્તિ ગુલામ છે, એ દૃષ્ટિથી જ તેની સાથે વર્તતી હતી. આ ગુલામીની બેડીઓ તોડી સ્વરાજને પૂરબહારમાં ખીલવવા પ્રજા તલસી રહી હતી. પ્રજામાં જાગૃતિ અને આત્મબલિદાનનો મોટો જુવાળ આવ્યો હતો. કારાગૃહને 'સ્વતંત્રતાની દેવી'નું સુવર્ણમંદિર સમજી સેંકડોની સંખ્યામાં દેશભક્તોએ જેલવાસ કર્યો હતો. ઉમાશંકર જોશી તેમાંના એક હતા. તેમને પણ દેત્રોજ પોલીસ થાણાની જેલમાં કેદ કર્યા હતા. તેમણે તે સમયે આ 'ગુલામ' કવિતાની રચના કરી હતી. પછી તેમને 'સાબરમતી જેલ'માં લઈ જવામાં આવ્યા. ત્યાં તેમને ચૌદ દિવસ સુધી જેલમાં રાખવામાં આવ્યા. અહીં તેમને 'વાંચનયોગ'ની ખરેખરી તક મળી. અહીં તેમણે મરાઠી, બંગાળી અને ઉર્દૂ શીખવાની શરૂઆત કરી. તે સમયે દરેક વ્યક્તિના કંઠમાં એક જ ઉદ્‌ઘોષ હતો :

સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે,
યા હોમ કરીને પડો ફતેહ છે આગે.

- નર્મદ

અંગ્રેજ શાસકોએ ભારતની ગુલામ પ્રજા ઉપર ગમે તેવા વેરાઓ નાખીને તેને પાંગળી બનાવી દીધી હતી. ઉમાશંકર જોશીનો આ આક્રોશ અંગ્રેજ શાસકો સામેનો હતો.

તેમની આ કવિતાની શરૂઆત જ 'હું ગુલામ ?'માં જ પ્રશ્નાર્થ છે. અહીં માનવસંવેદનાનો તીણો-વેધક સૂર સ્પષ્ટ સંભળાય છે. તાદૃશતા, કરુણચિત્રો અને નિરૂપણની આગવી શૈલી તેમની કવિતામાં વિશેષ નોંધપાત્ર છે. તો વિષયસંવેદનાની ચટકીલી રજૂઆત

અને સાંપ્રતનો જીવંત સ્પર્શ એમાનાં કાવ્યોનો વૈભવ છે. સમાજાભિમુખતા એમના સર્જનમાં બહુધા જોવા મળે છે. પ્રસંગોચિત્ત લખાયેલી એમની કેટલીક રચનાઓનું પણ ચિરંજીવ સ્થાન રહ્યું છે. તો હૃદય વચ્ચે સંવાદ સાધવાની મનીષા પણ તીવ્ર રહી છે.

'ગુલામ' કવિતા એ કવિના હૃદયની વાણી છે. આ સર્જકે જ્યારે આ કવિતા લખી ત્યારે આપણે આગળ જોયું તેમ આઝાદીની ચળવળનો મધ્યાહ્ન તપતો હતો. 'દાંડીકૂચ'નો નશો ઊતર્યો નહોતો. લોકોમાં ઉત્સાહ અને આક્રોશ મિશ્રભાવે પ્રકટતા હતા. તો ઉમાશંકર જોશી એમાંથી બાકાત કેમ રહી શકે ? તેમને ગુલામીની દશા અનેક રીતે કઠવા લાગી. એમણે પણ ચળવળમાં સક્રિય ભાગ લીધો. પોલીસના હાથે પકડાઈ ગયા અને દેત્રોજ પોલીસ થાણામાં લઈ ગયા. પોલીસ થાણામાં રહ્યે રહ્યે પણ એમણે ગુલામી દશાની અનુભૂતિ કરી અને તેમણે 'ગુલબંકી છંદ'માં 'ગુલામ' કાવ્યની રચના કરી. આ કાવ્ય સંદર્ભે ચંદ્રકાન્ત શેઠ કહે છે : ''ઉમાશંકર જોશીએ કેવળ પ્રકૃતિનિર્ઝરનો જ નહિ, કવિતાનિર્ઝરનો સૌન્દર્યમંત્ર પણ અંતઃશ્રુતિપટ પર ઝીલ્યો હતો.''

કવિએ શરૂઆતમાં જ 'હું ગુલામ ?' એવો પ્રશ્ન કર્યો છે. તેમના મનમાં સતત એમ થયા કરે છે કે : 'હું જ શા માટે ગુલામ ?' આ 'હું'માંથી કવિ બહાર આવીને સમષ્ટિના દરેક માનવીને આવરી લે છે અને તેઓ કહે છે : મનુષ્ય તો 'સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ છે.' એને ગુલામ કઈ રીતે બનાવી શકાય ?! તેઓ એના ખુલાસાઓ આપતાં જણાવે છે : 'અહીં પુષ્પોને ખીલવાની સ્વતંત્રતા છે, પક્ષીઓ મુક્ત રીતે ઉડ્ડયન કરી શકે છે, વૃક્ષો પણ પોતાની ડાળીઓને મુકત રીતે ડોલાવી શકે છે, પ્રકૃતિ, પશુ-પક્ષી માટે ક્યાંય ગુલામી નથી. ઝરા, ઝરણ, નદી નૃત્ય કરતાં, નર્તનતાં વહી રહ્યાં છે. મહાસાગર પણ સતત ઘૂઘવ્યા કરે છે. એમને તેમ કરતાં કોઈ રોકતું નથી. આખું પ્રકૃતિ જગત સ્વતંત્ર છે. ના તો તેમને કોઈ રોક છે ન ટોક છે. તેમ છતાં 'એક માનવી જ કાં ગુલામ ?' એમ પ્રશ્ન પણ કવિ કરે છે.

કવિનો આ પ્રશ્ન માત્ર એમનો જ નથી પણ સમગ્ર માનવસૃષ્ટિનો છે. નિયમો, બંધનો, મર્યાદાઓ અને ભેદભાવ વગેરે માત્ર મનુષ્યને જ લાગુ પડે છે. પરંતુ અહીં સ્થિતિ કંઈક અલગ છે. એમણે જે અનુભવ્યું તેનું અહીં આકલન કર્યું છે. આડકતરી રીતે અંગ્રેજોની નીતિ-રીતિને કવિએ ખુલ્લી પાડી છે. તો સાથે સાથે કવિનો આક્રોશ પ્રકટતો પણ જોઈ શકાય છે.

અહીં મને 'રેફ્યુજી' ફિલ્મનું એક ગીત યાદ આવે છે, જે કવિ શ્રી જાવેદ અખ્તરે લખ્યું છે :

પંછી નદિયાં પવન કે ઝોંકે,
કોઈ સરહદ ના ઈન્હે રોકે;

---

**હરીશ વટાવવાળા** (૧૯૪૭) : કવિ,નવલકથાકાર,વાર્તાકાર,વિવેચક
ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'પરબ'માં પ્રગટ કાવ્યાસ્વાદ અહીં સાભાર રજૂ કરેલ છે.

---

### 7.4 સ્વાધ્યાય

આ એકમમાં સમાવિષ્ટ દરેક કાવ્યનો મૌલિક આસ્વાદ કરો.

## એકમ 8

## કાવ્યાસ્વાદ-II

કાવ્યાસ્વાદના બીજા એકમમાં આપણે નીચે મુજબના છ કાવ્યાસ્વાદનો અભ્યાસ કરીશું.

6. પીડા વિના પ્રાપ્તિ નથી (ભોમિયા વિના) - મણિલાલ હ.પટેલ
7. સર્જકપ્રતિભાનો ઉત્કૃષ્ટ આવિષ્કાર સાધતી રચના (બળતાં પાણી) - ભાનુપ્રસાદ પંડ્યા
8. ગુજરાત-ઉમાશંકર જોશી (ગુજરાત મોરી મોરી રે) - ભાગ્યેશ જહા
9. હૈયાનો સ્વભાવ અને પ્રભાવ (માનવીનું હૈયું) - ભગીરથ બ્રહ્મભટ્ટ

10 ઉન્મત પ્રેમ અને ઘેરા વિષાદની બેવડી ભાત (ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય...) - વિનોદ જોશી

11. એક બાળકીને સ્મશાન લઈ જતાં - ડૉ.યોગેન્દ્ર પારેખ

### 6. પીડા વિના પ્રાપ્તિ નથી

**ભોમિયા વિના**

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,

એકલો અટૂલો ઝાંખો પડ્યો.
આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજ કુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

અરવલ્લી ગિરિમાળાની (છેલ્લી) દક્ષિણ ટૂકો વચાળેના જન-વનપ્રદેશમાં ઉમાશંકરનું શૈશવ વીત્યું; અને એ પહાડીઓ, વનરાજી, ઝરણાં-નદીઓ, ટેકરીઓ, ડુંગરોની કૂખે વસેલાં ગામડાં, એ જનપદ તથા વનપદની હેતાળ પ્રજાઓની વચ્ચે ઉમાશંકરનો કિશોરકાળ કેળવાયો હતો. એમની કવિતાનો પણ એ જ મલક બામણા અને ઈડરમાં વિદ્યાભ્યાસ થયો ત્યાંય સંગત-સોબત તો ડુંગરો અને ઝરણાંની જ હતી ને ! એ વનરાજીઓમાં આવતી ઋતુઓ તથા કૃષિકારોના પ્રદેશમાં વિહાર કરવા નીકળી હોય એમ મહાલતી મોસમોનું ઉમાશંકરને કાયમનું

આકર્ષણ રહેલું.

પ્રકૃતિ ઉમાશંકરની કવિતાનું પિયર છે પિયર !!

ઝરણું અલકમલકથી આવે / ઝરણું અલકમલમકમાં જાય...
અમે સૂતા ઝરણાને જગાડ્યું... ઊછીનું ગીત માગ્યું... કે -
નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગર-વનો...
એકાંતોમાં પ્રકૃતિ કવતી મંજુ શબ્દાવલિ કો -

ઝરણાં-નદી-ડુંગરાઓની એમણે કલ્પના નથી કરવી પડી. જેઠાલાલ જોશી-'ડુંગરવાળા'ના આ કવિપુત્રે તો ડુંગરની કેડમાં, ઝરણાંના ખળખળતા નાદ અને હેલે ચઢતી નદીઓ જેવી વનશ્રી વચ્ચે જ જીવનના પ્રથમ શ્વાસ લીધા હતા. એટલે આ કવિ ભોમિયા વિના ડુંગરા ભમવાની વાત કરે તો એ સહજ છે... પણ એ ડુંગર-વનોના ભ્રમણ નિમિત્તે, 'રોતા ઝરણાની આંખી લ્હોવી હતી' - એમ કહે છે તે વિલક્ષણ છે ને તે સંકેત માનવતા અને માનવગૌરવને ચીંધતો હોવાથી યદ્યપિ આસ્વાદ્ય છે. 'ભોમિયા વિના' ગીત-કવિ ઉમાશંકરની મુખ્ય ઓળખનો પર્યાય બની રહ્યું છે. એમાં એમની એ પછીથી આવનારી કવિતાનો 'પદધ્વનિ' પણ સંભળાતો રહેલો.

ઉમાશંકર જોશીની પ્રકૃતિકવિતા ધ્યાનથી જોતાં જણાશે કે એ જુદાં જુદાં રૂપોમાં રચાતી આવતી કોઈ એક જ કવિતાના રમ્ય અંશો છે.એમની પ્રકૃતિપ્રીતિ તે માનવપ્રીતિને વળોટતી ચાલે છે...એમાં નિજત્વની મુદ્રા સાથે ચેતનાભર્યા પશુપંખીજગત માટે પણ જગ્યા છે.

'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી :
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !'

શામળાજી-ભિલોડા-ઈડરના એ લોકમેળાઓમાં ગવાતાં લોકગીતો ઉમાશંકરને મન ગીતકવિતા જાણવા-માણવા-નાણવાની વિદ્યાપીઠ જેવાં હતાં. લોકહૃદયના ભાવો, લોકભાષા અને લોકલયની સંવાદિતાનું ઉત્તમ પરિણામ 'ગાણું અધૂરું મેલ્ય મા, લ્યા વ્હાલમા !' તથા 'ભોમિયા વિના'માં માણવા મળે છે એ મોંઘી જણસ જેવાં ગીતો, લય-ભાવ-ભાષા સમેત, લોકમેળાઓ માણ્યાનું પ્રત્યક્ષ પરિણામ છે. સાંભળતાં જ વ્યંજિત થઈ ઊઠે એવાં આ ગીતો આસ્વાદકની મધ્યસ્થી વિના જ ભાવકને સભર સભર કરી દે છે. મુખડા અંતરાની આટલી સહજ છતાં રસાળ રચનાભાત ત્રીશી (૧૯૩૦-૪૦)નાં વર્ષોમાં અતિ વિરલ ગણાય. કવિપ્રતિભા વિના આ શક્ય નથી.

અમારી પ્રાથમિક શાળાના માસ્તર ધૂળજી તલાર તો અમને એમ સજાવતા હતા કે - ''વર્નાક્યુલર ફાઈનલ (V.F) ની પરીક્ષારૂપી ડુંગરાઓ પાર કરવા માટે આ માણસ ભોમિયો (પ્રશ્નોના જવાબોની ગાઈડ) વિના ભમી વળવાની હામ ભીડે છે.'' અરેરે ! બિચ્ચારા ! ધૂળજીભાઈ સાહેબ !! જો કે કવિતા તો જાતે ઊગરી જાય છે ને ભાવકનેય તારે છે ને તારવીય લે છે; હાસ્તો ! એમાં જ એનો જાદુ છે. 'ભોમિયા વિના' ગીતકવિતામાં પણ નોખો જ જાદુ છે. કુતૂહલ અને ભય : બંનેનું શૈશવે ભારે આકર્ષણ હોય છે. ડુંગર કરાડ-કોતરો-કુંજો-જંગલો જોવાનું આકર્ષણ ! સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપેમળે... સૌંદર્યનું રસપાન! ને એ સાથે માનવજીવનની વિષમતાઓનું ભાન : બહુ મોટી વાત છે.

૨૧-૨૨ વર્ષની વયે ઉમાશંકરે 'ભોમિયા વિના' ગીત રચ્યું. સૌંદર્યપ્રીતિ તો બરાબર, પણ માનવજીવનને ઘેરી વળતી પીડાઓનું જ્ઞાન પણ કવિતામાં સહજ કવિત્વથી રસાઈને પ્રગટે એ વાત અચરજકર છે. એ પીડિતોનાં નિર્દોષ દુઃખડાં લેવાની વાત કવિ કરે છે. 'રોતાં ઝરણાં' તે આ દુઃખિયારાં લોકો ! કવિ એમની આંખ લ્હોવા ચાહે છે... ને વળી પોતાનાં ભોમ-ભીતરમાંય 'ગાતાં ઝરણાં' છે એમ 'રોતાં ઝરણાં'ય છે... ! રોતાંને ગાતાં કરવાની

વાત ગમી જાય એવી છે. પીડાને કવિ કોયલના માળે ગૂંથીને રજૂ કરવા માગે છે. અંતરની વેદના જો કોયલના ટહુકા રૂપે ગુંજતી-ગાતી-વ્હેતી થાય તો એમાંથીય માધુર્ય જ પ્રગટવાનું છે. પીડાને ગીત દ્વારા મધુરતામાં પલટાવવાની વાત કહેવા કવિએ ‘કોયલના માળા’નો (કોયલ તો માળો બાંધતી નથી) પ્રતીકાત્મક ઉલ્લેખ કર્યો છે. ખરેખર તો વેદનાને કોયલના કંઠે પ્રગટતા ગાનની જેમ ગાઈને જીવનને મધુરતર કરવાની આ વાત કાવ્યપૂર્ણ છે. લોકજીવનનાં તથ્યોને કાવ્યાર્થ દ્વારા ઓળંગી જતી કવિતા એટલે સ્તો લોકોત્તર સ્તરે પહોંચી જાય છે.

બાવીસ વર્ષના પ્રતિભાશીલ યુવા કવિહૃદયને ખ્યાલ છે - બલકે અનુભવ છે કે અહીં ‘ઉરબોલ’-પ્રેમનો પ્રતિઉત્તર મળતો નથી... પડઘો મળે તોય રાજી ! પણ એય દુર્લભ છે, હૃદયભાવો વ્યક્ત કરતી વાણી વેરાઈ જાય છે ને આભમાં ફેલાઈ જાય છે. - કવિ એકલોઅટૂલો પડી જાય છે ને જીવતર ઝાંખું દીસે છે ! આપણા-પોતાના સિવાય આપણું કોઈ નથી-એ સત્ય જાણનારો-યુવાકવિ હવે, રોતાં ઝરણાંની આંખ લ્હોવા સાથે, પોતાના અંતરની આંખડી લ્હોવાનું-જાતે લ્હોવાનું-જાણી લે છે !! સૌંદર્યો તથા વેદનાઓ તો સાથે જ રહેવાનાં છે... એટલે સાબદાં થવાનું છે. પીડા વિના તો કશી પ્રાપ્તિ નથી એ આ ગીતનું સત્ય છે. કવિએ લોકલય, વર્ણસગાઈ, પ્રાસાનુપ્રાસ યોજીને ભાવાભિવ્યક્તિને વધારે રસાળ બનાવી છે. ભાવાર્દ્ર કરી દેતું આ કાવ્ય જીવનના દર્શનની મોઢામોઢ પણ કરી દે છે - આજે પણ !! એ જ તો કાવ્યસિદ્ધિ છે.

---

**મણિલાલ હ.પટેલ** (૧૯૪૯) : કવિ,નિબંધકાર,વાર્તાકાર,વિવેચક

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત ‘પરબ’માં પ્રગટ કાવ્યાસ્વાદ અહીં સાભાર રજૂ કરેલ છે.

---

### 7. સર્જકપ્રતિભાનો ઉત્કૃષ્ટ આવિષ્કાર સાધતી રચના

**બળતાં પાણી**

નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગરવાનો;
પડે ઓળા પાણી મહીં, સરિત હૈયે સળગતી.
ઘણું દાઝે દેહે, તપી તપી ઊડે બિંદુ જળનાં.
વરાળો હૈયાની પણ મદદ કૈં ના દઈ શકે.
જરી થંભી જૈને ઊછળી, દઈ છોળો તટ પરે
પહાડોને છાંટી શીતળ કરવાનું નવ બને.
અરે ! જે પ્હાડોએ નિજ સહુ નિચોવી અરપિયું
નવાણોમાં, તેને સમય પર દૈ બુંદ ન શકે.

કિનારાની આંકી જડ કઠણ માઝા ક્યમ કરી
ઉથાપી-લોપીને સ્વજનદુખને શાંત કરવું ?
નદીને પાસેનાં સળગી મરતાંને અવગણી
જવું સિંધુ કેરા અદીઠ વ’વાગ્નિ બૂઝવવા !
પછી ત્યાંથી કો દી જળભર ભલે વાદળ બની,
વહી આવી આહીં ગિરિદવ શમાવાનું થઈ રૂહે !
અરે ! એ તે ક્યારે ? ભસમ સહુ થૈ જાય પછીથી ?

સિંહગઢ, ૭-૫-૧૯૩૩

આપણા ગાંધીયુગીન કવિઓએ યુગવર્તી જાગતિક પરિબળોને કવિતામાં ઝીલ્યાં છે એ ખરું, પણ તેના નિરૂપણમાં એમણે કાવ્યકલાનું સૌંદર્ય પણ ઉત્તમકક્ષાએ પ્રગટ કરી આપ્યું છે.

છંદોબદ્ધ રચનાઓ, સૉનેટ, ગીત કે પરંપરિત અભિવ્યક્તિરૂપોમાં એમનું સર્જનાત્મક કૌશલ વિદગ્ધ-વિચક્ષણ સહૃદયને પ્રસન્ન કરે તેવું હોય છે. તેમાં કેવળ ગાંધીદર્શન કે સામાજિક પ્રતિબદ્ધતાનો ઉદ્ઘોષ નથી. યુગલક્ષી સંવેદના રજૂ થાય છે, ત્યાંય પોતાની વિવક્ષાને સાચવીને પણ સારું એવું કાવ્યત્વ તેઓએ સિદ્ધ કર્યું છે. કલાત્મક દૃષ્ટિએ નાણતા-માણતા આપણા શેષ, સ્નેહરશ્મિ, સુન્દરમ્ કે ઉમાશંકર જોશી ઊણા ઊતરતા નથી.

'બળતાં પાણી' ઉમાશંકર જોશીની સર્જકપ્રતિભાનો ઉત્કૃષ્ટ આવિષ્કાર સાધતી રચના બની રહે છે. એમની કેટલીક કાવ્યકૃતિઓ નિસર્ગદર્શનથી સ્પંદિત થતાં સ્ફુરી હોય છે, પછી એમાં અભિનવ વિચારસ્પંદને કાલવીને કાવ્યક્ષમ અનુભૂતિ બંધાતાં એ કાવ્યપુદ્ગલ ધારણ કરે છે. વિશ્વનિયંતાની રચનામાં પ્રતીત થતા કોઈ ઋતુનું પ્રતીકાત્મક રીતે અથવા અન્યોક્તિ જેવી કોઈ પ્રયુક્તિનો આશ્રય લઈને તેઓ એને અનુરૂપ એવા અભિવ્યક્તિમાધ્યમમાં એનું નિર્માણ કરે છે. સંવેદન સ્વયં અને અનુરૂપ એવો લય પસંદ કરી લે છે. પરંતુ એમાંથી કોઈ વેધક જીવનરહસ્ય વીજઝબકારે ઝળહળતું દેખાય છે. 'ઊકરડો', 'ભોમિયા વિના', 'ચુસાયેલા ગોટલાને', 'પીંછું' - જેવી કાવ્યનિર્મિતિઓ એનાં ઉદહારણો બને છે. ગાંધીયુગીન સરળ પદવિન્યાસથી એ સૌંદર્ય સિદ્ધ કરે છે.

'બળતાં પાણી' તા.૭-૫-૧૯૩૩ના દિને રચાયેલું છે. કવિના ૧૯૩૪માં પ્રકાશિત થતા કાવ્યસંગ્રહ 'ગંગોત્રી'ની પ્રથમ આવૃત્તિમાં એ પ્રસિદ્ધ થયું હતું. એ દિવસો આપણા રાષ્ટ્રીય મુક્તિસંગ્રામના અને સામાજિક ઉત્થાન-આંદોલનના હતા. આથી એનો સંદર્ભ પણ એમાં સૂચિત હોવાનું કલ્પી શકાય. જો કે કવિએ 'ગંગોત્રી'નાં છેલ્લાં પૃષ્ઠોના ટિપ્પણમાં એનો કશો નિર્દેશ કર્યો નથી. એમણે તો માત્ર ત્યાં એક પંક્તિનો પ્રશ્ન કર્યો છે. કાવ્યસર્જન પાછળ એક વિચારસ્પંદ રૂપે એને જોઈ શકાય. વિશ્વનિયંતાની સૃષ્ટિરચનામાંની આ એક પ્રાકૃતિક ઘટના છે. આ કાવ્યસ્તુવિચારને એક નાનકડા કથાનક તરીકે આપણે સંક્ષેપમાં પ્રસ્તુત કરીએ. પછી એમાંથી વિસ્તરતા અર્થમર્મોનો આસ્વાદ કરીએ.

ડુંગરાળ વનોમાં એકાએક દાવાનળ પ્રજ્વળી ઊઠ્યો છે. વનો ભડભડ સળગી રહ્યાં છે. એના પડછાયા પાસે વહેતી નદીના પાણીમાં પ્રતિબિંબિત થાય છે. આથી જાણે કે આખી નદી પણ સળગી રહી હોય એવું દૃશ્ય સર્જાય છે. આ તે કેવું ? પાસે જ આ ભડકે બળતાં ડુંગરવનો અને નદી પોતાના જળથી એને બુઝાવવા જઈ શકતી નથી ! ખરેખર તો ચોમાસામાં પોતાના ઉપરથી વહેતાં ઝરણાં વહાવીને ડુંગરોએ આ જળનો હિસ્સો નદીને આપ્યો છે, પણ અત્યારે એ એના ખપમાં નથી આવતાં ! એ પાણી તો બસ બે કિનારા વચ્ચે જ વહ્યું જાય છે. તો પછી આ શું ડુંગરા અને વનોને ઉપયોગમાં નહિ જ આવે ? એ પ્રશ્નના ઉત્તરમાં કહી શકાય કે હવે તો ફરી એ જળનાં ઉનાળામાં વાદળાં બંધાયા અને પછી ચોમાસે એ વરસે ત્યારે ડુંગરવનો પર એનું જળ ધોધમાર રેલાય ! પણ એ તો ક્યારે બને ? ત્યાં સુધીમાં તો એ બધું ભસ્મીભૂત થઈ ગયું હશે ! આ છે એક પ્રાકૃતિક દૃશ્યનિર્ભર કથાનક. કવિએ એના 'થીમ'માં નિર્દેશ્યું છે, તેમ 'અંધ વિધાતાની અંધ યોજનાને શી રીતે ઉથાપવી ?' - ને સમર્પિત કરે છે.

આ રોમાંચક સળગતા વનદાવાનળના દૃશ્યને આ કવિસર્જકે મનોહર કાવ્યમાં જે રીતે સર્જનલીલાના સ્પર્શથી પુનર્નિર્મિત કરી આપ્યું છે, તેમાં ચમત્કાર છે. કવિની મેધા એની કોરી શુષ્કતાને કેવી નવપલ્લવિત કરી દે છે, ત્યાં પ્રતિભાનો 'ઈલમ' પ્રગટી રહે છે. એ ત્રીજા લોચનના પ્રસાદથી એમણે રૂપાંતર સાધીને માનવીય સંવેદના, કલ્પનાની રમ્યતા, પદમૈત્રી, પદલાલિત્ય-શ્રુતિઓના ભાવદૃશ્યાનુસાર સંયોજનો, છંદોલય, જીવનરહસ્ય અને યુગસંદર્ભનો સ્પર્શ-આદિનું જે સંઘટન સાધ્યું છે, તેમાંથી ઉદ્ભવે છે એક ચિરંજીવ રસમય કાવ્યરચના.

દૃષ્ટારૂપે તટસ્થભાવે જોઈએ તો આ એક કુદરતી બનાવ છે, પણ કવિએ ડુંગરા, વનો, પાસે જ વહેતી નદી, દૂરનો સમુદ્ર, કિનારાઓની મર્યાદા એ બધાં વચ્ચે માનવસહજ સંબંધો કલ્પીને જે તીવ્ર કર્તવ્યભાન, કૃતજ્ઞતાભાવ અને જટિલ પરિસ્થિતિને કારણે અનુભવાતી વિવશતાને લીધે 'કહેવાય નહિ અને સહેવાય નહિ'-એવો સંઘર્ષ ઊભો કર્યો છે,તેવી ભાવસંવેદનાનું પારસ્પરિક અનુસંધાન રચી આપ્યું છે,તેને કારણે એ કેવળ પ્રાકૃતિક દૃશ્ય નહિ રહેતાં આપણી માનવીય નિસબત બની જાય છે.આપણે રચનાની ભાવસૃષ્ટિમાં સહજ રીતે વિહરતાં થઈએ છીએ.

ડુંગરાવનો ભડકે બળે છે અને પડછાયા નદીના જળમાં પડે છે, ત્યાં કવિ સઘન સંવેદનાત્મક પ્રતિભાવ આલેખે છે : નદી પોતે જાણે હૈયે સળગી રહી છે ! એનાં જળ ઊકળી ઊઠ્યાં છે, હૈયામાં વરાળ ઊછળે છે, પણ તે કશી મદદ કરી શકતી નથી. એ ધારે તો પોતાનાં જળ ઉછાળીને પાસેના દાવાનળને બુઝાવી ન શકે ? ના, તે માત્ર સળગતે હૈયે મૂક દ્રષ્ટા છે ! નિષ્ક્રિય છે. પહાડોને પાણી છાંટીને ઠારી શકતી નથી ! જે પહાડોનો એના ઉપર ઉપકાર છે, વર્ષામાં ઝરણાં વહાવીને નદીના પૂરમાં ઉમેરો કર્યો છે. આજે એ એક ટીપુંય તેમને આપી શકતી નથી ! આ પ્રકારના આલેખનમાં 'સરિત હૈયે સળગતી' 'ઘણું દાઝો દેહે' - 'મદદ કૈં ના કરી શકે', 'શીતળ કરવાનું નવ બને' - એવા પંક્તિખંડોમાં ભાવક ઉત્કટ સમવેદના અનુભવી રહે છે. કવિએ માનવઉરના ઈલાકામાં પ્રકૃતિતત્ત્વોને દાખલ કરીને કેવી વિહ્વળતાનો અનુભવ કરાવ્યો છે ! પ્રારંભની આઠ પંક્તિઓમાં માત્ર કુદરતનું તટસ્થ ચિત્રણ નથી, પણ એને માનવભાવથી સંસિકત કરી ભાવચિત્તમાં અમળાટો સર્જ્યા છે.

પ્રારંભના આઠ પંક્તિના ખંડ પછી કવિ હવે ઊર્મિવળોટ લાવે છે. ત્યાં પણ પ્રકૃતિના નિયત જડ એવા ઋતુમાં ભાવસ્પંદને વહેતો કર્યો છે : જુઓ તો ખરા આ તે કેવી મજબૂરી ? કિનારાની જડકઠિન દીવાલ એને રોકે છે. નદી કાંઠાઓને ઉથાપીને ડુંગરવનોને ઠારી શકતી નથી. ત્યાં પણ 'સ્વજનદુઃખને શાંત' કરી શકાતું નથી, પેલાં પાસે જ સળગી મરતાંની ઉપેક્ષા કરીને એને તો મૂંગે મુખે રૂંધાયલા હૈયે પેલા દૂરના અદીઠ એવા સમુદ્રની ભીતરમાં સદાય સળગતા એવા દાવાનળ (વડવાનલ)ને બુઝવવા જવું પડે છે ! જે અગ્નિની ચોમેર પાણી જ છે, તેની પાસે જવાનું છે ! અહીં પણ 'સ્વપ્નદુઃખ' શબ્દગુચ્છમાં હવે નદી કેવળ પ્રકૃતિનું અંગ નહિ રહેતાં 'પડોશી' કે 'સહવાસી'ના પર્વતીય વનવિસ્તાર સાથે સંબંધાય છે ! આ તીવ્ર લાચારીનો ભાવ આપણને પણ ગમગીન બનાવી દે છે !

'સરિત હૈયે સળગતી', 'વરાળો હૈયાની', 'પાસે સળગી મરતાંને અવણગી', 'સ્વજનદુઃખને શાંત કરવું'-એ સર્વ શબ્દગુચ્છોમાં માનવીય આત્મીય નૈક્ટ્યનો વ્યથાસભર મમત્વભાવ કવિએ અહીં આલેખ્યો છે. સહાય નહિ કરી શકવાની વિવશતા તારસ્વરે પ્રગટી રહે છે. સહૃદયભાવક એનાથી વિક્ષુબ્ધ થઈ આંદોલિત થઈ જાય છે. એક પારિવારિક પરિવેશ આપણને સહનુકંપિત કરી રહે છે.આ શિખરિણીના છંદોલયમાં સર્જકચિત્તનાં આંદોલનો પણ એની પદાવલિમાં, પદમૈત્રીમાં, શ્રુતિઓના સંયોજનમાં આપણે વારંવાર માણી લઈએ છીએ. ડુંગરામાં લાગેલા દાવાનળનું દૃશ્ય કવિએ કૌશલપૂર્વક ઈંદ્રિયગોચર નિર્મી આપ્યું છે.

'નદી દોડે, સોડે, ભડભડ બળે ડુંગરવનો' એ ઉપાડની પંક્તિમાં જ 'એમણે' 'ડ' શ્રુતિનો એવો પ્રયોગ કર્યો છે કે એનાં આવર્તનોમાં 'તડતડ' થતાં સળગતાં સૂકાભેળાં લીલાં ડાળીડાંખળાંનો અવાજ આપણે સાભંળીએ છીએ. 'દોડે','સોડે', 'બળે'-માં 'એ... એ... એ...'નું આવર્તન વનરાજીને સળગતી બતાવે છે, અને પંક્તિને અંતે આવતાં 'વનો'માંનો 'ઓ'-એક ચીસ નીકળતી હોય એવી ઝાંખી કરાવે છે. 'વરાળો હૈયાની, પણ મદદ કૈં ના કરી શકે' એ પંક્તિમાં 'મદદ' જેવો તદ્દન સાદોસીધો બોલચાલનો શબ્દ પણ સરસ પદમૈત્રી સાધે છે. સમગ્ર રચનામાં આ તત્ત્વ આસ્વાદ્ય છે.

કાવ્યરચનામાં શું પ્રકૃતિ કે શું મનુષ્ય પોતાના સહજ સ્વભાવથી વિરુદ્ધ જઈને એ કાંઈ કરી શકે નહિ ! એ પ્રકારની વિધાતાની - વિશ્વનિયંતાની ગતિવિધિથી પણ કેવી એને વ્યથા-વ્યાકુળતા અનુભવવી પડે છે ! નદીપક્ષે આ પરિસ્થિતિ દુઃખદ છે 'જરી થંભી જૈને ઊછળી, દઈ છોળો તટ પરે - પહાડોને છાંટી શીતળ કરવાનું નવ બને.' - એ જ રીતે

**'કિનારાની આંકી જડ કટણ માઝા ક્યમ કરી**
**ઉથાપી-લોપીને સ્વજનદુઃખને શાંત કરવું ?'**

- માં પણ નિયંતાના 'જડકઠણ' નિયમને અધીન રહેવું પડે છે ! આમ જે કાંઈ સ્વભાવગત કુદરતીપણે આપણી ઉપર લદાયું છે, તેને આપણે ઉથાપી શકતા નથી, તો જે કાંઈ હૃદયમનના પ્રેમ-મમત્વના આવિર્ભાવો છે, તેને પણ રોકી શકતા નથી ! આ કેવો નિર્દય મામલો છે ! પેલી અસ્તિત્વવાદી-એબ્સર્ડ વિચારણા પ્રમાણે-'આપણને જાણે આ બેરહમ સૃષ્ટિમાં ધકેલી દેવામાં આવ્યા છે.'-એ વિધાનનું સ્મરણ થઈ જાય છે. 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો !'-એ કહેવત પ્રમાણે અહીં તો ડુંગરવનોને સળગતાં રાખીને દૂરના સમુદ્રના પેટાળની આગ ઠારવા જવાની છે ! 'બળતાં પાણી'માં પ્રકૃતિનિરૂપણ નિમિત્તે માનવનિયતિની વિષમતાનો સૂર પણ પદે પદે સ્ફુરી રહે છે. રચના આ રીતે તીવ્ર સંવેદનાત્મક નિરૂપણ સાથે ગહન જીવનરહસ્યોનો જે સંકેત આપ્યા કરે છે, તે પણ આ કાવ્યનો એક આસ્વાદ્ય અંશ છે.

આ કાવ્યરચનામાં કોઈ યુગવર્તી સંદર્ભ હોઈ શકે ? વિચારવા જેવું છે. ૧૯૩૩માં કવિ પૂનામાં દેવદાસ ગાંધી સાથે રાષ્ટ્રીય કામગીરીમાં પ્રવૃત્ત હતા. ત્યાંના ડુંગરાળ પ્રદેશમાં ભ્રમણ કરવાની પણ તક મળી હોય. કાવ્યની રચ્યાતારીખ ૭-૫-૧૯૩૩ છે, બાજુમાં 'સિંહગઢ'નો પણ ઉલ્લેખ છે, સંભવ છે કે પરિવારજનોનથી વિખૂટા પડેલા આપણા યુવા સત્યાગ્રહી લડવૈયાઓ સામે સ્વાતંત્ર્યપ્રાપ્તિનું દૂરનું લક્ષ્ય હતું. તેમની દડમજલ એ 'અદીઠા' લક્ષ્ય પ્રતિ હતી. આથી ક્યારેક એમને પરિવારજનો યાદ આવી જતાં એમના પ્રત્યેનું કર્તવ્યભાન જાગી જતું હોય. એ ચિંતાથી વ્યથાતપ્ત સ્વજનો તરફનું પોતાનું ઉત્તરદાયિત્વ એમને ભીતરથી વિહ્વળ કરતું હોય. 'બળતાં પાણી' આમ તત્કાલીન યુગસંદર્ભે 'જલતાં જિગર'નો સંઘર્ષ પણ ન હોઈ શકે ? આ પ્રકારનો વ્યંગ્યાર્થ ન લઈએ તો પણ કવિના 'થીમ' પ્રમાણે 'અંધયોજનાનેની અંધયોજનાને શી રીતે ઉથાપવી ?'-એ હાર્દરૂપ તથ્ય પણ એટલું જ હૃદયંગમ છે.

'બળતાં પાણી' પંદર પંક્તિની રચના હોવાથી રૂઢ તંત્ર પ્રમાણે એને સૉનેટમાં નથી ગણવામાં આવ્યું, પરંતુ એમાં વારંવાર આવતા ભાવવળાંકો (Voltas) તો સૉનેટનો વળોટ દાખવે છે ! પ્રથમ કાવ્યખંડમાં સળગતાં ડુંગરવનોને જોઈ વ્યથિત સળગતી નદી, પછીથી નદી કશી મદદ નથી કરી શકતી એ વિવશતાનો ભાવ, પહાડોએ એના ઉપર ઝરણાં અર્પીને કરેલો ઉપરકાર આટલું આઠ પંક્તિ સુધીમાં સંવેદનનાં વમળો રચે છે. પછીથી આવતી છ પંક્તિમાં પલટો આવે છે અને નદીને કિનારાને મર્યાદામાં રહીને દૂરના વડવાનલ ઠારવા ધકેલાવું પડે છે, એવો અનીચ્છાભાવ, પછીથી પુનઃવાદળ રૂપે વરસીને વનો ઠારવાનો વેળા વીત્યા પછીનો વૃથા પ્રયાસ-જેવા ક્રિયાલક્ષી ભાવવળાંક સચોટ રીતે વિરમે છે. આથી પંદરમી પંક્તિ 'અરે, એ તે ક્યારે ભસ્મ બધું થઈ જાય પછીથી ?' એ પ્રશ્નમાં કવિનો છૂટો પડી જતો અવાજ સ્પષ્ટતા કરતો સંભળાય છે ? રચનાનાં ભાવવર્તુળોથી એ બહારનું નિવેદન લાગે ! આથી એને કૌંસમાં મૂકી દઈએ,એટલે ચૌદ પંક્તિના સૉનેટ રૂપે એ પ્રભાવક આસ્વાદ્યતા ધારણ કરે.

**ભાનુપ્રસાદ પંડ્યા** (૧૯૩૨) : કવિ,વિવેચક
ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'પરબ'માં પ્રગટ કાવ્યાસ્વાદ અહીં સાભાર રજૂ કરેલ છે.

**૪. ગુજરાત-ઉમાશંકરની**

**ગૂજરાત મોરી મોરી રે**

મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત
　　ગૂજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગૂજરાત
　　ગૂજરાત મોરી મોરી રે.
સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમરતની મર્મર ધરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી
　　ગૂજરાત મોરી મોરી રે.
ગિરનારી ટૂકો ને ગઢ રે ઈડરિયા,
પાવાને ટોડલે મા'કાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં.
　　ગૂજરાત મોરી મોરી રે.
આંખની અમીમીટ ઊમટે ચરોતરે;
ચોરવાડ વાડીએ છાતી શી ઊભરે !
હૈયાનાં હીર પાઈ હેતભરી નીતરે
　　ગૂજરાત મોરી મોરી રે.
કોયલ ને મોરને મેઘમીઠે બોલડે,
નમણી પનિહારીને ભીને અંબોડલે,
નીરતીર સારસશાં સુખડૂબ્યાં જોડલે
　　ગૂજરાત મોરી મોરી રે.
નર્મદની ગૂજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગૂજરાત કપરી જીરવવી,
એક વાર ગાઈ કે કેમ કરી ભૂલવી ?
　　ગૂજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગૂજરાત
　　ગૂજરાત મોરી મોરી રે.
મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત
　　ગૂજરાત મોરી મોરી રે.

મુંબઈ, ૨૮-૧૧-૧૯૩૪

ઉમાશંકર આપણી ભાષાના પ્રમુખ ઊર્મિકવિ છે. કવિ યુગચેતનાના ઉદ્‌ગાતા છે તેથી અનેક સ્તરે અને સ્થળે એમનો સમાજોન્મેષ પ્રગટ થયા કરે છે. 'ગૂજરાત મોરી મોરી રે...' એ એમની ગુજરાત પ્રત્યેના પ્રેમ અને અપેક્ષાની હૃદયોર્મિનું ગીત છે. 'મારી મારી'ને બદલે 'મોરી મોરી' ગાઈને કવિ એમના વ્હાલને થોડી લોકબોલીનો સ્પર્શ આપે છે. સાથે સાથે (આ કવિતા ૧૯૩૪માં લખાઈ છે.) જન્મ આપનાર મા સાથે થોડો કાલો-કાલો ભાષાવ્યહારથી આવનાર ભાવજગતની પીઠિકા પણ બાંધે છે. શેલી એમના 'A defence of poetry'માં કવિના અધિકારપૂર્વકના 'મળતાં મળી ગઈ' કે 'ભારતની ભોમમાં ઝાઝેરી' જેવા કવિવિધાનોને આ રીતે મૂલવી શકાય, કવિનો વતનપ્રેમ નદીઓમાં, પર્વતોમાં, વાડી અને વગડામાં અને નેહભર્યા માનવસમૂહમાં અભિવ્યક્તિ પામ્યો છે,જેમાં ગુજરાત અને ઉમાશંકર આકંઠ છલકાય છે.

દરેક કવિતા એના નાભિકેન્દ્રથી કવિતામાં પથરાયેલ ભાવસંચલન પર નજર રાખતી હોય છે. અહીં કવિતાનો નાભિશબ્દ કાવ્યને છેડેથી ઉચ્ચરે છે, 'નર્મદની ગૂજરાત દોહ્યલી રે જીવવી, ગાંધીની ગૂજરાત કપરી જીરવવી.' કવિતા ઊર્મિનો પ્રદેશ છે, વતનવ્હાલમાં ઊભરાતી નદીઓ અને ગગનસ્પર્શી પહાડો હોય તે સ્વાભાવિક છે પણ કવિ બે ઇતિહાસપાત્રોને મૂકીને આખી કવિતાના ભાવજગતને એક વળાંક આપે છે. મહર્ષિ અરવિંદ એમના મહાન પુસ્તક 'ફ્યુચર પોએટ્રી'માં જે કવિતા મંત્રની વાત કરે છે તેનો રણકાર અહીં સંભળાય છે. કવિ ગાંધીયુગના પ્રભાવક પ્રવક્તા તો છે જ, પણ નર્મદ અને ગાંધીને સાથે સ્મરીને ગુજરાત જીવનના આગામી પડકારોનો એક ભાવિનકશો પણ દોરે છે. 'તારી હાંક સુણીને કોઈ ના આવે તો એકલો જાને રે' જેવી રવીન્દ્રવાણી અને કલમને ખોળે માથું મૂકવાની પ્રતિજ્ઞાની ભાષામાં છલકાતી ભાષા અને સંસ્કૃતિપ્રીતિ આવનારી ઝગમગાટવાળી સમૃદ્ધિમાં ન ભુલાય માટે 'જીવવી છે દોહ્યલી' એવું કવિવચન સ્રવે છે.

કવિનો ગાંધીપ્રેમ ખૂબ જ જાણીતો છે. એમનું ગ્લોબલાઈઝેશન વેદ અને ઉપનિષદ અને સંસ્કૃત સાહિત્યની ગૌરવભરી વિશ્વપ્રજ્ઞા થકી પોષાયેલું અને રસાયેલું હોવાથી ગાંધી સાથેનો એમનો વિચારમેળ સ્વાભાવિક છે. 'વિશ્વશાંતિ', 'અભિજ્ઞા', 'ગંગોત્રી'માં જ નહીં પણ કવિની સમગ્ર કાવ્યસૃષ્ટિમાં કવિની સમાજ માટેની, વંચિતો માટેની નિસબત પ્રગટ થયા કરી છે. આ સત્યનિષ્ઠા, દેશપ્રેમ અને સ્નેહથી છલકાતા માનવસંબંધો કવિને ગાંધીવિચારમાં તરબોળ કરે તે સ્વાભાવિક છે.

'જન્મ ગાંધી બાપુનો, સત્યના અમોઘ જાદુનો.' (અભિજ્ઞા, ગાંધી જયંતીએ...) આ અને આવા ગાંધીવિચાર તથા નિષ્ઠાને લીધે આ ગુજરાતને આ ભાવથી જીરવવી હશે તો ભારે પુરુષાર્થ કરવો પડશે. અહીં કવિનું 'મળતાં મળી ગઈ' એવું કહેણ સમજવામાં પણ આ વિચારભાર અને અપેક્ષાને કારણે ભાવકને સહાય મળે છે.

કવિની અને કવિતાની મજા પણ આ છે. કાવ્યની શરૂઆતમાં ગૌરવવાણી, નદીઓની પ્રેમાળ છોળો અને પર્વતની વડીલ જેવી ઊંચી હાજરી ભાવકને ગુજરાતની ભૂગોળ અને ભાવ જગતને ખોલી આપે છે. ચરોતર અને ચોરવાડની લીલીછમ પાર્શ્વભૂમાં વિકસેલાં હૈયાં અને કોયલ-મોરના પંખીરવમાં ગુજરાતના સુખી સમાજજીવનની સોડમ વરતાય છે. પણ ત્યાર પછીના અંતરામાં કવિ નર્મદ અને ગાંધીને મૂકીને કાવ્યની 'ઈકોલૉજી'ને સફળતાપૂર્વક ઝંઝોળે છે. કવિતાની ભાગોળે મળેલા બે પ્રેરણાપાત્રો ભાવકને પાછો વાળે છે. એણે હવે સાબરના સોણલામાં ગાંધી અને નર્મદને સાંભળવાની જવાબદારી કવિએ સોંપી છે. ભાવકે ગિરનારી ટૂંકો (ગુજરાતના સૌથી ઊંચા પર્વતના શિખરને ટૂકં કહી કવિ એકસાથે 'ઇતિહાસબોધ' અને ગુજરાત માટે સરળ બનનાર વિકાસ-પર્વતારોહણોનો અંગુલનિર્દેશ કરે છે.) અને ઈડરિયા ગઢને ગાંધી-નર્મદની હાજરીમાં જુદી રીતે વાંચવા પડે છે. હૈયાના હીરમાં ચોરવાડની છાતીના ધબકારા સાંભળવાના છે તો 'નીરતીરે' સારસહજ લીલયા વિહરવામાં ગાંધીની જાગૃતિ અને તાપીતીરેથી પ્રગટેલી સુધારક મુદ્રા સુખમાં ડૂબી જતાં ભુલાઈ ન જવાય તેવું લોકશિક્ષણ આપવાનું કવિ-શિક્ષક કાનમાં કહેતા હોય તેવું જણાયા કરે છે. આ બધો મહિમાગાન એક વાર ગાયો તે કોઈ રીતે ભુલાય નહીં તેવું લ્હેકાભર્યું ઉમાશંકરીય વચન આપણને ફરી પાછા પે'લા લયમય ગીતમાં જોડે છે.

ઉમાશંકરના પ્રબુદ્ધ અભ્યાસી ચંદ્રકાન્ત શેઠ સાચે જ ઠરાવે છે કે આ કવિ 'વિશ્વતોમુખી' કવિ છે. ન્હાનાલાલને જેમ 'બ્રહ્મ' શબ્દ પ્રિય છે તેમ ઉમાશંકર વિશ્વ શબ્દ એની અનેક અર્થમુદ્રાઓમાં પ્રયોજે છે. કવિના આ કાવ્યના પ્રથમ વાચને લાગતો ગુજરાતપ્રેમ છેક લગી ગુંજતો તો રહે જ છે પણ કવિની ૧૯૩૪માં ઉચ્ચારેલી વ્હાલવાણી આજે દાયકાઓ પછી પણ

એક અલગ તાજપ છલકાવે છે. એમની નિસર્ગપ્રીતિની પાર્શ્વભૂમાં કવિતા આપણને ઇતિહાસ અને ભાવિના આંગણાની થોડી વાછટ તો થોડા તડકાનો સંસ્પર્શ કરાવે છે. કવિની અને કવિતાની આ જ સ્તો કાલજયી છબી છે.

**ભાગ્યેશ જહા** (૧૯૫૫) : કવિ,વિવેચક
ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'પરબ'માં પ્રગટ કાવ્યાસ્વાદ અહીં સાભાર રજૂ કરેલ છે.

## 9. હૈયાનો સ્વભાવ અને પ્રભાવ

**માનવીનું હૈયું**

માનવીના હૈયાને નંદવામાં વાર શી ?
અધબોલ્યા બોલડે,
થોડે અ બો લ ડે,
પોચાશા હૈયાને પીંજવામાં વાર શી ?
સ્મિતની જ્યાં વીજળી,
જરીશી ફરી વળી,
એના એ હૈયાને રંજવામાં વાર શી ?
એવા તે હૈયાને નંદવામાં વાર શી ?
માનવીના હૈયાને રંજવામાં વાર શી ?
એના એ હૈયાને નંદવામાં વાર શી ?

મુંબઈ, ૨૮-૧૦-૧૯૩૭

ઉમાશંકર જોશીએ 'વિશ્વશાંતિ'ની વાત માંડેલી પરંતુ 'આત્મશાંતિ'ની અનિવાર્યતા ઉપર પણ તેમનું ધ્યાન ગયું છે. ઉમાશંકરે મનુષ્યને સમજવા પર અને તેની સમજદારી ઉપર મોટો મદાર રાખ્યો છે. સાહિત્ય સમજદારી માટે સહાયક બને છે, અને સમજદારીનો એક છેડો હૃદયમાં પડેલો છે, એટલે માનવીના હૃદયનું મહત્ત્વ વિશ્વસંવાદમાં ઘણું મોટું છે.

'માનવીનું હૈયુ' એ ઉમાશંકર જોશીકૃત સુભાષિત કોટિનું સરળ ઊર્મિગીત છે. લાઘવબળે હૃદયનો અને કાવ્યનો એમ ઉભય મહિમા કર્યો છે. હૃદયનો મૂળ ધર્મ કયો ? હૃદયનું સ્વરૂપ કેવું ? આ બે મૂળભૂત પ્રશ્નોના ચિંતનમાં કાવ્યનો પ્રાણ ધબકે છે, હૃદયની મૂળભૂત પ્રકૃતિમાં પ્રસન્નતા અને પ્રસન્નલયધબકાર છે. એ પ્રસન્નતા પ્રગટે ક્યારે ? અને એ પ્રસન્નતા મૂરઝાઈ જાય ક્યારે ? કેમ ? ટૂંકમાં પ્રસન્નતા બક્ષનારાં અને નારાજગી આણનારાં તત્ત્વો સામે કવિ નિર્દેશ કરી, કોઈ ફરિયાદ કર્યા સિવાય કેવળ હૃદયની પ્રકૃતિનો પરિચય કરાવે છે.

માનવીના હૈયાને અન્ય હૈયા સાથે નાતો હોય છે, એ નાતો કોઈ ને કોઈ પ્રકારે અભિવ્યક્ત થયા વગર રહેતો નથી. ક્યારેક આંગિક સંકેત - અશાબ્દી ભાષાથી ક્યારેક વાચિક સંકેત-શાબ્દી ભાષાથી હૈયાનો ભાવ માનવી અભિવ્યક્ત કરે છે. હૃદય એ માધ્યમથી બીજા હૃદયને પારખે છે. એ સંવાદમાં જ જીવન સમાવિષ્ટ થાય છે.

'માનવીના હૈયાને નંદવામાં વાર શી ?'

ઉપાડ પંક્તિમાં જ ષટ્કલ પકડાય છે. 'વાર શી ?' બોલચાલનો લ્હેકો છે પ્રયોગ છે. ચપટીકમાં, ઘડીમાં એવો અર્થબોધ અહીં 'વાર શી ?' ના પ્રશ્નમાંથી સૂચવાય છે. પ્રથમ પંક્તિમાં કર્મના અર્થમાં વપરાતો 'ને' અનુગ હૈયાને લાગ્યો છે. અહીં આખા વાક્યમાં કર્તા અપ્રસ્તુત છે. હૃદય એની મેળે રાજી અને નારાજ થઈ જતું હોય છે. ત્યાર પછીની પંક્તિમાં- અધબોલ્યા બોલડે/થોડે અબોલડે જેવા ક્રિયારૂપોમાં 'એ' પ્રત્યય તાદર્થ્યનો ભાવ સૂચવે છે, આમ અનુગ ને / એનો સ્થાનફેર કાવ્યત્વ સિદ્ધ કરે છે. પ્રથમ પંક્તિમાં હૃદયનો સ્વભાવ જ

એવો છે કે સ્હેજમાં એ નંદવાઈ જાય. કેટલું બરડ ! કેટલું નાજુક ! અહીં કોણ નંદવે છે એની વાત જ નથી પણ કયા કારણે નંદવાય છે તેનાં કારણો કવિ જણાવે છે -

અધ બોલ્યા બોલડે

થોડા અ બો લ ડે...

અહીં 'બોલ' ક્રિયારૂપને 'ડે' પ્રત્યય લગાડી એમાં લાલિત્વ, અને 'એ' અનુગ મૂકી તાદર્શ્યનો ભાવ કવિ પ્રગટાવે છે. આવી સરળ વાત-શબ્દ-અર્ધશબ્દ અને મૌન થકી વ્હેતી તો થાય જ છે. કાવ્યમાં ત્રણ ક્રિયાપદો છે. (૧) નંદવામાં (૨) પીંજવામાં (૩) રંજવામાં - ત્રણેય ક્રિયાપદના અર્થના સરવાળામાંથી હૃદયની વિશેષતાનો પરિચય પમાય છે.

(૧) નંદવામાં : ક્રિયાપદ દ્વારા હૃદયની નાજુકાઈનો બોધ કવિ કરાવે છે, શું નંદવાય ? જે બરડ હોય તે....

(૨) પીંજવામાં : ક્રિયાપદ દ્વારા હૈયું રૂની જેમ પીંજી શકાય એટલે કે એનામાં સંવૃત્ત-વિવૃત્તનો ગુણ છે. હૃદયમાં વ્યાપ્તિનો-વિશાળતાનો ગુણ રહેલો છે.

(૩) રંજવામાં : ક્રિયાપદ દ્વારા હૃદય મૂળભૂત પ્રસન્નતાનો ગુણ ધરાવે છે. સાનુકૂળ પરિસ્થિતિ જોતાં એ પ્રસન્નતાની પ્રતીતિ કરે છે.

'સ્મિતની વીજળી' જેવો પ્રયોગ કૃતક ભલે લાગે પણ સ્મિતમાં જે ચમત્કાર છે, જે ચમત્કૃતિ ધરતી ઉપર વીજળી રૂપે આવીને ધરતીને ન્યાલ કરે એવો જ ભાવ ચહેરા ઉપર આવી હૃદયને ન્યાલ કરી દેવાનો છે.

જે હૈયું સામેની વ્યક્તિની ભાષાભંગિમા, એના કાકુ, એના સૂચિતાર્થો પામી જાય- થોડા શબ્દો અને અશબ્દો-એને દુઃખી કરી નાખે. કોકના બોલાયેલા શબ્દોની ઉષ્મા ઓછી પડે અને ઉષ્માની સદંતર ગેરહાજરી હોય ત્યારે હૃદય એ વ્યક્તિને પામી જાય છે - અહીં 'અધબોલ્યા બોલડે' 'થોડે અબોલડે' જેવાં ક્રિયારૂપોથી બોલનાર વ્યક્તિની અને ઝીલનાર વ્યક્તિના હૃદયની કવિએ જે સૂક્ષ્મ નોંધ લીધી છે- તેનું મહિમાગાન થયું છે. આમ વાતવાતમાં નંદવાઈ જતું હૈયું કેવળ સ્મિતની આછી રેખાથી કેવી પ્રસન્નતા અનુભવે છે ! હૃદયમાં રહેલી આ વિશેષતાને, હૃદયમાં રહેલી આ ઉભય પ્રકારની ક્ષમતાને ઉમાશંકરે શબ્દસ્થ કરી છે.

માનવહૃદયની સામાન્ય વૃત્તિનું અને મિજાજનું એક-અસામાન્ય ઊર્મિગીત આપણને હૈયાની પ્રકૃતિનો પરિચય પૂરો પાડે છે. માનવે પોતાના નાનકડા અહમ્‌થી માંડી વિશ્વને વ્યાપતી અને વિશ્વથીયે પરાત્પર એવી વિશ્વાતીત પરમ દિવ્યતા સુધીની જે વિરાટ સૃષ્ટિ છે તેના પ્રતિ યાત્રા આ હૃદય મારફતે જ આદરવાની છે અને પોતાના અંદરની યાત્રા પણ પણ આ હૃદય થકી જ શક્ય બને છે - એવા ઘટક તરીકે હૈયાનો અપૂર્વ મહિમા ઓછા શબ્દોમાં તટસ્થભાવે કવિએ રજૂ કર્યો છે.માનવી જેમ બીજાના શબ્દોથી દુઃખી થાય, અથવા અન્યના શબ્દો સ્વના હૃદયને નારાજ કરે એમ પોતાના શબ્દોની પણ અન્ય ઉપર એવી જ અસર થાય છે-એવો ધ્વનિ પણ કાવ્યની રજૂઆતમાં રહેલો છે.

**ભગીરથ બ્રહ્મભટ્ટ** (૧૯૫૫) : કવિ,વિવેચક,નિબંધકાર

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'પરબ'માં પ્રગટ કાવ્યાસ્વાદ અહીં સાભાર રજૂ કરેલ છે.

## 10. ઉન્મત્ત પ્રેમ અને ઘેરા વિષાદની બેવડી ભાત

**ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય..**

ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય કે ચૈતર કોણે દીઠો રે હો
વ્હાલા મોરા જોબન ઝોલાં ખાય કે ઝૂલણો લાગે મીઠો રે હો
ગોરી મોરી હૈયાં ઢળી ઢળી જાય કે ઝૂલશો ક્યાં લગી રે હો

વ્હાલા મોરા ઝૂલણો મેલ્યો ન જાય કે ઝૂલશું જિન્દગી રે હો
ગોરી મોરી ચૈતર ચાલ્યો જાય કે વૈશાખ વહી જશે રે હો
વ્હાલા મોરા આ શો અધીરો થાય કે આજ ઓછી કાલે હશે રે હો
ગોરી વ્હાલે મેલી આંબલિયાની ડાળ કે ચાલ્યા ચાકરી રે હો
લાગી ઊઠી વૈશાખ-જેઠની ઝાળ કે વેળા આકરી રે હો
આવી ત્યાં તો આષાઢી મેઘ સંભળાય, ગોરીનો ભીંજ્યો કંચવો રે હો
વ્હાલા મોરા ફાગણ પાછો લાવ કે ચૈતર ક્યાં મૂક્યો રે હો
આભમાં ફરકે શ્રવણવીજ, ગોરી રૂડી આંખડી રે હો ચૈતર ક્યાં મૂક્યો રે હો
વ્હાલા મોરા બીજની  ન કરજે ત્રીજ, ભીંજાતી મેં અહીં ખડી રે હો

મિલન અને વિરહની સ્થિતિઓમાં ઘૂંટાતા પ્રેમનું સ્વાભાવિક અને નિરાળું નિરૂપણ અહીં થયું છે. લગભગ નાટ્યની કક્ષાએ પહોંચી જાય તે પ્રકારનો ક્રિયાવેગ અને ભાવભંગિમાઓનો અદ્ભુત સમન્વય અહીં મળે છે. નાયક, નાયિકા અને પ્રવક્તાની ત્રિપુટી આપણને ઉન્મત્ત પ્રેમ અને ઘેરા વિષાદની એમ બેવડી ભાતમાં એક પછી એક મૂકી આપી વિલક્ષણ ભાવશબલતાનો અનુભવ કરાવે છે.

વસંતઋતુની માદકતા અને તેના પ્રભાવમાં નાયક-નાયિકાના પ્રેમના ઉછાળાનું આલેખન કરતી અનેક રચનાઓ આપણા સાહિત્યમાં ઉપલબ્ધ છે. પણ અહીં તો એક સાથે ભાવ અને ભાષાની વૈવિધ્યપૂર્ણ તેમજ મોહક મુદ્રાઓથી કંઈક આગવો જ સૌંદર્યલોક અનુભવાય છે.

કાવ્યનો પ્રારંભ 'ગોરી મોરી' એવા સંબોધનથી થાય છે. કવિ વિશેષણને નામ બનાવી દે છે અને પછી તેના પર પોતાના અધિકારની મહોર મારે છે. પ્રિયતમા ગોરી છે અને પોતાની છે તેવું સાનંદ અનુભવતો કાવ્યનાયક ફાગણનો મતવાલો ખેલૈયો છે. વાસંતી પ્રભાવ એને એટલો તો ઉન્મત્ત બનાવી મૂકે છે કે ચૈતરના આગમની એ ઐસીતૈસી કરીને જ ચાલે છે. કાલની ચિંતામાં આજનો લ્હાવો જતો કરવાનું એને પરવડતું નથી અને કાવ્યનાયિકા પણ એવી જ મદીલ છે. પ્રિયતમના પ્રેમના ઝૂલે એ જોબનને ઝૂલાવતી ઝૂલી રહી છે. જોબન એને વશ નથી અને ઝૂલવું એને મીઠું લાગી રહ્યું છે. ઝૂલવાની ક્રિયા સાથે પ્રેમના સ્વાદને જોડી દઈ કવિ રમણીય ભાવપ્રદેશને ઉઘાડે છે.

'વ્હાલા મોરા' કહીને પોતાના ગળચટ્ટા અનુભવનો એકરાર કરી લેતી નાયિકા વસંતને વશ છે એટલી જ પ્રિયતમને પણ વશ છે. એને માટે તો પ્રિયતમ સ્વયં ઝીલનાર અને ઝુલાવનાર બંને છે. આ ઝૂલો વિશિષ્ટ તો છે જ પરંતુ મનભાવન પણ છે. તેથી તેનાથી છૂટવાનું તો મન થાય જ કેમ ? 'ઝૂલશો ક્યાં લગી રે' એવા પિયુના પ્રશ્નનો ઉત્તર એટલે તો એ યથાશીઘ્ર આપી દે છે : 'વ્હાલા મોરા ઝૂલણો મેલ્યો ન જાય કે ઝૂલશું જિંદગી રે હો.' આખાયે આયખાનો હવાલો આપી દઈ નાયિકાએ પ્રેમના ઝૂલે સતત ઝૂલતા રહેવાનો મનસૂબો જાહેર કરી દીધો. ઉત્તરની ઘનતા અને તીવ્રતામાં પ્રેમના છાક અને છાલક બેઉનો પરિચય મળી જાય છે.

પણ 'ચૈતર કોણે દીઠો' જેવો નાયકનો બેફિકરાઈભર્યો અગાઉનો ઉદ્ગાર હવે 'ચૈતર ચાલ્યો જાય' અને 'વૈશાખ વહી જશે રે' એવી વાસ્તવિકતા અને આશંકામાં બદલાઈ ગયો. નાયિકા તો હજી ઉન્મત્ત છે. એ તો વાસંતી ઉન્માદમાં જાણે ભાન ભૂલી ગઈ છે. નાયક હાથથી છૂટી જતા ફાગણ-વૈશાખથી સભાન પરંતુ અધીર છે. આ લ્હાવો ચાલ્યો જવાનો એવી ભીતિમાં એને નાયિકા આશ્વસ્ત કરતાં કહે છે : 'વ્હાલા મોરા આ શો અધીરો થાય કે આજ ઓછી કાલે હશે રે હો.'

'આજનો લ્હાવો લીજીએ રે કાલે કોણે દીઠી'ની પુરસ્કર્તા હોય તેવી નાયિકા 'આજ'ને માણી લેવાની અસ્તિત્વપરક ફિલસૂફી વ્યક્ત કરતી અદા ધારણ કરી લે છે. બેઉનું સંવાદીઝુલણ એકમેકને પ્રેમનો અભિષેક કરે છે અને આવનારી 'કાલ'ને પડતી મૂકી બેઉને 'આજ'માં નિમજ્જન કરાવે છે. પણ વેળાએ જ અચાનક સંવાદ અટકી પડે છે. 'ગોરી મોરી' અને 'વ્હાલા મોરા'ના ભાવવાહી સંબોધનથી પ્રારંભાતો વિશ્રંભાલાપ સમેટાઈ જાય છે. કોઈ વચ્ચે આવી જઈને માહિતી આપે છે :

**'ગોરી વ્હાલે મેલી આંબલિયાની ડાળ કે ચાલ્યા ચાકરી રે હો.'**

આંબલિયાની ડાળ કે જેને પકડી અત્યાર સુધી ઝૂલતા રહેવાયું તેને 'મેલી' દેવાની ઘડી જાણે અણધારી આવી ગઈ. પ્રિયતમાનો સંગ છૂટી ગયો. કારણમાં તો એટલું કે ચાકરીએ ગયા વગર છૂટકો નહોતો. નાયિકાને તો જાણે એની સરત જ રહી નહોતી. એ તો કોઈ બીજું આવીને કહી ગયું ત્યારે સફાળી જાગી.

પછીનો વખત બહુ આકરો નીકળ્યો. વૈશાખ-જેઠની ઝાળમાં એ જાણે શેકાતી રહી. પિયુવિરહના ઉત્તાપને સહેતી એ વિયોગિની સ્મૃતિમંજૂષામાં સંગોપેલી ફાગણ-ચૈતરની રમ્ય પળોને સંભારતી એકાકી બેઠી હશે ત્યાં જ અષાઢી મેઘ ગોરંભાયાનો અણસાર મળ્યો. વસંતની રમણા વર્ષામાં તો વધુ બહેકી ઊઠી. ભીંજાતા કંચવે હૃદયના ધબકારા વધારી દીધા અને જાણે ફરી ફાગણની સ્મૃતિમાં નાયિકા ધકેલાઈ ગઈ. કોણ કરે છે આ વાત ? નાયિકા નહીં. કવિએ ખુદ નાયિકાની આ વાત કરવા માટે પ્રવક્તા મોકલ્યો છે. એ આ વિયોગિનીનો વલોપાત આપણી સમક્ષ વર્ણવી રહ્યો છે.

નાયિકાને પોતાનો પિયુ જાણે ક્યાંક આસપાસમાં હોય તેવા ભણકારા વાગી રહ્યા છે. ગ્રીષ્મની દાહકતામાં બળીઝળીને એ એવી તો વિરહિણી થઈ ગઈ છે કે આ અષાઢી ઉદ્દીપનની મારી એ ફરી ઉચ્ચારી બેસે છે :

**'વ્હાલા મોરા ફાગણ પાછો લાવ કે ચૈતર ક્યાં મૂક્યો રે હો'**

એક તરફ ફાગણ-ચૈતરનો સ્મરણલોક ખૂલી ગયો છે અને બીજી તરફ શ્રાવણી વીજ જાણે ગોરીની એકલતાની મશ્કરી કરી રહી છે. પ્રવક્તા ફરી પાછો પ્રવેશે છે અને માહિતી આપી જાય છે.

**'આભમાં ફરકે શ્રાવણ વીજ ગોરીની રૂઠી આંખડી રે હો'**

રોષિત વિપ્રલંભાની પ્રેમોર્મિઓનો ઉછાળ અષાઢી મેઘની જાણે સ્પર્ધા કરે છે. એને આકંઠ ખાતરી છે કે પોતાની એકલતા દીર્ઘકાલીન નથી. પ્રિયતમ પણ પોતોન મળવા અધીરો હશે તેવી હૈયાધારણ હોવા છતાં એ પોતાની અધીરાઈ રોકી શકતી નથી અને જાણે કાકલૂદી કરતી કહી દે છે :

**'વ્હાલા મોરા બીજની ન કરજે ત્રીજ'**

ઊભી ઊભી ભીંજાતી રહેતી પ્રતીક્ષારત નાયિકા જાણે હવે પ્રિયતમના આગમન સુધી અહીંથી નહીં ખસી શકે તેવી મજબૂત ખાતરી આપણને પણ થઈ જાય છે.

આખુંયે ગીત લોકલય-લોકઢાળમાં છે. કવિએ પસંદ કરેલા વિશ્રંભાલાપની પ્રયુક્તિ પ્રવેશે તેની સાથે ઋતુઓના નિર્વહણને પણ કવિએ પ્રયોજી સપ્રમાણ અને સંતુલિત એવી આકૃતિ રચી છે. કવિ પ્રકૃતિ અને મનુષ્યના સાયુજ્યની તીવ્ર સહોપસ્થિતિ અહીં આલેખે છે અને તેમાંનાં નાયક-નાયિકા સહુ કોઈના પ્રતિનિધિ બની જાય છે. પ્રણયનું નિતાન્ત સૌકુમાર્ય આલેખવામાં કવિએ અપાર કાળજી લીધી છે. લયભાતમાં શબ્દો સમુચિત રીતે આવીને બેસી ગયા છે.

કોઈ કુશળ દિગ્દર્શકને પ્રસ્તુતિ માટે ઉત્તેજક નીવડે તેવી નાટ્યક્ષમતા આ ગીતમાં છે. તેમાંનું કથન પાતળું છે પણ ભાવનિક્ષેપની શક્યતાઓ ભરપૂર છે. તેમાંનો ક્રિયાવેગ અને કાવ્યાંતે સૂચવાતો સ્થિતિબોધ પ્રેક્ષણીય છે એટલો જ ભાવોદ્દીપક પણ છે.

મનુષ્યના હૃદયતલમાં અને તે જ રીતે તેના ભાવ-ભાષા ઈત્યાદિમાં પ્રેમના તીવ્ર અનુભવનો જે સચ્ચાઈભર્યો રણકો રહેલો હોય છે તે અહીં સંભળાય છે; દેખાય પણ છે.

**વિનોદ જોશી** (૧૯૫૫) : જાણીતા કવિ,વિવેચક

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત ‘પરબ’માં પ્રગટ કાવ્યાસ્વાદ અહીં સાભાર રજૂ કરેલ છે.

**11.એક બાળકીને સ્મશાન લઈ જતાં**

તને નાનીશીને કશું રડવું ને શું કકળવું ?
છતાં સૌયે રોયાં ! રડી જ વડમા લોકશરમે,
હસી જોકે હૈયે નિજ ઘર થકી કાશ ટળતાં
બિચારી બાનાં બે ગુપત ચખબિંદુય વચમાં
ખર્યાં, સ્પર્શ્યાં તુંને નહિ. યમ સમા ડાઘુજન તે
નિચોવે શા કાજે નયન અમથાં અન્ય ઘર ? ને
વિચાર્યું હું જેવે, મરણ કુણૂં તે શીદ રડવું ?
- છતાં સૌયે રોયાં રૂઢિસર, દઈ હાથ લમણે.
ખભે લૈને ચાલ્યા, જરી જઈ, વળાંકે વળી ગયા,
તહીં ઓટે તારી સરખી વયની ગોઠણ દીઠી.
રહી’તી તાકી એ, શિર પર ચઢીને અવરને
સૂઈ રહેવાની આ રમત તુજ દેખી અવનવી,
અને પોતે ઊંચા કર કરી મથી ક્યાંક ચઢવા;
- અમે આગે ચાલ્યા - રમત પરખી જૈ જ કપરી,
ગળા પૂંઠે નાખી કર, પગ પછાડી, સ્વર ઊંચે
ગઈ મંડી રોવા. તુજ મરણથી ખોટ વસમી
અકેલીએ આખા જગત મહીં એણે જ વરતી.
અને રોવું ન્હોતું પણ મુજથી રોવાઈ જ ગયું !

**- કાવ્યનો આસ્વાદ**

એક બાળકીનું અવસાન આ કાવ્યનો વિષય છે. બાળકીને સ્મશાન લઈ જવાનો વખત થયો છે. મૃત્યુ એવી ઘટના છે કે પાષાણ હૃદયના માનવીને પણ અસર કરે. નજીકનું સ્વજન ખૂબ રડે. આંખો આંસુઓથી છલકાય. માતાપિતા-ભાઈ-બહેન જેવા લોહીના સંબંધોમાં મૃતકના દેહાવસાનની ઘેરી અસર હોય. આપણા ભાવજગતમાં મરનારની ઉંમર પણ અસર કરતી હોય છે. દીર્ઘકાળનો સંબંધ હોય તો સ્મૃતિનો ખજાનો પણ ભરપૂર હોય. બધી યાદોનો ખજાનો આંખ વાટે વરસી પડે. નનામી પર બંધાયેલો દેહ હવે જીવ વગરનો છે અને આપણી સાથે ક્યારેય વાત કરવાનો નથી, હરવા-ફરવાનો નથી એવી પરમ વાસ્તવિકતા આપણા હૈયાને ધક્કો મારે છે અને લાગણીનું ધસમસતું પૂર આંખ રસ્તે વહી જાય છે. સ્વજનના નિધન સમયે સંવેદનશીલ મનુષ્યની આ સ્વાભાવિક સ્થિતિ હોય છે. કવિશ્રી ઉમાશંકર જોશીએ અહીં બાળકીને સ્મશાને લઈ જતાં જે અનુભૂતિ થઈ છે તેનું કાવ્ય રચ્યું છે. કાવ્યની શરૂઆતની પ્રથમ બે પંક્તિઓ જુઓ :

તને નાનીશીને કશું રડવું ને શું કકળવું ?

છતાં સૌયે રોયાં ! રડી જ વડમા લોકશરમે,

- કુમળી વયે અવસાન થયું હોવાથી રડવું-કકળવું તો બહુ હોય નહિ ! એવું વ્યવહાર જગતનું ડહાપણ પ્રથમ પંક્તિમાં સહજ રીતે ઠલવાયું છે. 'રડવું ને કકળવું' જેવા શબ્દો લૌકિક વ્યવહાર એટલે કે લોકાચારને આબાદ વ્યક્ત કરે છે. 'તને નાનીશીને' જેવા સંબોધનથી ભાવનાનો તંતુ ઉદ્ઘાટિત અવશ્ય થાય છે પણ કાવ્યનો નાયક વાસ્તવની ભૂમિને જાણે છે. તેથી જ બાળકીના અવસાનનો બહુ શોક ના હોય એવી સમજનો બોધ પ્રગટ થાય છે. છતાં રડવું તો પડે. સૌ રડે છે. વડમા પણ રડે છે સૌથી નાની વયની બાળકીનું મૃત્યુ અને સૌથી વડીલ વ્યક્તિનું રુદન. મૃત્યુ અને શોક વચ્ચેનો વયકેન્દ્રી વિરોધાભાસ આપણા વ્યવહાર જગતના લૌકિકની રગ પકડે છે. વડ-મા એટલે મોટાંબા. તેઓ પણ લોકશરમે રડે છે. પીઢ અને જન્મ-મરણના અનેક પ્રસંગોના સાક્ષી એવા મોટાંબા-લોકલાજ જાળવી રાખે છે. પણ તેમનું હૈયું તો અંદરથી રાજી છે. કારણ કે દીકરીનું અવસાન થયું છે.

**હસી જો કે હૈયે નિજ ઘર થકી કાશ ટળતાં.**

આપણે ત્યાં દીકરીને દૂધપીતી કરવાનો કુરિવાજ પણ હતો. આ કવિતા લખાઈ ૧૯૩૩માં. બાવીસ વર્ષની યુવાન વયના કવિની ચેતનામાં 'વડ મા'નું પાત્ર એટલે તે સમયે સાઠ-સિત્તેરની વયનું પાત્ર કલ્પીએ કે ધારીએ તો આ કવિતાની મોટીબા એવા યુગનું પ્રતિનિધિત્વ કરે છે; જે યુગમાં, આપણા સમાજમાં દીકરીને 'સાપનો ભારો' ગણવાનું વલણ સહજ હતું. બાળકીનું અવસાન થતાં મોટીબાનાં હૈયે હરખ હોય એવી વાત કરીને સામાજિક નિર્મમતાને એક પંક્તિમાં, મર્મસ્પર્શી વેધકતા છતાં લાઘવથી વ્યક્ત કરી છે.

દીકરીનું અવસાન થાય ત્યારે માતાની સ્થિતિ કેવી હોય ? જનેતા પોતાના સમાજનું જ પ્રતિનિધિત્વ કરતી હોય છે. છતાં પોતાના પંડમાંથી જન્મેલો પીંડ દેહ ધારણ કરી આ પૃથ્વીના પટ ઉપર રમતો મૂક્યો હોય એ નારીહૃદયને, માની લાગણીને વ્યક્ત થયા વગર છૂટકો નથી. કવિ સામાજિક વાસ્તવની કઠોર ભૂમિ પર સંયત રીતે પગ સ્થિર કરીને ઊભા છે. પણ જનેતાની આંખમાંથી ખરી ગયેલાં અશ્રુબિંદુની નોંધ અનિવાર્ય બની રહે છે.

**બિચારી બાનાં બે ગુપત ચખબિંદુય વચમાં**

**ખર્યાં, સ્પર્શ્યાં તુંને નહિ.**

બાની આંખના બે અશ્રુબિંદુને કવિએ કાવ્યની ફ્રેમમાં ઔચિત્યપૂર્વક મઢી લીધા પછી, લૌકિક વ્યવહારનું વધુ એક પગથિયું નીચે ઊતરે છે. અહીં કવિએ ડાઘુજનોને યમ જેવા કહ્યાં છે. ડાઘુજનોની કામગીરી જ આટોપી લેવાની ને ઉથામવાની હોય છે. નનામી બાંધવાની યાંત્રિકતા અને રૂઢિગત કુશળતાના પ્રદર્શનની આગવી તક સાંપડે છે ડાઘુઓને. કવિને આવા ડાઘુજન યમ સમા લાગે તે સ્વાભાવિક છે. મૃતદેહને સફેદ ચાદરમાં લપેટવો, બાંધવો, ઘી ક્યાં, કેટલું અને કેવી રીતે લગાડવું તથા માથું-પગ-હાથ ઉઘાડા રાખવા-ઢાંકવા આદિ અંગેનું 'શાસ્ત્રોક્ત' વ્યવહારજ્ઞાન હોય કે તેનો અભાવ હોય એવી સ્થિતિમાં આખરે બહુ મોડું ના થાય તેવી રીતે સઘળો ઉપક્રમ પાર પાડવાની જવાબદારીનો બોજ ડાઘુજનોની ઓળખ હોય છે. કવિએ અહીં 'યમ સમા ડાઘુજન' એમ કહીને બધું જ કહી દીધું છે. આવા ડાઘુજન પારકાં ઘરે પોતાની આંખ નિચોવતા નથી. એટલે તેમને રડવું આવતું નથી. કાવ્યનો નાયક પણ છેવટે એવું વિચારે છે કે સાવ કૂણું મરણ (કુમળી વયે મૃત્યુ) છે તે શું કામ રડવું ? છતાં સૌ રૂઢિમુજબ, લૌકિક રિવાજના અનિવાર્ય ઉપક્રમની જેમ લમણે હાથ દઈને રડ્યા.

આમ, કાવ્યનો પ્રથમ ખંડ વ્યવહાર જગતની વાસ્તવિકતાનો પરિચય કરાવે છે. માતૃહૃદયની શોકગ્રસ્ત કરૂણા પણ આખરે બે અશ્રુબિંદુમાં સીમિત થઈ જાય એવી સ્થિતિનો

સાક્ષી કાવ્યનાયક કહો કે કવિ 'લમણે હાથ દઈને' રડવા ખાતર લડતાં સંબંધીઓના ટોળા વચ્ચેથી કરુણ-ગંભીર પ્રસંગનું સ્વ-સ્થ દર્શન કરાવી શકે છે.

કાવ્યનો બીજો ખંડ ભાવપ્રવાહના અપૂર્વ પ્રદેશનો પરિચય કરાવે છે. બાળકીના દેહને-નનામીને ઊંચકીને ખભે લઈને સૌ ચાલે છે. 'જરી જઈ, વળાંકે વળી ગયાં', જેવી પંક્તિમાં ચાલવાની આ ક્રિયા-ગમન સૂચવાય છે. દશ્ય ઊપસી આવે છે.

**તહીં ઓટે તારી સરખી વયની ગોઠણ દીઠી.**

સંવેદનશીલ કવિ જ ભાળી શકે એવી ક્ષણ અહીં કવિચેતનામાં અંકિત થાય છે. મૃત્યુ પામેલી બાકળીની સખી ઓટલે ચઢીને જોઈ રહી છે. ક્યાંક લઈ જવાઈ રહેલી પોતાની બહેનપણીની વડીલોના ખભે સૂઈ રહેવાની 'રમત' તેને ઠીક ઠીક મથામણ કરાવે છે. સમજવા કે રમવા મથી રહેલી બાળસખી આ કપરી રમતને પરખી જાય છે ને ઊંચા સાદે રડી પડે છે. પોતાની સાથે કાયમ રમતી આ સખીને નિયતિએ તેનાથી વિખૂટી પાડી દીધી છે તેનું તેને કલ્પાંત કરાવે છે.

**તુજ મરણથી ખોટ વસમી**
**અકેલીએ આખા જગત મહીં એણે જ વરતી.**
**અને રોવું ન્હોતું પણ મુજથી રોવાઈ જ ગયું.**

'તને' સંબોધનથી શરૂ થયેલું કાવ્ય સંબોધનના સૂર પર વિસ્તરે છે. બાળકીના મરણ બાદ વ્યવહારજડ થઈ ગયેલાં જગતમાં તેની સખીનું રુદન અને સખીએ અનુભવેલી વસમી વિદાય કાવ્ય નાયકને પણ રડાવે છે. 'આખા જગત મહીં' સખીએ વસમી ખોટ વરતી છે એવી સમસંવેદન અનુભૂતિ કાવ્યને કરૂણતાનો સંસ્પર્શ આપે છે. ભાવાત્મક અને સુરેખ ગતિથી કવિ કાવ્યમાં કરૂણનું નિરૂપણ કરે છે. સરળતા આ કાવ્યનો વિશેષ છે. પ્રસંગની દશ્યાત્મક કાવ્યાભિવ્યક્તિ પ્રતીતિજન્ય બને છે. શિખરિણી છંદમાં વ્યક્ત મનોભાવને સૉનેટકૂળનો કલાઘાટ મળ્યો છે. અઢાર પંક્તિનું આ કાવ્ય; સૉનેટ નથી છતાં સંયત રીતે ભાવપલટાની પ્રતીતિ કરાવે છે. ઉમાશંકર જોશીની પ્રમાણમાં ઓછી જાણીતી પૈકીની 'એક બાળીને સ્મશાને લઈ જતાં' કવિતા આગવી વિશેષતાઓથી ઉલ્લેખનીય બને છે.

- **સ્વાધ્યાય**

આ એકમમાં સમાવિષ્ટ દરેક કાવ્યનો મૌલિક આસ્વાદ કરો.

---

**લેખન :** પ્રો.યોગેન્દ્ર પારેખ, ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

---

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

•

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All


ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

MGT – 01

## માસ્ટર ઑફ આર્ટ્સ - ગુજરાતી

ગ્રંથકારનો અભ્યાસ

# ઉમાશંકર જોશી





## ગદ્યકાર ઉમાશંકર જોશી - 2

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક,ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં,ગુજરાત સરકારશ્રીએ ઈ.સ.૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે,શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. **BAOU**ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો,આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છે : **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય,જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય,જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત,વ્યવસાયલક્ષી,જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ,કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્દો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી,જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાય**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

**નિદર્શન :**

પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય — સ્કૂલ ઑફ હ્યુમિનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સીઝ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદન :**

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ.હેતલ ગાંધી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સમિતિ :**

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રો.ડૉ.ઉષા ઉપાધ્યાય — વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

ડૉ.હેતલ ગાંધી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પરામર્શન (વિષય) :**

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન :**

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ.ગુણવંત વ્યાસ — એસોસિએટ પ્રોફેસર,
આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ

ડૉ.વિપુલ પુરોહિત — એસોસિએટ પ્રોફેસર,
મહારાજા કૃષ્ણકુમારસિંહજી, ભાવનગર યુનિવર્સિટી.

**પ્રકાશન વર્ષ :** ૨૦૨૦-૨૧

**પ્રકાશક :** કાર્યકારી કુલસચિવ,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# 2

## ગદ્યકાર ઉમાશંકર જોશી

### બ્લોક : ૨


| | |
|---|---|
| **એકમ : 1** | |
| વાર્તાકાર ઉમાશંકર જોશી : 'શ્રાવણી મેળો' | 01-07 |
| **એકમ : 2** | |
| વાર્તાકાર ઉમાશંકર જોશી : 'વિસામો' | 08-16 |
| **એકમ : 3** | |
| ઉમાશંકર જોશીની વાર્તાકલા | 17-22 |
| **એકમ : 4** | |
| ઉમાશંકર જોશીનું નિબંધસાહિત્યમાં પ્રદાન | 23-29 |
| **એકમ : 5** | |
| નિબંધકાર ઉમાશંકર જોશી | 30-37 |
| **એકમ : 6** | |
| કેળવણીકાર ઉમાશંકર જોશી | 38-43 |
| **એકમ : 7** | |
| નવલકથાકાર ઉમાશંકર જોશી | 44-47 |

## પાઠ્યક્રમ પરિચય

એમ.એ.પાર્ટ-૧ના અભ્યાસક્રમમાં ગ્રંથકાર ઉમાશંકર જોશીનો અભ્યાસ કરવાનું ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સુનિશ્ચિત થયું. વીસમી સદીના સર્જકોમાં ઉમાશંકર જોશીનું સાહિત્યિક પ્રદાન તેમને માત્ર ગુજરાતી સાહિત્યમાં જ નહિ પણ સમકાલીન ભારતીય સાહિત્યમાં પણ શીર્ષસ્થ ભૂમિકાએ પ્રથમ પંક્તિમાં સ્થાન અપાવે તેવું છે. કવિ-વાર્તાકાર-નિબંધકાર-વિવેચક-અનુવાદક-સંપાદક આદિ અનેકવિધ ભૂમિકાએ ઉમાશંકર જોશીની સર્જકતા-સજ્જતાનો પરિચય સુવિદિત છે. ગ્રંથકાર તરીકે ઉમાશંકર જોશીનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી વીસમી સદીની સાહિત્યક ગતિવિધિના મૂલ્યવાન પ્રવાહમાં પ્રવેશે છે.

ઉમાશંકર જોશીએ વીસ વર્ષની યુવાન વયે 'વિશ્વશાંતિ'ના 'મંગલ શબ્દ'થી સર્જનનો પ્રારંભ કર્યો. 'સંસ્કૃતિ' સામયિક સુધી વિસ્તરેલી સાહિત્યિક નિસબતનો સમગ્રલક્ષી આલેખ કોઈપણ જિજ્ઞાસુને માટે સર્વથા પ્રેરક, પ્રોત્સાહક છે. 'ગુજરાત યુનિવર્સિટી', 'શાંતિનિકેતન' આદિ વિશ્વવિદ્યાલયોના કુલગુરુ રહી ચૂકેલા ઉમાશંકર વીમસી સદીના ગુજરાતી ભાષા-સાહિત્યના મૂલ્યવાન પ્રતિનિધિ તરીકે રાજ્યસભામાં પણ નિયુક્તિ પામ્યા. 'જ્ઞાનપીઠ' પુરસ્કૃત સર્જક ઉમાશંકર જોશીએ ગુજરાતી સાહિત્ય પરિષદ, કેન્દ્રીય સાહિત્ય અકાદમી આદિ સર્વોચ્ચ સાહિત્ય સંસ્થાઓમાં અગ્રભૂમિકાએ માર્ગદર્શન પૂરું પાડ્યું.

મૂર્ધન્ય સારસ્વત ઉમાશંકર જોશીની બહુમુખી પ્રતિભા વિશે સંદર્ભ સહિત અભ્યાસ-સામગ્રી ઉપલબ્ધ કરાવવાનો આ વિનમ્ર પ્રયાસ ગુજરાતી ભાષા-સાહિત્યના દરેક વિદ્યાર્થી માટે ઉપયોગી થશે એવી અપેક્ષા અસ્થાને નથી. અભ્યાસ સામગ્રી લેખનમાં સઘન અધ્યયન અને નિત્ય સ્વાધ્યાયનો કોઈ વિકલ્પ નથી એ વાતનું સ્મરણ રહે. શુભેચ્છાઓ.

# એકમ 1 વાર્તાકાર ઉમાશંકર જોશી : 'શ્રાવણી મેળો'

**રૂપરેખા**

1.1 ઉદ્દેશો

1.2 પ્રસ્તાવના

1.3 કૃતિલક્ષી સઘન પરિચય અધ્યયન

1.4 વસ્તુલક્ષી કસોટી

1.5 સ્વ અધ્યયન

1.6 વિશેષ વાચન

**1.1 ઉદ્દેશો :**

- આ એકમના અભ્યાસ દ્વારા ઉમાશંકર જોશીની વાર્તાકાર તરીકેની પ્રતિભાનો પરિચય થશે.
- ગાંધીયુગના વાર્તાસાહિત્યમાં ઉમાશંકર જોશીની વાર્તાઓને મૂલવવાની, માણવાની તક મળશે.
- કથાવસ્તુની દૃષ્ટિએ, જીવનદર્શનની દૃષ્ટિએ, વાર્તાસર્જક તરીકેના ઉમાશંકર જોશીના સર્જનાત્મક અભિગમથી તમે પરિચિત થશો.
- રચનારીતિની દૃષ્ટિએ ઉમાશંકર જોશીની વાર્તાઓની સમીક્ષા કરવાની દૃષ્ટિ કેળવાશે.

**1.2 પ્રસ્તાવના :**

કવિ તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યા હતા એ ગાળામાં જ 1930માં વીરમગામ મુકામે સત્યાગ્રહ છાવણીમાં હતા ત્યારે વજુભાઈ કોટકને સાથ આપવા વાર્તાલેખનની શરૂઆત કરી. વાર્તા લખવાની શરૂઆત કરે તે પૂર્વે ધૂમકેતુનો વાર્તાસંગ્રહ **'તણખામંડળ-૧'** તથા **'દ્વિરેફની વાતો ભાગ-૧'** તેમણે વાંચેલો. ઉપરાંત આલબ્રાઈટ જેવા અંગ્રેજી વિદ્વાનનું ટૂંકીવાર્તાના સાહિત્ય સ્વરૂપ વિશેનું પુસ્તક પણ તેમણે વાંચેલું ટાગોરની 'કાબુલીવાળા' તથા કંચનલાલ વાસુદેવ મહેતા 'મલયાનિલ'ની 'ગોવાલણી' જેવી વાર્તાઓથી પણ તેઓ પરિચિત હતા. વાર્તાકાર તરીકેની સજ્જતા કેળવવામાં તેમને મોપાસા જેવા સર્જકની પચીસ વાર્તાઓ ખૂબ ઉપયોગી નીવડી. આમ, યુવાકાળે પોતાના સર્જક વ્યક્તિત્વને ઘડવામાં પૂર્વસૂરિઓ અને સમકાલીનોની નીવડેલી રચનાઓનું વાચન તેમની સર્જનકલાને ઉપકારક સિદ્ધ થાય છે.

વાર્તાલેખનના પ્રયોગો ચાલુ રહ્યા. જે પૈકી અપ્રગટ રહેલી રચનાઓ પણ તેમની પાસે હતી. પણ તેમની સૌપ્રથમ વાર્તા તે 1933માં લખાયેલી, **'ગુજરીની ગોદડી'** અને પછી તેઓ વાર્તાકાર તરીકે વિકસતાં રહ્યા. વાર્તાલેખન ક્ષેત્રે ધૂમકેતુ-દ્વિરેફ બાદ ગુજરાતી સાહિત્યને સુન્દરમ્-ઉમાશંકરનું બીજું યુગ્મ મળ્યું તે ઉલ્લેખનીય છે.

**તમારી પ્રગતિ ચકાસો.**

- વાર્તાલેખન પૂર્વે વાર્તાકાર તરીકે ઉમાશંકર જોશીની સજ્જતા કઈ રીતે કેળવાઈ છે ? તે વિગતે જણાવો.
- તમારી નોંધપોથીમાં નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

(1) સુન્દરમ્-ઉમાશંકર પૂર્વે કઈ વાર્તાકાર બેલડીએ ગુજરાતી વાર્તાસાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

- ઉમાશંકર જોશીની પહેલી વાર્તા કઈ ?
- ઉમાશંકર જોશીએ વાર્તાલેખનની શરૂઆત કોને સાથ આપવા કરી હતી ?
- ધૂમકેતુ અને દ્વિરેફના વાર્તાસંગ્રહના નામ આપો.

**1.3 કૃતિ પરિચય :**

'શ્રાવણી મેળો' વાર્તાસંગ્રહની પ્રથમ આવૃત્તિ 1937માં પ્રગટ થાય છે. તેમાં કુલ પંદર વાર્તાઓ સમાવિષ્ટ છે. વાર્તાઓ વિશે સમીક્ષાત્મક દૃષ્ટિકોણથી અભ્યાસ કરો.

1. ગુજરીની ગોદડી
2. ઝાકળિયું
3. હીલ્લી
4. મારી ચંપાનો વર
5. છેલ્લું છાણું
6. અમુચમુ
7. ઈનામની વાર્તા
8. પગલીનો પાડનાર
9. પિપાસુ
10. વાયોલા
11. લોહીતરસ્યો
12. આદમિયત
13. મારું હતું ને મેં લીધું
14. શેષ માનવી
15. શ્રાવણી મેળો

**1. પગલીનો પાડનાર :** 'શ્રાવણી મેળા'ની આ વાર્તા 'કોઈને ત્યાં બાળક અવતરવાના પ્રસંગે થાળી પિટાતી સાંભળ્યા પરથી સૂઝેલી' - એમ ઉમાશંકર જોશીએ કહ્યું છે.

આ વાર્તા લેખકને પોતાની શ્રેષ્ઠ વાર્તા લાગી છે. વિવેચક મનસુખલાલ ઝવેરીએ 'મારી શ્રેષ્ઠ વાર્તા' નામના સંપાદનમાં પણ આ વાર્તાને સમાવી છે. બીજા વિવેચક યશવંત શુક્લએ લોકમિલાપ ટ્રસ્ટના ઉપક્રમે 'ઉમાશંકરની વાર્તાઓ'નું સંપાદન કર્યું તેમાં આ વાર્તા લેવા જેવી લાગી નથી.

વાર્તાનું મુખ્ય પાત્ર શાંતારામ છે. શાંતારામને પોતાને પાંચ દીકરી પછી પુત્ર કિસનની પ્રાપ્તિ થઈ છે. પુત્ર કિસનને ત્યાં પણ પાંચ દીકરી જન્મી ચૂકી છે. કિસનને ત્યાં ઘોડિયું બંધાય અને દીકરો અવતરે, પૌત્ર રત્નની પ્રાપ્તિ થાય એ ઝંખનામાં શાંતારામ જીવી રહ્યા છે. શાંતારામની પૌત્ર ઝંખનાના સંઘર્ષનું લેખકે મનોવૈજ્ઞાનિક માવજત આપી વર્ણન કર્યું છે. કિસનને પાંચ દીકરી પછી પુત્રરત્નની પ્રાપ્તિના સમાચાર શાંતારામને આપવામાં આવે છે. વાર્તાનો અંત ચમત્કૃતિ સભર છે. શાંતારામની તબિયત સારી નથી. વૈદ્ય તેમના હાથની નાડી પકડી બેઠા છે ને કિસનની વહુને પ્રસૂતિની વેદના ઊપડે છે એ વખતે એક બાઈ, ''રામજી, કિસનની વહુને દીકરો આવ્યો'' એવી બૂમ પાડે છે. એ વખતે શાંતારામ કહે છે, ''શીદને દુખિયારાની મસ્કરી કરો છો'' એવો પ્રતિસાદ આપે છે.

'પગલીનો પાડનાર' વાર્તાનો અંત રસપ્રદ છે. કિસનની વહુએ દીકરો જણ્યો છે એવા સમાચાર કાન પર પડવા છતાં એ સમાચારને સાચા માની જીવી શકે એટલી ક્ષણ શાંતારામને મળતી નથી.

વિવેચક ચંદ્રકાન્ત શેઠે યોગ્ય રીતે જ કહ્યું છે કે 'ડોસાના મને જે ડોસાને જે સાચી વાત હતી તેણે મશ્કરીના રૂપમાં લેવાને પ્રેર્યા. ને એમનું મોત પણ તેથી સંભવતઃ બગડ્યું ! જોકે મોત બગડ્યું' જ એમ ખાતરીપૂર્વક કહી શકાય એવું નથી. અને ઉમાશંકરની કલાનો જાદુ આવા સંદિગ્ધ રહસ્યાત્મક અંતમાં પ્રતીત થાય છે.'' ડોસાએ ખોળિયું બદલ્યું એવા આશ્વાસનમાં કિસનના પુત્રનું આગમન થાય છે.

**2. હીલ્લી :** એક બાળકી પ્રત્યેના બાવાજીના વાત્સલ્યની આ વાર્તા છે 'પોયણી' જેવી હીલ્લી' મા વગરની છે. (મૈં હી મા સું) - હું જ એની મા છું. એવો બાવાજીનો ઉદ્ગાર તેમનો વાત્સલ્યભાવ સૂચવે છે. હીલ્લી કોની દીકરી છે તે બાવાજીએ કોઈને જણાવ્યું નથી. કોઈ કુંવારી માતા કે વિધવાની આબરૂ સાચવવા બાવાજીએ હીલ્લીની માતા વિશેની જાણકારી છુપાવી રાખી છે. બાવાજી હીલ્લીની ખૂબ માવજત કરે છે.

મા વગરની હીલ્લી પોતાની જનેતા વિશે બાવાજીને પૂછપૂછ કરે છે. બાવાજીએ તેને કહ્યું કે 'તેની બા મોટરમાં છે.' પછી હીલ્લી મોટરમાં આવનારી બાની રાહ જુએ છે. મોટરના સમયે અચૂક પહોંચી જનારી હીલ્લી એક વખત મોટર સામે ઘસી જાય છે અને બચી તો જાય છે પણ કાયમી ખોડ રહી જાય છે. 'રામ રખનેવાલા હૈ' એવા ઉદ્ગારમાં બાવાજીની જીવનશ્રદ્ધા પ્રગટ થાય છે. બચી ગયેલી હીલ્લીની બાવાજી ખૂબ કાળજી લે છે. હીલ્લીના લગ્ન થાય છે. 'હીલ્લી'ને ત્યાં દીકરી જન્મે છે. 'હીલ્લી' જ પોતાની હીલ્લીની બા બને છે. વાર્તા અહીં સમાપન પામે છે. 'હીલ્લી' મોટર સાથે અથડાય છે તે અસરકારક રીતે સૂચવાયું છે. ત્યાં જ વાર્તા પૂરી થઈ હોત તો લાઘવ પણ સચવાયું હોત. અકસ્માત હીલ્લી માતા બને ત્યાં સુધીની વાર્તા લંબાય છે તેમાં વાર્તા સ્વરૂપની શિસ્ત સચવાતી નથી એમ જરૂર લાગે. જો કે જાણીતા કવિ વિવેચક જયંત પાઠકને આ વાર્તા ગુજરાતી વાર્તા સાહિત્યમાં લાંબો સમય ટકી રહે એવી લાગે છે.

**3. અમુચમુ :** છાત્રાલયમાં રહેતા અમૃત અને ચમન નામના બે વિદ્યાર્થીઓ પાકા મિત્રો છે. શાળા અભ્યાસ પૂરો થયા બાદ બન્ને શહેરમાં વસવાટ કરી રહ્યા છે. એક દિવસ રસ્તામાં શાળાના શિક્ષક વિજુદાદા મળી જાય છે. વિજુદાદા સાથે બન્ને મિત્રો શાળાના સંભારણાઓનો ખજાનો ખોલે છે. હેડમાસ્તરની દીકરી કમુ વિશે પૂછે છે. અમુ-ચમુની લાગણીઓ કમુ વિશે એક સરખી છે. ચમુ કમુ વિશે વિજુદાદાને કાંઈ પૂછે તે અમને ગમતું નથી. વિજુદાદા બન્નેના ચિત્ત-ચહેરા પર કમુના નામનો ઉલ્લેખ થતાં આવતું પરિવર્તન ખમી જાય છે. બીજા દિવસે વિજુદાદા જણાવે છે કે કમુના લગ્ન મુનસફના છોકરા સાથે થવાના છે. આ વાત જાણી બન્ને પાછા એકમેક પ્રત્યે સહજ થઈ જાય છે.

**4. ઈનામની વાર્તા :** આત્મકથનાત્મક શૈલીએ આ વાર્તા લખાઈ છે. કથક પોતે વાર્તાનાયક છે. એક ધંધાદારી માણસ તરીકે ઉપસ્થિત થયેલા લેખકને પોતાનો એક લંગોટિયો મિત્ર એક બગીચામાં મળી જાય છે. તેની સાથે એક યુવતી છે. યુવતી મિત્રની ઉપેક્ષા કરીને ચાલી જાય છે. લેખક (વાર્તાનો નાયક) મિત્રને પોતાના ઘરે લઈ આવે છે. નાયકની પત્ની સુમિત્રાને પણ મળવાનું થાય છે. બાગમાં મળેલી યુવતીનું નામ ચારુસ્મિતા છે. તેને યાદ કરી કિશોરની મજાક ઉડાડવામાં આવે છે. લેખકના ઘરે વાતચીત થાય છે તે વખતે 'પરિન્દા' નામના અઠવાડિકમાં વાર્તાલેખન માટે ઈનામની જાહેરાત કિશોર મિત્રના ધ્યાનમાં આવે છે. આ વાર્તામાં લેખક તરીકે પાત્ર ભજવતો નાયક અને તેનો આ મિત્ર બન્ને શાળા જીવનમાં વાર્તાલેખનના અખતરાઓ કરતા હતા. આ વાર્તાના નાયકો એ વાર્તા લખવાનું છોડી સ્ટેશનરીનો ધંધો ચાલુ કરી દીધો હતો, જ્યારે તેના મિત્ર અહીં 'પરિન્દા'માં આવેલી જાહેરાતના અનુસંધાનમાં વાર્તા લખે છે અને વાર્તામાં જાહેર થયેલું પચાસ રૂપિયાનું ઈનામ પણ મેળવે છે.

વાર્તામાં ઈનામ જીતનાર કિશોર તેની મિત્ર એવી ચારુસ્મિતા સમક્ષ જુદી જુદી વાર્તા રજૂ કરી પોતાના મનોભાવો પહોંચાડે છે. પછી બન્નેનું લગ્ન થઈ જાય છે. લગ્ન બાદ કિશોર વાર્તા લખવાનું બંધ કરી દે છે. જાણે વાર્તાલેખનના ઈનામ તરીકે જ તેને ચારુસ્મિતાની પ્રાપ્તિ

થઈ છે. અને એની વાર્તા કહેવાનું આ લેખક મિત્રના ફાળે આવ્યું છે. આમ, વિલક્ષણ વિષયવસ્તુની આ વાર્તા છે.

**5. લોહીતરસ્યો :** ચંદ્રકાન્ત શેઠે નોંધ્યું છે કે, ચુનિલાલ મડિયાની દૃષ્ટિએ 'લોહી તરસ્યો' ઉમાશંકર જોશીની આગવી ગુણવત્તા વાળી વાર્તા છે.

આ વાર્તાનું વિષયવસ્તુ વિલક્ષણ છે. બે ભાઈઓ માધવ અને ખુશાલ; તેમના વેરની આ કથા છે. લોહીનો સંબંધ છે પણ વેરની ગાંઠ મજબૂત છે. તેમને એક ચતુર નામની ખટપટ કરનારી ઓરમાન બહેન છે. માધવની વહુ સાથે ચતુરને જામતું નથી. માધવ-ખુશાલની દુશ્મનાવટ જગજાહેર છે. માધવનો પુત્ર દીપુ જીવલેણ બીમારીમાં સપડાય છે. તેને લોહીની જરૂર છે. દીપુનો જીવ બચાવવા ખુશાલને કરગરવા માટે માધવ જાય છે. માધવનું અપમાન થાય છે. દીપુ તેના પિતાની અપમાનજનક સ્થિતિથી વ્યથિત થાય છે. તેનામાં વેરભાવ પ્રબળ બને છે. પિતાના અપમાનનો બદલો લેવાની કઠોર પ્રતિજ્ઞા લે છે, પિતાને વચન આપે છે. એવા સંજોગોમાં છગન (ખુશાલનો પુત્ર) લોહી આપવા આવી જાય છે. તેની દાનત સારી નથી. પોતાનું લોહી દીપુના શરીરમાં જવાથી દીપુ બગડી જશે અને એના બાપનો તથા ઘરનો વેરી થઈ જશે એવી ધારણાથી છગન લોહી આપે છે.

છગનનું લોહી મેળવીને જેણે નવજીવન પ્રાપ્ત કર્યું તેવો દીપુ વેરભાવ ત્યજીને સંબંધમાં સ્વસ્થ અને ઉદાર ચિત્તવાળો બને છે. આવું પરિણામ જોઈ છગન તેની ફોઈના ખોળામાં માથું નાખી રડે છે.

આ વાર્તામાં છેલ્લે છગન તેની ફોઈના ખોળામાં માથું નાખી રડે છે તે વધુ પડતું લાગે છે. કથાવસ્તુમાં ઘણું નાવિન્ય છે. કુટુંબની વ્યક્તિનું લોહી કોઈ પણ બીમાર માણસ માટે હિતકારક જ નીવડે. અહીં, આ વાર્તામાં જેની સાથે તીવ્ર વેરભાવ છે તેવા છગનનું લોહી ઉપયોગી થવાની સાથે વેર મટાડવામાં નિમિત્ત બનવા જેવું થાય છે.

ચંદ્રકાન્ત શેઠે યોગ્ય રીતે જ નોંધ્યું છે કે; ''લોહીના મૂળભૂત સ્નેહનિષ્ઠ સંબંધ આગળ આનુવંશિક વૈમનસ્ય-વૈર વાર્તાના અંત ભાગમાં નિઃસહાય બની રહેલું જોવા મળે છે.''

**6. મારી ચંપાનો વર :** ઉમાશંકર જોશીની સર્વોત્તમ વાર્તા તરીકે તેમના સાહિત્ય પર મહાનિબંધ લખનાર ડૉ. ચંદ્રકાન્ત શેઠે ઓળખાવી છે.

અકાળે વિધવા થયેલી લક્ષ્મી અને તેની દીકરી ચંપાની આ વાર્તા છે. લગ્નને બે વરસ પણ પૂરાં થાય એ પહેલાં લક્ષ્મી વિધવા થઈ. ચાર મહિનાની ચંપા પ્રફુલ્લ સૌંદર્યની કૂંપળ જેવી હતી. તેના ઉછેરમાં લક્ષ્મી તન્મય થઈ જાય છે. પૂરા દસ વર્ષ ચંપાના ઉછેરમાં લક્ષ્મી ઓતપ્રોત થઈ જાય છે. આખરે ચંપા માટે જીવનસાથીની પસંદગીનો સમય પણ આવી જાય છે. લક્ષ્મી ચંપા માટે વરની પસંદગી કરે છે. બે વર્ષના ટૂંકાગાળાના લગ્નજીવનમાં વિધવા થયેલી લક્ષ્મની બાબતમાં રઘુવીર ચૌધરીએ લખ્યું છે, ''લક્ષ્મી એની જાણ બહાર જ ચંપાના વરમાં, પસંદગીનો પુરુષ શોધી રહી છે.'' ચંપા માટે લક્ષ્મીએ શોધેલા વર પુનમલાલ વાસ્તવમાં તેની અવસાન પામેલી બહેનપણી ગૌરીનો વર છે.

ચંપાનાં પુનમલાલ સાથેના લગ્ન બાદ લક્ષ્મી પૂનમલાલની વધારે પડતી કાળજી રાખે છે. પુનમલાલ વિશે વાત નીકળે તો 'મારી ચંપાનો વર' એમ ખૂબ ઉત્સાહપૂર્વક લક્ષ્મી બોલતી. લક્ષ્મી અને પૂનમલાલ સમવયસ્ક છે. ચંપા માટે વર તરીકે મોટી ઉંમરનો પુરુષ એવો પુનમલાલ પસંદ થયા પછી લક્ષ્મીની તેની સાથેની વ્યવહારિક નિકટતાને લેખકે યોગ્ય રીતે વર્ણવી છે. દીકરી ચંપાને ઉછેરવામાં પોતાનું અસ્તિત્વ ભૂલી ગયેલી લક્ષ્મી પુનમલાલની કાળજી લેવામાં ચંપાની ઉપેક્ષા કરતી થઈ જાય છે.

ચંદ્રકાન્ત શેઠ યોગ્ય રીતે જ નોંધે છે :

''પૂનમલાલ સાથેના એના (લક્ષ્મીના) સંબંધ વિકાસમાં ભૂતકાળની દાખી દીધેલી અનુભવ સ્મૃતિઓનો હિસ્સો જરૂર હશે, એમાં જાતીય આકર્ષણની વૃત્તિનું ય પ્રદાન હશે તે સાથે એની નિરાધારી એકલતાને ભરી દેવાની અનિવાર્યતા ય કારણભૂત હશે.''

ચંપાના વરની સેવા ચંપા કરતાં લક્ષ્મી વધારે કરે અને ચંપાનું મહત્ત્વ કે આકર્ષણ ઘટતું જાય તે બાબતોનો વિકાસક્રમ આ વાર્તામાં યોગ્ય રીતે માવજત પામે છે. 'ચંપાના વર' પુનમલાલ 'લક્ષ્મીની ચંપાના વર' તરીકે વિશેષ ઓળખ પામે છે. પુનમલાલની માંદગી વખતે લક્ષ્મી તેની સેવામાં લાગી જાય છે જે જોઈ ચંપા દુઃખી થાય છે.

લક્ષ્મી દ્વારા બીમાર પૂનમલાલની ખૂબ સેવા કરવા છતાં તેમનું મૃત્યુ થાય છે ત્યારે લેખકે લખ્યું છે, ''લક્ષ્મી બીજી વાર રાંડી.'' - ઘણી કલાત્મક સૂઝ સાથે આગલ વધી રહેલી વાર્તામાં આ વાક્ય ન હોત તો પણ ચાલી ગયું હોત. ચંપાને રડતી જોઈ લક્ષ્મી બોલી ઊઠે છે. તું રો માં, ચંપા. હું ક્યાં રોનારી બેઠી નથી ? પૂનમલાલના અવસાન પછી લક્ષ્મીનું પણ ટૂંક સમયમાં અવસાન થાય છે. દીકરી જમાઈ માટે વાત્સલ્યભાવ રાખતી 'માતા' તરીકે લોકમુખે લક્ષ્મીની ખૂબ ચર્ચા થાય છે. પણ વાસ્તવ જાણતી ચંપા,પોતાની ''બાનું વેર લેવા.'' બમણા વેગથી પોતાની નવજાત બાળકીને ઉછેરે છે.

સમગ્ર વાર્તામાં ચરિત્ર ચિત્રણ એટલી કુશળતાથી થયું છે કે લક્ષ્મી પ્રત્યે ભાવકને અવણગમો થતો નથી. લક્ષ્મીના પૂનમલાલ પ્રત્યેના અનુરાગની, સહજ આકર્ષણની વાત સહજતાથી કરવામાં લેખકને સફળતા મળે છે.

**7. ગુજરીની ગોદડી :** આ વાર્તા હળવી શૈલીએ લખાયેલા નિબંધ જેવી છે. વાર્તામાં પ્રસંગ કે ઘટનાનું વજન નથી. ખાસ પરિસ્થિતિનું નિરૂપણ છે. એ પરિસ્થિતિ મુજબના મનોભાવ અહીં વ્યક્ત થયા છે. સમાજજીવન વિષમતાથી ભરેલું છે. આ વિષમતા આર્થિક અને સામાજિક અસમાનતાનું પરિણામ છે.

ઉચ્ચ અભ્યાસ માટે શહેરમાં આવીને ઓરડી ભાડે રાખીને રહેતા છાત્રો છે. કૉલેજ નજીક પડે તે હેતુથી શહેરના પરા-વિસ્તારમાં 15 × 10ની ઓરડીમાં ભાડે રહેતા નાનાભાઈ, સોમન, શિવજી, વાર્તાકથક ભાઈલાલ આદિના વર્તન પ્રતિક્રિયા, સક્રિયતાથી વાર્તા રસપ્રદ બને છે. નાનકડી ઓરડીમાં ઓઢવા-બેસવા-પાથરવાની તકલીફ અને પોષ મહિનાની ઠંડીનું વર્ણન વાર્તામાં આવે છે. આ રીતે સાથે રહેતા વિદ્યાર્થીઓ અમદાવાદની સુખ્યાત ગુજરી (ગૂર્જરી) માં ગોદડીઓ ખરીદવા જાય છે. ગોદડીઓ ખરીદીને પાછા આવતી વખતે રસ્તામાં તેમણે ફૂટપાથ પર કડકડતી ઠંડીમાં કશું ઓઢ્યા વગર સૂતેલા લોકોને ગોદડીઓ ઓઢાડી દીધી. ગરીબોને ગોદડીઓ ઓઢાડી પાછા ફરેલા યુવાનોની સમસંવેદનશીલતા અહીં ગોદડીદાન દ્વારા સરસ રીતે ઊપસી આવે છે.

સામાજિક વાસ્તવ, છાત્રોની સંવેદનશીલતા અને ફૂટપાથ પર પથરાયેલી ગરીબી ઉપર યુવાન વિદ્યાર્થીઓની ગોદડીની હૂંફ; આ બધું ખૂબ હળવી શૈલીએ, નિબંધનું ગદ્ય હોય તેવી રીતે નિરૂપણ પામે છે.

**8. આદમિયત :** ગુલામ મહમદ વાર્તાનું મુખ્ય પાત્ર છે. તેને ઉર્દૂ ભાષા પર સારી પકડ છે. અકબર, રૂમી, મીર જેવા શાયરોની શાયરીથી પરિચિત ગુલામ મહમદ પાસે એક પારસી જવાનને ઉર્દૂ શીખવાની ઈચ્છા થાય છે. ગુલામ પોતે મૂળભૂત રીતે ટ્રામ કંડક્ટર છે. અંગ્રેજી આવડતું નથી તેથી સ્ટેશન માસ્ટર થવાય તેમ નથી પણ ઉર્દૂ આવડવાના કારણે ટ્યૂશન માસ્તર થઈ શકાયું છે. પારસી જુવાનને ટ્યૂશન માસ્તરી તરીકેના કામમાં મજા આવે છે. તેને ટ્રામની કામગીરી છોડી માત્ર ભણાવવાનું કામ મળે તેનો રસ પડી જાય છે. ખૂબ ઉત્સાહમાં ભણાવવા જતા ગુલામ મહમદથી એક વખત ભૂલ થઈ જાય છે તે ભૂલમાં જે માળે ભણાવવા જવાનું હોય તે માળે જવાના બદલે બીજા માળે પહોંચી જાય છે જેમાં ગુલામ મહમદની દાનત વિશે પારસી જુવાનના પડોશીઓને શંકા જાય છે. પરિણામે ગુલામનું ટ્યૂશન બંધ થાય છે. વાર્તામાં ઉર્દૂ-હિંદી બોલીનો વિનિયોગ ભરપૂર માત્રામાં થયો છે જે એક મર્યાદા પણ બની જાય છે. ગુલામ મહમદ જેવું મુખ્ય પાત્ર આદમિયત જોવા-પામવા માટેની ઉત્કટ અપેક્ષાને વહન કરે છે અને ઉર્દૂ-હિંદીની વિશિષ્ટ બોલી સાથે રજૂ થાય છે. એ વાર્તાનું જમા પાસું છે.

**9. મારું હતું ને મેં લીધું :** વાર્તામાં શ્રમજીવી ખેડૂતની કથા છે. કુબેર નામના ખેડૂતના ખેતરમાં ઘઉંનો શિયાળુ પાક સારો થયો છે તે જાણીને કુબેરનો બાપ મેપો જે એક મઠમાં નિવૃત્ત જીવન ગાળે છે તે દીકરાના કામમાં મદદરૂપ થવા આવે છે.

જાગીરદારનો દીકરો દરેક ખેતરે નીકળ્યો છે. કુબેરના ખેતરમાં આવી ચડેલા જાગીરદારના દીકરાનો ઘોડો ઘઉંના ઊભા મોલને બગાડતો હતો. કુબેરે ઘોડાના મોઢેથી સિફતપૂર્વક ઘઉંની કલ્લી સેરવી લીધી. જાગીરદારના પુત્રના ધ્યાનમાં આ વાત આવી તેણે સત્તાવાહી માનસિકતાથી ઘઉંના પાકનો અંદાજ માંડ્યો.

ઘઉં ઊપણવાનો પ્રસંગ આવે છે અને મેપાનું મન વિદ્રોહ પોકારે છે. કુબેરનો બાપ મેપો ઘઉંની ગાંસડીઓ બાંધી લઈ વગે કરવાનું કામ કરે છે. પોતાના જ ખળામાંથી ઘઉંની ઉઠાંતરી કરતા ત્રીજી રાત્રે જ ઝડપાઈ જાય છે. ન્યાયાધીશ તેને કસૂરવાર ઠરાવે છે. મેપાને સાડાત્રણ મહિનાની સખત મજૂરી સાથેની જેલની સજા થાય છે. મેપો ન્યાયાધીશ સમક્ષ પોતાની વાત રજૂ કરે છે.

''મા-બાપ, મને ફાંસી દો, પણ ચોરીનું આળ દેશો મા. બળદની પેઠે મેં મજૂરી કરી છે. મારું હતું ને મેં લીધું એમાં કોની ચોરી કરી છે ?''

મેપાને અન્યાય થયો. મેપાના દીકરા કુબેરે ભારે કર ભરવામાં અનાજ ગુમાવ્યું અને પિતાને જેલમાં જવું પડે છે તેમાં આબરૂનું ધોવાણ થયું.

ઉમાશંકર જોશીએ આ વાર્તામાં આપણી સમાજવ્યવસ્થાની અરાજકતાને વાર્તાનો વિષય બનાવી છે. પોતાના જ ધાનની (અનાજની) ચોરી કરવી પડે એવી દ્વિધામાં પડેલો ખેડૂત ગામ લોકોની સહાનુભૂતિ પામતો નથી અને કર નાખનાર જાગીરદાર પ્રશંસા પામે છે. ન્યાય, અન્યાય અને શોષણની પરિસ્થિતિમાં ગ્રામજીવનની વાસ્તવિકતાનો ચિતાર મળે છે.

**10. શેષ માનવી :** નગરજીવનની બે ભાગમાં વહેંચાયેલી વાર્તા છે. સંતતિનિયમનના સાધનોનો પ્રચાર કરનારા સેલ્સમેન જેવા ચંદ્રમોહન આ વાર્તાનું મુખ્યપાત્ર છે. ચંદ્રમોહનને સ્વપ્નું આવે છે. સંતતિનિયમનનો ખૂબ મોટો કારોબર કરનારો ચંદ્રમોહન સ્વપ્નમાં લગ્ન, બિઝનેસ આદિમાં અસાધારણ પ્રગતિ કરે છે. સપનામાં શહેરસુધરાઈનો પ્રમુખ પણ બને છે અને 'ભીડભંજન' ઇલકાબ પણ મેળવે છે. સંતતિનિયમનની ચંદ્રમોહનની પ્રવૃત્તિથી વસ્તી ઘટવા માંડે છે. સંતતિનિયમનના સાધનોની પણ જરૂર જણાતી નથી. ધંધો બંધ પડ્યો. તેની પત્ની વિશાખા પણ તેને છોડીને ચાલી ગઈ. લોકોમાં અરાજકતા વ્યાપી ગઈ, કોઈને ખેતી કરવાની પરવા ન રહી. વસ્તી ઘટી હતી. તેથી લોકો બેફિકર બની લૂંટફાટ કરવા લાગ્યા. ચંદ્રમોહન એકલો પડી ગયો. કંટાળી ગયેલા ચંદ્રમોહનને આપઘાત કરવાનો વિચાર આવે છે. આપઘાતના વિચારને અમલમાં મૂકે છે. ગાડીના પાટા પર સૂઈ ગયેલો ચંદ્રમોહન ગાડીની રાહ જુએ છે પણ ગાડી આવતી નથી. કંટાળીને વ્યથાપૂર્વક પગ પછાડે છે જે પાટિયા નીચે ફકીરના માથાને વાગે છે. ફકીર ચંદ્રમોહનને એક અડબોથ ઝીંકે છે. એ અડબોથનો સ્પર્શ તેને ગમે છે. આ વિશ્વમાં પોતે એકલો નથી, તેને મારનારું કોઈ આ જગતમાં અસ્તિત્વ ધરાવે છે. એ વાતની રાહત તેના અસ્તિત્વને અર્થ આપે છે. વિષયવસ્તુની નવીનતા અને સંતતિનિયમનના પ્રશ્નની કલાત્મક સમીક્ષાની દષ્ટિએ આ વાર્તા વાચનક્ષમ બની છે.

**11. શ્રાવણી મેળો :** શીર્ષક વાર્તા છે. વાર્તાસંગ્રહને નામ પણ આ વાર્તા પરથી જ મળ્યું છે. તેથી 'શ્રાવણી મેળો' શીર્ષક વાર્તા છે. આદિવાસી-ગ્રામીણ લોકસમાજનું નિરૂપણ અહીં થયું છે. અંબી-સોના-દેવા એવા ત્રણેય પાત્રોમાં આ વાર્તા વિસ્તરે છે. વાર્તામાં મેળો છે. મેળામાં ચગડોળમાં ભેગા થતા અંબી અને દેવો મેળાની હાટડીઓ ફરતા, ટહેલતા દેખાય છે તે જીવનની મંગલ ક્ષણોનું સરસ આલેખન થયું છે. દેવો કાના તરારનો દીકરો છે. કાના તરારના પરિવારનું શોષણ કરનાર વીરચંદ, દેવાને મેળામાં મળી જાય છે. દેવાના બાપદાદાના ખેતરો ચોપડે ચઢાવી દીધા છે. એવી જાણકારી આપીને વીરચંદ પોતાના દુષ્પ્રભાવની વાતથી દેવા-અંબીની ખુશાલીમાં ભંગ પાડે છે. દેવો અંબીને ભાવિજીવનની વાસ્તવિકતાઓની વાતો

કરે છે. વીરચંદ શેઠ દ્વારા ખલેલ પામેલો, દુ:ખી દેવો અંબીથી છૂટો પડી પોતાના ગામ તરફ સરકી જાય છે. નદી-નાળાં-પૂર વટાવતો દેવો ઘરે પહોંચે છે. તેના પિતા કાના તરાર સુધી અંબી-દેવાના જોડકા વિશે વાત પહોંચી ગઈ છે તેથી કાનો તરાર બે ખાટલા પાથરી રાખે છે. મેળામાં મળી ગયેલા વીરચંદ શેઠના મર્મવેધક શબ્દો દેવાને યાદ આવે છે. તે રાત્રિના અંધકારમાં વીરચંદના ઘરે દેવો કુહાડી લઈને પહોંચી જાય છે. અને વીરચંદનું ખૂન થઈ જાય છે. ડૉ. ચંદ્રકાન્ત શેઠે યોગ્ય રીતે જ કહ્યું છે' કે, ''વીરચંદના ખૂનની વાત લેખકે સ્પષ્ટ રીતે કરી નથી, પણ તે સમજવાની માટેની પૂરતી ભૂમિકા વાર્તાની અંદર જ છે.''

'શ્રાવણી મેળો'માં કુલ પંદર વાર્તાઓ છે. પ્રસન્નતા, ગંભીરતા, લોકજીવનનો ઉત્સાહ, વાસ્તવનું નિરૂપણ, ગ્રામજીવન, ઊંડુ નિરીક્ષણ તથા જનસમાજનો અનુભવ વાર્તામાં સઘન રીતે આવે છે અને પ્રથમ વાર્તાસંગ્રહથી જ વાર્તાકાર તરીકે પ્રતિષ્ઠિત થાય છે.

**1.4 વસ્તુલક્ષી કસોટી :**

નીચે મુજબના પાત્રો જે વાર્તામાં આવતા હોય તે મુજબ જોડકાં જોડી દર્શાવો.

| | પાત્રો | - | વાર્તા |
|---|---|---|---|
| 1. | શાંતારામ - કિસન | - | હીલ્લી |
| 2. | બાવાજી | - | મારું હતું ને મેં લીધુ |
| 3. | અમૃત - ચમન | - | શ્રાવણી મેળો |
| 4. | મેપો | - | પગલીનો પાડનાર |
| 5. | દેવો - અંબી | - | અમુચમુ |

**1.5 સ્વ અધ્યયન :**

(1) વાર્તાકાર ઉમાશંકર જોશી વિશે સમીક્ષાત્મક આલેખ આપો.
(2) 'ગુજરીની ગોદડી' વાર્તાનું વિષયવસ્તુ ચર્ચો.
(3) 'મારી ચંપાનો વર' વાર્તાની વિશિષ્ટતા ચર્ચો.
(4) 'લોહીતરસ્યો' વાર્તા વિશે વિસ્તારપૂર્વક લખો.
(5) 'શ્રાવણી મેળો' વિશે આસ્વાદ નોંધ આપો.

**1.6 વિશેષ વાચન**

- 'શ્રાવણી મેળો' વાર્તાસંગ્રહ વાંચો.
- 'યુગદ્રષ્ટા ઉમાશંકર' ગ્રંથમાં સમાવિષ્ટ અભ્યાસ લેખો વાંચો.

---

**લેખન :** પ્રો. યોગેન્દ્ર પારેખ - ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

## એકમ 2

## વાર્તાકાર ઉમાશંકર જોશી : 'વિસામો'

**રૂપરેખા**

2.1 ઉદ્દેશો
2.2 પ્રસ્તાવના
2.3 કૃતિલક્ષી સઘન પરિચય
2.4 વસ્તુલક્ષી કસોટી
2.5 સ્વાધ્યાય
2.6 સંદર્ભ

### 2.1 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસથી તમે—

- 'શ્રાવણી મેળો' પછીની વાર્તાઓ વિશે જાણશો.
- બે વાર્તાસંગ્રહોની વાર્તાઓના વિષયવૈવિધ્ય, રચનારીતિ વૈવિધ્યનો પરિચય થશે.
- વાર્તા સ્વરૂપમાં સર્જકની સિદ્ધિ, વિશેષતા, મર્યાદા અંગે સવિગત માહિતગાર થશો.

### 2.2 પ્રસ્તાવના :

'વિસામો' વાર્તાસંગ્રહ 1959માં પ્રગટ થયો. 'શ્રાવણી મેળા' પછી તેમણે 'ત્રણ અર્ધું બે અને બીજી વાતો' (1938) તથા 'અંતરાય' (1947) એમ બે વાર્તાસંગ્રહો આપ્યા હતા. 'ત્રણ અર્ધું બે અને બીજી વાતો'માં કુલ 14 વાર્તાઓ તથા 'અંતરાય'માં કુલ 11 વાર્તાઓ મળે છે. આ બન્ને સંગ્રહોની મળીને પચ્ચીસ વાર્તાઓમાંથી ઓગણીસ વાર્તાઓ અને ત્યારબાદ લખાયેલી બીજી ત્રણ વાર્તાઓ લઈને કુલ બાવીસ વાર્તાઓનો સંગ્રહ 'વિસામો' પ્રસિદ્ધ કર્યો.

'વિસામો' સંગ્રહ પ્રગટ કરતી વખતે તેમણે લખ્યું છે કે 'કેટલીકને (વાર્તાઓને) કાટી-છાંટી-મઠારી પણ છે. એવી વાર્તાઓનાં મૂળ રૂપ અને નવીન રૂપ સરખાવવાથી વાર્તાલેખન અંગેની મારી દૃષ્ટિનો કાંઈક ખ્યાલ મળવા સંભવ ખરો.'

આમ, ઉમાશંકર જોશીએ 'શ્રાવણી મેળા' પછી બે વાર્તાસંગ્રહ રદ કરી 'વિસામો' સંગ્રહ આપ્યો છે. 'શ્રાવણી મેળો' સંગ્રહમાં એ નામની શીર્ષક વાર્તા હતી. જ્યારે 'વિસામો' સંગ્રહમાં 'વિસામો' નામની કોઈ વાર્તા નથી. એમના વાર્તાસર્જનના વિસામા તરીકે આ શીર્ષકને જોવામાં આવ્યું છે. એમણે પોતે એવું વિધાન કરેલું છે કે, ''અત્યારે તો વાર્તાક્ષેત્રે મારો વિસામો ચાલે છે.''

'શ્રાવણી મેળો' પછી ઉમાશંકર જોશીની વાર્તાકલાને માણવા, અવલોકવા અને નિબંધ, એકાંકીની જેમ ગદ્યના મહત્ત્વના સાહિત્ય સ્વરૂપમાં તેમના સર્જનાત્મક અભિગમ અને પ્રદાન માટે 'વિસામો' સંગ્રહનો અભ્યાસ કરીશું.

### 2.3 કૃતિલક્ષી સઘન પરિચય - અધ્યયન

**(1) બે બહેનો**

આ વાર્તા તેમની અન્ય વાર્તાઓ કરતાં પ્રમાણમાં લઘુ કદની છે. ત્રણ પાનાંની આ વાર્તામાં ઘટના આછી-પાતળી છે. વાર્તામાં ઘટના-પાત્રો પરિવેશ આદિ એકમો પૈકી આ વાર્તામાં સંવાદો દ્વારા વાર્તાનિર્માણ તરફ લેખકનું વિશેષ લક્ષ્ય છે.

ગોપીકાન્ત, સૂર્યા અને લલિતા એમ ત્રણપાત્રો છે. સૂર્યા ગોપીકાન્તની પત્ની છે. લલિતા, સૂર્યાની નાની બહેન છે. લલિતા અને ગોપીકાન્તને એકમેક પ્રત્યે લગાવ છે. બે ખંડની આ નાનકડી વાર્તામાં ગોપીકાન્તને બન્ને બહેનોની વિદાય લેતો બતાવ્યો છે. ગોપીકાન્ત 'સૂર્યા તથા લલિતાને સાથે લઈ જવા તૈયાર છે. સૂર્યાને ગોપીકાન્ત સાથે જવામાં કોઈ વાંધો નથી. સૂર્યા તૈયાર છે. પણ લલિતાને સાથે લઈ જવાની ઇચ્છા હોવા છતાં ગોપીકાન્ત લઈ જઈ શકતો નથી કારણ કે લલિતાને ચાર વાગ્યે પ્રૌઢવર્ગ હોવાથી તે જઈ શકતી નથી. આ ગાળામાં જ લલિતાએ કંઈક જુદી જ લાગણી અનુભવ્યાની વાત રસપ્રદ રીતે નિષ્પન્ન થાય છે.

વાર્તાના બીજા ખંડમાં એક દિવાસ્વપ્ન છે. ઇચ્છિત સંબંધને અનુરૂપ દિવાસ્વપ્નમાં ગોપીકાન્ત અને લલિતા પરણી જાય છે. જો કે આ સ્વપ્નની શરૂઆત એ રીતે થાય છે કે ગોપીકાન્ત અને સૂર્યા કારમાં જઈ રહ્યા હોય ત્યારે અકસ્માત થાય છે. સૂર્યા અકસ્માતમાં બેહોશ થઈ જાય છે. અકસ્માત વખતે સૂર્યા સગર્ભા હતી. ઓપરેશન, સિઝેરિયન કરી તેના બાળકને બચાવી લેવામાં આવે છે. સૂર્યાના જીવનની આખરી ઘડીઓ ચાલી રહી છે. સૂર્યા દ્વારા જ ગોપીકાન્તને સાચવી લેવાનું લલિતાને કહેવામાં આવે છે. બાળકને પણ સાચવવાનું નિમિત્ત છે. લલિતા-ગોપીકાન્ત પરણી જાય છે. લલિતા-ગોપીકાન્તને પરસ્પર સ્નેહ હોવાથી આ સ્વપ્ન બન્ને માટે મધૂર છે.

સ્વપ્નની વાત પૂરી થાય છે. કારમાં ગોપીકાન્ત સાથે ગયેલી સૂર્યા વાસ્તવમાં પાછી ફરે છે. સૂર્યા પોતાના ગોપીકાન્ત સાથે લગ્ન થવાના હોય છે એટલે લગ્નની સાડી ખરીદી છે તે લલિતાને બતાવે છે. સાડી ગમી કે નહિ? તેવા સૂર્યાના જવાબમાં લલિતા જણાવે છે કે મને તો તારા મોં પરની ભાત ગમી. અને વાર્તા પૂરી થાય છે.

સૂર્યા અને ગોપીકાન્ત પરણવાના છે તે હકીકત છે. ગોપીકાન્ત લલિતાને ચાહે છે તે પણ હકીકત છે પ્રણયત્રિકોણ કહો કે સંબંધત્રિકોણની આ કથા છે. વાર્તા લખાઈ તે વર્ષોમાં પ્રણયત્રિકોણ જેવા વિષય-વસ્તુની નવીનતા હતી. આજે ટૂંકી વાર્તાના વિકાસ અને રચનારીતિનું વૈવિધ્ય કે સમૃદ્ધિ જોતાં આ વાર્તા ઘણી નબળી લાગે.

### (2) તરંગ

આ વાર્તાના ત્રણ પાત્રો છે. અજિત, સંયુક્તા અને મોહન. મોહનનું અવસાન થયું છે મોહનના દાદા પાસે અજિત ખરખરો કરવા જાય છે. ખરખરો કરી પાછો ફરે છે. અંધારું થઈ ગયું છે. સાયકલ ઊભી રાખી દીવો સળગાવવા જતા અજિતને ''જરી સિગારેટ ચેતાવવી છે'' એવો અવાજ સંભળાય છે. અજિત ભ્રમણાથી મોહનનો ચહેરો જુએ છે. બન્ને વચ્ચે સંવાદ પણ થાય છે. આ સંવાદ દ્વારા જ અજિત તથા મોહનના સંબંધ વિશે જાણકારી મળે છે.

મોહનની પત્ની સંયુક્તાને અજિત પ્રત્યે સ્નેહ છે. મોહન સંયુક્તાના અજિત પ્રત્યેના લગાવથી માહિતગાર એવો મોહન ભૂતિયા બંગલામાં આવેલા કૂવામાં પડી જીવનનો અંત લાવે છે. અજિતના મનમાં મોહનના આપઘાતની અસરના કારણે જ સાયકલ દીવાના અજવાળામાં અજિતને મોહનનો ચહેરો ભળાય છે. મિત્ર મોહનના અવસાનના આઘાતથી અજિત પોતે દુઃખી છે અને સંયુક્તાને હવે પછી નહિ મળવાનો પત્ર પણ લખે છે. અજિત-મોહન સાયકલ-દીવાના અજવાળે મળે અને પછી અજિત સંયુક્તાને પત્ર લખે એવા વળાંક પર વાર્તા પૂરી થાય છે. વાર્તાનો અંત બન્ને મિત્રોના મળવાથી અને સંયુક્તાને પત્ર લખવાની ઘટનાથી આવે છે. લેખકે પાત્રો, પરિસ્થિતિ અને સમસ્યાનો ઉકેલ લાવવામાં વાર્તાને પૂરી મનોવૈજ્ઞાનિક માવજત આપી છે.

### (3) કલંકિની

આ વાર્તાની નાયિકા લખી પોતાની નિર્દોષતા પૂરવાર કરવા, પોતે નિષ્કલંક છે તેમ સૌને જણાવવાની તત્પરતામાં પોતે જ પોતાનો અપપ્રચાર કરે છે તેવું વિષયવસ્તુ છે. ગામમાં રહેતા ત્રીસેક વર્ષના યુવાન બાવાજી દેખાવે આકર્ષક છે. તેમનું નામ ભસ્માનંદ છે. તેમણે

ખૂબ જતન કરીને એક વાડીમાં વાવેતર કર્યું છે. એક દિવસે તેઓ કૂવા પર નાહી રહ્યા હતા ને તેમને ખબર પડી કે વાડીમાં ઢોર ભેલાણ કરી રહ્યા છે. એટલે લંગોટીભેર ભસ્માનંદ ઢોર પાછળ દોડ્યા. એ જ વખતે ગામમાં રહેતા એક શાસ્ત્રીની દીકરી લખી જે વાડી બાજુથી મંદિર તરફ જતી હતી. તેના માથે છાણાનો ટોપલો હતો. તે બાવાજીને લંગોટભેર દોડતા જોઈ પડી ગઈ. લખી પડી ગઈ અને બાવાજી દોડી રહ્યા છે. બન્ને દૃશ્યો જોનાર સ્ત્રીનું નામ મંછી. મંછીને ભસ્માનંદ બાવાજી માટે આકર્ષણ હતું. પણ તેમણે મંછીને યોગ્ય પ્રતિસાદ આપેલો નહિ તેથી મંછીને તો બન્નેને ભસ્માનંદ અને લખીને વિશે જેમ તેમ બોલવાની તક મળી ગઈ. મંછી પોતાની અવગણના કરશે અને ગામમાં આબરૂ નહિ રહે તેવા ડરથી લખી પોતે જ કોઈ પૂછે કે ના પૂછે ખુલાસો કરવામાં વ્યસ્ત થઈ ગઈ. વાડીમાં પોતાના પડી જવાની બાબત અને બાવાજીના દોડવાની વાત મંછી નામની સ્ત્રી જોઈ ગઈ છે. વાતને પોતાની રીતે મંછી દ્વારા બહેકાવવામાં આવશે એવી ભીતિથી લખી પોતે પડી ગઈ છે પણ બીજું કાંઈ નથી થયું તેવી વાતો બધાને કહ્યા કરે છે, એમ કરવા જતાં પોતે નિર્દોષ હોવા છતાં લોકોને તેના પર શંકા જાય છે. આખરે એવી સ્થિતિ આવે છે કે કોઈ લખીને છોકરો આપવા પણ તૈયાર થતું નથી. ભસ્માનંદ સુધી આ વાત પહોંચે છે તો તેઓ ગુસ્સે થઈને ગામ છોડીને ચાલ્યા જાય છે. એ ગામમાં બીજા બાવાજી આવે છે. લખીના પિતા શાસ્ત્રીજીનું અવસાન થયાના વરસ પછી લખી એક દિવસ બીજા બાવાજી સાથે ગામમાંથી ભાગી જાય છે.

આ વાર્તામાં લખીની મનઃસ્થિતિનું આબાદ વર્ણન કર્યું છે. મંછીનું વર્તન અને ગામલોકોનું માનસ દર્શન કરવામાં લેખકને ધારી સફળતા મળી છે.

### (4) પરબીડિયાં

આ વાર્તાની શૈલી આત્મકથનાત્મક છે. જગદીશચંદ્ર, અમૃતનંદન, સુખાનંદજી જેવા પાત્રો આ વાર્તામાં છે. 1936ના સમયગાળામાં આ વાર્તા લખાઈ છે. લેખક પોતે ગાંધીજીના ઘણા પ્રભાવમાં હતા. સ્વાતંત્ર્ય ચળવળમાં તેમણે ભાગ પણ લીધો હતો. એક કાનૂનમંત્રીનું કથન આ વાર્તા છે. વાર્તામાં કટાક્ષ છે.

સરકારે પરબીડિયાં ઉપર અલાયદો કર નાખ્યો છે. એક દેશ નેતાએ વ્યવહારમાં કામ આવે તે માટે મોકલેલાં તેનો જથ્થો પરબીડિયાંના સ્મારક તરીકે, દેશના આઝાદ થાય ત્યારે એ સ્મારકમાં સાચવીને રાખવા માટે તથા તેની જાળવણી માટે બે કાર્યકરોની ફાળવણી કરવા જેવી ચેષ્ટાઓ લેખકે કલ્પી છે. આ વાર્તામાં દેશનેતાનું નામ નથી આપ્યું. પરિસ્થિતિમાંથી કટાક્ષ દ્વારા હાસ્ય નિષ્પન્ન કરવાનો લેખકનો પ્રયાસ છે. રાજકીય વિષયવસ્તુવાળી આ વાર્તા રચવા પાછળ રાજકારણની સમજ વ્યક્ત કરવાનો લેખકનો આશય નથી. કોઈ નેતાને તેના અનુયાયીઓ દ્વારા કેવું નુકસાન થઈ શકે તે પણ આ વાર્તામાં સૂચવાય છે. આઝાદી મળ્યા બાદ આ દેશનેતાના પરબીડિયાનું સ્મારકભવન રચવા માટે પરબીડિયાંનો જ ભાવ વધારવાનો પ્રસ્તાવ છે. લેખકને જાહેરજીવનનો પરિચય છે. અને પ્રજામાનસનું સૂક્ષ્મ નિરીક્ષણ છે. 'પરબીડિયાં' જેવા વિષયને કટાક્ષનું વાહન બનાવીને લેખકને ઠીક ઠીક સફળતા મળી છે. કોઈ પણ દેશસેવકના સાર્થક અનુયાયી થવા કરતાં વ્યક્તિપૂજા દ્વારા કે સ્મારકો રચીને પોતાના કર્તવ્યથી પલાયન થતી પ્રજાનું સામૂહિક વર્તન કેટલું તકલાદી હોય છે. તે બાબત પરત્વે આ વાર્તા ભાવકોનું ધ્યાન ખેંચે છે. દેશ આઝાદ થયા પછી નેતાઓ અને તેમના સ્મારકો બાબત પ્રજાનું કે અનુયાયીઓનું વલણ કેવું હશે તે ઉમાશંકર જોશી જેવા સર્જકે પોતાની વાર્તામાં, દેશની આઝાદીને એક દાયક જેટલો સમય બાકી હતો ત્યારે રજૂ કર્યું છે. જે આ વાર્તાની વિશેષતા છે.

### (5) ચક્કીનું ભૂત

ઉમાશંકર જોશીની આ વાર્તા ગાંધીયુગની વાર્તાઓમાં ઠીક-ઠીક જાણીતી બની હતી. અમથો સુતાર આ વાર્તાનું મુખ્ય પાત્ર છે. સુતારી કામ કરીને ગુજરાન ચલાવે છે. ગામેગામ મજૂરી કરે છે. સુતારી કામ માટેના ઓજારો એક થેલામાં રાખી રોજી રોટી માટે ફરતો અમથો

સુતાર એક દિવસ હરિપરા ગામના ગોંદરેથી પસાર થાય છે. તરસ લાગતાં કૂવે જાય છે. તો પાણીની ચક્કી બંધ થઈ ગયેલી છે. ગામના મિસ્ત્રીની કલાકોની મથામણ છતાં ચક્કી ચાલુ થતી નથી. ગામલોકોને તો મનમાં એમ જ છે કે ચક્કીને કંઈક મેલું કે ભૂત જેવું વળગેલું છે અમથાને ઓજારો સાથે આવેલો જોઈ લોકો તેને ચક્કી ચાલુ કરવા વિનંતી કરે છે. પાણી તરસ્યો અમથો પોતાના ઓજારથી સહેજ પ્રયાસ કરે છે એમાં ચક્કી ચાલુ થઈ જાય છે. અમથાની મિસ્ત્રીકામની કુશળતાનો મહિમા થવાના બદલે અમથો તંત્ર-મંત્ર વિદ્યા જાણે છે એવી છાપ પડે છે ગામ લોકોને અમથો સમજાવે છે પણ ગામ લોકો તો અમથાની 'મંત્ર વિદ્યા'નું પરિણામ જોઈ ચુક્યા છે. અમથાને મંત્રવિદ્યાના જાણકાર તરીકે ઘણી ખ્યાતિ મળે છે. અમથાની જાણકાર તરીકે ઘણી ખ્યાતિ મળે છે. અમથાની કીર્તિ વધે. પૈસો અને પ્રતિષ્ઠા, વધતા જાય છે. શરૂઆતમાં તેણે પોતે સૌને કહ્યું કે હું કોઈ મંત્ર-વિદ્યા જાણતો નથી. પણ પછી ધીમે ધીમે અમથાને પણ અનુકૂળ થઈ ગયું. મંત્રવિદ્યાના જાણકાર તરીકે લોકો માન-ધન આપવા લાગ્યા. અમથાએ મિસ્ત્રી કામ છોડી દીધું, મંત્રકામ પકડી લીધું. અમથા સુતારમાંથી અમથા ઈલમી તરીકે જાણીતો થયો. સંપત્તિ વધી. લોકો પોતાની સમસ્યા લઈ તેની પાસે આવવા લાગ્યા. અમથો સુતાર આલિશાન હવેલીનો માલિક બન્યો.

અમથાની વહુનું અવસાન થઈ ગયું. પંદર વરસના પુત્ર ગોકળ માટે અમથો જીવતો હતો. મંત્રવિદ્યાના જાણકાર તરીકેની પ્રતિષ્ઠા સાચવવા સિવાય તેણે કાંઈ કરવાનું ન હતું. એવામાં એક દિવસ તેનો એકનો એક પુત્ર ગોકળ માંદો પડે છે. તેની માંદગી ગંભીર છે. મંત્રના જાણકાર તરીકે અમથાની પ્રતિષ્ઠા છે તેથી શરૂઆતમાં તે ડૉક્ટરની સારવાર લેવાનું ટાળે છે.-દરમ્યાન ગોકળનો રોગ વધતો જાય છે. ડૉક્ટરને બોલાવવાનું નક્કી થાય છે ત્યારે ઘણો વિલંબ થઈ ગયો હોય છે. મંત્ર વિદ્યા જેવું તો કંઈ હતું નહિ પણ ડૉક્ટર પણ ગોકળને સારું કરી શકતા નથી. ગોકળનું અવસાન થઈ જાય છે. ગોકળની પત્ની દાગીના વગેરે લઈ બીજા સાથે ભાગી જાય છે. અમથાની મંત્રવિદ તરીકેની ઓળખ પણ સાથે ઝાંખી પડી જાય છે. ઘરવખરી વેચી ગુજરાન ચલાવતો અમથો છેવટે ફરી પોતાના ઓજારો લઈને નીકળી પડે છે પાછો ગામેગામ ભટકે છે. વાર્તાની શરૂઆતમાં અમથાએ ચક્કીની મરમ્મત કરી હતી. જેને લોકો 'ચક્કીનું ભૂત ઉતાર્યું' એમ સમજતા હતા. એ અમથો છેવટે પોતાને જ 'ચક્કીનું ભૂત' સમજે છે. અમથા સુતારમાંથી અમથો ઈલમી અને વળી એકલો પડી ગયેલો, જીવનની ચમક, પૈસો, પ્રતિષ્ઠા ગુમાવી ચુકેલો અમથો સુતાર; આટલી આ વાર્તા રસપ્રદ રીતે આલેખન પામી છે.

'ચક્કીનું ભૂત' વાર્તાના ઉપર જણાવ્યા મુજબના વિષયવસ્તુની યોગ્ય માવજત થઈ છે. ગાંધીયુગની આ વાર્તાનો વિષય જે તે સમયની દૃષ્ટિએ જોઈએ તો નવો છે. ભૂત વિશેની માન્યતાની સમાંતરે અંધશ્રદ્ધા અને ગામડાના લોકોનું સમૂહમાનસ અહીં સુપેરે જોવા મળે છે.

**(6) લીલી વાડી !**

ઉમાશંકર જોશીની આ વાર્તા 'લીલી વાડી !' તેમની નોંધપાત્ર ગણાયેલી બની છે. વાર્તાના પાત્રો આ પ્રમાણે છે : લીંબા પટેલ, ગુલાબ (ગલાબડી), સુખો (સુખલો), અને કરણ.

ગલાબડી લીંબા પટેલની બીજી વારની પત્ની છે. પત્ની લીંબા પટેલ કરતાં ઘણી નાની છે, યુવાન છે. બન્નેને એક સંતાન થાય છે. તેનું નામ સુખલો છે. લીંબા પટેલે તેની વાડીમાં જાતવાન આંબા રોપ્યા છે આંબા રોપવા પાછળ એક જ દૃષ્ટિ છે કે સુખલો સુખી થાય. તેના ભવિષ્યની ચિંતા ટળે. લીંબો પટેલ એક યુવાન પટેલ ખેડૂતને વાડીમાં ભાગિયા તરીકે લાવવાની વાત ગલાબડી સમક્ષ લાવે છે. એનું નામ કરણ છે. કરણને ભાગિયા તરીકે રાખવામાં ગલાબડી સંમત થાય છે.

અહીં આપણે જોઈ શકીએ છીએ કે વાર્તામાં ધીમે ધીમે કુતૂહલ વિસ્તરતું જાય છે. કરણની મહેનતથી વાડીમાં રોનક આવી ગઈ છે. આંબા મહોરી ઊઠ્યા છે. લીંબા પટેલ કરતાં

વયમાં નાની એવી ગલાબડી આંબાના પાકથી રાજી છે. આંબાના રોપાઓની માવજતથી ખુશ ખુશ ગલાબડીને આ ખુશીના નિમિત્ત એવા જુવાન ખેડુ પ્રત્યે આકર્ષણ ન થાય તો જ નવાઈ, આકર્ષણ થાય છે. ગલાબડી રૂપાળી છે, યુવાન છે. અને ઊર્મિસભર છે. કરણને પણ ગલાબડીનું આકર્ષણ થાય છે.

કરણ એવી પરિસ્થિતિ ઊભી કરે છે કે ગલાબડીને રાત્રે રખવાળી કરવા વાડીએ જવું પડે. શરૂઆતમાં મક્કમ જણાતી ગલાબડીને ધીમે ધીમે કરણ પ્રત્યે આર્ષણ થાય છે. કરણ અને ગલાબડીના સંબંધની જાણ થતાં ગલબાડીનો પુત્ર સુખલો ઉશ્કેરાય છે. ઉશ્કેરાટમાં આવી સુખલો બધા આંબા ડૂંડી નાખે છે. આંબા ઉજડી જવાથી કરણ પણ વાડી છોડી દે છે. ગલાબડી તેની પાછળ જ જાય છે. એકલા પડેલા વૃદ્ધ લીંબા પટેલ સાવ નવરા થઈ જાય છે. પારકી પળોજણમાં સમય વ્યતિત કરે છે. આંબા ડૂંડી નાખવાથી દુઃખી થયેલા સુખલા પાસે ખુદને આશ્વાસન આપવા શબ્દો નથી. ગલાબડી પાસે આંબા નથી, સુખલો પણ નથી. એની પાસે કરણ છે.

જે સુખલા માટે પટેલે આંબા રોપાવ્યા હતા એ સુખલો જ આંબાના રોપાઓનો સોથ વાળી દે છે. કરણ-ગલાબડીના સંબંધનું પરિણામ જીવનની ઘણી સંભાવનાનો સોથ વાળી દે છે. ગલાબડીના જીવનમાં પણ આંબો મહોરે એવી સંભાવના અને કરણનું 'ભાગિયા' તરીકે વાડીમાં અને જીવનમાં આગમન આ વાર્તામાં યોગ્ય રીતે, પ્રતીકાત્મક રીતે નિરૂપણ પામ્યું. સ્ત્રી-પુરુષ સંબંધોમાં ખેતી વિષયક સંદર્ભની પ્રતીકાત્મકતા ઉપસી આવી છે.

'લીલી વાડી !'નો પરંપરાગત અર્થ-સંદર્ભ સુખી પરિવાર અને ખુશહાલ સ્થિતિ સાથે સંકળાયેલો છે. અહીં લીંબા પટેલની 'લીલી વાડી !'માં યુવાન પત્નીના જીવતરની વાત પણ વાર્તાને અનોખું પરિમાણ આપે છે.

**(7) પ્રતિમાદેવી**

વિશિષ્ટ કથાવસ્તુ ધરાવતી વાર્તા છે. બાળપણના બે સ્નેહીઓ મોટી ઉંમરે આકસ્મિક મળી જાય છે. તેમનું આ મિલન વાર્તામાં કલાત્મક રીતે રજૂ થયું છે. વાર્તાના આરંભે ડૉ. મંગળદાસનો પરિચય છે. આ મંગળદાસ જ્યારે મંગળ હતો ત્યારે બાળપણમાં તેની સગાઈ રેવા નામની એક કન્યા સાથે થયેલી. એ સંબંધ સંજોગોવશાત્ તૂટી જાય છે. ડૉ. મંગળદાસ તે પછી કુંવારા જ રહ્યા. મંગળદાસને એક ફિલ્મ સ્ટુડિયોમાં અભિનેત્રી પ્રતિમાદેવીને મળવાનો પ્રસંગ બને છે. પ્રતિમાદેવીને જોઈને મંગળદાસને એવો અણસાર આવે છે કે તેમણે પ્રતિમાને ક્યાંક જોઈ છે. પ્રતિમાદેવી પણ સહજ રીતે ડૉક્ટર સાથે પરિચય વધારે છે અને બીજા દિવસે પોતાના ઘરે મળવા માટે નિમંત્રણ આપે છે.

પ્રતિમાદેવીના નિમંત્રણ અનુસાર બીજે દિવસે તેમના ઘરે ડૉક્ટર મળવા જાય છે. પ્રતિમાદેવીની છાતીએ સારસપંખીના છૂંદણા પર ડૉક્ટરનું ધ્યાન જાય છે. ક્યાંક જોયાનો અણસારનું અનુસંધાન અહીં જોઈ શકાય છે. છૂંદણા છુંદાયેલી ગ્રામીણ કન્યા રેવાનું સુંદર ચિત્ર લેખકે વર્ણવ્યું છે. સારસપંખીનું ચિત્ર પ્રતીક તરીકે આ બેલડાંના ભાવ-સંબંધને વ્યક્ત કરવામાં સફળ રીતે પ્રયોજાયું છે. ડૉ.મંગળદાસ પ્રતિમાદેવીને ઓળખી જાય છે. મુંબઈની ફિલ્મી દુનિયાની પ્રતિમાદેવીના છૂંદણાં એ માત્ર છાતી પરના છૂંદણાં નથી. 'જિંદગી પરનાં છૂંદણાં' હવે દૂર થાય તેમ નથી. છેવટે મંગલ-રેવાનું મિલન થાય છે. સારસપંખી બેલડીના છૂંદણાં મંગલ-રેવાના મિલનનું રંગદર્શી છાંટણાવાળું પ્રતીકનો સાર્થક, પ્રતીતિકર વિનિયોગ વાર્તાને સફળ સિદ્ધ કરે છે.

**(8) કમુ અને કામિની**

વાર્તા કૉલેજ જીવનને કેન્દ્રમાં રાખે છે. કૉલેજકાળમાં પરિચય, પ્રેમ થાય તે સ્વાભાવિક છે. અંબાલાલ વાર્તાનો નાયક છે. તેને મનોમન કામિની માટે સ્નેહાકર્ષણ છે. કમુ ગામડાની છોકરી છે. અંબાલાલ ઘોડા પરથી પડી જાય છે. ત્યારે કામિની તેની મદદે નથી આવતી, જ્યારે ગામડાની કન્યા કમુ અંબાલાલને પોતાનો પાડોશી જાણી દોડીને મદદે આવે છે. પાણી

પાવામાં મદદરૂપ થાય છે. કામિનીના વ્યવહારથી અંબાલાલનો સ્વપ્નભંગ થાય છે. ભાંગેલા સ્વપ્નવાળો અંબાલાલ કમુ જેવી ગામડાની કન્યામાં સમાધાન પામે છે અને તેની સાથે નવું જીવન શરૂ કરે છે. આ વાર્તા ઘણી હળવી રમૂજ સાથે રજૂ થઈ છે. માનવ-સ્વભાવની વિલક્ષણતા અને ખાસિયતો વિશે લેખકનો હળવો દૃષ્ટિકોણ અને જીવન અભિગમ અંબાલાલ, કમુ જેવા પાત્રોમાં સહજ રીતે વ્યક્ત થાય છે.

**(9) ત્રણ અર્ધું બે**

પ્રણયત્રિકોણની આ વાર્તા છે. પન્ના અને સુમતિ નામની બે સખી સ્ટુડિયોમાં મધુકર સાથે ફોટો પડાવવા જાય છે. સુમતિ મધુકરને ચાહે છે. પન્ના પણ મધુકરને ચાહે છે. સુમતિ તથા પન્ના સાથે ફોટો કઈ રીતે લેવો એવી મૂંઝવણ ઊભી થાય છે. ફોટોગ્રાફર પારસી ફરામરોજ પણ આ મૂંઝવણ અનુભવે છે. ત્રણ વ્યક્તિના બે કપલ કેવી રીતે કરવા; એ પણ ફોટામાં, એવી પારસી બુઢ્ઢા ફોટોગ્રાફરની મૂંઝવણનો તો ઉકેલ ફોટા પૂરતી આવે છે. પન્ના-સુમતિને ડાબી જમણી બાજુએ ઊભા રાખી; ત્રણ અર્ધું બે કરીને યુક્તિપૂર્વક જુદા કહો કે ભેગા કરી આપે છે. ફોટો લેવાઈ જાય પણ જીવનમાં તો એવી ગોઠવણ થઈ શકતી નથી. સુમતિને ખ્યાલ આવે છે કે મધુકર પર તેની સખી પન્નાનો પણ એટલો જ અધિકાર છે. સ્ટુડિયોમાં ફોટોગ્રાફી પૂરતી ઉકેલ પામતી સમસ્યા જીવનમાં એટલી સરળતાથી ઉકેલાતી નથી. પારસી ફોટોગ્રાફરના પાત્રથી આ વાર્તામાં વિનોદ-ચાતુર્યની હળવી વાતો મળે છે. પન્નાએ જ સુમતિને મધુકરનો પરિચય કરાવ્યો છે. એ જ સુમતિ-પન્ના પરસ્પરને માટે ઈર્ષાનું કારણ બને છે. પ્રણયજીવનની ગૂંચવણ-સંકુલતા સહજ રીતે અહીં નિરૂપણ પામે છે. પ્રણયત્રિકોણ દ્વારા સંબંધમાં જન્મતી વિષમતાને અનુરૂપ વેધકતાની સાથે પારસી ફોટોગ્રાફરની ઉપસ્થિતિ, સ્ટુડિયોના કેન્દ્રમાં ઊપસતી ગૂંચવણ અને ગાંભીર્ય ઉમાશંકર જોશીની વાર્તાકાર તરીકેની વધુ એક વિલક્ષણ છબી તરીકે ઊપસી આવે છે.

**(10) મુકુલનાં બહેન**

શીર્ષકપાત્ર મુકલની માતા વસુનું અવસાન થઈ ચૂક્યું છે. એક પેઢીમાં ઠીકઠાક ગણાય એવી નોકરી કરતા પ્રીતમલાલની પત્ની વસુનું અવસાન થયું ત્યારે મરતી પત્નીએ પુત્ર ‘મુકુલનું ધ્યાન રાખવાની માતા સહજ ભલામણ કરીને શ્વાસ છોડ્યા. પ્રીતમલાલ પુત્ર મુકુલની પૂરી કાળજી રાખે છે. પ્રીતમલાલ વસુના અવસાન બાદ પરણવાના પ્રયત્નો કરે છે તેનું કથન પણ રસપૂર્વક થયું છે. વસુ સાથેના પ્રસન્નજીવનનું વર્ણન પણ અહીં સરસ રીતે થયું છે. પ્રીતમલાલ અને મા વગરના મુકુલના જીવનનું વર્ણન પણ સંબંધરેખા ઉપસાવે તેવી રીતે થયું છે.

મુકુલનાં બહેન એટલે કે તેનાં શિક્ષિકા માલિનીબહેનનો વાર્તામાં પ્રવેશ થાય છે. પ્રીતમલાલ માલિનીબહેનનાં મુકુલ પ્રત્યેના વાત્સલ્યથી રાહત અનુભવે છે. મુકુલ માટે થઈને જ માલિની પ્રીતમલાલ સાથે લગ્નથી જોડાય છે. વાર્તામાં અમૃતલાલ નામનું પાત્ર પણ છે. અમૃતલાલ માલિની સાથે અઘટિત વર્તન કરે છે. અમૃતલાલનું પાત્ર વાર્તામાં એવી ભૂમિકા રચે છે, જેનાથી માલિની-પ્રીતમલાલ-મુકુલની નિકટતા સહજ સ્વીકાર્ય બને છે.

વાર્તામાં વિકસતા જતા સંબંધની સુરેખ ગતિશીલતા પૂરી માવજત પામી છે. ‘મુહુલનાં બહેન’ શીર્ષકથી જ વાર્તામાં જિજ્ઞાસાપૂર્વક પ્રવેશ પામતો ભાવક, પાત્રમાનસની ભૂમિકામાંથી પ્રતીતિપૂર્વક પસાર થાય છે. વાર્તામાં નિરૂપીત પાત્રની જીવનચર્યામાં ભાવકનો રસ જળવાઈ રહે છે.

**(11) અદાલત કે અદાવત**

આપણે ત્યાં ગુજરાતી અખબારોમાં શબ્દરચના હરીફાઈ ખૂબ ચાલતી હતી. એ હરીફાઈઓમાં મોટી રકમના ઇનામો પણ રાખવામાં આવતા હતા. એ સમયગાળામાં લખાયેલી વાર્તામાં શબ્દરચના હરીફાઈ તો નિમિત્ત છે. મૂળભૂત રીતે માનવ સ્વભાવની વિચિત્રતાઓ, લોભ-લાલચ અને સ્વભાવગત સંકુચિતતા અહીં આલેખન પામે છે.

વાર્તામાં ગોકળ ને ચીમન નામના બે સગા ભાઈઓ અને એક વડીલ પાત્ર જેમનું નામ પરભુકાકા છે. ચીમન શહેરમાં રહે છે. પરભુકાકાને કેન્સર છે તેથી ગોકળ તેમને લઈને ચીમન પાસે શહેરમાં જાય છે. અખબારમાં આવતી શબ્દરચના કસોટીમાં ગોકળ માસ્તરને ખૂબ રસ પડે છે. અગાઉ એક વખત આ હરીફાઈમાં 53 રૂપિયા 12 પાનાનું ઈનામ જીતેલો ગોકળ બીજી વાર ઈનામ મેળવવા પ્રયત્ન કરે છે. એક વખત ચીમનની પત્નીના સૂચનથી હરીફાઈમાં ખૂટતો શબ્દ 'અદાવત' દર્શાવે છે ગોકળે પરભુકાકાના નામથી શબ્દરચના હરીફાઈનું ક્ષેમ ભરેલું તેથી સ્પર્ધામાં પરભુકાકા ઈનામ વિજેતા બને છે. ઈનામની રકમ સત્તર હજાર રૂપિયા છે. પહેલું ઈનામ હોવાથી રકમ માતબર છે. ઈનામની રકમની વહેંચણી માટે ઝઘડો થાય છે. આ ઝઘડાના મૂળમાં ગોકળની વહુ કાશી તથા ચીમનની વહુ મધુના સ્વભાવનું કારણ છે. માનવ સ્વભાવની સંકુચિતતા, શબ્દ હરીફાઈનું દૂષણ, પાત્રોનો સ્વભાવગત ઝઘડો આદિનો કુશળતાપૂર્વક વિનિયોગ થયો છે.

**(12) રાહી**

વાર્તા શીર્ષક મુખ્ય પાત્ર 'રાહી'ના નામ ઉપરથી છે. 'રાહી' વાર્તાની નાયિકા છે. તેના પતિનું નામ કલજી છે. પતિ કલજી શેઠને વાત કહી રહ્યો છે એ રીતે વાર્તા નિરૂપણ પામી છે. વાર્તામાં કલજી તેની પત્ની રાહી અને બે કચ્છીઓના પાત્રો આવે છે. કલજીએ એક વખત એકાંતમાં પાણીના એક વહેણમાં નિઃવસ્ત્ર થઈને સ્નાન કરતી રાહીને જોયેલી. રાહીના સ્મિત અને સૌંદર્યથી કલજીને તેનું આકર્ષણ છે. કલિયાએ બે કચ્છી ભાઈઓને રાહીને સ્નાન કરતી જોઈ હતી એ પ્રસંગ કહ્યો હતો. કલિયાથી જ પ્રેરિત થઈને બન્ને કચ્છીઓ પાણીના વહોળાવાળી એકાંત, નિર્જન જગ્યાએ પહોંચી જાય છે. બન્ને જણાને ખબર ના પડે તેમ કલિયો ત્યાં પહોંચી જાય છે. બન્ને કચ્છી ભાઈઓ રાહીનું યૌવન જોઈ વિવેકભાન ભૂલે છે. બન્ને વચ્ચે ઝઘડો થાય છે. ઝાડ સાથે એકને બાંધવામાં આવે છે. બીજા કચ્છીને રાહી કુશળતાથી ફસાવે છે અને ઝાંડ સાથે બાંધી દે છે. કલિયાનું વ્યક્તિત્ત્વ પણ ઉજાગર થાય છે. રાહીના વ્યક્તિત્ત્વમાં વાચકને રસ પડે છે. કલજી વહોળા પાસે બન્ને કચ્છીઓને રાહીના સૌંદર્યનું પાન કરવા મોકલે છે તે અહીં બંધબેસતું લાગતું નથી. રાહી-કલજી પરસ્પર સંબંધથી જોડાય છે. જીવનબળ અને જરૂર જણાય ત્યાં સૂક્ષ્મ નિરીક્ષણથી વાર્તાની માવજત થઈ છે. વનવાસીના જીવનની આંતર-સમૃદ્ધિ સુંદર રીતે ઉજાગર થાય છે.

આદિવાસી જીવનપદ્ધતિના સાર્થક વિનિયોગની દૃષ્ટિએ 'રાહી' વાર્તા સાધક છે ઈડર વિસ્તારની ડુંગારિયા પ્રદેશની આ વાર્તામાં વનવાસી જીવન વિષયવસ્તુ તરીકે ઉલ્લેખ પામે છે. કથામાં કચ્છી ભાઈઓને બાંધી દેવાના પ્રસંગ ઉપરાંત જંગલનું વાતાવરણ પ્રભાવક રીતે નિરૂપણ પામ્યું છે. કલજી-રાહીના દામ્પત્યની વાત પણ સરસ રીતે રજૂ થઈ છે.

**(13) અનામિકા**

બેન્ક-કારકુન ચીમનલાલની બીજી વારની પત્ની લલિતાની વાર્તા છે. લલિતા જ આ વાર્તામાં અનામિકા છે. ચીમનલાલ મુંબઈમાં રહે છે. ગામડેથી લલિતાને લઈને મુંબઈમાં આવતો ચીમનલાલ આ બીજી પત્ની સાથે સુખપૂર્વક દિવસો પસાર કરે છે. સિનેમા-સ્ટુડિયોમાં નોકરી કરતા મહેન્દ્રને પણ ચીમનલાલના પ્રસન્નજીવનને જોઈને એમ થાય છે કે, 'ગયા ભવમાં ચીમને પાંચે આંગળીએ ભગવાન પૂજ્યા હશે.' લલિતા, ચીમનલાલના સ્વજનોમાં સૌની ખૂબ પ્રશંસા મેળવે છે.

લલિતાના સ્વભાવનો પરિચય ફોટો-સ્ટુડિયોના પ્રસંગે થાય છે. એક વખત લલિતાની સુંદર તસવીરને સ્ટુડિયોમાં જાહેરાત તરીકે મુકવાનો સ્ટુડિયોવાળાને વિચાર આવે છે. ચીમનલાલને આ બાબતે વાંધો નથી પણ લલિતા પોતાની તસવીરનો આ રીતે જાહેરાતમાં ઉપયોગ કરવાનીના પાડે છે.

લલિતાના આ સ્વભાવમાં તેના ચારિત્ર્ય વિશેની તેજરેખા ભાવક પામી શકે. સંજોગો એવા ઊભા થાય છે કે ટાઈફોડમાં માંદા પડેલા ચીમનલાલને સાજા કરવાનો, સારવારનો ખર્ચ

ખૂબ વધી જાય છે. આર્થિક મુશ્કેલીના વિષમ દિવસોમાં મહેન્દ્રની સલાહથી લલિતા ફિલ્મમાં કામ કરે છે. આર્થિક મુશ્કેલી દૂર થાય છે. જીવન પૂર્વવત્ થાય છે. ચીમન સાથે અગાઉની જેમ પ્રસન્નતાથી જીવવાનું શરૂ થાય છે. બન્ને જણા 'લગ્નભંગ' નામની ફિલ્મ જોવા જાય છે. આ ફિલ્મમાં 'અનામિકા'નું પાત્ર લલિતાએ ભજવ્યું છે. ફિલ્મમાં અનામિકા છે એ લલિતા જ છે એવો વહેમ જતાં ચીમન લલિતાને પૂછે છે. આખરે લલિતા બધી હકીકત જણાવે છે. ચીમનને આ વાત પચતી નથી. પોતાનો વિશ્વાસ તૂટ્યો હોય એવું લાગે છે. લલિતાને પોતાનાથી દૂર કરે છે. અને ગામડે પાછી મોકલી દે છે. 'લગ્નભંગ' ફિલ્મ જોવા ગયેલું પ્રસન્ન જોડું આખરે છૂટું પડે છે.

લલિતાના સ્નેહ, સેવા, સમર્પણ ઉપર ચીમનના વ્યવહારથી પાણી ફરી વળે છે. સ્ટુડિયોની બહાર પોતાનો ફોટો લટકાવવામાં મનાઈ કરતી લલિતા 'અનામિકા' બનીને ફિલ્મમાં અભિનય કરી આવી તે ચીમનને જચતું નથી. વાર્તામાં આ ઘટનાક્રમ સુરેખ રીતે ઉપસી આવ્યો છે. હર્યુંભર્યું દામ્પત્યજીવન ઉજડી જાય છે. લલિતાને સમજી ના શકનાર દુર્ભાગી ચીમનલાલ ભાવકને યાદ રહી જાય છે.

**(14) અંતરપટ**

બે ખંડમાં વિભક્ત આ વાર્તાનું કથાવસ્તુ વિલક્ષણ છે. પ્રથમ ખંડમાં કથાનાયક વિનોદની વાતનું નિરૂપણ છે. વિનોદ તેના શાળાશિક્ષક દવે ગુરુને મળીને પોતાના પરણવાની વાત કરે છે 'ઘર સારું છે.' એમ વિનોદ જણાવે છે ત્યારે તેના ગુરુ તેમ પૂછે છે 'ઘર જ સારું છે ? કન્યા નહિ' ? આ પ્રશ્નના જવાબરૂપે જ જાણે વિનોદનું આત્મકથન મળે છે.

કૉલેજ નાટક આદિ પ્રવૃત્તિમાં ચંદ્રા નામની કન્યા સાથે નિકટતા અનુભવતો વિનોદ મનોમન ચંદ્રાના પ્રેમમાં પડે છે પણ તેને કહી શકતો નથી. ચંદ્રા પણ મનોમન વિનોદને ચાહે છે. બન્ને પાત્રો એકબીજાના મનોભાવથી અપરિચિત છે. અજાણ છે. પરસ્પર એકરાર થવાની ક્ષણ આવી જ નથી. વાર્તાના બીજા ખંડમાં ચંદ્રાની કથા છે. ચંદ્રા પોતાના પતિ પ્રવીણ આગળ વિનોદ પ્રત્યેની લાગણીની જાણ કરે છે પણ પ્રવીણ આખી વાતને હસી કાઢે છે. વિનોદ-ચંદ્રાની વ્યક્ત-અવ્યક્ત લાગણીઓની આત્મકથન સ્વરૂપે વ્યક્ત થયેલી વાત હૃદયસ્પર્શી આલેખન પામે છે. વિનોદ સારા ઘરની કન્યા જોઈ અન્યત્ર પરણી ગયો ને ચંદ્રા પણ પ્રવીણને પરણી ચૂકી છે. સર્જકે બેવકૂફી તરીકે જ આ ઘટનાક્રમ જોયો છે. અગાઉથી એકબીજાના મનોભાવથી બન્ને પરિચિત હોત તો ચાર જિંદગી દુઃખ વિષાદના દિવસોથી બચી વાત.

આ વાર્તાના કથાબીજને માનવસ્નેહની ઊર્મિઓને લેખકે યોગ્ય રીતે માવજત આપી છે. ચંદ્રકાન્ત શેઠે નોંધ્યું છે કે, ''જે કથાબીજ એમણે ઝડપ્યું છે તે તો કોઈ ઊંચી કથાના સર્જકમાનસને જ લાધે એવું છે.'' જોકે કૉલેજકાળના સ્નેહીપાત્રો અન્યત્ર પરણી જાય પછી, દાયકાઓ પછી મળે અને જીવાઈ ચૂકેલા જીવનની વાત એકબીજા સાથે નિરાંતે માંડે અને જીવન પ્રત્યે ભરપૂર સંતોષ વ્યક્ત કરે એવી અપૂર્વ કહી શકાય એવી નવલકથા આપણને વીનેશ અંતાણી પાસેથી 'પ્રિયજન' નામે મળી છે તે આ વાર્તા કરતા ઘણી ઊંચી કક્ષાની સર્જકતાનું પરિમાણ છે. અલબત્ત, આ ટૂંકી વાર્તા છે અને 'પ્રિયજન' નવલકથા છે. એ ધ્યાનમાં રાખીએ. અત્રે માત્ર કાંઈક અંશે મળતી સ્નેહાનુભૂતિની સમાનતાના ઉલ્લેખને જરૂરી ગણેલ છે.

આમ, વાર્તાકાર ઉમાશંકર જોશીની દરેક વાર્તાઓમાં વિષયવસ્તુ, રચનારીતિ આદિનું વૈવિધ્ય છે. ધૂમકેતુ, દ્વિરેફના તરતના અનુગામી વાર્તાકાર તરીકે પ્રતિષ્ઠિત થયેલા ઉમાશંકર જોશી પાસે વિષયનું વૈવિધ્ય હોવાની સાથે તેમની વાર્તાઓના સમયસંદર્ભમાં વિચારીએ તો નિરૂપણનું નાવિન્ય છે. માનવસંબંધે સમાજ, પ્રણય આદિ વિષયવસ્તુનું પ્રતીતિયોગ્ય આલેખન વાર્તાઓને તેમના સમયમાં અનોખુ પરિમાણ આપે છે.

'ગુજરીની ગોદડી', 'મારી ચંપાનો વર' કે 'ત્રણ અર્ધું બે' જેવા વિલક્ષણ શીર્ષકો ધરાવતી ભાષા લાઘવ અને વર્ણનની દૃષ્ટિએ પણ નોંધપાત્ર ઠરતી વાર્તાઓ, પાત્રના વર્તનનું વાર્તારૂપ પામતું મનોવિશ્લેષણ, જીવનદર્શન, સંજોગો વિભિન્ન વાર્તામાં કલાઘાટ પામે છે. મુખ્યત્વે કવિ તરીકે પ્રતિષ્ઠિત, પુરસ્કૃત સર્જક ઉમાશંકર જોશી વાર્તાકાર તરીકે પણ ટૂંકીવાર્તાના ઇતિહાસમાં ઉલ્લેખનીય સ્થાન પામે છે.

## 2.4 વસ્તુલક્ષી કસોટી

નીચે દર્શાવેલી પાત્રો જે વાર્તામાં આવતા બે મુજબ જોડકાં જોડો.

| (અ) | (બ) |
|---|---|
| ગોપીકાન્ત | કલંકિની |
| સંયુક્તા | બે બહેનો |
| લખી | ચક્કીનું ભૂત |
| અમથો સુતાર | તરંગ |
| પન્ના-સુમતિ | લીલી વાડી ! |
| સુખલો | અનામિકા |
| માલિની | રાહી |
| કલજી | મુકુલનાં બહેન |
| લલિતા | ત્રણ અર્ધું બે |

## 2.5 સ્વાધ્યાય

(1) 'બે બહેનો' વાર્તાનું વિષયવસ્તુ ચર્ચો.
(2) 'તરંગ' વાર્તા વિશે ટૂંકીનોંધ લખો.
(3) આત્મકથનાત્મક શૈલીની વાર્તા તરીકે 'પરબીડિયાં' વિશે લખો.
(4) 'કલંકિની' શીર્ષક વિશે લખો.
(5) 'ચક્કીનું ભૂત' વાર્તા વિશે આસ્વાદ-નોંધ લખો.
(6) 'લીલી વાડી !' વાર્તાનો અર્થ-સંદર્ભ સ્પષ્ટ કરો.
(7) 'પ્રણય ત્રિકોણ'ની વાર્તા તરીકે 'ત્રણ અર્ધું બે'નું મૂલ્યાંકન કરો.

## 2.6 સંદર્ભ


(1) વિસામો - વાર્તાસંગ્રહ : ઉમાશંકર જોશી
(2) ઉમાશંકરનો વાગ્વૈભવ : ખંડ : 2, ચંદ્રકાન્ત શેઠ



**લેખન :** પ્રો. યોગેન્દ્ર પારેખ - ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

## એકમ 3

# ઉમાશંકર જોશીની વાર્તાકલા

3.1 ઉદ્દેશ
3.2 પ્રસ્તાવના
3.3 ઉમાશંકર જોશીની વાર્તાકલા
3.4 સ્વાધ્યાય

### 3.1 ઉદ્દેશ :

- આ એકમના અભ્યાસ દ્વારા ઉમાશંકર જોશીની વાર્તાકલાની સારગર્ભ વિવેચનાથી પરિચિત થશો.
- બધી મળીને સાડત્રીસ વાર્તાઓ વિશે સર્વાંગી આકલનની શિસ્ત જોવા મળશે.
- વાર્તાકારની દરેક વાર્તાઓના અભ્યાસના આધારે તૈયાર થયેલ આ એકમના અભ્યાસ દ્વારા મૂળ વાર્તારચનાનો અભ્યાસ કરી સર્વગ્રાહી સમીક્ષાસૂઝ કેળવવામાં આ એકમ સહાયભૂત થશે.
- વાર્તા આસ્વાદ, વાર્તા સમીક્ષા, વાર્તા વિવેચન જેવી વિવિધ અભ્યાસ પદ્ધતિઓ પૈકી વાર્તાકારની વાર્તાકલાના અભ્યાસનું ઉદાહરણ પ્રસ્તુત કરવાનો અત્રે ઉપક્રમ છે.

### 3.2 પ્રસ્તાવના :

અગાઉના એકમોમાં આપણે 'શ્રાવણી મેળો' અને 'વિસામો' વાર્તાસંગ્રહની મોટાભાગની ઉલ્લેખનીય વાર્તાઓની કથાવસ્તુનો અને જે-તે વાર્તાની લાક્ષણિકતાઓનો અભ્યાસનોંધ સાથેનો પરિચય મેળવ્યો. 'ઉમાશંકર જોશીની શ્રેષ્ઠ વાર્તાઓ'નું સંપાદન પણ થયું છે. પ્રસ્તુત સંપાદનમાં ૧૪ વાર્તાઓ સ્થાન પામી છે. ખુદ ઉમાશંકર જોશીએ પસંદ કરેલી આ ૧૪ વાર્તાઓ વિશે ભોળાભાઈ પટેલ જેવા સજ્જ વાર્તાઅભ્યાસીની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના પણ વિદ્યાર્થીઓએ વાંચવાનું સૂચન છે. અત્રે રજૂ થયેલ અભ્યાસમાં ઉમાશંકર જોશીની વાર્તાકલાને પ્રમાણવાનો વિનમ્ર ઉપક્રમ છે. આશા છે કે વાર્તા સ્વરૂપમાં રસરુચિ જગાડવા માટે અને વાર્તા અભ્યાસની સજ્જતા કેળવવા માટે આ એકમ ઉપયોગી સિદ્ધ થશે.

### 3.3 ઉમાશંકર જોશીની વાર્તાકલા

'વાર્તાકાર ઉમાશંકર' એવા ઉલ્લેખ સાથે જ કોઈ, કદાચ ભાવુકતાથી પૂછી બેસે કે, 'એમ ! ઉમાશંકર વાર્તાઓ પણ લખતા ?!' તો એમાં એ ભોળિયાનો સ્હેજેય વાંક નથી; કે નથી વાંક ઉમાશંકરની વાર્તાઓનો પણ ! વાંક ગણવો હોય તો મૂર્ધન્ય કવિનો છે !! ઉમાશંકરની કવિતાએ જે ઊંચાઈ સિદ્ધ કરી છે, એની આગળ એમનું અન્ય સર્જન પણ ઝાંખું જણાયું ! સરસ્વતીચંદ્રકારની 'સ્નેહમુદ્રા'નું જ દૃષ્ટાંત લો ને; ચંદ્રકાન્ત ટોપીવાળા કવિ પણ છે એ ઘણા ઓછા જાણે છે ! શિરીષ પંચાલની નવલકથા કે વાર્તા ને રમણ સોનીના હળવા નિબંધોથી પણ પરિચિત એ જ હશે જે સાહિત્ય સાથે ઘનિષ્ઠ નાતો ધરાવતા હશે ! કોઈ એમાં ઓછા સર્જનને પણ કારણભૂત ગણે; પણ ના, ઓછું સર્જન ઊંચું હશે તો પોંખાશે જ. ધૂમકેતુ કે પન્નાલાલની ૪૦૦-૫૦૦ વાર્તાઓમાંથી સર્વોચ્ચ એવી ખરી વાર્તાઓ શોધીએ તો પાંચ-પચ્ચીસ જ મળે ! ઉમાશંકરની ઓછી વાર્તાઓ શોધીએ તો પાંચ-પચ્ચીસ જ મળે ! ઉમાશંકરની ઓછી વાર્તાઓ આછી વાર્તાઓ નથી એ જ મહત્ત્વનું છે. 'શ્રાવણી મેળો' (૧૯૩૭), 'ત્રણ અર્ધું બે' (૧૯૩૮) અને 'અંતરાય' (૧૯૪૭)માંના છેલ્લા બે સંગ્રહોમાંથી થોડી સારી વાર્તાઓ સાચવી લઈ એ બન્ને રદ કરે ને ચોથો (હવે બીજો) સંગ્રહ 'વિસામો' (૧૯૫૬) આપે. સર્જકની બધી મળીને માંડ ૩૭ વાર્તાઓ થાય. કોઈ કોઈ વાર દિવસમાં ચચ્ચાર વાર્તાઓ લખનાર સર્જક 'વિસામો' પછી કોઈ વાર્તા જ ન આપે એનું ય આશ્ચર્ય ! મૂળે તો જુદાં-જુદાં સ્વરૂપોમાં

અખતરા કરવાનો શોખ ! પણ એ અખતરો ખતરો ન બને એની સભાનતા પણ ખરી; પરિણામે આજે તેમ જ આવતીકાલે પણ ટકી શકે એવી સાતેક વાર્તાઓ તો તમે બેધડક તારવી શકો. આ સાતેક સાર્થક હોવાની સાબિતી પૂરી પાડે; એ જ એમને વાર્તાકારનું સન્માન કમાવી આપે.

ઉમાશંકર જોશી વાર્તાને 'અનુભૂતિકણ' કહે છે એ સૌ આપણે જાણીએ છીએ; વાર્તાલેખનને એ લેખકની 'કોઈ વિશિષ્ટ ભાવ પરિસ્થિતિને સાકાર કરવા મથતી શુદ્ધ કલાસર્જનની પ્રવૃત્તિ' રૂપે જુએ છે. એ શુદ્ધ કલાસર્જનની પ્રવૃત્તિનો પરિપાક એટલે 'શ્રાવણી મેળો', 'મારી ચંપાનો વર', 'છેલ્લું છાણું', 'ઝાકળિયું', 'ગુજરીની ગોદડી', 'પગલીનો પાડનાર', 'મુકુલનાં બહેન' જેવી કાલજયી વાર્તાઓ; ઉપરાંત 'તરંગ', 'બે બહેનો', 'ચક્કીનું ભૂત', 'અમુચમુ', 'પિપાસુ', 'કલંકિની', 'હીલ્લી', 'દિની' જેવી બીજી વાર્તાઓ પણ ધ્યાને ચડે. ઉમાશંકર સફળ વાર્તાકાર હોવાની પ્રતીતિ આ વાર્તાઓ કરાવી આપે.

કવિ તરીકે સુખ્યાત સર્જક એકાંકીકાર તરીકે સફળ નીવડ્યા પછી વાર્તાની દિશામાં વિચારે. વાર્તા લખાય; પોંખાય પણ ખરી. એનું એક કારણ એ પૂર્વ લખાયેલી ધૂમકેતુ, દ્વિરેફ, મેઘાણી, મુનશીની વાર્તાઓથી નવા-નોખા પ્રકારની ને એ પછીના પન્નાલાલ-પેટલીકર સાથે પુરોસંધાન રૂપ બની રહી નોખી નિરૂપણકલા ને વિશિષ્ટ વર્ણનકલાથી કલાત્મક બની તે છે. આંખે દેખેલી શાહુકારોની મૂડીવાદી માનસિકતા એમની વાર્તાઓને વળ ચડાવે છે, તો તળજીવનનો પ્રત્યક્ષ અનુભવ અનુભૂતિની સૂક્ષ્મતાને સિદ્ધ કરે છે; સરવાળે વાર્તા, વાર્તા રૂપે નીખરે છે. એમની મોટાભાગની ઉત્તમ વાર્તાઓમાં આ પરિબળો પ્રધાનતયા પ્રભાવક બન્યાં છે.

માર્ક્સવાદ ને તેના આઘાતો-પ્રત્યાઘાતો 'શ્રાવણી મેળો', 'ઝાકળિયું', 'ગુજરીની ગોદડી', 'મારું હતું ને મેં લીધું' જેવી વાર્તાઓનાં ચાલકબળ છે. સર્જકની સામાજિકતા અહીં કલાનું રૂપ ધરે છે. પ્રગતિવાદના પડઘા બહેરાને પણ સંભળાય એ રીતે અહીં ગૂંજે છે. જમીનદારો, શાહુકારો ને શાસકોનાં શોષણનો ભોગ બનતી ગરીબ જનતાનું વરવું ચિત્ર અહીં વાર્તાની શરતે વાર્તામાં આલેખાયું છે.

'શ્રાવણી મેળો'નો આરંભ ભલે દેવા-અંબીનાં રંગદર્શી વર્ણનો વિધાનોથી રચાતો; અંત શાહુકારના શોષણથી ઘડાય છે. રંગમાં ભંગ પાડવાવાળો વીરચંદનો પ્રવેશ એ ચાર હાથને એક થવા દેતો નથી. વ્યાજે લીધેલા રૂપિયાના વળતર પેટે ખેતરો પડાવી લેતો વીરચંદ વર્ગસંઘર્ષનું કારણ બને છે. મૂડીવાદી સમાજના પ્રતિનિધિ વીરચંદની મેળાના ઉત્સાહી વાતાવરણ સાથેની વિસંવાદિતા જરૂર ધ્યાન ખેંચે. વાર્તામાં વરસાદનો વિનિયોગ દેવાના ભ્રમિત ચિત્તની ઉત્તરોત્તર વધતી માત્રાને નિર્દેશે. વીરચંદની હત્યાની સજા તુરંગમાં ભોગવતા દેવાની સામે ચાલતી રેંટની ગતિ સમાંતરે મેળામાં અવાક ઊભી અંબીની શૂન્ય નજર સામે ચાલતા ચકડોળની ગતિનું સાયુજ્ય આરંભના ઉલ્લાસનું અંતના કરુણમાં પર્યાવસાન સૂચવે છે. આ ગાંધીયુગ છે. શોષણ અને દમન સામે વિદ્રોહનો સૂર હજુ ઊઠ્યો ન હતો એ સમયની આ વાર્તામાં દેવાનું વિદ્રોહી માનસ નવું છે. જોકે, શરૂઆતમાં તો એય નદીમાં તણાવા પડે છે; પણ સહન કરતાં સંઘર્ષને પ્રાધાન્ય આપવાનો વિચાર તેને સ્વબળે બહાર લાવે છે. આ એનો પુનર્જન્મ છે. નવા અવતારનું એંધાણ છે. સહન કરવાવાળો તો પડ્યો નદીમાં; નીકળ્યો તે આવતીકાલની પેઢીનો અગ્રણી છે !

'ઝાકળિયું'માં પણ વર્ગસંઘર્ષનું પરિણામ બદલાની ભાવનાથી સૂચવી વિદ્રોહનો સૂર વહેતો કર્યો છે. 'ઝાકળિયું'ના મોટાભાઈ માત્ર શામળના મોટાભાઈ છે ? શોષકવર્ગની ગંધ આ સામાસિક શબ્દમાં આવે છે. 'મોટા-ભાઈ'માં વિશેષ્ય અને વિશેષણ બન્ને શોષકોનું પ્રતિનિધિત્વ કરે છે. ગોવો - જે એનું સાચું નામ ભૂલી ગયો છે ને કોઈ 'ગોવિન્દા' કહે તો ચોંકી, પોતાને જ બોલાવ્યા વિશે શંકા સેવે છે એ માત્ર નામ નહીં, ખુદનું અસ્તિત્વ જ ભૂલી જનારા શોષિત વર્ગનો પ્રતિનિધિ છે. બે ભાઈઓ ગોવો અને હાથીડો - હાથીશંગ લોહીએ એક, વિચારો જુદા છે ! સહન કરવું એ જેની પ્રકૃતિ બની ગઈ છે એવા ગોવા સામે હાથીડો નવી પેઢીનું, અન્યાય સામે વિદ્રોહનો સૂર ઉઠાવનારા વર્ગનું પ્રતીક બને છે; જે બદલાની ભાવનાથી શોષિતો દ્વારા સળગાવાયો પોતાના ઝાકળિયા સામે મૂડીવાદી મોટાભાઈનું ઘઉંનું ખેતર બાળે છે. મૂડીવાદી માનસને પોતાનાથી કોઈ આગળ નીકળે એ મંજૂર નથી. વાર્તામાં પણ મુખીના છોકરાથી આગળ વધતા હાથીડાની ઘટનાથી અંતિમ કારુણ્યનો

આરંભ થાય છે. 'ઝાકળિયું' ગોવાનાં સ્વપ્નોનું પ્રતીક છે, જે અંતમાં મૂડી-વાદીઓથી જ ભસ્મીભૂત થાય છે. વાર્તામાં માત્ર ઝાકળિયું કે ઘઉંનું ખળું જ નથી બળતાં; ગોવાના હાથીડાને અમલદાર બનાવવાનાં સપનાં પણ ભડભડ બળે છે. 'હિસાબ ચૂકતે'ની આ બન્ને વાર્તાઓ ગુજરાતી સાહિત્યમાં હજુ નહીં પ્રવેશેલા વિદ્રોહની છડી રૂપ છે.

'મારું હતું ને મેં લીધું' પણ 'પડ્યા પર પાટું' ખમતા ખેડુ કુબેરની કરુણ કથની છે. એક બાજુથી વાણિયાનું વ્યાજ ને બીજી બાજુથી જાગીરદારનું જોર – બંનેથી કુબેર ભીંસાય છે. કુબેરના બાપ મેપા પર ખુદના જ ખેતરમાં ચોરી કરવાનું આળ ચડાવતા રાહદારીઓને તો કોઈ પણ ભોગે કર વસૂલવો છે. શોષણ અને અન્યાય વચ્ચે પણ મનમોજી બની વર્તતા મેપાનું પાત્ર ઉમાશંકરના શોષિત પાત્રોમાં જરા જુદી ભાત પાડે છે.

'ગુજરીની ગોદડી'માં પ્રત્યક્ષ રીતે જોતાં કોઈ શોષિત-શોષક નથી આર્થિક અસમાનતા જ જે કહો તે છે. ગરીબાઈનું દારુણ ચિત્ર અહીં વાતાવરણની પ્રભાવકતામાં અસરકારક રીતે ઉઠાવ પામ્યું છે. ઠંડી આ વાર્તાનું કેન્દ્રસ્થ ચાલકબળ છે. સમાનતાના આદર્શની ઠેકડી ઉડાડતો વર્ગ-વિષમતાનો વરવું વાસ્તવ એ જ સત્ય છે, એમ પરોક્ષ રીતે સૂચવી આપતા સર્જકને થોડાક સમભાવી હૃદયમાં જન્મતી કરુણાની છબી પણ ચીતરવી છે. હળવાશની શૈલીએ રચાતી વાર્તામાં કાતિલ ઠંડીથી બચવા ગુજરીમાંથી ગોદડી લાવતા વિદ્યાર્થીઓમાં, રસ્તે સૂતેલા લોકો પ્રત્યે સમભાવ જાગે, ને પોતાના માટે લાવેલી ગોદડીએ ગરીબોને ઓઢાડી ચાલતા થાય એમાં ગાંધીચીંધ્યા દરિદ્ર-નારાયણનો જ આદર્શ આકારાય. માનવતાવાદી ઉમાશંકર અંતે માનવતાનો જ વિજયધ્વજ લહેરાવે. અહીં ઠંડીથી બચવા જેલમાં જવા સુધીનો વિચાર કે 'મારું હતું ને મેં લીધું'માં જેલમાં બેઠેલા મેપા દ્વારા 'હમણાં ઠીક પરભારા રોટલા નીકળે છે !' - નો બબડાટ પ્રગતિવાદનું જ પ્રતિબિંબ ઝીલે છે.

જેટલી સભાનતાથી, આ સર્જક સમાજવાદને વાર્તામાં આલેખે છે એટલી જ સતર્કતાથી પરિવાર/કુટુંબનું સંસાર ચિત્ર પણ આલેખી જાણે છે. 'પગલીનો પાડનાર', 'મારી ચંપાનો વર', 'છેલ્લું છાણું', 'મુકુલનાં બહેન' આનાં ઉત્તમ ઉદાહરણ છે. કૌટુંબિક/પારિવારિક પ્રશ્નો-સમસ્યાઓ, એષણાઓ-ઇચ્છાઓને કલાત્મક સ્વરૂપે કંડારતા વાર્તાકારની ઝીણી નજર ખૂબીપૂર્વક વસ્તુપ્રધાન વાર્તાઓમાં પણ ઝીણું નકશીકામ કરી શકી છે. આ બધી વાર્તાઓ ઘટનાપ્રધાન કે ચરિત્રપ્રધાન હોવાની સાથે સંવેદનપ્રધાન કે કલાપ્રધાન પણ બની રહી હોવાથી એ બોલકી કે વાચાળ બનતા બચી ગઈ છે. અહીં માત્ર ઘટનાઓનું બયાન નહીં, પણ વસ્તુના વિકાસ સાથે તેને વાર્તારૂપ આપવાની મથામણ સંવેદનના સૂક્ષ્મ સ્તર પર ચરિત્રના મનોવિશ્વને ઉઘાડી આપે છે.

'પગલીનો પાડનાર'માં પૌત્ર ઝંખના ન માત્ર શાંતારામને, વાર્તાને પણ જીવાડે છે ! આરંભથી અંત સુધી તીવ્રથી તીવ્રતર બનતી ડોસાની આરઝૂ અંતે 'ડોસાએ ખોળિયું બદલ્યું'માં પર્યાવસાન પામે છે. શાંતારામ એ ગાંધીયુગીન ઉત્તર ગુજરાતના છેવાડાના ગામડાનું લોકમાનસ છે. પૌત્ર ઝંખના મોતને પણ પાછું ઠેલી શકે છે ને પૌત્રવંચિત અવસ્થા મોતની મજા (!) પણ મારી શકે છે ! પાંચ પાંચ દીકરી પછી કિસનનું મોઢું જોનારો ડોસો કિસનને ત્યાં યે એ જ ઇતિહાસનું પુનરાવર્તન થતું ભાળી અકળાય એ વાજબી છે. લેખકે શાંતારામની આ સ્થિતિને વધુ ઘેરા રંગે રંગવા સામે છેડે પડોશીમાં પાંચ દીકરી પર છઠ્ઠી જોઇતીને મૂકી આપી વિરોધ રચ્યો છે. ડોસાનું જોઈતી પર અકળાવું ને આગળ જતાં કિસનની વહુને પણ ભાંડવું પરિસ્થિતિજન્ય છે. નાથું ભૂવો ડોસાને આશ્વાસન બંધાવે છે. એ સાચો પણ પડે છે ! ફરી, લોકમાન્યતા ને પરંપરા તળના વાતાવરણમાં વિજયી નીવડે છે. મરતા ડોસાને કાને પડતા પૌત્રજન્મના સમાચાર છ-છ વાર આશાભંગ થયેલાને તો 'દુખિયારાની મશ્કરી' જ લાગે ને ! પણ લોકવાણી એમ ચૂપ ક્યાં રહે છે ? લેખકની સફળતા ત્યાં છે. લોકમાંના જ કો'ક પાસે 'ડોસાએ ખોળિયું બદલ્યું, મારા ભાઈ ! આગલા ખંડમાંથી અંદરના ખંડમાં ગયા એટલું !' - બોલાવી કલાત્મક ચોટ સાધી છે. તળપરિવેશ અને આથમતી વય શાંતારામની ઝંખનાને જબરદસ્ત સમર્થન પૂરું પાડતી સશક્ત વાર્તા બનાવે છે. સીધી લીટીમાં અંત તરફ ગતિ કરતું રચનાવિધાન શાંતારામના પાત્ર-માધ્યમે વંશવૃદ્ધિના તંતુને સાંગોપાંગ અતૂટ રાખી શક્યું છે.

'પગલીનો પાડનાર'ની સાથે જ જેને જોવી-તપાસવી ગમે એવી કલાત્મક કૃતિ 'હીલ્લી' છે. પેલામાં વૃદ્ધની પૌત્રઝંખના છે, તો અહીં બાળકીની માતૃઝંખના છે ! માવિહોણી હીલ્લી દ્વારા બાળમાનસને કુનેહથી સ્પર્શતા સર્જકનું કળાકીય તાટસ્થ્ય અને વિષયની માવજત કૃતિને આકૃતિની ઓળખ આપે છે. મંદિરના બાવાજીએ પાળેલી બકરી હીલ્લી મરી જતાં એ નામ બાવાજીએ ઉછેરેલી અનાથ બાળકીને મળે ને રોજ-બ-રોજ માને ખોળતી આ હીલ્લી પરણીને માતા બને ત્યારે અવતરેલી દીકરી હીલ્લીથી ઓળખાય ! નામનું આ સ્થિત્યંતર વાર્તાનો વિશેષ બને; તો 'મા'નું વિસ્તરતું રૂપ ધીરેધીરે સમેટાતું એક કેન્દ્રી બને એ ય ધ્યાન ખેંચે. મા વગરની હીલ્લી વિશે ચિંતા કરતા ગામને જવાબ આપતા બાવાજી 'તુમ સબ ઉસકી મા હી સો ને ?' કહી, હીલ્લીની જવાબદારી સમસ્ત ગામની હોવાનું જણાવતા એ જ બાવાજી આગળ જતાં 'મેં હી મા સું...' કહી, એના વ્યાપને સીમિત કરે; ને હજુયે આગળ વધી, એ જ બાવાજી, માત્ર ને માત્ર હીલ્લીમાં જ હીલ્લીની મા-ને સ્થાપે : 'તું હી તેરી મા સે !' મા-નું આ નવ્ય રૂપ અંત તરફ આવતાં વધુ અર્થઘન બને. હીલ્લીની બાળકીને હીલ્લીનું નામ આપી, મૂળ હીલ્લીને જ નવજાત હીલ્લીની મા બનાવી, 'તું હી તેરી મા સે !'ની અર્થગૂઢતા ઊકેલી આપે !

'મારી ચંપાનો વર'માં વણસ્પર્શી ઘટનાને સંયમિત ભાષા દ્વારા શિષ્ટ સાહિત્યની પ્રતિનિધિ કૃતિઓમાં માનપૂર્વક મૂકી આપતા સર્જક પાસે સંવેદનશીલ વિષયને પણ સાહજિક સંયમથી કલારૂપ આપવાનું સામર્થ્ય છે. ચહેરાઈ જવાના વિષયને પણ સામાજિક વિવેકભાનપૂર્વક તાટસ્થ્યથી કલાઘાટ આપી શકાય તેનું આ આદર્શરૂપ છે. માંડ બે વર્ષના દામ્પત્યને માણ્યું ન માણ્યું કરી વૈધવ્યનો ભાર વેઠતી લક્ષ્મી ચાર મહિનાની ચંપાને ઉછેરવા જ રૂપ સંકેલી જીવી જાય ને ગ્રામજનો, તેમ વાચકો-ભાવકોનો પણ સમભાવ મેળવે એ જ લક્ષ્મી ઉત્તરાર્ધમાં નવા રૂપે નીખરે ! વાર્તામાં બદલાતી ભાવસ્થિતિનું કેન્દ્રસ્થ વિધાન, જરા બોલકું હોવા છતાં, મને આ — 'પોતાના પતિને હોંશ ભેર મળવાની એક નવવધૂને ગામ-સમાજે જે તકો આપી છે તે કરતાં જમાઈને મળવાની એક સાસુને ઓછા સંકોચપૂર્વક આપી છે' - લાગે. સામાજિક આ વિલક્ષણતાનો પૂરતો લાભ લક્ષ્મીએ લીધો છે ! રૂપરૂપનો અંબાર લક્ષ્મીને વૈધવ્યે કૂબડી બનાવી દીધાનું વર્ણન જે પરિચ્છેદમાં છે, લગભગ એ જ પરિચ્છેદને જમાઈ પૂનમલાલના સ્પર્શે નવપલ્લવિત થતી લક્ષ્મીના વર્ણનમાં, થોડા જ ફેરફાર કરી, બે-એક શબ્દો બદલી પ્રયોજવો એને કુશળ વર્ણનકલા કહી શકાય. ચંપાના વર પ્રતિના આકર્ષણનું એક નિમિત્ત લેખકે પૂર્વજીવનના એક મધુરા પ્રસંગથી સૂચવ્યું છે. ચંપા માટે કોઈ નાના અણઘડ જવાનિયાને બદલે પોતાની મૃત સખી ગૌરીનો ઠરેલ, આબરુદાર (!) ને દુનિયાનો ભમેલ પતિ પૂનમલાલને પસંદ કરતી લક્ષ્મી કેરી પાડવાની એક ઘટનામાં પૂનમલાલથી આકર્ષાઈ ચૂકી છે. એ ઘટના બમણા વેગે-આવેગે ઉત્તરાર્ધમાં એની અસલિયત દેખાડે છે. માંદા પૂનમલાલની સેવા-ચાકરી કરતી લક્ષ્મીનું મનોગત લોક છો ન ઉકેલી શકે, ચંપાથી વણ ઉકેલ્યું નથી જ રહેતું. એ ઝનૂન સાથે વ્યક્ત થાય છે અંતે; પણ એ પહેલાં લેખક લક્ષ્મી-પૂનમલાલના સંબંધને સંયમિત ભાષામાં સાંકેતિક રીતે વેધકતાથી સૂચવી આપે છે, જ્યારે પૂનમલાલ મૃત્યુ પામે છે. લેખક નોંધે છે : 'લક્ષ્મી બીજી વાર રાંડી.' વાર્તાની સર્વોચ્ચ ક્ષણ આ શબ્દોની ઝિલાઈ છે. વાર્તા ત્યાં પૂરી થઈ શકી હોત, પણ સુજ્ઞ વાર્તાકાર આઘાતગ્રસ્ત ઘટનાના સાતત્યને ચીંધવા જ જાણે 'બાનું વેર લેવા બમણા વહાલથી દીકરીને ઊછરતી' ચંપાના ઉલ્લેખ સુધી વાર્તાને વિસ્તારી વર્તુળ પૂરું કરે છે. વાર્તાના છેલ્લા વિધાનથી શીર્ષક જાણે દ્વિધ્વનિત થાય છેઃ એક તો, 'ચંપાનો વર' શબ્દો વાર્તા દરમ્યાન જ લક્ષ્મી સંદર્ભે પમાય તે પ્રથમ ધ્વનિ; ને બીજો, વાર્તાના આ છેલ્લા વિધાનમાં ! દીકરી માટે શોધનારો વર ચંપાનો જ વર બની રહેશે તેવું ભવિષ્યકથન કરતો સૂચક ધ્વનિ ! વાર્તાને વાંચ્યા પછી ફરી વાંચતાં, વાર્તાકારે વાર્તામાં જ અંતની શક્યતાઓ માટે કરેલા સંકેતો ધ્યાન પર આવે. પ્રારંભે, ત્રીજા જ પરિચ્છેદમાં લક્ષ્મીની 'આંખના શાંત તોફાન'નો નિર્દેશ, રાંડ્યા પછી લોકોના આશ્વાસનમાં 'તારો ધણી ફૂટ્યા કપાળનો હશે...તું તો નથી...' નો સંકેત, વચ્ચે 'ચંપાની સમોવડી' લક્ષ્મીનો ઉલ્લેખ ને 'જમાઈ પૂનમલાલ મજાના માણસ' હોવાનું અનુભવતી લક્ષ્મીની માનસિકતા અંતને આકારે છે. લક્ષ્મીના પાત્રસર્જનમાં લેખકે કૌવત દર્શાવ્યું છે. સ્ત્રીના મનની અટપટી ગૂંચને માનસશાસ્ત્રીય અભિગમથી ચીતરીને અકળને કળાથી કૉળાવા દીધું છે !

'છેલ્લું છાણું' પારિવારિક સમોવડિયા વચ્ચેના કૌટુંબિક કલહને, આંતર-બાહ્ય સંઘર્ષ થકી ચરમ કોટિએ લઈ જતી કરુણાંતિક છે. સ્વમાન જેની રગરગમાં છે એવી, પતિ-પુત્ર વિહોણી — વૈધવ્યને વેંઢારતી — સાસુવહુની 'મે'ણાના માર્યા મરીએ'ની ભાવુકતાનું નાજુક આલેખન વાર્તાને કલાત્મક બનાવે છે. શીર્ષક જ અંતનું સૂચન કરી દે છે. મને એમાં 'છેલ્લું' વિશેષણ જરાક બોલકું લાગે. 'છાણું'માં જે અર્થઘનતા છે તે 'છેલ્લું છાણું'માં નથી જ; પણ લેખકને અંત જ ઇંગિત કરવો છે. આથી જ, વાર્તાનું પહેલું એકશબ્દી વિધાન 'સૂર્યાસ્ત' સૂચક બની રહે છે; ને પછી એ ઇંગિતો વાર્તામાં આગળ-ઉપર આવતાં જ રહે છે : 'આથમણા બારણાનું ઘર', 'આકાશમાં ને સૌના મોઢા પર અંધારું ઊતર્યું', 'અંગારો લાગે તારા ઘરમાં', 'આખું છાણું', 'ભોંય ભારે પડશે', 'દેવતા વગરની સગડી', 'દીવા વગરનું ઘર' જેવા સંકેત સંદર્ભો અંતને ઘૂંટે છે. ઘટના સાવ સામાન્ય છે; સંવાદોથી તે ધારદાર બને છે. નાટ્યકાર ઉમાશંકરનો પૂરતો લાભ વાર્તાને મળે છે. સમોવડિયાને ત્યાં છાણા પર દેવતા લેવા જતી જીવી અટકવાળા હિંમતની આડોડાઈને કારણે પડતાં માંડ બચે છે, છાણા સાથે દેવતાને પડતા બચાવી શકતી નથી. એ દેવતા જ આગ લગાડે છે આયખાને ! એની જ્વાળા જીભેથી લબકારા લેતી, તીક્ષ્ણ સંવાદોમાં અચ્છી ઝિલાઈ છે. ઘોર ગરીબી વચ્ચે પણ સ્વમાન સાચવતાં સાસુ-વહુનાં પાત્રચિત્રણની માર્મિક રેખાઓનું સૂક્ષ્મ આલેખન ઘટનાપ્રધાન વાર્તાને પણ અસાધારણ બનાવે છે. સૂચક એવી ટાઢનું ખલનાયિકા સમું મૂક કર્તૃત્વ અંતે સાસુ-વહુના દેહને ટાઢા કરીને જ જંપે છે. કુટુંબના કોઈનો ય 'દેવતા ન જ ખપે' - ના સંકલ્પમાં જ ખપી જતી સાસુ-વહુને અંતે તો કુટુંબી વેણીનો મંગુડો જ બીડીનું બોયું કાકીના હાથે ચાંપીને અગ્નિ દીધાનો સંકેત રચી આપતા લેખક વિડંબણાને કાતિલ વેધકતાથી સૂચવી જાણે છે.

'મુકુલે પિતાને કેમ પરણાવ્યા' શીર્ષકથી 'અંતરાય'માં સંગ્રહિત થયેલી વાર્તા 'વિસામો'માં 'મુકુલનાં બહેન' શીર્ષકથી પ્રગટ થાય છે. 'હીલ્લી'ની જેમ અહીં પણ બાળમાનસને કેન્દ્રમાં રાખીને વાર્તાને વિકસાવતા લેખકનો મનોવૈજ્ઞાનિક અભિગમ અક્સીર પુરવાર થાય છે. માતાવિહોણા મુકુલ-માધ્યમે પીઢ પિતા પ્રિતમલાલ - કે જે શ્વસુર, સ્વજનો, મિત્રો, પાડોશીઓના આગ્રહ છતાં બીજા લગ્ન માટે તૈયાર નહોતા તે - હળવે હળવે મુકુલનાં નવા શિક્ષક માલિનીબેન તરફ આકર્ષાઈ ને અંતે તેમને અપનાવે એ વાત હળવે હળવે પચ્ચીસ પાનાંમાં વિસ્તરી છે ! પીઢ માલિનીબેનનો પ્રવેશ જ છેક આઠમે પાને થયો છે ! ધીરે ધીરે વિકસતી વાર્તામાં પ્રેમની પ્રૌઢી અને પ્રૌઢોનો પ્રેમ અનોખી આલેખન રીતિ દ્વારા વાર્તાકાર સિદ્ધ કરે એ જ વાર્તાની સફળતા !

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોવી-તપાસવી ગમે એવી 'બે બહેનો' અને 'તરંગ ?' વાર્તાઓમાંની પહેલીમાં સ્વપ્ન/દીવા સ્વપ્નની પ્રયુક્તિ ખપમાં લેવાઈ છે. મોટીબહેન સૂર્યાના પતિ ગોપીકાન્તને મનોમન ચાહવા લાગેલી લલિતા, સૂર્યાના મૃત્યુ પછી ગોપીકાન્ત સાથે લગ્નગ્રંથિથી જોડાય એ માત્ર મનોગ્રંથિનું જ પ્રતિબિંબ છે એ વાત વાર્તાના અંતે, બીજા ખંડમાં સૂચવી આપતા સર્જક માત્ર અઢી પાનાંમાં વાર્તાને આટોપી લે છે. 'મુકુલનાં બહેન'ને જો લાંબી ટૂંકીવાર્તા ગણવી હોય તો હું આ 'બે બહેનો'ને ટૂંકીવાર્તાના કોઈ ખાનામાં મૂકું ! 'બે બહેનો'માં બહેનના પ્રેમીને ચાહતી લલિતાની સામે 'તરંગ ?'ના, મૃત મિત્રની પ્રિયતમાને મનોમન ચાહવા લાગતા, અજિતનો દ્વિધાયુક્ત આંતરસંઘર્ષ સમાંતરે જ તપાસવો ગમે. 'તરંગ ?' પ્રશ્નાર્થ સૂચક છે. સત્ય કે ભ્રમ, વાસ્તવ કે તરંગની દ્વિધામાં અટવાતા અજિતના અપરાધીભાવને સમજવા માનસશાસ્ત્રીય સૂઝ આવશ્યક રહે. 'અમુચમુ'માં પણ મનોવિજ્ઞાન ભાગ ભજવે. બે મિત્રોની અતૂટ મૈત્રી વચ્ચે શિક્ષક દ્વારા કમુનાં લગ્ન થઈ રહ્યાંના સમાચારે ફરી નિકટ આવતા અમુચમુ દ્વારા સર્જકને અભિન્ન પુરુષમિત્રો વચ્ચે તિરાડ પાડી શકતી સ્ત્રીને જ સંકેતવી છે કે ?!

'ઝાકળિયું', 'છેલ્લું છાણું', 'શ્રાવણી મેળો', 'મારી ચંપાનો વર', 'પગલીનો પાડનાર', 'લીલી વાડી !', 'કલંકિની'નો ગ્રામમાનસ સમેતનો અખિલ ગ્રામપરિવેશ; 'ગુજરીની ગોદડી', 'ઝાકળિયું', 'શ્રાવણી મેળો', 'મારું હતું ને લીધું', 'પંચાનન', 'આદમિયત'નો પ્રગતિવાદ; 'છેલ્લું છાણું', 'અદાલત કે અદાવત', 'લોહીતરસ્યો'નાં કૌટુંબિક કલહ અને ક્રૂરતા; 'મારી ચંપાનો વર', 'બે બહેનો', 'દિની', 'કલંકિની'માં આરેખિત અકળ નારીમન; 'ગુજરીની ગોદડી', 'કલ્પના-પત્ની', 'જાનૈયા'ની હળવાશ; 'મુકુલનાં બહેન', 'દિની', હીલ્લી'નું બાળવિશ્વ; ને 'પ્રતિમાદેવી',

'કમુ ને કામિની', 'ઋણ અર્ધું બે;' 'અલકમલકની કન્યા' કે 'અનામિકા'ની પ્રાસંગિકતા ઉમાશંકરની વાર્તાનાં વૈવિધ્યો છે. પન્નાલાલ પ્રવેશે એ પહેલાં ઉત્તર ગુજરાતનું ગામડું ઉમાશંકરમાં સફળતાપૂર્વક અવતરે છે. એ એનો વિશેષ. બોલીનું પણ વૈવિધ્ય ધ્યાનપાત્ર.'હીલ્લી'ના બાવાજી ને 'આદમિયત'ના ટ્રામ કંડક્ટરની હિન્દી જબાન એમાં ભીત ચીતરે છે. એકાંકીમાં જે નથી કહેવાયું કે કહી શકાયું તે વાર્તાથી વ્યક્ત થયું છે. વાતાવરણના સફળ વિનિયોગથી પણ વાર્તા ઊંચકાય છે. ઠંડી, 'ગુજરીની ગોદડી', 'છેલ્લું છાણું'ને 'આદમિયત'માં વર્ચસ ધરાવે છે; તેમ, વરસાદ 'શ્રાવણી મેળો'માં પ્રભાવક બને છે. અંધારું 'છેલ્લું છાણું'ને ઘેરા રંગે ઘૂંટે છે.

ઉમાશંકર જોશીની વાર્તાઓમાં જિવાતુભૂત તત્ત્વ જો કોઈ મને જડ્યું હોય તો તે ઝંખના છે. એમની બહુધા સફળ વાર્તાઓના કેન્દ્રમાં ઝંખનાની પ્રભાવકતા ને પ્રબળતા નિર્ણાયક ભૂમિકા ભજવે છે. 'પગલીનો પાડનાર'માં શાંતારામની પૌત્રઝંખના, 'હીલ્લી'માં હીલ્લીની માતૃઝંખના, 'ઝાકળિયું'માં ગોવાની, હાથીડાને ભણાવી મોટો અમલદાર બનાવવાની ઝંખના, 'શ્રાવણી મેળો'માં દેવા-અંબીની પરસ્પરને મેળવવાની ઝંખના, 'મારી ચંપાનો વર'માં લક્ષ્મીની અતૃપ્ત વાસનિક ઝંખના, 'બે બહેનો'માં લલિતાની ગોપીકાન્ત માટેની ઝંખના, 'આદમિયત'માં ગુલામ મહમદની ઈન્સાનિયત માટેની ઝંખના – તેના દૃષ્ટાંત તરીકે ટાંકી શકાય.

ઉમાશંકરની લગભગ બધી વાર્તાઓમાં ઘટના તો મળે જ. કેટલીક ઘટનાપ્રધાન પણ બની રહે; છતાં સ્થૂળતાનું નિગરણ; સામાજિક વાસ્તવ સાથે કળાકીય તાટસ્થ્ય; કથનાત્મક શૈલીનો સુચારુ વિનિયોગ; ઘટના પાછળની મનોઘટનાનું વાર્તામાં અનુભવાતું વર્ચસ; પાત્રોનો માત્ર બાહ્ય નહીં; આંતરિક સંઘર્ષ, સાથે ચરિત્રોનાં માર્મિક આલેખન; ચરિત્રના ચિત્તની સ્થિતિને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી ઉકેલવાનો અભિગમ, વિવિધ રચના રીતિઓના સફળ પ્રયોગ ને નિરાળું ભાષાકર્મ વાર્તાને કલાત્મકતા બક્ષે છે. આ ગુણવિશેષોએ ઉમાશંકરની વાર્તાઓને યોગ્ય કલાઘાટ આપી સશક્ત કરી છે. ઉમાશંકરની વાર્તાઓ ટકશે તો તેના આ ગુણવિશેષોથી; ને સાથે સર્જકની સામાજિક નિસબતથી. એ પણ એટલી જ જરૂરી ખરી; ઉમાશંકર માટે તો ખાસ !

**3.4 સ્વાધ્યાય**

(1) ઉમાશંકર જોશીની વાર્તાકલા વિશે તમારી મૌલિક અભ્યાસનોંધ તૈયાર કરો.

(2) ઉમાશંકર જોશીની વાર્તાકાર તરીકેની સિદ્ધિ મર્યાદા ચર્ચો.

---

**લેખન :** ડૉ.ગુણવંત વ્યાસ - એસોસિએટ પ્રોફેસર,
આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ

---

## એકમ 4

# ઉમાશંકર જોશીનું નિબંધસાહિત્યમાં પ્રદાન


4.1 ઉદ્દેશ

4.2 પ્રસ્તાવના

4.3 'ગોષ્ઠી'ના નિબંધો

4.4 'ઉઘાડી બારી'ના નિબંધો

4.5 'શિવ સંકલ્પ'ના નિબંધો

4.5 સારાંશ

4.6 સ્વાધ્યાય

4.7 સંદર્ભસૂચિ


**4.1 ઉદ્દેશ :**

આ એકમમાં આપણે મુખ્યત્વે ગુજરાતી નિબંધસાહિત્યમાં ઉમાશંકર જોશીના પ્રદાન વિશે જાણીશું. ઉમાશંકર જોશીએ ગુજરાતી સાહિત્યને 'ગોષ્ઠી', 'ઉઘાડી બારી' અને 'શિવસંકલ્પ' એમ ત્રણ નિબંધસંગ્રહો દ્વારા સમૃદ્ધ કર્યું છે. અહીં આપણે તેમનાં ત્રણેય નિબંધસંગ્રહોનો વિગતે પરિચય મેળવીશું.

**4.2 પ્રસ્તાવના :**

વિદ્યાર્થીમિત્રો, આપણે આ એકમમાં નિબંધકાર ઉમાશંકર જોશીનો અભ્યાસ કરવાનો ઉદ્દેશ રાખ્યો છે ત્રણ નિબંધસંગ્રહોમાં વ્યક્ત થયેલાં વિચારોની સર્જનાત્મક અભિવ્યક્તિથી આપણે સૂઝપૂર્વક પરિચિત થઈશું. આ નિબંધોનું વિષયવૈવિધ્ય અને શૈલી અનુગામીઓ માટે માર્ગદર્શક નીવડી છે. ઉમદા વિચારક, સર્જક, કેળવણીકાર નિબંધકારની વિવિધ મુદ્રા અહીં જોવા મળે છે. આપણે ગુજરાતી નિબંધસાહિત્યમાં ઉમાશંકર જોશીના પ્રદાન વિશે વિગતે જાણીશું.

**4.3 'ગોષ્ઠી' (1951)ના નિબંધો :**

ઉમાશંકર જોશીનો પ્રથમ નિબંધસંગ્રહ 'ગોષ્ઠી' (1951) છે. આ સંગ્રહમાં કુલ 27 નિબંધો છે. જુદાં જુદાં નિમિત્તે લખાયેલા લેખો કે બોલાયેલા વ્યાખ્યાનો અહીં છે.પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં ઉમાશંકર જોશી 'ગોષ્ઠી'ના નિબંધોની સાદી ઓળખ આપતા લખે છેઃ

''પસંદગીમાં મેં જુદી જુદી જાતના નમૂના રજૂ કરવા પ્રયત્ન કર્યો છે; કોઈ અંગત નિબંધ છે તો કોઈક જેને હળવા કહે છે તેવા છે; કોઈ ચરિત્રાત્મક છે અને કોઈ માત્ર અહેવાલ રૂપ છે. એકાદ વ્યાખ્યાન પણ છે, તો પ્રસ્તાવનારૂપે મૂકાયેલાં લખાણો પણ છે. લઘુ લેખ પણ દૂર રાખ્યા નથી... એકંદરે નિબંધમાં સંભાષણ-વાતચીતના તત્ત્વ ઉપર ભાર મૂકવા જેવું લાગતાં 'ગોષ્ઠી' નામ પસંદ કર્યું છે.''

આમ, પ્રથમ નિબંધ 'ચંદ અલ્ફાઝ'થી લઈને અંતિમ રચના 'આનંદનો વારસો' સુધીના નિબંધો વિશે ઉમાશંકર જોશી પોતાના નિવેદનમાં સ્પષ્ટતા કરી આપે છે. વળી, નિબંધના સ્વરૂપને ચીંધી આપતો 'નિબંધ' શીર્ષકનો અભ્યાસલેખ ઉમાશંકર જોશીની વિદ્વત્ત પ્રતિભાનો પરિચય કરાવી આપે છે. 'ગોષ્ઠી'ના નિબંધોને માણવા-જાણવા માટે આરંભે આવતો આલેખ મૂલ્યવાન સાબિત થાય છે.

મિત્રો, આટલી ભૂમિકા પછી આપણે 'ગોષ્ઠી'ના નિબંધોનો પરિચય મેળવી તેની કેટલીક વિશેષતાઓ જાણવાનો પ્રયત્ન કરીએ.

'ચંદ અલ્ફાઝ' ઉમાશંકર જોશીનો પ્રથમ પ્રગટ થયેલો લેખ છે. 1934માં મુંબઈમાં કૉંગ્રેસનું અધિવેશન મળ્યું હતું એ અધિવેશનમાં ઉપસ્થિત રહીને ઉમાશંકરે જે વાતાવરણ અને મિજાજ ઝીલ્યાં હતા તેનું આલેખન આ લેખમાં છે. આ અધિવેશનમાં રાજેન્દ્રબાબુ પ્રમુખ બન્યા હતા. પંડિત માલવીયજી, સરદાર પટેલ, ગાંધીજી, મૌલાનાજી, રાજાજી વગેરે અગ્રણી કૉંગ્રેસીજનોની વિચાર-વાણીને નિબંધકાર અહીં વાતનો વિષય બનાવે છે. હિન્દી ભાષાને રાષ્ટ્રભાષાનો મોભો અને સ્વીકાર આપવાના હિમાયતી ગાંધીજીનો વિચાર પ્રજાએ ઝીલી લીધો અને પછી તો બધાં જ નેતાઓએ હિન્દીમાં ભાષણ કરવું એવી બૂમો સભામાંથી ઊટવા લાગી હોય અને એ રીતે નિબંધકાર **'ચંદઅલ્ફાઝ'**ની સાર્થકતાનો સંકેત આપે છે. ઐતિહાસિક વિગતોને લેખ લખાયો હોવા છતાં ઉમાશંકર જોશી અહીં ગંભીર બન્યા વિના પોતાના વ્યક્તિત્ત્વ અને અભિગમને હળવી રીતે રજૂ કરી શક્યા છે.

**'મને સાંભરે રે'** નિબંધ કડી છાત્રસંમેલનમાં પ્રમુખસ્થાનેથી છાત્રોને કરેલું ભાષણ છે. શીર્ષક સંકેત કરે છે તેમ અહીં ઉમાશંકર જોશી પોતાની સ્મૃતિઓને આલેખે છે. ભણવા માટે ગામ છોડીને નીકળેલા ઉમાશંકર જોશીએ જે છાત્રાવાસ અનુભવ્યો હતો તેની વાત કરે છે. આખો જ નિબંધ ઉમાશંકર જોશીની વૈચારિક પરિપક્વતા દર્શાવી આપે છે.

**'વાર્તાલાપ'** એક વિલક્ષણ નિબંધ છે. વડોદરા રેડિયો સ્ટેશન માટે એક વાર્તાલાપ આપવાના નિમિત્તે રચાયેલ આ કૃતિ ઉમાશંકર જોશીના વાતપ્રિય સ્વભાવનો રસમય પરિચય કરાવે છે. સાથોસાથ લોકો પણ કેવા જબરાં વાતોડિયા હોય છે તેના પ્રમાણો આપી મનુષ્યજાતની વાચાળતાનો વિશેષ ઓળખાવે છે. વાતોથી જ, માણસોમાંથી જ શીખવા મળતું હોવાનું ઉમાશંકર સ્વીકારે છે. સહજ, સાદી, નર્મ-મર્મ, સ્વાભાવિક જ વાતચીતના ઢબની શૈલી આ નિબંધને આસ્વાદ્ય બનાવે છે.

'મિત્રતાની કલા' અને 'પડોશીઓ' પણ આવી જ સુંદર નિબંધ રચનાઓ છે. મૈત્રી સંબંધની પવિત્રતા અને ગૌરવનો મહિમા 'મિત્રતાની કલા'માં કરવામાં આવ્યો છે. સ્ત્રી-પુરુષના વર્ણવતા ઉમાશંકર લખે છે : ''પણ તમારા મિત્ર માટે તમારા પતિ કે પત્ની હોવું એ ફરજિયાત તો ન જ હોવું જોઈએ. તમારી જાતિના હોવું એ સામી વ્યક્તિનો શું એવડો મોટો ગુનો છે કે તમારા હૃદય સુધી એ પહોંચી શકે જ નહિ ? ઊલટું તમે પુરુષ હો તો સ્ત્રીઓ તમારા હૃદય સુધી પહોંચે એમાં તમે કાંઈ પરાક્રમ કર્યું એમ ભાગ્યે જ કહેવાય; પુરુષો પહોંચી શકે ત્યારે કાંઈક મોટી વાત બની એમ ગણાય. મને ઘણીવાર થાય છે કે કુદરતે બે જાતિની રચના કરી છે એ કેટલું બધું સારું થયું છે : માણસ દુનિયાની અર્ધી વસ્તી તરફ તો અનાયાસે ખેંચાણ અનુભવી શકે છે.'' (પૃ. 87, 'મિત્રતાની કલા')

'પડોશીઓ'માં માનવમનની વિચિત્રતાની ખાસ કરીને ઈર્ષાના સ્વભાવને સ્ત્રીઓને કેન્દ્રમાં રાખી ઉમાશંકર જોશીએ પાડોશીઓને બહાને વ્યક્ત કરી છે. ઉમાશંકરનું માણસપારખુ લાગણીશીલ વ્યક્તિત્ત્વ ભાવકને પોતાની વાતોથી તરબોળ કરી દે છે. પડોશીઓના વર્તન-વિજ્ઞાનને આલેખતાં ઉમાશંકર કહે છે : ''એ કોકિલાબેન ને કાવેરીબેનને જ જઈને પૂછોને ! એમણે બે-ત્રણ કલાક પરમ આનંદમાં વીતાવ્યા, પણ એકમેકને દૂભવવામાં રિબવવામાં, એકમેકનો પીછો પકડવામાં એમણે કંઈ મણા રાખી છે ? સહેજ સહેજ વાતમાં ઝઘડી પડવું એ પડોશીઓનો હક્ક છે. ગામડાગામમાં તો કેટલીય વાર, સવારે ઊઠો ત્યારે, બે પડોશણોએ આખું ગામ ગજવી મૂક્યું હોય. શહેરની પોળોમાં પણ જરીકમાં બે પડોશણો વચ્ચે સળગી ઊઠે એની ક્યાં નવાઈ છે ?'' (પૃ. 125, 'પડોશીઓ')

'પરીક્ષા' અને 'વિદ્યાર્થીઓને' જેવા નિબંધોમાં ઉમાશંકરે શિક્ષણને કેન્દ્રમાં રાખતા પોતાના વિચારો હળવી રીતે આલેખ્યા છે. પરીક્ષાપદ્ધતિની ખામી વર્ણવતા લેખક કહે છે, : ''પરીક્ષા પદ્ધતિને પરિણામે ભણાવનાર અને ભણનારનો સંપર્ક શિથિલ થઈ ગયો છે. શિક્ષણ એટલે ખરું જોતાં ગુરુ અને શિષ્યોનો જીવંત સંપર્ક. જે ગુરુમાં ચૈતન્યની જ્વાળા છે

તે શિષ્યમાં પણ એવી ચૈતન્યની જ્વાળા જગાવે એમાં શિક્ષણની ચરિતાર્થતા છે. પરીક્ષા શિક્ષણના આ લક્ષને મોળું પડે છે, ધૂળ મેળવે છે એમ કહીએ તોપણ ભાગ્યે જ અત્યુક્તિ કહેવાય. શિષ્યને થાય કે પરીક્ષામાં આપણે યેનકેન પ્રકારેણ નામ કાઢીશું - કાંઈ નહિ તો ઉત્તીર્ણ તો થઈશું જ, તો પછી ગુરૂના ચૈતન્યનો પડઘો પાડવાની અભીપ્સા સેવવાની એને ઝાઝી જરૂર ન જ જણાય'' (પૃ. 96, 'પરીક્ષા')

'અનંત શબ્દ' અને 'જ્યોતિર્મય શબ્દ' જેવી રચનાઓમાં શબ્દબ્રહ્મ અને સર્જકવાણીનો મહિમા ઉમાશંકરે કર્યો છે. 'અનંત શબ્દ'માં શબ્દબ્રહ્મની લીલાને આલેખવામાં આવી છે. લેખક અને વાચકના સંબંધને શબ્દથી સંયોજાતા આ સર્જક લખે છે : ''આ અનંતયાત્રી શબ્દના સંસારમાં એક છેડે લેખકનું મહત્ત્વ છે, તેવું જ બીજે છેડે વાચકનું મહત્ત્વ છે. (પૃ. 78, 'અનંત શબ્દ')

'જ્યોતિર્મય શબ્દ'માં ઉમાશંકર જોશી ટાગોર, ગાંધીજી અને શ્રી અરવિંદની વાણીનો મહિમા કરે છે. ટાગોરની વાણીની વિશેષતા વર્ણવતા લખે છે, ''ટાગોરના કથયિતવ્યમાં સત્ત્વશીલતાની ઉણપ નથી.'' ગાંધીની વાણીને ઓળખાવતા લખે છે, ''ગાંધીજીની વાણી સરળ, સોંસરી લક્ષ્યવેધી હોય છે.'' પ્રેમમયતા અને માર્દવને સત્યના વિશેષ પુટથી સંસ્કારતી વાણી શ્રી અરવિંદની વાણીને ઉમાશંકર ભારતને પ્રાપ્ત પ્રસાદ ગણાવે છે.

'દક્ષિણના તીર્થો' પ્રવાસનિબંધની ગરજ સારતી સુંદર રચના છે. જે દક્ષિણના પ્રવાસ માટે પ્રેરણાદાયી બની શકે તેવી છે. તીર્થ અને તીર્થભાવનાને વ્યક્ત કરતાં ઉમાશંકર જોશી અહીં લખે છે : ''આપણી તીર્થભાવના મનન કરવા જેવી છે. તારે તે તીર્થ. જ્યાં પહોંચતાં જ ત્યાંના શાતાભર્યા વાતાવરણના બળે ઐહિક લીલાથી ખસીને આત્મા તરફ ગતિ કરવાનો સેતુ લાધે તે તીર્થ.'' (પૃ. 142, દક્ષિણનાં તીર્થો')

'મેઘાણીભાઈ' અને 'ચેખોવ'માં ઉમાશંકર સર્જકોના વ્યક્તિચિત્રો ઉપસાવવાનો પ્રયાસ કરે છે. 'બે શિક્ષકો' પણ ચરિત્રલક્ષી નિબંધ છે જેમાં ઉમાશંકરે પોતાના બે પ્રિય શિક્ષકો- બલ્લુભાઈ અને જીવણલાલ દીવાન એટલે કે દીવાનસાહેબના વ્યક્તિચિત્રને ભાવમય રીતે આલેખ્યું છે. 'શિશુકુલ'ના વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાન બનીને ગયા પછી 'બટુકરાજ'નો અનુભવ થતાં હળવા નિબંધનું કલ્પનાજન્ય રૂપ ધારણ કરે છે. 'સરસ્વતીચંદ્ર મુંજ સ્વામી સાચા' રચના આકાશવાણીના ઈજનનું પરિણામ છે. ઉમાશંકર જોશી આ નિબંધમાં સહપ્રવાસી તરીકે સરસ્વતીચંદ્ર અને કુસુમસુંદરીનાં વાર્તાલાપને એક રમણીય કલ્પના રૂપે રજૂ કરે છે.

'ગોષ્ઠી'ના નિબંધો આમ વિવિધ વિષયોને નિમિત્તે ઉમાશંકર જોશીના સમૃદ્ધ વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. સર્જકની રસરુચિના અનેકાનેક કેન્દ્રો અહીં ખૂલતાં જોવા મળે છે. આ નિબંધોમાં ઉમાશંકરે ખૂબ જ સહજતાથી પોતાની જાતને પ્રગટ થવા દીધી છે. તેમનું ગદ્ય પણ વિશિષ્ટ બની રહ્યું. વાતચીતની ઢબે સહજ વાણીમાં વણાતું જતું ગદ્ય આ નિબંધોની વિશેષતા બને છે. સંસ્કૃત-તત્સમ શબ્દ-પ્રયોગોની સાથે સાથે તળપદ વાણીનો મિજાજ પણ આ નિબંધોના ગદ્યને આસ્વાદ્ય બનાવે છે. ભાવ અને વિચારને યોગ્ય ભાષામાં મૂકી આપવાનો ઉમાશંકર જોશીનો સર્જક પુરુષાર્થ ધ્યાનપાત્ર બન્યો છે. 'ગોષ્ઠી' સંગ્રહ ગુજરાતી લલિતગદ્યનો નોંધપાત્ર ઉન્મેષ બની રહ્યો છે.

### 4.4 'ઉઘાડી બારી' (1959)ના નિબંધો :

ઉમાશંકર જોશીનો બીજો નિબંધસંગ્રહ છે 'ઉઘાડી બારી', નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ એટલે કે નાનાભાઈ ભટ્ટને અર્પણ આ સંચયમાં ઉમાશંકર જોશીની વૈચારિક પ્રજ્ઞાનો પરિચય મળે છે. આ સંગ્રહના નિવેદનમાં ઉમાશંકર જોશી લખે છે.

''1947 પછીના બાર વર્ષમાં 'સંસ્કૃતિ'માં પહેલાં પાના ઉપર છપાયેલાં લખાણોમાંથી વીણીને આ સંગ્રહ કરતાં મુખ્યત્વે લોકશાહી, ભારત, કેળવણીએ વિષયો એમાં આગળ તરી આવતા દેખાય છે. વિદ્યા, કલા, રંગભૂમિ, ચરિત્રસંકિર્તન, પ્રકૃતિપ્રેમ, કર્મયોગ - એ વિષયો પણ છેડાયા છે. પણ રહી રહીને કોઈ વાત આવ્યાં કરતી હોય તો તે ભારતના- ભારતવાસીના સ્વધર્મની.''

આ વાત 'ઊઘાડી બારી'ના નિબંધોનું ચાલકબળ દર્શાવી આપે છે. સાહિત્યિક પત્રકારત્ત્વની ઉપજ રૂપે 'સંસ્કૃતિ'ના પાના પર વિવિધ વિષયો નિમિત્તે પ્રગટ થયેલા ઉમાશંકર જોશીના વિચારો અને વ્યક્તિત્ત્વ આ નિબંધોની પ્રમુખ સામગ્રી છે. 'ઉઘાડી બારી'માં કુલ 91 નિબંધો છે. સામયિકના પૃષ્ઠની મર્યાદાને કારણે આ નિબંધોનું ફલક લઘુ રહ્યું છે. મોટેભાગે એક-બે પાનમાં ઉમાશંકર જે તે વિષયને કેન્દ્રમાં રાખી પોતાના અભિગમને આલેખે છે.

'કર્મયોગ', 'ચરિત્રો', 'પ્રકૃતિપ્રેમ' અંતર્ગત 23 જેટલાં નિબંધોમાં તેમણે પ્રકૃતિ પ્રત્યેના લગાવ રજૂ કર્યો છે, તો ગાંધીજી, કોન્ફ્યુસિયસ, સોક્રેટિસ, પયગમ્બર, તુકારામ જેવા ચરિત્રોના માનવીય પાસાંઓને પ્રત્યક્ષ કર્યા છે. કર્મયોગનો મહિમા કરતાં પુરાણો, શાસ્ત્રો અને ધર્મગ્રંથોના દષ્ટાંતો આપીને પોતાના વિચારોને અહીં સંક્ષેપમાં આલેખ્યાં છે. આ નિબંધોમાંથી થોડાં દષ્ટાંતો જોઈએ :

1. ''પ્રકૃતિ એટલે ભોગ અને તાપ વચ્ચેનું સમતોલપણું. વિકૃતિ એટલે ભોગનો અતિરેક. સંસ્કૃતિ એટલે તપનો અતિશય.'' (પૃ. 17, 'પ્રકૃતિ, સંસ્કૃતિ, વિકૃતિ')
2. 'ઊડવામાં બંધન, અને ધરતી પર વળગવું તે મુક્ત બનીને ! પતંગ ઊંચે ઊંચે ઊડે છે, પણ દોરથી બંધાયેલો, ભમરડો ધરતીને જઈ વળગે છે, પણ દોરી (જાળ)થી છૂટીને, જળની મદદથી ગતિ પ્રાપ્ત કરીને.'' (પૃ. 40, 'પતંગ અને ભમરડા')
3. ''ઘ્રાણેન્દ્રિય જ નહિ પંચેન્દ્રિય-સંતર્પક છે આ જોગી ઉનાળો. વસંત આવતાં જ ઊઘડેલો કોયલ-બુલબુલ આદિ પંખીઓનો કંઠ મીઠા સરોદોથી ઊભરાતો હોય છે. મહુડાં, કેરી, રાયણ, કરમદાં, ટીંબરું, આદિ સ્વાદુ વાનગીઓ પ્રકૃતિ અનેક હાથે રહી હોય છે. પાણીનો પૂરો સ્વાદ પણ ઉનાળા વગર શી રીતે માની શકાત ?'' (પૃ. 44, 'આપણી રાષ્ટ્રીય ઋતુ')

આ પ્રકારે પ્રસંગો અને પરિસ્થિતિઓની સાથે વિચારોને વણી લઈને ઉમાશંકર જોશી પોતાની અભિવ્યક્તિને આસ્વાદ્ય બનાવે છે.

'વિદ્યા, કલા, રંગભૂમિ'ને નિમિત્ત બનાવી ઉમાશંકર અહીં 20 જેટલાં નિબંધો આપે છે. સાહિત્ય, કલા, સારસ્વતનો ધર્મ, શબ્દો-જીવનનું મધુ,વાઙ્મય ચેતના વગેરે નિબંધોમાં ઉમાશંકરનો સાહિત્યધર્મ અભિવ્યક્ત થયો છે.અહીં કલા અને રંગભૂમિ વિશેના નિબંધો પણ એટલા જ આસ્વાદ્ય બન્યા છે.સ્વાધ્યાયનું મૂલ્ય સમજાવતા 'સ્વાધ્યાય-પ્રવચન' નિબંધમાં લખે છેઃ

''સ્વાધ્યાય એટલે મનનપૂર્વકનું અધ્યયન. એથી પ્રશ્ન એ છે કે સ્વાધ્યાય દ્વારા જે કાંઈ નવું ગ્રહણ કરીએ તે અંદર ઊતર્યું, પચ્યું, એકરસ બન્યું, ચિત્તની નાડીઓમાં ધબકવા લાગ્યું. જીવનક્રમના ભાગરૂપ બની રહ્યું ? સ્વાધ્યાય-યજ્ઞની જવાળાઓ માત્ર માણસના પ્રવચનમાં જ નહિ, સર્વ વ્યવહાર પ્રત્યક્ષ થવી જોઈએ.'' (પૃ.53, 'સ્વાધ્યાય-પ્રવચન')

અહીં ઉમાશંકર જોશીના કલા, સાહિત્ય, કલાકાર, સર્જક ધર્મ, રંગભૂમિ, નાટક આદિ વિશે જે કેટલાંક નોંધપાત્ર નિરીક્ષણો અને વિચારો છે તે જાણીએ.

1. ''પ્રજાઓ વચ્ચે પરસ્પર સમજણનો સેતુ સ્થાપતિ અને અભિન્નતા પ્રગટ કરતી સાહિત્ય આદિ કલાઓનો સર્વત્ર જય હો !'' (પૃ.63, 'સાહિત્ય')
2. ''દીવાલની તોડ્યા વગર, છોડ્યા વગર, એનું દીવાલપણું હરિ લેવું-સાન્તતામાંથી અનંતતા ઉપસાવવી-એમાં ચિત્રકલાની ચરિતાર્થતા છે.'' (પૃ.66, 'કલા')
3. ''કલાકારે તો સંવાદિતાની પરમ સાધના દ્વારા જ મનુષ્યજાતિ પ્રત્યેનું ઋણ અદા કરવાનું છે.'' (પૃ.72, 'સંવાદિતાની સાધના')
4. ''રંગભૂમિ વિશે બે-ત્રણ વસ્તુઓ સતત ધ્યાનમાં રહે એ જરૂરી છે. પહેલું તો એ કે રંગભૂમિનો આરાધ્ય દેવ અભિનય છે. કોઈપણ નાટ્યશાળાએ પોતાનો બધો મદાર અભિનય ઉપર બાંધવો જોઈએ. વેશભૂષા, સીનસીનરી' (દશ્યોના ભભકા), સંગીત જેવા કોઈ પણ માર્ગનું પ્રલોભન લાગ્યું એટલે નાટ્યશાળા નાટકના લક્ષ્યથી ચાતરી બેઠી એમ સમજવું.'' (પૃ.97, 'રંગભૂમિ શતાબ્દી')

5. ''સ-રસ નાટક, સારા ઉચ્ચારો દ્વારા રજૂઆત અને કલાત્મક અભિનય એ ત્રણ વસ્તુઓમાંથી એક પણ લૂલી હોય એ રંગભૂમિ માટે પ્રાણઘાતક છે.'' (પૃ. 100, 'વાર વગરનો વરઘોડો')

'કેળવણીનો કીમિયો' શીર્ષક નીચે સમાવિષ્ટ 20 નિબંધોમાં તેમણે શિક્ષણ અને કેળવણીનો ભેદ સ્પષ્ટ કરતાં કેળવણીનો આગ્રહ પ્રગટ કર્યો છે. ઉમાશંકર જોશીના કેળવણી વિષયક આ વિચારો આ નિબંધોની સમૃદ્ધિ બની રહે છે. થોડાં ઉદાહરણોથી આ વાતને સમજીએ.

1. ''વિવિધ પ્રકારના ધર્મપ્રવર્તકો અને સુધારકો કરતાં કેળવણીકારમાં વધુ ધીરજ હોય છે. કેળવણીનું મુખ્ય કામ દરેક માણસની અંદર રહેલા સર્જક-તત્ત્વ (creative principle)ને સક્રિય બનાવવાનું છે.'' (પૃ. 108 'કેળવણીનો કીમિયો')
2. ''પ્રાથમિક શિક્ષણમાં 'વધુ ખર્ચ' એ લક્ષ્ય નહિ પણ 'વધુ સિદ્ધિ'ની કાળજી રખાય એ ઈચ્છવા જેવું છે.'' (પૃ. 111, 'આપણી કેળવણી')
3. ''...કેમ કે ખરો શિક્ષક એ છે, જે વર્ગમાં માત્ર જ્ઞાનનાં ગાંસડાં પોટલાં ખોલીને સંતોષ પામતો નથી, પણ જ્ઞાન મેળવવાની અને પચાવવાની પ્રક્રિયા પોતાના વિદ્યાર્થીઓમાં ગતિમાન કરે છે. પોતાના હૃદયમાં જે આતશ જલે છે તેણે સામાઓમાં સંક્રાંત કરે છે.'' (પૃ. 135-136, 'સહાધ્યાયીઓની સહાય')

'લોકશાહી, ભારત અને જગત-રંગ'ના 31 નિબંધોમાં રાજકીય પરિસ્થિતિ વિશે ઉમાશંકર જોશીના વિચારો વ્યક્ત થયા છે. રાજ્યતંત્ર, લોકશાહી, ભારતનું લોકતંત્ર, સમાજવ્યવસ્થા, સરકારીતંત્ર, સભ્યતા, ઈતિહાસ, રાષ્ટ્રભાવના વગેરે વિષયો અંગે આ લઘુનિબંધોમાં ચિંતન રજૂ થયું છે. ભારતીય રાજ્યવ્યવસ્થા ખાસ કરીને લોકશાહી મૂલ્યો અંગે ઉમાશંકર જોશીના વિચારો અને ભાવસંવેદનો તેમના વ્યક્તિત્વના પરિચાયક બને છે. એક-બે ઉદાહરણો જોઈએ.

1. ''હિંદ જેવી ઊછરતી લોકશાહી કલ્યાણ રાજ્યનો આદર્શ સેવતી હોય ત્યારે સમૂહમાનવની અર્ચના પગભર થઈ બેસે એ અસંભવિત નથી. સમૂહમાનવને જેઓ ચાહે છે અને આ કે તે માણસને (પેલા પુરુષોત્તમને કે આ અમથાલાલ) ચાહવાની જેઓ કદીયે આંતરિક જરૂરિયાત અનુભળતા નથી-એવા નેતાઓનાં દર્શન હવે દુર્લભ રહેવાનાં નહિ.'' (પૃ. 170-171. 'સામૂહિક વિચારવાહનો')
2. ''વિચાર કરતાં જણાશે કે મત ન આપવો એ પણ મત આપવા બરોબર જ છે. ચૂંટણીનું જે પરિણામ આવવાનું તેમાં આપણા મતની ગેરહાજરી પણ ભાગ ભજવતી જ હોય છે. અપનો એક મત તે નાનકડી વસ્તુ છે, પણ તેથી તેની અસરકારકતા ન-ગણ્ય છે એ માનવાની ભૂલ કરવી ન જોઈએ.'' (પૃ. 178, 'મત આપવો કે કેમ ?')

જગતના ઈતિહાસનું વાંચન અને પરિશીલન કરી કેળવેલું સર્જક ચિત્ત આ નિબંધોમાં પરિશુદ્ધ ચિંતક-વિચારક તરીકે ઉપસે છે. વિશ્વયુદ્ધોના ઈતિહાસની સાક્ષીએ ઉમાશંકર માનવ્યનો મહિમા કરવાની હિમાયત કરે છે. માનવ અધિકાર અને સમતા, બંધુતાની ભાવના જાળવવાની અને તેનું જતન કરવાની જવાબદારી રાજ્યતંત્રે બિનચૂક નિભાવવાની છે એવી ટકોર ઉમાશંકર કરે છે.

'ઉઘાડી બારી'ના નિબંધો એક બહુશ્રુત સારસ્વતની કલમે લખાયા હોઈ તેમાં અનેકવિધ સંદર્ભો અને સમસામયિક રંગ ભળે તે સ્વાભાવિક છે. લાઘવ આ નિબંધોનો એક વિશેષ ગુણ બને છે. વિચારકેન્દ્રી હોવા છતાં આ નિબંધોમાંથી સર્જકના ભર્યાભર્યા વ્યક્તિત્વનો પરિચય મળી રહે છે. ભાષાની સાદગી અને પરિપક્વતા ધ્યાનપાત્ર બની છે. લલિતનિબંધ ન હોવા છતાં 'ઉઘાડી બારી'ના નિબંધો સહૃદયી નિબંધપ્રેમી ભાવકો માટે રસમય સાહિત્યનો અનુભવ કરાવવા સક્ષમ છે એવું ચોક્કસ કહી શકાય.

**4.5 'શિવ સંકલ્પ' (1978)ના નિબંધો :**

'શિવ સંકલ્પ' ઉમાશંકર જોશીનો ત્રીજો નિબંધસંગ્રહ છે. ઉમાશંકર જોશીએ 1947ના જાન્યુઆરીની 26મીએ 'સંસ્કૃતિ' સામયિક શરૂ કર્યું હતું. તેના પ્રથમ અંકના પહેલાં પાને 'શિવસંકલ્પ' શીર્ષકથી ટૂંકું લખાણ લખ્યું હતું અને પછીથી દરેક અંકમાં એ પરંપરા ચાલુ રાખી હતી. 'સંસ્કૃતિ'ના એ લખાણોમાંથી કેટલાંક ચૂંટેલા લખાણો 1959માં 'ઉઘાડી બારી' સંગ્રહમાં પ્રગટ કરવામાં આવ્યાં. એ પછી 'સંસ્કૃતિ' સામયિકના બત્રીસ વર્ષ થતાં તેના અંકોમાંથી ચૂંટેલા લઘુલેખો 1978માં 'શિવ સંકલ્પ' નામે પ્રગટ કર્યા. 'શિવ સંકલ્પ'માં કુલ 58 નિબંધો છે. 'સંસ્કૃતિ'ના પ્રથમ પાને તંત્રીલેખ રૂપે લખાયા હોઈ તેનું ફલક લઘુ છે. આ લઘુનિબંધોના વિષયોનો સંકેત આપતા ઉમાશંકર જોશી નિવેદનમાં લખે છે.

''આ સંગ્રહમાં કર્મયોગ, અધ્યાત્મ, પ્રકૃતિપ્રેમ, કેળવણી, વિજ્ઞાન, સાહિત્ય લોકશાહી આદિ વિવિધ વિષયો છે. ભારતની વાત વારંવાર આવ્યાં કરવાની, પણ ઘણીવાર તો જગત-રંગના પરિવેશમાં, વળીવળીને કોઈ વિષય ચર્ચામાં કર્યો હોય તો તે છે ભારતવાસીનો-માનવીનો સ્વધર્મ.''

ઉમાશંકર જોશીના આ નિબંધોમાંથી સ્વતંત્રતા પછીના ગુજરાત, ભારત અને વિશ્વની રાજકીય, સામાજિક, સાહિત્યિક તેમજ સાંસ્કૃતિક ઘટનાક્રમની સાથે સંવાદ સાધતું સર્જક સંવિદ ઝીલાયું છે. મનુષ્યના સ્વધર્મને કેન્દ્રમાં રાખતી આ રચનાઓમાં ઉમાશંકર જોશીની વિચારક તરીકેની મુદ્રા અનેક રંગો સાથે પ્રગટે છે. અહીં સમકાલીન પરિસ્થિતિઓ વિશેનું પોતાનું વલણ અને વિચાર ઉમાશંકરે સ્પષ્ટ રીતે આલેખ્યા છે.

'કર્મયોગ, અધ્યાત્મ, પ્રકૃતિપ્રેમ' શીર્ષકથી રચાયેલા જૂથ અંતર્ગત કુલ 16 લઘુનિબંધો સમાવિષ્ટ છે. જેમાં ઉમાશંકરે તત્કાલીન પરિસ્થિતિઓ ઉપરાંત સૂચિત વિષયોને લક્ષ્યમાં રાખીને પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. એક ઉદાહરણથી ઉમાશંકરની વ્યક્તિચેતનાને પ્રમાણીએ.

''આપણા દેશના બધા ઉત્સવોમાં કદાચ દિવાળી એક એવી છે જે કોઈ એક ધર્મનો સવિશેષ ઉત્સવ ન રહેતાં ઋતુચક્ર સાથે જોડાયેલો સાર્વત્રિક ઉત્સવ છે. હિંદુઓ, મુસલમાનો, પારસીઓ, ખ્રિસ્તીઓ સૌ એનો આનંદ માની શકે છે. ગુજરાતમાં નવું વરસ દિવાળી પછીના દિવસથી શરૂ થાય છે, પણ દેશના જુદાજુદા ભાગોમાં હિંદુ વરસ જુદાજુદા સમયે બેસે છે. રાષ્ટ્રીય વરસ (શક સંવત) પણ અન્ય મહિનામાં શરૂ થાય છે. દિવાળીનું આકર્ષણ છે. દિવાળી હોવામાં. ભારતમાં 'દિવાળી' શબ્દ આનંદનો પર્યાય બની ગયો છે.'' (પૃ. 32 'દિવાળી')

'કેળવણી, વિજ્ઞાન, સાહિત્ય' જૂથ અંતર્ગત 17 જેટલા નિબંધો સમાવાયા છે. જેમાં મુખ્યત્વે સંબંધિત વિષયની જ અભિવ્યક્તિ કરવામાં આવી છે. ઉમાશંકર એક મૂલ્યનિષ્ઠ કેળવણીકાર તરીકે જાણીતાં છે, તેનો પરિચય આ નિબંધોમાં વ્યક્ત કેળવણી વિષયક લખાણો આપી રહે છે. આ સંચયમાં વ્યક્ત વિજ્ઞાન વિષયક લખાણો તેમની રસવૃત્તિનો સંકેત આપે છે. તો સાહિત્યકેન્દ્રી રચનાઓમાં ઉમાશંકરનો સાહિત્યધર્મી સ્વભાવ પરખાય છે. શિક્ષણમાં ભાષા માધ્યમની અસરકારક વાત મૂકતા ઉમાશંકર લખે છે :

''માધ્યમિક શિક્ષણ માટે ત્રણ ભાષાનું સૂત્ર અમલમાં આવે, વિશ્વવિદ્યાલયોમાં અંગ્રેજીના પાકા જ્ઞાનની મદદથી વિવિધ ભારતીય ભાષાઓને માધ્યમ તરીકે પગભર કરવામાં આવે અને ચાલુ અંગ્રેજી (જેવી આધુનિક પાશ્ચાત્ય) ભાષાની મદદથી એને મજબૂત કરવામાં આવે, આંતર-રાજ્ય ભાષા તરીકે (યંત્રાનુકૂળ નગરી લિપિમાં લખાતી) હિન્દીનો ઉપયોગ કરવામાં આવે, તો આપણા દેશમાં સમૃદ્ધ અને સમન્વિત સાંસ્કૃતિક જીવન વિકસાવવું આપણે માટે મુશ્કેલ નથી. એને માટે, આરંભમાં જ, પ્રાદેશિક ભાષાઓ અંગેની 'એલર્જી'માંથી છૂટવું એ જરૂરી છે.'' (પૃ. 57, 'ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે હિંદની રાષ્ટ્રીય ભાષાઓ')

'લોકશાહી, ભારત, જગતરંગ' નામના જૂથમાં કુલ 25 નિબંધો છે. જે 'સંસ્કૃતિ'ના પ્રથમ પાનની તંત્રીનોંધ રૂપે 'શિવસંકલ્પ' શીર્ષકથી પ્રગટ થયા છે. આ નિબંધોમાં મોટેભાગે

ઉમાશંકરે લોકશાહી અને ભારતને કેન્દ્રમાં રાખીને પોતાના તત્કાલીન વિચારો વ્યક્ત કર્યા છે. વિશ્વના રાજ્યતંત્રને ધ્યાને લઈને ભારતીય શાસનપ્રણાલિની ચિંતા અને ચિંતન વ્યક્ત કર્યા છે. આઝાદી પછીના ભારતનું રાજકીય સ્થિરતા અને લોકશાહીના જતન માટે ચૂંટણીનું વ્યવસ્થાપન વિશે પણ અહીં ઉમાશંકર વિચારોની અભિવ્યક્તિ કરે છે. 'લોકશાહી વિ. સમાજવાદ ?'માં રશિયન સમાજવાદની સાપેક્ષે ઉમાશંકર લોકશાહી પ્રત્યેનો વિશિષ્ટ અભિગમ પ્રગટ કરતાં લખે છે :

''આ હું રશિયાની ટીકા નથી કહેતો. રશિયા એક મોટો દેશ છે, આપણો મિત્ર દેશ છે. એણે એક મોટો પ્રયોગ કર્યો. તેમાં જે થયું તેનાથી વધારે સારું થઈ શક્યું હોત, એટલું જ કહી શકાય. ચિંતાની વાત એ છે કે ત્યાં બેરિયાને મારી જ નાખવો પડે છે. સોલ્ઝેનિત્સીન જેવાને દેશનિકાલ થવું પડે છે. કોઈને થાય છે કે લેખથી આટલા બધા ડરે છે ! સાખારોવ વગેરેને ગૂંગળામણ અનુભવવી પડે છે. ચીનમાં પણ મોટા નેતાઓને દૂર કરવામાં આવ્યા છે.'' (પૃ. 100-101, 'લોકશાહી વગેરે સમાજવાદ ?')

મનુષ્ય માટેના હકારાત્મક અને વિઘાતક પરિબળોનું દિશાદર્શન કરાવતા આ નિબંધોમાં ઉમાશંકર જોશીના સંવેદનશીલ વ્યક્તિત્વનો પરિચય મળી રહે છે. ગુજરાતી, ભારતીય ભાષાના અને વિશ્વસાહિત્યના અનેકાનેક સંદર્ભોથી પોતાના લખાણોને તેમણે સમૃદ્ધ કર્યા છે છતાં તેનો ક્યાંય ભાર વર્તાતો નથી. 'શિવ સંકલ્પ' ઉમાશંકર જોશીની નિબંધકાર તરીકેની પ્રતિભાનો પરિચય આપતો નોંધપાત્ર સંગ્રહ છે.

### 4.5 સારાંશ :

વિદ્યાર્થી મિત્રો, આ એકમમાં આપણે ગુજરાતી નિબંધ સાહિત્યમાં ઉમાશંકર જોશીના પ્રદાન વિશે વિગતે પરિચય મેળવ્યો. ઉમાશંકર જોશીના ત્રણેય નિબંધસંગ્રહો 'ગોષ્ઠી', 'ઉઘાડી બારી' અને 'શિવ સંકલ્પ'ની વિવિધ રચનાઓના પરિચય મેળવીને ઉમાશંકર જોશીની નિબંધકલાને પ્રમાણવાનો અહીં પ્રયાસ કર્યો છે. આ નિબંધોનું ભાવવિશ્વ ઉમાશંકરની સર્જકચેતનાનો પરિચય કરાવે છે. વિવિધ સ્થાનોએ આપેલા વ્યાખ્યાનો કે 'સંસ્કૃતિ'નાં તંત્રીસ્થાનેથી વ્યક્ત કરેલા વિચારો આ નિબંધોની વિષયસામગ્રી રહ્યા છે તે ઉમાશંકરની આગવી અભિવ્યક્તિરીતિ તેમના નિબંધોની વિશેષતા બને છે.

### 4.6 સ્વાધ્યાય :

નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબો આપો.

1. 'ગોષ્ઠી'ના નિબંધોની વિષયસામગ્રીનો પરિચય આપો.
2. 'ઉઘાડી બારી'માં ઉમાશંકર જોશીએ કેવું સંવેદન જગત આલેખ્યું છે ?
3. 'શિવ સંકલ્પ'માં વ્યક્ત ઉમાશંકર જોશીનું જીવનચિંતન સ્પષ્ટ કરો.
4. 'ગોષ્ઠી'ના નિબંધોમાંથી પ્રગટતું ઉમાશંકર જોશીનું વ્યક્તિત્વ તમારા શબ્દોમાં આલેખો.
5. સામાજિક-સાંસ્કૃતિક ચિંતક તરીકે ઉમાશંકર જોશીનો પરિચય 'શિવસંકલ્પ'ને આધારે કરાવો.

### 4.7 સંદર્ભસૂચિ :


1. 'ગોષ્ઠી', ઉમાશંકર જોશી, 1951
2. 'ઉઘાડી બારી', ઉમાશંકર જોશી, 1959
3. 'શિવ સંકલ્પ', ઉમાશંકર જોશી, 1978



**લેખન :** ડૉ.વિપુલ પુરોહિત - એસોસિએટ પ્રોફેસર

મહારાજા કૃષ્ણકુમારસિંહજી, ભાવનગર યુનિવર્સિટી

એકમ 5

# નિબંધકાર ઉમાશંકર જોશી

5.1 ઉદ્દેશ
5.2 પ્રસ્તાવના
5.3 નિબંધકાર ઉમાશંકર જોશી
5.4 તમારી પ્રગતિ ચકાસો.
5.5 સ્વાધ્યાય

## 5.1 ઉદ્દેશ :

- આ એકમના અભ્યાસ દ્વારા તમે નિબંધકાર ઉમાશંકર જોશીની લાક્ષણિકતાઓને મેળવી શકશો.
- નિબંધોનું વિષય વૈવિધ્ય, સર્જકનો જીવન અભિગમ તથા નિબંધના સ્વરૂપમાં રહેલી અનંત શક્યતાઓનો તાગ મળશે.
- વિવિધ સાહિત્ય સ્વરૂપમાં સર્જનની ગુણસૃષ્ટિ ધરાવતા ઉમાશંકર જોશીના ગદ્યવૈભવનો અભ્યાસ થશે.

## 5.2 પ્રસ્તાવના :

ઉમાશંકર જોશીએ 1933થી નિબંધ લખવાનું શરૂ કર્યું. આપણા ઘણા નિબંધકારોએ વર્તમાનપત્રોમાં નિયમિત કટારલેખન દ્વારા નિબંધસર્જન કર્યું છે. ‘જનાન્તિકે’ આદિ સંગ્રહોથી સુખ્યાત લલિત નિબંધકાર સુરેશ જોષીને અખબારી લેખન દ્વારા જ હજાર જેટલા નિબંધ આપ્યા છે.

ઉમાશંકર જોશીએ ‘સંસ્કૃતિ’ સામયિક શરૂ કર્યું. તંત્રી તરીકે દરેક અંકમાં વાચકો સાથે સંવાદની ભૂમિકાએ રચેલો ગદ્યવૈભવ એ એમનો સાક્ષરધર્મ ‘ઉઘાડી બારી’ જેવા પુસ્તકમાં ગ્રંથસ્થ થાય છે. ઉમાશંકર જોશીને મન નિબંધ એટલે ‘ગોષ્ઠી’. તેમના નિબંધો ભાવક સાથેનો સીધો હૃદયસંવાદ છે. ‘બે પૂંઠા વચ્ચે હૃદય પ્રવેશ્યું છે ?’ આ એમણે ઉચ્ચારેલો પ્રશ્ન તેમની સર્જનયાત્રાને પરખવાનો તેમની નિસબતને જાણવાનો વાજબી ઉકેલ છે.

કવિ ઉમાશંકર, નિબંધકાર ઉમાશંકર તરીકે અનેક રીતે જુદા પડે છે. સર્જન-વિવેચનની દીર્ઘ-યાત્રામાં માનવધર્મ, સંવેદનધર્મ, યુગધર્મ સાથે તેઓ તંતોતંત જોડાયેલા રહ્યા છે. નિબંધકાર ઉમાશંકર જોશીએ સમકાલીન જીવનપ્રવાહોની નાડ પર હાથ મૂકીને તેમના સમયનું નિદાન કર્યું છે. તેમના સમયની છબી આપી છે. પૂર્ણકાલીન સર્જકતાનો કલાત્મક હિસાબ આપ્યો છે. ગાંધીમૂલ્યોની આબોહવામાં પોષાયેલી સર્જકચેતનાએ શબ્દ પાસેથી શાસ્ત્રનું કામ લીધું છે. કોઈ વિષયવસ્તુ કે જીવનક્ષેત્રનો તેમણે છોછ રાખ્યો નથી. આપણે આ એકમમાં નિબંધકાર ઉમાશંકર જોશીનો સમગ્રલક્ષી પરિચય મેળવીશું.

## 5.3 નિબંધકાર ઉમાશંકર જોશી

‘નિબંધ લખવા જેવી તેવી વાત નથી’-એવી નર્મદ ઉક્તિથી સર્જક ઉમાશંકર જોશીએ નિબંધ સ્વરૂપની સર્વાંગી મીમાંસા ‘શૈલી અને સ્વરૂપ’ ગ્રંથમાં વ્યક્ત કરી છે. નર્મદ, કાકાસાહેબ, સુરેશ જોષી, દિગીશ મહેતા, ભોળાભાઈ પટેલ, ગુણવંત શાહ, પ્રવીણ દરજી, મણિલાલ હ.પટેલ, લાભશંકર ઠાકર, યજ્ઞેશ દવે, વીનેશ અંતાણી, માવજી મહેશ્વરી સુધી વિસ્તરતી નિબંધ સ્વરૂપની ગુણસમૃદ્ધિને ધ્યાનમાં રાખી ઉમાશંકર જોશીના ત્રણ નિબંધ સંગ્રહો ‘ગોષ્ઠી’, ‘ઉઘાડી બારી’ અને ‘શિવ સંકલ્પ’ વિશે વાત કરવાનો ઉપક્રમ છે.

નિબંધ વિશે સર્જક નિબંધ, લલિત નિબંધ, લલિતેતર નિબંધ, હાસ્ય નિબંધ જેવા અનેકવિધ પ્રકારોથી સુજ્ઞજનો સુવિદિત છે. ‘ગોષ્ઠી’ સંગ્રહમાં ચોવીસ નિબંધો કહો કે લઘુલેખો

છે. 1951માં 'ગોષ્ઠી' પ્રગટ થાય છે. પ્રથમ નિબંધ 'ચંદ અલ્ફાઝ' માત્ર ત્રેવીસ વર્ષની વયે પૂરી પરિપક્વતાથી અને જાહેર જીવન પ્રત્યેની સમ્યક્ પ્રજ્ઞાથી લખાયેલો આ નિબંધ કૉંગ્રેસ અધિવેશનનો અહેવાલ હોવા છતાં આસ્વાદ્ય નિબંધ બની શક્યો છે. સુખ્યાત રાષ્ટ્રનાયકો રાજેન્દ્રબાબુ, પંડિત માલવિયજી અને સરદાર વિશેનાં તેમનાં સૂક્ષ્મ નિરીક્ષણો જાગૃત નાગરિક તરીકેની તેમની તત્કાલીન નિસબતનો પરિચય કરાવે છે. સરદાર વિશે તેઓ નોંધે છે : સરદાર એમની લાક્ષણિક દૃઢતાથી બોલતા હતા. એ બોલે છે તેમ થશે જ એવો એમને સાંભળતા ભય રહે જ.'' સમગ્ર નિબંધમાં અગ્રનાયકોના વ્યક્તિત્વની રેખાઓ સહજ રીતે ઉપસી આવે છે.

'વાર્તાલાપ' નિબંધ રેડિયો વાર્તાલાપની લાક્ષણિકતાથી શરૂ થાય છે. વાતો કરવાની ટેવ, વાચાળતા અને મૌન સુધીના જુદા-જુદા વિચારટાપુઓ સર્જકે આ નિબંધમાં આપ્યા છે.

'માણસ વાતો જ કર્યા કરે એ આરોગ્યની નિશાની નથી. નરી વાતો એ આત્માનો કાટ છે - એમ કહેનાર સર્જક પોતે ગમે તેવી વાતોથી કે ગુંદરિયા લોકોથી પણ કંટાળતા નથી એમ કહે છે અને છેલ્લે મૌનનો મહિમા પણ કરે છે. અનેકવિધ આયામોમાં વાર્તાલાપને વહેતો મૂકી શકનાર સર્જક નિબંધ સ્વરૂપની સૂક્ષ્મતા અને સ્વૈરવિહારનો પૂરતો લાભ ઉઠાવે છે. વચ્ચે પ્રસંગ આલેખન, સાહિત્ય સંદર્ભ અને છેલ્લે કાવ્યપંક્તિના વિનિયોગથી શાંતસ સમાપન કરે છે.'

'માણસ તોબરો ચઢાવીને ફરે છે એમ આપણે કહીએ છીએ એનો અર્થ પણ એ જ કે થોડાક શબ્દો બહાર કાઢવાના છે તે એણે મોઢામાં ભરી રાખ્યા છે.' એવી હળવાશ પણ પ્રગટ થાય છે. માણસ કશું જ ન બોલે ત્યારે મૌન હોય છે એમ નથી. તેથી જ સર્જક સાચુકલા મૌનની ક્ષણને પરમેશ્વરના સાન્નિધ્ય સમાન ગણે છે. માણસ પોતાની જાત સાથે પણ વાત કરતો જંપી જાય એવા મૌન વિષેના વિચારથી નિબંધનું સમાપન થાય છે. નિબંધનો ઉઘાડ, વિસ્તાર અને અંત શબ્દવર્ષાના વરસી ગયા પછી મનજળ થંભી જાય ત્યાં સુધીની સ્થિતિનો બોધ કરાવે છે.

'અનંત શબ્દ' નિબંધ લેખકની વાચનયાત્રાના પ્રારંભની વાત રસપ્રદ રીતે કરે છે. પ્રકાશકોએ લોકવિદ્યાપીઠનું કાર્ય કરવું જોઈએ એવી વાત પરદેશી પ્રકાશન સંસ્થાઓના ઉદાહરણથી તેઓ સમજાવે છે. પુસ્તકાલયનો ગ્રંથપાલ સર્વજ્ઞ જેવો હોય છે, જે તે વિષયના અધ્યાપકને પણ દોરવણી આપી શકે એટલી માહિતી ધરાવનારો હોય છે એમ ઉમાશંકર જોશીએ એમના સમયના ગ્રંથપાલોને ધ્યાનમાં રાખી શ્રદ્ધાપૂર્વક કહ્યું છે. તેમણે એક રસપ્રદ નિરીક્ષણ નોંધ્યું છે : ''બહુ થોડા અનુભવે જ મેં એક શોધ કરી કે દુનિયાના ઉત્તમગ્રંથો બહુ નથી.'' આવા પ્રશિષ્ટ ગ્રંથો કદાચ એકાદ-બે કબાટમાં સમાઈ જાય અને કોઈ ઉછીનું માગવા લલચાય એવું ભાગ્યે જ બને એવી એમને પૂરી ખાતરી છે. સર્જક જાણે આપણા સમયની વાત કરતા હોય એવું લાગે છે.

'મિત્રતાની કલા'-નિબંધનો વિષય દરેક મનુષ્યના અનુભવ જગતનું આલેખન છે. વિષયની અતિ પરિચિતતાને કારણે મિત્રતા વિષેના અધિકારી ભાવકની પૂર્વધારણા જેવી પરંપરાગત કે અનુભવગત અપેક્ષાને સર્જક અતિક્રમી જાય છે. 'નવું જાણવા મળ્યું' એવો ભાવ ચિંતનશીલ પ્રજ્ઞાથી લેખક કરાવી શક્યા છે. સૂત્રાત્મક રીતે લેખક મિત્રતાની કલાને અનેકવિધ આયામમાં સિદ્ધ કરી શક્યા છે. માનવ સ્વભાવની લાક્ષણિકતાઓ અને સંબંધની નાડ પર હાથ મુકીને લખેકે મિત્રતાની ચિકિત્સા કરી છે. ''મિત્રતા એટલે એક માણસના હૃદયનું અકારણે અને અનાયાસે બીજા માનવહૃદય પ્રત્યેનું અભિસરણ'' એવી વ્યાખ્યા મૈત્રી વિશે સહજ પણે નીતરી આવે છે. 'મૈત્રી એ બે ઉદાત્ત માનસોનું લગ્ન' જેવી શેક્સપિયરે આપેલી વ્યાખ્યાથી લઈ પત્ની માટે કવિવર ન્હાનાલાલે સખી ! એવા સંબોધન ઔચિત્યનો પણ નિબંધકારે ઔચિત્યપૂર્વક વિનિયોગ કર્યો છે. 'પ્રભુ, મને મારા મિત્રોથી બચાવ ! પ્રાર્થનાનો મર્મ સ્ફૂટ કરતા સર્જક મનુષ્ય સ્વભાવની મનોવૈજ્ઞાનિકની અદાથી નિરીક્ષા કરે છે. લેખકે અંતે ગાંધીજીનો હવાલો આપીને કહે છે; ''આધ્યાત્મિક જીવન જીવવામાં આગળ

વધેલાને કોઈ અંગત મિત્રો ન હોય''-વિશ્વ-મિત્ર બની રહેવામાં મિત્રતાની કલાની સીમા રહેલી છે એવા ઊર્ધ્વગામી ચિંતન સુધીનો આ વિચાર વિસ્તાર વર્ણ્યવિષયના મૂળગામી ચિંતનનો નોંધપાત્ર પરિચય આપે છે.

'વિદ્યાની પરીક્ષા જેણે પ્રથમ શોધી તેણે વિદ્યાનું નિકંદન કાઢ્યું છે.' એમ કેળવણીકાર ઉમાશંકર જોશી પરીક્ષા નિબંધમાં જણાવે છે. શિક્ષણ એટલે ગુરુ અને શિષ્યનો જીવંત સંપર્ક એમ સમજનાર શિક્ષક પાસેથી જ આવો નિબંધ મળે.

ખૂબ જાણીતો થયેલો નિબંધ 'મેઘાણીભાઈ', 'ગોષ્ઠી' નિબંધગ્રંથની શોભા છે. ઝવેરચંદ મેઘાણીના સ્વર્ગવાસ પછી સોળ દિવસ બાદ લખાયેલો આ ગુણાનુવાદ ઝવેરચંદ મેઘાણી સાથેના તેમના અંગત પરિચયથી લઈ તેમના સર્જક વ્યક્તિત્ત્વની વિવિધ લાક્ષણિકતાઓ વિષેનો સમર્થ સમકાલીનનો ચિરંજીવ ઉદ્ગાર છે.

અમદાવાદ 1939-1949 એમ એક દાયકાના અમદાવાદ વિશે લખાયેલો નિબંધ આજના અમદાવાદીઓએ વાંચવા જેવો છે. આ પ્રકારનાં લેખોનું ચોક્કસ દસ્તાવેજી મૂલ્ય છે. આચાર્ય આનંદશંકર ધ્રુવ અને ન્હાનાલાલને યાદ કરીને તેઓ નોંધે છે : ''એ બંનેના અવસાન થતાં એક વખતનું સરસ્વતીધામ અમદાવાદ અત્યારે સૂનું સૂનું લાગે છે'' - આજના અમદાવાદને આપણે કયા અર્થમાં અને કોના નિમિત્તે સરસ્વતીધામ કહીશું એ પણ વિચારવું જોઈએ. થોડાંક નામો છે એ આશ્વાસન છે પણ આપણા વિશ્વ વિદ્યાલયો એ નામોની નિવૃત્તિ પછી સૂનકાર પડ્યાં છે. એ વખતે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઈ રહી હતી. લેખકે નોંધ્યું છે, ''અમદાવાદમાં વિશ્વવિદ્યાલય નીકળે છે ત્યારે આ શૂન્યતા ખૂબ ખટકે છે.'' આજે ઉમાશંકર જોશીનાં ભાષા સાહિત્યભવનમાં ઊભા હોઈએ ત્યારે શૂન્યતાના ઓવારે ઊભા હોઈએ એમ જણાય છે. લેખકે 1949માં નોંધ્યું છે; ''ગાંધીજીનો આશ્રમ પણ સૂનો પડ્યો છે. એક ભવ્ય ગાંધી સંગ્રહાલય આશ્રમની જગાએ બાંધવાની સંભાવના છે.'' સદ્ભાગ્યે ભવ્યા ગાંધી સંગ્રહાલય સાકાર થયું છે.

'બટુકરાજ' નિબંધ હળવો નિબંધ છે. પ્રક્ષાનો ભાર કે પ્રતાપ નથી. બાળકો 'બેબિસ્તાન'ની માગણી કરે છે એવી સર્જક કલ્પનાનો આસ્વાદ્ય વિસ્તાર છે. 'પડોશીઓ' નિબંધ આપણા સમાજ જીવનમાં, સમૂહજીવનમાં પડોશીઓ વિશેના અનુભવોનું સરેરાશ આલેખન છે. 'દક્ષિણનાં તીર્થો' નિબંધમાં તીર્થોની વિગત નહિ પણ અંધશ્રદ્ધા, સ્વાર્થ અને દક્ષિણ હિંદની ગરીબી વિશેની સમ્યક્ચિંતા વ્યક્ત થઈ છે. યોગ્ય રીતે જ તેમણે નોંધ્યું છે કે; ''આપણા દેશને કોઈએ ઉઘાડી આંખે જોયો હોય તો તે ગાંધીજીએ.'' 'ઉદરંભર બ્રાહ્મણોએ તીર્થભાવનાની ભયંકર વિડંબણા કરી મૂકી છે.' એમ સર્જકે તટસ્થનાપૂર્વક નોંધ્યું છે. આ નિબંધ છેક 1978માં લખાયો છે. જે 'ગોષ્ઠી'ની ત્રીજી સંવર્ધિત આવૃત્તિમાં છે. 'શ્રી નિકેતન' નિબંધમાં તેઓ સ્વતંત્રતાની વ્યાખ્યા આપતા જણાવે છે કે; ''સ્વતંત્રતા એટલે દરેક જણા પોતામહીં પડેલા સત્યને સાકાર કરી શકે એ માટેની યોગ્ય પરિસ્થિતિ.'' 'દિવાસ્વપ્ન'માં કામ-ક્રોધ અને ભયની કલ્પનામૂર્તિનો સ્વૈરવિહાર છે. જો કે બ.ક.ઠાકોરને આ પ્રકારની લેખિની રમત જચતી નથી. શૈલીના આવા મોહથી બચવાનું બ.ક.ઠાકોરે જણાવ્યું છે. 'સારથિધર્મી પત્રકાર' લેખ શીર્ષકથી ઊંચી અપેક્ષા જન્માવે છે પણ શ્રીકૃષ્ણ-અર્જુન-શિખંડી પુરાકલ્પન વિનિયોગના ભારમાં મૂળ વિષયને ન્યાય મળ્યો નથી. ઉ.જો.ના અભ્યાસુ એવા ચંદ્રકાન્ત શેઠ 'પુરાકલ્પન વિનિયોગ' સંજ્ઞા સંદર્ભથી આ નિબંધનો અનુચિત બચાવ કરે છે.

'હાસલીલા' નિબંધ ચિનુભાઈ પટવાના પુસ્તક નવોઢોની પ્રસતાવના છે; જે પત્ર સ્વરૂપે લખાઈ છે. હાસ્યનિબંધ વિશેના સર્જકના વિચારો અહીં જાણવા મળે છે. 'ધ મંગલાષ્ટક લિમિટેડ' હાસ્યનિબંધ સર્જવાની સર્જકની અપૂર્વ ક્ષમતાનો પરિચય આપતો નિબંધ છે. 'ધ મંગલાષ્ટક લિમિટેડ' નામની કંપની રચવાનો વિચાર અને કવિનામ વિશેષણની યાદી મુક્ત રીતે હાસ્ય પ્રસરાવે છે.

'મંડળી મળવાથી થતા લાભ' નિબંધ નર્મદે 4-7-1851માં લખેલો; જે પ્રથમ ગુજરાતી નિબંધ ગણાય છે. પૂરા સો વર્ષ પછી એ જ શીર્ષક હેઠળ 4-7-1951ના રોજ ઉમાશંકર જોશીએ નિબંધ લખ્યો છે. યુવાન નર્મદ વિશે પૂરતો આદર પ્રગટ કરી લેખકે પોતાના સમય

સંદર્ભમાં વિષયને પૂરી માવજત આપી છે. 'હું કેમ કાંતું છું.'- નિબંધ કાંતવા વિશેનો છે. નિબંધનો પ્રારંભ કટાક્ષથી થાય છે. નાનકડા અનન્ય નિષ્ઠાનો પરિચય કરાવે છે. 'વિશ્વહૃદયનો ઉદ્‌ગાતા' એમર્સન (અમેરિકન સર્જક)ની 150મી જયંતીએ પ્રગટેલી અંજલિ છે. ''એમર્સનના દસ પાનાં વાંચનાર હિંદીને એમ લાગ્યા વિના નહિ રહે કે પોતે 'સ્વદેશી'નાં સંપર્કમાં મુકાઈ રહ્યો છે.'' જેવી લાક્ષણિકતાની અધિકારપૂર્વક નોંધ એમર્સન વિશે જિજ્ઞાસા જન્માવે છે. 'એમર્સનના નિબંધો એટલે બોલુંબોલું થતું સનાતન મહામૌન'-એ સર્જનાત્મક અંજલિ આસ્વાદ્ય રીતે પ્રગટે છે.

'જ્યોતિર્મય શબ્દ'-નિબંધમાં ટાગોર અને ગાંધીજીની વાણીની લાક્ષણિકતાઓની નોંધ આપી શ્રી અરવિંદની વાણી વિશે 'જ્યોતિર્મય શબ્દ' એવું પ્રમાણ તારવે છે.

'સરસ્વતીચંદ્ર મુજ સ્વામી સાચા' નિબંધ 'સરસ્વતીચંદ્ર'ના અંત વિશેના સર્જનાત્મક અભિપ્રાયની સાથે સરસ્વતીચંદ્રના સર્જક ગોવર્ધનરામની ચેતના સાથેના વિરલ અનુસંધાન ધરાવતી ભાષાશૈલી આ નિબંધનો વિષય છે. 'ફિલ્મી ગીતો' નિબંધમાં ફિલ્મ ગીતો વિશેનું પોતાનું અજ્ઞાન લેખક વ્યક્ત કરે છે.

'ગોષ્ઠી'ના નિબંધો સર્જકનો વિવિધ વિષયો પરનો સ્વૈરવિહર છે. ચિંતન આ નિબંધોના કેન્દ્રમાં છે. 1951 સુધીમાં લખાયેલાં આ નિબંધોમાં રાજકીય જાગૃતિ દાખવતો નિબંધ 'ચંદ અલ્ફાઝ' જોઈને એમ થાય કે બીજું વિશ્વયુદ્ધ, 'ભારત વિભાજનની વિભીષિકા' અને ગાંધીહત્યા જેવી ત્રણ એમના સમયની જ નહિ પણ વીસમી સદીની મોટી ઘટનાઓ વિશે આ ગાળામાં કશું જ કહેવાનું બન્યું નથી. પ્રતિનિધિ સર્જક પાસે નિબંધ જેવું સ્વરૂપ હોય ત્યારે સમકાલીન વાસ્તવથી આટલું વ્યાપક અંતર આશ્ચર્ય જન્માવે છે. મન્ટો પાસેથી વિભાજનની વાર્તાઓ મળે છે પણ આપણા મોટા ભાગનાં સર્જકો આ ગાળામાં સ્થિપ્રજ્ઞ અવસ્થામાં હતા એમ ઈતિહાસ જોતાં જણાય છે. નિબંધ સ્વરૂપમાં નિરૂપણરીતિ અને વિષય વૈવિધ્યનો સર્જકે સંતોષપ્રદ તાગ કાઢ્યો છે પણ 'લલિત નિબંધ'ના શાસ્ત્રીય સિદ્ધાંતો અને કલામૂલ્યની દૃષ્ટિએ કાળના પ્રવાહમાં ટકી રહે એવા નિબંધો કેટલા ? એ પ્રશ્ન આપણને શતાબ્દી વર્ષે થાય તો મોડું નથી થયું. અનુગામી સર્જકો માટે નિબંધ લેખનની આ રીતિ અનુકરણીય બને તે રીતે પ્રભાવક રહી છે એ નોંધવું જોઈએ. પણ એ પણ જુદી ભૂમિકાએ સમીક્ષાનો વિષય છે.

'ઉઘાડી બારી'ના નિબંધો એટલે 1947થી 1958 દરમ્યાન 'સંસ્કૃતિ' સામયિકનાં પ્રથમ પાને પ્રગટ થયેલાં 91 જેટલાં લઘુલેખો છે. ચાર ખંડમાં આ લઘુલેખોને વિષયવસ્તુ પ્રમાણે વિભાજીત કર્યા છે. કર્મયોગ, ચરિત્રો, પ્રકૃતિપ્રેમ એવા વિષય પર પ્રથમખંડ પ્રાપ્ત થાય છે. પ્રથમ બે નિબંધો સર્જકનું ગીતામંથન છે. અર્જુન અને કૃષ્ણના સંબંધને લેખક આધ્યાત્મિક સંસ્પર્શથી તપાસે છે. 'દિવાળી બાકી' જેવો નિબંધ ગાંધીજીના અવતરણથી શરૂ થાય છે અને સર્જકની એક મનુષ્ય તરીકેની જીવાતા જતા જીવન પ્રત્યેની નિસબતનો પરિચય આપે છે. 'પ્રકૃતિ એટલે ભોગ અને તપ વચ્ચે સમતોલપણું. વિકૃતિ એટલે ભોગનો અતિરેક. સંસ્કૃતિ એટલે તપનો અતિશય' એવી સૂત્રાત્મક શૈલીથી સર્જક લાઘવતાપૂર્ણ અભિવ્યક્તિ દ્વારા મોટા વિષયને બાથ ભીડે છે અને સર્વાંગ સુંદર કૃતિ મળે છે. પંડિત સુખલાલજીએ 'કામવિજય, મારવિજય' એવું શબ્દયુગ્મ આપેલું. સર્જક આ શબ્દો પર નિરાંતે નિબંધ લખે છે. સંસ્કૃત સાહિત્યના સંદર્ભથી લેખક વિષય માવજત કરે છે. સત્ય-ધર્મની સાધના, સત્યં પરં ધીમહિ જેવા નિબંધો સર્જકની ચિંતનશીલ મુદ્રાનો પરિચય કરાવે છે. સોક્રેટીસના મુકદ્દમા વિશેનો નિબંધ સત્યવીર સોક્રેટિસની સમ્યક્ છબી ઉપસાવે છે. સંતકવિ તુકારામના નિર્વાણ ત્રણસો વરસ થયાં તે નિમિત્તે લખાયેલ લઘુ લેખ 'તૂં માઝા સાંગાતી'માં તુકારામની ઈશ્વરનિષ્ઠા અને શ્રદ્ધાની સાથે તુકારામના અભંગોની આંતરશ્રિનો પણ પરિચય કરાવે છે. સર્જકની નજરે ગાંધીજી 'નમ્રતાના નિધિ' કાલિદાસના મેઘદૂત વિશે ટૂંકમાં વાત કરી સર્જક જણાવે છે કે, 'મેઘદૂતને પસંદ કરીને કાલિદાસે ભારતીય સંસ્કૃતિના મુખ્ય તારને ઝણઝણાવ્યો છે.'

વિદ્યા, કલા, રંગભૂમિ-વિભાગ અંતર્ગત લઘુલેખોની સંખ્યા પણ વીસેક જેટલી છે. સ્વાધ્યાય-પ્રવચનમાં પ્રમાદ ન કરવાની વાતનો વિસ્તાર જ તરત પછીના લેખમાં ભળાય છે. વાચાની ઉપાસના વિશેનો લેખ પણ મનનીય છે. સાહિત્ય વિશેનો નિબંધ સર્જકની બહુશ્રુતતાની

ઝાંખી કરાવે છે. અંગ્રેજ પ્રજા સાહિત્યની સેવા કઈ રીતે કરે છે. તેની બ્રિટિશ કાઉન્સીલના સંદર્ભ સાથે માહિતી આપીને લેખક તેમની ચોમેર ફરી વળતી નજરનો પરિચય આપે છે. કલા વિશેનો લેખ ચિત્રકલાનો મહિમા કરે છે. 'કલ્પના અને સત્ય'ના ટચુકડા નિબંધમાં લખેક આચાર્ય આનંદ શંકરનો સંદર્ભ આપતાં જણાવે છે કે; ''કલ્પનાનું જગત એ મિથ્યા જગત નથી. હૃદયમાં અસહ્ય યાતનાઓ અનુભવવી અને કહેવું કે નરક નથી, હૃદયમાં પારાવાર રસ-આનંદ અનુભવવો અને કહેવું કે વૈકુંઠ નથી એ બરોબર નથી.'' અહીં જોઈ શકાય કે સર્જકતા અને કલામીમાંસા બાબતે કલ્પના અને સત્યની સૂક્ષ્મ વિચારણા થઈ છે. કલાકારે સંવાદિતાની સાધના દ્વારા જ મનુષ્ય જાતિ પ્રત્યેનું ઋણ અદા કરવાનું છે એમ એક નિબંધમાં જણાવી તેઓ 'સારસ્વતધર્મ'ની વાત કરે છે. આ વિભાગના પ્રારંભના મોટાભાગના નિબંધો સાહિત્યકલા અંગેના પાયના વિચારોની સાંકળ જેવા એકબીજા સાથે અનુબંધિત છે. ગોવર્ધનરામની શતાબ્દી પ્રસંગે 1955માં 'સાહિત્યકારો અને યુગપ્રવાહ' નિબંધ તેઓ આપે છે. આવા આગવી મહત્તા ધરાવતા નિબંધ માટે લાઘવમાં વાત કરવાના કારણે યુગપ્રવર્તક સાહિત્યચિંતક પાસેથી જે વાત મળતી જોઈએ તે મળતી નથી. 'શબ્દો જીવનનું મધુ'માં શબ્દનો મહિમા વ્યક્ત કરી લેખક તેમાં; આ 'શબ્દમધુ'માં આપણે બે બિંદુ ઉમેર્યા ? એવો પ્રશ્ન પૂછે છે.

એકંદર લઘુલેખોમાં એકાદ વિચારનો વિસ્તાર છે. 'સિંહના વાડા ન હોય' નિબંધમાં તેઓ જણાવે છે તે ધ્યાને ધરવા જેવું છે.

''વિચારભેદ એટલે વૈમનસ્ય એ ખ્યાલ ખોટો છે. માનસ જીવન ઉપર-સમગ્ર જીવન ઉપર લીલ બાઝી ન જાય એ જોવું હોય તો સારા વિચારભેદો નિર્ભયપણે પ્રસ્તુત કરતાં ખંચકાવું ન જોઈએ. પ્રજાની સમગ્ર જ્ઞાનસાધના એમ જ ખીલે અને તેજસ્વી બને.'' આપણે સર્જક ગુરુ ઉમાશંકર જોશીની આ ઓજસ્વી શીખામણ ભૂલી ગયા છીએ અને વિચારભેદને વૈમનસ્ય સમજીએ છીએ. 'વિવાદમાં પડવું નહીં' એવો ધ્યાનમંત્ર ગળે વળગાડી સંબંધો સાચવવામાં જ જીવનની સાર્થકતા સમજીએ છીએ.

'કેળવણીનો કીમિયો'-વિભાગ અંતર્ગત લખાયેલાં લેખો કેળવણીકાર ઉમાશંકર જોશીની નિસબતનો પરિચય કરાવે છે. આ નિબંધોમાંથી પસાર થતાં પ્રશ્ન એ જ થાય કે કેળવણી વિશે આજના ચિંતકની પાસે પણ પ્રશ્નો કહો કે સમસ્યાઓ એ જ છે. કશું જ નથી બદલાયું જાણે ! સર્જક છેક 1956માં કહે છે તે જોઈએ : ''પરદેશી શાસનથી છૂટવા માટે જીવ પર આવ્યા ત્યારે જે કર્યું તે કર્યું. હવે, શિક્ષણ એ રાજકારણીઓના પગદડાની સ્થિતિમાંથી વેળાસર બચે અને એની પવિત્રતા સૌના મનમાં વસે એ માટે છેવટે કોઈએ નહિ તો શિક્ષકવર્ગે તો સચિંત અને સક્રિય થયા વિના છૂટકો નથી. કેળવણીનું ક્ષેત્ર ભેળાશે તો જોતજોતામાં પ્રજાજીવવનું તળિયું દેખાશે.'' - આજે સર્જક હયાત હોત તો તેમની વાત કેટલી હદે સાચી ઠરી છે તે જોઈને એમને અસહ્ય વેદના થઈ હોત ! આપણે ગાંધીયુગમાંથી ગોઠવણયુગમાં આવી ગયા છીએ.

સર્જકે 1951માં લખ્યું છે કે ''આજની કેળવણી માણસમાં રહેલી ક્રૂરતાનો-પશુતાનો ઢાંકપિછોડો કરવાની કળા મુખ્યત્ત્વે શીખવે છે.'' સર્જકને સ્વભાષા પ્રત્યે પ્રેમ હોય એ કાંઈ જણાવવાની જરૂર ન હોય પણ સાચો સર્જક વિશ્વનાગરિક હોય છે. તેથી જ અનુવાદકલાનું મહત્ત્વ સંસ્કૃતિ સેતુ તરીકે જ નહિ કેળવણીના એક મહત્ત્વના આયામ તરીકે તેઓ સ્વીકારે છે. તેમણે એક નિબંધમાં નોંધ્યું છે : ''જેઓ સંસ્કૃત, અંગ્રેજી રૂડી રીતે જાણે છે તેઓ તેની સકળ સમૃદ્ધિ સ્વભાષામાં લૂંટી આણવામાં પ્રમાદ કરે તો તે અક્ષમ્ય ગણાય.'' વિશ્વવિદ્યાલયની આ સર્જકની કલ્પના જ નિરાળી છે. તેઓ કહે છે : 'વિશ્વવિદ્યાલયનો વિચાર કરતાં કેન્દ્રમાં મને એક વડ જેવું ઝાડ દેખાય છે. એની નીચે શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે જ્ઞાઅનની ઊંચામાં ઊંચી કક્ષાની ચર્ચાઓ ચાલી રહી છે.'

જુલાઈ 1950માં સર્જકે 'વન, ઉપવન અને તપોવન'માં લખ્યું, ''પ્રભુ, અમને અમારા જંગલ પાછાં આપ ! આજે બ્રાહ્મણજીવન-વિશાળ અર્થમાં શિક્ષક જીવન-જીવવા ઈચ્છનારના હૃદયમાંથી કોઈ પ્રાર્થના સરી પડે તો તે આ છે. પણ ચારેકોર નજર કરીએ તો જંગલ કાપી નાખવામાં આવ્યં છે.'' સાઠ વર્ષ પહેલાં લખાયેલો આ નિબંધ હજી આજે લખાયો હોય એવો છે.

ઉમાશંકર જોશીએ નોંધ્યું છે : ''ગાંધીજીએ કહ્યું કે હિમાલયમાં નહીં, દિલ્હીમાં મળશે એટલી શાંતિ મારે બસ છે. આજના શિક્ષકધર્મી સાધકે જ્યાં બેઠો હોય ત્યાં પોતાનું તપોવન રચી લેવું રહ્યું.'' આજે શિક્ષકધર્મી સાધકો લઘુમતિમાં છે. એટલે કે તેમની સંખ્યા ઓછી છે. મોટે ભાગે આજનો અધ્યાપક એટલે એકાદ ગાડી, બાઈક, અંગ્રેજી માધ્યમમાં ભણતાં બે બાળકો અને F.Dમાં ને ગોલ્ડમાં, પ્લોટમાં રોકાણની ચિંતા !

લોકશાહી, ભારત અને જગતરંગ વિભાગ અંતર્ગત પ્રાપ્ત થતા વિચારો પણ મનનીય અને મહત્ત્વનાં છે. દેશ સ્વતંત્ર થયાં પછીનાં તરતનાં વર્ષો વિશે અને આપણી ઉછરતી લોકશાહી વિશે તેઓ ચિંતિત છે. 'મત આપવો કે કેમ ?' જેવો પ્રશ્ન આજે થાય છે તેમ ત્યારે પણ (1957)માં થતો હતો એ જ ઘણું સૂચવી જાય છે. પ્રજાના ભાવિનો વિચાર કરવો અને લોકશાહી ઢબે રાષ્ટ્રનિર્માણ કરવાની વાતના એ દિવસો પછી પણ સ્થિતિ ખાસ સુધરી નથી. 1950માં પ્રથમ પ્રજાસત્તાકની ઉજવણી પછી તરત લખાયેલ લેખમાં તેમણે નોંધ્યું છે; ''સૌથી મોટી સજા ખરાબ માણસો આપણી ઉપર રાજ કરે છે એ છે. એમાંથી છૂટવું હોય તો સારા માણસોએ રાજકાજનો બોજ ઉઠાવવા આગળ આવવું જોઈએ.'' 'પ્રથમ ચૂંટણી' વિશેના 1951માં લખાયેલા લેખમાં પણ નેહરુ દ્વારા ઉત્તમ ઉમેદવારની પસંદગી થશે એવી આશા-અપેક્ષા ફળીભૂત થઈ નથી એવી ફરિયાદનો સૂર અને ઉમેદવારોની પસંદગીમાં જ્ઞાતિવાદી સમીકરણો વિશે લખવાનું થયું છે. આજના માહોલ વિશે હવે લખવું કે બોલવું કે મૌન રહેવું એ જ સમજાતું નથી.

''પોતાના અંતરાત્માનો ઝીણો અવાજ ગમે તેવા જોખમે પણ પ્રજા આગળ રજૂ કરનારા નિર્ભય સત્યવીરો એ લોકશાહીના આત્માના સ્થાને છે.'' એવી શ્રદ્ધા લેખકે વ્યક્ત કરી છે. પણ અઘોષિત કટોકટી જેવા આપણા સમયમાં અંતરાત્મા રૂંધામણ અનુભવે એવા પારાવાર પ્રસંગો દરરોજ આપણી સમક્ષ ભજવાય છે. 'વિશ્વ નાગરિક હિંદી' નિબંધ સુધી વિસ્તરતો આ વિચાર વ્યાપાર મનુષ્ય જીવનની અને નાગરિક ઘડતરની સરળ હૃદયે લખાયેલી પાઠમાળા છે. ઊંચા આદર્શોને અલંકારમંડિત રીતે રજૂ કર્યા નથી. વાત કળાની હોય, જીવનની કે જીવન મૂલ્યોની, કેળવણીની કે લોકશાહીની-રાષ્ટ્રપિતા ગાંધીજીના સંદર્ભોથી લેખકે ઘણી હૂંફ મેળવી છે. અવતરણક્ષમ પંક્તિઓ ઘણી છે. અમુક લઘુલેખો વિસ્તરેલા ચર્ચાપત્રો જેવા છે. આ લેખો લલિત નિબંધો કે સર્જક નિબંધો નથી એમ કહેવાથી ગદ્યકૃતિ તરીકે એનું મૂલ્ય ઘટતું નથી. સર્જકની બહુશ્રુતતા, વ્યાપક વિચારશીલતા અને નિત્ય વિકસતા કેળવણીકારની નિરાંતે લખાયેલી નોંધપોથી સર્જકના યુગધર્મનો આલેખ બને છે. દરેક યુગને પોતાના સમયના પ્રજાજીવનના પ્રવાહોને શબ્દબદ્ધ કરનાર ઉમાશંકર જોશી મળવા જોઈએ એ જ 'ઉઘાડી બારી'ની ફળશ્રુતિ છે.

'શિવ સંકલ્પ' (1978)માં પ્રગટ થાય છે જે 'ઉઘાડી બારી'નો અનુગામી સંગ્રહ છે. સ્વરૂપ લઘુ લેખોનું છે. કર્મયોગ, અધ્યાત્મ, પ્રકૃતિપ્રેમ, કેળવણી, વિજ્ઞાન, સાહિત્ય, લોકશાહી અને સમાજસિંચન આદિ વિવિધ વિષયો તેમાં સમાવિષ્ટ છે. 'સંસ્કૃતિ' માસિકના પ્રથમ અંકના પ્રથમ લેખનું નામ 'શિવ સંકલ્પ' છે જે આ સંગ્રહનો પ્રથમ નિબંધ છે. તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ એ કવિ હૃદયનો ઉદ્‌ગાર છે. યંત્રવિજ્ઞાનને સુલભ કરેલી ગંજાવર હિંસક શક્તિ સામે માનવીય ગૌરવથી વિચરનાર વ્યક્તિઓ સર્જકને આશાના કિરણ સમાન જણાય છે. આંતર-બાહ્ય કટોકટીના જીવતા જવાબ રૂપે તેઓ માણસને જુએ છે. 'અવિચલ સત્યનિષ્ઠા' નિબંધ ગાધીજીની સત્યનિષ્ઠાને અપાયેલી ઉમદા અંજલિ છે. ગાંધીજીનું જીવી જવું એ મનુષ્યોના અંતરાત્માની ઊંઘ ઉડાડવા માટે મોટું બળ હતું એમ જણાવી તેઓ ઉમેરે છે કે, 'ગાંધીજીનું રાજકારણ એ વિશાળ સત્યકારણ હતું. આ નિબંધ 1966માં લખાયો છે. 'ધર્મોનું અધ્યાત્મ ગોત્ર' નિબંધમાં તેઓ જણાવે છે કે 'સૌ ધર્મને જિવાડતો અધ્યાત્મમાર્ગ' એ જ આવતીકાલનો માર્ગ છે.

1970માં ગાંધીનિર્વાણદિન નિમિત્તે સાબરમતી આશ્રમની સવારની પ્રાર્થનામાં આપેલું પ્રવચન 'મરજીવવું' શિવ સંકલ્પમાં સમાવિષ્ટ છે.ગાંધીજીના મહાજીવનને અપાયેલી અંજલિ છે.

'દિવાળી' વિશેનો નિબંધ પ્રાસંગિક છે. લાભપાંચમને જ્ઞાનપંચમી પણ કહે છે. તે વાત આશ્ચર્ય પ્રગટ કરીને તેમણે 'જ્ઞાનગંગોત્રીના યાત્રી' નિબંધમાં અમદાવાદના સાક્ષરરત્નો અને સમૃદ્ધ જૈન જ્ઞાનભંડારોની વાત રસપ્રદ રીતે કરી છે.

કેળવણી વિષયક વિભાગમાં 'ચેતનની ખેતી' નિબંધ બાળકોની કેળવણી વિશેનું ચિંતન છે. શિક્ષક એટલે માનવમાળી. બાળકેળવણીમાં ઉત્તમ માણસો રોકાયેલા હોવા જોઈએ એવી બેંતાલીસ વર્ષ પહેલાં તેમણે પ્રગટ કરેલી અપેક્ષા ક્યારે ફળશે ? 'લોકશાહીનું ધરુ'માં તેમણે પ્રાથમિક કેળવણીને લોકશાહીનું ઘરું તરીકે ઉલ્લેખી છે. આપણી નૈતિક અધોગતિના મૂળમાં પ્રજામાં સંવેદનશીલ કેળવણીના અભાવને તેઓ જુએ છે. ''હિંદ એ મહાન પુરુષોનો પરંતુ અધમ પ્રજાનો દેશ છે.'' જેવો આક્રોશ તેઓ ઉચ્ચારે છે. 'નીત છેતરપીંડી જીરવવી મુશ્કેલ' પ્રજાની નાડ પર હાથ મુકીને સર્જક ચિકિત્સા કરે છે. તેઓ છેક 1976માં લખે છે : ''એકવીસમી સદીના આરંભે માણસનો હાથ (એટલે કે બુદ્ધિ) મંગળથીયે ઘણે દૂર પહોંચી જશે. પણ સાથેસાથે એનું હૃદય પાડોશીના પૃથ્વી પરના બીજા માનવીના હૃદય સુધી પહોંચતા બરોબર શીખ્યું નહીં હોય તો પૃથ્વી પરનું એનું ઝેર થઈ ગયું હશે.''- એકવીસમી સદીના એક દાયકાની સમાપ્તિ પછી સર્જકની આ વાત કેટલી હદે સાચી પડી છે તે આપણા સહુના અનુભવની વાત છે. મૂલ્યો કોઈની પર લાદી શકાતા નથી અને મૂલ્યોને પોતાના જીવવા દ્વારા સાકાર કરનાર વ્યક્તિઓ વધવી જોઈએ એવી કવિ અપેક્ષાને મહાભારતના દ્રૌપદી વસ્ત્રહરણ ઘટના વખતના વિકર્ણ વિદ્રોહના દૃષ્ટાંત વિનિયોગનો સમુચિત લાભ મળે છે. ''સાચા શિક્ષકને મન વર્ગ એ સ્વર્ગ છે'' ઉક્તિ 'વાયોલિનના સૂર' નિબંધની છે તેવી ભાળ મળે છે. 'શિક્ષકો અને રાજકારણ' નિબંધમાં ગોખલે અને ઈંગ્લેન્ડના લેસ્કી જેવા મહાન શિક્ષકોના ઉદાહરણ થકી શિક્ષકોની રાજકારણમાં જાગૃતિપૂર્વકની નિસબત-સક્રિયતાને આવકારે છે.

ઝવેરચંદ મેઘાણીના અંતિમ જન્મદિનની ગુજરાત વિદ્યાસભાના એમ.એ.ના વિદ્યાર્થીઓ સમક્ષ આકસ્મિક ઉપસ્થિતિના લાભનો સ્મૃતિ નિબંધ, ડૉ.રાધાકૃષ્ણનના મદ્રાસ નિવાસસ્થાને રાધાકૃષ્ણનને અકાદમી ફેલો તરીકેની પદવીના કાર્યક્રમની વિગતો રસપ્રદ રીતે વ્યક્ત થઈ છે.

લોકશાહી, ભારત અને જગત-રંગ વિષયક લેખોનો અંતિમખંડ પણ પ્રજાજીવનની વ્યાપક કેળવણી ઈચ્છતા, નાગરિક સમાજનું સમજપૂર્વક ઘડતર ઈચ્છતા પ્રબુદ્ધ નાગરિકની પ્રજ્ઞાનો આલેખ છે. 'સત્યમેવ જયતે' મુદ્રાલેખને ચિંતનશીલ અદાથી અધિકારપૂર્વક ઘુંટ્યો છે. 1962માં યોજાયેલી ત્રીજી ચૂંટણીને નિમિત્તે તેમણે 'રૂડો અવસર' નિબંધ લખ્યો છે. ચૂંટણીલક્ષી આદર્શો તેમાં વ્યક્ત થયા છે. લોકશાહી મૂલ્યોની ખેવના અગ્રસ્થાને છે. 'લોકશાહી અને અહિંસા' નિબંધમાં ગાંધીમૂલ્યોની માવજતનું અનુસંધાન છે. 'જાગ્રત નારીશક્તિ' નિબંધ પ્રથમ ગ્રેજ્યુએટ ગુજરાતી મહિલાઓ વિદ્યાગૌરી નીલકંઠ અને શારદાબહેન મહેતાને તેમણે યાદ કર્યા છે. સ્ત્રીશક્તિમાં ગાંધીજીએ પ્રગટાવેલા જુવાળને વિશે પણ સમુચિત નોંધ કરી છે. વિશ્વ એક કુટુંબ છે ની ભાવના 'એક કુટુંબ થવાની મથામણ' નિબંધમાં સુપેરે વ્યક્ત થઈ છે.

સર્જકે તેમના સમયની અરાજકતા, મનુષ્ય મનુષ્ય વચ્ચે વિશ્વાસની કટોકટી અને લોકશાહીના જતન માટે નાગરિક ઘડતરની અનિવાર્યતા જોઈ એકાધિક નિબંધોમાં વાત ઘૂંટી છે. ત્રણેય સંગ્રહોમાંથી પસાર થતાં એક વાતની પ્રતીતિ થાય છે કે અવિરત સક્રિયતા અને ચિંતનશીલ શિક્ષકના આ વિચારો કેળવણીના સાચુકલા કીમિયા જેવા છે. આડંબરી કે આલંકારિક શૈલીનો મોહ તેઓ ટાળી શક્યા છે. બહુશ્રુતતા અવરોધ બનતી નથી એન અભ્યાસથી સમૃદ્ધ, સાક્ષરના વિચાર વિશ્વમાં પ્રવેશવા સાચુકલી જિજ્ઞાસા પૂરતી છે. ભાવક અનેકવિધ સંદર્ભોથી પરિચીત થાય છે. વિચારને દૃષ્ટાંત અને વૈશ્વિક દૃષ્ટિનો આધાર મળે છે. નૈતિક નિષ્ઠા અને વિશ્વસનીયતાના પાયા પર વ્યક્ત થયેલાં સમૃદ્ધ વિચારરાશીમાં લાલિત્યનું પ્રમાણ ઓછું પણ ગોષ્ઠીપૂર્વક થયેલો સંવાદ હોવાથી વ્યક્ત થયેલાં શબ્દની પ્રતીતિ સહજ બને છે. ગીતા અને ગાંધી સર્જક ચેતના સાથે અભિન્નપણે જોડાયેલાં છે. તેની પારાવાર પ્રતીતિ આ લેખો કરાવે છે. આ લઘુલેખો સર્જકની આંતરકથા બની રહે છે. એનકવિધ ઉચ્ચ હોદ્દાઓ અને ભરચક વ્યસ્તતા વચ્ચેનું લેખન આગવું દસ્તાવેજી મૂલ્ય પણ ધરાવે છે. ભારતમાં લોકશાહીના ઉદ્દભવ અને ઉછેરનાં ચાર દાયકાના સાક્ષી એવા ઉમાશંકર જોશીએ લોકશાહીપર્વ ચૂંટણી વિશે વ્યક્ત

કરેલી મથામણો તેમને પ્રજાના પ્રતિનિધિ તરીકે ઓળખવા માટે પૂરતી છે. બહુમુખી પ્રતિભાના માલિક એવા ઉમાશંકર જોશીના વ્યક્તિત્વની અનેકવિધ છબીના મૂળ આ નિબંધોમાં વ્યક્ત થયા છે.

## 5.4 તમારી પ્રગતિ ચકાસો.

1. કયા નિબંધમાં રેડિયો વાર્તાલાપની વાત આવે છે ?
2. 'પ્રકાશકોએ લોકવિદ્યાપીઠ જેવું કામ કરવું જોઈએ'- એમ કયા નિબંધમાં સર્જકે જણાવ્યું છે ?
3. 'મૈત્રી એ ઉદાત માનસોનું લગ્ન' - ઉક્તિ કોની છે ?
4. 'પરીક્ષા' નિબંધનું જાણીતું વિધાન લખો.
5. 'મેઘાણીભાઈ' નિબંધ કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યો છે ?
6. અમદાવાદ વિશેના નિબંધમાં કયા સમયનું અમદાવાદ છે ?
7. આપણા દેશને કોણે ઉઘાડી આંખોએ જોયો છે ?
8. 'જ્યોતિર્મય શબ્દ'માં કયા મહાનુભાવોની વાત થઈ છે ?
9. નર્મદે લખેલો કયો નિબંધ ઉમાશંકર જોશીએ પણ લખ્યો છે ?
10. 'મરજીવવું' નિબંધ કયા નિબંધસંગ્રહમાં છે ?
11. ગાંધીજીની સત્યનિષ્ઠા કયા નિબંધનો વિષય બને છે ?
12. 'દિલ્હીમાં મળશે એટલી શાંતિ મારે બસ છે.' - વિધાન કોનું છે ?
13. 'સિંહના વાડા ન હોય'માં કયો વિચાર કેન્દ્રમાં છે ?
14. 'બેબિસ્તાન'ની માગણી કયા નિબંધમાં થઈ છે ?
15. કાંતવા વિશે કયો નિબંધ ઉમાશંકર જોશીએ લખ્યો છે ?

## 5.5 સ્વાધ્યાય

નીચેના પ્રશ્નોના વિગતે જવાબ આપો.

1. ઉમાશંકર જોશીના નિબંધોનું વિષયવૈવિધ્ય
2. ઉમાશંકર જોશીના નિબંધમાં વિશિષ્ટ વ્યક્તિ વિશેષના વિચારોની સમીક્ષા.
3. નિબંધકાર ઉમાશંકર જોશી વિશે વિસ્તૃત જવાબ આપો.

- આટલું અવશ્ય કરો.

1. ઉમાશંકર જોશીના નિબંધો વાંચો.
2. ઉમાશંકર જોશીના નિબંધોમાં મહાનુભાવોના ઉલ્લેખો, વિધાનોની યાદી બનાવો.
3. ઉમાશંકર જોશીના નિબંધોના સૂત્રાત્મક વાક્યો નોંધો અને યાદ રાખો.

---

**લેખન :** પ્રો.યોગેન્દ્ર પારેખ - ગુજરાતી વિભાગાધ્યક્ષ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

એકમ 6

# કેળવણીકાર ઉમાશંકર જોશી

6.1 ઉદ્દેશ
6.2 પ્રસ્તાવના
6.3 ઉમાશંકર જોશીની વિદ્યાયાત્રા
6.4 કેળવણીના કીમિયાગર ઉમાશંકર જોશી
6.5 સ્વાધ્યાય
6.6 સંદર્ભસૂચિ

## 6.1 ઉદ્દેશ

આ એકમના અભ્યાસથી ઉમાશંકર જોશીની વિદ્યાયાત્રાનો પરિચય થશે.

- સતત વિકસતી વિદ્યાયાત્રા, કેળવણીકાર ઉમાશંકર જોશીના કારકિર્દીલક્ષી વિવિધ પડાવોનો પરિચય થશે.
- અવિરત અધ્યયન, અધ્યાપન, ચિંતનથી સભર જીવનસફરના અભ્યાસથી આપણી વિદ્યાચેતનાને પ્રેરણા મળે અને આપણે સહિયારી વિદ્યાયાત્રાના સાક્ષી બની આત્મવિકાસ કહો કે જીવનવિકાસ સાધી શકીએ એવી અપેક્ષા અસ્થાને નથી.
- 'કેળવણીનો કીમિયો' અંતર્ગત કેળવણીનાં કીમિયાગર ઉમાશંકર જોશીનો સર્વાંગી સક્રિયતાથી લાભાન્વિત થઈએ.

## 6.2 પ્રસ્તાવના

કેળવણીકાર ઉમાશંકર જોશી માત્ર સર્જક નથી, માત્ર ચિંતક નથી. સાચા અર્થમાં સાહિત્ય, શિક્ષણ, જીવનસાધના, અધ્યાત્મ, ગાંધીચેતના અને નાગરિક ઘડતરની ભૂમિકાએ સમગ્ર ગુજરાતી પ્રજા માટે લોકશિક્ષક છે. તેમનો કેળવણીવિચાર નિત્ય વિકસતી પ્રજ્ઞાના પરિપક્વ ફળ સમાન છે. આજીવન વિદ્યાર્થી રહેલા આ વિદ્યાધર્મી સારસ્વત વિદ્યાક્ષેત્રના સર્વોચ્ચ પદ સુધીના મુકામ સુધી પહોંચ્યા. દરેક પડાવને ગૌરવ અપાવ્યું. કેળવણીક્ષેત્રના દરેક મુકામ પર માત્ર સફળતા જ નહિ સભરતા પામ્યા અને શિક્ષકજીવનનો આદર્શ સિદ્ધ કર્યો. જીવન પોતાની વિદ્યાસાધના કે વિદ્યાતપ દ્વારા આ ક્ષેત્રને અજવાળ્યું. જ્ઞાનદીપ પ્રજ્જવલિત રાખ્યો. આપણે પ્રારંભે તેમની વિદ્યાયાત્રાની દસ્તાવેજી હકીકતોની રૂપરેખાનો અભ્યાસ કરીશું ત્યારબાદ 'કેળવણીનો કીમિયો'ની સઘન અધ્યયન બાદની સારરૂપ સામગ્રીમાંથી પસાર થઈશું.

## 6.3 ઉમાશંકર જોશીની વિદ્યાયાત્રા

- વતન ઈડર તાલુકાના બામણા ગામે 1916થી 1920 દરમિયાન પ્રાથમિક શિક્ષણ મેળવ્યું.
- ગુજરાતી ચોથું ધોરણ ઈડરમાં ભણ્યા અને ઈડરની સર પ્રતાપ હાઈસ્કૂલમાં આગળ અભ્યાસ કર્યો.
- 1927-28 : અમદાવાદની પ્રોપ્રાયરી હાઈસ્કૂલમાં મેટ્રિકની પરીક્ષા પસાર કરી. મુંબઈ પ્રાંતમાં ત્રીજા નંબરે અને અમદાવાદમાં પહેલા નંબરે ઉત્તીર્ણ થયા. ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવ્યો ત્યારે તેજસ્વી છાત્ર તરીકે ગુજરાત કૉલેજ તરફથી રૂા.15 મહિને મેરિટ સ્કોલરશીપ મેળવી. ઈડર રાજ્ય તરફથી પણ દર મહિને રૂા.15ની શિષ્યવૃત્તિ મેળવી.

1930 સુધી ગુજરાત કૉલેજમાં અભ્યાસ કર્યો. દરમિયાન 1929માં જાન્યુઆરી મહિનામાં શરૂ થયેલી હડતાળમાં ગુજરાત કૉલેજની હડતાળમાં સહભાગી થયા. 1930થી 1934 સુધી અભ્યાસ છોડીને આઝાદી આંદોલનમાં સક્રિય થયા. દરમિયાન 1931માં છ મહિના ગૂજરાત વિદ્યાપીઠમાં કાકાસાહેબ કાલેલકરના સાન્નિધ્યમાં રહેવા મળ્યું. સુન્દરમ્ સાથે પરિચય થયો. આ વર્ષે જ 'વિશ્વશાંતિ' ખંડકાવ્યની રચના કરી.

- 1934માં બી.એ.ના અભ્યાસ માટે એલ્ફિન્ટસ્ટન કૉલેજ-મુંબઈ મુકામે પ્રવેશ મેળવ્યો. કૉલેજની હોસ્ટેલમાં રહ્યા.
- 1936માં એલ્ફિન્ટસ્ટન કૉલેજમાંથી મુખ્ય વિષય અર્થશાસ્ત્ર, ગૌણ વિષય ઇતિહાસ સાથે મુંબઈ યુનિવર્સિટીની બી.એ.ની પરીક્ષા બીજા વર્ગમાં પાસ કરી.
- 1937માં મુંબઈની વિલેપાર્લેની ગોકળીબાઈ પી.પી.શાળામાં શિક્ષક તરીકે જોડાયા.
- 1938માં ગુજરાતી (મુખ્ય) તથા સંસ્કૃત (ગૌણ) વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. સિડનહાય કૉલેજ ઑફ કૉમર્સ (મુંબઈ)માં ગુજરાતી વિષયના ખંડસમયના વ્યાખ્યાતા તરીકે 1939 સુધી સેવાઓ આપી.
- 1939 : અમદાવાદની ગુજરાતી વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા)ના અનુસ્નાતક અધ્યયન સંશોધન વિભાગમાં અધ્યાપક તરીકે નિયુક્ત થયા, 1946 સુધી સેવાઓ આપી. 1946ના 2 સપ્ટેમ્બરથી જૂન 1954 સુધી અધ્યાપનના વ્યવસાયમાંથી સ્વેચ્છાએ મુક્ત થયા.
- 1948માં મુંબઈ સરકાર દ્વારા ગુજરાતી પાઠ્યપુસ્તક સમિતિમાં નિયુક્ત થયા.
- 1953માં લોકભારતી-સરણોસરાની સ્થાપનામાં સક્રિય રસ લીધો અને શરૂઆતના ગાળામાં તેમણે મુલાકાતી અધ્યાપક તરીકે સેવાઓ આપી.
- 1954ના જૂન મહિનાની ગુજરાત યુનિવર્સિટી-ભાષા સાહિત્ય ભવનમાં અધ્યાપક તરીકે જોડાયા, એ વખતે જ ભાષાભવનના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા. 30 નવેમ્બર, 1966 સુધી વેતન સાથે સેવાઓ આપી.
- 1955 : વેડછી મુકામે ગાંધી વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં દીક્ષાન્ત પ્રવચન આપ્યું.
- 1964 : દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના માટેની ગુજરાત રાજ્યે નીમેલી સમિતિમાં સભ્ય.
- 1966થી 1972 સુધી ગુજરાત યુનિવર્સિટીના માનાર્હ કુલપતિ (વાઈસ ચાન્સેસર) તરીકે યુનિયુક્તિ.
- 1970ની 4, એપ્રિલના રોજ નાગપુર યુનિવર્સિટી મુકામે દીક્ષાન્ત પ્રવચન.
- 1970માં કુલપતિઓના મંડળના અધ્યક્ષ તરીકે પશ્ચિમ જર્મનીની યુનિવર્સિટીઓની મુકાલાત.
- 1970માં જોધપુર યુનિવર્સિટી તરફથી 11 ઑક્ટોબરના રોજ ડી.લિટ્‌ની માનાર્હ પદ્‌વી એનાયત થઈ.
- 1973માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી ડી.લિટ્‌ની પદ્‌વી.
- 1976માં જાન્યુઆરી મહિનામાં રવીન્દ્ર ચર્ચાભવન કલકત્તા તરફથી 'રવીન્દ્રતત્ત્વચાર્ય'ની ઉપાધિ.
- 1978માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ માસ કોમ્યુનિકેશન-દિલ્હીના માનાર્હ અધ્યક્ષ.
- 1978માં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફથી ડી.લિટ્‌ની ઉપાધિ મળી.
- 1979ના સપ્ટેમ્બરથી 1982ના સપ્ટેમ્બર સુધી વિશ્વભારતી શાંતિનિકેતનના ચાન્સેલર તરીકે નિયુક્તિ.

- 1981ના ઑક્ટોબરની 18મી તારીખે ગૂજરાત વિદ્યાપીઠના દીક્ષાન્ત સામારંભમાં દીક્ષાન્ત પ્રવચન.
- 1991 જબલપુર યુનિવર્સિટી તરફથી ડી.લિટ્‌ની પદવી.
- 1982- વિશ્વભારતી શાંતિનિકેતન તરફથી 'દેશિકોત્તમ'ની માનાર્હ પદવી એનાયત થઈ.
- 19 ડિસેમ્બર, 1988ના રોજ રાત્રે મુંબઈની તાતા મેમોરિયલ હૉસ્પિટલમાં અવસાન.

આમ, શિક્ષક, અધ્યાપક, સંશોધક, આચાર્ય, કુલપતિપદ સુધીની આ વિકાસયાત્રાના એક પછી એક પડાવોનો પરચય વિદ્યાક્ષેત્રના કોઈપણ જિજ્ઞાસુ માટે પ્રેરક નીવડે તેવો છે. આવા પ્રજ્ઞાવંત સર્જકના કેળવણી વિચારો તેમની અનુભવસિદ્ધવાણીના ઉદ્‌ગારો છે. 'કેળવણીનો કીમિયો'માં ગ્રંથસ્થ ચિંતન તેમને વીસમી સદીના નોંધપાત્ર કેળવણીકાર તરીકે પ્રતિષ્ઠિત કરે છે.

**6.4 કેળવણીના કીમિયાગર ઉમાશંકર જોશી**

મૂર્ધન્ય સારસ્વત અને એકાધિક વિશ્વવિદ્યાલયોના કુલપતિ રહી ચૂકેલાં ઉમાશંકર જોશીનાં કેળવણી વિષયક વિચારો 'ઉઘાડી બારી' નિબંધ સંગ્રહમાં 'કેળવણીનો કીમિયો' વિભાગ અંતર્ગત સમાવિષ્ટ થયા છે. આજીવન કેળવણીકાર ઉમાશંકર જોશીના વિચારો આજે પણ પ્રસ્તુત છે એ વાતનો સખેદ સાર એ જ તારવવાનો રહે કે કેળવણી મામલે તત્કાલીન સમસ્યાઓ સર્વકાલીન જણાય છે !

'કેળવણીનો કીમિયો' શીર્ષક નિબંધમાં જ સર્જક સ્પષ્ટ કરે છે કે, ''માણસના ચૈતન્યને બહાર આણવું-પ્રેરવું એ જ કેળવણીનો કીમિયો છે.'' 'આપણી કેળવણી' વિશે જુલાઈ 1952ના લઘુલેખમાં તત્કાલીન મુંબઈ રાજયની ઉચ્ચ શિક્ષણની સ્થિતિ વિશે સર્જકે ભારોભાર અસંતોષ વ્યક્ત કર્યો છે. મુંબઈ યુનિવર્સિટીનું કદ વિસ્તરતું ગયું અને પ્રદેશ કક્ષાએ જુદી જુદી યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવતી ગઈ. આ યુનિવર્સિટીઓ તે કાળે પણ શિક્ષણલક્ષી યુનિવર્સિટી બને તે કરતાં પરીક્ષા લેતી યુનિવર્સિટી તરીકે ચાલે છે એવા સર્જકનાં તારણો આજે શિક્ષણનાં ધંધાદારીકરણનાં યુગમાં તો વિસ્તરતાં જ રહ્યાં છે. આજની સ્વનિર્ભર સંસ્થાઓમાં મૂલ્યોનું ધોવાણ અને બજારનું પ્રભુત્વ એટલાં જોર કરી રહ્યાં છે કે મોટાભાગની યુનિવર્સિટીઓ પરીક્ષા લેતી અને પદ્‌વી આપતી એજન્સીઓની જેમ વર્તે છે.

ડિસેમ્બર 1956ના એક નિબંધમાં કેળવણી ક્ષેત્રને સર્જકે 'બરકત વગરની ખેતી' તરીકે ઓળખાવેલ છે. સમાજના કોઠામાં કેળવણી પહોંચતી નથી એવી ચિંતા વ્યક્ત કરી તેઓ નોંધે છે : ''પરદેશી શાસનથી છૂટવા માટે જીવ પર આવ્યા હતા ત્યારે જે કર્યું તે કર્યું. હવે, શિક્ષણ એ રાજકારણીઓના પગદડાની સ્થિતિમાંથી વેળાસર બચે અને એની પવિત્રતા સૌના મનમાં વસે એ માટે છેવટે કોઈએ નહિ તેમ શિક્ષક વર્ગે તો, સચિંત અને સક્રિય થયા વિના છૂટકો નથી. કેળવણીનું ક્ષેત્ર ભેળાશે તો જોતજોતામાં પ્રજાજીવનનું તળિયું દેખાશે.''

વિદ્યાર્થીઓને રાજકીય હાથો બનાવતાં તત્ત્વોથી સચિંત એવા સર્જકના આ ઉદ્‌ગારોમાં વ્યક્ત થયેલી ભીતિ સાડા પાંચ દાયકા પછી છ કરોડ ગુજરાતીઓ માટે ભયજનક રીતે સાચી પડી છે.શાસન પર પ્રભાવ પાથરી શકે એવો ઉમાશંકર જોશી કક્ષાનો કોઈ કેળવણીકાર કે પ્રજાવત્સલ સંસ્કારપુરુષ આજે ગુજરાત પાસે નથી એ સ્વર્ણિમ ગુજરાતનું નિર્મમ વાત્સવ છે.

'આદર્શ વિદ્યાતીર્થ' નિબંધમાં વ્યક્ત થયેલાં તીર્થ અંગેના આદર્શો આજે તો જૂગજૂનાં થવા છતાં સાર્થક થવાની રાહ જોઈને પસ્તી થઈ ગયા છે. 1954ના સપ્ટેમ્બર મહિનામાં વિદ્યાર્થીઓ સમક્ષ આપેલા પ્રવચનમાં સર્જક કહે છે : ''પશ્ચિમના વિચારકો પણ યુનિવર્સિટીને નવા રૂપે ઝાંખી રહ્યા છે. ત્યારે હિંદ યુનિવર્સિટીઓના પશ્ચિમી દેહમાં હિંદનો આત્મા શીર

રીતે પ્રગટાવવો એની ખોજ કરી એમને આદર્શ સંસ્થાઓ બનાવી શકે.'' સમાજના શિવને પોષનારાં સૌંદર્ય અને સત્યની અવિરત સાધનાથી ધબતાં આદર્શ વિદ્યાતીર્થના પૃથ્વી પર અવતરવાની મંગલકામના વ્યક્ત કરતી વખતે સર્જક ઘણાં આશાવાદી જણાય છે.

1948ના મે મહિનામાં કેળવણીકાર ઉમાશંકર જોશીએ વ્યક્ત કરેલાં અતિ પ્રચલિત ઉદ્ગારો જોઈએ : ''એક તરંગ કહો, કવિ કલ્પના કહો, સપનું કહો, સંસ્કાર કહો, વિશ્વવિદ્યાલયનો વિચાર કરતાં કેન્દ્રમાં હંમેશાં મને એક વડ જેવું ઝાડ દેખાય છે. એની નીચે શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે જ્ઞાનની ઊંચામાં ઊંચી કક્ષાની ચર્ચાઓ ચાલી રહી છે. વડના ઝાડ તળે શિષ્યો બેઠા છે એ સૌ જ્ઞાનથી પ્રૌઢ લાગે છે. એમનો ગુરુ સ્વાધ્યાય અને તપના તેજે નિત્યયુવાન જેવો લાગે છે.''

સર્જકની આ તરંગલીલા, વિચારવૈભવ, કલ્પના વ્યાપાર સાર્થક થાય તો આપણો અવતાર એળે જાય ! સાડત્રીસ વર્ષની વયે યુવાન ઉમાશંકરે વિશ્વ વિદ્યાલયનો ઉક્ત વિચાર વ્યક્ત કર્યો. આ વિચાર આદર્શ ચરિતાર્થ કરવા નિયતિએ એમને કુલપતિ પદ પણ આપ્યું ! પણ એ વખતે આપણી કેળવણીમાં રાજકારણનો કળિપ્રવેશ બરાબરનો થઈ ચૂક્યો હતો. સાર્થકતાની એક ક્ષણ પણ વિદ્યાક્ષેત્રના ઉચ્ચાસને બેઠેલાં કુલગુરુને ભેટ આપવાની આપણા તત્કાલીન સમાજની તૈયારી ન હતી !

ગાંધીજીની પાયાની કેળવણીને મૂલ્યવાન ભેટ ગણાવી સર્જકે પ્રાથમિક કેળવણીને 'લોકશાહીનું ધરું' ગણાવેલ છે. તેમણે ખેદપૂર્વક નોંધ્યું છે, ''આજની આપણી નૈતિક અધોગતિ દેખી અકળાઈને કોઈ જરૂર કહે કે હિંદ એ મહાન પુરુષોનો પરંતુ અધમ પ્રજાનો દેશ છે... મોટાંઓએ આપણને આશાભંગ કર્યા છે તો નમઃ શિશુભ્યઃ કરીને પ્રાથમિક કેળવણીથી આરંભી પાયાથી જ પુનઃનિર્માણ કરવાનું રહે છે.''

પ્રાથમિક, માધ્યમિક અને યુનિવર્સિટી શિક્ષણની પારવગરની અરાજકતા અને સારવગરની વ્યવસ્થાથી ત્રસ્ત પ્રજા આશ્વાસનની સ્થિતિ ભાગ્યે જ બચી છે. કેન્દ્ર સરકારે 'નોલેજ કમિશન'ની રચના કરી છે. ધોધમાર વિદેશી યુનિ.ઓ આવવાની છે. ટેક્નોલૉજી ગ્રસ્ત સારસ્વતો 'કન્યા વિદાયની કવિતા' કે કાલિદાસને પણ પાવર પોઈન્ટ દ્વારા રજૂ કરે છે. દ્વિનોંધી નામા પદ્ધતિ કે અર્થશાસ્ત્રની જેમ રાવજીની કવિતાની વેદનાને પેનડ્રાઈવના પેકિંગમાં સચવાય નહિ એટલી સીધી સમજથી આપણા બડકમદારો દૂર છે. દરેક વસ્તુની સી.ડી./ડી.વી.ડી. બનાવવાની ધૂમ મચી છે. હવે કવિતા શું કામ કોઈ કંઠસ્થ કરે ? હૃદયસ્થ તો બહુ દૂરની વાત છે. કવિતા પાઠ દ્વારા આંખનો ખૂણો ભીંજાય એ જૂના જમાનાની વાત થઈ. 'કવિતા વગર જીવવાની કળા'માં સર્જક આ વાત યથાર્થ રીતે નોંધે છે.

'વન, ઉપવન અને તપોવન'ના ચિંતનશીલ કેળવણી સાધકે નિબંધનાં અંતે નોંધ્યું છે, ''ગાંધીજીએ કહ્યું કે હિમાલયમાં નહીં, દિલ્હીમાં મળશે એટલી શાંતિ મારે બસ છે. આજના શિક્ષકધર્મી સાધક જ્યાં બેઠો હોય ત્યાં પોતાનું તપોવન રચી લેવું રહ્યું.''

ઉમાશંકર જોશી આજીવન કેળવણીકાર રહ્યા છે. ફ્રેન્ચ ફિલસૂફ મારિતેનો હવાલો આપીને તેમણે આદર્શ વિદ્યાતીર્થને વિશે 'ઉપયોગી વિદ્યાઓ', 'વ્યવહારુ વિદ્યાઓ', 'ચિંતનમૂલક વિદ્યાઓ' અને 'જ્ઞાનસ્વરૂપ વિદ્યાઓ'ની ક્રમબદ્ધ આયોજના આપી છે. કેળવણી દ્વારા સંસ્કારિતાની સમૃદ્ધિનો સહજ રીતે ઉલ્લેખ કરનારા આ સર્જકે યોગ્ય રીતે જ નોંધ્યું છે કે, જેમ અન્ન વિના ન જિવાય તેમ કવિતા વિનાયે સૂક્ષ્મ અર્થમાં ન જિવાય. વનમહોત્સવમાં પણ સંસ્કૃતિધર્મનું અનુસંધાન ભાળતા આ નિબંધકારે બુદ્ધથી લઈને ગાંધીજી સુધીના પયગંબરોને માનવજાતિના મહાન શિક્ષકો તરીકેનો દરજ્જો આપ્યો છે. સાહિત્યકલામાં લય અને સંવાદિતતાના સાધક એવા આ કવિએ 'શરીરના સ્વાસ્થ્ય માટે વ્યાયામ અને આત્માના સ્વાસ્થ્ય માટે સંગીત'

જેવા તત્ત્વોનું શિક્ષણમાં સ્થાન ઈચ્છ્યું છે. 'કેળવણીનું મુખ્ય કામ દરેક માણસની અંદર રહેલા સર્જક તત્ત્વને સક્રિય બનાવવાનું છે. એમ મક્કમ રીતે માનતા ઉમાશંકર જોશીએ વિદ્યાક્ષેત્રને વિશે વિદ્યાર્થી, છાત્રાલય, શિક્ષક, આચાર્યથી લઈ વિશ્વવિદ્યાલય વિશે મૌલિક ચિંતન રજૂ કર્યું છે.'

સર પ્રતાપ હાઈસ્કૂલના તેજસ્વી વિદ્યાર્થીકાળથી લઈ શાંતિનિકેતનના કુલપતિ સુધીની જીવનસફરના અનેકવિધ પડાવમાં સતત વિકસતી શિક્ષકચેતનાએ મૂલ્યવાન ચિંતન દ્વારા આપણા કેળવણી જગતમાં જવાનું કામ કર્યું છે. કેટલીક વ્યક્તિઓએ જંગમ વિદ્યાપીઠની ગરજ સારવાની રહે એવી અપેક્ષા વ્યક્ત કરનાર ઉમાશંકર જોશી ખુદ જંગમ વિદ્યાપીઠ કે જ્ઞાનના ગરવા વટવૃક્ષની ગરજ સારે એવા માર્ગદર્શક સીમાસ્તંભો રચી આપે છે. તેઓ નોંધે છે :

'અર્વાચીન ભારતે નિપજાવેલા ત્રણ મહાન શિક્ષકો-ગુરુદેવ રવીન્દ્રનાથ, શ્રી અરવિંદ અને મહાત્મા ગાંધીનો દાખલો લો. તેઓમાંના પ્રત્યેકે ગ્રંથો ભરાય એટલા બીજાં લખાણો ઉપરાંત હજારો અંગત પત્રો લખ્યા છે. અસંખ્ય માનવ વ્યક્તિઓ સાથે એમના હૃદય હૃદય વચ્ચેના વાર્તાલાપ સમાન છે.'

ઉમાશંકર જોશીએ કેળવણીને કાર્યક્રમ નહિ પણ નિત્યક્રમ સાથે જોડી છે. જીવનભર ચાલતી પ્રક્રિયા તરીકે કેળવણીની આવશ્યકતા જોઈને જ તેમણે શિક્ષણ સંસ્થાઓને 'ચેતનાનાં ધરુવાડિયાં' કહેલ છે. અભ્યાસક્રમ પૂરતી સીમિત રહી ગયેલી શિક્ષણ પ્રક્રિયામાં કેળવણી બાદ રહી જાય છે. ગાંધીજી કહેતા કે વિદ્યાર્થીને માટે તો શિક્ષક જ તેનું પાઠ્યપુસ્તક છે. એ રીતે ઉમાશંકર પણ કહે છે કે શિક્ષકે તેના વિચાર-વાણી-વર્તન દ્વારા વિદ્યાર્થીને કેળવવાનો છે. 'કેળવે તે કેળવણી' એવો મર્મ સાચા અર્થમાં ઉમાશંકર જોશીના વિચારોમાં પ્રતિબિંબિત થાય છે. શિક્ષક પાસે વિદ્યાર્થી માટે માતા જેવો પ્રેમ અને ધીરજની અપેક્ષા સહજ રીતે વ્યક્ત કરીને તેમણે યથાર્થ રીતે શિક્ષકને 'ચેતનનો માળી' કહ્યો છે.

ઉમાશંકર જોશીએ કેળવણી અને સ્વતંત્રતા, શિક્ષણનું રાષ્ટ્રીયકરણ, આપણાં રાષ્ટ્રીય આયોજનોમાં કેળવણીનું સ્વરૂપ અને લક્ષ્ય, આપણી નઈ તાલીમ આપતી ગ્રામસંસ્થાઓ, વિજ્ઞાન અને માનવવિદ્યાઓની કેળવણીનું આયોજન, શિક્ષણના માધ્યમ ભાષાનો પ્રશ્ન, અંગ્રેજીની જાણકારી જેવા પ્રશ્નોની ચર્ચા કરવાની સાથે પ્રાથમિક શિક્ષણ અને છાત્રાલયની ભૂમિકાને પણ પોતાના મંથનમાં સમાવિષ્ટ કરે છે.

'ગોષ્ઠિ' નિબંધસંગ્રહમાં છાત્રોના આત્મવિકાસની અપેક્ષાએ તેમણે વ્યક્ત કરેલા વિચારો માણસમાં માનવ્યનિર્માણની ભૂમિકાએ કેટલાં મૂલ્યવાન છે. તેઓ નોંધે છે :

'આગળ ઉપર હાઈકોર્ટો ધ્રુજાવો કે યુનિવર્સિટીના શિખર પર કળશ થઈને દીપી રહો, ધારાસભા ગજાવો કે મોટી મોટી મેદનીઓ ડોલાવો, ભારે અફસર થાઓ કે મહાપુરુષ બની જાઓ; આટલું કદી ભૂલશો નહિ કે તમે અત્યારે ભણો છો એ એક અકસ્માત જ છે. આ કમભાગી દેશમાં સોમાંથી માંડ દસવીસ બાળકો પાટીપેન દેખવા પામતા હશે, તમે અહીં ભણો છો ને તમારી ઉંમરના ગોઠિયાઓ ખેતરે માળા પર ચઢી પંખીડા ઉડાડે છે, શહેરોના કારખાનામાં બેવડ વળી જાય છે... કોઈ અકસ્માતથી તમે એને ઠેકાણે હોત, એ તમારે ઠેકાણે હોત, પણ તમને ભણવા મળે છે ને આગળ ઉપર તમે મોટા તિસ્મારખાં બની જાઓ તો આટલું જરી ભૂલશો નહિ. અનેક લાલચો અને પ્રલોભનો હોય પણ પેલા વાંદરાએ મગરને કહ્યું હતું તેમ કહેજો કે મારું કાળજું તો, અરે ત્યાં રહી ગયું ! ત્યાં જ્યાં કુમળાં બાળકો ટોયા બનીને પંખી ઉડાડે છે, કપરી મજૂરીમાં ઘસાઈ જાય છે, પોતે ન સમજી શકે એવાં છાપાં વેચતા ફૂટપાથ પર દોડે છે. આંખમાં આંસુ સાથે માએ કહેલું તે માતૃત્વનું પણ કહ્યું માનજો : ''ઉગમણે બારણે આપણું ઘર છે'' એટલું એક ભૂલશો મા.'

- ઉમાશંકર જોશીના આ વિચારોમાં કેળવણીકારની સંવેદનસઘન વાણીનો હૃદયસ્પર્શી અનુવભ થાય છે. જે પરમઅર્થમાં તેમને મનુષ્યનિર્માણની કેળવણીના અગ્રદૂતની હરળોમાં મૂકે છે.

## 6.5 સ્વાધ્યાય

1. આ એકમના આધારે ઉમાશંકર જોશીના કેળવણી વિચાર વિશે તમારા શબ્દોમાં વિસ્તૃત નોંધ લખો.
2. ઉમાશંકર જોશીની વિદ્યાયાત્રાના મૂલ્યાન પડાવો વિશે ટૂંકનોંધ લખો.
3. કેળવણીકાર ઉમાશંકર જોશી : આ વિષય પર વિસ્તારથી લખો.

## 6.6 સંદર્ભસૂચિ

1. ઉમાશંકરનો વાગ્વૈભવ - ચંદ્રકાન્ત શેઠ
2. પ્રથમોધ્યાય - વિવેચન - યોગેન્દ્ર પારેખ

---

**લેખન :** પ્રો.યોગેન્દ્ર પારેખ - ગુજરાતી વિભાગાધ્યક્ષ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

એકમ 7

# નવલકથાકાર ઉમાશંકર જોશી


7.1 ઉદ્દેશ

7.2 પ્રસ્તાવના

7.3 'પારકાં જણ્યાં' - નવલકથા : અભ્યાસ

7.4 સ્વાધ્યાય

7.5 સંદર્ભસૂચિ


## 7.1 ઉદ્દેશ

- આ એકમના અભ્યાસ દ્વારા નવલકથાકાર ઉમાશંકર જોશી વિશે સમીક્ષાત્મક પરિચય થશે.
- ઉમાશંકર જોશીએ વિવિધ સાહિત્ય સ્વરૂપો અને વિવેચનક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. જે વિષયક વિવિધ એકમો અંતર્ગત આપણે અભ્યાસ કરીશું. કથાસાહિત્યના સ્વરૂપો નવલિકા અને નવલકથામાં ઉમાશંકર જોશીએ પોતાની સર્જકતાનો વિનિયોગ કર્યો. ઉમાશંકર જોશીનું ટૂંકીવાર્તા સ્વરૂપમાં જે પ્રદાન છે તેવું નવલકથા સ્વરૂપમાં નથી. આ તથ્યને આપણે તટસ્થાપૂર્વક સમજીશું.

## 7.2 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં રમેશ ર.દવેએ નોંધ્યું છે કે, 'ઉમાશંકરે નવલકથાલેખન છેક ૧૯૩૮માં આરંભ્યું હતું. 'ઊગમણે બારણે' શીર્ષકથી લખવા ધારેલી નવલકથાનો ઢાંચો માત્ર ઢાંચો જ રહ્યો.' ત્યારબાદ 'કુમાર' સામયિક નિમિત્તે ૧૯૪૦માં 'ઉંબર બહાર' શીર્ષકથી ધારાવાહી લેખન સ્વરૂપે ચાર હપ્તા પ્રગટ કર્યા. આખરે, પાંચ હપ્તામાં પ્રગટ કરવા ધારેલી એ કથા પણ અધૂરી રહી. આમ, નવલકથાલેખનના બે પ્રયત્નો અધૂરા રહ્યા. સર્જક મિત્ર જયંતિ દલાલના આગ્રહથી ૧૯૩૯માં 'પારકાં જણ્યાં'નું સર્જન થયું. 'પારકાં જણ્યાં' ઉમાશંકર જોશીની એક માત્ર નવલકથા છે. આ ત્રણ પેઢીની નવલકથા છે. આ નવલકથામાં ગામડું અને શહેર બંને છે. આ કૃતિ દ્વારા સર્જક ગુજરાતી નવલકથાના ઈતિહાસમાં સ્થાન પામે છે. ગ્રામજીવન નગરજીવનનું વાસ્તવદર્શી આલેખન અને જીવનતત્ત્વની માવજત આ કથામાં બરાબર સ્થાન પામે છે. જીવનમાંગલ્ય અને કારૂણ્યની સહોપસ્થિતિ આ કથાની વિશિષ્ટતા છે.

## 7.3 'પારકાં જણ્યાં' - નવલકથા

'પારકાં જણ્યાં' નવલકથા ત્રણ ખંડોમાં વિભાજિત છે. આ કથાની મુખ્ય નાયિકા દરિયાવ વિધવા છે. વતનનું ગામ છોડીને પોતાના બંને પુત્રો સાથે શહેરમાં જાય છે. મકન તેનો સગો દીકરો છે, જ્યારે પૂનમ ઓરમાન પુત્ર છે. પૂનમ પ્રત્યે ઓરમાયું વર્તન રાખે છે તેવી ટીકા ન થાય તે માટે દરિયાવ સભાન છે. પૂનમનું વિશેષ ધ્યાન રાખે છે.

દરિયાવ શહેર તરફ કેમ જાય છે ? એવો પ્રશ્ન વાચકને થાય તે સ્વાભાવિક છે. દરિયાવના શહેર તરફ પ્રયાણની ભૂમિકા લેખકે વિગતે આલેખી છે. શહેરમાંથી મોટા શેઠ દરિયાવના ગામે માતાના થાનકે આવતા. માતાની કૃપાથી પુત્રપ્રાપ્તિ થયેલી. માતાને પ્રસન્ન રાખવા બ્રહ્મભોજન આદિ કરાવતા શેઠનો એકનો એક પુત્ર ગુમ થઈ જાય છે; જે દરિયાવને મળી આવે ને દરિયાવ શેઠને તેની સોંપણી કરે છે. આ સમગ્ર ઘટનાક્રમ સવિગત લેખક આલેખે છે. શેઠ-શેઠાણી દરિયાવ પર પ્રસન્ન છે. દીકરાને સાચવ્યો અને સોંપ્યો તેથી તેઓ દરિયાવ પ્રત્યે ઋણાનુબંધ અનુભવે છે. ગામડે આજીવિકાની મુશ્કેલી છે. શેઠ-શેઠાણીના આગ્રહને કારણે, આર્થિક મુશ્કેલી વેઠતી દરિયાવ બન્ને પુત્રોને લઈ શહેર તરફ પ્રયાણ કરે છે.

દરિયાવના બે દીકરા. ઓરમાન પુત્ર પૂનમ હિસાબ કિતાબમાં હોશિયાર છે. મકન મહેનતુ છે. શહેર તરફ જતા રસ્તામાં દરિયાવ મકન-પૂનમને સલાહસૂચનો આપે છે. શહેરમાં પહોંચ્યા પછી શેઠને ઘર પહોંચ્યા પછી ત્રણેયને સારો આવકાર મળે છે. શેઠના એકના એક દીકરા ગોવિંદને આ લોકોનું આગમન બહુ અનુકૂળ આવતું નથી.

પૂનમ-મકન શેઠને ત્યાં કામગીરીમાં ગોઠવાઈ જાય છે. વહુના આણાનો પ્રસંગ આવે છે. મકનની વહુ ગવરી અને પૂનમની વહુનું નામ સુખી છે. પૂનમની વહુને તેડવા માટે મકન જાય છે. સુખી શહેરમાં પતિ પૂનમ પાસે આવે છે. મકનની વહુ ગવરીને પણ સાસરે જવાની ઈચ્છા છે પણ પહેલો વારો પૂનમની વહુનો આવે છે. શહેરમાં પતિનું સુખ પામેલી સુખી સુવાવડનો પ્રસંગ આવતા ગામડે જાય છે. એ ગાળામાં મકનની વહુ ગવરીને પતિ મકન પાસે રહેવા મળે છે. સમય પસાર થાય છે ને સુખી તથા ગવરી, બંનેને પુત્ર રતનની પ્રાપ્તિ થાય છે.

બન્ને દીકરાઓ ધંધા-નોકરીમાં સમૃદ્ધ થતા જાય છે. પૂનમ ધંધામાં ગોઠવાઈને પૂનમચંદ શેઠ બની ગયો છે. મકન પણ પોતાની મહેનતથી સુખી થયો છે. દરિયાવના પાત્રની મનઃસ્થિતિનું લેખકે બરાબર આલેખન કર્યું છે. દરિયાવને પોતાના દીકારાઓની રોજ રોજ સુધરેલી જતી આર્થિક સ્થિતિની જ જાણે અકળામણ થવા લાગી. દરિયાવ બધાને સુખી જોઈને સંતોષ પામતી નથી. બધાના સુખના કેન્દ્રમાં પોતે જ નિયામકબળ હોય એવો સંતોષ તે ઈચ્છે છે. તેનો આ કર્તાભાવ તેને માટે જ નુકસાનકારક છે. લેખકે પૂનમ-સુખીના દામ્પત્યજીવનની મધુર છબી આલેખી છે. આ સુખી સંસારના નિર્માણમાં દરિયાવનો જ હાથ છે. એ જ દરિયાવ આ સુખી સંસારના માળાને વીંખી નાખવા માટે પણ સક્રિય થાય છે. દરિયાવના સ્વભાવમાં તેનો અહમ્ તેની જિંદગીને ઢળતી વયે બેસ્વાદ બનાવે છે.

નાશિકની યાત્રાએ ગયેલી દરિયાવ બીમાર પડે છે અને અવસાન પામે છે. દરિયાવના અવસાન બાદ સુખીની એક બાળકીનું અવસાન થાય છે. સુખીને પોતાના ગામ જવું છે. એકનો એક દીકરો મંગુ પણ દુબળો પડતો જાય છે. એ ગાળામાં યુરોપની લડાઈ પછી ઈન્ફલુએન્ઝાનો વાવડ આવે છે. જેમાં પૂનમ-પૂનમચંદ શેઠ સપડાય છે ને અકાળે અવસાન પામે છે.

પૂનમની એક બહેન છે જેનું નામ ચંચળ છે. ચંચળનો કથામાં પ્રવેશ થાય છે. તેનો સ્વભાવ ઘણી બધી રીતે દરિયાવને મળતો આવે છે. પૂનમના મૃત્યુ પછી સુખીની માનસિક હાલત કથળતી જાય છે. બીજી બાજુ દીકરો મંગુ બીમાર છે. તેનું શરીર વળતું નથી. સારવારમાં વિલંબ થયો છે. મકન શેઠ ડૉક્ટરને લઈને આવે છે ત્યારે તો ઘણું મોડું થઈ ચૂક્યું છે. યોગ્ય સમયે સારવાર ન થવાના કારણે મંગુનું મૃત્યુ થાય છે. પરિણામે સુખી ગાંડી થઈ જાય છે. ગામડાના ઘરનો બધો વહીવટ પૂનમચંદની બહેન ચંચળના હાથમાં આવે છે. ચંચળ સુખી વિશે ગંદીવાતો શરૂ કરે છે. મકનની પત્ની ગવરીને ચંચળ દ્વારા થતી નિંદા-કુથલી પસંદ નથી. ગવરી સુખીનું ભલું ઈચ્છે છે. પાગલ થયેલી સુખી પાગલપનના ઉન્માદમાં પોતાની પૂંજી, ઘરેણાં વિશે રાડારાડ કરે છે ત્યારે સુખીના તોફાન, ઉશ્કેરાટને ડામવા જતો મકન તેને પહેલા તો ધમકાવે છે અને પછી અભાન અવસ્થામાં જ મકન સુખી સાથે શરીર સંબંધ બાંધી બેસે છે. મકન સાથેના આ સંસર્ગના પરિણામે ગર્ભવતી રતનચંપીની દીકરીને ત્યાં મૃત બાળકી જન્મેલી. રતનચંપી એ મરેલી બાળકીને દાટવા જાય છે. ત્યાં તેને મકન-સુખીનો દીકરો મળી આવે છે. તે આ મળી આવેલા બાળકને ઘેર લાવે છે અને તેની પોતાની દીકરીના પેટે અવતર્યો હોય એ રીતે તેનો ઉછેર કરે છે. આમ, મકન-સુખીનો દીકરો રતનચંપીના ભાણેજ તરીકે ઉછરે છે. તેનું નામ જીવરાજ પાડવામાં આવે છે. જીવરાજને જન્મ આપીને તેની માતા સુખીનું અવસાન થાય છે. સુખીનું મૃત્યુ થાય છે ત્યારે રતનચંપી કહે છે : 'આ ધરતી પર સુખી જેવું કોઈ દુઃખી મેં જોયું નથી.' નામ સુખી અને જીવન દુઃખથી ભરેલું નવલકથાનો પ્રથમ ખંડ અહીં પૂરો થાય છે.

બીજો ખંડ નીલમ-રઘુવીરની વાતનો છે. બીજા ખંડમાં નીલમની કથા છે. પ્રથમ ખંડમાં સુખીને દરિયાવ દ્વારા તકલીફ પડી. બીજા ખંડમાં નીલમને ચંચળ દ્વારા મુશ્કેલી થઈ.

નીલમ રૂપવતી છે. રઘુ પર નીલમના સૌન્દર્યનો પ્રભાવ છે. રઘુ-નીલમ મુંબઈ મકન શેઠ પાસે જાય છે. રઘુની બહેન મંજુ માટે પણ નીલમને ઘણો સદ્ભાવ છે. રઘુવીર ધંધામાં રસ લેતો થાય એ બાબતે ચિંતિત મકન શેઠ રઘુને ધંધામાં પળોટી રહ્યા છે. નીલમ રઘુવીરના પુત્રની માતા બને છે. પુત્ર જન્મ પછી નીલમને ગામડે જવાનું થાય છે. વતન ગયેલી નીલમને રઘુવીર દસ દિવસમાં તેડાવી લેવાનો હતો પણ દસ-બાર દિવસમાં તેડાવી શકતો નથી. નીલમને તેડવા માટે રઘુવીર માણસ મોકલે છે. નીલમ એ વખતે તાવમાં પટકાયેલી. તેથી ચંચળ તેને મોકલતી નથી. ચંચળે તેને રોકી રાખી. રઘુવીર નીલમને તેડવા જઈ શક્યો નહીં. આખરે નીલમ તાવમાં જ મરણ પામી. રઘુવીરને તાર મળે છે ને ગામડે પહોંચે છે. રઘુવીર નીલમના મૃતદેહને જોઈ રડવાના બદલે બેફામ રીતે હસે છે. તેનું આ હાસ્ય રુદન કરતાં પણ અસહ્ય છે. નીલમના અવસાનથી બીજા ખંડની કથા પૂરી થાય છે. આ નવલકથામાં દરિયાવનો પુત્ર મકન દાદા બને ત્યાં સુધીની કથા છે. ત્રણ પેઢીની વાત છે. જન્મ, મરણ આવ્યા જ કરે છે. પૂન-સુખી-નીલમ એમ એક પછી એક પાત્રો મૃત્યુ પામતા જાય છે અને ત્રણ પેઢી સુધી કથા વિસ્તરતી જાય છે.

ત્રીજા ખંડમાં મંજુના વરની કથા શરૂ થાય છે. પ્રથમ ખંડના પાત્ર સાથે અનુસંધાન છે. પહેલા ખંડના ગોવિંદ શેઠના પુત્ર કર્દમની વાત પણ અહીં છે. મકન-સુખીના સંબંધથી થયેલો પુત્ર જીવરાજ પણ આ ખંડમાં છે. પહેલા ખંડમાં જે બાળક હતો તે ગોવિંદ હવે શેઠ થયો છે. ગોવિંદ શેઠની આર્થિક સ્થિતિ હવે સારી નથી. પોતાના પુત્ર કર્દમને દાકતર બનવા માટે મકન શેઠ પાસે શહેરમાં મોકલે છે.

મકન શેઠ અને ચંચળને જીવરાજ સુખીનો દીકરો હોવાની જાણ નથી. મંજુના વિવાહ જીવરાજ સાથે થાય છે. રઘુવીર, નીલમના મૃત્યુ પછી ગાંડા જેવો થઈ ગયો છે. મંજુ, રઘુવીરની બહેન છે. મકન શેઠના આ બન્ને સંતાનો છે. મકન-સુખીના સંસર્ગથી અવતરેલા જીવરાજ સાથે જ મંજુના વિવાહનું લેખકે આ કથામાં પ્રયોજન કર્યું છે. બીજી તરફ કર્દમને મંજુનું આકર્ષણ છે.

ત્રીજા ખંડમાં આગળ જતા કર્દમ અને સુલભાનો પ્રવેશ થાય છે. કર્દમ અને જીવરાજ સાથે તે ગામડેથી આવી છે. રતનચંપી જીવરાજનું લગ્ન મંજુ સાથે કરવા તૈયાર નથી. રતનચંપી જીવરાજના જન્મનું રહસ્ય જાણે છે. પોતાના મનની મૂંઝવણ એક વાર્તા દ્વારા પ્રગટ કરે છે. એ વાર્તામાં સોનબાઈની સાથે એનો ભાઈ જ પરણવા માગે છે. રતનચંપી જીવરાજનું લગ્ન મંજુ સાથે અટકાવવાનું કે ન થવા દેવાનું રહસ્ય સોનબાઈની વાર્તા દ્વારા ખુલ્લું કરે છે. રતનચંપી જે વાર્તા કહે છે તેમાં ચંદનનું ઝાડ પડવાની વાત આવે છે. મકન શેઠનું મૃત્યુ થાય છે. ઝાડ પડવાની ઘટના મકન શેઠના મૃત્યુનું પ્રતીક છે.

પ્રથમ ખંડની નાયિકા દરિયાવના બે પુત્રો પૂનમ અને મકન બન્ને અવસાન અને ત્રણ પેઢીની કથા ત્રણ ખંડમાં વિસ્તરે છે.

'પારકાં જણ્યાં'ના ત્રણ ભાગમાં કથાવસ્તુ, પાત્રો, પરિસ્થિતિઓનો મોટો પડાવ છે. ત્રણ પેઢીનો ઈતિહાસ છે. દરેક ખંડના નાયિકા અને અન્ય પાત્રોના મરણ સ્વાભાવિક ક્રમમાં થયા કરે છે ને નવલકથાને વળાંક મળે છે. જયંત કોઠારીએ યોગ્ય રીતે જ કહ્યું છે; 'ઉત્તમ નવલકથાની અહીં કેટલી બધી સામગ્રી છે ! ને છતાં 'પારકાં જણ્યાં' એક સાધારણ નવલકથા બનીને રહી ગઈ.-આ બધી સામગ્રીનું નિયમન કરી એને સૂત્ર બાંધનાર હેતુબળ જાણે ખૂટે છે.'

આ નવલકથામાં મુખ્ય ગૌણ, નાનાં મોટાં, એમ વીસ પાત્રો છે. દામ્પત્ય જીવનનાં સુખ-દુઃખ, મુગ્ધતા, સંઘર્ષના પ્રસંગો, સંવાદો વગેરે ઉપસાવવામાં લેખકને ધારી સફળતા મળી છે. પણ કથાવસ્તુ પાત્રો, પરિસ્થિતિ વચ્ચે સંયોજનાના અભાવે કથાનો બંધ શિથિલ લાગે છે. જીવનમાં વ્યાપત કરૂણતા અને સંઘર્ષની આ કથામાં ગ્રામજીવન અને શહેરીજીવનની સુરેખ છબી અવશ્ય મળે છે. એકંદરે એમ કહી શકાય કે જીવનતત્ત્વની સભરતા અને માનવ્યનું નિરીક્ષણ ઉમાશંકર જોશીની વિશેષતા છે જે દીર્ઘ વિસ્તાર ધરાવતી આ કથામાં ઉલ્લેખનીય રીતે પ્રતિબિંબિત થાય છે.

આપણા જાણીતા વિવેચક વિજયરાય વૈદ્ય આ નવલકથા વિશે જણાવે છે કે, 'નવોસવો ક્રિકેટર મોટી મેચમાં ઊતરવાની તક પામે, બેટનો પહેલો જ ફટકો લહેકાબંધ લગાવી દે અને ઓવર બાઉન્ડ્રીના છ રન ખાટવાના બદલે ઝપ કરતો ઝિલાઈ જાય તેવું 'પારકાં જણ્યાં'ના હોંશીલા કર્તા ઉમાશંકરનું થયું છે.'

'પારકા જણ્યાં' એ સારી નવલકથા નીવડી શકી હોત એમ કહીએ ત્યારે તે ખરાબ નવલકથા છે એમ સમજવાનું નથી. પણ આ નવલકથા ઉમાશંકર જોશી જેવા મોટા કવિની ન હોત તો તેના વિશે ઘણા વિવેચકોએ લખ્યું ન હોત. ગુજરાતી નવલકથા સ્વરૂપમાં આપણે ત્યાં સ્વરૂપ સિદ્ધિની માતબર કૃતિઓ મળી છે. એ સર્વની તુલનાએ 'પારકાં જણ્યાં' ઓછી સજ્જ કે કલાત્મકતાના ધોરણે નબળી નવલકથા લાગે તો એમ કહેવામાં અવિવેક નથી. જયંત કોઠારીએ પણ નોંધ્યું છે કે, 'લેખકને સુશ્લિષ્ટ કથારચના કરવાનું ફાવ્યું નથી.' અલબત્ત, અન્ય સ્વરૂપોમાં ઉત્તમ પ્રદાન કરનાર આ સર્જકનો નવલકથા લેખનનો પ્રયાસ, તેમની સર્જકતા માટે સર્વાંગી અભ્યાસ કરનારને માટે ઉપયોગી નીવડે તેવો છે.

- **તમારી પ્રગતિ ચકાસો.**

૧. 'પારકાં જણ્યાં' કેટલા ખંડોમાં વિભાજિત છે ?

૨. 'પારકાં જણ્યાં'ની નાયિકાઓનાં નામ લખો.

૩. 'પારકાં જણ્યાં' નવલકથા વિશે અભિપ્રાય આપનાર બે વિવેચકોના નામ આપો.

## 7.4 સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. 'પારકાં જણ્યાં'નું કથાવસ્તુ ચર્ચો.

૨. 'પારકાં જણ્યાં' નવલકથામાં સર્જકની નવલકથાકાર તરીકેની સિદ્ધિ મર્યાદા ચર્ચો.

૩. 'પારકાં જણ્યાં'ની સ્વરૂપલક્ષી સમીક્ષા કરો.

## 7.5 સંદર્ભસૂચિ


૧. 'પારકાં જણ્યાં' - ઉમાશંકર જોશી-૧૯૪૦

૨. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : ૫, લે.રમેશ ર.દવે- (૨૦૦૫)

૩. ઉમાશંકરનો વાગ્વૈભવ ખંડ-૨, ચંદ્રકાન્ત શેઠ (૨૦૦૮)


---


**લેખન :** પ્રો. યોગેન્દ્ર પારેખ - ગુજરાતી વિભાગાધ્યક્ષ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

# MGT-01

## ગ્રંથકારનો અભ્યાસ – ઉમાશંકર જોશી

## પ્રશ્નપત્રનું માળખું

કુલ ગુણ : ૭૦

| પ્રશ્નક્રમ | અભ્યાસસામગ્રી બ્લોક | પ્રશ્નનો પ્રકાર | ગુણભાર |
|---|---|---|---|
| ૧ | બ્લોક ૧માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૨ | બ્લોક ૨માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૩ | બ્લોક ૩માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૪ | બ્લોક ૪માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૫ | સમગ્ર પાઠ્યક્રમમાંથી પૂછવા. | ટૂંકનોંધ લખો.<br>(પાંચમાંથી બે) | ૧૪ |

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

●

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All


ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

MGT – 01

માસ્ટર ઑફ આર્ટ્સ - ગુજરાતી

ગ્રંથકારનો અભ્યાસ

# ઉમાશંકર જોશી





એકાંકી - ચરિત્ર - પત્ર - અનુવાદ - સંપાદન - 3

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક,ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં,ગુજરાત સરકારશ્રીએ ઈ.સ.૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે,શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. **BAOU**ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો,આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છે : **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય,જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય,જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત,વ્યવસાયલક્ષી,જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ,કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્દો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી,જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાય**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

**નિદર્શન :**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય | સ્કૂલ ઑફ હ્યુમિનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સીઝ,<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**સંપાદન :**

| | |
|---|---|
| ડૉ.યોગેન્દ્ર પારેખ | પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સમિતિ :**

| | |
|---|---|
| ડૉ.યોગેન્દ્ર પારેખ | પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો.ડૉ.ઉષા ઉપાધ્યાય | વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ<br>ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ |
| ડૉ.હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શન (વિષય) :**

| | |
|---|---|
| ડૉ.યોગેન્દ્ર પારેખ | પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**લેખન :**

| | |
|---|---|
| ડૉ.હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.દીપક ભાનુશંકર ભટ્ટ | આસિસ્ટન્ટ પ્રોફેસર<br>સરસપુર આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ અમદાવાદ. |
| ડૉ.અશ્વિન આણદાણી | એસોસિએટ પ્રોફેસર,<br>દેસાઈ સી.એમ.આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામ. |
| ડૉ.ચીમનલાલ બી.પટેલ | એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ.જિતેન્દ્ર મેકવાન | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>મહેમદાવાદ આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેમદાવાદ |

**પ્રકાશન વર્ષ :** ૨૦૨૦-૨૧

**પ્રકાશક :** કાર્યકારી કુલસચિવ,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# 3

## એકાંકી-ચરિત્ર-પત્ર-અનુવાદ-સંપાદન

**બ્લૉક : ૩**


| | |
|---|---|
| **એકમ : 1** | |
| ઉમાશંકર જોશીનું નાટક-'અનાથ' | 01-10 |
| **એકમ : 2** | |
| ઉમાશંકર જોશીનો એકાંકીસંગ્રહ-'સાપના ભારા' | 11-29 |
| **એકમ : 3** | |
| ઉમાશંકર જોશીનો એકાંકીસંગ્રહ-'હવેલી' | 30-54 |
| **એકમ : 4** | |
| એકાંકીકાર ઉમાશંકર જોશી | 55-68 |
| **એકમ : 5** | |
| હૃદયમાં પડેલી છબીઓ : ખંડ-1 | 69-77 |
| **એકમ : 6** | |
| હૃદયમાં પડેલી છબીઓ : ખંડ-2 | 78-82 |
| **એકમ : 7** | |
| ઉમાશંકર જોશીનું પત્રસાહિત્ય | 83-97 |
| **એકમ : 8** | |
| ઉમાશંકર જોશીનું અનુવાદ-સંપાદનકાર્ય | 98-108 |
| **એકમ : 9** | |
| ઉમાશંકર જોશીનું સાહિત્યિક પત્રકારત્વ | 109-114 |

## પાઠ્યક્રમ પરિચય

એમ.એ.પાર્ટ-૧ના અભ્યાસક્રમમાં ગ્રંથકાર ઉમાશંકર જોશીનો અભ્યાસ કરવાનું ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સુનિશ્ચિત થયું. વીસમી સદીના સર્જકોમાં ઉમાશંકર જોશીનું સાહિત્યિક પ્રદાન તેમને માત્ર ગુજરાતી સાહિત્યમાં જ નહિ પણ સમકાલીન ભારતીય સાહિત્યમાં પણ શીર્ષસ્થ ભૂમિકાએ પ્રથમ પંક્તિમાં સ્થાન અપાવે તેવું છે. કવિ-વાર્તાકાર-નિબંધકાર-વિવેચક-અનુવાદક-સંપાદક આદિ અનેકવિધ ભૂમિકાએ ઉમાશંકર જોશીની સર્જકતા-સજ્જતાનો પરિચય સુવિદિત છે. ગ્રંથકાર તરીકે ઉમાશંકર જોશીનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી વીસમી સદીની સાહિત્યક ગતિવિધિના મૂલ્યવાન પ્રવાહમાં પ્રવેશે છે.

ઉમાશંકર જોશીએ વીસ વર્ષની યુવાન વયે 'વિશ્વશાંતિ'ના 'મંગલ શબ્દ'થી સર્જનનો પ્રારંભ કર્યો. 'સંસ્કૃતિ' સામયિક સુધી વિસ્તરેલી સાહિત્યિક નિસબતનો સમગ્રલક્ષી આલેખ કોઈપણ જિજ્ઞાસુને માટે સર્વથા પ્રેરક, પ્રોત્સાહક છે. 'ગુજરાત યુનિવર્સિટી', 'શાંતિનિકેતન' આદિ વિશ્વવિદ્યાલયોના કુલગુરુ રહી ચૂકેલા ઉમાશંકર વીમસી સદીના ગુજરાતી ભાષા-સાહિત્યના મૂલ્યવાન પ્રતિનિધિ તરીકે રાજ્યસભામાં પણ નિયુક્તિ પામ્યા. 'જ્ઞાનપીઠ' પુરસ્કૃત સર્જક ઉમાશંકર જોશીએ ગુજરાતી સાહિત્ય પરિષદ, કેન્દ્રીય સાહિત્ય અકાદમી આદિ સર્વોચ્ચ સાહિત્ય સંસ્થાઓમાં અગ્રભૂમિકાએ માર્ગદર્શન પૂરું પાડ્યું.

મૂર્ધન્ય સારસ્વત ઉમાશંકર જોશીની બહુમુખી પ્રતિભા વિશે સંદર્ભ સહિત અભ્યાસ-સામગ્રી ઉપલબ્ધ કરાવવાનો આ વિનમ્ર પ્રયાસ ગુજરાતી ભાષા-સાહિત્યના દરેક વિદ્યાર્થી માટે ઉપયોગી થશે એવી અપેક્ષા અસ્થાને નથી. અભ્યાસ સામગ્રી લેખનમાં સઘન અધ્યયન અને નિત્ય સ્વાધ્યાયનો કોઈ વિકલ્પ નથી એ વાતનું સ્મરણ રહે. શુભેચ્છાઓ.

એકમ 1

# ઉમાશંકર જોશીનું નાટક – 'અનાથ'

રૂપરેખા

1.1 ઉદ્દેશો
1.2 પ્રસ્તાવના
1.3 કથાવસ્તુ
1.4 પાત્રાલેખન
1.5 સામાજિકતા
1.6 સંઘર્ષ
1.7 ભાષાશૈલી/સંવાદ
1.8 શીર્ષક
1.9 સારાંશ
1.10 પુનરાવલોકન
1.11 લેખનપ્રવૃત્તિ
1.12 વિશેષ અધ્યયન
1.13 સંદર્ભસૂચિ

## 1.1 ઉદ્દેશો

મૂર્ધન્ય સર્જક ઉમાશંકર જોશી નાટ્યસ્વરૂપમાં 'અનાથ' નાટક નિમિત્તે નોંધપાત્ર સિદ્ધિ મેળવે છે; જેનો પરિચય મેળવીશું.

- આ નાટક દ્વારા વ્યક્ત સામાજિક સંઘર્ષ વિશે વૈચારિક અભિગમ કેળવશો.
- પિતા-પુત્રના સંબંધો અને અપેક્ષાઓ વિશેની સમસ્યાઓનો પરિચય મેળવશો.
- અનાથઆશ્રમ જેવી સંસ્થાઓની કાર્યપદ્ધતિ અને માનવીય વ્યવહારની સમીક્ષા થશો.

## 1.2 પ્રસ્તાવના

ઉમાશંકર જોશીનું એકમાત્ર સામાજિક નાટક 'અનાથ' આ નાટક ત્રણ અંકમાં વિભાજિત થયેલું છે. નાટક, સર્જકે કોઈક કારણોસર પ્રકાશિત કર્યું નથી, પરંતુ પાછળથી 'શેષ નાટકો' સંગ્રહમાં પ્રકાશિત થયું છે. જે તે સમયે આ નાટક 'કૌમુદી' સામયિકમાં પ્રકાશિત થયું હતું. મુંબઈના કપિલાબેન ખાંડવાલાની રાહબર હેઠળ ચાલતા 'કુમાર વૃંદે' ઈ.સ.1934માં 'વડો નિશાળિયો' નામે ભજવણી કરી હતી. નાટક ત્રણ અંકમાં વહેંચાયેલું છે. નાટકમાં બે પેઢી વચ્ચેના સંબંધોના અંતરની વાત ગૂંથવામાં આવી છે, જેથી પાત્રોની સંખ્યા પણ બહોળી છે.

## 1.3 કથાવસ્તુ

નાટકના પ્રથમ અંકની શરૂઆત હસમુખરાય શેઠના ઘરના દીવાનખાનાના દશ્યથી થાય છે. નાટકનો સમય 31મી મે, 1930 કે તે પછીના કોઈપણ વર્ષનો સાંજે ત્રણ વાગ્યાનો નક્કી કરવામાં આવ્યો છે.

દીવાનખાનામાં જાહોજલાલી દેખાય આવે છે. જે રીતે દીવાનખાનામાં બધી ગોઠવણ થઈ રહી છે તે જોતા એવું લાગે છે કે જાણે આજે કોઈકના સ્વાગતની તૈયારી

થતી હોય, નોકર માધુ તેનો છોકરો ભોળો વગેરે સાફસૂફી તેમજ ટેબલ, ફૂલદાની વગેરે ગોઠવવામાં પડ્યા છે. શાંતાગૌરી, નોકરને જુદાં-જુદાં સૂચનો કરતાં કામમાં ઉતાવળ કરવા કહે છે.

'માધુ, ઝટપટ બધું બરાબર કરી દે, કાં તો આવ્યા હમણાં !'

આવી બોલચાલની સાહજિક ભાષા કેવી સરસ રીતે આવી ગઈ છે. માધુ વધારે ખુરશી મૂકવાની ચિંતા કરે છે. ત્યારે શાંતાગૌરી કહે છે કે જેમ મહેમાનો આવતા જશે, તે પ્રમાણે ખુરશીઓ અંદરથી લઈ આવીશું. આ બધી ગોઠવણ અને સાજશણગાર જોઈ માધુના દીકરા ભોળાને થોડું આશ્ચર્ય થાય છે. એટલા માટે ભોળો પોતાના પિતાને પ્રશ્ન પણ પૂછે છે. જવાબમાં માધુ, ભોળાને સમજાવે છે કે શેખરભાઈ યુનિવર્સિટી પરીક્ષામાં પાસ થયા. એની વધામણી માટે આ બધી તૈયારીઓ થઈ રહી છે. શાંતાગૌરી અને શેઠ હસમુખરાય ખૂબ આનંદમાં છે. હસમુખરાય, પોતાના દીકરાની સિદ્ધિથી સમાજમાં પોતાનો મોભો વધશે અને બુદ્ધિમાન લોકોમાં ગણતરી થશે, એટલા માટે એમને ખૂબ આનંદ છે. હસમુખરાયનો દીકરો શેખર યુનિવર્સિટી પરીક્ષામાં આખા મુંબઈ ઈલાકામાં બીજો અને મુંબઈ શહેરમાં પ્રથમ નંબરે પાસ થાય છે. એના આનંદમાં આ પાર્ટી અથવા તો સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. નાટકના આરંભમાં શાંતાગૌરી, માધુ, ભોળો વગેરે બધા કામ કરતા નજરે પડે છે. ત્યાં જ હસમુખરાયનો પ્રવેશ, પોતાની પત્ની શાંતાગૌરી સાથે શેખર યુનિવર્સિટી પરીક્ષામાં ઉત્તીર્ણ થયો, તેની ચર્ચા કરે છે. આખા વિસ્તારમાં એના જેવો તેજસ્વી બીજો કોઈ નથી. સરખે-સરખા લોકોમાં પોતાનું સ્થળ મોભાવાળું થશે, સાથે શાંતાગૌરી પોતાના દીકરાના લગ્નનું ઠેકાણું પણ પડી જશે, વિશ્વામિત્રી જોડે એવી વાત પણ કરે છે.

ભોળો અને માધુના સંવાદને લેખકે પૂરેપૂરો વાચિક અભિનયના ઢાંચાનો ઉપયોગ કર્યો છે. રોજબરોજની વાતચીતના લહેકાઓ, આરોહ-અવરોહ વગેરેને લીધે બંને વચ્ચેના સંવાદો ખૂબ આકર્ષક અને સુંદર બન્યાં છે. હસમુખરાય અને શાંતાગૌરી વચ્ચે મહેમાનોને બોલાવવાની વાત ચાલે છે. વાત કરતા કરતા હસમુખરાય, શાંતાગૌરી અને ગૌરવને કહે છે કે....

'વેપારમાં એકી કલમે મોટામોટા લાભ મળ્યા હશે ત્યારે પણ મને આજના જેટલો સંતોષ નહીં થયો હોય... પૈસાવાળા તો ઘણાય છે, એમાં શું ? પણ આ તો એક આંચકે આપણે તો બુદ્ધિમાનોની ગણતરીમાં આવી ગયા !'

મહેમાનોને તથા આડોશી-પાડોશીને સાંજે બોલાવે છે. બધાને માધુ નિમંત્રણ આપી આવે છે. ક્યાંક શાંતાગૌરી જાતે પણ જઈ આવે છે. ત્યાં જ હસમુખરાય, શેખરને બોલાવે છે. નાટ્યકારે નાટકમાં શેખરના પ્રવેશ સાથે જ બાપ-દીકરા વચ્ચે સંઘર્ષ શરૂ થાય છે. આ સંઘર્ષ જ નાટકનું ચાલક બળ બને છે. શેખરને હસમુખરાય મુબારકબાદીઓ આપે છે, પરંતુ શેખર જણાવે છે કે આપ થોડા મોડા પડ્યા. આ પહેલા તો કેટલી બધી મુબારકબાદી આવી ગઈ છે. તે દરમિયાનમાં આવેલા તાર શેખર પોતાના પિતાજીને આપે છે. તાર વાંચતા પિતા, શેખરની મજાક કરતા હોય એવું લાગે છે. એટલે શેખર તુરત જ જવાબ આપતા કહે છે કે,

'ના, ના હું તો માનું છું કે તમારા બિઝનેસ અંગેના જ તાર હશે !... તમારે 'બિઝનેસ' સિવાયના તાર હોય જ ક્યાંથી ?..'

પિતા-પુત્ર વચ્ચે થોડો સંઘર્ષ દેખાય. પિતા, પુત્ર માટે મુબારકબાદી સાથે સાથે જે ભેટ લાવ્યા છે, તેની વાત કરે છે. જે ભેટ સ્વરૂપે વસ્તુ આવી છે તે છે, આઈ.સી.એસ. અંગેના અભ્યાસક્રમની પુસ્તિકા છે. હસમુખરાયની ઇચ્છા છે કે પોતાનો

દીકરો આઈ.સી.એસ.(આજનું આઈ.એ.એસ.) પરીક્ષા પાસ કરી પોતાના સમાજમાં પોતાનો મોભો વધારે. હસમુખરાયને તો પોતાનો મોભો વધે એમાં જ રસ છે. હસમુખરાયની ઇચ્છા એવી છે કે એ બધા કરતાં થોડી જુદી લાઈનમાં(અભ્યાસ માટેની) જાય. એમનું એવું માનવું છે. પ્રબળ મહત્ત્વકાંક્ષા વિના સિદ્ધિ ન મળી શકે ? બાપ-દીકરા વચ્ચે સંઘર્ષમય સંવાદ પછી, હસમુખરાય સ્વીકારે છે કે તારી (શેખરની) જે ઇચ્છા હોય તે પ્રમાણે આગળ વધવા સૂચન કરે. પ્રોફેસર બનવું હોય તો પણ વાંધો નથી. શેખર એવું માને છે કે બુદ્ધિનો વિકાસ કરવો હોય તો અથાગ મહેનત કરવી પડે છે અને એમાં પણ લાગણીઓનું નામોનિશાન કાઢી નાંખવું પડે, હસમુખરાય પોતાની વાત કરતા કહે છે કે,

'મારા બાપે છીંકણી વેચીને જિંદગી ગુજારી પણ મરતાં મરતાં મારી પાસે બે પૈસા જોઈને એમના મોં પર હરખ રહ્યો. હવે મારી પણ અવસ્થા થઈ. પૈસા તો બહુ જોયા, પણ એક દીકરાને ઇજનેર જોયો હોય, બીજાને ડૉક્ટર જોઉં ને ત્રીજાને વળી સરકારી હોદ્દેદાર ને માનમરતબાવાળો જોઉં તો મારું મોત સુધરે...'

આવી વાત સાંભળતાની સાથે જ શેખર એનો જવાબ આપતા પોતાના પિતાને જણાવે છે કે...

'હં ! (આડું જોઈને) તેમાં તમે આટલો રસ લો છો ! તમારું મોત સુધરે એમ માનીને તમે ગમે તે કરો ખરા પછી ભલને અમારી જિંદગી જ બગડે !'

પિતા-પુત્રના આ સંવાદમાં સામ-સામે એકબીજા ઉપર આરોપ-પ્રત્યારોપ છે જ સાથે હસમુખરાયમાં પોતાના પિતાનું રૂપાંતર થયેલું સ્વરૂપ દેખાય છે. મરતી વેળા પોતાના પિતા આનંદથી મૃત્યુ પામ્યા એ રીતે હસમુખરાય પણ પોતાના પુત્રને મોભાદાર હોદ્દા પર જોઈ સુખેથી મૃત્યુ આવે એવું ઇચ્છે છે. પિતા પોતાની મહેચ્છા માટે પુત્રની પરિસ્થિતનો વિચાર કરતા નથી. જેથી બંને વચ્ચે સંઘર્ષ થાય છે. પછી શેખર જાણે પિતાની વાતનો સ્વીકાર કરતો હોય એવી રીતે વર્તન કરે છે. શેખર અવ્વલ નંબરે પાસ થયો તેમાં એનો તો વાંકગૂનો નથી ને ? છતાં હસમુખરાય સમજાવવાનો પ્રયત્ન કરે છે. શેખરની દલીલ કે અમારી પણ પસંદગીનું ના પસંદગીનું ધ્યાન રાખવું જોઈએ. હસમુખરાય સમજાવે છે કે ભણવા પાછળ થતો ખર્ચ કે સુખ-સગવડ વગેરે તો હું જ (પિતા તરીકે) પૂરા પાડું છું. આ પ્રકારની બંને બચ્ચે વાતચીત થતી હોય છે, શું થવું, શું કરવું અને ક્યાં જવું વગેરે તે દરમિયાન નાટ્યકાર શેખરના ખાનગી શિક્ષક(ટ્યૂશન-શિક્ષક) વેણીલાલનો પ્રવેશ કરાવે છે. જેથી સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં થોડો ફેરફાર લાવવાનો પ્રયત્ન કરે છે. વેણીલાલ આવતાની સાથે જ મુબારકબાદી આપે છે. શેખર પોતાના પિતાને જ અભિનંદન આપવાની વાત કરે છે. હસમુખરાય અને વેણીલાલ વચ્ચે પણ આઈ.સી.એસ.ની વાત થાય છે. વેણીલાલ, હસમુખરાયને સમજાવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ હસમુખરાય પોતાની વાતને પકડી રાખે છે. અહીં બંને વચ્ચે ઝાઝી ચર્ચા ચાલે છે. વેણીલાલ જણાવે છે કે હું શેખરને સમજાવવાનો પ્રયત્ન કરીશ. વેણીલાલ, શેખરને મુબારકબાદી તથા મળવા આવ્યો છે. માટે તે અત્યારે ક્યાં છે ? એવું પૂછે છે પરંતુ શેખર ત્યાંથી ક્યાંક નીકળી ગયો છે. માટે તે ત્યાં નથી. વાતાવરણ થોડું તંગ છે. ત્યાં જ શાંતાગૌરીના પ્રવેશથી થોડું આશ્ચર્ય સાથે જણાવે છે કે તે તો હમણાં આપની પાસે જ હતો. ઘરમાં શોધ-ખોળ ચાલે, શેખર ક્યાંય મળતો નથી. નોકર પણ તપાસ કરે છે, પરંતુ શેખરનો કોઈ અત્તોપત્તડે મળતો નથી. હસમુખરાય પણ ગભરામણ અનુભવે. બધા જ શોધવાનો પ્રયત્ન કરે છે. તે દરમિયાન ભોળા દ્વારા જાણવા મળે છે કે જયારે વેણીલાલ(શિક્ષક) આવ્યા ત્યારે જ ક્યાંક શેખરભાઈને જતા

જોયો હતો. હસમુખરાયના ઘરનું વાતાવરણ સામાજિક સ્તરે ખળભળી ઊઠે છે. બધા ચિંતાતુર થઈ જાય છે. હસમુખરાય હિંમતથી કામ લેવાનું કહે છે. ત્યાં જ પ્રથમ અંકનો પડદો પડે છે. પ્રથમ અંકમાં લેખકે સામાજિક રીતે શેખરને પિતાની સમજણ સાથે સંઘર્ષ થતા ઘરનો ત્યાગ કરતો બતાવીને પ્રથમ અંક પૂર્ણ કરે છે અને એના લીધે, વાચક કે ભાવક વર્ગને બીજા અંકને વિશે કૂતુહલ રહે. આ જ તો સર્જકની ખરેખરી સૂઝ છે. આ કુશળતા આપણને નાટ્યકાર ઉમાશંકર જોશીમાં જોઈ શકાય છે.

બીજા અંકનો આરંભનો સમય અને સ્થળ જુદા છે. સ્થળ, અનાથાશ્રમ છે. સમય સાંજે ચારેક વાગ્યાનો અહીં પણ પહેલા અંકની જેમ જ સર્જક રંગમંચની સૂચના આપે છે. પડદો ખૂલતાની સાથે ઑફિસનું દૃશ્ય ખડું થાય છે. અનાથાશ્રમનો મૅનેજર, આશ્રમના એક સમયના અનાથ બાળક, પણ આજે યુવાન થયેલા અશોકને ધમકાવી રહ્યા છે. કશુંક કહી રહ્યા છે. અશોક પણ એ ધમકીઓને ગણે એવો નથી. એ પણ એને અવગણે છે. મૅનેજર અને અશોક વચ્ચે થોડી ઉગ્ર ચર્ચા થાય છે. પછી મૅનેજર મુક્તા નામની છોકરીને સ્વીકારી લેવાની વાત અશોકને કહે છે. મુક્તા અને અશોક બંને મૅનેજરની આ વાતનો વિરોધ કરે છે. અહીં પણ સત્તા સામે બંડ છે. જેમ પ્રથમ અંકમાં પિતાની સત્તા સામે બંડ પોકારી શેખર ઘર છોડે છે. તેવી જ રીતે અહીં આશ્રમસત્તા સામે અશોક અને મુકતા બંડ પોકારે છે. જે સમયે વાતચીત થતી હોય છે, એવામાં મુક્તા કોઈકની છાયા જોઈ એ પોતાના પિતાની હોવાનું અનુમાન કરી મળવાની ઈચ્છા વ્યક્ત કરે છે અને મૅનેજરને પોતાની ઈચ્છા જણાવતા કહે છે કે,

‘મને થાય છે કે નક્કી એ મારા બાપા જ હતા. એક મિનિટવાર તો મને એમની સાથે મેળવવી હતી ? કદાચ સૌ સંબંધીઓનો કદી પત્તો લાગત. મૅનેજર કાકા, તમને એટલું પણ ન સૂઝ્યું કે મને મારા બાપાને મળવાની કેટલી હોંશ હશે ? એમનું વર્ણન કરો જો ! પહેરવેશ કેવો હતો ? કેટલા દિવસ પહેલાની વાત છે. તમે ફરી જોયેલા કદી અહીંથી કઈ બાજુ ગયેલા ? મૅનેજર કાકા, બોલો તો ખરા...’

મુક્તાના ઉપરોક્ત સંવાદમાં આવતા પ્રશ્નો અને આશ્ચર્યો નાટકને એક નવી દિશા તો પ્રગટાવે જ છે, સાથે સાથે મુક્તાની પોતાના પિતાને મળવાની ઈચ્છાની તીવ્રતા પણ પ્રગટ કરે છે અને ત્યાં જ નાટ્યકાર, શેખરનો ફરી નાટકમાં પ્રવેશ કરાવી સન્નિધિકરણનું નાટકને સૂચક બળ પૂરું પાડે છે. એક ને પિતાને ન જોયા હોવા છતાં મળવાની ઈચ્છા અને બીજો હયાત પિતાને છોડી આવ્યો છે. અહીં નાટ્યકારે સંઘર્ષને બરાબર રીતે ઊપસાવી આવ્યો છે.

અનાથાશ્રમમાં શેખરનો પ્રવેશ થતાં ઉગ્ર બનેલું આશ્રમનું વાતાવરણ થોડું હળવું બને છે. શેખરને આશ્રમમાં અનાથ તરીકે પ્રવેશ લેવો છે. પરંતુ મૅનેજર એને જણાવે છે કે આપ ઘણા મોડા પડ્યા છો. શેખર વિનંતી કરે છે. તે સમયે મૅનેજર કહે છે કે, ’પણ આ છાત્રાલય નથી હોં, તમારી ભૂલ થતી લાગે છે.

અશોક : ચાલો ભાગો ! (ચપટી બજાવે છે) શેખરની ઉંમર પૂછવામાં આવે છે. શેખર ઉંમર જણાવે છે કે 17 વર્ષ થયા.’

મૅનેજર તેના જવાબમાં કહે છે કે....

‘તો સત્તર વરસ ક્યાં ભૂલા પડ્યા ? સત્તર વરસ પહેલા જ તમારે આવવું જોઈતું હતું. જાઓ રસ્તો પકડો...’

‘શેખર : પણ હું કારણસર આવું છું મારું સાંભળશો ખરા ને ?’

આમ બંને વચ્ચેના સંવાદમાં લેખકે ઘણી હળવાશ ઊભી કરી છે. અહીં શેખર પોતાના મા-બાપ નથી એમ જણાવી, આશ્રમમાં પ્રવેશ લેવાનો પ્રયત્ન કરે છે, પરંતુ

આશ્રમમાં મોટા યુવકોને પ્રવેશ આપવામાં આવતો નથી. અહીં તો ફક્ત અનાથ નાના બાળકોને જ પ્રવેશ આપવામાં આવે છે, એવું મૅનેજર જણાવે છે અને શેખરને ત્યાંથી જતા રહેવાનું સૂચન કરે છે. તે દરમિયાન શેખર, મૅનેજર અને અશોક સાથે વાતો થાય છે. એમાં મા-બાપ વિશેની ચર્ચા પણ થાય છે. શેખર પોતાને અનાથ છે, એવું આત્મભાન કરાવવા માટે વારંવાર અનાથનું રટણ કરે છે. તેવા સમયે મુક્તાને પોતાના પિતાની શોધ કરવાના ઉદ્‌ગારો એમના અંતરમાંથી સંભળાય છે. આ પરિસ્થિતિ ઘણો જ પ્રભાવ નાટકમાં ઊભો કરી શકે છે. આ જ વખતે અશોક અને શેખર વચ્ચે અનાથપણાની ચર્ચા પણ ચાલે છે. તે વાતચીત દરમિયાન અશોકને શેખરની વાતમાં થોડી ફિલસૂફી પણ લાગે છે. શેખર ક્યાંથી આવ્યો તેની જાણ કરતો નથી અશોક, શેખર તરફ જોતા વિચારે છે કે કોઈ સારા ઘરનો હોવો જોઈએ. શેખરનો દેખાવ અને રહેણીકરણી પરથી સામાન્ય ઘરનો હોય એવું લાગતું નથી. અશોક, મુક્તા અને શેખર વચ્ચે ચર્ચા થઈ રહી છે. તે વખતે જ કોઈકનો અનાથાશ્રમની ઑફિસે ફોન આવે છે. સામે છેડેથી કોઈ પોલીસ ઈન્સ્પેક્ટર હલ્લો-હલ્લો કરી રહ્યા છે. ઈન્સ્પેક્ટર, મૅનેજરની પૂછપરછ કરે છે. અશોક, મૅનેજરને બોલાવે છે. ઈન્સ્પેક્ટરની વાત દ્વારા મૅનેજરને ખબર પડે છે કે કોઈના ભાગી ગયાના સમાચાર હોય એમ લાગે છે. સામેથી આપવામાં આવેલી ઓળખને લીધે શેખરને બરાબર તપાસ્યા પછી તેને ત્યાં પકડી રાખવામાં આવે છે. સામેથી મૅનેજરને કહેવામાં આવે છે કે થોડી મોટા ઘરની વાત હોવાથી કોઈના કાને જાય નહીં. ત્યાં જ હસમુખરાય પ્રવેશે છે અને કોઈ પણ પ્રકારની દલીલબાજી કર્યા ઈવના શેખર, પોતાના પિતાની સાથે જવા તૈયાર થઈ પિતાની પાછળ-પાછળ ચાલી નીકળે છે.

જતાં-જતાં શેખર, મુક્તાને લગ્ન કરવા શુભેચ્છા પણ આપે છે સાથે હસમુખરાય પણ મુક્તાને લગ્ન કરવાની શુભેચ્છા આપતા જણાવે છે કે...

'હું પણ તમને મારી વતી અભિનંદન આપું છું ને ઉત્તમ કોટિના મા-બાપ થજો એવા આશીર્વાદ આપું છું...'

શેખર આને આશીર્વાદ ગણે કે શાપ ! હસમુખરાય, શેખરને પણ બાપ થજો એવું કહે છે. ત્યાં જ બીજો અંક પૂર્ણ થાય છે.

ત્રીજા અંકનો સમય આ પછીના બે વરસની જૂનના પહેલા અઠવાડિયાની સાંજનો છે. શેખર પોતાના મિત્ર વિનોદ સાથે બેઠો છે. એનામાં થોડો ફેરફાર દેખાય આવે છે. વિનોદ સાથેની ચર્ચા પણ ભણવાની જ ચાલે છે. શેખર બહુ ઝાઝી મહેનત ન કરવા છતાં બધાથી અવ્વલ આવે છે. એના માટે વિનોદ એને પહેલાના છોકરડા કરતાં ફિલસૂફ વધારે ગણે છે. વિનોદ પણ આઈ.સી.એસ.માં ત્રીજા વર્ગમાં આવવા માટે મહેનત કરવાનું સૂચવે છે. બંને મિત્રો વચ્ચે વાત ચાલે છે તે સમયે જ શાંતાગૌરી, તિલોત્તમા અને વિશ્વામિત્રી પ્રવેશે છે. વિશ્વામિત્રી, શેખરને અભિનંદન આપવા આવી છે, એવું જણાવે છે અને ત્યાં શાંતાગૌરી જણાવે છે કે શેખર અને વિશ્વામિત્રી લગ્ન કરે એવી બંને કુટુંબોની ઈચ્છા છે. આ વાત જાણતા જ વિનોદ, શેખરની ઠેકડી ઉડાવે છે. પછી બધા શેખર અને વિશ્વામિત્રીને એકાંત આપતા, જતાં પહેલાં શાંતાગૌરી કેટલાંક સૂચનો પણ કરે છે. તિલોત્તમા, શાંતાગૌરી અને વિશ્વામિત્રી વગેરે સાથે વાત થતી હોય છે, ત્યાં જ હસમુખરાય પણ આવે છે. હસમુખરાય શેખરને વિશ્વામિત્રી સાથેના અવ્યવહારુ વર્તન માટે ઠપકો પણ આપે છે. ફરી બંને(બાપ-દીકરા) વચ્ચે સંઘર્ષ શરૂ થાય છે. લગ્નની વાતનો હોય કે પછી આઈ.સી.એસ. માટેનો, જે ગણો તે શેખર પોતાના પિતા સામે નમતું મૂકતાં કહે છે કે,

'મારી જાતને પીલી નાખીને પણ મેં તમારી સાથે મારું સમાધાન કેળવ્યું છે. તમારી ઈચ્છા હશે તો આઈ.સી.એસ. થઈશ. પ્રોફેસર થઈશ...'

પિતા તરીકે હસમુખરાય કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવા માંગતા નથી. મક્કમ હાથે કામ લે છે, પરંતુ શેખર થોડું જુદું સમજે છે. વિશ્વામિત્રીનો પ્રેમ સ્વીકારે છે. પરંતુ તે માને છે કે...

'પ્રેમ ને પરણવું બેમાં ફેર છે. સાથે કહે છે કે જ્યાં સુધી બાપુજી, તમે મારી નજર સમક્ષ છો ત્યાં સુધી મારામાં હિંમત નથી નથી ને નથી. ત્યાં નાટક પૂર્ણ થાય છે.' નાટકનો ત્રીજો અંક અથવા તો નાટકનો અંત થોડો ઉતાવળો થયો છે. સામાજિક દૃષ્ટિએ નાટક હજુ પણ વ્યવસ્થિત બની શક્યું હોત, પરંતુ નાટ્યકારે કોઈ પણ કારણસર એ ચૂક કરી છે. હા નાટક ભજવણીની દૃષ્ટિએ થોડું ચુસ્ત લાગે છે. પરંતુ દરેક અંકમાં આપેલી નાટ્યમંચની કેટલીક સૂચનાઓને લીધે દિગ્દર્શક કે ભજવણી કરનાર નટને ખૂબ ઉપયોગી છે, જેથી સારી રીતે ભજવી શકાય એવું છે અને એ જ નાટ્યકારની સફળતા ગણાય. આ નાટકના શીર્ષકને સમજાવતા સતીશ વ્યાસ 'ગુજરાતી નાટક' પુસ્તકના પોતાના લેખમાં નોંધ લે છે કે,

'અનાથ શીર્ષક વ્યંજક છે અને વ્યંજના સ્પષ્ટ પણ છે. અહીં એને એક વ્યાપક અર્થમાં ઘટાવવા જેવું છે. 'અનાથ' શબ્દમાં 'અ' પછી 'ડેશ' મૂકી દેવાથી અર્થ નાથ વિનાનો, માઈલક વિનાનો, પૂરેપૂરો સ્વતંત્ર એવો લેવાથી આ નાટક વિશેષ ઊઘડશે...'

## 1.4 પાત્રાલેખન

આ ત્રણ અંકમાં લખાયેલા નાટકમાં તેર(13)જેટલા પાત્રો દ્વારા સર્જકે બે પેઢી વચ્ચેના અંતરના ભેદની વાત રજૂ કરવામાં આવી છે. આ વાત પ્રસ્તુત કરવા માટે મુખ્ય બે પાત્રો હસમુખરાય અને શેખર વચ્ચે જે સંઘર્ષ ઊભો કર્યો છે. જેથી નાટ્યકારની કળાસૂઝ ભાવકને બરાબર સમજાય છે. નાટકના શરૂઆતના દૃશ્યમાં હસમુખરાયના ઘરના દીવાનખાનાથી થાય છે. માધુ,(નોકર) શેઠાણી શાંતાગૌરી અને માધુનો દીકરો ભોળા પાસે લેખક સરસ રીતે કામ લે છે. ભોળાનું પાત્ર થોડું હાસ્ય ઉપજાવે એવી રીતે અહીં ચરિત્ર ચિત્રણ કરવામાં આવ્યું છે. માધુ અને ભોળો બંને અભણ છે. જ્યારે શાંતાગૌરીને શેઠ હસમુખરાયની પત્ની તરીકેનું પાત્ર પણ નાટ્યકાર બરાબર ઊપસાવી શક્યા છે. હસમુખરાય અને શેખરના સંવાદો દ્વારા જે સંઘર્ષ નાટકમાં ઊભો કરવામાં આવ્યો છે. જે બંને પાત્રોને ઊપસાવવામાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. હસમુખરાય અને શાંતાગૌરી પોતાના દીકરાની સિદ્ધિ માટે ગૌરવ અનુભવે છે. નાટકમાં હસમુખરાયના પ્રવેશ દ્વારા શ્રીમંતાઈ દેખાયા વિના રહેતી નથી. શેખર અને હસમુખરાય વચ્ચે જ્યારે સંઘર્ષ તીવ્ર બને છે તે દરમિયાન સર્જક શેખરના ખાનગી શિક્ષક વેણીલાલના પાત્રનો પ્રવેશ કરાવી વાતવરણ હળવું બનાવે છે. શિક્ષક વેણીલાલનું પાત્ર પણ નાટકમાં મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે. વેણીલાલ, હસમુખરાયને થોડા શાંત થવાની અને શેખરને સમજાવવાનો પ્રયત્ન કરવાનું સૂચન પણ કરે છે. લેખક નાટકમાં જરૂરી પાત્રોનો પ્રવેશ કરાવી, નાટકને આગળ લઈ જવાનું ચાલકબળ પૂરું પાડે છે. નાટકમાં શેખરનો પ્રવેશ જ નાટકને આગળ લઈ જવામાં મદદરૂપ બને છે. જે સંવાદ બંને પાત્રો(બાપ-દીકરો) વચ્ચે થાય છે તે જોઈએ.

'શેખર : (પ્રવેશે છે.) લો (તારના પરબીડિયા આપે છે.)

હસમુખરાય : (વાંચતા વાંચતા મજાક કરવા) તું એમ ન માનતો વળી કે આ બધા તાર પણ તારી મુબારકબાદીના જ છે.

શેખર : (ગળી જઈ) ના, ના. હું તો માનું છું કે તમારા બિઝનેસ અંગેના જ તાર હશે...તમારે 'બિઝનેસ' સિવાયના તાર હોય જ ક્યાંથી ?'

આ સંવાદ દ્વારા શેખરનું પાત્ર આખા નાટકનું ચાલકબળ બને છે અને આ બંને પાત્રો(બાપ-દીકરો) વચ્ચેના કટાક્ષપૂર્ણ વ્યવહારને આપણે સમજી શકીએ છીએ. નાટકના બીજા અંકમાં અશોક અને મુક્તાનું પાત્ર પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે. બંને અનાથાશ્રમના શરણાર્થીઓ છે. અનાથાશ્રમના મૅનેજર દ્વારા બંનેને એક થવાનું સૂચન કરવાથી મૅનેજર, અશોક અને મુક્તા વચ્ચે થોડો સંઘર્ષ થાય છે. નાટ્યકાર વિશ્વામિત્રી, તિલોત્તમા જેવા પાત્રોને વધુ ઊપસાવ્યા નથી, પરંતુ જરૂર જણાય ત્યાં નાટકમાં પ્રવેશ કરાવી, નાટકને ઉપયોગી બનવાનો પ્રયત્ન જરૂર કર્યો છે. શેખરના મિત્ર વિનોદના પાત્ર દ્વારા સર્જકે સુંદર કામ લીધું છે અને એ પાત્ર દ્વારા તંગ બનેલું વાતાવરણ થોડું રમૂજવાળું પણ બનાવે છે.

આમ, નાટ્યકાર નાટકમાં હસમુખરાય અને શેખરના પાત્રોને મુખ્ય ભૂમિકામાં મૂકી આપે છે જ્યારે નાટકના બાકીના પાત્રો જેવા કે શાંતાગૌરી, નોકર માધુ, ભોળો, શેખરનો ખાનગી શિક્ષક વેણીલાલ, અનાથાશ્રમનો મૅનેજર, અશોક, મુક્તા, વિનોદ, વિશ્વામિત્રી કે તિલોત્તમા વગેરે પાત્રો દ્વારા આખા નાટકનો નાટ્યદેહ બાંધ્યો છે. બે પેઢી વચ્ચેના અંતરની વાત હોવાથી આટલા બધા પાત્રો સમાવી શકે એવી શક્યતાઓ પણ રહેલી છે. આથી, નાટકમાં આપવામાં આવેલી રંગસૂચનાઓને લીધે દિગ્દર્શન કરનાર દિગ્દર્શક પાત્રોના મિજાજને કેવી રીતે બહાર લાવી શકાય એની રીત પણ લેખકના ચરિત્રચરિત્ર ચિત્રણ ઉપરથી સમજી શકાય છે.

## 1.5 સામાજિકતા

આ સામાજિક નાટક છે. માનવ સમાજનાં પ્રવર્તમાન પ્રશ્નોની નાટ્યકારે સૂઝપૂર્વક છણાવટ કરી છે. નાટક જે સમયે લખાયેલું છે તે સમયે મા-બાપની ઇચ્છા આગળ સંતાન લાચારી અનુભવતું હતું. આ જ લાચારી સાંપ્રત સમયમાં પણ અનુભવે છે. આપણે જોઈ શકીએ છીએ કે શેઠ હસમુખરાય પોતાનો દીકરો મુંબઈ જેવા ઈલાકામાં બીજો, શહેરમાં પ્રથમ, યુનિવર્સિટી પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે. તો તેને ભેટ સ્વરૂપે કોઈ ભૌતિક વસ્તુ નહીં પણ આઈ.સી.એસ.ની માહિતી પુસ્તિકા આપે છે. જો સંતાન આઈ.સી.એસ. થાય તો સમાજમાં માતા-પિતાનો મોભો વધે. જે તે સમયના વાલીઓ અને આજના વાલીઓમાં(મા-બાપ) સરખાપણું દેખાય છે. ભલેને પછી પિતાના સંતાનનો, પોતાની મહેચ્છા પૂરી કરવામાં ખો નીકળી જાય. દરેક મા-બાપ, હસમુખરાયની જેમ પોતાના સંતાનને મોટા હોદ્દા ઉપર જોવા ટેવાયેલા છે. સંતાનની ઇચ્છા કોઈ જાણતું નથી. જેથી હસમુખરાય અને શેખર વચ્ચે જે સંઘર્ષ થાય છે, તેવી જ પરિસ્થિતિ બીજા માનવ સમાજના મા-બાપો સાથે પણ થતી જોવા મળે છે. જેમાં શાંતાગૌરી જેવા માનવો મુશ્કેલીમાં મુકાતાં હોય છે. હસમુખરાયને પોતાનો દીકરો શેખર આઈ.સી.એસ. થાય તો સમાજમાં પોતાનું સ્થાન ઊંચા મોભાવાળું થાય એવી માન્યતા છે. જ્યારે શેખર આ વાતથી તદ્દન અલિપ્ત છે. જ્યારે માધુ અને ભોળા જેવા પાત્રો ભાવકનું ધ્યાન ખેંચનારા બને છે. શાંતાગૌરી, તિલોત્તમા કે પછી વિશ્વામિત્રી જેવા માનવીઓ આવી પરિસ્થિતિમાં સામાજિક રીતે મુશ્કેલીમાં મુકાતાં હોય છે. નાટકના બીજા અંકમાં અનાથાશ્રમનો મૅનેજર હોય કે પછી અશોક અને મુક્તા વચ્ચેની જે પરિસ્થિતિ છે તે પણ સમાજનું ધ્યાન ખેંચનારી છે. અશોક અને મુક્તા બંને અનાથ છે. આશ્રમમાં મોટા થયા છે. મૅનેજર, અશોકને મુક્તા સાથે લગ્ન કરવા દબાણ કરી રહ્યો

છે. તે દરમિયાન શેખર આશ્રમમાં આવે છે. પછી આખી પરિસ્થિતિ બદલાય છે. મૅનેજર શેખરને આ આશ્રમમાં રાખી શકતો નથી, કારણ કે અનાથાશ્રમ ફક્ત અનાથ બાળકોને જ રાખી શકે છે નહીં કે મોટાઓને ? હસમુખરાય અનાથાશ્રમ આવી, શેખરને પોતાની સાથે લઈ જાય છે. શેખર પણ કોઈપણ જાતનો વિરોધ કર્યા વિના પોતાના પિતાની પાછળ-પાછળ ચાલતો થાય છે અને જતાં જતાં અશોક અને મુક્તાને લગ્ન કરવા માટેની શુભેચ્છાઓ પાઠવે છે. આ સાંભળી હસમુખરાય પણ બંનેને શુભેચ્છા પાઠવે છે, સાથે ઉત્તમ કોટિના મા-બાપ બનવાના આશીર્વાદ પણ આપે છે. એની સાથે શેખરને બાપ બનવાના આશીર્વાદ આપે છે.

બીજા અંકમાં જ મુક્તાની માનસિક પરિસ્થિતિથી સામાજિક સંદર્ભ જોવા જેવો છે. મુક્તા પોતાના પિતાને મળવાની કે જોવાની જે ઇચ્છા છે તે જ દર્શાવે છે કે પિતા-પુત્રી વચ્ચેનો સામાજિક સંબંધ કેવો હોય છે ? મુક્તા પોતાના પિતાની એકાદ ઝલક જોવા માટે અનાથાશ્રમના મૅનેજરને તેના દેખાવ વિશે પૂછે છે અને મુક્તાના અંતરમાં એવું થાય છે કે પોતાના પિતાનો દેખાવ આ પ્રકારનો હશે એવા ઉદ્ગારો પણ નીકળતા હોય એવું લાગે છે.

નાટકના ત્રીજા અંકમાં વિનોદ અને શેખર બંને મિત્રો વચ્ચે ચર્ચા થઈ રહી છે, ત્યાં જ લેખકે શાંતાગૌરી, તિલોત્તમા અને અભિનંદન આપવા આવેલી વિશ્વામિત્રીનો પ્રવેશ કરાવી નાટકમાં આખો સામાજિક પરિવેશ ઊભો કર્યો છે. શેખર અને વિશ્વામિત્રીના લગ્નની વાત થાય છે. શેખર થોડી આનાકાની કરે છે. હસમુખરાયના નાટ્યપ્રવેશથી ફરી વાતાવરણ સામાજિક ઢાંચામાં ફેરવાય છે. આમ, આખા નાટકમાં માનવસમાજમાં ચાલતા સામાજિક વ્યવહારો તેમજ પોતાનો મોભો ઊંચો રહે એવું વિચારનારા હસમુખરાય જેવા અનેક માનવીઓ આખા સમાજમાં આપણને ડગલે ને પગલે જોવા મળે છે. શેખર જેવા સંતાનોની ઇચ્છા પોતાની અંદર ધરબાઈ જતી પણ જોવા મળે છે. નાટ્યકાર સામાજિક પરિસ્થિતિને ઊપસાવવામાં પોતાની કલાસૂઝથી સફળ થયા છે.

## 1.6 સંઘર્ષ

નાટકનું મહત્ત્વનું લક્ષણ કે પરિબળ હોય તો તે સંઘર્ષ છે. આ નાટકમાં દરેક અંકોમાં સંઘર્ષ કોઈને કોઈ પાત્ર કે તેમના સંવાદ દ્વારા જોવા મળે છે. નાટકનું આ મુખ્ય ઘટક આ નાટકમાં સર્વોચ્ચ શિખર પાર પાડે છે. નાટકમાં શેઠ હસમુખરાય(પિતા) અને શેખર(પુત્ર)ની વચ્ચે પૂરેપૂરો સંઘર્ષ જોવા મળે છે. કેટલાંક સંવાદોમાં તો તેની પરાકાષ્ઠા દેખાયા વિના રહેતી નથી. આવી જ પરાકાષ્ઠાવાળા સંઘર્ષ માટેનો પિતા-પુત્ર વચ્ચે ચાલતો સંવાદ જોઈએ.

'હસમુખરાય : જો, હું બીજાઓના જેવો બાપ નથી. કોઈ તો આજ પોતાના દીકરાને આગળ આવેલો જોઈ ફુલાઈ ફુલાઈને ખુરશીમાં માય પણ નહીં... મારા બાપે છીંકણી વેચીને જિંદગી ગુજારી, પણ મરતાં મરતાં મારી પાસે બે પૈસા જોઈને એમના મોં પર હરખ રહ્યો. હવે મારી પણ અવસ્થા થઈ. પૈસા તો બહુ જોયા, પણ એક દીકરાને ઇજનેર જોયો, બીજાને ડૉક્ટર જોઉં ને ત્રીજાને વળી સરકારી હોદ્દેદાર ને માનમરતબાવાળો જોઉં તો મારું મોત સુધરે.'

શેખર : (ટેડાઈથી) હં ! (આડું જોઈને) તેમાં તમે આટલો રસ લો છો ! તમારું મોત સુધરે એમ માનીને તમે ગમે તે કરો ખરા. પછી ભલેને અમારી જિંદગી જ બગડે!'

નાટકમાં બાપ-દીકરા વચ્ચે આવા સંઘર્ષના સંવાદો જોવા મળે છે. જે નાટકને આગળ વધવામાં ઉપયોગી બને છે. જીવનનો સૌથી મોટો સંઘર્ષ નાટકના અંતમાં આવતા શેખરના સંવાદમાં દૃષ્ટિગોચર થાય છે. એ જોઈએ…

'પણ પ્રેમને પરણવું બેમાં ફેર છે. પરણવું એટલે પિતા થવું ; મા-બાપ થવું અને બાપુજી, તમે મારી નજર સમક્ષ છો ત્યાં સુધી મારામાં એ હિંમત નથી નથી ને નથી…'

આ સંવાદમાં જીવનનો અને નાટકનો બંનેનો સંઘર્ષ ભાવકને ખૂબ આકર્ષે છે. આવું આકર્ષણ ઊભું કરવામાં નાટ્યકારને સફળતા મળી છે.

## 1.7 ભાષાશૈલી/સંવાદ

નાટક સામાજિક હોવાથી દરેક માનવને સમજાય એ રીતે નાટ્યકારે નાટકની ભાષા સાદી, સરળ તેમજ આરોહ-અવરોહવાળી છે. મુંબઈ જેવા શહેરમાં રહેતા ધનવાન શેઠ હસમુખરાય જેવાની ભાષા પ્રયોગશીલ તેમજ શેખર જેવા વિદ્યાર્થીની સમજણભરી શૈલીમાં પ્રયોજી છે. નોકર માધુ અને ભોળા જેવાના સંવાદમાં થોડી રમૂજી ભાષા પણ દેખાય. શાંતાગૌરીની ભાષામાં જુદાં પ્રકારની લઢણો જોવા મળે જેનું એકાદ દૃષ્ટાંત જોઈ શકાય :

'શાંતાગૌરી : માધુ, ઝટપટ બધું બરાબર કરી દે. કાં'તો આ આવ્યા હમણાં ! આવી લહેકાઓ વાળી ભાષા નાટકના આરંભમાં શાંતાગૌરીના મુખે સર્જક મૂકે છે.' જ્યારે એવા જ લહેકા અને લઢણોમાં પ્રયોજાયેલી ભોળાના મુખે રમૂજ ઊપજાવતી ભાષાનું એકાદ નાનકડું ઉદાહરણ જોઈએ :

'ભોળો : ભલી એ ખુશાલી ! ભણ્યાની તે વળી વધામણી હોતી હશે ક્યાંઈ ? આ તો શેઠના છોકરા ગણીને મેતાજી માસ્તર મારતા નહીં હોય… આપણે તો માસ્તરને ત્રીજે જ દા'ડે કપાળમાં એવી કને સિલેટ એડી દીધેલી ને કે જાય રે તમારી મેટલિક પાતાળમાં !… બાકી ભણવામાં તેં શી મોટી એવી મઝા…'

નાટકમાં સર્જકે રંગમંચની રંગસૂચનાઓ આપી છે. આ સૂચન જો પ્રવક્તાના પાત્ર દ્વારા આપવામાં આવે તો સુંદર નાટ્યવક્રોક્તિ પણ બને. હસમુખરાય અને શેખર વચ્ચેના સંવાદની જે ભાષાશૈલી છે, એ નાટકના સંઘર્ષથી રચના ખૂબ ધ્યાનાકર્ષક બની છે. નાટકમાં સ્ત્રીપાત્રોની શૈલી સરળ છે. જ્યારે અશોક, મુક્તા કે વિનોદ જેવાની ભાષા સુશિક્ષિત સમાજની છે. નાટકની ભાષાશૈલી સમાજનાં દરેક વર્ગના માણસોને સમજાય એવી સરળ અને સમૃદ્ધ છે, જેથી નાટ્ય આ દૃષ્ટિએ પણ સમૃદ્ધ છે.

## 1.9 સારાંશ

સમગ્ર નાટકને તપાસતા; એટલું બરાબર સમજાય છે કે નાટકમાં સમયનો નિર્દેશ તેમજ નાટકના પાત્રો, પાત્રોની ભાષા આ બધું જોતા એવું લાગે છે કે નાટક પૂરેપૂરું મંચનક્ષમતા ધરાવે છે. ઉમાશંકર જોશીએ જે રીતે ઉત્તમોત્તમ ગુજરાતી સાહિત્યને એકાંકીઓ આપ્યાં છે. એવી જ રીતે જો નાટ્યસાહિત્ય સ્વરૂપમાં વધુ ખેડાણ કર્યું હોત તો હજુ વધારે ગુજરાતી નાટ્યસાહિત્ય સ્વરૂપને સમૃદ્ધ કરી શક્યા હોત.

## 1.10 પુનરાવલોકન

**(ક) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

૧. નાટ્યસ્વરૂપ આધારે 'અનાથ' નાટકનું મૂલ્યાંકન કરો.
૨. 'અનાથ' નાટકને કેન્દ્રસ્થાને રાખી નાટ્યકાર ઉમાશંકર જોશીની નાટ્યકાર તરીકેની સિદ્ધિ–મર્યાદા તપાસો.
૩. 'સામાજિક નાટક' તરીકે 'અનાથ' નાટકમાં દર્શાવાતી સમસ્યાને તમારા શબ્દોમાં ચર્ચો.
૪. 'અનાથ' નાટકમાં નિરૂપિત કથાવસ્તુ વિશે તમારું મંતવ્ય વ્યક્ત કરો.
૫. ઉમાશંકર જોશીની નાટ્યશૈલીની 'અનાથ' નાટક આધારે ઉદાહરણ સહિત સમીક્ષા કરો.

**(ખ) ટૂંકનોંધ લખો.**

૧. 'અનાથ' નાટકનું કથાવસ્તુ
૨. 'અનાથ' નાટકમાં વ્યક્ત સંઘર્ષ
૩. 'અનાથ' નાટકમાં રહેલો સામાજિક સંદર્ભ
૪. હસમુખરાય અને શેખરનું પાત્રચિત્રણ
૫. 'અનાથ' નાટકમાં આવતા ગૌણપાત્રોની ભૂમિકા
૬. 'અનાથ' નાટકનો આરંભ અને અંત
૭. 'અનાથ' નાટકની ભાષાશૈલી
૮. 'અનાથ' નાટકની મંચનક્ષમતા

## 1.11 લેખનપ્રવૃત્તિ

- ગાંધીયુગના ક.મા.મુનશી અને ચં.ચી.મહેતાના નાટકોનો અભ્યાસ કરી ઉમાશંકર જોશીની નાટ્યશૈલીની તુલના કરો.
- અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં થઈ ગયેલા નાટ્યકારોની યાદી બનાવો.
- નાટ્યકારોની યાદી બનાવ્યા બાદ દરેક નાટ્યકારના એક નાટકનું વિશ્લેષણ કરી નાટકના સ્વરૂપનો પરિચય મેળવો.
- આધુનિકકાળ દરમિયાન લખાયેલાં નાટકોનાં સ્વરૂપમાં આવેલાં બદલાવને ચકાસો.

## 1.12 વિશેષ અધ્યયન

1)'ગુજરાતી નાટક'માં સતીશ વ્યાસે 'અનાથ' નાટકને દ્વિઅંકી કહ્યું છે.
જ્યારે...
2)'સર્જક પ્રતિભા શ્રેણી – ઉમાશંકર જોશી'માં ચંદ્રકાંત શેઠ સાહેબે ત્રિઅંકી કહ્યું છે.
વધુ વાંચન માટે વિદ્યાર્થીઓએ ઉપરોક્ત બંને ગ્રંથનો ઉપયોગ કરવો.

## 1.13 સંદર્ભસૂચિ

1. શેષ નાટકો : 'અનાથ' : ઉમાશંકર જોશી
2. 'ઉમાશંકરનો વાગ્વૈભવ' (ખંડ : 2)- ચંદ્રકાન્ત શેઠ
3. સર્જક પ્રતિભા શ્રેણી – ઉમાશંકર જોશી : ચંદ્રકાન્ત શેઠ

---

**લેખન :** ડૉ. ચીમનલાલ બી.પટેલ
એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

---

એકમ 2

# ઉમાશંકર જોશીનો એકાંકીસંગ્રહ – 'સાપના ભારા'

**રૂપરેખા**

2.1 ઉદ્દેશો
2.2 પ્રસ્તાવના
2.3 સાપના ભારા
2.4 બારણે ટકોરા
2.5 ઊડણ ચરકલડી
2.6 ખેતરને ખોળે
2.7 શલ્યા
2.8 કડલાં
2.7 પડઘા
2.9 દુર્ગા
2.10 ગાજરની પિપૂડી
2.11 વિરાટ જનતા
2.12 સારાંશ
2.13 પુનરાવલોકન
2.14 લેખનપ્રવૃત્તિ
2.15 વિશેષ અધ્યયન
2.16 સંદર્ભસૂચિ

## 2.1 ઉદ્દેશો

- ઉમાશંકર જોશીનો પ્રથમ એકાંકીસંગ્રહ 'સાપના ભારા'ના એકાંકીઓનો આસ્વાદ થશે.
- 'સાપના ભારા' એકાંકીસંગ્રહના મહત્તમ એકાંકીઓ સ્ત્રીઓની સમસ્યાઓ અને સામાજિક વાસ્તવને આલેખે છે તેનો પરિચય મેળવશો.
- 'એકાંકી' સાહિત્યપ્રકાર સંદર્ભે 'સાપના ભારા' એકાંકીસંગ્રહના એકાંકીઓનું સાહિત્યમૂલ્યનું આકલન કરવાની સૂઝ કેળવાશે.

## 2.2 પ્રસ્તાવના

ઉમાશંકર જોશીએ એકાંકી સ્વરૂપમાં જન્મભૂમિ આસપાસના તત્કાલીન વાતાવરણ, સામાજિક સ્થિતિને લોકબોલીમાં કલાત્મક રીતે રજૂ કરેલ છે. ઉમાશંકર જોશીનો જન્મ 'ઇડર રાજ્ય'ના બામણા ગામમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો. તેમના વિશે રા. વિ. પાઠક, 'સાપના ભારા' એકાંકીસંગ્રહની પ્રસ્તાવનામાં લખે છે કે, 'શ્રી ઉમાશંકરે ગામડું જોયું છે, તેની સાચી સ્થિતિ તેઓ સમજ્યા છે અને તેનું તેમણે સમભાવ અને વિચારપૂર્વક નિદાન કરેલું છે.' 'સાપના ભારા' એકાંકીસંગ્રહમાં કુલ અગિયાર એકાંકી છે, જેમાં મહત્તમ એકાંકીઓમાં ઉમાશંકર જોશીએ અલગ અલગ પરિસ્થિતિમાં મુકાતી નારીની વ્યથા-કથાને તથા તત્કાલીન સામાજિક પરિસ્થિતિને ચિત્રિત કરી છે.

**2.3 સાપના ભારા**

**સારાંશઃ**

સાપના ભારા એકાંકીની શરૂઆત વિધવા તરુણી મેના, જે અંબાબાઈની દીકરી છે; જેના સસરા નંદરાય પંડ્યાના બ્રાહ્મણવાડા સ્થિત ઘરના વર્ણનથી થાય છે. આ વર્ણનમાં જ શહેરી સુધારાથી દૂર એવા જડ પરંપરાગત પરિવારની ઓળખ મળી જાય. અંબાબાઈ ચાળીસેક વર્ષના વૈધવ્ય અને ચિંતાથી નંખાઈ ગયેલાં ડોસી છે. તેમની દીકરી મેનાને પેટમાં દર્દ ઉપડ્યાના સમાચાર સાંભળી દીકરીના સાસરે આવ્યાં છે. ત્યાં સાસુ ધની દૈનિક કામ અર્થે ઘરની બહાર ગઈ છે, ત્યાં અંબાબાઈની વીસેક વરસની ભાણેજ લીલી મળવા આવે છે. બંને વચ્ચે લીલી અને મેનાના લગ્ન અને તેની સાથે લગ્નજીવનની કઠણાઈ વિશે સંવાદ થાય છે. લીલીના લગ્ન વેંતિયા વર જોડે કરી દેવામાં આવ્યા છે, જ્યારે ઉચ્ચ કુટુંબ જોઈને મેનાના લગ્ન નંદરામ પંડ્યાને ત્યાં કરવામાં આવ્યા. લીલી અંબાને કહે છે કે ફૂલ જેવી દીકરીને ઉચ્ચ કુટુંબ જોઈને અગ્નિમાં હોમી દીધી. લીલી મેનાની સાસુ ધનબાઈના આકરાપણાની ટીકા કરે છે. અંબા કહે છે કે જમાઈને એક વર્ષમાં તાવ આવશે અને મૃત્યુ પામશે એવી ક્યાં ખબર હતી, એ તો મેનીનું કપાળ ફૂટેલું. લીલી એ સમયની સામાજિક પરંપરા સ્ત્રીઓ માટે કેટલી આકરી હતી તેનું સાદૃશ્ય વર્ણન સંવાદ દ્વારા ટાંકે છે અને આ જીવન કરતાં તો મેના અવલકુંવારી હોત તો સારું એવી ભાવના વ્યક્ત કરે છે. ત્યાં તો અંબા દીકરીને સાપનો ભારો ગણી પરણાવી વિદાય કરી દેવામાં સમજદારી વ્યક્ત કરે છે. લીલી અંબાને સાસરામાં મેનાની પરિસ્થિતિ વિશે જણાવે છે ત્યારે અંબા વિશે લીલીને ‘ઈનું દુઃખ....’ કહી હાથ ખંખેરી લે છે. એ વખતના આખા સમાજ સ્ત્રીઓ સાથેનો વ્યવહાર અને સ્ત્રીઓની પરિસ્થિતિનો ચિતાર અંબા-મેનાના સંવાદમાં વ્યક્ત થાય છે. આ બંનેની વાતમાંથી મેનાની ગંભીર માંદગીની સ્થિતિનો અનુભવ થાય છે. અંબા મેનાના સાસરે આવતા સમયે તેના ભાઈ દોલતરામને અહીં આવવાનું કહેણ આપતી આવી હતી. તે પણ મેનાના સાસરે આવે છે, લીલી જાય અને આ પછી અંબા અને દોલતરામને મેનાના પેટ દર્દ વિશે સાચી હકીકત સાંકેતિક ભાષામાં જણાવે છે. આ પરથી દોલતરામને વિધવા મેના સગર્ભા હોવાની જાણ થતા અંબાને તેના હાથે જ દીકરીને મારી નાંખવાનું સૂચન કરે છે. અંબાનું કાળજુ કંપે છે ત્યારે દોલતરામ આકારા શબ્દોમાં ચેતવણી આપે છે કે જો તે આ કામ નહીં કરે તો રાત્રે આવીને દોલતરામ પોતે મા-દીકરીનું કાસળ કાઢી નાંખશે. આબરૂ જવાની બીકે ધની વેવાણે પણ કાચનો શીરો મેનાને ખવડાવવાનું આગલી રાત્રે જ સૂચન કર્યું હતું. જણનારીને હાથે જ બિચારી મેનાનું કાસળ નીકળે તે દોલતરામ અને ધની વેવાણ ઈચ્છે છે. હવે ધની વેવાણ પાછી ફરે છે ત્યાં અંબા ઉપર ફરી દીકરીને મારી નાખવા માટેનું દબાણ વધે છે, ધની વેવાણ અંબાને ખરું-ખોટું સંભળાવે છે. અંબા મનોમંથન અને અપાર દુઃખ અનુભવે છે. ત્યાં છેલ્લા દૃશ્યમાં નંદરામ કૂવે બેઠા છે, ઘરે આવતા નથી અને અંબાબાઈ કોઢનું કમાડ વાસી, ખાળેલાં આંસુ સાથે કાપતાં ધનબાઈ પાસે રડે છે, ધનબાઈ વસ્તુસ્થિતિ પારખી જતા અંબાબાઈને સવાલ પૂછે છે, ‘કોઈનું નામ લીધું ?’ અને અંબા ‘રાખશસ.... નંદરામ વેવાઈ !’ બોલી ધ્રુસકે-ધ્રુસકે રડી પડે છે. ત્યારબાદ એકાંકીના અંતે ધનબાઈ જડવત થઈ ‘મારી શોક્ય ! રાંડ લુચ્ચી !’ બોલે છે અને પડદો પડે છે.

**સમીક્ષાઃ**

ચાલીસ વર્ષની વિધવા અંબાબાઈ પોતાની વિધવા પુત્રી મેનાના સાસરે આવે છે, ત્યાં સગર્ભા થયેલી મેના બીમારીને કારણે તરફડતી હોય છે. આ પરિસ્થિતિમાં મેનાની સાસુ ધની અને મામા દોલતરામ એની કાશ જાય એમ ઈચ્છે છે, તે પણ મેનાની મા અંબાના હાથે જ. ત્યાં અંબા પોતાના હાથે ઉછરેલી છોકરીને મારી શકવાની અસમર્થતા બતાવતા તેણે દબાઈને, અપમાન પર અપમાન સહન કરવું પડે છે. અંબા પોતાના ભાઈને કહે છે કે,

'અંબા (રોતી રોતી) : ધની પણ મૂઈ કાલ રાત મને કહે કે શીરાના કોળિયામાં કાચ ખવડાવી દ્યો એટલે બચી ગ્યાં ! પણ.....

દોલતરામ : પણ ને બણ..... મારી ને તારી સાતે પેઢીઓ બોળવી છે કે શું ?'- વિધવા થયેલી દીકરીની આ સમાજમાં કોઈ કિંમત તો નથી જ.

અંબા : જણનારીને હાથે જ બિચારી.... આ હાથે મોટી કરી, ને અત્યારે આ જ હાથે.....!'

-આ વ્યંજના દ્વારા સમાજની રૂઢિચુસ્તતા અને ક્રૂરતા ઝલકે છે.

અંબાબાઈને ધમકાવતા ધનબાઈ કહે છે કે,

'ધનબાઈ : એ તો તમારે તો ! તમારે કંઈ ગમાવવાનું નથી, નાગું ન્હાય શું ને નિચોવે શું ? અને એ.... અન અમારો વેલો દસ-પંદર પેઢીથી પેલા નંબરનો છે. તે તમારી દીકરીને લીધે હવે મૂળમાંથી જવા બેઠો. મૂઈ રાંડ કેવાંય પગલાની આવી, તે મારા હરગોવનને ખાઈને નાં ધરાણી, તે પછી અમનેય.....?'

અને અંતે બીમાર મેના પોતાની મેળે કુદરતી રીતે મૃત્યુ પામતા સાસુ અંબાબાઈને તરત પૂછે છે,

'ધનબાઈ : કોઈનું નામ લીધું ?

અંબાબાઈ : પીટ્યો....

ધનબાઈ : કોણ ? કોણ ?

અંબાબાઈ : રાખશસ ! નંદરામ વેવાઈ

ધનબાઈ : મારી શોક્ય ! રાંડ લુચ્ચી !'

આ એકાંકીમાં સંવાદો દ્વારા સસરા નંદરામના ચરિત્રને ઉઘડતું બતાવાયું છે, પરંતુ જ્યારે મેના, નંદરામના કારણે સગર્ભા બની હતી તે સાંભળતા ધનબાઈ નંદરામ વિશે કશું ન બોલતા, મેનાને 'મારી શોક્ય ! રાંડ લુચ્ચી' કહી ગાળો ભાંડે છે. આ પુરુષપ્રધાન સમાજમાં કોઈપણ અનૈતિક કામ માટે શું ફક્ત સ્ત્રી જ જવાબદાર હોય !

'સાપના ભારા'માં પિતા સમાન સસરાના શિથિલ ચારિત્ર્યનો ભોગ બનેલી મેના જેવી વિધવા પુત્રવધૂને કોઈ આ દુનિયામાં જીવાડવા ઈચ્છતું નથી. તે સાસુ, મા અને મામાના તિરસ્કારનો ભોગ બની આખરે મૃત્યુ પામે છે. સાસુ અને મામાની ઈચ્છા મા અંબા દ્વારા મેનાને મૃત્યુ આપવાની હતી. માનવતા મરી પરવારી છે, એ સામાજિક વાસ્તવનું કરુણચિત્ર રજૂ થાય છે.

## 2.4 બારણે ટકોરા

**સારાંશ :**

નંદુ અને ચંચળ ઉનાળાની સાંજે વાતો કરતાં બેઠા છે. વિધવા નંદુ વૃદ્ધાવસ્થાને કારણે હાંફતી જણાય છે. નંદુ ગોરાણી ચંચળને આખા દિવસમાં દોઢસો વાર ખડકી ઉઘાડવા જવું પડે છે અને વારેવારે લોકો બારણે આવીને ઊભા જ રહે

છે, તેમ કહી પોતાના હાંફવાનું કારણ જણાવે છે. ચંચળ પૂનમભાઈનો લોટો લેવા આવી છે અને નંદુ પૂનમભાઈને યાદ કરતા તેને ત્યાં આવતા મહેમાનોને ભાંડતી રહે છે. પરભુ ગોરની શાખને લીધે ઘરે આવતા મહેમાનોની મહેમાનગતી તેને પસંદ નથી. ગોરના સ્વર્ગવાસ પછી આ મહેમાનોનો બોજો પોતે કે તેમના દીકરાઓ ઉઠાવી શકે એમ નથી; તેથી, બારણે આવતા મહેમાનો પ્રત્યે રોષ વ્યક્ત કરે છે.

મહેમાનોની વાતો કરતા નંદુ પોતાના દરિયાદિલ પતિના સ્મરણોમાં ખોવાય છે. પરભુ ગોર નંદુના મહેમાનો સાથેના વ્યવહાર માટે ભાંડતા અને કહેતા કે, 'મૃત્યુ પછી હું પણ બારણે આવીને ઠોકુ તો તું ન જ ઊઘાડે.' આ બધું યાદ કરીને પોતાના આકરા સ્વભાવને દોષ આપે છે. ત્યાં જ નંદુના મોટા દીકરા વિશે પૂછવા કોઈ જુવાન બારણું ખખડાવે છે, ને નંદુ ફરીથી ગુસ્સે થઈ મહેમાનો વિશેનો વલોપાત શરૂ કરે છે. બટુ આવે છે અને ચંચળ જાય છે. બટુ પણ માતાની જેમ જ મહેમાનોને ભાંડે છે. બટુ નિશાળે જતા સવારથી પરભુ ગોરનું ઘર પૂછતા લોકો વિશે નંદુને જણાવે છે. નંદુ અને બટુ બંનેને પોતાનાં ઘર અને ધર્મશાળામાં ભેદ જણાતો નથી અને બંને અકળાયેલા છે. ત્યાં જ જયંતિની મુગટલાલને લઈને પ્રવેશે છે. નંદુ અને બટુ ફરીથી પરભુગોરના સંસ્કાર ધરાવતા જયંતિ મહેમાનગતીથી પોતાના નસીબને કોસે છે. સવારના બનેલા ભોજનમાંથી જયંતિ અને મુગટલાલ વગેરે જમવા બેસે છે.

બધા જમવાનું શરૂ કરે અને બારણે ટકોરા સંભળાય, બારણે મુસાફર એક રાત રોકાવા માટે બારણું ખોલવા કહે છે; પણ, નંદુ ધર્મશાળામાં રોકાવા કહી ભાંડે છે. ક્ષણ પછી જ્યારે નંદુ બારણું ઉઘાડે છે ત્યારે મુસાફરને અંધારામાં જતો જોઈ વિલાપે છે અને પાછા આવવા આજીજી કરતી બૂમો પાડે છે, બારસાખ પર કપાળ કૂટે છે. બટુ આ જોઈ આશ્ચર્ય પામે છે ને તે વ્યક્તિ વિશે નંદુને પૂછે છે. નંદુ તે પડછાયાનું વર્ણન કરે છે, જે પરથી બટુ તે વ્યક્તિ પોતાના પિતા હોવાનું અનુમાન બાંધે છે.

**સમીક્ષા :**

'બારણે ટકોરા'માં નાયિકા નંદુ ગોરાણી, કમાનાર પતિના અવસાન બાદ ઘરનો જૂનો વૈભવ કમને સાચવે છે. મહેમાનોને સ્વાર્થબુદ્ધિથી અને બેવકૂફીથી જાકારો આપે છે. આ વિધવાને અતિથિપૂજાની અશ્રદ્ધા છે, પરંતુ હિન્દુ બ્રાહ્મણ સ્ત્રી પતિને પરમેશ્વર માનતી હોવાથી પતિના નકશેકદમ પર ચાલવા પ્રયત્ન તો કરે છે, પણ ચાલી શકતી નથી. તેને પતિ સ્વપ્નમાં દેખાય છે ત્યારે પોતાના આ વટેમાર્ગુઓની સેવા ન કરવાના પાપને કારણે 'ઇયાંનો જીવ મારે ઊંચો રહેતો લાગે છે !' એમ કહી મૃત્યુ બાદના જીવનને પણ દર્શાવવાનું લેખકનું પ્રયોજન હોઈ શકે. હિંદુ સમાજમાં પતિને દેવ માનનારી વિધવાને મન આ વાત સત્ય જ છે એટલું જ નહિ, એને પોતાના અને પુત્રોના ભવિષ્યની ચિંતા છે, અને છતાં કરુણા એ થાય છે કે ગામડાની ગરીબી અને માનવસુલભ નિર્બળતાને કારણે, તે 'બારણે ટકોરા' સાંભળવા છતાં બારણું ઉઘાડતી નથી, અને તેના મૃત પતિ પાછા ફરી ગયા તેવી ભ્રમણામાં જીવે છે. અહીં પ્રથમ દૃષ્ટિએ ગામની અબુધ, સામાન્ય નારીના પરલોકના જીવન પરની શ્રદ્ધા, ભ્રમણા કે અંધશ્રદ્ધા વચ્ચે ઝોલા ખાતા માનવસ્વભાવની વિલક્ષણતાઓ બતાવી છે. સાથે જ કૌટુંબિક રીતે પ્રતિષ્ઠિત બનેલા ઘરમાં આતિથ્યધર્મને પતિની આજ્ઞા સમજી વિષાદપૂર્ણ

સ્થિતિમાં પણ પત્નીએ ધર્મ નિભાવવો પડે છે. છતાં પણ છેલ્લે નંદુ ગોરાણી કહે છે કે, 'દેવ જેવા માણસ મારે પનારે ક્યાં પડ્યાં ? હું હીણાં કરમની ઈંયાને વગોવવા વના બીજું શું કરવાની છું ?'

આ એકાંકીમાં એકાંકીકાર પરભુ ગોર જેવા સૂચિત પાત્ર દ્વારા અતિથિ સત્કારના ભારતીય સંસ્કૃતિના ખ્યાલને ઉજાગર કરે છે. કુટુંબ આર્થિક રીતે ઘસાઈ ગયું હોવાથી પરલોક સિધાવેલ પરભુ ગોરની પત્ની નંદુ ગોરાણી આતિથ્યની જંજાળથી કંટાળે છે. તેઓ રાત્રે બારણે ટકોરા દેતા એક વટેમાર્ગુને જાકારો આપે છે, પણ એમ જાકારો પામતાં ચાલી જતા વટેમાર્ગુમાં પરભુ ગોરનું દર્શન કરતાં તે અપાર વેદનાને પામે છે. અહીં પરભુ ગોરના શબ્દો 'સાથે શું લઈ જવાનું છે ? રામનો આલ્યો બટકું રોટલો ખાધાં કરતાં ખવરાવ્યો મીઠો લાગે !' એ ભાવક સામે પ્રસ્તુત કરી આપવામાં લેખક સફળ રહ્યાં છે.

## 2.5 ઊડણ ચરકલડી

**સારાંશ :**

ઉનાળાની એક બપોર તરફ ઢળતી સવાર છે. વળગણી ઉપર ધોતિયું સૂકવતી ચંદણી ગમગીનીમાં ડૂબેલી છે. તેનાથી ડૂસકું ભરાય છે ને ઘરની ગોઠણ જીવી આવે છે. જીવી ચંદણીની આંખો પર હાથ દાબે છે. જીવલી છે એમ કહેતા આંખો પરથી હાથ કાઢી જીવી રડવાનું કારણ પૂછે છે. ચંદણીએ વાત બદલી એટલે જીવી 'ચંદણીની સખી વા'લીને લગ્ન પછી વળાવવામાં આવી રહી છે તેવા સમાચાર આપે છે. જીવી ચંદણીને આ વિદાયપ્રસંગમાં આવવા કહે છે; પણ, ચંદણી જવા તૈયાર નથી. અમથી, જમની, લલી, રૂપાળી અને વા'લી બધી સખીઓને વળાવી એકલી પડેલી ચંદણીને પોતાના ભવિષ્યની ચિંતા પેઠી છે. જીવી પણ આણું આવ્યેથી જતી રહેશે અને ચંદણી 'પછી અહીં ચંદણીબાઈ મેવડો થઈને નાચશે આખા ગામમાં !' એને એ વાતનું દુઃખ છે કે, 'મારાથીય નાની નાની ગોઠણો જતી રહી. લગ્નોમાં મા'લવું તે મરવા જેવું લાગ્યું છે મને ઓણ તો !'' સંતોકબાઈ ચંદણીને ગામની જાનોમાં ભટકવાની ના પાડે છે; પણ, જીવીના આગ્રહે બન્ને વા'લીને વળાવવા નીકળે છે, ત્યાં તો આ બંનેની વાટ જોતી વા'લી જ સામે આવી ચઢે છે. ત્રણેયની વાતમાંથી જાનમાં આવેલ અણવર કેશુની અને તેના પ્રત્યેના ચંદણીના ખેંચાણના સંકેતો મળે છે. ગમગીન હૃદયે ત્રણેય સખીઓ ભેટીને વા'લી ત્યાંથી છૂટા પડવાની તૈયારી કરે ત્યાં જ કેશુનો પ્રવેશ થાય છે.

કેશુ વા'લીને શોધતો ત્યાં આવી ભાભી વા'લીની પૃચ્છા કરે છે. વા'લીના આણામાં કેશુ પણ ચંદાબેનની વાટ જોતા થાકી અહીં આવે છે. અહીં આવેલો કેશુ ગીતો ગાય છે. જવા કરતી ચંદણીને રોકે છે. વા'લી તો જતી રહી છે; પણ, કેશુ ચંદણી-જીવી સાથે વાતો કરે છે. જીવી પણ બંનેને એકલા છોડી જતી રહે છે. કેશુ પોતાના ખીસામાંથી સોનાનો હાર કાઢી ચંદણીને ત્રણ દિવસના સંભારણાંરૂપે આપે છે. આ હાર તેને જાનમાં આવતા લૂંટારાઓ સાથે થયેલી ઝપાઝપીમાં મળ્યો છે. ચંદણી તરફનું કેશુનું આકર્ષણ આ હાર આપવાના પ્રસંગમાંથી તરી આવે છે. પહેલાં તો ચંદણી આ હાર સ્વીકારવાની ના પાડે; પણ, અંતે જીવી લઈ લે છે અને કેશુ ત્યાંથી ચાલ્યો જાય છે. જીવી-ચંદણી કન્યાવિદાયનાં ગીતો સાંભળતા વા'લીને વળાવવા દોડે છે, ત્યારે જ ચંદણીના

પિતા નારાયણનો પ્રવેશ થાય છે અને કાંકરી ગોળ બંનેને આપે છે. જીવી ગોળ આપવા માટેનું કારણ પૂછે છે અને નારાયણ, કેશુના પિતા વિઠ્ઠલ સાથે ચંદણીના વિવાહ નક્કી થયાની જાહેરાત કરે છે. અહીં કૃતિની પરાકાષ્ઠા છે. કેશુનો પિતા ત્રીસ-બત્રીસ વરસની ઉંમર અને બે-ત્રણ વરસથી પત્ની ગુજરી ગઈ છે એવા વ્યક્તિ સાથે એટલે કે બીજવર પણ ઊંચા ઘરનો ક્યાંથી મળવાનો એમ કહી ચંદણીનો વિવાહ મેંદોલીના વિઠ્ઠલ ઠાકર સાથે નક્કી કરી આવે છે. જીવી પણ માને છે કે, 'બીજવરની પરણી મહાસુખ પામશે.' નારાયણ અને સંતોક ચંદણીના વિવાહની વાતો કરતા હતા ત્યાં જીવી નારાયણના ખોળામાં રૂમાલમાં બાંધેલા હારને નાખી જતી રહી છે. જતાં જતાં બોલે છે કે, 'જેનો છે ઈને એ નકામો હતો, ન છેવટે તો ઇને ત્યાં જ જવાનો છે.' વળી ચંદણીને પણ પૂછે છે કે, 'અલી ચંદણી, કેશુ તે તારો.... કે ભાઈ, કે દીકરો.....?' ત્યારે ચંદણી આ સવાલ ટાળતા ભારોભાર કરુણતા સાથે જવાબ વાળે છે કે, 'એ તો અમથો અણવર જ; અને એકાંકીના અંતે જીવી દ્વારા બોલાતી 'તું તો રે બેની ઊડણ ચરકલડી...' સાથે પડદો પડે છે.

**સમીક્ષા :**

'ઊડણ ચરકલડી'એકાંકીમાં લેખકે ચંદણી, જીવીના આરંભના સંવાદો દ્વારા લગ્નની ઉત્સુકતા અને લગ્નનું સમાજ અને છોકરીના જીવનમાં મહત્ત્વ બતાવી આપ્યું છે. 'ચંદણી' જે એકાંકીનું મુખ્ય પાત્ર છે, તેને પોતાના લગ્ન માટે ઉત્સુકતા છે પરંતુ મા-બાપ કંઈ નક્કર ન વિચારતા હોવાથી પોતાની બહેનપણીના લગ્નમાં જતાં પણ ખચકાય છે, કારણ કે તેનાથી નાની ગામની છોકરીઓ પણ પરણી ચૂકી છે. વાલીના લગ્નમાં અણવર તરીકે આવનાર કેશુ સાથે તેની મુલાકાત થાય છે. ચંદણીના પિતા કેશુના પિતા સાથે ચંદણીના વિવાહ નક્કી કરે છે. ચંદણી કેશુને પરણવા ઇચ્છે છે. અહીં યુવાન દીકરીના, બીજવર અને આધેડ વયના મુરતિયા સાથે લગ્ન કરાવતા મા-બાપ દીકરીના અરમાનો વિશે કંઈ વિચારતા જ નહિ હોય ! કેશુએ આપેલા હાર વિશે જીવી કહે છે કે, 'ચંદણીનો જ છે ! જેનો છે ઈંને નકામો હતો, ને છેવટે તો ઈંને ત્યાં જ જવાનો છે.....' આ પરથી એ તો સ્પષ્ટ થાય છે કે આ રૂઢિગ્રસ્ત સમાજમાં ઉછરેલી ચંદણી આ સંબંધ સ્વીકારી લેશે. તેથી જ તો જીવી ચંદણીનો હાથ પકડીને પૂછે છે કે, 'અલી ચંદણી, કેશુ તો તારો... કે ભાઈ, કે દીકરો ?' આ વેધક વાક્ય સંબંધોના આખા પરિમાણ બદલી આપે છે. આ એકાંકીમાં ચંદણીનું મૌન જ તેની લાચારીનું પ્રતીક બની રહે છે.

અહીં અર્વાચીન રૂઢિગત ગ્રામીણ સમાજજીવનમાં છોકરીના લગ્ન વિષયક ખ્યાલ અને ઉત્સુકતા કેવી રીતે કરુણતા અને લાચારીમાં પલટાય છે, તેની વાત છે. ચંદણી અને જીવીના પાત્રોગત સંવાદો દ્વારા ચંદણી, પોતે જેને પરણવા ચાહતી હતી તે કેશુને બદલે કેશુના બાપને પરણીને દાદાજીના દેશમાંથી ઊડીને કાલે પરદેશ જવાની, કેશુને ઘેર જવાની, પણ કેશુ ચંદણીનો કોણ ? – આ પ્રશ્નનો વેદનાપૂર્વક જવાબ પણ ખૂબ સહજતાથી પચાવતી ચંદણી, જે ગ્રામ્યસમાજની ભીરુ છોકરી જે 'દીકરીને ગાય દોરે ત્યાં જાય'ની કહેણી સાર્થક કરતી જણાય છે.

## 2.6 ખેતરને ખોળે

**સારાંશ :**

આસપાસ ખેતરો પથરાયેલાં છે. ઘઉંનો પાક તૈયાર થઈ ગયો છે અને તે લણવા જમના અને ભીખી પોતપોતાની ટોપલીઓ, દાતરડું લઈ આવે છે. ત્યાં જ કોસવાળો ગીતો લલકારે છે. તે સાંભળી ભીખી આ લલકાર વિઠ્ઠલભાઈના હોય તેમ અનુમાન કરે છે. આના પ્રત્યુત્તરરૂપે જમના માણસ ઓળખવાની ભીખીની અક્ષમતા પર પ્રહાર કરે છે. વિઠ્ઠલ તો કૂવે જાઉં છું કહીને ઘરેથી ક્યારનો નીકળી ગયો છે અને પાછો ફર્યો પણ નથી. આ વાત પછી ભીખી અને જમના વચ્ચે ઘઉંને લણવાની સાથે સાથે ભીખીના કુટુંબ પર આવી પડેલા દુઃખની વાત ઉકેલે છે. જેમાં સઘળો વાંક-ગૂનો ભીખીનો જ હોય એવું જમનાને લાગે છે અને તેના પણ આક્ષેપ કરે છે કે, ભીખીના ભાઈ મોહને લગ્નના સાટામાં મળેલ હજાર રૂપિયા લઈ લીધાં છે, જેના કારણે ભીખીના સસરા આઘાતમાં મૃત્યુ પામ્યા છે અને તેના સાસુ અને પતિ પર બહુ મોટું દેવાનું સંકટ આવી પડ્યું છે, જેના કારણે તેમના કોઠારો પણ ખાલી થઈ ગયા છે. આ વાત સંભળાવી જમના ત્યાંથી નીકળી જાય છે. એકલી થયેલી ભીખી રડવાનું શરૂ કરે છે ત્યાં જ તેનો પતિ રઘુ આવે છે. તેને રડતી જોઈ કારણ પૂછે છે. ભીખી એ સમયે જમના સાથે થયેલી વાતચીત જણાવે છે. રઘુ તેને પ્રેમપૂર્વક આશ્વાસન આપવાનો પ્રયત્ન કરે છે. તે દરમિયાન ભીખીની સાસુ રેવા ત્યાં આવે છે અને આવતાની સાથે જ કપાળ કૂટવા લાગે છે. રઘુ ડઘાઈને કારણ પૂછે છે ત્યારે ભીખીના ભાઈ મોહન દ્વારા થતી હરકતના લીધે પંચાયતે નાતવારો (બાપાના કારજની નાત) જે વરસથી કર્યો નથી તે આવનારી અખાત્રીજ સુધીમાં ન કરે તો રઘુનાથને નાત બહાર મૂકવાનો પંચે ઠરાવ કર્યો છે. રઘુ આવી નાતમાં રહેવાની ના પાડે છે. તે સાંભળી રેવા રઘુને નમાલો ગણી ભાંડે છે. છેલ્લે આ પ્રશ્નના સમાધાન અર્થે રેવા, ભીખીને તેના પિયર મોકલવાનો રઘુ પાસે પ્રસ્તાવ મૂકે છે. રઘુ આ વાત ગણકારતો નથી અને રઘુ શહેરમાં કમાવા જવાની વાતો કરે છે. આ સમયે રેવા રઘુને જમવા કહે છે ત્યાં રઘુ સીધો જંગલમાંથી આવ્યો હોવાથી મોઢું ધોવા પાણી શોધે પણ પાણી ત્યાં ન હોવાથી ભીખી કૂવે પાણી ભરવા જાય છે. પછી પણ રેવા ભીખીને પિયર મોકલવાની તથા તે તેના ભાઈઓને સમજાવે તે માટે રઘુને વાત કરે છે.

ત્યાં જ જમના હાંફળી-ફાંફળી થઈ દોડતી આવે છે, તે સમાચાર આપે છે કે, ભીખી કૂવામાં પાણી ખેંચતા પડી ગઈ છે. રેવા વાત સાંભળી બેભાન થાય તેની જમના કાળજી લે છે અને રઘુ કૂવા તરફ દોડે છે. થોડીવાર પછી કૂવામાં પડેલી ભીખીને તેનો ભાઈ મોહન બચાવી તેના સાસરે લાવે છે. આ સમય દરમિયાન બેભાન અવસ્થામાં પણ ભીખી પિયર ન જવાનું રટણ ચાલું રાખે છે. મોહન ભીખીને કૂદતી જોઈ બચાવે છે, તે આખી ઘટના વિશે જણાવે છે. ત્યાં જમનાનો દીકરો વિઠ્ઠલ પ્રવેશે છે અને મોહનને ભાંડી-રેવાને ન્યાતબહાર ન કોઈ કાઢે એ માટે તેમની જામીનગીરી પોતાના માથે લે છે. આ સાંભળી ભીખી ખેતરમાં જ રાત-દિવસ રહેવાનો બબડાટ કરે છે. આ બધું જોયા-સાંભળ્યાં પછી ભીખીનો ભાઈ મોહન લીધેલા પૈસા વ્યાજ સાથે પાછા આપવાનું કબૂલે છે, રેવા આર્શીવાદ આપે છે અને મોહન ભીખીને પોતાના ઘરે લઈ જાય છે આખરે પિયરથી બચવા મરવા ગયેલા ભીખી આંખ ઉઘાડે ત્યારે પિયરમાં જ હોય.

**સમીક્ષા :**

'ખેતરને ખોળે'માં ભીખી, જે સાટાવિક્રયના કુરિવાજનો ભોગ બનેલી ગૃહિણી છે. એકાંકીમાં પુરુષપાત્ર રઘુ, તેની પત્ની ભીખી તરફ પ્રેમની અસાધારણ કોમળતા ધરાવે છે. તે નાતના અને સગાંના જુલમથી પત્નીને તજવા કરતાં નાતને ત્યજવા તૈયાર થાય છે, પરંતુ તેની માતા જમના ભીખીને પિયર મોકલવાની જીદ કરે છે. અહીં ભીખી સાટા વિક્રયના કુરિવાજનો ભોગ બનેલી છે. ભીખીનો ભાઈ મોહન જામીનગીરીના હજાર રૂપિયા ખાઈ ગયો છે. આવી તો એકાધિક અનિચ્છનીય ઘટનાઓ, ભીખીના પરણ્યા પછી ઘટી હોવાથી તે 'ગોઝારી' ખરાબ પગલાંની ગણાય છે. જમના તેને પિયર મોકલવા માંગે છે અને પિયરમાં તેને કોઈ સંઘરે એમ નથી, તેથી પરિસ્થિતિથી લાચાર બની તે કૂવામાં ઝંપલાવે છે. ત્યારે તેની સાથે કોઈ વ્યવહાર ન રાખતો તેનો ભાઈ મોહન તેને બચાવે છે. ભીખીના પતિ રઘુની પોતાની પત્ની માટે નાતને ત્યજવાની તૈયારી છે તેવા ઉત્કૃષ્ટ પ્રેમની અને ભીખીના ભાઈ મોહનની પશ્ચાત્તાપની ભાવનાને એકાંકી શબ્દબદ્ધ કરે છે. અહીં પિયર અને સાસરા વચ્ચે અસ્તિત્વ માટે ઝોલા ખાતી, અસહાય અને નિંદા પામેલી સ્ત્રીની લાચારી અને સામાજિક અવહેલના લેખકે ઉત્કૃષ્ટ રીતે દર્શાવી છે.

## 2.7 શલ્યા

**સારાંશ :**

સાત વરસની છોકરી દેવકી ઢીંગલીઓ સાથે ઓસરીમાં રમતી હતી. ત્યાં જ તેના દાદી કંકુમા સામેના ઓરડામાંથી ઉતાવળાં-ઉતાવળાં આવ-જા કરી રહ્યાં હતા. હાંફળા-ફાંફળા થતાં જમનીને બોલાવે છે. જમના પ્રવેશે છે અને દેવકીની મા ગોદાવરી વિશે કંકુમા સાથે ચર્ચા કર્યા બાદ તેની દીકરી કમુને રૂપાં ગાંયજી (દાયણનું કામ) જાણનારને બોલાવવા મોકલે છે. આ બધું જોતી દેવકી કમુ સાથે જવાની હઠ પકડતા કંકુમા તેને સાંકળી ફોઈ (દાયણનું કામ જાણનાર ગામની એક બાઈ)ને બોલાવવા કહે છે. આ સમય દરમિયાન કંકુમા શેરીમાંથી જતી પનિહારીને સાંકળી ફોઈને મોકલવા કહે છે. આ દરમિયાન દેવકી ઢીંગલીઓ સાથે રમતા રમતા બાપ-બા વિશે પૂછતી રહે છે. આ નાની દેવકીને સમજાવતા કંકુમા ગંભીરતાથી તેને કહે છે કે 'જો ! બા ભાઈ લેવા ગઈ છે; તું અહીં બેસી રહેજે..... કાકા આવે કે કોઈ બીજું આદમી-માણસ આવે તો અંદર આવવા દઈશ નહીં હોં !' આ સમયે જ રૂપા ગાંયજી પ્રવેશે છે.

ત્યારબાદ જમનાની દીકરી કમળા સાથે ઢીંગલીઓ અને તેના આવનાર ભાઈ વિશે બાળસહજ સંવાદ ચાલે છે. ત્યાં જ સાંકળીબાઈ પણ ઘરમાં પ્રવેશે છે અને જમના, કમળાને પાર્વતીકાકીને બોલાવા મોકલે છે. પછી દેવકી ફરી ઢીંગલી સાથે રમવા માંડે છે અને ત્યાં આનંદી ચહેરા સાથે દેવકીની કાકી અન્નપૂર્ણા આવે છે. આવતાની સાથે જ દેવકી અન્નપૂર્ણાને જણાવે છે કે, 'બા ભાઈ લેવા ગઈ છે...' આ સાંભળી અન્નપૂર્ણા દેવકીને લાડ લડાવે છે ત્યાં કમળા અને પાર્વતીનો પ્રવેશ થાય છે કંકુમા કોણ આવ્યું છે તે જોવા બહાર આવે અને પાર્વતીને જોઈ ગોદાવરીની પ્રસૂતિ પીડા વિશે જણાવે છે. પાર્વતી દેવકીના પિતા જયદેવના ખબરઅંતર પૂછે છે અને કંકુમાની ખુશામત કરતાં કહે છે કે, 'તમારા વગર તો કોઈથી પાવળું પાણીએ ઓછું પિવાય તેમ છે ?' — આ ખુશામતથી

ઉત્સાહી થઈ કંકુમા કહે છે કે, 'મારા વગર અરધો દાહડો તો ઘર ચલાવી જુએ!' — આ સાંભળી પાર્વતી પોતાના દીકરાની મહિનાની ધાવણી દીકરીના સગપણ દેવકીના આવનાર ભાઈ સાથે કરવાનો પ્રસ્તાવ મૂકે છે. બદલામાં આ દેવકી છ વર્ષની થઈ હોવા છતાં તેનું સગપણ થયું નથી, તેની જવાબદારી પાર્વતી માથે લે છે. આ પ્રસ્તાવ વિશે કંકુમા જયદેવને સમજાવવાનું બીડું લે છે. ત્યારબાદ અન્નપૂર્ણા ગામની છોકરીઓને વધાઈનાં ગાણાં ગાવા આમંત્રે છે. દેવકી ઘરમાં જવાની જીદ પકડતા કંકુમા દેવકીને છાની રાખવાની જવાબદારી અન્નપૂર્ણાને આપે છે. ત્યાં જ ગોદાવરીને દીકરી જન્મે છે જેની સૂચના આપતા કંકુમા 'શલ્યા આવીને પડી પાછી !' એમ કહે છે. સૂચક રીતે દેવકી પ્રશ્ન પૂછે છે કે, 'મા, બા ભાઈ લઈને આવી ?' ત્યાં તો કંકુમા આવનાર દીકરી માટે દેવકીને ભાંડે છે. પાર્વતીની યોજના નિષ્ફળ જવાથી ફેરો અફળ ગયો એમ નિરાશ થઈ જતી રહે છે. આ જન્મ સાથે જ્યારે ગામની છોકરીઓ વધામણીના ગીતો ગાય છે ત્યાં તો કંકુમા ચીડાયને બધાને કાઢી મૂકવાનો પ્રયત્ન કરે છે ત્યારે રૂપા નિસાસો મૂકતા 'જતા પહેલાં તને ભાઈ બતાવતી જઈશ - ભગવાન ધારે તો !' — આ સાથે પડદો પડે છે.

**સમીક્ષા :**

'શલ્યા' એ ઉમાશંકર જોશીનું નવ સ્ત્રી પાત્રો ધરાવતું સામાજિક એકાંકી છે. તેમાં એકેય પુરુષપાત્ર નથી. એ એકાંકીનું વસ્તુ જ કન્યા જન્મને લગતું છે. સમાજમાં કન્યાના જન્મને ક્યારેય વધાવી લેવામાં આવ્યું નથી. કન્યા જન્મે તો માની કૂખે પથરો-પાણો-શલ્યા જન્મ્યાનો ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે. અહીં આરંભમાં જ દેવકીને ઢીંગલીઓ સાથે રમતી બતાવવામાં આવી છે. દાદી કંકુ એ દેવકીના મગજમાં મા ભાઈ લેવા ગઈ છે તે ભાવ પેદા કર્યો છે. દેવકીનો ઢીંગલીનો અને પોતાનો ભાઈ મેળવવાની હઠ એકાંકીના કેન્દ્રમાં છે. મૂળ ઘટનાઓ ગોદાવરીની પ્રસૂતિ સંદર્ભે છે. કંકુમા પાર્વતી આદિ અનેકને ગોદાવરી પાસેથી પુત્રની અપેક્ષા છે પરંતુ અંતમાં જન્મે છે પુત્રી 'શલ્યા' ! એકાંકીમાં કંકુમાના શબ્દો 'મારા વિના અરધો દહાડો તો ઘર ચલાવી જુઓ !' એ શબ્દોમાં સ્ત્રીપાત્રની અહમીયત બતાવાય છે છતાં સમાજ તો સ્ત્રીના જન્મને નકારે જ છે! બધાં જ સ્ત્રીપાત્રોવાળા આ એકાંકીમાં કન્યાના જન્મને સમાજમાં જે તિરસ્કાર મળે છે તે કરુણતાને વાચા મળે છે.

## 2.8 કડલાં

**સારાંશ :**

ઉનાળાની એક સવાર છે. ગામડામાં એક વાણિયાના ઘરની ખડકી અને દુકાન છે. આ પહેલા દશ્યમાં દલુચંદ શેઠના ગૃહજીવન દાંપત્યજીવનની ઝાંખી થાય છે. દલુચંદ શેઠે પાસે ધન-દોલત ઘણી છે પણ તે ઉદાર નથી. તેની પહેલી પત્ની ઘરકામના બોજ નીચે તબિયત લથડતાં ગુજરી ગઈ છે. ત્યારબાદ વંશ આગળ વધારવા પોતાનાથી અડધી ઉંમરની શકરી સાથે શેઠ લગ્ન કરે છે, છતાં પારણું બંધાતું નથી. ઘરે કોઈ સંતાન નથી તોપણ શેઠની ધનલોલુપતા ઓછી થઈ નથી. બીજી પત્ની શકરીને મદદ કરવા માટે ગુમાસ્તો રાખવા જેટલો પણ ખર્ચ કરવા તૈયાર નથી. તેમણે ગામમાં અનેક લોકોની માલમિલકત અને દાગીના પોતાને નામે કરી લીધાં છે.

આ દલુચંદ શેઠને ત્યાં ત્રણ પેઢીથી રૂપા ખાંટનું ખાતું ચાલ્યું આવે છે. રૂપા ખાંટ અને તેની પત્ની હેતી ખેતરમાં પકવેલું બધું અન્ન દલુ શેઠને ત્યાં ઠાલવે જાય છે છતાં દેવું પૂરું થતું નથી. આ વર્ષે હિમ અને ગેરુને લીધે ઘઉંનો પાક નિષ્ફળ ગયો છે. ઘરની કોઠીઓ ખાલી થઈ ગઈ છે અને દીકરીને તેડવા વેવાઈ આવ્યા હોવાથી હેતી શેઠને માટે કેરીનો ટોપલો સાથે લાવી બે મણ મકાઈ ઉછીની લેવા આવી છે. શેઠની ગેરહાજરીમાં નિઃસંતાન શકરી હેતીના બાળકોની દયા ખાઈને મકાઈ આપવા તૈયાર થાય છે, પણ ત્યાં જ દલુ શેઠ આવી પહોંચે છે. તે અનાજ આપવાની ના પાડે છે. આ તેમનો હેતીના શરીરે બચેલું રહ્યુંસહ્યું ઘરેણું પડાવી લેવાનો દાવ છે. શકરીના ચીંધ્યાથી હેતીનાં કડલાંનાં સાટાંમાં જ શેઠ હેતીને મકાઈ આપવાની તૈયારી દર્શાવે છે. આ કડલાંને કાઢવા જતાં એક કડલાંની ખીલી ન ઊઘડતાં હેતી સોની પાસે જાય છે. અહીં પખો સોની કડલાંમાંથી કાંઈ કાઢી ન લે તે માટે શકરી શેઠને ત્યાં જવા સૂચવે છે અને શેઠ હેતી પાછળ જાય છે.

બીજા દૃશ્યમાં હેતી પખા સોનીને ત્યાં પહોંચે છે. પખો હેતીને સાવચેત કરે છે કે લોભી શેઠ તેના ખાતામાં પૂરતી રકમ જમા નહીં કરે એટલે રૂપા ખાંટને મોકલાવો; પરંતુ, હેતી માટે અત્યારે આબરૂનો પ્રશ્ન હોવાથી કઢાવે છે. તે વેવાઈને શું ખવડાવશે અને કડલાં ગીરવે મૂકવાનો વેવાઈને ખ્યાલ આવશે તો પોતે કેવી દેખાશે આ વિરોધી તણાવ વચ્ચે તેની પાસે કડલાં કાઢવા સિવાય રસ્તો બચતો નથી. સોની સલામતી માટે કડલાંનો તોલ કરે છે ત્યાં તો શેઠ આવી પહોંચતા કડલાં હાથ કરી લે છે અને હેતીને મકાઈ લઈ જવા કહે છે. કડલાં વિના જાણે હેતીના પગ વઢાઈ ગયા હોય એવા ભાવ સાથે હેતી દુકાનની બહાર આવે છે. તે દૂર ગઈ હોય એમ માની શેઠે સોનીને વજન ઓછું કહ્યું હોત તો અડધો નફો તને આપત એમ કહી ઠપકો આપે છે. લથડીયા ખાતી હેતી ખડકી વટાવતાં જ ચીસ પાડીને ત્યાં જ પડી જાય છે. હેતી કદાચ મરી પણ જાય એમ માની કાયદાનું ખર્ચ આ કડલાંમાંથી નીકળી જશે એમ શેઠ વિચારે છે. માનવતાને ખાતર પખો સોની હેતીની આબરૂ રાખવા પોતાના પુત્રને એની બાનાં કડલાં લઈ આવવાનું કહે છે. આ જોઈ દલુચંદ શેઠમાં રામ જાગે છે અને એનાથી બોલાઈ જવાય છે : 'હરખા... લે આ...' હેતીના જ કડલાં પાછાં આપવાની શેઠની વાત સાથે એકાંકી પૂરું થાય છે.

**સમીક્ષા :**

'કડલાં' એકાંકીમાં 'ગામડાના નાણાંવ્યવહાર'નું ચિત્ર ઉપસાવ્યું છે. એ સંદર્ભે શકરી અને હેતીના પાત્રો દ્વારા સ્ત્રીની લાચારી અને અસહાયતા દર્શાવી છે. ગામમાં દલુચંદ શેઠ નામનો વાણિયો ધીરાણનો ધંધો કરે છે. તેના ત્યાં રૂપા ખાંટની પત્ની હેતીબાઈ બહોળા પરિવારના મોઢામાંથી કેરી છીનવી લઈ, ટોપલો ભરી દલુચંદને ત્યાં ઠાલવવા અને જરૂરી અનાજ ઉધાર લેવા આવે છે. સ્ત્રી સુલભ આવડતથી કેટલીય ખુશામત કરવા છતાં શેઠ ગણકારતાં નથી. અહીં સુખદેવનું ઠાવકું પાત્ર શકરીની એકાંકીમાં સ્થિતિનો ચિતાર આપે છે. તે મશ્કરી અને પ્રતીક દ્વારા શકરીને દલુચંદ શેઠની પહેલી પત્ની જમનાબાઈ દુકાનના કામથી જ ભાંગેલા થઈ ગયાનું જણાવી ચેતવે છે અને જ્યારે સુખદેવ દુકાનમાં કામ કરવા ગુમાસ્તો રાખવાનું કહે છે ત્યારે શકરી કહે છે કે, 'એ તે કંઈ મારા હાથની વાત ઓછી છે ?' તેમાં પતિની ઉપર વટ જઈ નિર્ણય ન લઈ શકવાની

અસમર્થતા જણાય છે. શકરી શેઠની બીજી વારની સ્ત્રી, જે છોકરાની ખૂબ તૃષ્ણાવાળી છે. તેને ઊંડે ઊંડે એમ રહેવાનું જ કે શેઠના ઘરાકોના નિસાસાને લીધે તે સારો દિવસ નથી દેખાતી, તેથી જ બોલી ઊઠે છે કે, 'છેવટે પારકાં છોકરાં જ રાજી કરવાના છે ને ?' છેલ્લે જાણતાં કે અજાણતાં સ્વાર્થી માનસવાળા પતિનું સાધન બની અત્યાર સુધી શેઠે નહિ જોયેલાં 'કડલાં' જોઈ બોલે છે, 'ત્યારે હેતીભાભી ! કડલાં ગીરવે મૂકીને મકાઈ લઈ જાઓ !' ઘણી જગ્યાએ શકરીનો સ્વભાવ અને માનસિકતા પણ શેઠ દલુચંદ જેવી હશે ! તેવી શંકાને અવકાશ મળે છે. જ્યારે એક કડલાંની ખીલી ન નીકળતા, 'રહેવા દો, હેતીભાભી !' એમ કહે છે પરંતુ તરત જ પતિને હેતીની પાછળ મોકલી 'પેલો પખલો વળી વચ્ચે ઘવટો ન કાઢે લે !' એમ કહે છે તેમાં તેની પણ શોષણખોરીની માનસિકતા છતી થાય છે. હેતી જેવી તે ઉપસી આવે છે. અભણ સ્ત્રીના પાત્ર દ્વારા તેના ઘરેણાનું સાચું મૂલ્ય શું છે ? તે જાણવા કરતાં ઘરની આબરૂ બચે તે વધુ જરૂરી છે. અહીં ભારતીય સ્ત્રીઓની પોતાના કુટુંબના સુખ માટે કંઈ પણ કરી છૂટવાની ભાવનાને વાચા મળે છે. છેલ્લે, જે હેતી સત્યાશી ભારના કડલાં અને કેરીનો ટોપલો લઈ હળવાશથી ચાલતી, તે હેતી સૌભાગ્યની નિશાનીરૂપ કડલાંના જવાથી કોઈએ પગ વાઢી નાંખ્યા હોય તેવા ભાવ સાથે ખડકી આગળ જ ફસડાઈ પડે છે. આમ, હેતીને કૌટુંબિક જવાબદારીના ભાર કરતાં અસમર્થતા અને લાચારીનો ભાર વધુ લાગતો દર્શાવાયો છે.

આ એકાંકીમાં ધિરાણનો ધંધો કરનાર દલુચંદ વાણિયો કેવી રીતે ગામનાં લોકોનું શોષણ કરી જર-જમીન છીનવે છે. તેનું નાટકીય નિરૂપણ છે. દલુચંદ શેઠને સંતાન નથી છતાં પણ ધનલોભી અને કંજૂસાઈભર્યા વર્તનથી શોષણ કરી ગામમાં કછાપ પાડી છે. તેના આ કાર્યોમાં તેની પત્ની શકરી સાથ આપે છે. જેના પર કટાક્ષ કરતા કહે છે 'મને તો થાય છે કે દલુ વાણિયો આ પચાસ હજાર ઉપર સાપ થશે !' અને 'આવાં ગરીબ-ગુરબાંની આંતરડી કકળાવીને તમે જ ફાયદો ખાટતા રહો...' અહીં 'કડલાં'ના પ્રતીકનો કલાત્મક વિનિયોગ કરી એકાંકીકારે દલુચંદને ટાઢા ચાબખા સામે પોતાનું સ્વમાન રક્ષવા મથતી હેતીનું પાત્ર લાજવાબ રીતે અભિનયક્ષમ બનાવ્યું છે.

## 2.7 પડઘા

**સારાંશ :**

મુંબઈની એક ગલીના મકાનને બીજે માળે દાદર પાસેની ચાલી છે. રવિવારની સાંજ છે. એક પુરુષ કોઈ પેઢીમાં મહેતાજી હોય એવા કપડાં પહેરી બહાર જવા તૈયાર ઊભો છે. અડધો ખેલ પૂરો થઈ જશે એમ કહી સ્ત્રીને જલદી તૈયાર થઈ નીકળવા કહે છે. ત્યાં ઘણા છોકરાઓ રમી રહ્યાં છે અને તે બધાને ફોસલાવી સ્ત્રી નીકળવાનું ધારે છે. સ્ત્રી કિશુને(કિશોરને) બધાંને સાચવવાની સૂચના આપે છે. કિશોર પ્રત્યુત્તરમાં 'રજાના દિવસે નાટક જોવા લઈ જવાનું કહ્યું હતું, તે લઈ તો જતાં નથી પાછાં !' — એમ કહી વિરોધ પ્રગટ કરે છે. લલી પણ તેની માને નાટક જોવા લઈ જવા વિનંતી કરે છે, અને કિશોર વિરોધ નોંધાવે છે. ત્યારે પુરુષ 'અમારા જેવડા થાઓ ત્યારે તમેય... નાટક જોવા જજો' કહી દાદર ઊતરી જાય છે.

તે પછી કિશોર-ગવરી-મનુ-લલી વગેરે દસ વરસની અંદરના ચાર-છ છોકરાં ભેગા થઈ 'મુંબઈ-મુંબઈ' કે 'દેશ-દેશ' નાટક રમવાની વાતો કરે છે. આ છોકરાઓ રમત રમવા માટે છોકરાઓ અને છોકરીઓ એવા બે ભાગમાં વહેંચાય જાય છે. છોકરાઓ મુંબઈમાં નોકરી કરી રહ્યાં છે અને છોકરીઓ પોતાના દેશમાં ખેતર-વાસીદાનું કામ બજાવે છે.

નાટક શરૂ થાય કિલી કામનો ભાર વર્તાવે છે અને મુંબઈમાં શેઠાણી બની રહેવાય તેવી કલ્પના કરે છે. આ બધામાં ગવરી ભણેલી છે તેથી મુંબઈથી આવતા પત્રોને વાચવાનું કામ કરે છે. બધી છોકરીઓ મુંબઈ તથા દેશની રહેણી-કરણી તથા મોટી સ્ત્રીઓ જેવી વાતો કરે છે. બીજી બાજુ મુંબઈ રહેતો કિશોર કાગળો લખી મોકલે છે લાલિયો ટપાલી બને છે. ગવરી ટપાલ વાંચે છે. તેમાં કિલી કિશોરની પત્ની બને છે અને કિલીને મુંબઈ બોલાવે છે. કિલી તુળશીના સમાચાર લેતી જાય છે. મોટર આવે છે કિલી મુંબઈ જતી હોય તેમ રણુની પાછળ કમ્મરે વળગી જાય છે. તુળશી આશીર્વાદ આપે છે અને ગવરી દેશની સ્ત્રીઓની જેમ ઓવારણાં લે છે.

હવે મુંબઈની ટોળકીની રમત શરૂ થાય. મનુ દુકાને જવાનું કહે. કિશોર માથું દુઃખવાનું કહી રજા પાડવાનું વિચારે. કિલીને મુંબઈ આવ્યે છ મહિના થયા તે ગામ જવાની ઇચ્છા દર્શાવે. કિશોર પુરુષની જેમ રજા ન મળવા પર અફસોસ વ્યક્ત કરે અને કિલી રામલાલ સાથે રણુની મોટરમાં દેશ જાય. આવી રમતો રમતા દેશની રહેણીકરણી, મુંબઈ જેવા શહેરની રહેણીકરણી, મુંબઈમાં પડતી મુશ્કેલીઓ, દેશની હાડમારીઓ સ્વરાજની વાતો, નોકરિયાત વર્ગની વાતો વગેરે વિશેની વાતો આ બાળકો સંવાદ દ્વારા વ્યક્ત કરે.

આ રમતોના સંવાદો વખતે ચાલીના કૉલેજિયન છોકરાઓ 'દેશ'ના લોકજીવનના પડઘાને આ સંવાદોમાં ગાજી ઊઠતા જોઈ ચાલ્યા જાય છે. બાળકોની ટોળકી રમતમાં મશગૂલ છે. રમત રમતમાં પણ નાટક જોવાની વાતનો અભિનય કરી રહ્યાં છે ત્યાં જ પુરુષ-સ્ત્રી દાદર ચઢી ઉપર આવે છે. પુરુષ ગુસ્સામાં કિશોરને 'ખેલ ચુકાડયાના રોષથી એક લપડાક લગાવી દે છે અને આ જોઈ બધા સ્તબ્ધ થઈ જાય અને સ્ત્રી ઠંડે કલેજે લલીને કંઈ આપે છે. ત્યાં નાટક પૂરું થાય અને પડદો પડે છે.

**સમીક્ષા :**

'પડઘા' મુંબઈ શહેર અને ગ્રામ્ય વાતાવરણની બાલસહજ છતાં સૂક્ષ્મતમ તુલના કરતું એકાંકી છે. આ એકાંકીમાં મૂળ ગામડાંમાં રહેતા માણસો અચાનક શહેરમાં પ્રવેશતા જે મુશ્કેલીઓનો સામનો કરવા પડે છે. અહીં ગ્રામ્ય પરિવેશમાં ઉછરેલા, છતાં પણ શહેરી પરિવેશમાં જીવતાં માણસને પડતી વિટંબણાઓનું આલેખન થયું છે. એક કુટુંબ ગામડામાંથી મુંબઈ જેવા શહેરમાં રોજીરોટી મેળવવા આવે છે. ત્યાં જે સામાજિક નાની-મોટી મુશ્કેલીઓ ઊભી થાય છે, તેનું ચિત્ર આ એકાંકીમાં દૃષ્ટિગોચર થાય છે. મા-બાપ પોતાના સંતાનને ઠાલા વચનો આપી, પોતાની રીતે શહેરને માણે છે. તેના લીધે સંતાનના માનસ પર અસર થાય છે, તેના પ્રત્યાઘાતો અહીં ઝિલાયા છે. તેમાં પણ મા-બાપની શહેરની રહેણીકરણી અને એ રહેણીકરણીની અસર જે બાળકોના મન પર થઈ છે એના પડઘા અહીં જોવા મળે છે. સૌથી મોટી હાસ્ય ઉપજાવે એવી બાબત તો એ છે કે છોકરાઓ મુંબઈ જેવા શહેરમાં રહી ગામડાના દશ્યો ભજવે છે.

જેથી અહીં શહેરમાં ગામડું અને ગામડામાં શહેર દૃશ્યમાન થાય છે. મનુ, કિશોરને નાટક કરવાની વાત કરે છે ? કિશોર જણાવે છે કે આપણે નાટક કરશું તો જોશે કોણ ? તે દરમિયાન મનુ કહે છે કે, ‘બધું જ જવા દઈએ ! આપણે ‘મુંબઈ-મુંબઈ રમીએ !’

ઉપરોક્ત સંવાદ ઉપરથી જણાય છે મા-બાપ સંતાનોને નાટક જોવા ન લઈ જતા એમના બાળમાનસ ઉપર કેવી અસર થાય છે તે જોઈ શકાય છે. જેથી સંતાનો પણ ગામડામાં ઘર-ઘર રમવા જેવી રમતો શહેરમાં રમે છે. બાળકોના હઠાગ્રહને લીધે નાટકનો શો ચૂકતા સ્ત્રી-પુરુષ, પોતાનો બધો આક્રોશ પેલા બાળકો ઉપર કાઢે છે. આ એકાંકીમાં મધ્યમવર્ગના ઘરમાં સર્જાતા હાસ્યરસિક પ્રસંગોનું આલેખન થયું છે.

## 2.9 દુર્ગા

**સારાંશ :**

પડદો ઉપડતા હરનાથની ત્રેવીસેક વર્ષની પત્ની દુર્ગા ઓરડાની સફાઈ કરતા કરતા ‘એક જ દે ચિનગારી’ ભૈરવીમાં ગીત ગણગણતી હોય છે ત્યાં જ પચીસેક વર્ષનો હરનાથ તેને સાદ આપી પોતાની ટોપી માંગે છે. હરનાથ મજાકમાં ‘એક જ દે ટોપી’ એમ ગાય છે. આ ગીત અને સંવાદો દ્વારા દુર્ગાની ઈશ્વર પાસેની એક જ માંગણી જે સંતાન પ્રાપ્તિની છે તેના સંકેતો આપે છે. હરનાથ તેને ભારતમૈયાનું સ્વરૂપ કહી તેત્રીસ કોટિ તારાં સંતાન છે એનો સાક્ષાત્કાર કરવા સમજાવે છે.

ત્યારબાદ વરસ પહેલાં આદર્શો અને આઝાદી ખાતર હરનાથ જેલમાં જઈ આવ્યો છે. તેના જીવન માટે આ એક ઉત્તમ ઘટના છે; પરંતુ, એ અગિયાર-બાર મહિના દુર્ગા એ એકલા રહી કાઢ્યા છે જેનો તેને અફસોસ છે. બાજુના રૂમમાં બિહારી સૂતા છે. જે હરનાથના મિત્ર છે. દરરોજના નિયમ(વ્રત) પ્રમાણે હરનાથ પાંચ વાગ્યે એક કલાક ફરવા જાય છે. બિહારી મોડા ઊઠશે અને ઊઠશે ત્યાં સુધીમાં પોતે પાછા આવી જશે એમ ધારી હરનાથ ફરવા નીકળે છે. દુર્ગા તેમને રોકવા માટે ઘણી દલીલો કરે છે. પહેલા માતા-પિતાએ બિહારી સાથે દુર્ગાનું સગપણ નક્કી કર્યું હતું; પણ, લગ્ન હરનાથ સાથે થાય છે. હરનાથના દરરોજ ચાલવા જતી વખતે જે શાલ લઈને જતા એ દુર્ગા શરીર પરથી ખેંચે છે અને દાદર ઊતરી જાય છે. દુર્ગા અને હરનાથ લગ્નજીવનને સાત વર્ષ થઈ ચૂક્યાં છે અને દુર્ગા હરનાથના વ્રતોથી ચીડાયેલી છે. તે કહે છે કે ‘તે તમને પરણી છું કે તમારા વ્રતોને ?’ આમ મનમાં બોલે છે ત્યાં બિહારી ઓરડાની બહાર આવે છે. બિહારી સૂતા જ નથી તે વહેલી સવારમાં દુર્ગાનું ઝીણે સાદે ગવાતું ગીત અને હરનાથ-દુર્ગાના સવારના હળવા સંવાદો પણ સાંભળે છે. હરનાથ જે વ્રત અને નિયમો આખો દિવસ પાળે છે તે દુર્ગાને પસંદ નથી; પરંતુ, બિહારી વખાણ કરતા દુર્ગા કહે છે કે, ‘એવું આદર્શ જીવન કોક ભાગ્યશાળીને જ ગાળવા મળે છે.’ વ્રત પાળવાં તે કાંઈ નાના સૂના ખેલ નથી!’ દુર્ગા આ આદર્શોને સમજતી નથી અને બિહારીના હર્યાભર્યા પરિવારની વાત કરે છે ત્યાં તેને જાણવા મળે છે કે બિહારીની પત્ની નાના બે બાળકોને મૂકીને મૃત્યુ પામી છે. દુર્ગા અને બિહારી વચ્ચે થતા લગ્નજીવન, સ્ત્રી-પુરુષના સંબંધો તથા આદર્શોની સાર્થકતા-નિરર્થકતા બિહારીના પરિવારજનો અને હરનાથના

સ્વભાવ વિશેના સંવાદોમાંથી દુર્ગા અને બિહારી બંને વ્યક્તિને દૃષ્ટિએ હરનાથનું આખું વ્યક્તિ ઊપસી આવે છે. દુર્ગાને સંતાન પ્રાપ્તિમાં રસ છે; જ્યારે હરનાથ આખી સૃષ્ટિની તેને માતા બનવા કહે છે. બંને વચ્ચેના વૈચારિક મતભેદના સંકેતો આ સંવાદોથી મળે છે. દુર્ગા, હરનાથની વિચારસરણીનો વિરોધ કરે છે; પણ, તેને છોડી બીજાની સાથે લગ્નજીવન વીતાવવાની કે હરનાથ સાથે છૂટા થવાની હિંમત તેનામાં નથી.

દાદર પરથી કોઈના આવવાના પગલાં સંભળાય છે. બિહારીને થાય છે હરનાથ હશે પણ છ વાગ્યા ન હોવાથી આ હરનાથ આવ્યા હોય તેમ દુર્ગા માનતી નથી. દાદરના બારણામાં હરનાથ જ ઊભા હોય છે અને દુર્ગાને ઈશ્વર પાસેથી કંઈક માંગવા કહે છે ત્યારે દુર્ગાની એક જ ઇચ્છા છે સંતાન પ્રાપ્તિની તે વ્યક્ત કરે છે અને હરનાથ શાલમાં વીંટાળેલું બાળક દુર્ગાના હાથમાં આપે છે અને કહે છે કે, 'તારી સવારની પ્રાર્થના ફળી...દોઢ અબજને તારાં કરી શકતી નથી, તો લે આ 'એક જ' ને તારું કર ! – આમ, અનાથાશ્રમના ઓટલે મળેલું બાળક દુર્ગાને હરનાથ સોંપે છે. છેલ્લે દુર્ગા હરનાથના પગમાં ઢગલો થઈ પડી છે, ત્યાં એકાંકીનો પડદો પડે છે.

**સમીક્ષા :**

'દુર્ગા' એકાંકી ગ્રામ્ય વાતાવરણથી અલિપ્ત એવી દામ્પત્યજીવનની સમસ્યા પર પ્રકાશ ફેંકે છે. હરનાથ બ્રહ્મચર્ય પાળવાના અત્યાગ્રહવાળો, આદર્શ માટે સર્વસ્વ હોમવા તૈયાર, જેલ જઈ આવેલો નાયક છે. તેની પત્ની બધામાં તેનો સાથ આપવા તૈયાર છે પણ માત્ર પુત્રવતી થવાની તેની નૈસર્ગિક એષણાને રોકી શકતી નથી. 'એક જ દે ચિનગારી' ગીત દ્વારા તેની મમતાના ખાલીપણાની તીવ્રતાને લેખક ઉત્કૃષ્ટ રીતે સંવાદો દ્વારા રજૂ કરે છે. તે અજાણતા જ હરનાથની તુલના તેના ઘરે આવેલા બિહારી, જેની સાથે પહેલા તેની સગાઈ થઈ રહી તેની સાથે કરે છે. બિહારી અને હરનાથનું જીવન બે છેડા જેવું છે. દુર્ગાને તેના લગ્નજીવન વિશે વાતો કરતા બિહારી કહે છે કે,

બિહારી : તમારું તો આપણા એટએટલામાં અનોખું આદર્શ લગ્ન હતું.

દુર્ગા : શેનાં આદર્શ લગ્ન ! ચીલાં નવાં, પણ ગાડું તો એનું એ જ ને !

હરનાથની ઉચ્ચ પ્રકૃતિને ન સમજી શકતી આ અબુધ નારી ત્યાં સુધી કહે છે કે, 'આ મહાન પુરુષો જોડે નાની સ્ત્રીઓએ જીવતર કેમ કાઢવું ?'

પતિ હરનાથ જે પ્રગતિશીલ અને વૈશ્વિક ગાંધી વિચારધારા ધરાવી બ્રહ્મચર્યના ચુસ્ત નિયમો પાળે છે. તેથી સંતાન માટેના ઝઘડાને એમ કહી ટાળે છે કે, 'તું તો સાક્ષાત્ ભારતમૈયાનું સ્વરૂપ છે. તેત્રીસ કોટિ તારાં જ સંતાન છે ને?' પરંતુ દુર્ગાને આ વાક્યનો ભાવાર્થ સમજાતો નથી.

અહીં આપણા સમાજમાં બાળપણમાં કે નાની ઉંમરના લગ્નો અને બે અલગ માનસિકતા ધરાવતા કજોડાને કારણે ઉદ્ભવતા પ્રશ્નો તરફ લેખકનું લક્ષ્ય છે. હરનાથ ચાલવા જતાં બિહારી સાથે ઘરમાં એકલા રહેવામાં ગભરાતી દુર્ગાનું ભીરુપણું દેખાય છે. જ્યારે બિહારી સાથે દુર્ગા એક વિચિત્ર ભાવાસ્થામાં સરે છે, ત્યારે કશું અનિષ્ટ થાય તે પહેલા હરનાથનો પ્રવેશ થાય છે, એક અનાથ બાળક સાથે. જે હરનાથ દુર્ગાને સોંપી કહે છે, 'જગદંબા ! હવે ચંડી મટી દુર્ગા થાઓ !' અને 'દોઢ અબજને તારાં કરી શકતી નથી, તો આ એક ને જ તારું કર !' અહીં હરનાથના દુર્ગાને 'ભારતમૈયાનું સ્વરૂપ અને તેત્રીસ કોટિ તારાં જ

સંતાન છે' એ ઉચ્ચ આદર્શનો ભાવાર્થ સમજાતા, તે એકાંકી અંતે હરનાથના પગમાં ઢગલો થઈ પડે છે. અહીં ઉમાશંકર જોશીની વિશ્વ માનવતાની ભાવના માર્મિકતાથી પ્રગટ થઈ છે.

## 2.10 ગાજરની પિપૂડી

**સારાંશ :**

વિમલકુમારની ઓરડી છે ત્યાં ઓસરીમાં નેતરની ખુરશી ઉપરાંત બીજી બે-ત્રણ ખુરશીઓ પડી છે. પ્રમોદ પ્રવેશે છે. તે ત્યાં પડેલાં છાપાં વીંખે ત્યાં કપિલ પ્રવેશે છે. રાજકારણ અને પત્રકારત્વ સિવાય બીજું કંઈ સૂઝતું ન હોવાથી પ્રમોદ, કપિલને બૉર્ન પૉલિટિશ્યન કહે છે. આ બધા મિત્રો એક નવું પત્ર કાઢવાના હેતુથી અહીં મળવાના છે. આ બંને અહીં આવી ગયા છે અને બીજા આવવાના છે. બંને વાતો કરતા કહે છે કે આ પત્ર(છાપું)ની યોજના સફળ થાય તો આપણને નહીં પણ બીજા લોકોને આપણી ગરજ પડશે. આ ચર્ચા વચ્ચે ભાવિ કવિ એવા શશિકાન્તના પ્રવેશ થાય છે. હવે બધા છાપાનું નામ રાખવાની મથામણ કરે છે. પ્રમોદ જુદા જુદા છાપાના નામ સૂચવે છે; પણ, મથામણના અંતે કપિલને છાપાના નામની જવાબદારી સોંપવામાં આવે છે. પ્રમોદ નેતા થવાનું નકારે છે કારણ કે આટલા બધા લોકોથી શરૂ થતા આ છાપામાં કેટલાય વિરોધો ઊભા થવા સંભવ છે. તેથી છાપાના બધા નિર્ણય કરવાની જવાબદારી કપિલને માથે સોંપાય છે. આ છાપામાં શશિકાન્ત માટે 'પોયેટ્સ કૉર્નર' મૂકવાની પણ ચર્ચા થાય છે. આ ચર્ચા થતી હોય ત્યાં વસંત પણ આવે છે, જે સો-સો હોટલમાં ફરનાર વીર છે. આ છાપામાં નાણાંની મદદ વસંત કરવાનો છે. પછી શશિકાન્તના કવિ હોવાની સાથે તેના વાળ પર ગમ્મત શરૂ થાય છે અને છાપામાં શશિકાન્તના ફોટોગ્રાફને મૂકવાનું પણ નક્કી કરે છે. આવી આત્મશ્લાઘા ભરી બેમતલબની વાતોથી આ મિત્રો સમય પસાર કરતા જણાય છે. તેઓ આ પત્ર દ્વારા સાહિત્ય, રાજકારણ, ગામડું, નવવિચાર પત્રકારત્વ એવા ઘણા વિષયો પર દિવાસ્વપ્નો જુએ છે. ત્યાં જ થોડીવાર પછી વિમલકુમાર ટેનિસ રમીને આવે છે. ફરીથી વિમલકુમાર સાથે છાપાની યોજના વિશે ચર્ચા થાય. ત્યાં જ વિમલકુમારના ઓળખીતા પદ્માકર પ્રવેશે છે. વિમલકુમાર પદ્માકરની બધા મિત્રો સાથે ઓળખાણ-પરિચય કરાવે. પદ્માકર ઊગતા કવિ તરીકે શશિકાન્ત, મિ. વસંતલાલ, યુવાન અગ્રણી ભવિષ્યના નેતા તરીકે કપિલરાય અને પત્રના ભાવિ તંત્રી તરીકે પ્રમોદની આકરા શબ્દોમાં ટીકા કરે છે અને આ ત્રિપુટીને 'ગાજરની પિપૂડી' એવું નામ આપી છાપાનું નામ સૂચવે છે. અહીં પદ્માકર આ ત્રિપુટીની અધકચરી મહત્ત્વાકાંક્ષાઓ પર પ્રહાર કરી વિખરે છે.

**સમીક્ષા :**

'ગાજરની પિપૂડી' એકાંકીમાં સર્જકે છ પુરુષ પાત્રો લઈ સામાજિકતાનો ઢાળ આપ્યો છે. આ એકાંકીમાં શહેરી જીવન આલેખવામાં આવ્યું છે. એમાં જે પાત્રો લેવામાં આવ્યા છે પ્રમોદ, કપિલ કે શશિકાન્ત, વસંત વગેરે યુવાન છે. એકાંકીકારે પોતાની સૂઝથી સ્વભાવગત વિભિન્નતાનું તત્ત્વનું નિરૂપણ કર્યું છે. યુવાવર્ગની વિચારધારા - ક્રાંતિ અને પરિવર્તન લાવવાની તમન્ના અને સમાજનો ઉદ્ધાર કરવા માટે એક સમાચારપત્ર શરૂ કરવાની ઇચ્છા દર્શાવાય

છે, પરંતુ બધા સમાજની વાસ્તવિકતાના વહેણમાં તણાવાની ઈચ્છા રાખતા કહે છે કે,

પ્રમોદ : 'લોકો....! એમને સાહિત્ય કરતાં રોટલાની જરૂર વધારે છે.'

કપિલ : આપણી સામાન્ય નીતિ એ કે જે કૈં હડફેટમાં આવે તેની ઝાટકણી કાઢવી. બધું જ ખરાબ છે. બધે ગંદકી છે, એવી બૂમરાણ મચાવી મૂકવી.'

આવા શેખચલ્લી વિચારધારા ધરાવનાર યુવાનો કેવું છાપું કાઢે ?

આ યુવાનો એક પત્ર(વર્તમાનપત્ર) પ્રગટ કરવાની વાતો કરે છો પરંતુ એ પત્રનું નામ નક્કી કરી શકતા નથી. આખરે તમામ જવાબદારી કપિલને સોંપવામાં આવે છે. પછી દરેક પાત્ર પોતપોતાની રીતે પત્રના નામો સૂચવે છે, પરંતુ બધા વચ્ચે એકરૂપતા સંધાતી નથી. લેખકે યુવાનો વચ્ચેના સ્વભાવના ભેદનું નિરૂપણ કરવા માટે પોતાની કોઠાસૂઝનો પૂરેપૂરો ઉપયોગ કર્યો છે. યુવાનો સામાન્ય માનવીના ઉત્થાન કે શ્રેય માટે પોતાની પોકળ વાતોમાં રહે છે. સર્જકે લોકોના અહ્‌મને કટાક્ષ રીતે અહીં નિરૂપણ કર્યો છે. એટલે જ તો રા. વિ. પાઠક પુસ્તકની પ્રસ્તાવનામાં કહે છે, આ એકાંકી 'કટાક્ષચિત્ર' છે.

## 2.11 વિરાટ જનતા

**સારાંશ :**

વિરાટ જનતા ખરેખર ઉમાશંકર જોશીનો એક અખતરો છે. જેમાં તેમના 'સાપના ભારા' એકાંકીસંગ્રહના એકાંકીમાંથી એકે એક સૂચિત પાત્ર લઈને એક નવા જ પાત્રની આસપાસ ભેગાં કરી જીવન અને સાહિત્યનું ઘર્ષણ બતાવવા પ્રયત્ન કર્યો છે.

ગામના છેડે ભણેશરીનું ઘર છે. ભણેશરી બહાર ગયા છે ત્યાં નંદરામ, વિઠ્ઠલ ઠાકર, પૂનમભાઈ પ્રવેશે છે. બધા પોતાના અંગત પ્રશ્નો પૂછવા ભણેશરી પાસે આવેલા છે. ભણેશરી ઘરમાં ન હોવાથી અંદરોઅંદર ચર્ચા કરે છે. ભણેશરીની વાતો અને સલાહથી તેઓને દિલાસો મળતો હોય છે. ત્યાં જ ભોગીલાલ અને મથુર પણ આવે છે. બધા સામાજિક પ્રશ્નો અને ભણેશરીના ગળ્યાં વચનો વિશે વાતો છે. ઠાકર ભણેશરીને ગામની શોભા માને છે. ભણેશરી ભણેલા-ગણેલા વ્યક્તિ હોવાથી ગામના લોકો તેને સમજુ ગણી સલાહ લેવા આવતા હોય છે. થોડા સમય પછી શિવલાલ સાથે ભણેશરી પોતાના ઘરમાં પ્રવેશે છે, જે ઘરને ભણેશરી તે આંદમાન કહે છે. શિવલાલ 'ગાજરની પિપૂડી' છાપું કાઢે છે. ભોગીલાલ અને નંદરામ તે વાંચવા અંદર જાય છે. શિવલાલ, ભણેશરી મુંબઈ કદી આવતા નથી ગામ છોડીને તેની ફરિયાદ કરે છે, આ સાંભળી ઠાકર કહે છે કે ભણેશરીના લીધે શિવલાલ જેવા ભણેલા-ગણેલા લોકો ગામમાં આવતા જતા રહે છે. ભણેશરી બધા સાથે શિવલાલનો પરિચય કરાવે છે. ત્યાં રૂપાજી પોતાના પ્રશ્ન લઈ આવે છે. તેમની ગામઠી બોલીમાં કહેલી વાત સાંભળી શિવલાલ આ બધા વિશે ભણેશરીને સાહિત્ય લખવા જણાવે છે. આ ઉપરાંત ગામના ખેડૂતના કે વાણિયાના પ્રશ્નો પર પણ ચર્ચાઓ કરે છે. શિવલાલ ત્યાં આવેલા લોકોની વાતો સાંભળી સાધારણ જનતામાંથી વિશાળ ભાવોના આઘાત-પ્રત્યાઘાતોમાં ગૂંચવાયેલા પાત્રોના સર્જનની ભૂમિકા જુએ છે અને તેને સાહિત્યસેવા કહે છે. ભણેશરી તેની સાથે સહમત નથી. આ અંગે બંને ચર્ચાઓ કરતા રહે છે ત્યાં પૂનમભાઈએ જમવાનું બનાવી રાખ્યું છે, તે જમવા બોલાવે

છે. આજ સમય દરમિયાન ઘરની બહાર ભનિયો અને ગલિયો ખાવાનું માંગવા આવે. એક રોટલી માટે બંન્નેને ઝગડતા જોઈ ભણેશરી બંનેને પોતાના ઘરમાં લઈ ભરપેટ જમવાનું આપે છે. આ બધી ઘટના જોઈ નંદરામ અને પૂનમભાઈ નિમ્ન જાતિના લોકોને ઘરમાં લાવવા બદલ વિરોધ કરે છે. આ વાત વાયુવેગે આખા ગામમાં ફેલાઈ જતા મથુર, ભોગીલાલ, ઠાકર, રૂપાજી વગેરે જેવા ઘણા ગામ લોકો ભણેશરીના ઘરના આંગણામાં આવી આકરી ટીકા કરે છે અને ગામ બહાર નીકળી જવા સખત શબ્દોમાં ધમકાવે છે. ભણેશરી સુધારો સાહિત્યથી નહીં પણ પોતાના વર્તન દ્વારા કરવાની ઇચ્છા રાખતા હોવાથી આમ કરે છે. જેનો આખું ગામ વિરોધ કરે છે. અંતે ભનિયા અને ગલિયાના પિતા (બાલાભાઈ) જેના લીધે ભણેશરી પર આ સંકટ આવ્યું છે તે પણ આ વર્તનનો વિરોધ કરે છે.

ભણેશરી, આ આખી ઘટનામાં શિવલાલને કહે છે કે આપણે જે સાહિત્ય દ્વારા સેવા કરવાનું સ્વપ્ન જોઈએ છીએ એ ભ્રમ છે અને વર્તન દ્વારા આ લોકોને સુધારવાની કોશિશ પણ ભ્રમ છે. આપણે પહેલાં સુધારાવાદી સમાજનું નિર્માણ કરવું પડશે; કારણ કે, અત્યારે જે આ પરિસ્થિતિ ગામમાં સર્જાય છે, જાતિભેદ કે અમીરી-ગરીબી એ બધા ભેદ વિરાટ જનતામાં વ્યાપેલા છે. આ જ વિરાટ જનતાના વિચારો અને વર્તન છે.

**સમીક્ષા :**

આ એકાંકીમાં ઉમાશંકર જોશીએ એક નવતર પ્રયોગ કરવાનો પ્રયત્ન કર્યો છે. 'વિરાટ જનતા' એકાંકી ગ્રામીણ જીવનનું જરા જુદી રીતનું ચિત્ર ઊપસાવતું એકાંકી છે. એકાંકીમાં દસ જેટલા પાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. 'સાપના ભારા' સંગ્રહના બીજા એકાંકીઓના પાત્રોને એક ભણેશરી પાત્રની આસપાસ મૂકી આપી જીવન અને સાહિત્યની આસપાસ એક મોટો સંઘર્ષ ઊભો કરી આપ્યો છે. આ સંઘર્ષ ઊભો કરવામાં લેખકની વૈચારિક ભૂમિકા ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. નાટ્યકાર એકાંકીની શરૂઆતમાં જ ભણેશરીને પોતાના ઘરે જ હાજર ન રાખીને જે પરિસ્થિતિ ઊભી કરી જે અન્ય પાત્રો ઉપર પ્રકાશ ફેંકવાની રીતે જ વાચકને આકર્ષણ ઊભું કરી આપે છે.

આ એકાંકીમાં 'ભણેશરી' – સાહિત્ય કરતાંયે 'કાર્યની કઠોર ભાષા'નો વધારે મહિમા કરે છે. આખા એકાંકીમાં ભણેશરીના પાત્રમાં ઉમાશંકરની વૈચારિક ભૂમિકા મહત્ત્વની છે. ગામ માટે ખૂબ ભણેલો, મોટી મોટી ચોપડી વાંચતો, મોટી મોટી વાત કરતો ભણેશરી કહેવાય. ગામ લોકો કહે છે તેમ 'એવા માણસથી તો ગામની શોભા' છે. પરંતુ એ જ ભણેશરી જ્યારે કહેવાતી નિમ્ન જાતિના છોકરાને ઘરમાં જમાડે છે ત્યારે આ ગ્રામજનો માટે તે અસહ્ય બને છે. અહીં પ્રશ્ન એ છે કે 'જે વિરાટ જનતા'ની ભણેશરી સેવા કરવા માંગે છે એ જ વિરાટ જનતા તેની અવહેલના કરે છે. આમ, અહીં ગ્રામીણ સમાજની મનોવૃત્તિ, રૂઢિજડતા અને વાસ્તવિકતાને એકાંકીકારે વાચા આપી છે.

## 2.12 સારાંશ

આમ, એકાંકીઓમાં ક્યાંક કટાક્ષના છાંટા છે, તો ક્યાંક સમાજના રૂઢિવાદ પર પ્રહાર કરવાનો ઉદ્દેશ છતો થાય છે. 'સાપના ભારા', ઊડણ ચરકલડી', 'ખેતરને ખોળે', 'શલ્યા' કે 'કડલાં' જેવાં એકાંકીઓમાં નારીની કથળેલી સામાજિક સ્થિતિને ચિતરી છે. જેમાં એમ કહી શકાય કે આ પુરુષપ્રધાન સમાજમાં નારીએ પુરુષોની આધિનતા સહજતાથી સ્વીકારી લીધી છે. તેથી જ તો

નારી, નારીની સૌથી મોટી દુશ્મન બની વર્તે છે. અનુભવ ધરાવતી નારી ક્યારેક એમ ભૂલી જઈ શકે છે કે તે પણ નારી જ છે અને આ જ પરિસ્થિતિમાંથી પસાર થઈ ચૂકી છે ? મેના જેવી દીકરીને મા કે સાસુ પોતાના હાથે કેવી રીતે મોત આપી શકે ? ચંદણી જેવી સુકન્યાને માતા-પિતા અંધ બની કેવી રીતે આધેડ પુરુષ સાથે વિવાહ નક્કી કરી શકે ? જમના એક નારી થઈ પોતાની પુત્રવધૂને ભાંડી શકે ? સમાજની બધી સ્ત્રીઓ પુત્રીને 'શલ્યા' કેવી રીતે કહી શકે ? કે પછી સ્ત્રી કેવી બીજી સ્ત્રીનું શોષણ કરી ઘરેણાં ઊતરાવી શકે અને તેના સંતાનોને ભૂખથી ટટળાવી શકે ? આ એકાંકીઓમાં આવતા તત્કાલીન સમાજમાં નારીનો સામાજિક દરજ્જો ઘણો નીચો જણાય છે. તેના સાક્ષી ઉમાશંકર જોશીના એકાંકીઓ છે. ઘણી રૂઢિવાદિતા, અંધશ્રદ્ધા, પુરુષપ્રધાન સમાજના અહમ્, શોષણ, વંશ ટકાવવાની ઘેલછાનો ભોગ બનેલી કઠપૂતળીઓની જેમ જીવન જીવતી કે સમાજની અતૃપ્ત ઇચ્છાની પૂર્તિ માટેનું સાધન બનતી સ્ત્રીઓની સંવેદનાઓને ઉમાશંકર જોશીએ આબેહૂબ રીતે, પૂરી તટસ્થતાથી આ એકાંકીઓમાં ગૂંથી લીધી છે. તો બીજી તરફ 'ગાજરની પિપૂડી' કે 'વિરાટ જનતા' જેવાં એકાંકીમાં તત્કાલીન સમાજની માનસિકતા અને તેના સામાજિક દંભને ઉજાગર કરવામાં આવ્યા છે.

## 2.13 પુનરાવલોકન

**(ક) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

૧. એકાંકીસ્વરૂપ આધારે 'સાપના ભારા' એકાંકીસંગ્રહનું મૂલ્યાંકન કરો.
૨. 'સાપના ભારા' એકાંકીસંગ્રહની અનુલક્ષીને એકાંકીકાર તરીકે ઉમાશંકર જોશીને મૂલવો.
૩. 'સાપના ભારા' એકાંકીસંગ્રહના એકાંકીઓમાં રહેલી તત્કાલીન સામાજિક ભૂમિકાને ઉદાહરણસહિત ચકાસો.
૪. 'સાપના ભારા' એકાંકીસંગ્રહમાં નિરૂપિત સ્ત્રીપાત્રો વિશે સવિસ્તૃત નોંધ તૈયાર કરો.
૫. 'સાપના ભારા' એકાંકીસંગ્રહના એકાંકીઓમાં આવતા સંઘર્ષને મૂલવો.
૬. 'સાપના ભારા' એકાંકીસંગ્રહમાં એકાંકીઓની ભજવણી ક્ષમતાને ચકાસો.

**(ખ) ટૂંકનોંધ લખો.**

૧. 'ઊડણ ચરકલડી' એકાંકીમાં મનોસંઘર્ષ.
૨. 'બારણે ટકોરા' એકાંકીમાં પાત્રાલેખન
૩. 'સાપના ભારા' એકાંકીમાં વ્યાપ્ત સામાજિક સમસ્યા
૪. 'કડલાં', એકાંકીમાં શોષણમાંથી નિપજતી કરુણતા
૫. 'શલ્યા' એકાંકીનો આસ્વાદ
૬. 'દુર્ગા' એકાંકીમાં પાત્રોના વિચારોનો સંઘર્ષ
૭. 'વિરાટ જનતા' એકાંકીમાં આવતા પાત્રોનું ચરિત્ર
૮. 'પડઘા' એકાંકીમાં શહેરી-ગ્રામ્ય પરિવેશ

## 2.14 લેખનપ્રવૃત્તિ

૧. ઉમાશંકર જોશીના 'સાપના ભારા' એકાંકીસંગ્રહના તમને ગમતા એકાંકીને ભજવવાનો પ્રયાસ કરો.

૨. બીજી ભાષાના ગ્રામ પરિવેશને લગતાં એકાંકીનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો પ્રયત્ન કરો.
૩. ઉમાશંકર જોશીનાં 'સાપના ભારા' એકાંકીસંગ્રહમાં લોકબોલીના પ્રભાવ વિશે લેખ લખો.
૪. ગુજરાતી સાહિત્યમાં ગ્રામજીવનની વાસ્તવિકતાનું નિરૂપણ કરતાં એકાંકીઓની યાદી બનાવો.
૫. ગુજરાતી સાહિત્યના ગાંધીયુગના એકાંકીઓનો અભ્યાસ કરી સમકાલીન પ્રભાવને વર્ણવતો નિબંધ તૈયાર કરો.

## 2.15 વિશેષ અધ્યયન

૧. ઉમાશંકર જોશીના સમકાલીન એકાંકીકારોની શૈલીનું અધ્યયન કરો.
૨. ઉમાશંકર જોશીની સાહિત્યસેવા અનુસંધાને ચંદ્રકાન્ત શેઠ દ્વારા થયેલ અધ્યયનનો પરિચય મેળવો.
૩. ગ્રામજીવનની સમસ્યાઓ વિશેના અન્ય એકાંકીઓનું અધ્યયન કરો.
૪. ભારતમાં પ્રાદેશિક બોલીમાં લખાયેલાં અન્ય ભાષામાં એકાંકીઓનો અભ્યાસ કરો.
૫. નંદકુમાર પાઠકના એકાંકી : સ્વરૂપ અને સાહિત્ય ગ્રંથનો અભ્યાસ કરો.

## 2.16 સંદર્ભસૂચિ


- 'સાપના ભારા' – ઉમાશંકર જોશી
- 'ઉમાશંકરનો વાગ્વૈભવ' (ખંડ : 2)—ચંદ્રકાન્ત શેઠ
- 'ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ – મહેશ ચોક્સી
- અભિનેય નાટકો – ધીરુભાઈ ઠાકર
- ગુજરાતી નાટક – સતીશ વ્યાસ



**લેખન :** ડૉ.હેતલ ગાંધી : આસિસ્ટન્ટ પ્રોફેસર,ગુજરાતી વિભાગ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

## એકમ 3

## ઉમાશંકર જોશીનો એકાંકીસંગ્રહ – 'હવેલી'

**રૂપરેખા**

3.1 ઉદ્દેશો
3.2 પ્રસ્તાવના
3.3 હવેલી
3.4 નટીશૂન્યમ્
3.5 ત્રણ ને ત્રીસ
3.6 જીવનદાતા
3.7 માણેકચોક
3.8 હળવાં કર્મનો હું નરસૈયો
3.9 પારખું
3.10 શહીદનું સ્વપ્ન
3.11 વિદાય
3.12 મુક્તિપ્રભાત
3.13 લતામંડપ
3.14 ગૃહશાંતિ
3.15 શા માટે ? શા માટે ?
3.16 ઈફિજિનિયા
3.17 સારાંશ
3.18 પુનરાવલોકન
3.19 લેખનપ્રવૃત્તિ
3.20 વિશેષ અધ્યયન
3.21 સંદર્ભસૂચિ

### 3.1 ઉદ્દેશો

'હવેલી' એકાંકીસંગ્રહ દ્વારા તમે-

- 'હવેલી' એકાંકીસંગ્રહના એકાંકીઓનો આસ્વાદ કરશો.
- 'હવેલી' એકાંકીસંગ્રહમાં વ્યક્ત થતી સામાજિકતા વિશે અભ્યાસ કરશો.
- 'હવેલી' એકાંકીસંગ્રહમાં પ્રગટ જીવનની વાસ્તવિકતાને મૂલવી શકશો.
- 'હવેલી' એકાંકીસંગ્રહના એકાંકીઓમાં રહેલી અભિનેયતાના તત્ત્વનું તટસ્થ રીતે મૂલ્યાંકન કરી શકશો.
- 'હવેલી' એકાંકીસંગ્રહના આધારે ઉમાશંકર જોશીની એકાંકીકાર તરીકેની વિશેષતા અને મર્યાદાનો પરિચય મેળવશો.

### 3.2 પ્રસ્તાવના

ઉમાશંકર જોશીનો 'શહીદ' એકાંકીસંગ્રહ 1951માં પ્રગટ થયો. 'હવેલી' એકાંકીસંગ્રહ 'શહીદ' એકાંકીસંગ્રહમાં ગ્રંથસ્થ થયેલા અગિયાર એકાંકી ઉપરાંત બીજા એકાંકીનો ઉમેરો કરીને ઈ.સ. ૧૯૭૭માં 'હવેલી' એકાંકીસંગ્રહ તરીકે

પ્રગટ થયો. 'સાપના ભારા' પછીનો આ સંગ્રહ છે. 'હવેલી'ની તુલનામાં 'શહીદ'માં ઈ.સ. 1951માં લખાયેલા 'હવેલી' એકાંકીને બાદ કરતા 1932થી 1951ના ગાળા દરમિયાન લખાયેલાં એકાંકીઓ સમાવિષ્ટ થયા છે, જ્યારે 'હળવા કર્મનો હું નરસૈંયો' એ 1954માં લખાયેલું એકાંકી છે. આ ઉપરાંત 'ગૃહશાંતિ', 'શા માટે ? શા માટે ?' અને 'ઇફિજિનિયા' એ તેમના અ-મૌલિક એકાંકી છે. 'શહીદ' એકાંકીસંગ્રહ અને આ 1951 પછીના એકાંકીઓને સમાવીને પાછળથી 'હવેલી' નામે એકાંકીસંગ્રહ પ્રગટ કરવામાં આવ્યો. 'હવેલી' એકાંકીસંગ્રહમાં સંગ્રહિત એકાંકીઓ વિશે હવે વિસ્તૃત માહિતી મેળવીએ.

## 3.3 હવેલી

**સારાંશ :**

નમતા પહોરે ગામના ચોરા પર ભૂધરકાકા બેઠા છે. ત્યાંથી હરજીવન ચાલ્યો જાય. ભૂધરકાકા બૂમ પાડી તેને બોલાવે. હરજીવનના સાળાનો ભાઈબંધ ધારાસભાનો મેમ્બર છે. એ મેમ્બરને કમોદ પહોંચાડવાની દોડધામમાં છે. હરજીવન, ભૂધરકાકાનો ભત્રીજો મેમ્બર છે તો તેનો ટેકો મળે એટલે આ દોડધામ ન થાય તેમ કહે છે; પરંતુ, ભૂધરકાકા માથે પડેલો ભત્રીજો છે, એમ કહી વાત ટાળી દે છે, કે અમારે તેની સાથે બોલવાનો પણ વ્યવહાર નથી. હરજીવન, ભૂધરકાકાનો ભત્રીજા કેશવ હવેલીવાલાની વાત શરૂ કરે ત્યાં ભૂધરકાકા તેની વાત અડધેથી કાપી નાંખે. હરજીવન ત્યાંથી ચાલતો થાય. ભૂધરકાકા મનમાં કેશવની વાત વિચારતા ત્યાં જ સામેથી એક આધેડ વયની વિધવા સ્ત્રી ભૂધરકાકાની સામે મર્યાદામાં ઊભેલી જોઈ ભૂધરકાકા ઝબકી ઊઠે છે.

ભૂધરકાકા પેલી આવેલી બાઈને આવવાનું કારણ પૂછે છે, બાઈ સ્વસ્થ બનીને ગિરવે રાખેલી હવેલી માટે અંગૂઠો પડાવવા મેંગલપરથી શેઠ આવ્યા હતા એમ વાતની શરૂઆત કરે છે. આ બાઈએ દીકરા કેશવના ભણવા માટે હવેલી પેટે પૈસા ઉપાડ્યા હતા, પછી દીકરો લડાઈમાં (સ્વતંત્રતાની) જવાથી હજુ સુધી મા તરીકે પોતે પૈસા મોકલાવે છે. દીકરો તેમનો થોડા દિવસમાં બધું પાર પાડી દેશે. બાઈને તેના દીકરા પર ભરોસો છે. તેથી બાઈ ભૂધરકાકાને વીનવે છે કે શેઠ પાસેથી થોડા દિવસ છૂટછાટ મળી જાય તે માટે કહેવડાવે. ભૂધરકાકા આ વાતમાં પડવાની ચોખ્ખી ના પાડી દે છે અને કેશવને ભાંડે છે તથા તે બાઈને પણ કુવચન ઉચ્ચારતા બાઈ 'મારાં કર્યાં હું ભોગવીશ' કહી ત્યાંથી જતી રહે છે.

બાઈના ગયા પછી ભૂધરકાકા બાઈની સ્થિતિ જોઈ હસે છે. થોડીવારમાં દૂરથી ગાડાવાળો વેણુના કોથળા લઈ જતો હતો. ભૂધરકાકા તેને ઊભો રાખે છે. તેની પાસે તે કમોદ અથવા જીરાસર માંગે છે, ત્યાં ગાડાવાળો ભૂધરકાકા પાસેથી પૈસા લેવામાં થતી તકલીફને કારણે ભાંડીને ત્યાંથી જતો રહે છે. ત્યાં વાણિયો પણ ભૂધરકાકા પાસે પૈસાની ઉઘરાણી કરે છે. ત્યાં એક વૃદ્ધ આવી ભૂધરકાકા પાસે બેસે છે. હવે ત્યાં ભૂધરકાકાનો મિત્ર વેણીદાસ આવે છે. ભૂધરકાકા વેણીદાસના દીકરા સાથે પોતાની દીકરીના લગ્નનો પ્રસ્તાવ રાખે છે. વેણીદાસ આનાકાની

કરે છે ત્યાં ગાડી આવતા રઘુ સમાચાર લાવે છે કે કેશવભાઈ પ્રધાન થયા છે. બધા આ સાંભળી ભૂધરકાકાને રહેમનજર રાખવા વીનવતા જાય છે. બધા સામે ભૂધરકાકા પણ કેશવના હવે વખાણ કરવા લાગે છે. ગાડાવાળો કમોદ આપવા તૈયાર થાય, વાણિયો ઉધાર પૈસા આપવા તૈયાર થાય, વેણીદાસ લગ્નના પ્રસ્તાવને સ્વીકારવા તૈયાર થાય, આમ બધા ગામ લોકો ભૂધરકાકાને કોઈને કોઈ રીતે રીઝવવા તૈયારી બતાવે છે.

કેશવની મા રૂપાકાકીને હરજીવન કેશવના પ્રધાન થવાની વાત કરે છે; પણ, તેને આ મશ્કરી લાગે છે. હવે ભૂધરકાકા રૂપાકાકીને શેઠની પાસે સમય લેવા જવા તૈયારી દર્શાવે છે ત્યારે રૂપાકાકીએ અંબામાને પારે અંગૂઠો પાડી આપ્યો છે એમ કહે છે ત્યાં જ એકાંકી પૂર્ણ થાય.

**સમીક્ષા :**

આઝાદી મેળવ્યા બાદ સમાજમાં પ્રવર્તેલા દૂષણ અને શિથિલતાનું આલેખન **'હવેલી'** એકાંકીમાં થયું છે. જેમાં ભૂધરકાકા પોતાના ભત્રીજા કેશવને શરૂઆતમાં 'ઢ' માને છે પરંતુ તે પ્રધાન બનતા જ તેમના વલણમાં ફેરફાર આવે છે. કેશવની મા રૂપાકાકીની હવેલી બચાવવામાં જે વચ્ચે પડવા તૈયાર ન હતા તેવા ભૂધરકાકા હવેલી બચાવવા મેંગલપુર સુધી આંટો મારવા તૈયાર છે. જે કેશવને સૌ 'કરમનો કાઢેલો' ઢંગ વિનાનો માનતા – તે પ્રધાન બનતા જ દંભી અને સ્વાર્થી વ્યક્તિઓના વર્તન બદલાય છે, તેનું સૂક્ષ્મ આલેખન લેખકે અહીં કર્યું છે.

## 3.4 નટીશૂન્યમ્

**સારાંશ :**

નાટ્યકાર ખુરશીમાં બેઠા-બેઠા ટેબલની ઉપરની ચીજોમાં કંઈક શોધી રહ્યાં છે. તેમણે એટલા બધા નાટકની રચના કરી છે કે, તેમને કોરા કાગળ જડતા નથી. નાટ્યકારને માસ્ટરપીસ જડવાની ખુશી છે ત્યાં કૉલેજના ત્રણ વિદ્યાર્થીઓ વિપીન, વિનોદ અને વિભાકર આવે છે. તેમને કોઈ અપ્રકટ કૃતિ તથા માસ્ટરપીસ સમુ-સ્ત્રી વગરનું નાટક જોઈએ છે, કૉલેજમાં ભજવણી કરવા. નાટ્યકાર ડઘાય જાય છે કે સ્ત્રીપાત્ર વિનાનું નાટક શક્ય જ ક્યાંથી હોય ! સ્ત્રીપાત્ર વગરનું નાટક કલ્પના કરવી જ મુશ્કેલ છે, તે વિદ્યાર્થીઓને જવા કહી દે છે, વિદ્યાર્થીઓ ફરી આવવાની ટેક સાથે જાય છે. જતાં જતાં વિભાકર કહે છે કે તેમના પુરુષ મિત્રો સ્ત્રી પાઠ લેવા તૈયાર છે. શેકસપિયર પણ ચૌદ-પંદર વર્ષના છોકરા પાસેથી સ્ત્રીનો પાઠ ભજવાવતા એમ કહી બધા વિદાય લે છે. નાટ્યકાર ટેબલ પર માથું ઢાળે છે. સ્વપ્નવસ્થામાં કોઈ આગંતુક નાટ્યકાર સમક્ષ પ્રગટ થાય છે. તે એરિસ્ટોટલ છે. નાટ્યકાર સાથે કળા અને નાટકની ચર્ચા કરે છે અને તેના ગયા પછી ભરત મુનિ પ્રવેશે છે. નાટ્યકાર તેમને પ્રણામ કરી તેમને મૂંઝવતો સ્ત્રીપાત્ર વિનાના નાટકની રચનાનો પ્રશ્ન પૂછે છે, ભરત મુનિ તે અશક્ય હોય એમ સ્પષ્ટ દર્શાવે છે. ત્યારબાદ કવિ કાલિદાસ, શેક્સપિયર, સ્ટ્રીન્ડબર્ગ તથા બર્નાડ શો તે તેમના નાટ્યઅનુભવો અને સ્ત્રી વિનાના નાટકની સંભાવના વિશે ચર્ચા કરે છે અને પ્રશ્નો પૂછે છે. બધા જ અલગ અલગ રીતે સ્ત્રી વિના નાટક શક્ય નથી, મનોરંજન શક્ય નથી, સ્ત્રીની

ટીકામાં પણ સ્ત્રીનું અસ્તિત્વ તો છે જ અને જગતના અસ્તિત્વમાં પુરુષ વિના સર્જન કદાચ ચાલી શકે પણ સર્જનનો ભાર ઝીલતી સ્ત્રીની અનિવાર્યતા અહીં દર્શાવવામાં આવી છે.

છેલ્લે વિપિન અને વિનોદ નાટક લેવા ફરી નાટ્યકાર પાસે આવે છે અને તેમને સ્ત્રી વિનાના નાટક કરતાં બધા સ્ત્રીપાત્રોવાળું નાટક લખી આપવા જણાવે છે. જેમાં બધી જ યુવતીઓ પુરુષવેશમાં પ્રવેશતી હોય અને તેઓ પોતાના પ્રિયતમો જોડે પ્રેમના ક્ષેત્રમાં હરીફાઈ કરે છે વગેરે વગેરે... આ બોલ્યા પછી નાટ્યકાર પહેલા તેમની સાથે આવેલા ત્રીજા મિત્ર વિશે પૃચ્છા કરે. વિપિન અને વિનોદ અહીં વિભાકર અને પુરુષવેશમાં મિસ વિભા પંડિત હતા એમ કહી સ્ત્રી વગરના નાટકમાં પુરુષવેશે મળતા સ્ત્રીપાત્રોનું અનુસંધાન જાળવી રહસ્ય ખોલે અને નાટ્યકાર આ પ્રકારનું નાટક લખી આપવા સંમત થાય ત્યાં નાટક પૂર્ણ થાય.

**સમીક્ષા :**

**'નટીશૂન્યમ્'** એકાંકી એ 'નવા નાટ્યકાર'માં એક પછી એક મહાન નાટ્યસર્જકોને, કવિઓને કાવ્યનાયક સ્વપ્નમાં જુએ છે. અહીં કૉલેજના વિદ્યાર્થીઓ નાટ્યકાર પાસે સ્ત્રી વિનાનું નાટક રચવાની માંગણી કરે છે. તે પછી નાટ્યકાર સ્ત્રી વિનાના નાટકના ભૂતકાળમાં હોવાના પુરાવા શોધે છે, ત્યારે સ્વપ્નરૂપે વિવિધ ઐતિહાસિક વિભૂતિઓને જોઈ-સાંભળે છે. ત્યારબાદ સ્ત્રીના પાત્રો પુરુષ ભજવે છે તેવા નિર્ણય પર આવે છે, પણ હકીકતમાં તો નાટ્યકારે લખવા ધારેલા એ નટીશૂન્ય નાટક તો 'નટશૂન્ય' નાટક થવાનું છે ! કદાચ સૂક્ષ્મ અર્થમાં 'સ્ત્રી વિનાનું નાટક લખવું હજી બાકી જ છે !' આ વિચારનિષ્ઠ એકાંકીમાં ઉમાશંકરનું ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્ય વિશેનું ચિંતન જણાયા વગર રહેતું નથી.

## 3.5 ત્રણ ને ત્રીસ

**સારાંશ :**

ઉનાળાની બપોરે તંદ્રામાં અરુણ સોફા પર જરીક લંબાઈને ચોપડી વાંચતો નિદ્રાધીન થાય છે, ત્યાં નિદ્રાવસ્થામાં એક સ્ત્રીનો પ્રવેશ થાય છે. અરુણ આ સમય દરમિયાન ચંપામાશી અને તેમની બહેનપણીની દીકરી સુનિતાની રાહ જોતાં સોફા પર પડ્યો હોય છે.

સ્ત્રી પોતાને કાશી બતાવે છે અને કહે છે કે હું તારામાં જ રહું છું, કાયમ અહીંયા જ તેથી મને ક્યાંય જવાની જરૂર નથી. કાશી, એ અરુણની દાઝીને મૃત્યુ પામેલી પત્ની છે અને સુનિતા કદાચ થનાર પત્ની હોઈ શકે. અરુણ અને આ સ્ત્રી વચ્ચે અરુણના મનમાં ચાલતા વિચારો, કાશી સાથેના લગ્નજીવન, અરુણનું કૉલેજજીવન, કાશીનું મૃત્યુ, સુનિતા સાથેનો તેનો પ્રેમસંબંધ, વિપિન અને સુનિતાનો સંબંધ, તેમાં મિત્ર શરદની ભૂમિકા, અરુણની સુનિતા સાથેનો માનસિક અભિગમ અને સુનિતા-અરુણના લગ્ન કરાવવા માટેની ચંપામાશીની ભૂમિકા વિશે ઘણી ચર્ચા ચાલે છે. ચંપામાશી એ સુનિતાને લઈ સાડા ત્રણ વાગ્યે અરુણના ઘરે આવવાના હતા. ચંપામાશી સમયના ખૂબ પાબંધ છે. આ સાડા ત્રણ વાગવાના બાકી હતા ત્યાં અરુણ સ્વપ્નમાં આ સ્ત્રી સાથે પોતાના મનની

બધી વાતો ખુલ્લાપણે વ્યક્ત કરે છે, અરુણને બીજા લગ્ન કરવા એ પણ સુનિતા સાથે કરવામાં સંકોચ છે. કારણ કે સુનિતાને પહેલા વિપિન સાથે પ્રેમસંબંધ હતો. સુનિતા એ વિપિનને જેમ તરછોડ્યો તથા આ વિપિનને સુનિતાએ લખેલા પત્રો તે શરદ દ્વારા વિપિનને મોકલતી અને તે પત્રોમાં લખાયેલું બધું અરુણ જાણે છે. અરુણ પાસે એમાંથી કેટલાંક પત્રો પણ છે. સ્વપ્નમાં આવેલ સ્ત્રી સુનિતાને અપનાવી લેવાનું કહી અદશ્ય થાય છે. અરુણ તંદ્રાવસ્થામાંથી જાગી જાય છે અને આળસ મરોડી જે પુસ્તક વાંચતો હતો તે કબાટ પરના ચિત્ર પાછળ સંતાડી દે છે અને બરાબર ત્રણ ત્રીસે ચંપામાસી દરવાજે આવે છે, સુનિતાને લઈને... ત્યાં પડદો પડે છે.

**સમીક્ષા :**

**'ત્રણ ને ત્રીસ'** એકાંકીમાં મનોવૈજ્ઞાનિક ભૂમિકાનું સુંદર નિરૂપણ થયું છે. મુખ્ય પાત્ર અરુણ વાંચતા નિદ્રાધીન થાય છે અને એક સ્ત્રી અરુણના બારણું ઉઘાડતા પહેલાં જ તેને અંતરથી ઢંઢોળી એનો નિગૂઢ પરિચય આપી ગાયબ થાય છે. આ પ્રયુક્તિ દ્વારા માનવની બુદ્ધિ અને મન વચ્ચેના આંતરવિગ્રહને દર્શાવી અરુણના મનોગતને ઉઘાડે છે.

## 3.6 જીવનદાતા

**સારાંશઃ**

**દશ્ય પહેલું :**

મંદિરના ગર્ભગૃહના બારણા આગળ ગુરુ ઘોરકાલ ઊભા છે. તેમના બે જુવાન શિષ્યો ચંદ્રકાલ અને રુદ્રકાલ છે. ગામમાં પ્રથા છે કે કોઈનું પણ પ્રથમ સંતાન દેવીને પ્રસાદી સ્વરૂપ બલિ ચઢાવી દેવું. એક ખેડુની પ્રથમ દીકરીની બલિ ચઢાવવાની છે. બલિ ચઢાવતી વખતે માતાએ હસતા મુખે સ્વેચ્છાએ પોતાનું સંતાન દેવીને અર્પણ કરવાનું રહે. ઘણીવાર જોયા પછી ખેડુ પત્ની દીકરીની બલિ ચઢાવવા ગર્ભગૃહમાં જાય છે. હસતા મુખે પાછી આવે છે, બાળકી રડતી નથી. રુદ્રકાલ બાળકી અને માતા પ્રત્યે અનુકંપા દર્શાવે છે ત્યારે ઘોરકાલ તેને ઠપકારે છે. ઘોરકાલ બાળકની બલિ ચઢાવવા તલવાર ઉગામે છે ત્યાં સાધુ(ઓમનાથ) આવી બાળકીને બચાવે છે. ઘોરનાથ વિરોધ કરે છે; પરંતુ, હારી જતા ત્યાંથી જતા રહે છે. બાળકીને દેવીના પ્રકોપની અંધશ્રદ્ધા ગામમાં ચાલતી હોવાથી ગામ સ્વીકારવાની ના પાડે છે. ઓમનાથ મંદિરમાં જ આ બલિ ચડાવવાની થતા બાળકોને ઉછેરવાનું નક્કી કરે છે. આ જવાબદારી ભદ્ર(રુદ્રકાલ)ને દેવી-મઠ બનાવી તેના અધિપતિ બનવાની ઘોષણા કરી તથા ચંદ્ર(ચંદ્રકાલ)ને પૂજારી તરીકે સ્થાપિત કરી જાય છે. ઘોરકાલ સાથે લડતા ઓમનાથનો એક અંગૂઠો કપાય જાય છે. બલિ ચઢાવવા આવેલી બાળકીને 'ઓમ' નામ આપે છે અને જગદંબાની નવી પંક્તિ આપી ત્યાંથી વિદાય લે છે.

**દશ્ય બીજું :**

એ જ દેવી મઠ; પણ, સત્તર વર્ષ પછી. યાત્રી આ મઠમાં ફરી પધારે છે. ઘણા કુમારો અને કુમારિકાઓ મઠમાં રહે છે. ચંદ્ર વાસનાવશ જેને ઓમનાથે બચાવી હતી તે બાળકીની પાછળ પડે છે. તે આ ઈચ્છાની વચ્ચે આવનાર ભદ્રને મારી નાખવાનું મઠના એક કુમાર સાથે કાવતરુ પણ ઘડે છે. રાહુ પણ 'ઓમ'ના

સૌંદર્યથી અંજાયેલો છે. આ બંનેની કામલોલુપ ગતિવિધિ જોઈ અને મઠની બીજી બધી કન્યાઓની આબરૂ સાથે પણ 'ચંદ્ર' રમી ચૂક્યો હોવાથી આવેલા યાત્રી ખૂબ જ આઘાત અનુભવે છે. તે મા જગદંબાને યાદ કરી આ ભ્રષ્ટ વાતાવરણને કારણે બાળકોની શારીરિક બલિ તો અટકી; પરંતુ, આત્માનો નાશ થઈ ગયો, તેનું ભારોભાર દુઃખ વ્યક્ત કરી નવા જન્મેલા બાળકની આત્માને બચાવી પોતાની જ સત્તર વર્ષ જૂની વાત ઉઠાવવાનું નક્કી કરે છે.

**દૃશ્ય ત્રીજુ :**

ચોકમાં સામસામી હારમાં કન્યાઓ અને કુમારો ઊભા છે, નવા જન્મેલા બાળકને મઠમાં લાવવાની વિધિ થઈ રહી છે. યાત્રી આ પ્રથાનો વિરોધ કરે છે અને બાળકને તલવારથી મૃત્યુએ ચઢાવવા તૈયાર થાય છે. ચોકની વચ્ચે આ પ્રથાના જનક ઓમનાથની પ્રતિમા છે. લોકોને ઓમનાથની જે શ્રદ્ધા છે તેના કારણે મઠ અને ગામના લોકો વિરોધ કરે છે. યાત્રી નવા જન્મેલા બાળકને મઠમાં મૂકવાને બદલે પોતાની માતા જ તેને ઉછેરે એવી વાત મૂકે છે. આ યાત્રી તરીકે આવેલા ઓમનાથને કોઈ ત્યાં ઓળખતું નથી અને ચંદ્રની વિષયવાસના પર કુઠારાઘાત કરતી આ વાત પર રોષપૂર્વક ચંદ્ર ઓમનાથની હત્યા કરે છે. ઘાયલ ઓમનાથના હાથનો કપાયેલો અંગૂઠો જોતા ત્યાંનાં સર્વે લોકોને ઓમકારનાથનો સાક્ષાત્કાર થાય છે. ઓમ તેમને 'જીવનદાતા' તરીકે સંબોધે છે અને વૃદ્ધો અને ભદ્ર ઓમનાથ આજે ફરી બાળકોના દેહ અને આત્માના બચાવવા બલિ ચઢ્યા હોવાનો અફસોસ વ્યક્ત કરે છે એ પણ તેમની જ પ્રતિમા આગળ... આ અંધશ્રદ્ધાના બદલાતા સ્વરૂપ વિશેનું આ એકાંકી અહીં પૂર્ણ થાય છે.

**સમીક્ષા :**

**'જીવનદાતા'** એકાંકીમાં એકાંકીકારે ઘોરકાલ અને તેના બે શિષ્યો ચંદ્રકાલ અને રુદ્રકાલ દ્વારા ગામમાં ફેલાયેલી બલિ ચઢાવવાની અંધશ્રદ્ધાને વિષય બનાવી સામાજિક જડતા પર પ્રહાર કર્યો છે. ગુરુ ઓમનાથ આ પ્રથાનો વિરોધ કરી તે બલી ચઢાવવા આવતા બાળકને ન મારતા મંદિરમાં દાન મળે એવું સૂચવે છે. દક્ષિણમાં પ્રચલિત મંદિરના દાસીપ્રથાને લગતી આ પ્રથામાં લાંબે ગાળે પુખ્ત વયની બાલિકાઓ પૂજારીના શોષણનો ભાગ બનવા લાગે છે. ઘણા સમય પછી પાછા ફરતા ગુરુ ઓમનાથ આ જોઈ વ્યથિત થઈ કહે છે, 'મારી વાત એમણે ઉપાડી લીધી. પણ દેહને ન મારીને છેવટે અંદરના આત્માને તો હોમ્યો જ. માણસના કે વિચારના દેહને જાળવવો – અરે પૂજવો અને એના આત્માને છૂંદવો એની માનવજાતને કેવી તો ફાવટ આવી ગઈ ?' અહીં ઉમાશંકર જોશીનું માનવતાપ્રેમનું ચિંતન સુંદર રીતે પ્રગટ થાય છે.

## 3.7 માણેકચોક

**સારાંશ :**

અમદાવાદના માણેકચોકમાં ચંપક, કનુ એમ કિશોરો ચંડોળા જવાની વાતો કરે છે ત્યાં વૃદ્ધ આ ધમાચકડી બદલ ઠપકારે છે અને પોતાના બાળપણના દિવસો અને રમતોની વાત કરે છે. ચંડોળા તળાવના કમળ અને તરવા જવાની કનુ વાત કરે અને ચંપક આવનારના નામ નોંધી લે. ત્યારબાદ બધા કિશોરો કુંડાળું

કરી પાના રમવા બેસે. થોડે દૂર કંઈક સભા જેવું જણાતા ચંપક ત્યાં જાય. વૃદ્ધ છોકરાઓના બોલવામાં જ દમ છે એમ કહી ત્યાંથી નીકળી જાય.

ભાષણકર્તા ભાષણમાં બધા સભાજનોને એક થવા માટેનું આવાહ્ન કરે. શેઠિયા લોકોના કાળા ધંધા વિશે વચન ઉચ્ચારે, પછી આ બધામાંથી બહાર નીકળતા એક થવાની જરૂર છે તે સમજાવવા પાનના એક્કાનું ઉદાહરણ આપે. અહીં મજૂર કિસાનની સભા પૂરી થાય. આ ભાષણ પૂરું થયા પછી ભાષણકર્તાને ચંપક સામેના મકાનમાં લોહીનો વેપાર થાય છે તેવી રહસ્યમય જાણકારી આપે અને ભાષણકર્તા ખાતરી કરી ધ્યાનમાં લેવાની વાત કહી ચંપકને ત્યાંથી જવા કહે છે.

ભાષણકર્તાના ગયા પછી, સાદડી સાથે એક બાવો અહમદાવાદ અને અહમદશાહના ઈતિહાસ ગાતો હોય ત્યાં ત્રણેક જણા આવે છે, બાવો ડિલે સાદડી લપેટી લે છે. એ ત્રણેય જણા કાર્પાસીના લગ્નમાં જવાની અને મિલ ગાંસડીઓ, રૂના કાળાબજાર તથા કાપડના ધંધાની વાતો કરતા હોય છે. ત્રણેય બાવાની સાદડી પર કટાક્ષ કરે છે ત્યારે 'એ સાદડી પર તો અહમદશાહની આંખ...' કહી હસે છે ત્રણેય જાય છે ત્યાં બાવો સાદડી ગૂંથતો બેસે અને ત્યાં ધોળી ટોપી, ધોળા ડગલાં, ધોળું ધોતિયું, પગમાં ધોળી ચંપલ સાથે ધોળીદાસ પ્રવેશે. તે બાવાને માણેકનાથ તરીકે સંબોધે. બંને વચ્ચેના સંવાદોમાં સાબરમતી, માણેકચોક, બાદશાહી અને ગરીબનવાજ ગાંધીની સ્મૃતિભર્યો ઈતિહાસ વાગોળાય. માણેકનાથ પાંચ સદીથી પાક પગલાંની રાહ જોઈ રહ્યાં છે; એમ કહી નિસાસો નાખતા કાપડના વેપારીઓ અને તેમાં વધતા ભ્રષ્ટાચાર પર કટાક્ષ કરે છે. આખા મૂડીવાદી સમાજ પર રોષ વ્યક્ત કરે.

હવે ત્યાં સેવકદાસ આવે, તે હિજરતી સમજી માણેકનાથનો પરિચય પૂછે તો 'માણેકચોકનો માણેકનાથ... બીજા સમયમાંથી અહીં આવ્યો છું', એમ કહે. પછી પોતાને ગાંધીના સેવક ગણતા સેવકદાસ અને માણેકનાથના સંવાદોમાં ગાંધીના વિચારો પર ચઢેલા આજના માનવીના દંભને જોઈ શકાય. ગરીબોના નામ પર લૂંટ ચલાવતા અને રુશ્વત લેતા કાળીદાસો અને ધોળીદાસો પર માણેકનાથ કટાક્ષમાં ખડખડાટ હસે છે. સેવકદાસ છંછેડાઈને ત્યાંથી જાય છે.

માણેકનાથ પુણ્યપ્રકોપથી અહમદશાહની બાદશાહી પર અફસોસ વ્યક્ત કરે છે. પાંચસો વર્ષમાં મહેલો-મંજિલ-મિનારા રહ્યા નથી પણ અનેક સદીઓ અહીં વ્યાપી ગઈ છે અને અવદશા જોઈ શહેરને વીંખી નાખવાનું માણેકનાથને મન થાય છે. ત્યાં જ દૂરથી કોઈ રડવાનો અવાજ સંભળાય છે. સ્ત્રીને ન રડવા વીનવે છે ત્યાં એ જ વખતે બે યુવકો અને પાટલૂન ખમીસમાં એક યુવતી ખડખડ હસતાં પ્રવેશે છે. બે યુવક અને યુવતી હાસ્ય સાથે વાતો કરતા જાય છે. ત્યાં ફરી 'શાખ' – નગરલક્ષ્મીની સખીના ડૂસકાં સંભળાય છે. માણેકનાથ તેને છાની રાખવા પ્રયત્ન કરે છે, ત્યારે શાખ 'શહેરમાં સો વર્ષમાં એંશી મીલો ઊભી કરી આપી અને હવે હું અળખામણી થઈ છું' – એમ કહી ભાંડે છે. માણેકનાથ અહમદશાહના ખમીર અને ગરીબનવાજ ગાંધીના પગલાંની ભૂમિને આધાર માને છે.

ત્યાં જ દૂરથી ભાષણકર્તા પ્રવેશે છે. બાઈ વિશે પૃચ્છા કર્યા પછી 'આ વિસ્તારમાં કંઈ અણઘટતું જોયું' – એ પૂછતાં માણેકનાથ 'એ તો રોજનું થઈ પડ્યું છે' – એમ કહી આવી ઉપાધિ ન વહોરવા ભાષણકર્તાને સમજાવે છે.

બાઈની સંભાળ લેનાર અને એંશી ભૂંગળાને ગુરુ માનનારા આ ભાષણકર્તામાં આશા જાગે છે. ત્યાં જ બે યુવાનો અને યુવતી સામા મળે છે. આ ત્રણેયને અટકાવી ભાષણકર્તા પૃચ્છા કરે છે. નિશાકર, અસિત બંને ભાષણકર્તા સાથે બાઝાબાઝી કરે છે. ક્યાંકથી પોલીસ દોડતો આવે છે અને નિશાકર હવાલદારને ભાષણકર્તા તરફ આંગળી કરી, તેણે વીંટી ચોરી છે તેવો આરોપ લગાવે છે. તપાસ કરતાં ભાષણકર્તાના ખીસ્સામાંથી હીરાજડિત વીંટી નીકળે છે. હવાલદાર ભાષણકર્તાને પકડી જાય છે અને તેની પીઠ પાછળ નિશાકર ડાબા હાથે હવાલદારને પાંચની નોટ આપે છે. બે યુવક અને યુવતીના હાસ્યનો રણકાર વાતાવરણમાં તરી રહે છે, પછી 'શાખ'ને માણેકનાથ પેલા ભાષણકર્તા સાથે જેલમાં જવા કહે છે અને નવો જન્મ સહેલો ન હોવાથી, હાર ન માની હિંમત રાખવાની સલાહ આપે છે ત્યાં પડદો પડે છે.

**સમીક્ષા :**

**'માણેકચોક'** એ તત્કાલીન દેશની સ્થિતિમાંથી નીપજેલું એકાંકી છે. ઉમાશંકર જોશીએ રાષ્ટ્રની આઝાદી બાદ પ્રજામાં રુશ્વતખોરી, અનાચાર, છેતરપિંડી, સંઘરાખોરી, કાળાબજાર, દંભીપણું જેવાં અનિષ્ટો ફેલાયાં હતાં તે પરિસ્થિતિનું, ઉપરાંત આવી પરિસ્થિતિમાં પણ રડ્યાખડ્યા જે સારા લોકો જેલ જવા તૈયાર છે તેમનું આલેખન કર્યું છે. માણેકચોકનું નામ જેની સાથે સંકળાયેલું છે, તેવા માણેકનાથ આ બધાનાં સાક્ષી બને છે. આવાં અનિષ્ટો વચ્ચે પ્રતિકાર કરનાર વીરલો મળે તો તેને લેખક આનંદનો શુભ સંકેત માને છે.

## 3.8 હળવાં કર્મનો હું નરસૈંયો

**સારાંશ :**

દૃશ્ય-1

જૂનાગઢ શહેરની બહાર અશોકના શિલાલેખના રસ્તા પર નરસિંહ મહેતાના ભજન, મંજીરાં-કરતાલના સૂર દૂરથી સંભળાય રહ્યો છે. અશોકના શિલાલેખવાળો પથરો જેણે સદીઓથી રાજર્ષિ અને અનેક ધર્મસંદેશો જોયા છે એ કાળપુરુષ બની મતિરામને નરસિંહ ભગતની મહાનતા વિશે બોલતો રહે છે. મતિરામ બ્રાહ્મણને આ ઉચ્ચારણ ગમતું નથી એટલે પાવડી મારી તેને ચૂપ કરવાની કોશિશ કરે છે ત્યાં ગોવિંદ, માધા, કુબેર, રામા, લખમી જેવા હરિજન નરસિંહ મહેતાને આઠમે રાત્રે અત્યંજવાસમાં ભજન કરવાનું નિમંત્રણ આપવા અહીં ઊભા છે. આ જનો પર વેર-ઝેર રાખતા મતિરામને નરસિંહની આ ભક્તિ પણ ગોઠતી ન હોવાથી આ હરિજનોને નરસિંહને ભજન માટે બોલાવવા પાનો ચઢાવે છે. કાલપુરુષ આ ઘટનાઓનો પણ સાક્ષી બને છે. મતિરામના ગયા પછી ત્યાં ભજનકિર્તન કરતા ચાલ્યા આવતા નરસિંહને ગોવિંદ, માધા, કુબેર જેવા હરિજન રસ્તે મળી અને રાત્રે ભજન કરવા તેમના ફળિયે આવવાની વિનંતી કરે છે. નરસિંહ મહેતા આ આમંત્રણ સ્વીકારી લે છે.

દૃશ્ય-2

આ દૃશ્યની શરૂઆતમાં નરસિંહ મહેતાના ચોરા પાસે આવેલા તેમના ઘરે પૂજારણ આવી માણેકબાઈને અંત્યજવાસમાં રાત્રે નરસિંહ મહેતાને જતા રોકવા સમજાવે છે. માણેકબાઈ 'હું એમને ન રોકી શકું' એમ કહી પતિના વ્રતને માન

આપે છે. પૂજારણ નાગરી નાત ગામમાં રહેવા નહીં દે એવી ભયસ્થિતિ પણ જણાવે છે; અને ભગતને ઘરમાં પૂરવાનો પ્રસ્તાવ મૂકે છે. માણેકબાઈ તરફથી નકાર મળતા પૂજારણ જાય છે અને નરસિંહ મહેતા મંડળી સાથે આવે છે. સમૂહગીતોનું ગાન ચાલે છે. નરસિંહ મહેતા, માણેકબાઈને સાથે ભજન કરવા આવવાનું કહે છે ત્યારે 'તમે કહો તેમ' કહી તૈયાર થાય છે; પરંતુ, શામળશાની વહુ માંદી હોવાથી નરસિંહ માણેકને ઘરે જ રોકાવાનું કહે છે.

દૃશ્ય-3

આ દૃશ્યમાં શહેરના છેડે આવેલા અંત્યજવાસમાં નરસિંહ મહેતા શંખનાદ, કરતાલ, મંજીરા સાથે ભજન કરતાં પ્રવેશે છે. માણેકબાઈએ બનાવેલો પ્રસાદ અત્યંજવાડે વહેંચે છે અને ભજનની આખી રાત રમઝટ ચાલે છે. બીજી તરફ નાગરો નરસિંહની હાંસી કરતા ઊભા થાય છે અને એ જ સમયે નરસિંહ સવારે ભજન કરી પ્રવેશે છે. નાગરો અહીં નરસિંહનો વિરોધ હાંસી દ્વારા વ્યક્ત કરે છે. નરસિંહના ભજન તો અવિરત ચાલુ જ છે.

દૃશ્ય-4

આ દૃશ્યમાં ફરી નરસિંહ મહેતાનો ચોરો દેખાય છે. ત્યાં મતિરામ આવે છે. નરસિંહનો વિરોધ કરવાની તેની યોજના નિષ્ફળ જતા મતિરામ હવે નરસિંહ મહેતાને ચમત્કારિક પુરુષ તરીકે ગણવા પ્રયત્નશીલ છે. નરસિંહને ચમત્કારિક પુરુષ ગણાવી સામાન્યજનથી દૂર કરવાની યોજના બનાવે છે; પરંતુ, મતિરામનો પુત્ર સાધુરામ તેનો વિરોધ નોંધાવી, સાચી હકીકત જણાવી એ નરસિંહ મહેતાને સામાન્ય કૃષ્ણભક્ત તરીકે સ્થાપિત કરતા દલીલો કરે છે.

દૃશ્ય-5

આ દૃશ્યમાં ફરી કાળપુરુષ નરસિંહ મહેતાની ભક્તિના સૂર કાળાંતર સુધી સંભારશે - એમ મતિરામને કહે છે. મતિરામ કહે છે કે, 'બુદ્ધને અવતાર તરીકે સ્થાપી કેવો દેશવટો દીધો' — એમ નરસિંહ મહેતાને પણ ચમત્કારિક પુરુષની છબિમાં ફેરવી તે સામાન્ય માનવીથી દૂર કરવાનો પેંતરો ઘડે છે. કાળપુરુષ અહીં મતિરામના અંતરાત્મા તરીકે એકાંકીના અંતમાં ઉજાગર થાય છે. છેલ્લે, નેપથ્યમાંથી મંજીરાના અવાજ અને 'હળવાં કર્મનો હું નરસૈંયો' ગીત સાથે પડદો પડે છે.

**સમીક્ષા :**

**'હળવાં કર્મનો હું નરસૈયોં'** એકાંકીમાં કંઈક અંશે નરસિંહ મહેતાના ચરિત્ર પ્રસંગ લઈ આભડછેટના પ્રશ્ન અને દંભી માનસને પ્રગટ કર્યું છે. મહેતાજીને અંત્યજવાસમાંથી ભજન કરવાનું નિમંત્રણ આવે છે તે સ્વીકારી ત્યાં ભજન કરે છે. ત્યારપછી નાગરી નાતના અગ્રણીઓ દ્વારા થતા કપટ અને છેલ્લે મતિરામનો કાળપુરુષ સાથેનો સંવાદ ઉમેરી, સર્વ ચમત્કારોમાં મોટો ચમત્કાર તો અંત્યજવાસમાં નરસિંહ ભજન કરવા ગયા તે — એ પોતીકું અર્થઘટન પણ તેમણે સાદર કર્યું છે. આમ, નરસિંહ મહેતાના ભક્તિમય જીવનની સફળતાને ઉદ્‌ઘાટિત કરવાનો લેખકનો પ્રયત્ન છે. આ પછી ઉમાશંકર જોશીએ એક પણ ગદ્યએકાંકીનું સર્જન કર્યું નથી.

## 3.9 પારખું

**સારાંશ :**

મધ્યમવર્ગના કંચનલાલના ઘરની પરસાળ છે. ગૃહલક્ષ્મી સુશીલા બીમાર હાલતમાં સૂતી છે. મા બીમાર હોવાથી ઘરનું કામ રમતિયાળ દીકરી ચંપા કરી રહી છે. ચંપા પોતાની મા સૂતી છે અને તેને કામ કરવું પડે છે તેનો રોષ વ્યક્ત કરતી બોલ્યા કરે છે. બીમારીમાં સુશીલાના કાને બહેરાશ આવી છે. મા કંઈ સાંભળતી નથી એમ સમજી ચંપા કંઈપણ બોલતા ખચકાતી નથી. ચંપા દૂધ અંદર મૂકવા જાય છે, કૂતરું ઘરમાં પેસવાથી સુશીલા જાગી ગઈ છે. ચંપાના બાપુ ઘરે આવે છે તે સુશીલાને જણાવવા માટે ચંપા હાથના ઈશારે કહેવા પ્રયત્ન કરે છે સુશીલા સમજતી નથી. ચંપા બાપુનો કોટ પહેરી લાકડી લઈ ચાલવાની નકલ કરે છે તો સુશીલા સમજે છે કે દીકરીને નવાં કપડાં જોઈએ છે અને જલદીથી પરણવું છે. ખરી વાત ન સમજતા છેલ્લે હસ્તમેળાપ અભિનયથી બતાવવા પ્રયત્ન કરે છે, ત્યાં બાપુ કંચનલાલ ઘરમાં પ્રવેશે છે. ચંપાનો અભિનય જોઈ 'શું કરતી હતી' એમ કંચનલાલ ચંપાને પૂછે છે ત્યાં ચંપા 'બાપા, હું તો તમારી વાત કરતી હતી' – એ કહી અંદર જાય છે.

કંચનલાલ ફરી ન પરણવાની વાત કરતા હોય ત્યાં વૃદ્ધ અંબાઈદાસ ઘરમાં પ્રવેશે છે. સુશીલાની બીમારીની બંને વાત કરે છે. કંચનલાલ, ચંપાને બે પ્યાલી ચા બનાવવા કહે છે. અંબાઈદાસ પોતાની દીકરીનું કંચનલાલ સાથે માગું નાંખવા આવ્યા હોવાથી ચા પીવાની ના પાડે છે. કંચનલાલ આ સાંભળી મીઠી મૂંઝવણ અનુભવે છે. પહેલા તો લગ્નની ના પાડે છે પછી રસ દઈ બધું પૂછવા માંડે છે. અંબાઈદાસ દીકરીને લગ્નમાં ચઢાવવાની ચઢામણી વિશે પૂછે છે, જૂનીના ઘરેણા ચઢાવવાની વાત કંચનલાલ મૂકે છે; પરંતુ, અંબાઈદાસ આપણા વ્યવહારમાં નકાર ભણતા કંચનલાલ છોકરીના લગ્નના કારણે મૂકેલા પાંચસો-સાતસો પણ ચઢાવવા કબૂલે છે, તો પણ તેમાં પણ અંબાઈદાસ ન માનતા જાત્રાના બસો-ત્રણસો પણ આપવાનો પ્રસ્તાવ મૂકે છે. તેઓ માને છે કે સુશીલા પેટના દર્દના કારણે બે-ત્રણ મહિના માંડ જીવશે. તો સોળ વરસની પદમણી કન્યા ઘરમાં ઘૂમવા માંડે અને વેલો વધે આ બધા સંવાદ સાંભળતી સુશીલા 'મહીંથી પાંચ રૂપિયા મારી દવામાં ન ખરચાયા તમારાથી !' – એ કહી ઘાંટો પાડે છે. સુશીલા ચંપાએ બનાવેલી ચા મોરીમાં ઢોળવાનું કહી દે છે અને અંબાઈદાસ ત્યાંથી નાસવા જાય છે. કંચનલાલ અહીં સુશીલાને બધું સંભળાય છે કે કેમ તે જાણવા પારખું કર્યું એમ કહી વાત ફેરવી તોળે છે. સુશીલા જણાવે છે કે, મારા પેટનું દર્દ તો રાતનું જ સારું થઈ ગયું હતું અને સંભળાતું પણ હતું; પરંતુ, તે કંચનલાલની નિયતના પારખા કરતી હતી. આમ, બંને એકબીજાના પારખા કરવાની વાત પર ટકી રહેતા, ચંપા બે ચા ના પ્યાલા લઈ આવે ત્યાં પડદો પડે છે.

**સમીક્ષા :**

ચંદ્રકાન્ત શેઠના મતે ઉમાશંકર જોશીનું આ 'સામાજિક હાસ્યરસિક' એકાંકી છે. આ એકાંકીમાં કુલ ચાર જ પાત્રો છે અને આખું નાટક મધ્યમ વર્ગના ઘરની પરશાળમાં ભજવાય છે. કંચનલાલ એક સાધારણ સ્થિતિના કારકુન છે ત્યાં તેની પત્ની સુશીલા બીમાર હાલતમાં પડેલી છે અને બારતેર વર્ષની અલ્લડ

દીકરી નાટકને હળવું બનાવે છે. સુશીલા બીમાર હોય અંબાઈદાસ પોતાની માશિયાઈ દીકરીનું માગું લઈને કંચનલાલ પાસે આવે છે. એકાંકીકારે અહીં કંચનલાલ અને અંબાઈદાસ વચ્ચેની વાતચીતમાં રસ ઉપજાવે તેવા સંવાદો પ્રયોજ્યા છે. અંબાઈદાસ, કંચનલાલને લગ્ન માટે પ્રલોભનો આપે છે તે સંવાદ સુશીલા સાંભળતી હોય છે. છેલ્લે, જ્યારે કંચનલાલ લગ્ન કરવાના પ્રસ્તાવને સ્વીકારવા તૈયાર થાય ત્યાં જ સુશીલા પોતે બહેરા હોવાનો ઢોંગ ખુલ્લો પાડે છે. આ એકાંકીમાં સુશીલા બહેરા હોવાનો ડોળ કરી પતિની નિષ્ઠા જાણી લે છે અને પોતાની અલ્લડ પુત્રી ચંપા પર ઘરની જવાબદારી નાંખી તાલીમ પણ આપે છે. આખા એકાંકીમાં હળવી-મજાક ભરી શૈલીમાં લગ્નસંબંધના સમાધાનકારી વલણને ઉજાગર કરે છે.

### 3.10 શહીદનું સ્વપ્ન

**સારાંશ :**

૧૯૩૨નો હિન્દ સ્વાતંત્ર્યસંગ્રામનો એક પેશાવર-દિનની વહેલી રાત્રીનો સમય છે. દવાખાનાનો એક વિશાળ ઓરડો એકાંકીનું સ્થળ છે. એક ઘાયલ સૈનિકની આસપાસ ડૉક્ટર અને મિત્રોનું ટોળું ઊભું છે. મુકુન્દ સાંજે ઝંડો લઈને આગેવાની લેતા ઘવાઈને મરણતોલ બન્યો છે. તેની નાનીમાને ખબર પડતાં તે દોડતાં દવાખાને આવ્યાં છે અને ઈલાજ કરતો ડૉક્ટર વ્યવહારકુશળ જણાય છે. મુકુન્દનો મિત્ર નવીન અને ડૉક્ટર નાનીમાને આશ્વાસન આપી રહ્યાં છે.

નવીન ડૉક્ટરને કહે છે કે, આ ચડતા લોહીને દંડુકડાના માર એટલે કંઈ નહીં ત્યારે નાનીમા મુકુન્દનો જીવ બચાવવા ઈશ્વરને પ્રાર્થના કરે છે. ડૉક્ટર નાનીમાને દીકરો અઠવાડિયામાં સાજો થઈ જશે તેવા આશ્વાસન અને દર્દીને માજીની હાજરીથી કષ્ટ ન પહોંચે તે હેતુથી નજીકમાં પોતાને ઘરે સૂઈ જવા કહે છે અને માજી જાય છે. ડોકટર અને નવીન બન્ને જાણે છે કે માથામાં ઘા નથી થયો પણ માથું ફાટી ગયું છે. નવીનને ડોકટર જણાવે છે કે મુકુન્દની સવાર પડવાની જ નથી. નવીન મોતને સ્વીકારતા મુકુન્દના ચરિત્રને ડોક્ટર સમક્ષ આલેખે છે ત્યાં તો ભૂલારામ અંગ્રેજોએ બહેનોની સભામાં ઘોડા દોડાવ્યા છે, તેથી સારવાર અર્થે ડોક્ટરને બોલાવવા આવે છે. આ ઓરડામાં ભયાનક અશાંતિ જેવી શાંતિ પથરાય છે. દૃશ્ય બદલાય છે. પવન શાંત છે, મૃત્યુ જેવું ભયંકર મૌન બધે છવાય છે અને કબ્રસ્તાન દેખાય છે. ધીરેથી એક કબર ખૂલે છે અને નીચેથી એક જુવાન મોં બહાર કાઢી છુટકારાનો દમ ખેંચે છે. એક પછી એક ઘણી કબરો ખૂલે છે અને બધા કંકાલ પોતપોતાની મુકિત અને જીવનના લક્ષ્ય અને અર્કને તપાસતા સંવાદ આદરે છે, કોઈ હિંદી શહીદો છે તો કોઈ આયરલૅન્ડના તો કોઈ વૈજ્ઞાનિકો. આખા વિશ્વની બધી કબરોમાંથી મૃતાત્માઓ ડોકિયા કરે છે. અહીં સંવાદમાં જોડાય છે. ગરીબી, ગુલામી અને માનવતા વિશેના સત્ય અને ભ્રમ વચ્ચે વૈચારિક યુદ્ધ ચાલે છે. ત્યાંની કબરમાં રહેલા ગુલામીમાંથી મુક્તિ મેળવવા, યુદ્ધ કરતા અને વિશ્વમાં માનવતાનું હનન કરતા ખચકાતા નથી. તેઓ તેને શહીદી કહેવામાં ગર્વ અનુભવે છે; પરંતુ, અહીં ઈશુના પ્રવેશથી પ્રેમ અને કરુણાનો અનુભવ કરે છે. જીવન અને મૃત્યુથી માનવતા માટે ઉજ્જવળ ભાવિ જીતવાની ખેવના રાખતા કંકાલોને ઈશુ

'માનવતાના કલ્યાણ માટે તેમ તમારા પ્રાણનું બલિદાન ધરો ત્યારે તમારી અંજલિમાંથી એકાદ માનવબંધુનું જ લોહી ટપકતું હોય, તો તમારું બલિદાન કેવું કલંકાય ? એમ સવાલ પૂછે છે. આ પછી ઈશુ 'તારા કે આખા માનવ-સમાજના શરીર કરતાં આત્મા વધારે મૂલ્યવંત છે' તેવી શીખ આપી પ્રાણને બદલે પ્રેમને જીતવા કહે છે. આ સંવાદ ચાલતો હોય ત્યાં ગોળીથી વીંધાયેલા બાળકને બે હાથમાં સુવાડીને ગોળીઓથી જર્જરિત થયેલા શરીરવાળી એક પઠાણમાતા દેખાય, તેની પાછળ બીજી બાનુઓ પણ જણાય છે. ઈશુ આ બાળકને પોતાના હાથમાં લે છે અને બાળકના મોઢા પર સ્મિત ફરકે છે. આ પ્રેરણા આપે છે કે,

જિંદગી જિંદાદિલી કા નામ હૈ' — બધું મરજો, એક હૃદય મરજો નહીં !'

ઈશુ અહીં વિશ્વપ્રેમના મહત્ત્વને સમજાવે છે અને પીડિતો અને પીડનાર એવા ભેદ પાડી માનવતાના ટુકડા કરશો નહિ. માનવતા એક છે અને અખંડ છે તેમ કહે, કંકાલોનું વૃંદગાન આ એકાંકીમાં આવે છે.

પ્રેમતરંગે કલકલ હૈયાં

ઘૂમશું વિશ્વ વિશાળ — અમારું...

ત્યારબાદ એકાંકીના છેલ્લા દશ્યમાં મુકુન્દ પાસે ભૂલારામ સૂતો છે. નવીનના આવવાથી સફાળો જાગી ઊઠે છે, નવીન મુકુન્દની આંખમાં બુઝાઈ જતાં પહેલાં દીવાની જ્યોતિ ઝગમગી ઊઠે તેવી વિશિષ્ટ ચમક જુએ છે અને મુકુન્દ 'એકલો જાઉં ત્યારે... પણ પાછો આવીશ' એમ કહે છે ત્યારે નવીન 'કયાં?' એવો સવાલ પૂછે છે ત્યારે મુકુન્દ 'તારામાં... સહુમાં...' એમ કહી ઓરડાનો દીવો બુઝાઈ જાય છે.

**સમીક્ષા :**

આઝાદી મેળવ્યા પૂર્વે ૧૯૩૨માં શ્રી ઉમાશંકર જોશી 'વિદાય' અને 'શહીદનું સ્વપ્ન' એવા રાષ્ટ્રપ્રેમને લગતા બે એકાંકી રચે છે. જેમાં આઝાદીની ચળવળ, યુવાવર્ગની વિચારધારા અને રાષ્ટ્રપ્રેમ-બલિદાનનો ભાવ દર્શાવાયો છે. **'શહીદનું સ્વપ્ન'** એકાંકીમાં હિન્દી સ્વાતંત્ર્ય સંગ્રામના પેશાવરદિનનો સમય લીધો છે. મુકુંદ નામનો યુવાન ગંભીર રીતે લડતમાં ઘવાયો છે. તેના અંતકાળે દવાખાનામાં સારવાર દરમિયાન તે કબ્રસ્તાનના સ્વપ્નોની દુનિયામાં ખોવાયેલો છે. ત્યાં 'જીવને બદલે જીવ'ની વાત કરનારાને ઈશુ 'પ્રાણને બદલે પ્રેમ'નું સૂત્ર આપે છે, એવી જ રીતે કહેવાયું છે કે, 'મૃત્યુના મિત્રો ! બધું મરજો, એક હૃદય મરજો નહીં ! પારકાનું, પોતાનું, કોઈનું હૃદય કદી ન મરજો!' અને 'જીવન એટલે જ જીવતું જાગતું હૃદય' એક વ્યાખ્યા આપે છે. અહીં ઈશુનાં વચનોમાં એકાંકીકારના વિચારોનો રણકો સંભળાય છે.

## 3.11 વિદાય

**સારાંશ :**

શિયાળાનું ઊઘડતું પ્રભાત છે. બીજા સ્વાતંત્ર્યસંગ્રામ('૩૨)ના બે સ્વાતંત્ર્ય સૈનિક કરસન અને હરકૃષ્ણ ગામડાના એક ઘરની ઓસરીના ખાટલા પર બેઠા છે. કરસન સત્તરેક વર્ષનો સૌમ્ય, ચાલાક અને દેખાવડો જુવાન છે અને હરકૃષ્ણ જવાબદારીનો બોજો ઉઠાવતો પાંત્રીસેક વર્ષનો વિચારવ્યાસંગી છે.

પડદો પડે ત્યાં બારણામાંથી લગભગ ચાળીસેક વર્ષની વિધવા બાઈ નવી મા બહાર નીકળે છે. તેમને જોઈ હરકૃષ્ણ તેમની મદદ કરવા ઇચ્છે છે; પરંતુ, નવી મા પોતાના ઘરે આવેલા આ મહેમાનોને કંઈ કરવા દેતી નથી અને ચાનું પૂછે છે. તેઓ ચા પીતા નથી તે સાંભળી નવી માનો દીકરો 'ગોવિંદ' પણ ચા પીતો નથી તે તેને સાંભરી આવે છે. નવી મા બંનેના પરિવાર વિશે પૂછે છે ત્યારે કરસન જણાવે છે કે, પિતા નાનપણમાં ગુજરી ગયા અને ઘરે બા છે. તે બા દળણાં-ખાંડણાં અને મજૂરીથી પોતાનું ગુજરાન ચલાવે છે અને પોતાનું અને ઘણીવાર કરસનનું પણ નિભાવે લે છે. આ પછી હરકૃષ્ણ પોતાના વિશે કહે છે કે પત્ની છે તે સુરત જિલ્લામાં કામ કરે છે અને છોકરો તેમના કાકાને ત્યાં મૂક્યો છે. હરકૃષ્ણ દેશની સ્વતંત્રતા મેળવવાની વાતો કરે છે અને નવી માને કહે છે કે, 'જયારે બહેનો જાગશે ત્યારે જ હિંદ મુક્ત થવાનું છે. બહેનો ધારે તો એકલી સ્વરાજ ઘેર લાવી શકે, દારુપીઠાં પર ચોકી કરે, પરદેશી કાપડ અટકાવે...' આ બધું નવી માએ ભાષણમાં સાંભળ્યું હતું અને દીકરા ગોવિંદના કહેવાથી પરદેશી કાપડ પણ ઘરમાં બંધ કર્યું. કરસન નવી મા સામે ગોવિંદભાઈ વિશે કહે છે કે, 'આ ગામને જાગતું કરવામાં ગોવિંદભાઈનો બહુ ફાળો છે.' ત્યારે નવી મા જાણે છે કે, 'એક આખા ગામમાં એનો એકલાનો જ જીવ આ કામમાં રહ્યાં કરે છે.' આ સંવાદ થઈ રહ્યો છે ત્યાં ગોવિંદ આ બંનેની વ્યવસ્થા મંદિરમાં કરવાનું કહીને આઠની ગાડીમાં તાલુકે દેશની સેવા માટે જવાની વાત કરે છે. કોટ ચડાવી બહાર જવાની ગોવિંદ તૈયારી કરે છે ત્યાં તેની બહેન લક્ષ્મી અટકાવે છે, આખી વાત નવી મા પારખી જતાં ગોવિંદને અટકાવવાની ઘણી કોશિશ કરે છે. નવી મા ગોવિંદને સમજાવતા કહે છે કે, 'આ તને કહ્યું કે તારે ફાવે એટલા સૈનિકોને ઘરે લાવ, રાખ, મજાથી ખવડાવ, એમની સાથે કામ કર. મારાથી એ બધું પૂરું થશે, પણ તારે ગામબહાર પગ મૂકવાનો નથી.' નવી માને ગોવિંદ ઘરથી દૂર જાય તે મંજૂર નથી. નવી મા, કરસન અને હરકૃષ્ણને ઉદ્દેશીને કહે છે કે, 'બાવા આવ્યા છે બાવા.' નખ્ખોદિયા, મારા દીકરાને ફોસલાવી પટાવી લઈ જવા આવ્યા છે!' આ સાંભળી પછી હરકૃષ્ણ અને કરસન બન્ને નવી માને સમજાવવાની કોશિશ કરે છે; પરંતુ, નવી મા તેઓને જ ભાંડે છે.

કોઈ ઉપાય ન મળતા નવી મા, બહેન તથા વહુના ભવિષ્યની વાત કરી છે અને છેલ્લે વહુને સાથે લઈ જવાની પણ વાત કરે છે. આ રીતે ગોવિંદને રોકવાના પ્રયત્ન કરે છે; પણ, ગોવિંદ ન રોકાતા ગોવિંદની બહેન લખી વહુ રાધાને બોલાવવા જાય છે. રસ્તામાં લખી અને રાધા બન્ને ગોવિંદને અટકાવવાનો પ્રયત્ન કરે છે, ત્યારે ગોવિંદ ત્યાંથી રાધાને ધક્કો મારીને ચાલ્યો જાય છે અને રાધા ભોંય પર પડી જાય છે. આ સાંભળી નવી મા નીચે ઢળે અને ત્યાં સવારે શેરીએ શેરીએ ફરતો ભજનિક બાવો ગાતા ગાતા પ્રવેશી નવી મા સામે ભિક્ષાપાત્ર ધરે છે. કરસન અને હરકૃષ્ણ બન્ને મંદિરના ઉતારા તરફ જાય છે અને ખાલી હાથે જતા ભજનિક અને સૈનિકોને જતા જોઈ બોલે છે 'બાવા આવ્યા'તા, બાવા!' આ ગમગીની સાથે પડદો પડે છે.

**સમીક્ષા :**

**'વિદાય'** સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લેનાર સૈનિકોના કુટુંબજીવનની સમસ્યાઓનો માર્મિક પરિચય આપતું એકાંકી છે. લેખક અહીં બે પાત્રો હરકૃષ્ણ-જે રીઢો સ્વાતંત્ર્યસૈનિક છે અને કરસન – જે બાવીસેક વર્ષનો ઉત્સાહથી થનગનતો યુવાન છે. તે બંને વચ્ચેના ભેદને સુંદર અભિવ્યક્તિ આપે છે. અહીં સ્વાતંત્ર્યસૈનિકોના વ્યક્તિગત જીવનના પ્રશ્નો ઉપરાંત ગાંધીજીની વિચારધારા, સ્વાતંત્ર્ય ચળવળ વખતના ગામે-ગામ થતા કાર્યક્રમોની રૂપરેખા પણ મળે છે.

### 3.12 મુક્તિપ્રભાત

**સારાંશ :**

'ભારતમાતા કી જય'ના જયઘોષ સાથે 'સ્વરાજ અમર રહો !'નું વૃંદ નારા લગાવી રહ્યું છે. એક વૃદ્ધનો અવાજ સંભળાય છે, તેઓ 'સ્વરાજ' શબ્દ સાંભળતા 'સ્વરાજ' શબ્દથી ભારતને પરિચિત કરાવનાર દાદાભાઈ નવરોજીની બાળપણમાં જોયેલી છબી યાદ આવે. ભારતમાતાને આઝાદ કરવા જેઓએ પોતાનો સિંહફાળો આપ્યો છે તેની વાત માંડે છે.

દૃશ્ય બદલાય છે. ઘોડાના દોડવાનો અવાજ પાસે આવી અટકે. લક્ષ્મીબાઈ ઘોડાને નાળા કૂદવાની હિંમત આપે, સૈનિક પણ દુશ્મનોથી બચવા નાળું કૂદવાની સલાહ આપે, પ્રયત્ન કરવા છતાં કૂદી શકતા નથી- અંગ્રેજોના ઘોડા નજીક આવે, તલવાર અથડાઈ અને સ્ત્રીહત્યા સાથે અંગ્રેજનો સંવાદ 'વૉટ એ વૂમન !' ફરી વૃદ્ધ કથક તરીકે આવે. બહાદુરશાહ, શાહજાદાઓ, તાત્યા ટોપે, નાનાસાહેબની લડતનો અહેવાલ આપે સાથે સ્વતંત્રતાની લડત દરમિયાન થયેલા ગોળીબાર, ઝાડ પર અટકાવી આપવામાં આવતી ફાંસી અને મડદાંઓના ઢગ જોઈ પ્રજા ધાક ખાઈ ગઈ. બીજી બાજુ અંગ્રેજોને અમલ કરવા દેશીઓની મદદ જોઈતી હોવાથી ભણાવવા માંડ્યા. અંગ્રેજોની મહેર સમજનારો વર્ગ કારકુ નથી અમલદારોની ખુશામત કરવામાં દેશ ચૂસાઈ રહ્યો હતો. રાનડેનું ધ્યાન ગયું. દાદાભાઈ નવરોજી બ્રિટિશ પાર્લામેન્ટમાં ગયા પણ લગની હતી કે પોતાના દેશની પાર્લામેન્ટમાં બેસું ત્યારે ખરો.તેમણે 'અનબ્રિટિશ રુલ ઈન ઈન્ડિયા' ઓળખાવ્યો. જુવાન સુરેન્દ્રનાથ બેનરજીના મુકદમાનું દૃશ્ય શરૂ થાય.

સુરેન્દ્રનાથ જેલની તૈયારીના ભાગરૂપે બિસ્તર સાથે લઈ ન્યાયાલયમાં ઉપસ્થિત થાય. ચાર પરદેશી ન્યાયધીશ અને એક દેશી જસ્ટિસ રમેશચંદ્ર મિત્ર. માફી ન માંગી અને બે માસની સજા થઈ. સુરેન્દ્રનાથે જેલ દ્વારા જનતા માટે ખોલી કાઢ્યાં, જેલનો ભય ભાંગ્યો અને થોડા સમયમાં કોંગ્રેસની સ્થાપના થઈ; પરંતુ, તુમાખેદાર કર્ઝન વિપ્લવકારી બંગાળનો જુસ્સો તોડવા બંગાળના ભાગલા કર્યા અને આખા દેશે બંગભંગ સામે વિરોધ કર્યો. વૃદ્ધ કહે છે કે, 'વંદે માતરમ્' બોલવું એ પણ ગુનો હતો. દમનકારી ઈતિહાસ વાગોળે છે, કોંગ્રેસના ભાગલા, ઝીણાનો અલગ મતાધિકારનો પ્રસ્તાવ, યુરોપના મહાયુદ્ધમાં દસ લાખ હિંદીઓનો ઉપયોગ, ગાંધીએ સુધારાની આશાએ લશ્કરી ભરતીમાં કરેલી મદદ; જે બધી ઠગારી નીવડી, ચંપારણ સત્યાગ્રહની વાત વૃદ્ધ વાગોળે છે. ગાંધીના નવીન પ્રયોગ પછી મૉન્ટફર્ડ સુધારો, રૉલેટ ઍક્ટ, છઠ્ઠી એપ્રિલ સત્યાગ્રહદિન,

સમૂહ હડતાલનો આરંભ અને જલિયાંવાલા બાગમાં ડાયરે કરેલા હત્યાકાંડના પ્રસંગની રેખા આલેખે છે. ત્યારબાદ ચૌરાચૌરીની ઘટના પછી અહિંસક આંદોલનની મૌકુફી અને સરદારનો બારડોલી સત્યાગ્રહ તથા તેમના વીરરસને દર્શાવે. જુવાન જવાહરલાલ કોંગ્રેસના પ્રમુખપદે બિરાજી પૂર્ણસ્વરાજની હાકલ, છવીસ જાન્યુઆરીની સ્વાતંત્ર્યદિન તરીકે ઉજવણી બાદ લડતની તૈયારી, ગાંધીના મીઠાનો સત્યાગ્રહ, અહિંસક લડતમાં સ્ત્રીઓની ભાગીદારી અને પરદેશી કાપડ તથા દારૂની દુકાન બહાર પીકેટીંગ, ગામેગામ જાગૃતિ, પ્રભાતફેરીના દૃશ્યો અને પ્રસંગો અહીં સંવાદોમાં રજૂ કરાયા છે. સ્ત્રીઓની બહાદુરીને કારણે સરકારે નમવું પડ્યું; પછી, ગાંધી-ઈરવીન કરાર, બીજી ગોળમેજી પરિષદ, પ્રાંતોમાં ચૂંટણી અને હિંદ છોડો આંદોલન, બીજું વિશ્વયુદ્ધ, સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ દળ, દેશના ભાગલા, ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસની સ્વતંત્રતા સુધીની આઝાદીની યાત્રાને વિવિધ દૃશ્યોની ઝાંખી દ્વારા વૃદ્ધ કથક તરીકે એકાંકીમાં રજૂ કરે છે. વૃંદ 'ભારતમાતા કી જય !'નો જયઘોષ કરે. ત્યાં એક અગ્રણી દેશની સ્વતંત્રતા પર ભાષણ આપે, સ્વતંત્ર સેનાનીઓ વીરોને વંદન કરી રાષ્ટ્રપિતા ગાંધીજીને વંદન કરે. વૃંદ ગાંધીજીની જય કરે. અગ્રણી સંબોધે કે, કલકત્તામાં નિરાધારોના આધાર થઈ ગાંધીજી ઘૂમી રહ્યા હોવાથી અહી તે આવ્યા નથી. ગાંધીજી આ સ્વાતંત્ર્ય ઉત્સવથી દૂર છે અને રાષ્ટ્રસભામાં ભારતમાતાના પુત્રો સ્વાતંત્ર્ય દેશની જવાબદારી સ્વીકારી રહ્યાં છે અને ત્યાં બંધારણસભાના એક સભ્ય હિંદ અને હિંદીઓની સેવામાં તથા વિશ્વશાંતિ અને માનવજાતના કલ્યાણ માટે સ્વેચ્છાએ ફાળો આપવાના વચન સાથે, અંતે રાષ્ટ્રગાન સાથે એકાંકી પૂર્ણ થાય.

**સમીક્ષા :**

**'મુક્તિપ્રભાવ'** એકાંકીમાં ૧૫મી ઑગસ્ટના દિવસે એક વૃદ્ધના માધ્યમથી ૧૮૫૭થી ૧૯૪૭ સુધીમાં ભારતે આઝાદી માટે જે પુરુષાર્થ કર્યા તેની દરેક મહત્ત્વની તવારીખ સાથે આપણી સ્વાતંત્ર્ય ચળવળની ગાથા રજૂ થઈ છે. આ એકાંકી દ્વારા ઉમાશંકર જોશી આઝાદીની ખુશી સાથે જ રાષ્ટ્રની ગાથા દ્વારા રાષ્ટ્રને શ્રદ્ધાંજલિ આપે છે. અહીં ભારતની સ્વાતંત્ર્યની લડતની ઈતિહાસની વિગતોનું કલાત્મક દસ્તાવેજીકરણ થયું છે.

## 3.13 લતામંડપ

**સારાંશ :**

'લતામંડપ' એકાંકીમાં સાત જેટલા સાહિત્યકારો અને એક સ્ત્રી પાત્ર તરીકે આવે છે. તેનું સ્થળ મુંબઈની મલબારહિલ પડખેનો દક્ષિણ પશ્ચિમ તરફનો એક એકાંત લતામંડપ છે. સાંજના સૂર્યાસ્ત સમયે સમુદ્રના મંદ ઊછાળ ધરાવતી ચોપાટી અને મરીન ડ્રાઈવના મુંબઈના તોતિંગમકાનો વચ્ચે એક જુવાન હળવી ચાલે ટેકરી ચડતો મંડપ તરફ આવી રહ્યો છે. જેનો પરિચય આ રીતે એકાંકીમાં મળે છે, 'ખાદીની ટોપી છે. ખાદીનું ઝીણું ધોતિયું ને રેશમી પહેરણ. તીક્ષ્ણ કૌતુકવતી દૃષ્ટિ. પણ હસે ત્યારે તમારી ટીકા કરે છે કે શું એવું તેમને થાય કદાચ. એનું નામ ગુલાબદાસ બ્રોકર.'(પૃ.૧૨૬) એમ સાહિત્યકાર ગુલાબદાસ બ્રોકરની ઓળખાણ પ્રેક્ષકોને થાય. પછી તરત જ પ્રવેશે સુન્દરમ. તેમનો

પરિચય મળે ‘પહેરણ ઉપર જાકીટ ને કાખમાં છત્રી. વાત કરતાં પણ જાણે ધ્યાનમાં હોય એમ ઢળતાં પોપચાં. મોંગોલ જેવાં જડબાં. બોલે જાણે ગાતા હોય એવું, - હસે ત્યારે સાવ નિર્દોષ.’(પૃ.૧૨૭) બંને લતામંડપમાં આવી ‘લતા’ પાત્ર વિશે સુરેશ અને નિરંજનના પાત્રનું અનુસંધાન જોડે છે. લતા (પાત્ર)માં ગુલાબદાસ બ્રોકરને પણ રસ તો ખરો સુન્દરમના કહેવા મુજબ. ગુલાબદાસે લતાને અસાધારણ બતાવવા સુરેશ-લતાના લગ્નજીવનમાં અસાધારણ જુવાન નિરંજનને ધકેલી દીધો તેવી સુન્દરમ સામે કબૂલાત કરે છે. બંને લતાના લગ્નજીવન – સુરેશ – નિરંજન – લતાના લાવણ્યની ચર્ચા કરતા હોય ત્યાં સાક્ષાત લતા પ્રગટ થાય. લતાનું જીવંત પાત્ર જોઈ સુન્દરમ્ ચકિત થાય. લતા કહે છે કે, ‘હું થોડા મહિના ઉપર જ સુવાવડમાંથી ઊઠી છું... એટલે ડૉકટરે સાંજે ફરવાનું ફરજિયાત કર્યું છે તેથી અહીં આવી છું.’ સુન્દરમ્, ‘કલ્પનાના પાત્રો જીવનમાં મળે’ એનો આનંદ વ્યક્ત કરે છે. લતાને બંને સાહિત્યકાર અરસપરસ પોતાનો પરિચય આપે છે. ત્યાં લતા સાહિત્યકારોને પ્રશ્ન પૂછે છે કે, ‘મારે પણ તમારા લેખકોની જેમ ચોખ્ખું કરી આપવાનું, એમ કે ? મારો જ દાખલો લો. આ તમે બંનેય હાથમાં ચોથિયું કાગળ ને પેન લીધી કે સીધા જ મારા શયનગૃહમાં ! એટલી સરળતા તો નિરંજનને, એનો અઢળક સાહિત્યપ્રેમ હોવા છતાં, ન હતી ! – અરે મારા પતિને પણ ભાગ્યે જ હશે.’ (પૃ.૧૨૯) આમ, સાહિત્યકાર દ્વારા લખાયેલા લતાના પાત્ર વિશે લતા ઘણી ટીકા કરે છે, ઘણા સવાલ ઉઠાવે છે. એટલામાં જ ‘કાળી વાંકી ટોપી, એ જ રંગની શેરવાની અને શેરવાણીમાં માંડમાંડ માય એવી શરીરસમૃદ્ધિ. એ ગંભીર રહીને બોલે ત્યારે જાણવું કે હવે તમારો પેટ પકડીને હસવાનો વારો આવ્યો છે. એ ચશ્માં સાફ કરતાં હસે ત્યારે સમજવું કે તમારું આવી બન્યું છે, એ તમને હસાવ્યા જ કરે તો તમારા જેવું કોઈ સદ્‌ભાગી નહિ.’ (પૃ.૧૩૦) – એવા યશવંત પંડ્યા આવે. ત્યારબાદ યશવંત પંડ્યા અને લતા બન્ને લતાના પાત્ર વિશે વાતો કરે ત્યાં તો ‘રમણ સોની એટલે અરબી લિપિનો પ્રથમાક્ષર (અલેફ) – સીધો સોટા જેવો, પાતળો, સરળ અને ગમે તેવા વક્રાક્ષર સાથે સહેલાઈથી ભળી જાય એવો. ટોપી, પહેરણ અને લેંઘો. લેંઘાના એક પગમાં જ આખા ભરાઈ શકે એટલી કૃશતા. (પૃ.૧૩૦) સાથે ભોગીલાલ ગાંધી – અર્ધી બાંયનું – કદાચ આખું હોય તોપણ અર્ધી ચડાવેલી બાંયનું – પહેરણ. ઘોઘરો અવાજ... ટૂંકી, સુકલ, ખડતલ, બરછટ આકૃતિ જોઈએ ઉપવાસી ઉપનામ નામ સાર્થક લાગે તે બંને હાથમાં હાથ ઝાલી લતામંડપમાં પ્રવેશે. પછી આ ચર્ચામાં પહેરણને બે ટાઈ જેવું કાંઈક લટકે, આંખે ગોગલ્સ, છૂટી પાટલીનું ધોતિયું અને ચાલે ત્યારે ખભા હલે તેવા ચંદ્રવદન પ્રવેશે. આ સાહિત્યકારો ભેગા થયા પછી ફરી લતાના પાત્ર વિશેની – કાલિદાસની શકુંતલા – શરદબાબુની નવલકથા વિશે ચર્ચાઓ ચાલે. લતાએ જન્મ આપેલ બાળકના પિતા વિશે શંકા થાય ત્યાં લતા ઢળી પડે અને ચંદ્રવદન સુન્દરમ્ પાસે પાણી મંગાવે છે. ત્યાં જેઠાલાલ ત્રિવેદી ‘મેલખાઉં રંગનો અર્ધો કોટ, કચ્છ વાળેલું ધોતિયું, માથે કાળી ટોપી, પગે દોરીવાળા મોટી ટોના બૂટ.’ એવા પ્રવેશે. તેને જોઈ ચંદ્રવદન તેને કયાંકથી પાણી લેવા મોકલતા હોય ત્યાં ગુલાબદાસ રૂમાલ પલાળી લાવે તે ચંદ્રવદન, લતાની આંખે ભીનો રૂમાલ ફેરવે ને અર્ધબેભાન

અવસ્થામાં 'પ્રાણલાલભાઈ'ને યાદ કરે. કહે છે કે, 'સમાજના ને લગ્નસંસ્થાના ડરથી સુરેશની મારા શરીરના રોમેરોમ જાણે ચોખ્ખી દેખાતી અને ઘડાતી શેર માટીએ એની આકૃતિ ધારણ કરી. કહે છે ને કે વર મરી ગયા પછી પણ ચિંતવન કરો તો એની આકૃતિ અન્યથી મળેલા બાળકમાં પણ ક્યાં નથી ઊતરતી !' (પૃ.૧૩૩) અને ત્યાં ગુલાબદાસ ન રહેવાતા પૂછે છે, 'લતા ! લતા ! શું બોલી ? લતા, આ તું બોલી ?' (પૃ.૧૩૩) – આ સમયે 'કોટપાટલૂનમાં, સુઘડ અને સૌમ્ય, હાથમાં ટોપી. માથા વચ્ચોવચ સેંથો...' (પૃ.૧૩૩)માં રમણલાલ દેસાઈ પ્રવેશે છે. લતા વિશેની ટૂંકીવાર્તા – નવલકથા – સુપ્રામેન્ટલ (અતિમનસ)ની વાતો ચાલે ત્યાં છેલ્લે ઉમાશંકર જોશી પ્રવેશે 'દસ માઈલ પછી મુકામ કરવાનો હોય એટલી ઝડપે, ખોપરી પર બારીક વાળની આછી છત, નાની હડપચી પાછળ ઊપસતી ડોક પારદર્શક મુખભાવ.' (પૃ.૧૩૫) ત્યાં લતા ઊભી થઈ જાય. બધા સાહિત્યકારો પણ છૂટા પડે. સંવાદો થાય. લતા આ લેખક લોકો શું સમજીને સ્ત્રીની વાત કરતા હશે' એમ કહી ટીકા કરે અને આખા પાત્રની ગરિમા વાચક પર છોડી દેવાય. 'લતા શું બોલે !' – ગુલાબદાસ બ્રોકરની ટૂંકીવાર્તા પર લખાયેલું એકાંકી છે.

**સમીક્ષા :**

**'લતામંડપ'** એકાંકી સાહિત્યવિષયક છે. તેમાં કાલ્પનિક સ્ત્રીપાત્ર 'લતા' સાથે સાત લેખકોને પાત્ર રૂપે રજૂ કરી. તેમના વિચાર, વાણી વક્રતા, તીક્ષ્ણતા, સૂક્ષ્મતા જેવા મિજાજી-વ્યક્તિત્વના લક્ષણોને ઊપસાવ્યાં છે. અહીં ઉમાશંકરનો લેખક પરિચય ઊંડો-સૂક્ષ્મ છે તે સહજપણે વરતાય છે. 'લતામંડપ'માં ઉમાશંકરે 'લતા સંતાન કોનું ? તે પ્રશ્નને કેન્દ્રમાં લાવી દરેક લેખકની વૈચારિક સાહિત્યિક સર્જકતાનું ઝીણવટપૂર્વક આલેખન કર્યું છે.

## 3.14 ગૃહશાંતિ

**સારાંશ :**

'ગૃહશાંતિ' એકાંકીમાં કુલ બે પાત્રો છે. જેમાં એક મનમોહન અને બીજું સુકેશી. સ્થળ લેખકના ઘરનો ખંડ છે. ડાબી બાજુએ મોટી એક બારી છે અને ચિત્રો વગેરે ટાંગેલાં છે, ત્યાં વચ્ચોવચ એક ઊંચા સ્ટૂલ આગળ ઊભો ઊભો મનમોહન લખી રહ્યો છે. લખાણની લીટીઓ ગણતો હતો પોતાની જાત સાથે લખાણની વાતો કરતો હતો ત્યાં જ બારણે ટકોરા પડે છે.

બારણું ખોલે ત્યાં પત્ની પ્રવેશે અને પ્રવેશતા જ સંવાદ થાય છે,

'સુકેશી : વાહ ! તમારી વાત તો કંઈ અજબ દેખું. શું કરતા'તા મારા મહેરબાન ! બનાવટી સિક્કા પાડતા હશો!

મનમોહન : બિલકુલ નહિ. મારે આટલું કામ પતાવવું હતું એટલે આગળો દઈ દીધો હતો. ખલેલ પડવાની બીકેસ્તો ! આવ, અંદર આવ...

સુકેશી (પ્રવેશતાં) : ઝટપટ બારણું બંધ કરી દો, જેથી તમારી પ્રેરણા બહાર છટકી ન જાય.' (પૃ.૧૩૯)

આ રીતે સુકેશી પતિ મનમોહન સાથે કટાક્ષમય અને ક્રૂર શબ્દો દ્વારા સંવાદ કરતી જણાય છે. મનમોહન ધીરજ ધરવા કહે છે અને કહે છે કે, 'આવા ક્રૂર શબ્દોથી તને શો આનંદ મળે છે એ જ હું સમજતો નથી. ભલે ! આપણે

જોઈશું, કોને ભાગ્યે છેલ્લે હસવાનું અને કોને ભાગ્યે છેલ્લું રડવાનું આવે છે. (પૃ.૧૩૯)

સુકેશી આજે ઑક્ટોબરની પહેલી તારીખ થઈ હોવાથી ઘર ખર્ચના રૂ.૫૦૦/- માંગે છે. મનમોહન પૂરાં ચારસો ને પાંચ આપે છે. સુકેશી નવાઈ સાથે પંચાણું રૂપિયા ખાધ વિશે પૂછે છે, ત્યારે મનમોહન એ દેવું બાકી હતું તે વસૂલવાની બાબત જણાવી આ પૈસા દંડ સ્વરૂપે કાપ્યા હોવાનું વિસ્તારથી સમજાવે છે. પોતાને નાહકના પજવવા માટે, વિનંતી કરી હોવા છતાં જમવાનું મોડું આપવા બાબત, મનમોહનને ફાનસ ખરીદવાની ના પાડવા બદલ ગંદો, કંજૂસ, કાનખજૂરો કહેવાના દંડ સ્વરૂપે, રંગીન કાચ અને નકલી લોખંડનું ફાનસ ખરીદવા હા પડે તે ઈરાદાથી પરસાળનું ફાનસ ખસેડતી વખતે ચમકી ઊઠવા વગેરે વર્તણૂકના કારણોસર રૂ.૯૫ મનમોહન વસૂલી લે છે. આગળ કહેતા મનમોહન કહે છે પાંચ વર્ષથી આ અવળાઈઓ હું સહન કરતો આવ્યો છું, તેથી એક દિવસ હાથ પણ ઉગામ્યો હતો; પરંતુ તેમાં સુકેશી કરતાં તેને વધુ પીડા થઈ હોવાથી એ રસ્તો પડતો મૂકી ઘરખર્ચના પૈસા ઓછા હોય તો આ મહિને પણ કરકસર કરી, જમવાનું ન આપે તો પોતાની સગવડ જાતે કરવાનો બધો ખર્ચ આવતા મહિનાના ઘરખર્ચમાંથી કાપી લેવાની ધમકી પણ આપે છે. આ બધું સાંભળી ગુસ્સે થયેલી સુકેશી આપઘાતની ધમકી આપે છે. મનમોહન બારી ઝટ ઉઘાડી પણ આપે છે અને નોંધપોથીમાં 'ઑક્ટોબર ૧લી : મનમોહન તેની નજર આગળ આપઘાત કરવાની ધમકી આપીને પોતાના ઉદાર પતિની માયાળુ સહાનુભૂતિનો ગેરલાભ લેવાની કોશિશ બદલ દંડ સ્વરૂપે પચીસ રૂપિયા ઉધારે છે. સુકેશી તેને 'હરામખોર ! ગમાર ! રોંચા' જેવા શબ્દોથી નવાજતા ફરી દંડ પેટે ત્રણ પૈસા ઉધારે છે. આ જોઈ સુકેશી ઘર છોડી જવાની ધમકી આપે છે. મનમોહન તેને વધાવે છે. વારંવાર મને કાઢી મૂકી તેમને પરવા જ નથી એમ કહેતા સુકેશી છણકા કરે છે, મનમોહન અહીં સુકેશીના અનહદ ખરાબ વર્તનને કારણે તેને રોકવા તૈયાર થતો નથી. સુકેશી બારણા બહાર નીકળે છે અને તરત જ પાછી અંદર આવી, પેટી-પોટલું નીચે મૂકી મનમોહન પાસે જાય છે અને પંચાણું રૂપિયા માંગે છે. મનમોહન ભૂતકાળમાં વધારે પડતી માફીની ભારે કિંમત ચૂકવી હોવાનું જણાવી ટસનો મસ થતો નથી. સુકેશી પંચાણું રૂપિયા માટે કરગરે છે ત્યાં મનમોહનને કંઈક નવાઈ જણાય હોવાથી તેનું કારણ પૂછે છે. સુકેશી પાસેથી જાણે છે કે સુકેશીએ ફાનસવાળાને મનમોહનની સહીની નકલ કરી ઍડવાન્સમાં ચેક લખી આપ્યો છે, જે ફાનસ ઘરે આવતા સુધીમાં તૂટી પણ ગયું છે. મનમોહન આ બધું ગંભીરતાથી સાંભળી લે છે અને હાર કબૂલ કરી પંચાણું રૂપિયા સુકેશીને આપે છે. હવે ફરી બનાવટી સહી કરવા પર જેલભેગી કરવાની સૂચના આપે છે. સુકેશી પોતે ભોળવાઈ છતાં, ધારવા કરતાં વધુ પૈસા મળ્યા હતા અને પોલીસના પંજામાંથી છૂટી હોવાનું સમજતા એકાએક લાગણીવશ થઈ મનમોહન પાસે જાય છે અને મનમોહનના હાથ સુકેશીની કમ્મરને વીંટળાઈ વળે છે અને છેલ્લે, મનમોહન સુકેશી માટે 'बुद्धिशून्यं तथाप्येन्मतस्तकं चारुदर्शनम्' એટલે કે 'બુદ્ધિહીન પણ દેખાવડું મસ્તક' — ગ્રીક કહેવત ઉચ્ચારે છે, જેને

સુકેશી ખુશામત સમજી ખુશ થાય છે. આ સાથે જ મનમોહનની હસ્તપ્રતની લીટીઓ પૂરી થાય છે અને એકાંકી પણ સમાપ્ત થાય છે.

**સમીક્ષા :**

આ ઉમાશંકર જોશીનું મૌલિક એકાંકી નથી. આ એકાંકી ફ્રેંચ નાટ્યકાર જ્યોર્જિસ કોર્તિલિનના 'પીસ ઍટ હોમ'નો અનુવાદ છે. તેમાં મુખ્ય બે પાત્રો, મનમોહન અને સુકેશીના દાંમ્પત્યવ્યવહારનાં ચિત્રો રસિક રીતે આલેખાયેલાં છે. બંને વચ્ચેના સંવાદ બુદ્ધિચાતુર્ય અને હળવા-કટાક્ષથી યુક્ત બને છે. લગ્ન પછી પાંચ વર્ષના દામ્પત્યજીવન સાથે વિતાવ્યા બાદની વેધકતા, બળાપો અને છતાં સ્નેહની બુનિયાદ પર ટકેલો આ સંબંધ આસ્વાદ્ય બને છે. અહીં આ એકાંકીમાં અભિયન માટેની હળવી શૈલી, માવજત અને રિસામણાં-મનામણાંની સંકુલ મૂંઝવણ પણ આકર્ષક છે.

## 3.15 શા માટે ? શા માટે ?

સારાંશઃ

ઉમાશંકર જોશીના આ એકાંકીના મૂળ લેખક પિન્સ્કી છે. જેઓની કૃતિ 'પોલૅન્ડ – ૧૯૧૯' પરથી એકાંકીમાં રૂપાંતર કરી લેવામાં આવ્યું છે. સ્થળ તરીકે એક વિશાળ અંધારું ભોંયરું છે અને પશ્ચાતભૂમિમાંથી ક્યાંકથી સૂર્યકિરણ અંદર પ્રવેશી રહ્યું છે. ત્યાં ત્રણ માણસો સૂર્યકિરણની રેખાની આસપાસ ઊભા છે. નાના છોકરા-છોકરીઓ પુસ્તકો વાંચે છે. શાંતિ છતાં ગાઢ તંગ દશાથી વાતાવરણમાં ધ્રુજારી પસાર થઈ રહી છે. બહારથી આવતો પ્રત્યેક અવાજ સૌ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યાં છે. થોડીવાર શાંતિ અતૂટ રહ્યાં પછી જેઓ બેઠેલા છે અને જમીન ઉપર લંબાવેલું છે તેમની વચ્ચે વાતચીત શરુ થાય છે. પ્રશ્નો અને ઉત્તરોની વચ્ચે વચ્ચે સૂકા, ભૂખ્યા, થાકેલા અવાજો એકમેકના કાનમાં થતી વાતનો ફફડાટ સંભળાય છે.

અંદરોઅંદર થતી વાતચીત પરથી જાણી શકાય છે કે પોલૅન્ડના આ ભોંયરામાં ફસાયેલા આ લોકો યહૂદી છે. તેઓ કહે છે કે યહૂદીઓની ભલાઈ અને પવિત્રતા ક્યારેય કામ લાગી નથી. આ પ્રકારે વાક્યો ઉચ્ચારે છેઃ

'યહૂદીઓ તો હંમેશાં હોળીના નાળિયેર બન્યાં છે.'

આપણે બહાર, તે બધાઓ સુલેહ કરશે અને પછી એકદમ આપણી સૌની ઉપર તૂટી પડશે.

તેઓ આમ એકમેકની સામે, પણ આપણી સામે તો બધાં જ.

બધાં યુદ્ધોમાં આપણે મદદકર્તા હોઈએ છીએ અને પછી જેમની જોડે રહીને લડ્યા હોઈએ એમના જ હાથે હલાલ થઈએ છીએ.

હજીય આપણું ભાવિ શું હશે એની કોને ખબર?' (પૃ.૧૫૪)

આમ, પ્રથમ વિશ્વયુદ્ધનું દશ્ય સ્પષ્ટ થાય છે. ભોંયરાની અંદરના લોકો સંવાદ દ્વારા પોતાનું ભોંયરામાં સ્થળ અને પરિસ્થિતિનો ચિતાર આપે છે. ઘણી સ્ત્રીઓ-કુમારિકાઓ નિર્વસ્ત્ર છે તો નાનાં બાળકો ખૂબ જ ભૂખ્યાં છે. ધીરા, દબાયેલા, ક્ષીણ, શુષ્ક રુદનના અવાજો અને આંસુ ઠલવાતા અનુભવાય છે. કોઈની પાસે મૃતદેહ સડતો હોય તેવું અનુભવાય છે. કોઈક મૃત્યુને આરે ઊભા હોવાનો વિલાપ કરે તો કોઈ ઈશ્વર આપણને ભૂલી ગયા છે તેવી ફરિયાદ કરે છે. કોઈ

બહાર સરકવાનો પ્રયાસ કરે છે. અત્યંત શાંતિમાં એક સ્ત્રીનો 'રોટીનો ટુકડો... રોટલાની કરચ !...' એવો અવાજ આ સંવાદો વચ્ચે સંભળાય છે અને પૃચ્છક (આંસુની છલક સાથે) કહે છે : આ શા માટે ? આ શા માટે ?' બેઠેલા વ્યક્તિ અને સૂર્યકિરણની આસપાસના વ્યક્તિના સંવાદો આ પરિસ્થિતિના નિર્માણની હકીકત જણાવતા કહે છે કે,

બેઠેલો માણસ : કેમ કે આપણે બધામાં માથું મારીએ છીએ. કારણ કે દરેક વાતમાં આપણો હાથ હોય છે. આપણા વિપ્લવોને કારણે.

સૂર્યકિરણની ડાબે ઊભેલો માણસ : તમારા પૈસાખાઉપણાને કારણે. તમારી ચૂસણનીતિને લીધે. તમારા મૂડીવાદને કારણે.

બેઠેલો માણસ : આપણા અલગપણાને લઈને. પસંદગીની પ્રજા તરીકે આપણા વલણને કારણે.

સૂર્યકિરણની જમણે ઊભેલો માણસ : તમારી ખુશામતખોરીને લીધે; તમારા એકરસ થઈ જવાના વલણને લઈને; તમારી ઘૂસણખોરીને કારણે.' (પૃ.૧૫૭,૧૫૮)

આ દલીલો વચ્ચે એક સ્ત્રી કબર ખોદવાનું શરુ કરે છે પોતાની તથા બીજા માટે ક્યાં સુધી તો જ્યાં સુધી શરીરમાં જીવ ત્યાં સુધી. અને ફરી પૃચ્છક એકાએક ચીસ પાડીને કહે છે. 'શા માટે ?

ત્યાં જ કવિ બહાર ગૌરવશાળી ઊગેલા સૂર્યના પ્રકાશની વાત કરે છે અને કવિની વાત આગળ વધારતા સૂર્યકિરણની જમણેનો માણસઃ ... અને એનાં કિરણો આપણને તે દેશની વાત કરે છે, જ્યાં યહૂદીઓ પાછાં ફરશે, - તેઓ વાત કરે છે પૂર્ણ સ્વાતંત્ર્યની, પોતીકી ભૂમિની, પ્રકાશભરી મુક્તિની, હેરાનગતિ વિનાના, તિરસ્કાર વિનાના, કતલો વિનાના જીવનની, એવા જીવનની...

ડાબેનો માણસ : જેમાં શેઠ ન હોય કે ન હોય ગુલામ, શોષનાર ન હોય ને ન હોય શોષિત. સૂર્યકિરણ આપણી સાથે નવા ન્યાયવાળા, માનવી માનવી વચ્ચે – પ્રજા પ્રજા વચ્ચે નવા સંબંધોવાળા નૂતન દિને અને નૂતન દુનિયાની વાત કરી રહ્યું છે.

કવિ : ત્યારે આ લો આપણે સૂર્યકિરણની પલાણીને એની પીઠ ઉપર ચઢીને પ્રકાશભરી દુનિયામાં ચાલી નીકળીએ, કારણ કે આ તો આશાનું કિરણ છે...' (પૃ.૧૫૯,૧૬૦)

અને છેલ્લે એ જગા પર બૉમ્બ પટકાય છે અને કવિ આનંદ-આશામાં મૃત્યુ પામે છે ને પૃચ્છક ભયંકર, ગગનભેદી ચીસ સાથે પૂછે છે 'શા માટે ? શા માટે ?' અને એકાંકી આ વેધક સવાલ સાથે અહીં પૂર્ણ થાય છે.

સમીક્ષાઃ

આ એકાંકી પિન્સકીના 'પોલૅન્ડ-1919' નાટકનો અનુવાદ છે, તેથી આ પણ ઉમાશંકર જોશીનું મૌલિક એકાંકી નથી. આ એકાંકી દ્વારા એકાંકીકાર યુદ્ધની ભયાનકતાને દર્શકો સમક્ષ પ્રસ્તુત કરવાનો પ્રયાસ છે. જેમાં વિશાળ ભોંયરું દશ્યમાં છે અને ક્યાંકથી સૂર્યકિરણને ત્યાં સરી પડતા બતાવાયું છે. આ એકાંકીમાં યાતનામાં લપેટાયેલા માનવોને ક્રુરતાથી કચડી નાંખતી યુદ્ધખોરી શા માટે ? – એ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. આ એકાંકીમાં સામાન્ય માણસોએ

રીબાવું શા માટે ? તેવો વેધક પ્રશ્ન પૂછ્યો છે જેનો ઉત્તર મળતો નથી અને આ નિરુત્તરની સ્થિતિ અકળાવનારી છે. અહીં માનવ યાતનાના દૃશ્યો હૃદયવિદારક બન્યાં છે અને યુદ્ધખોરીની ભયાનકતા પ્રદર્શિત કરવામાં આવી છે.

### 3.16 ઇફિજિનિયા

સારાંશઃ

ઇફિજિનિયા પૂજારિણીના પોશાકમાં પ્રવેશે છે, ને પોતાની ઓળખાણ આપે છે. ઍગેમેમ્નોન રાજા પોતાના ભાઈ મેનેલસની વહુ હેલનને ટ્રૉયનો રાજકુમાર ઉપાડી ગયેલો તેને પાછી મેળવવા અને ટ્રૉયનું તખ્ત સર કરવા પોતાનાં વહાણો ભેગાં કરી ચાલી નીકળ્યો. પણ દરિયાઈ તોફાનોથી સફર મુશ્કેલ બની. કેલ્કસ નામના જોશીએ વરતારો કર્યો કે આર્ટિમિસ દેવી રાજાની સૌન્દર્યવતી દીકરી ઇફિજિનિયાનો ભોગ માગે છે, રાજાએ ક્યારની, કોઈ એક વરસમાં, પ્રતિજ્ઞા કરેલી હતી કે તે વર્ષે જે જન્મે તે બાળકનો ભોગ આપવો. તે પ્રતિજ્ઞા પૂરી થવી જોઈએ. પછી તો ઑડિશ્યસે કંઈક જૂઠાણાં રચ્યાં અને ઇફિજિનિયાને ઑલિસમાં ગ્રીક યોદ્ધા ઍકિલીસ સાથે પરણાવવી છે એમ ફોસલાવીને એની માતા પાસેથી રાજકુમારીને ઑલિસ લઈ ગયા, અને ત્યાં વેદી પર એને ઊભી કરી અને એને માથે તલવાર ઝઝૂમી. ત્યાં કોઈનેય દેખાય નહિ એમ, વેદી ઉપર ઘવાયેલું હરણું રાખીને, આર્ટિમિસ દેવી ઇફિજિનિયાને ઉપાડી ગઈ અને એક જંગલી ટાપુ પર ટૉરિસ શહેરમાં પોતાના મંદિરની પૂજારિણી તરીકે મૂકી ગઈ. એ ટાપુ પર જે કોઈ અજાણ્યા માણસો – નૌકાભંગથી કે બીજી રીતે – આવી ચડતા તેનો આર્ટિમિસના મંદિરે ભોગ અપાતો. નિર્મિત ભોગના વાળને સ્પર્શીને અને પુણ્ય સલિલ છાંટીને એને આહુતિ માટે પવિત્ર કરવાનું કામ ઇફિજિનિયાને માથે હતું. પછી, પોતાનો ભાઈ ઑરિસ્ટીસ મરી ગયાનું રાતે એને સ્વપ્નું આવ્યું હતું એની એ વાત કરે છે, ને મંદિરમાં ચાલી જાય છે.

રંગભૂમિ પર ઑરિસ્ટીસ અને એનો મિત્રસાથી પ્રવેશે છે. ઑરિસ્ટીસ પોતાની આપવીતી કહે છે. માતાનું પોતે ખૂન કર્યું, અને ઍથેન્સમાં એનો ન્યાય થયો. એમાં ઍપોલોએ એનો બચાવ કર્યો અને માફી અને સજા માટે સરખા મત પડ્યા, ત્યારે પ્રમુખપદે બીરાજેલી ઍથેના દેવીએ માફીની તરફેણમાં પોતાનો મત આપ્યો. આમ એ મોતના પંજામાંથી છૂટ્યો પણ બધી ફ્યુરિઝ – કોપદેવીઓએ – આ ચુકાદાને સ્વીકારી લીધો નહિ. કેટલીક પોતાના શિકારને ચૂસતી એની પાછળ ને પાછળ લાગુ રહી. છેવટે ઑરિસ્ટીસે ઍપોલોને બારણે લાંઘણ કરીને છુટકારાની માગણી કરી; ત્યારે એ દેવે કહ્યું કે તું જો આર્ટિમિસ દેવીનું ગ્રીસમાં સ્થાપન કરે તો આ ચૂસમાંથી છૂટી જાય. ઑરેસ્ટીસ અને એનો મિત્ર આર્ટિમિસના મંદિર લગી તો આવી પહોંચ્યા, પણ એની મૂર્તિને હવે શી રીતે ઉપાડી જવી તેની પેરવી કરતા બંને મિત્રો રંગભૂમિ પરથી દરિયાકિનારા ભણી વળે છે.

પછી વૃંદગીત ગાતી બંદીવાન ગ્રીક સ્ત્રીઓ અને ઇફિજિનિયા પ્રવેશે છે. વૃંદગીતોમાં મુખ્યત્વે ગ્રીસભૂમિ માટેનો તલસાટ અને ઇફિજિનિયા પ્રત્યેની સહાનુભૂતિના સૂરો તરી આવે છે. ઇફિજિનિયા પોતાના નસીબને, પોતાના અસ્તિત્વને રુએ છે – તિરસ્કારે છે. પોતનો ઍકિલીસની વાગ્દત્તા તરીકે લઈ

જઈ ભોગ આપ્યો એ બધું યાદ કરે છે. ત્યાં દોડતો દોડતો એક ભરવાડ પ્રવેશે છે. ઇફિજિનિયાની ધૂનમાં કંઈક ખલેલ પડે છે. ભરવાડ ખબર આપે છે કે કિનારે એક વહાણ આવી ચડ્યું છે, ઇફિજિનિયાને એમાં રસ નથી પણ જ્યારે એ જાણે છે કે એ ગ્રીક લોકોનું છે ત્યારે એની મનોદશા વધુ ભયભરી થાય છે. ભરવાડ કહે છે કે પોતાની ટોળી દરિયાકિનારે હતી; ને ત્યાં બે જુવાનિયા બેઠા બેઠા પોતાના રક્ષણના વિચાર અને પ્રાર્થના કરતા દેખાયા. ઝ્યૂસ-દેવના આ માણસોથી બચવા એક ભરવાડે તો પોતાના દેવોને કરગરવા માંડ્યું, તો બીજો વળી જોરથી હસવા લાગ્યો કે આજ આર્ટિમિસ દેવીને ઠીક ભોગ મળ્યો છે. ત્યાં પેલા અજાણ્યાઓમાંનો એક ઊંચોનીચો થવા લાગ્યો : 'જો ! જો ! પિલેડીસ ! પેલી રહી નરકની ડાકણી !' અને ગાંડાની માફક એ કોપદેવીઓના કલ્પિત ત્રાડોથી ગભરાઈને દોડ્યો અને ઘેટાંનાં ટોળાંને કોપદેવીઓ ગણીને કેટલાંય ઘેટાં કાપી નાખ્યાં. ભરવાડો ભેગા થઈ ગયા અને તેની ઉપર પથરા ફેંકવા લાગ્યા. પણ ત્યાં તો એનું ગાંડપણ ઊતરી ગયું અને તે લોથપોથ નીચે ઢળી પડ્યો. પિલેડીસે પોતાના ઝભ્ભાની ઢાળ કરી એને બચાવ્યો. થોડી વાર તે ઊઠ્યો અને બરાડવા લાગ્યો, 'ચાલ, આમે મરવું છે તો બહાદુરીથી મરીએ !' પછી તો એમણે એવી તલવારો ચલાવી કે બધા ભરવાડો પાછા હઠી ગયા. હઠતાં હઠતાં એમણે ઘણાયે પથરા ફેંક્યા, પણ દેવી પોતાને માટે નિર્માયેલી શિકારને ચમત્કારિક રીતે બચાવી લેતી હતી. એમને ક્યાંય વાગ્યું નહિ પણ છેવટે તેઓ થાકી ગયા અને તેમને ચારેકોરથી ઘેરી વળીને એમના હાથમાંથી ભરવાડોએ તલવારો ખૂંચવી લીધી અને તેમને બાંધીને રાજા પાસે લઈ ગયા. (શરૂઆતમાં તેઓ રંગભૂમિ પર દાખલ થયા હતા તે આ બધું બન્યા પહેલાં) રાજા એમને પૂજારિણી પાસે મોકલે ત્યારે ઇફિજિનિયાનું ઑલિસ આગળના પોતાના વધનું વેર લેવાની ઠીક તક મળશે એમ કહીને ભરવાડ ચાલ્યો જાય છે. અને ઇફિજિનિયાને પોતાની વીતક કથા યાદ આવે છે. ક્યારે કોઈ ગ્રીક આવે અને પોતાની હત્યાનું વેર લઈ શકાય એવા પ્રસંગ માટે તો એ તલસતી હતી. એવી મનોદશા એને, અલબત્ત, પસંદ નથી, પણ એ કહે છે કે પોતે પથ્થર સમી બની ગઈ છે, પોતામાં દયા છે જ ક્યાં ? પેલા બે ગ્રીકો આવે છે અને પોતાની મરજી વિરુદ્ધ પણ એની કઠોરતા ઓગળી જાય છે અને એમની સાથે એ વાતે વળગે છે. ઑરિસ્ટીસને એવી વાતો પસંદ નથી, છતાં એની સાથે એ પરાણે વાતો કરે છે, ને ત્યાં તો ખબર પડે છે કે એ અજાણ્યાઓ કોણ છે.

આ અભિજ્ઞાનદૃશ્ય — બહેનને હાથે ભાઈની હત્યા થતાં રહી જાય છે અને એકાએક ઑરિસ્ટીસને પોતાની મરેલી બહેન મળી જાય છે એ અભિજ્ઞાન (ઓળખ)ના દૃશ્ય-ને ઍરિસ્ટોટલ પોતાના 'પોયટિક્સ'માં અભિજ્ઞાનદૃશ્ય કેવું હોવું જોઈએ તેના નમૂના તરીકે લે છે અને ઇફિજિનિયાના ભાષાંતરકાર આંગ્લ વિદ્વાન ગિલબર્ટ મરેને મતે આ અભિજ્ઞાનદૃશ્ય આખાયે ગ્રીકનાટ્યમાં ઉત્તમોત્તમ કલ્પનાશીલવાળું અને આકર્ષક છે. આ નાટકના કર્તા યુરિપિડીસનું બીજું નાટક ઇફિજિનિયા ઇન ઑલિસ' અધૂરું જ રહી ગયેલું. એમાં એણે ઇફિજિનિયાના વધ સુધીનો પ્રસંગ પસંદ કર્યો હતો. ગ્રીસના ત્રણ અગ્રણી 'ટ્રૅજેડી'કારો ઇસ્કિલસ, સોફોકલીસ અને યુરિપિડીસનાં નાટકો ગ્રીસમાં બહુ લોકપ્રિય હતાં. યુરિપિડીસ એના બે પુરોગામીઓ કરતાં વધારે શક્તિશાળી ન હતો પણ કુલ્લે

અત્યારે 36 જેટલાં ગ્રીક નાટકો બચ્યાં છે તેમાં એનાં 19 છે. આ નાટક ઈ.સ. પૂર્વે 414 ને 412 વચ્ચે જાહેર રીતે ભજવાયેલું. મૂળ ગ્રીક નાટકની 1500 જેટલી લીટીઓમાંથી 300 જેટલીનું આ ભાષાંતર છે.

આ અભિજ્ઞાનદશ્ય પછીના ભાગમાં પણ કુશળ નાટકકારે ક્યાંય રસમાં ક્ષતિ આવવા દીધી નથી. ઇફિજિનિયા ઑરિસ્ટીસ કેટલીક સાબિતીઓ આપે છે. ઇફિજિનિયાને ઑલિસ લઈ ગયા ત્યારે તેણે પોતાની માને વાળની લટ કાપી આપેલી, પૂર્વજ પેલોપ્સનો ભાલો ઇફિજિનિયાની ઓરડીમાં હતો, વગેરે વગેરે વાતોથી ઇફિજિનિયાને ખાતરી થાય છે. (એક રીતે અભિજ્ઞાનદશ્ય અહીં પૂરું થયું ગણાય.) પોતાના હાથે જ ભાઈ માર્યો જાત એ વિચારે ઇફિજિનિયા ધ્રુજી ઊઠે છે. આર્ટિમિસની મૂર્તિ ગ્રીસ લઈ જવામાં પોતા પર કોપ ઊતરશે એમ પણ એને થાય છે. બધાંએ સલામત ચાલ્યાં જવું અને મૂર્તિ પણ લઈ જવી, એ અશક્ય જેવું લાગે છે. પહેલાં તો ગ્રીક ગાયિકાવૃંદને વાત ન ફોડવા સમજાવે છે. ત્યાં રાજા થોઆસ મંદિરમાં પ્રવેશે છે. એને ઇફિજિનિયા દૂર રહેવા કહે છે અને સમજાવે છે કે આ અજાણ્યાઓ માતૃહત્યારા છે અને એમના સ્પર્શથી દેવી ભ્રષ્ટ થઈ છે. તેને અને તેના નિર્ણીત બલિઓને દરિયાનાં પાણીમાં શુદ્ધ કરવાં જોઈએ. રાજાને તે આ વસ્તુ બરાબર ઠસાવે છે અને તેની પાસે શહેરમાં ઢંઢેરો પિટાવરાવે છે કે કોઈ બહાર ન નીકળે; અને નિઃશસ્ત્ર સૈનિકો સાથે બંને ગ્રીકોને હાથકડી લગાવીને પોતે મૂર્તિ ઉપાડીને દરિયાકિનારે જાય છે. સૈનિકોને દૂર ઊભા રાખે છે, અને ઑરિસ્ટીસ-પિલેડીસને છૂટા કરી એમનું પચાસ પચાસ ખારવાવાળું વહાણ એક બાજુ લપાઈ રહ્યું હતું તેમાં ચડી જવા કહે છે. સૈનિકોને શંકા જાય છે. તેઓ ધસી આવે છે, પણ ગ્રીકો એમને ઠોંસપાટુથી માત કરે છે અને વહાણ પર ચડી જાય છે. પણ પ્રતિકૂળ પવનોથી વહાણ આગળ વધી શકતું નથી. ઇફિજિનિયા આર્ટિમિસને પ્રાર્થના કરે છે કે 'અમને બચાવ ! તું તારા ભાઈને નથી ચાહતી ? તો હું ચાહું તો શી નવાઈ ?' આ બધું મંદિરે જઈ પહોંચીને એક સૈનિક-દૂત રાજાને કહે છે અને ઓજારો-હથિયારો સાથે માણસો મોકલી વહાણનો કબજો લેવા વીનવે છે. ત્યાં એકાએક દેવી ઍથેના આવીને રાજાને વારે છે, અને ઍપોલોની મરજીથી ઑરિસ્ટીસ અહીં આવ્યો હતો, એ બધું કહે છે. બંદીવાન વૃંદને પણ મુક્તિ આપે છે. રાજા થોઆસ દેવીના વચનને માથે ચડાવે છે અને ઑરેસ્ટીસ ટૉરિસથી ક્ષેમકુશળ ચાલ્યો જાય છે.

(હવેલી એકાંકીસંગ્રહ – ઉમાશંકર જોશીમાંથી 'ઇફિજિનિયા' એકાંકીમાં પૃ.161થી 164પરથી નાટકનો સાર)

સમીક્ષાઃ

'ઇફિજિનિયા'(Iphigenia)એ યુરિપિડીસ (Euripides)ના ગ્રીક નાટકનો અનુવાદ છે. જેને આ એકાંકીસંગ્રહમાં સ્થાન મળ્યું છે. જેમાં ઉમાશંકર જોશીએ શરૂઆતમાં જ ''ઇફિજિનિયા', 'ઑરિસ્ટીસ', 'પિલેડીસ' અને બંદીવાન ગ્રીક સ્ત્રીઓ કે જે ઇફિજિનિયાની પરિચારિકાઓ છે તેમનાં વૃંદ વિશેનો પરિચય આપે છે. ત્યારબાદ તે નાટકનો સાર રજૂ કરે છે, જે નાટક સાર કૃતિ સારાંશ તરીકે તમને અહીં અભ્યાસ માટે મૂળ કૃતિમાંથી ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. આ નાટક સાર આપ્યા પછી ગુજરાતીમાં આ નાટકનો અનુવાદ મૂકવામાં

આવ્યો છે. અંગ્રેજીમાં વપરાતા 'બ્લૅન્ક વર્સ'ને ગુજરાતીમાં વનવેલી છંદમાં લઘુગુરુના કોઈપણ જાતના આવશ્યક બંધન વગરનો સોળવર્ણી (સોળ શ્રુતિનો) બંધ રાખી પ્રયોગ કરવામાં આવ્યો છે. અહી કવિતોચિત પદાવલિ રાખીને પદ્યરૂપમાં લેવાતી વાક્યરચના વગેરે અંગેની છૂટ લીધી છે. ક્યાંક ઉમાશંકર જોશીએ વનવેલીની સાથે ગુલબંકી છંદનો પણ ઉપયોગ કર્યો છે. આ પ્રકારની પ્રયોગશીલતાને આ સંગ્રહમાં સ્થાન મળ્યું છે.

## 3.17 સારાંશ (એકાંકીસંગ્રહ)

આમ, આપણે જોઈ શકીએ છીએ કે આ બધા એકાંકીઓના સર્જનાત્મકતાનો વિષય તેમના વતનના સામાજિક વાતાવરણ અને કાર્યક્ષેત્રના વાસ્તવ જીવનમાંથી ઊઘડતો આવે છે. અહીં આપણે એ જરૂર કહેવું પડે કે દરેક એકાંકીમાં તેમની જીવન અને કાર્યગતિ જોવાની હકારાત્મક વિચારધારાનો પરિચય અવશ્ય મળે છે. જીવન ફક્ત જીવવા માટે નહીં પણ ઉત્કૃષ્ટ રીતે હૃદયપૂર્વક જીવી બતાવવા માટે પણ છે. આ સાથે વાસ્તવ જીવનની કરુણતા પણ એકાંકીકાર યોગ્ય રીતે જોઈ શકે છે. આ સંતુલિત સભાનતાનું આલેખન એકાંકીમાં અનુભવી શકાય છે. આ સંગ્રહના કેટલાંક એકાંકી સર્જકની વધુ સંવેદનશીલતા તથા જીવન-જગતને પ્રત્યક્ષ કરવાના મોહમાં શિથિલ પણ બનતા જણાય છે. છતાં, સામાજિક, રાષ્ટ્રપ્રેમ અને સાહિત્યસૃષ્ટિની પૃષ્ઠભૂમિ પર રચાયેલા આ એકાંકીઓ ઉમાશંકર જોશીના વૈચારિક ઉત્કર્ષની ઝાંખી કરાવે છે.

## 3.18 પુનરાવલોકન

**(ક) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

૧. 'હવેલી' એકાંકીસંગ્રહના એકાંકી આધારે ઉમાશંકર જોશીની પાત્રનિરૂપણ કળા સવિસ્તાર સમજાવો.
૨. 'હવેલી' એકાંકીસંગ્રહના કોઈપણ બે એકાંકીનું મૂલ્યાંકન કરો.
૩. 'હવેલી' એકાંકીસંગ્રહના એકાંકીમાં વ્યક્ત સામાજિક ચેતના વિશે તમારા શબ્દોમાં લખો.
૪. 'હવેલી' એકાંકીસંગ્રહના એકાંકીઓમાં રહેલી અભિનય ક્ષમતા મૂલવો.
૫. 'હવેલી' એકાંકીસંગ્રહના એકાંકી આધારે ઉમાશંકર જોશીનું એકાંકીકાર તરીકે મૂલ્યાંકન કરો.

**(ખ) ટૂંકનોંધ લખો.**

૧. ઉમાશંકર જોશીની 'હવેલી' એકાંકીસંગ્રહ આધારે ભાષાશૈલી
૨. 'હવેલી' એકાંકીસંગ્રહમાં પ્રદર્શિત સામાજિકતા
૩. 'હવેલી' એકાંકીસંગ્રહમાં ઉમાશંકર જોશીની વૈશ્વિક દૃષ્ટિ
૪. 'હવેલી' એકાંકીસંગ્રહ આધારે ઉમાશંકર જોશીનો રાષ્ટ્રપ્રેમ
૫. 'હવેલી' એકાંકીસંગ્રહના એકાંકીઓમાં પ્રદર્શિત સંવાદકળા
૬. 'હવેલી' એકાંકીસંગ્રહના અનુવાદિત એકાંકી વિશે નોંધ તૈયાર કરો.

## 3.19 લેખનપ્રવૃત્તિ

- ઉમાશંકર જોશીના 'હવેલી' એકાંકીસંગ્રહના તમને ગમતા એકાંકીને ભજવવાનો પ્રયાસ કરો.
- ઉમાશંકર જોશીની ટૂંકીવાર્તાઓને એકાંકીમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ કરો.
- બીજી ભાષાના રાષ્ટ્રપ્રેમને લગતા એકાંકીનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો પ્રયત્ન કરો.
- ઉમાશંકર જોશીના એકાંકીઓ પર ગાંધીયુગના પ્રભાવને તપાસો.

## 3.20 વિશેષ અધ્યયન

- ઉમાશંકર જોશીના સમકાલીન એકાંકીકારોનું અધ્યયન કરો.
- ઉમાશંકર જોશીની સાહિત્ય સેવા અનુસંધાને લખાયેલ 'ઉમાશંકરનો વાગ્વૈભવ' ગ્રંથનો અભ્યાસ કરો.
- સામાજિક સમસ્યા વિશેના અન્ય એકાંકીઓનું અધ્યયન કરો.
- રાષ્ટ્રપ્રેમ અને વિશ્વશાંતિ વિશેના અન્ય ભાષામાં લખાયેલા નાટકોનો અભ્યાસ કરો.
- નંદકુમાર પાઠકના એકાંકી : સ્વરૂપ અને સાહિત્ય ગ્રંથનો અભ્યાસ કરો.

## 3.21 સંદર્ભસૂચિ


- 'હવેલી' – ઉમાશંકર જોશી
- 'ઉમાશંકરનો વાગ્વૈભવ' (ખંડ : 2)—ચંદ્રકાન્ત શેઠ
- 'ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ – મહેશ ચોક્સી
- અભિનેય નાટકો – ધીરુભાઈ ઠાકર
- ગુજરાતી નાટક – સતીશ વ્યાસ



**લેખન :** ડૉ.હેતલ ગાંધી : આસિસ્ટન્ટ પ્રોફેસર,ગુજરાતી વિભાગ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**એકમ 4**

# એકાંકીકાર ઉમાશંકર જોશી

**રૂપરેખા**

4.1 ઉદ્દેશો

4.2 પ્રસ્તાવના

4.3 એકાંકીકાર ઉમાશંકર જોશી

4.4 સારાંશ

4.5 પુનરાવલોકન

4.6 લેખનપ્રવૃત્તિ

4.7 સંદર્ભસૂચિ

## 4.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ દ્વારા તમે,

- ઉમાશંકર જોશીની એકાંકીકાર તરીકેની પ્રતિભાને જાણશો.
- ઉમાશંકર જોશીના સામાજિક વાસ્તવને પ્રદર્શિત કરતી કૃતિઓની સર્જકતા તપાસીશું.
- ઉમાશંકર જોશીના એકાંકીમાં માનવસ્વભાવનું દર્શન થશે.
- ઉમાશંકર જોશીના એકાંકીઓમાં રહેલી તપ્પાલાયકી મૂલવી શકશો.
- ઉમાશંકર જોશીના એકાંકીમાં જોવા મળતા બોલીપ્રયોગ વિશે જાણશો.
- એકાંકીઓના અભ્યાસ આધારે ઉમાશંકર જોશીની એકાંકીકાર તરીકેની સિદ્ધિ-મર્યાદા જાણીશું.

## 4.2 પ્રસ્તાવના

ઈ.સ.૧૯૧૧માં જન્મેલા વીસમી સદીના ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોશીનો જન્મ 'નાની મારવાડ' નામે ઓળખાતા ઈડર રાજ્યના બામણા ગામમાં થયો હતો. ઐહિક સગવડ, સમૃદ્ધિ કે અક્ષરજ્ઞાનની દૃષ્ટિએ પછાત એવા આ પ્રદેશમાં કુદરતી સૌંદર્ય અદ્‌ભુત હતું. જે દાયકામાં તેઓ જન્મ્યા એ દાયકો મહાન વૈશ્વિક ઘટનાઓનો હતો. આમ, જન્મભૂમિના ગ્રામ્યવિસ્તારની સામાજિક વાસ્તવિકતા, અમદાવાદના શહેરી જાહેરજીવન, આઝાદી માટેની લડતનું આકર્ષણ અને આઝાદી બાદની પ્રજાજીવનની માનસિકતા અને સાહિત્યજગતના વાતાવરણ સંદર્ભે આલેખાતો વ્યક્તિ અને સમષ્ટિ પ્રત્યેના પ્રેમની ઝલક તેમના દરેક એકાંકીમાં જોવા મળે છે.

કવિતા ક્ષેત્રે અનેક સર્જનાત્મક પ્રયોગો કરનાર ઉમાશંકર જોશીએ નાટ્યકળા તરફ પણ ઝુકાવ રાખ્યો છે. તેમના ગદ્યક્ષેત્રે કરેલા પ્રદાનમાં એકાંકી, ટૂંકીવાર્તા, નાટક, નવલકથા ઈત્યાદિ સમાવિષ્ટ છે. આ નાટ્યસાહિત્ય રચવામાં તેમના વતનની સામાજિક-આર્થિક-ભૌગોલિક પરિસ્થિતિ ઉપરાંત તેમના પ્રદેશની ભાષા અને અનુભવજગતે ઘણો ફાળો આપ્યો છે. જીવન-જગતમાં જોયેલી સાચુકલી પરિસ્થિતિનું સઘનતા અને તીવ્રતાથી આલેખન કર્યું છે. ઈ.સ. ૧૯૩૬માં 'સાપના ભારા' અને ઈ.સ.૧૯૭૭માં 'હવેલી'નું પુનઃપ્રકાશન નિમિત્તે ઉમાશંકર જોશી પાસેથી કુલ ૨૫ એકાંકી મળે છે.

## 4.3 એકાંકીકાર ઉમાશંકર જોશી

ઉમાશંકર જોશીના નાટક અને એકાંકીનો જે પરિચય આપણા મેળવ્યો તેમાં બહુધા એકાંકીઓ પર તત્કાલીન રંગભૂમિ પર ભજવાતાં નાટકો, પાશ્ચાત્ય એકાંકીઓનાં કલાતત્ત્વ બંનેનો પ્રભાવ જોઈ શકો છો. આ એકાંકીઓ વાચનક્ષમ ચોક્કસ લાગે; પરંતુ, અભિનેયતાની દૃષ્ટિએ આ રચનાઓ વધુ સફળ થતી નથી.

ઈ.સ.૧૯૩૨થી વિસાપુર જેલમાં આરંભાયેલી તેમની એકાંકીની લેખનપ્રવૃત્તિના ફળસ્વરૂપે ઈ.સ.૧૯૩૬માં અગિયાર એકાંકી સાથેનો 'સાપના ભારા' એકાંકીસંગ્રહ પ્રગટ થાય છે. ઈ.સ. ૧૯૫૧માં 'શહીદ' નામનો બીજો એકાંકીસંગ્રહ પ્રગટ થાય છે. ઈ.સ.૧૯૫૧માં એકાંકી 'હવેલી' અને ઈ.સ. ૧૯૫૪માં એકાંકી 'હળવા કર્મનો હું નરસૈંયો' લખાયું છે. સાથે 'ગૃહશાંતિ', 'શા માટે ? શા માટે ?' અને 'ઈફિજિનિયા' નામે ત્રણ અનુવાદિત એકાંકીના ઉમેરણ સાથે ઈ.સ. ૧૯૭૭માં 'શહીદ' એકાંકીસંગ્રહની બીજી આવૃત્તિ 'હવેલી' નામે પ્રગટ થાય છે, જેમાં 'શહીદ' અને પાછળથી લખાયેલાં બીજાં એકાંકીઓ સાથે કુલ ૧૪ એકાંકી પ્રગટ થાય છે. આમ, ઉમાશંકર જોશી પાસેથી ગુજરાતી સાહિત્યને કુલ ૨૫ એકાંકી પ્રાપ્ત થાય છે. આ દરેક એકાંકીમાં વિષયવસ્તુ, પાત્રાલેખન, રસ-ભાવ અને નિરૂપણરીતિનું અનેરું વૈવિધ્ય જોવા મળે છે. તેમની એકાંકીઓમાં ક્યાંક 'સાપના ભારા'માં ઉલ્લેખિત સામાજિક પરિસ્થિતિને પ્રાધાન્ય મળ્યું છે, તો ક્યારેક તત્કાલીન દેશની રાજકીય પ્રવૃત્તિઓનું આલેખન જોવાં મળે છે. આ જ રીતે કેટલીકવાર સાહિત્યિક પ્રવૃત્તિઓમાં પ્રયોગશીલતા સર્જન વિષય બની આવે છે. તેમના સામાજિક એકાંકીઓમાં ગ્રામજીવન અને શહેરીજીવનનું આલેખન કેન્દ્રબિંદુ તરીકે આવે છે. અહીં આ એકાંકીઓમાં રજૂ થતી પાત્રસૃષ્ટિ ઘણી વ્યાપક, જીવંત અને બૌદ્ધિકતાના વિવિધ સ્તરો પર રચાતી લાગે. તેમાં એક તરફ ગ્રામજીવનના નીચલા સ્તરના અબુધ-નિરક્ષર-સ્ત્રીપુરુષો આવે તો બીજી તરફ શહેરના ભદ્રવર્ગના સ્ત્રીપુરુષો અને સુસંસ્કૃત કહેવાતો સમાજ, લેખક-કવિઓ જેવા બૌદ્ધિક વર્ગના લોકો, શોષણ કરનારની સાથે શોષિત સમાજની કરુણતા તો ક્યાંક દેશની આઝાદી માટે ઝઝૂમતા સૈનિકોની સાથે દંભી પ્રધાનો-લોકનેતાઓ પણ પાત્ર બની આવે. આ પાત્રોની આંતરબાહ્ય ગતિ અને મનોસંઘર્ષનું કલાત્મક સૂચક, સંયમિત, વાસ્તવદર્શી અને તટસ્થતાપૂર્વકનું નિરૂપણ આ એકાંકીઓનું ધ્યાનાર્હ પાસું બને છે.

### પાત્રનિરૂપણકળા

'સાપના ભારા' એકાંકીમાં કામુક સસરા દ્વારા યુવાન વિધવા મેનાની રહસ્યગર્ભ પરિસ્થિતિ તથા જનેતા અંબાના હાથે મેનાનું કાટલું કાઢી નાખવાનો પ્રપંચ અને તે કાર્યને પાર પાડવાનો પ્રયાસ કરતી વેળાએ અંબાનું પાત્ર મનોસંઘર્ષથી ઉપસે છે. અહીં મેનાનું પાત્ર સૂચિત રહે છે; પરંતુ, નારીજીવનની કરુણતા વ્યંજિત થાય છે. 'બારણે ટકોરા'માં નંદુ ગોરાણી ગ્રામનારીની ઝંખનાઓ, ભાવનાઓ અને આદર્શોનું વાસ્તવિક છતાં ગંભીરતા ધારણ કરતું યાદગાર પાત્ર બને છે. 'ઊડણ ચરકલડી'માં ચંદણીના લગ્ન આધેડ વ્યક્તિ સાથે કરવા અને તે પણ પ્રિય લાગતા કેશુના પિતા સાથે તે પાત્રને ઉપસાવવાની એકાંકીકારની સૂઝ દર્શાવે છે અને વાચકના મનમાં કરુણતાને તીવ્ર બનાવવામાં આ કથાનક ઉપયોગી પણ થાય. 'કડલાં' એકાંકીમાં શોષણ કરનાર સમાજના પાત્ર તરીકે

દલીચંદ શેઠ  અને શકરી આવે છે, જ્યારે શોષિત-ગરીબાઈમાં સપડાયેલાં સમાજના પ્રતિનિધિત્વ તરીકે ‘હેતી’ એકાંકીની નાયિકા બને છે. અહીં એકાંકીના પાત્રો દ્વારા ગ્રામ્યસૃષ્ટિનું એકાંકીકારે નિર્માણ કર્યું છે. ‘વિદાય’ અને ‘હવેલી’ એકાંકીમાં માનવમનની અસંગતિઓ, સ્થૂળ-સૂક્ષ્મ સંચલનો અને તેનું અસંગતિપૂર્ણ પ્રગટીકરણમાં ગ્રામપાત્રોની માનસિકતા પાત્ર બની આવે છે. ‘વિદાય’માં ‘ગોવિંદ’ની સ્વાતંત્ર્યસેનાની તરીકેની મનોભૂમિકા પાત્ર બની આવે છે, જ્યારે  ‘હવેલી’માં કેશવનું પાત્ર સૂચિત રહી તેની આસપાસ ભૂધરકાકા-રૂપાકાકીની મનોસ્થિતિનું સંઘર્ષપૂર્ણ આલેખન દેખાય છે. ‘પડઘા’ એકાંકીમાં ગામડામાંથી આવીને શહેરમાં વસેલા પાત્રોની વિટંબણાનું આલેખન છે જ્યારે ‘દુર્ગા’ એકાંકીમાં સ્ત્રીહૈયાની સંતાનની ઝંખનાનું વર્ણન છે. ‘ત્રણ ને ત્રીસ’માં કૉલેજિયન યુવક અરુણનું ગ્રામીણ યુવતી તરફનો અણગમો અને શહેરી યુવતી તરફની જાતીય ચંચળતાની ભ્રમરવૃત્તિનું આલેખન છે. છ પુરુષપાત્રોવાળું એકાંકી ‘ગાજરની પિપૂડી’માં ભાવ-વિચાર અને પરિવર્તનની ક્રાંતિને પાત્રો દ્વારા બળ મળ્યું છે. ‘વિરાટ જનતા’માં દસ પાત્રોના વિવિધ દૃષ્ટિકોણ દ્વારા વૈવિધ્ય ધરાવતી ‘જનતા’ એકાંકીનું કેન્દ્ર બને છે, આ એકાંકીમાં ‘સાપના ભારા’ એકાંકીસંગ્રહમાં આવતાં વિવિધ પાત્રોનું સંયોજન કરી વૈચારિક પ્લૉટ ઊભો કરવામાં આવ્યો છે.

‘નટીશૂન્યમ’માં નાટ્યકારનું પાત્ર છે; જેમાં, ત્રીસ મિનિટના એકાંકીમાં ઉમાશંકર જોશી એરિસ્ટોટલ, ભરત મુનિ, શેક્સપિયર, કાલિદાસ અને સ્ટ્રીન્ડબર્ગનાં પાત્રોને રંગભૂમિ પર મૂકી આપે છે. આ રીતે એકાંકીમાં ત્રીજા અવાજનું સુયોજન કરે છે. ‘ગૃહશાંતિ’માં દામ્પત્યજીવનની કરુણતા દર્શાવાય છે. ‘શહીદનું સ્વપ્ન’માં ૨૧ પાત્રો દ્વારા શહીદનું સ્વપ્ન અને ‘વિશ્વશાંતિ’ના ખ્યાલને પ્રદર્શિત કરે છે.

‘પારખું’માં સુશીલા - કંચનલાલની દીકરી ચંપા, ગંભીર રજૂઆતને હળવી કરીને સામાજિક કરુણતા ઉપસાવી આપે છે. ‘લતામંડપ’માં મુંબઈના વાતાવરણમાં ગુજરાતી સાહિત્યના વિવિધ સાહિત્યકારો પાત્ર તરીકે આવે છે અને તેમાં ‘લતા શું બોલે?’ વાર્તાની પૃષ્ઠભૂમિમાં દરેક પાત્રોનો દેખાવ અને ખાસિયતને પાત્રાલેખન કળાથી; પરંતુ, શાબ્દિક રીતે પ્રત્યક્ષ કરી આપે છે. ‘માણેકચોક’ એ સ્વાતંત્ર્ય પછીની દેશની સ્થિતિ જોઈ સૂઝેલું એકાંકી છે એમ ઉમાશંકર જોશી જણાવે છે. અહીં રુશ્વતખોરી, છેતરપિંડી, કાળાબજાર કરનારી પ્રજા પાત્ર તરીકે આવે સાથે દંભી લોકનેતાઓ પાત્ર તરીકે આવી, રાજનૈતિક સ્થિતિનો ચિતાર આપે છે. ‘મુક્તિપ્રભાત’માં એક વૃદ્ધ ૧૮૫૭ થી ૧૯૪૭ સુધી ભારતના સપૂતોના પુરુષાર્થ વિશે કહે છે, અહીં એક પછી એક સપૂતોનાં પાત્રોની ઝાંખી થતી રહે.

આ રીતે ક્યારેક હાસ્ય-કટાક્ષ રજૂ કરતા તો ક્યારેક કરુણતા અને ટ્રેજેડી દર્શાવતા પાત્રોનો ઉમાશંકર જોશીએ આ એકાંકીઓમાં મેળો કર્યો છે, જેમાં સમાજના વિવિધ સ્તરે અને વાતાવરણમાં જીવતા વિવિધપાત્રોનું જીવંત ચિત્રણ થયું છે.

પાત્રાલેખન બાબતે રામનારાયણ પાઠક ‘સાપના ભારા’ના પરિચયમાં લખે છે તેમ, ‘એવડો મોટો, એટલી બધી પરિસ્થિતિની વિવિધતાવાળો છે કે વિચક્ષણ જોનારને વૈવિધ્ય અને અનેક રસની સામગ્રી મળી રહે. શ્રી ઉમાશંકરે આ દૃષ્ટિનો પૂરતો લાભ લીધો છે.‘સાપના ભારા’નાં આ નાટકોમાં લાગણી વિનાનાં ઘૈડિયાં આવે છે,તેવી જ

કોડભરી યુવતીઓ આવે છે,બ્રાહ્મણો આવે છે.વાણિયા આવે છે,ઠાકરડા આવે છે,અભણ આવે છે,ભણેલા આવે છે,પતિત આવે છે અને એ રીતે પુષ્કળ વૈવિધ્ય આવે છે.'

**વસ્તુસંકલના**

ઉમાશંકર જોશીના એકાંકીઓમાં બે છેડા જોવા મળે છે. એક તરફ હળવાં હાસ્યરસ ઉપજાવતા અને બીજી તરફ ગંભીર અને કરુણરસની પ્રધાનતા આ એકાંકીઓમાં જોવાં મળે છે. 'સાપના ભારા', 'કડલાં', 'ખેતરને ખોળે' જેવાં એકાંકીઓમાં મૃત્યુના પ્રસંગનું આલેખન છે, જ્યારે 'શલ્યા', 'બારણે ટકોરા', 'વિદાય' જેવાં એકાંકીમાં જીવનદશા-અવદશા અને આંતરબાહ્ય સંઘર્ષની ગૂંથણી કરી છે. આ એકાંકીઓમાં ભાવક-વાચક કે પ્રેક્ષકના હૈયાને કરુણતાથી ભરી શકાય તેવી વિષાદપૂર્ણ સ્થિતિનું ચિત્રણ થયું છે. 'સાપના ભારા', 'બારણે ટકોરા', ઊડણ ચરકલડી', 'કડલાં' કે 'હવેલી' જેવાં એકાંકીઓમાં ગામડાનું ચિત્ર ઉપસે છે. ગામડામાં રહેલી મલિનતા, દોઝખનું સાચુકલું, તાટસ્થપૂર્ણ, કરુણગર્ભ, ગામડાના રીત-રિવાજ અને તેમાંથી ઉત્પન્ન થતી ગંભીર પરિસ્થિતિ, સામાજિક રહેણીકરણી અને ચહલપહલનો ચિતાર ગમગીનીનો અનુભવ કરાવે છે જ્યારે ઘણીવાર એકાંકીને વધુ ગંભીરતા તરફ જતા રોકવા એકાંકીકાર 'પારખું' કે ઊડણ ચરકલડી' જેવાં એકાંકીમાં હાસ્ય નિરૂપણ કરતા પ્રસંગો અને સંવાદો પણ રચી દે છે. આ જ સંદર્ભે બીજી તરફ એકાંકીકાર 'પડઘા', 'ગાજરની પિપૂડી', 'માણેકચોક', 'લતામંડપ' કે 'ત્રણ ને ત્રીસ' જેવાં એકાંકીઓમાં શહેરીજીવનની દાંભિકતા, પોકળતા, નિષ્ઠુરપણું તથા અસ્વાભાવિકતાનું ચિત્ર રજૂ કરે છે.

આ એકાંકીઓનું આલેખન કરતા ક્યાંક હળવાશ વિનોદી શૈલીનું નિરૂપણ હોય તો ક્યાંક ચાતુર્ય કે કટાક્ષપૂર્ણ શૈલીનું નિરૂપણ ધ્યાન ખેંચે છે. 'દુર્ગા' જેવા એકાંકીમાં સ્ત્રીના હૃદયની ઝંખનાને - તેના આંતર મનને ધીમે ધીમે ઉઘાડ આપી અંતે વિશ્વમાતાના વિચારને આલેખે છે. આ રીતે 'શહીદનું સ્વપ્ન', 'વિદાય' જેવાં એકાંકીમાં ભારતની આઝાદીના સાચના સિપાઈની મનોસ્થિતિ અને દેશભક્તિની ભાવનાનો તાગ મળે છે. આ સંદર્ભે 'મુક્તિપ્રભાત'માં આઝાદીના મહાનાયકોના જીવન અને કાર્યની ઝાંખી પ્રસ્તુત થાય છે. 'નટીશૂન્યમ' અને 'લતામંડપ' કે પછી 'ગાજરની પિપૂડી' જેવાં એકાંકીઓમાં સાહિત્યજગતમાં વ્યાપ્ત માનસિકતા-પ્રયોગશીલતા-કુશળતા અને અપ્રગટ દંભને પણ કટાક્ષ સાથે એકાંકીકાર રજૂ કરે છે. 'હળવા કર્મનો હું નરસૈંયો'માં નરસિંહ મહેતાના જીવનને વિષયવસ્તુ બનાવી સામાન્ય માનવીને કેવી રીતે 'ઈશ્વર'માં રૂપાંતરિત કરી તેની સામાજિક છબી સાથે ખેલ કરવા તથા 'ચમત્કારિક પુરુષ'માં ખપાવી માનવીના કપટી વિચારને એકાંકીમાં કરુણગર્ભ અને પ્રતીકરૂપે વ્યક્ત કરે છે. છેલ્લે 'હવેલી' એકાંકીસંગ્રહના 'ગૃહશાંતિ', 'શા માટે ? શા માટે' અને 'ઇફિજિનિયા એ ત્રણ અ-મૌલિક(અનુવાદિત) એકાંકીઓમાં ઉમાશંકર જોશીની વિશ્વમાનવ તરફની ગતિ અને વિશ્વશાંતિ તરફની વિચારધારાનો કંઈક અંશે ખ્યાલ છે.

'સાપના ભારા' એકાંકીમાં એકાંકીકારે ગામડાના એક વાસ્તવિક દશ્યથી ઝીણવટપૂર્વક એકાંકીની શરૂઆત કરી છે. રૂઢિગ્રસિત સમાજના વરવા ચહેરાનું નિરૂપણ કરતું આ સામાજિક એકાંકી છે. 'બારણે ટકોરા' આર્થિક રીતે ઘસાઈ ગયેલા કુટુંબનું ગુજરાન કરતી અને આતિથ્યની જંજાળથી સ્વાર્થી મનોવૃત્તિથી ગ્રસિત નંદુ ગોરણીની

માનસિક વિસંગતતા આલેખાય છે. જેમાં આમ તો ન-જેવું વસ્તુ ગણાય; પરંતુ, એકાંકીકારે ખૂબ કળાકુશળતાથી અંતમાં ગંભીર ઘટસ્ફોટ કરી વિષાદપૂર્ણ બનાવી દીધું. 'ઊડણ ચરકલડી'માં રૂઢિગ્રસ્ત ગ્રામીણ જગતમાં પોતે જેને પરણવા ચાહતી ચંદણી કેશુ નહીં પણ તેના પિતાને પરણવાની છે, તે ઘટસ્ફોટ દ્વારા નારી સંવેદના અસંવેદનશીલ સમાજની વાસ્તવિકતા નિરૂપી છે. 'ખેતરને ખોળે' એકાંકીમાં સમાજમાં પ્રચલિત સાટાવિક્રયના કુરિવાજનો મુદ્દો ઉઠાવ્યો છે. 'શલ્યા' એકાંકીમાં કન્યાના જન્મને 'સાપનો ભારો' ગણતા સમાજની માનસિકતા પર કટાક્ષ કર્યો છે. 'કડલાં' એકાંકીમાં ગામડાના નાણાવ્યવહાર અને શોષિત-શોષણકરનાર સમાજ વચ્ચેના (અમીરી-ગરીબી)ની ગર્તતાને નિરૂપી છે. 'પડઘા' એકાંકીમાં ગ્રામ્ય અને શહેરી સંસ્કૃતિની વચ્ચે ઝોલા ખાતા સમાજનો પ્રભાવ બાળમાનસ પર કઈ રીતે ઝીલાય છે તેની સ્થિતિની વાત એકાંકીકારે કરી છે. 'દુર્ગા' એકાંકીમાં નિઃસંતાન ગૃહિણી અને આઝાદીના સેવક હરનાથ વચ્ચેના વૈચારિક સ્તરના અંતર અને સ્ત્રી ઝંખનાની મૂંઝવણના સંઘર્ષને વાચા મળી છે. 'ગાજરની પિપૂડી'માં યુવાન પાત્રો દ્વારા સૂક્ષ્મસ્વભાવ ભેદને ઊંડી કલાસૂઝથી નિરૂપ્યો છે જ્યારે 'વિરાટ જનતા'માં ઉપરોક્ત અલગ અલગએકાંકીના સૂચિત પાત્રોનો ઉપયોગ કરી-તેના પર પ્રયોગ કરી ભારતની વિરાટ જનતાના શક્તિબળ પર કટાક્ષ કર્યો છે. આમ, 'સાપના ભારા' એકાંકીસંગ્રહના મોટાભાગના એકાંકીઓ સામાજિક વિષયવસ્તુ લઈને લખાયેલાં જોવાં મળે છે.

'હવેલી' એકાંકીસંગ્રહમાં કંઈક પ્રયોગશીલ વલણ સાથે એકાંકીલેખન થયું હોય તેવી અનુભૂતિ થાય છે. 'શહીદનું સ્વપ્ન'માં હિન્દ સ્વાતંત્ર્યસંગ્રામના પેશાવરવિદને જીવલેણ રીતે ઘવાયેલા મુકુંદની અંતકાળની ખયાલી દુનિયાનું વર્ણન છે. 'નટીશૂન્યમ'માં મહાન નાટ્યસર્જકો - કવિઓ સાથે સ્વપ્ન સંવાદ સાધી સુંદર મર્મવાળું અભિનેય નાટક રચ્યું છે. 'પારખું'માં મધ્યમવર્ગના પરિવારનું ચિત્ર આલેખી સામાજિક હાસ્યરસિક શૈલીમાં સુખાન્ત નાટક રચ્યું છે. 'લતામંડપ' એકાંકીમાં સાહિત્યવિષયક વસ્તુ લીધું છે. તેમાં કાલ્પનિક સ્ત્રી સાથે વિદ્યમાન સાત લેખકોને પાત્રરૂપે રજૂ કરી સાહિત્યકારોના નખશિખ ચિત્રો આસ્વાદ્ય બન્યાં છે. 'માણેકચોક'માં તત્કાલીન આઝાદી બાદની દેશની સ્થિતિનો સંદર્ભ લીધો છે. ધીરૂભાઈ ઠાકર આ નાટકને 'રેડિયોરૂપક'ના પ્રકારનું લેખે છે. 'મુક્તિપ્રભાત' એકાંકીમાં ૧૫મી ઑગસ્ટના દિવસે એક વૃદ્ધ ૧૮૫૭થી ૧૯૪૭ સુધીના આઝાદી માટેના પુરુષાર્થની તવારિખોને ધ્વનિરૂપકના માધ્યમથી રજૂ કરે છે. 'ત્રણ ને ત્રીસે' અરુણના મનોગતને પ્રત્યક્ષ કરી જાતીય ચંચળતાને આલેખી છે. જ્યારે 'શહીદ'માં નવજાત બાળકોને દેવીને ભોગ ચઢાવવાની પ્રથા પર હથોડો વીંઝ્યો છે. 'હવેલી'માં કેશવ પ્રધાન બનતા લોકોના બદલાયેલા વલણને પ્રદર્શિત કરી સામાજિક શિથિલતાનું કરુણ દૃશ્ય આપ્યું છે. 'હળવાં કર્મનો હું નરસૈંયો' એ ચરિત્રાત્મક એકાંકી છે; જેમાં, આભડછેટના પ્રશ્ન તરીકે પાત્ર ઊભું કરી નરસિંહને ઇતિહાસપુરુષ તરીકે પ્રયોજ્યા છે. 'ગૃહશાંતિ' અનુવાદિત એકાંકીમાં હળવી માવજત સાથે પતિ-પત્નીના રિસામણાં-મનામણાં કે મૂંઝવણને હળવી શૈલીમાં રજૂ કરી છે. 'શા માટે ? શા માટે ?' અનુવાદિત કૃતિમાં યુદ્ધની ભયાનકતાને રંગભૂમિમાં પ્રત્યક્ષ કરવા એકાંકીકાર મથે છે.

આમ, આ સંગ્રહના એકાંકીઓમાં વિષય વૈવિધ્ય સાથે રેડિયોનાટક રચવાની પ્રયોગશીલતા અને ઉમાશંકરના જીવન સાથે જોડાયેલાં પાત્રો તથા વિચારોની ભૂમિકા

અહીં પ્રત્યક્ષ થતી જણાય. ઉમાશંકર જોશીના ગ્રામજીવન વિષયક એકાંકીમાં આદર્શવાદી - સૌન્દર્યલક્ષી - કાલ્પનિક સુખાન્ત નહીં પણ વાસ્તવિક પરિસ્થિતિનું નિરૂપણ દેખાય છે. તેમાં ગ્રામ્યજીવનનો લેખકનો સ્વાનુભવ અને જાતનિરીક્ષણોને વિષય તરીકે નિરૂપી માનવમન વિશે ઊંડા ગહન ચિંતનનો પ્રભાવ આ એકાંકીઓ પર પડ્યો છે. ગામડાનું સામાજિક-આર્થિક વાતાવરણ આ એકાંકીઓમાં કેટલીક વખત કાવ્યાત્મક તો કેટલીકવાર પ્રતીકાત્મક રીતે દેખાય છે. એ જ રીતે શહેરી જીવનની જાહોજલાલી વ્યક્ત કરી નથી; પણ, શહેરી રસ્તાઓ પર ઊભરાતાં માનવટોળાં વચ્ચે લોકોના મનમાં-અંતરમાં એકલતા-વિષાદને અભિવ્યક્ત કર્યો છે.

**વાતાવરણ :**

'એકાંકીમાં તો વાતાવરણ એ જ સર્વસ્વ છે' - એમ કહેતા ઉમાશંકર જોશી પોતાના એકાંકીમાં તેમાં પણ મુખ્યત્વે 'સાપના ભારા' એકાંકીસંગ્રહ ગ્રામપ્રદેશ, તેમાં રહેનારા લોકો, એ લોકોની જીવનશૈલી, રીતરિવાજ, આગ્રહ-પૂર્વગ્રહોનું નિરીક્ષણ આપણી સામે રજૂ કરતા અનુભવાય છે. ઉમાશંકર જોશી કલ્પનાનું આદર્શ, સજ્જનતાભર્યું, નિર્મળ, સુંદર, શાલીન ગામડાનું ચિત્ર આલેખવાને બદલે તત્કાલીન સમયની વાસ્તવિકતાને એકાંકી કલાત્મક સ્વરૂપે ચિતરે છે. આપણે ગામડાની પરિસ્થિતિનું સાચુંકલું અને તટસ્થ આલેખન 'સાપના ભારા'માં થતું જોઈ શકીએ છીએ. માનવમને કરેલું ઊંડું નિરીક્ષણ અને કવિની ઋજુ સંવેદનામાંથી ચળાઈને આવેલી સંવેદનશીલતા આપણે અનુભવી શકીએ છીએ. આ એકાંકીઓમાં ગુજરાતના ઉત્તર-પૂર્વ (ઇશાની) સીમાપ્રદેશમાં ઉપેક્ષિત એવાં ગામડાં, તેમાં વસવાટ કરતાં ગરીબ-અબુધ-નિરક્ષર લોકો, ગામનાં ખોરડાં, ફળિયાં, નદી-તળાવ-કૂવાં, ધાન્યથી વેરાન કે લહેરાતાં ખેતરો અને સાથે ગામડાંમાં સર્જાતું સામાજિક-આર્થિક વાતાવરણનું પ્રતીકાત્મક આલેખન આ એકાંકીઓનું જમા પાસું છે. ગ્રામજીવનની સૂચક વાસ્તવિકતાને આસ્વાદ્ય બનાવી વ્યક્ત કરવાની કળા ઉમાશંકર જોશીના એકાંકીને બળ પૂરું પાડે છે. બીજી તરફ 'હવેલી' એકાંકીસંગ્રહમાં શહેરીજીવનના ભભકાં કે ઝાકમઝોળને સ્થાને એકાંકીકાર  રસ્તા પર ઉભરાતા કીડી-મંકોડા જેવા શહેરીજનોના માનવ ટોળાંઓને કલ્પીને શહેરની એકલતા-વિષમતાનું ગમગીન વાતાવરણ સર્જે છે.

'સાપના ભારા', 'બારણે ટકોરા', 'ઊડણ ચરકલડી', 'કડલાં', 'ખેતરને ખોળે' જેવાં ગ્રામજીવનના વાતાવરણને દર્શાવતાં એકાંકીમાં ગામડાંની પ્રજાના જીવન સાથે, નંદુની ડેલી, ખેતર, દલીચંદ શેઠની હવેલી, પખા સોનીની દુકાન, ઓસરી, કેશુ-ચંદણીનું લગ્નપ્રસંગે થતું મિલન, કન્યાના ગામડાના રીતિ-રિવાજોની પડખે ઘૂંટાતું જીવન જેવાં ગામડાંનાં એકવિધ રેખાચિત્રો એકાંકી સાથે આપણી આંખ સમક્ષ અંકિત થતા જાય. આ સંદર્ભે 'વિદાય', 'દુર્ગા', 'હવેલી' સ્વાતંત્ર્ય સમયની દેશની રાજકીય ભૂમિકાનું આખું વાતાવરણ આપણી આંખ સામે તરવા લાગે. 'પડઘા', 'દુર્ગા', 'ત્રણ ને ત્રીસે', 'ગાજરની પિપૂડી', 'માણેકચોક'માં શહેરીજીવનનું આંખે દેખ્યું આલેખન કૃતિઓને ભાવસભર બનાવે છે, તો ગ્રામીણ અને શહેરી જીવનનું  બેકગ્રાઉન્ડ જીવતાંજાગતાં વાસ્તવિક પાત્રોને ઉઠાવ આપવામાં પણ મહત્ત્વનું કાર્ય કરે છે. આમ, અર્વાચીન રૂઢિચુસ્ત ગ્રામીણ સમાજ અને ભાવશૂન્ય શહેરી સમાજજીવનનું નિરૂપણ કરવાને સહાયક એવું વાતાવરણ શબ્દોના માધ્યમે

ઉપસાવવામાં અને વાચક કે દર્શકના ચિત્તમાં એ વાતાવરણની ઊંડી છાપ છોડી જવાના આયોજનમાં એકાંકીકાર સફળ થતાં જોઈ શકાય છે.

આમ, ઉમાશંકર જોશીના એકાંકીમાં આપણે પાત્ર-પ્રસંગને સમુચિત એવું વાતાવરણ જોઈ શકીએ છીએ તથા આ વાતાવરણ તૈયાર કરવામાં એકાંકીકારે આંખ-કાનની શક્તિ ઉપરાંત પાત્રના, મનોભાવ અને પહેરવેશ વગેરેનો પણ ભરપૂર લાભ લીધો છે. 'બારણે ટકોરા'માં શહેરના કસ્બાના ધોરી રસ્તા પરનું ઘર અહીં બતાવ્યું છે તો બીજી તરફ શબ્દચિત્ર રજૂ કરતા વળગણી ઉપરના લૂગડાંના લબાચા, પાટ નીચેની ખડકાયેલી દુનિયા-આ બધાનું હૂબહૂ ચિત્ર પણ અહીં રજૂ થાય છે.

'ઊડણ ચરકલડી'માં અર્વાચીન રૂઢિગ્રસ્ત ગ્રામીણ સમાજજીવનનું ચિત્ર છે. જ્યારે 'કડલાં'માં શોષણખોર સમાજચિત્ર ઉપસાવવા ઠાકરડા કુટુંબ-દલુચંદ શેઠ અને પખા સોનીનું વ્યવસાયિક અને ગ્રામીણ ચિત્ર રજૂ કર્યું છે; જ્યારે 'હવેલી' એકાંકીમાં સ્વાતંત્ર્યોત્તરકાલીન ગામડું રજૂ થયું છે, જેમાં ગામડું, ગ્રામીણ સમાજ અને ગ્રામ-માનવીઓનું કંઈક અલગ જ ચિત્ર પ્રદર્શિત થયું છે.

'પડઘા', 'દુર્ગા' કે 'ત્રણ ને ત્રીસ'માં શહેરી જગતનું વીટંબણાંથી ભરેલું ચિત્ર છે. 'પડઘા'માં બાળકો દ્વારા થતું મોટેરાઓનું અનુસરણ છે, તો 'દુર્ગા'માં 'વિશ્વ માતા' બનવાની રાહ છે અને 'ત્રણ ને ત્રીસ'માં કૉલેજિયન યુવકની માનસિક સ્થિતિનું ચિત્રણ છે. આ સંદર્ભે 'વિદાય'માં દેશની રાજકીય ભૂમિકા સંદર્ભે દેશના ગામડાંઓના સૈનિકોમાં પ્રજવલિત રાષ્ટ્રભક્તિનું આલેખન છે.

આ બધાં એકાંકીઓમાં ગામડાનું કે શહેરનું વાસ્તવદર્શી ચિત્ર કેન્દ્રસ્થ હોવા છતાં વિષયવસ્તુ, વિચારભાવ, રસ અને નિરૂપણનું વૈવિધ્ય ધ્યાન ખેંચે છે. એ જ રીતે આખા વાતાવરણને જીવંત કરવાની વર્ણનશૈલી એકાંકીકારને સાદ્યંત હોય તેવું દરેક ઘડીએ વાચકને અનુભવાય. આ એકાંકીઓમાં ગ્રામજીવનનું જેટલું સુંદર અને સૂચક રીતે વર્ણન કરી શક્યા છે એટલું એકાંકીકાર શહેરીજીવનનું વાતાવરણ નિરૂપી શક્યા નથી.

'લતામંડપ' એકાંકીમાં સાહિત્યકારોના વ્યક્તિ ચિત્રો તથા શબ્દચિત્રોના સ્કેચ કંઈ આ રીતે વર્ણવ્યા છે, જેના ઉદાહરણ જોઈએ તો,

- ભોગીલાલઃ અર્ધી બાંયનું - કદાચ આખું હોય તોપણ અર્ધી ચડાવેલી બાંયનું - પહેરણ : પણ એ ઉપરથી તમારી સાથે ઝઘડવા આવે છે એમ રખે માની બેસતા - અથવા તો ઘોઘરા અવાજે બોલે એથી પણ. પ્રણયના પણ એમના એ જ ઇલાજ છે. ટૂંકી, સુકલ, કડતલ, બરછટ આકૃતિ. એ જોઈ એમણે કવિતા માટે પસંદ કરેલા ઉપનામ 'ઉપવાસી'ની સાર્થકતા એકદમ સમજાઈ જાય છે. અને પોતાનો પરિચય આ શબ્દોમાં આપે છે.'
- 'ઉમાશંકર જોશી પ્રવેશે છે. દૂર દૂર, કહો કે દસ માઇલ પછી, મુકામ કરવાનો હોય એટલી ઝડપે, ખોપરી પર બારીક વાળની આછી છત. નાની હડપચી પાછળ ઊપસતી ડોક. પારદર્શક મુખભાવ. પણ એ જ તો મુશ્કેલી. એને ધોતિયું પહેરતાં આ જનમમાં આવડવાનું નથી.'

'ત્રણ ને ત્રીસ' એકાંકીને અરુણના મનોગતને પ્રત્યક્ષ કરવામાં પ્રયોગરીતિમાં સફળતા મળતી જણાય છે અને આખું એકાંકી સ્વપ્નદશ્ય રૂપે રજૂ થયું છે.

**સંવાદ :**

ઉમાશંકર જોશીએ તેમનાં એકાંકીઓમાં સંવાદોથી લક્ષ્યવેધી તીરની જેમ ધાર્યું કામ પાડ્યું છે. તે અભિનયક્ષમ તો બન્યાં છે સાથે સ્પષ્ટ આકૃતિ રચવામાં મહત્ત્વના પણ બન્યાં છે. 'સાપના ભારા' એકાંકીનો સંવાદ જોઈએ તો,

'પણ મૂઈ ધની વેવાણ ઘીનો શેરીકો ભર્યા કાજે રેલ્લીનો જીવ લેતી લાગે છે. આપણ ત્યાં હોત તો અત્યારે તો...ને તુરત જ એના પડઘામાં લીલી કહે છે :

એ તો માશીબા, ગાયથી કાંઈ કહેવાય છે કે મને ફલાણે ઘરે જ રાખો ? દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય !

આટલું બોલતાં લીલીના ગળે ડૂમો ભરાય છે અને વાછરડાં-રેલ્લી સંદર્ભનો આ સંવાદ ત્વરિત ગતિએ માનવ વેદનાથી ઘટનામાં પ્રવેશી જાય છે. એકાંકીમાં જીવંત પાત્રો સર્જવાની કળામાં આવા જીવંત સંવાદોનો ફાળો ખૂબ મહત્ત્વનો બને, જ્યારે અનાગતના આલેખન કરતા 'બારણે ટકોરા'નો સંવાદ જોઈએ તો, 'તારી છતે મારી આ આંખ્યો મીંચાઈ જાય, ને હું કોક રાંકને પેટ પડું ને કોક દી બારણું ઠોકું, તો તું નો જ ઉઘાડે ને?' પરભુ ગોરના આ શબ્દો એકાંકીના અંતમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

'ઊડણ ચરકલડી'માં 'વાઘણ' જેવી ચંદણીની મનોદશા દર્શાવતો માર્મિક સંવાદ જોઈએ તો, 'તુંય આણાં આવ્યે હીંડી જઇશ, પછી અહીં ચંદણીબાઈ મેવડો થઈને નાચશે આખા ગામમાં !' આ સંવાદમાં હસવાના પ્રયત્ન છતાં કુંવારા રહેવાની વ્યથા ભરી પડી છે, જ્યારે જીવી-વાલી-કેશુ-ચંદણીના સંવાદમાં ટોળ-ટિપ્પણ અને વિનોદના તત્ત્વોને ખપ પૂરતાં લીધાં છે. 'ખેતરને ખોળે'માં કૂવામાં પડતું મેલવા માટેની ભીખીની મનોદશા જમનાના સંવાદ દ્વારા સર્જાય છે. 'પડઘા' એકાંકીમાં માતા-પિતા અને બાળકોના સંવાદોમાં તત્ક્ષણ વાસ્તવિકતાના ચહેરા નજરે પડે છે. જ્યારે 'શલ્યા' એકાંકીમાં દેવકીના અને 'મારા વિના અરધો દહાડો તો ઘર ચલાવી જુએ!' એમ કહેતાં કંકુમાના પાત્રવિધાન અને સંવાદોમાં લેખકનો કલોન્મેષ દેખાય છે. 'દુર્ગા' એકાંકીમાં મહેમાન બિહારીને મન જે નાથ અને દુર્ગાનાં 'આદર્શ લગ્ન' હોય છે તેનો ભ્રમ દુર્ગાના અસંતુષ્ટમાં હ ો ય એવી લાગણી વ્યક્ત કરતા સંવાદમાં જણાય છે, 'આ મહાન પુરુષો જોડે નાની સ્ત્રીઓએ જીવતર કેમ કાઢવું ?' તથા 'એમની પહેરાવી ખાદીઓ પહેરી, ચા-પાણી છોડ્યાં, અંત્યજોને આપણા ગણ્યા, પણ આ તો, કહે છે, સાવ છેલ્લે પાટલે જઈને બેસું ! હું તો ચોખ્ખું કહું, મહાત્માની બૈરી થવાનું મારું ગજું નથી !...' આમ, સંવાદો દ્વારા સ્ત્રીની વેદના અને ઝંખનાનું નિરૂપણ આ એકાંકીમાં થયું છે. 'હવેલી' એકાંકીસંગ્રહના 'નટીશૂન્યમ્' એકાંકીમાં વિનોદ, વિપિન અને વિભાકર જે નાટ્યકાર પાસે માંગણી મૂકે છે તે સંવાદોને શૈલીમાં એકાંકીકારે નિરૂપ્યો છે.

**ભાષા-શૈલી :**

ઉમાશંકર જોશીના એકાંકીમાં એ સમયમાં પ્રથમવાર લોકબોલીનો પ્રયોગ શરૂ થાય છે. આ લોકબોલી ગામડાનું વાતાવરણ ઊભું કરવામાં કારગર નીવડી છે. એકાંકીઓમાં ભાષાની તાકાતને આપણે ડગલે ને પગલે અનુભવી શકીએ છીએ.

નાટ્યપ્રયોગની સંવાદ-ભાષા પર એકાંકીકારની નજર બરાબર કઈ રીતે ઠરી છે તે વિશે ઉમાશંકર જોશી 'સાપના ભારા'ની પ્રસ્તાવનામાં લખે છે કે, 'નાટકો

સંભળાવતાં, લોકજીવનમાં રસ લેનારાઓને સદ્ભાવ મળ્યો એટલે લખવાની પ્રવૃત્તિ ચાલુ રહી. સાંભળવામાં લોકબોલી કોઈને મુશ્કેલીભરી લાગતી ન હતી, છતાં છાપવા આપતાં પહેલાં એને જરી મઠારીને ગુજરાતી ભાષાને લગભગ મળતી બોલીમાં એનું જાણે કે ભાષાંતર જ કર્યું છે.'

ઉમાશંકર જોશીએ પ્રયોજેલી લોકબોલી ભાષાશૈલીના ચમકારા તેમના એકાંકીમાં પડઘાય છે. 'સાપના ભારા' એકાંકીમાં લીલી 'બાળરાંડ' જેવી તરવાડણ 'મશલમાંન' સંગાથે ચાલી ગઈ તે માટે સહાનુભૂતિ દાખવતી 'દેહ જાગે ત્યારે શું કરે ?' એવો સચોટ પ્રશ્ન આવે, અંબાબાઈ 'મૂઈ જીભ કચડીને મરી કેમ નાં ગઈ ? જીવા તરવાડીનું ઘર બોળ્યું ! રાંડ નકટી !' - જેવા ઉદ્ગારોમાં સમાજની બોલી સાથે સમાજનું ચિત્ર પણ પ્રગટ કરતાં જણાય, જ્યારે આ જ એકાંકીમાં મેનાને મૌન રાખીને કરણનું સંધાન પણ એકાંકીકાર કરે છે. આ એકાંકીઓમાં તો ગ્રામીણ તળપદા શબ્દો વિશે ચંદ્રકાન્ત શેઠ 'ઉમાશંકરનો વાગ્વૈભવ'માં કહે કે, 'ધનબાઈની જીભે તો તળપદા શબ્દો ધાણીની જેમ જાણે ફૂટે છે. ધનબાઈ ને અંબાબાઈ - એ બે વેવાણો વચ્ચેના સંવાદમાં લેખકના ભાષાસામર્થ્ય-સંવાદસામર્થ્યનો નમૂનો :

ધનબાઈ : કહું છું, ફગત એક જ દવા છે, એ નાં કરી તો તમારું ને મારું એકીસાથે નાક વઢાવાનું છે ! હજી તમારા ધ્યાનમાં આવતું નથી ?

અંબાબાઈ : ધનબાઈ ! એવું શું બોલતાં હશો !

ધનબાઈ : એ તો તમારે તો ! તમારે કાંઈ ગમાવાનું નથી. નાગું ન્હાય શું ને નિચોવે શું ? અને એં...આ અમારો તો વેલો દશ-પંદર પેઢીથી પેલા લંબરનો છે, તે તમારી દીકરીને લીધે હવે મૂળમાંથી જવા બેઠો : મૂળ રાંડ કેવાંય પગલાંની આવી, તે મારા હરગોવનને ખાઈને નાં ધરાણી, તે પાછી અમનેય ? ...

- ઈંયાનો લોટો સાજા રહે ભા...! ...આ કળશ્યો તમારે ત્યાં વિયાશે તે અહીં રહેત તો દૂબળો પડી જાત ?' (બારણે ટકોરા)

- 'હરખા...! લે...! આ...' (કડલાં)

- 'ચાર છૈયાં છે તે ઈયાંની ચાંચમાંય કાંઈ ઘાલવું જોયે ને!' (કડલાં)

- શેઠના મે'માન તે અમારે તો માથાના મૉડ બરાબર છે તો' (કડલાં)

ઉમાશંકર જોશી ગ્રામમાનવીઓના બોલચાલની વિવિધ ભંગિઓ-લહેકા-લટકા અને વાંક-વળાંકોયુક્ત સંવાદોને ટૂંકાણ, માર્મિકતા અને વેધકતાથી રજૂ કર્યા છે. ગામડાંના જ શબ્દપ્રયોગો-રૂઢિપ્રયોગો ને કહેવતો વગેરેનો વિનિયોગ કરી સંવાદોને પ્રાણવાન બનાવ્યા છે.

'ઊડણ ચરકલડી'માં ચંદણીના ભાવને વ્યક્ત કરતું જીવીનું ગીત 'તું તો રે બેની ઊડણ ચરકલડી' અને તેમાંથી નિપજેલું શીર્ષક કટાક્ષનું સૂચક છે. 'શલ્યા' જેવા એકાંકીમાં ઉમાશંકર જોશી રમણીય ગીત દ્વારા નાટ્યાત્મકતા પ્રગટ કરે છે. તેથી જ તો શ્રી 'સરયૂ' આ અંગેના પોતાના પત્ર-લેખમાં નોંધ રજૂ કરતાં જણાવે છે : 'આછા-સૂચિત-કટાક્ષ સિવાય બીજી કાંઈ ખાસ ચમત્કૃતિ વિનાના આ નાટકમાં એ ગીત, રેતીના રણમાં લીલોતરીભર્યા ન્હાના Oasis સમું છે' તો ડૉલરરાય માંકડે 'સાપના ભારા'નાં એકાંકીઓના ધ્વનિપ્રધાન અંતોની વિશેષ નોંધ લેતાં કહ્યું છે કે, 'જેમ કાવ્યમાં અંતર્ગૂઢ

રહેતા ધ્વનિથી કાવ્યસંવેદનની મોહક ચમત્કૃતિ જન્મે છે, તેમ આ નાટકોમાં પણ નિગૂઢપણે સ્ફુરાયણ થતાં ધ્વનિતત્ત્વથી જ એની રમણીયતા વધે છે.'

ઉમાશંકર જોશીના એકાંકીમાં ડગલે ને પગલે કટાક્ષ, વ્યંગ કે વક્રોક્તિ કરતાં પણ વધુ એવા 'ચબરાકીઆપણા'ના પ્રયોગ થયા છે. 'નટી શૂન્યમ્'માં રંગભૂમિ પર સ્ત્રીપાત્ર નથી; પરંતુ, સર્વત્ર વાણી-વ્યવહાર-વર્તન કે અભિનયમાં અનુભવાય. 'લતામંડપ'માં સાંપ્રત સાહિત્યકારોના માર્મિક ઉદ્ગારો, બૃદ્ધિ, વિનોદવૃત્તિ, સંવાદોક્તિના નિરૂપણ તેમની બુદ્ધિની વ્યાપકતા નજરે ચઢે. આ એકાંકીમાં ઉમાશંકર જોશીની ભાષા લાઘવપૂર્ણ પણ ધારવાળી વ્યંગાત્મક છે. જે અનુસંધાને જયંતિ દલાલે આ એકાંકીને 'નરી ચાતુરી'ના નાટકમાં સ્થાન આપે છે તો મહેશ ચોકસી, 'સાંપ્રત લેખકવર્ગ-મિત્રવર્ગની ખાસિયતો પરત્વેના કલ્પકતા જેવી અગાઉ અવ્યક્ત રહેલી શૈલી-ખૂબીઓના કારણે શિષ્ટ-પાઠ્ય જેવા નવા નાટ્યપ્રકારની એક નમૂનાકૃતિ' તરીકે ઓળખાવે છે. 'પારખુ'માં હાસ્યનિરૂપણના નેપથ્યમાં લગ્નસ્થ સ્નેહ-સંબંધની વિચક્ષણ નબળાઈનું આલેખન થાય.

**જીવનદર્શન :**

એકાંકીકાર નાટ્ય દ્વારા રજૂ થતા જીવદર્શન વિશે 'સાપના ભારા'ની પ્રસ્તાવનામાં સભાનતા વ્યક્ત કરે છે. ચંદ્રકાન્ત મહેતા 'અનુરણન'(૧૯૭૩)માં કહે છે તેમ 'ગામડાંના જીવનના સ્ત્રીજીવનના કૂટપ્રશ્નો' પણ 'સાપના ભારા'ના સજીવ પાત્રો દ્વારા નિરૂપાયેલા છે અને તે આધારે જીવનના ભારને એકાંકીકારે વેંઢાર્યો છે. 'કડલાં' જેવાં એકાંકીમાં 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે'નો પડઘો પડતો સંભળાય છે, સાથે દલુચંદના ટાઢા ચાબખા સામે પોતાનું સ્વમાન જાળવવા મથતી હેતીના નિરૂપણમાં લેખકે મનુષ્ય સ્વભાવની ઊંડી પરખ અને સૂક્ષ્મ જીવનદૃષ્ટિનો પરચો આપ્યો છે.

'પડઘા', 'દુર્ગા', 'ત્રણ ને ત્રીસ' જેવાં એકાંકીઓ ઉમાશંકર જોશીના માનસશાસ્ત્રીય ઝીણવટભર્યા આલેખન અને નિરીક્ષણવૃત્તિના સાક્ષી બને છે. માનવીને પીડતા-મૂંઝવતા પ્રશ્નો-કોયડાઓ અને ભાવનાઓનું આલેખન કર્યા બાદ તેને નાટ્યાત્મકતા અને કલાત્મકતા અર્પવામાં તેમની કુશળતા દેખાય છે, જ્યારે 'ગાજરની પિપૂડી', 'વિરાટ જનતા', 'નટી શૂન્યમ્', 'પારખું', 'લતામંડપ', 'ગૃહશાંતિ', 'માણેક ચોક' કે 'મુક્તિમંગલ'માં ઉમાશંકર જોશીનું બુદ્ધિચાતુર્ય અને મૂર્ધન્ય સાહિત્યકાર તરીકેની પ્રતિભાથી નાટક અંજાયા વિના રહેતું નથી. આ એકાંકીઓમાં રચનારીતિનું સૌષ્ઠવ અને વૈવિધ્યતા ભરપૂર છે.

'ગાજરની પિપૂડી'માં સંવાદાત્મક શૈલીમાં ગ્રામીણ જનતાના ઉત્કર્ષ અને શ્રેય માટેની પોકળ વાતોમાં રચ્યા-પચ્યાં યુવકોનો દંભ આલેખાયો છે, જ્યારે 'વિરાટ જનતા'માં 'જીવન અને સાહિત્યના ઘર્ષણને આલેખ્યો છે; તો 'પારખું' એકાંકીમાં લગ્નજીવનમાં 'પડ્યું પાનું નિભાવી લેવા'ની સમાધાનકારી વૃત્તિના આધારે હસતાં રહીને લગ્નની વિષાદપૂર્ણ સ્થિતિ દર્શાવી છે. ઉમાશંકર જોશી દ્વારા એકાંકીમાં આંતર-બાહ્ય સંઘર્ષની પરાકાષ્ઠા જોઈ શકાય છે. પાત્રો અને વાતાવરણ વચ્ચેનો બાહ્ય સંઘર્ષ, પાત્રોની મનોભૂમિકામાં ચાલતો આંતરસંઘર્ષ વ્યંજનાપૂર્ણ અને વેધકતાથી રજૂ થયો છે. નાટકના અંતમાં ધ્વનિરૂપે રજૂ થતો માનવીય વેદના-કરુણતાની આર્દ્રતા આપણે અનુભવી શકીએ છીએ તથા વિષયવસ્તુને અનુલક્ષીને એકાંકીના શીર્ષકો પણ ખૂબ જ સચોટ મર્માળું ભાવને વ્યક્ત કરતાં જણાય છે.

'દુર્ગા' એકાંકીમાં અંતમાં હરનાથનો સંવાદ, 'દોઢ અબજને તારાં કરી શકતી નથી, તો લે આ એક જ - ને તારું કર!' -આ વાક્ય સાંભળી બિહારી દુર્ગાના પક્ષે કંઈ કહેવા જાય ત્યાં તો દુર્ગા કહે છે કે, 'એમ તો મેં સાત વરસ એમની સાથે ગાળ્યાં છે' - અહીં દુર્ગાના આ ઉદ્‌ગારમાં રોષને સ્થાને વિચારોની ઉર્ધ્વગતિ અને હરનાથની વિજય સિદ્ધિ છે અને હરનાથના સત્વ અને સત્ત્વની સાર્થકતા પણ છે. અહીં પોતાની નબળાઈ સામે ઝઝૂમવાનો, ઝૂઝતાં ઝૂઝતાં ટકવાનો ને એ પર પ્રસંગોપાત્ત, વિજય મેળવવાનો મનુષ્યનો આંતર ગુણધર્મ સાક્ષાત્ થાય છે. 'વિદાય' એકાંકીમાં સ્વાતંત્ર્યસંગ્રામ નિમિત્તે વ્યક્તિના જીવનમાં આવતા સંઘર્ષોના જ દર્શન થાય છે. 'શહીદ' એકાંકીમાં માનવીની શ્રદ્ધા-અશ્રદ્ધાના પ્રશ્નને આગળ કરી આત્મસમર્પણની ભાવનાને એક ઉદાત્ત અર્થમાં સિદ્ધ કરવાની એકાંકીકારે કોશિશ કરી છે.

**તખ્તાલાયકી :**

'સાપના ભારા'ની પહેલી આવૃત્તિમાં એકાંકીકાર કહે છે કે, નાટકો 'લખતી વખતે સાધારણ ગુજરાતી યુવાનને હોઈ શકે એનાથી વધારે રંગભૂમિનો અનુભવ મને હતો નહિ'. આમ છતાં એમના એકાંકીઓમાં તખ્તાલાયકી હોવાનું રંગભૂમિના જાણકારોનું ચોક્કસપણે કહેવું છે. જયંતિ દલાલ, ધનસુખલાલ મહેતા, નંદકુમાર પાઠક આદિ રંગભૂમિ સાથે જોડાયેલા સાહિત્યકારો 'સાપના ભારા'નાં એકાંકીને ઉત્તમ કોટિનાં જણાવ્યાં છે. આ એકાંકીઓની ભજવણી અંગે ધીરુભાઈ ઠાકર 'પ્રતિભાવ', ૧૯૭૨ (પૃ.૧૩)માં નોંધ છે કે, 'ઊડણ ચરકલડી', 'સાપના ભારા', 'બારણે ટકોરા', 'દુર્ગા' અને 'ગાજરની પિપૂડી' જેવાં એકાંકી અવેતનિક મંડળો દ્વારા વારંવાર ભજવાયાનો નિર્દેશ કરે છે ખરાં' - છતાં આપણી રંગભૂમિએ સાહિત્યની દૃષ્ટિએ ઉત્તમ કે વિલક્ષણ નાટકોની ભજવણીમાં પૂરતા પ્રમાણમાં સાહસિકતા ન દાખવવાનું તેઓ દુઃખ પણ વ્યક્ત કરે છે.

'કડલાં'માં એક તબક્કે દલુચંદ શેઠને કાલાવાલા કરતી હેતી, બીજા તબક્કે કડલાંને બચાવી લેવાની પરવાહ ન કરતી હેતીના બંને સ્વરૂપમાં લેખકની નાટ્યકળાના દર્શન થાય છે. 'પડઘા' એકાંકીમાં માતા-પિતાના વાસ્તવજીવન સાથે બાળકોના કાલ્પનિક જીવનનો ટકરાવ એકાંકીને વિશિષ્ટ નાટ્યાત્મકતા બક્ષે છે.

ઉમાશંકર જોશીના આ એકાંકીઓ અવારનવાર તખ્તા પર ભજવાયા છે, પરંતુ, રા. વિ. પાઠક નોંધે છે, એમ આ એકાંકીના વર્ણનો આરામખુરશી પર વાંચતા-માણવા રુચિકર લાગે તેટલાં રંગભૂમિના સંદર્ભમાં રજૂઆત અર્થે કઠિન લાગે છે. ગ્રામ જીવનનું વર્ણન અનેકવાર જોવા મળે જેમાં, 'બારણે ટકોરા'માં, ઘરની ઓસરી, આંગણું, ખખડધજ લીમડો, ડાળે લટકતા પંખીઓ, અનાજપાણીના શીકાં વગેરે વાચનક્ષમ બને, પરંતુ રંગભૂમિ પર આ વાતાવરણ સર્જવામાં ઘણા અવરોધો આવી શકે. એવી જ રીતે 'ખેતરને ખોળે'માં આસપાસ ખેતરો પથરાયેલાં રંગભૂમિ પર બતાવવા અઘરા પડે. 'કડલાં'માં બે દૃશ્યો સર્જ્યા છે, પરંતુ સળંગસૂત્રતા નથી. પહેલા વાણિયાનું ઘર-દુકાન-ખડકી તો બીજા દૃશ્યમાં તરત સોનીની દુકાન તથા ભઠ્ઠીમાં કંઈ તપવા મૂકેલાની કલ્પના શક્ય છે પણ રંગભૂમિ પર તેને ગોઠવવું મુશ્કેલ છે. 'હવેલી'માં ગામના ચોરાના વર્ણનમાં પરબડી, કબૂતરનો ફફડાટ, વેળુના કોથળા લઈ જતા ગાડાં, માટલાં લઈ જતો કુંભાર એ વર્ણનો વાચનક્ષમ છે, પરંતુ રંગભૂમિ પર આ ચિત્રો સર્જવા દુષ્કર બને છે.

હા, એટલું ચોક્કસ થાય કે આજના આધુનિક યુગમાં નેપથ્યમાં એનિમેશનના ઉપયોગ દ્વારા આપણે સ્ક્રીન, સાઉન્ડ, લાઈટ દ્વારા આ ચિત્રોને જીવંત કરી તો શકીએ.

'નટી શૂન્યમ્', 'લતામંડપ' જેવાં એકાંકી તખ્તાલાયકીના ગુણો ધરાવતા અભિનયક્ષમ બન્યાં છે. જ્યારે માણેક ચોક' અને 'મુક્તિમંગલ' એકાંકીને ધીરુભાઈ ઠાકર 'રેડિયોરૂપક' પ્રકારનું નાટક સમજે છે. તો 'શહીદ' એકાંકીને આંતરિક સ્વરૂપે ધીરુભાઈ ઠાકર 'એક રૂપક' કહે છે.

ચંદ્રકાન્ત શેઠ ઉમાશંકર જોશીના એકાંકીઓને મૂલવતા કહે છે કે, 'શહીદ' એકાંકીસંગ્રહમાં ઉમાશંકરની એકાંકીક્ષેત્રે પ્રવર્તમાન પ્રયોગશીલવૃત્તિનાં ઠીક ઠીક દર્શન થાય. એકાંકીના વસ્તુ, રજૂઆતાદિમાં વૈવિધ્ય છે. જે સઘનતા, સચોટતા ને સંતર્પક્તા 'સાપના ભારા'માં મળે છે તેનો ઠીક ઠીક અભાવ અહીં સાલ્યા વગર રહેતો નથી.' (પૃ.૭૬)

જ્યારે 'સાપના ભારા'માં જે ભાષાસિદ્ધિ લેખકે બતાવેલી તે 'હવેલી' એકાંકીમાં ફરીને અનુભવવા મળે છે. આ એકાંકીમાં ઉમાશંકરની કળી ફરી પોતાનું અસલી પોત પ્રકાશતી જણાય છે, પણ પછી જે એકાંકી 'હળવા કર્મનો હું નરસૈયોં' એમણે લખ્યું તેમાં એકાંકીની ચુસ્તતા ને સચોટતા પાછી જોખમાતી જણાય છે. આ એકાંકીમાં રેડિયો નાટક થવાની શક્યતા છે; પરંતુ એકાંકી તરીકે તે સંતર્પક નીવડતી નથી.'(પૃ.૭૬)

'શહીદીનું સ્વપ્ન' એકાંકીને ધીરુભાઈ ઠાકર 'ભજવવા માટે મુશ્કેલ પડે એવું વિચારપ્રેરક નાટક' ગણે છે તો આ એકાંકીમાં બુઝાતા દીપક દ્વારા શહીદનો જીવન-અંત સૂચવવાની તરકીબને મહેશ ચોકસી પણ 'નીરસ' ગણે છે.આ પછીના 'વિદાય' એકાંકીમાં ઉમાશંકર જોશીએ નવી માના આઘાત-પ્રત્યાઘાતમાં ઠીક ઠીક નાટ્યતત્ત્વ પ્રગટ કર્યું છે, પરંતુ તેના અંત ભાગની ચોટ ધારદાર લાગતી નથી.

અભિનય નાટકોમાં ધીરુભાઈ ઠાકર 'નટીશૂન્યમ્' 'સુંદર મર્મવાળું અભિનેય નાટક' તરીકે બિરદાવ્યું છે અને અહીં સ્વપ્નના કથાઘટક (મૉટિફ) પાસેથી એકાંકીકારે કામ લીધું છે.

'લતામંડપ' એકાંકીમાં ઉમાશંકર જોશી અનેક નાટ્યસૂચનો આપે છે જે નાટક ભજવવા કરતા નાટક સમજવાના ખ્યાલને બળ પૂરું પાડે છે. ક્યારેક તો કૌંસમાં દર્શાવેલ રંગનિર્દેશોમાં એમનું કાવ્યાત્મક વર્ણન-અર્થઘટનની ઊંડાઈ સુધી જઈ પહોંચે છે. એકાંકીનું વાચન પણ સૂક્ષ્મ અર્થઘટનોના દ્વાર ખોલી આપે છે.

'ગૃહશાંતિ' ઉમાશંકર જોશીનું મૌલિક એકાંકી નથી, પરંતુ ભજવવાના ખ્યાલથી ગુજરાતીમાં ઉતારવામાં આવેલું એકાંકી સ્પષ્ટ જણાય છે, તેથી રૂપાંતર છે. પાંચ વર્ષના દામ્પત્યજીવનનાં સહયાત્રીનો સંબંધ છેવટે તો સ્નેહ પર જ રચાયો છે, ત્યાં અભિનયની દૃષ્ટિએ લેખક અને સુકેશીના પાત્રો આસ્વાદ્ય અને રસિક બન્યાં છે.

'ત્રણ ને ત્રીસ' જેને જયંતિ દલાલ 'ઘણી બધી રીતે અન્-ઉમાશંકરી' નાટક લેખે પ્રયોજે છે તેમાં તેનું કથાવસ્તુ આજના પરિપ્રેક્ષ્યમાં સ્વાભાવિક ગણાય, પણ તેમાં જે કંઈ રજૂઆત છે તે નાટ્યની છે. તેની ટૅકનિકની અજમાઈશ મહત્ત્વની છે અને અરુણના મનોગતને પ્રત્યક્ષ કરવામાં આ પ્રયોગરીતિ ઠીક સફળ થતી જણાય છે.

અનંતરાય રાવળે ઉમાશંકર જોશીના 'સાપના ભારા' વિશેનો સંક્ષેપ અભિપ્રાય અભ્યાસકીય રીતે ઉપયોગી નીવડે એવો હોવાથી અહીં રજૂ કરું છું; 'આપણને સંતોષ

થાય છે કે ઉમાશંકરે સમાજદર્શન લક્ષ્ય તેમ જ નાટ્યવિધાન બંને પર એકસાથે સારું અવધાન રાખી બતાવ્યું છે. નાટ્યચિત પરિસ્થિતિઓની પસંદગી અને નાટકોના કલાત્મક અંત સુધીનું તેનું નિર્વહણ, એકાંકી નાટકમાં શક્ય તેટલી પાત્રોની ખિલવણી અને પ્રસંગોની રજૂઆત, પાત્રોચિત બોલી, નિરૂપિત વાતાવરણનો ઉઠાવ અને એવી તેવી બાબતો પરત્વે કશી જ ફરિયાદ કરવાપણું આપણે આપણે માટે રહેવા ન દઈ એમણે આપણા સમાજનાં માનવીઓના પાપ, જડતા, નબળાઈ, સ્વાર્થ, દુ:ખસુખ ઇત્યાદિનું જે સંવેદન પ્રેરતું દર્શન પોતાનાં પ્રસ્તુત નાટકોમાં કરાવ્યું છે તે નાટકોને એકાંકી-નાટકોના અને વાસ્તવદર્શનના, એથી ચડિયાતા નમૂના આપણને મળે નહિ ત્યાં સુધી, ઉત્તમ ગુજરાતી નમૂના ઠરાવે છે.'

આમ, એકાંકી ક્ષેત્રે ગુજરાતી સાહિત્યને એક માતબર એકાંકીકાર ઉમાશંકર જોશીના રૂપમાં મળ્યો એવું કહી તો શકાય, છતાં એક અરસા પછી ઉમાશંકર જોશીની કલમે એકાંકી પરનો આશરો છોડ્યો તેનો રંજ રહેશે અને તેમના પૂરી સભાનતા અને પ્રયોગશીલતાથી સર્જન કરેલા એકાંકીઓ તેમની વાસ્તવદર્શી શૈલી અને એકનિષ્ઠનું હંમેશાં સાક્ષીત્ત્વ આપતું રહેશે.

ઉમાશંકર નાટ્યશક્તિએ ગુજરાતી સાહિત્યને ઉત્તમ નજરાણું આપ્યું છે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ઉમાશંકર જોશીના એકાંકીઓ વધુ સાહિત્યિક છે તે ઘણાએ માન્યું છે, પરંતુ સાહિત્યિક નાટકે દિગ્દર્શક પાસે જઈને સ્ક્રીપ્ટમાં રૂપાંતર તો થવાનું જ છે, એ વાત ન ભૂલવી જોઈએ.

## 4.4 સારાંશ

આમ, આપણે જોઈ શકીએ છીએ કે આ બધા એકાંકીઓના સર્જનાત્મકતાનો વિષય તેમના વતનના સામાજિક વાતાવણ અને કાર્યક્ષેત્રના વાસ્તવજીવનમાંથી ઉઘડતો આવે છે. અહીં આપણે એ જરૂર કહેવું પડે કે દરેક એકાંકીમાં તેમની જીવન અને કાર્યગતિને જોવાની હકારાત્મક વિચારધારાનો પરિચય અવશ્ય મળે છે. જીવન ફક્ત જીવવા માટે નહીં પણ ઉત્કૃષ્ટ રીતે હૃદયપૂર્વક જીવી બતાવવા માટે છે. એવું સભાનતાપૂર્વકનું આલેખન એકાંકીઓમાં થયું છે. 'માનવ મટી બનું વિશ્વમાનવી' તે તેમણે સાર્થક કરી બતાવ્યું છે. સામાજિક, રાષ્ટ્રપ્રેમ અને સાહિત્યસૃષ્ટિની પૃષ્ઠભૂમિ પર રચાયેલા આ એકાંકીઓ ઉમાશંકરના વૈચારિક ઉત્કર્ષની સુપેરે ઝાંખી કરાવે છે.

## 4.5 પુનરાવલોકન

**(ક) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

૧. એકાંકીકાર તરીકે ઉમાશંકર જોશીનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.
૨. ઉમાશંકર જોશીનાં એકાંકીઓમાં આવતો સામાજિક પરિવશે તપાસો.
૩. ઉમાશંકર જોશીનાં એકાંકીઓનું એકાંકીના લક્ષણો આધારે મૂલ્યાંકન કરો.
૪. ઉમાશંકર જોશીનાં એકાંકીમાં આવતાં પાત્રોના વૈવિધ્ય વિશે નોંધ લખો.
૫. ઉમાશંકર જોશીના એકાંકીઓની વસ્તુસંકલના વિશે તમારા શબ્દોમાં નિબંધ લખો.

**ટૂંકનોંધ લખો.**

૧. ઉમાશંકર જોશીનાં એકાંકીઓમાં નિરૂપિત ગ્રામજીવન.
૨. ઉમાશંકર જોશીનાં એકાંકીઓમાં આવતું વિષયવૈવિધ્ય.
૩. ઉમાશંકર જોશીનાં એકાંકીઓમાં બોલીપ્રયોગ.
૪. ઉમાશંકર જોશીનાં એકાંકીઓમાં પ્રગટ સંવાદનું ઔચિત્ય.
૫. ઉમાશંકર જોશીનાં એકાંકીઓમાં વ્યક્ત જીવનદર્શન.
૬. ઉમાશંકર જોશીનાં એકાંકીઓની અભિનેયક્ષમતા.

**4.6 લેખનપ્રવૃત્તિ**

- એકાંકી સાહિત્યસ્વરૂપ વિશે અને તેનાં લક્ષણો વિશે વિસ્તૃત લેખ આપો.
- પરંપરાગત નાટ્યસાહિત્ય, જૂની રંગભૂમિ, પૂર્ણ કદનાં નાટકો સાથે એકાંકીની તુલના કરતો લેખ તૈયાર કરો.
- ભારતીય સાહિત્યમાં અને પાશ્ચાત સાહિત્યમાં નાટ્યસાહિત્યના ઉદ્ભવની માહિતી એકઠી કરો.
- અર્વાચીન એકાંકીની શરૂઆત કેવી રીતે થઈ તેની ભૂમિકાને ગ્રીક સાહિત્યમાંથી શોધી નોંધ કરો.
- ગુજરાતી સાહિત્યમાં એકાંકીના ઉદ્ભવ-વિકાસની ભૂમિકા તમારા શબ્દોમાં લખો.

**4.7 સંદર્ભસૂચિ**


- શેષ નાટકો : 'અનાથ' : ઉમાશંકર જોશી ગુજરાતી નાટક : સતીશ વ્યાસ
- 'ઉમાશંકરનો વાગ્વૈભવ' (ખંડ : 2)—ચંદ્રકાન્ત શેઠ
- 'ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ—મહેશ ચોક્સી સર્જક પ્રતિભા શ્રેણી—ઉમાશંકર જોશી : ચંદ્રકાંત શેઠ
- 'સાપના ભારા' – ઉમાશંકર જોશી
- 'હવેલી' – ઉમાશંકર જોશી
- અભિનેય નાટકો – ધીરુભાઈ ઠાકર
- શૈલી અને સ્વરૂપ – ઉમાશંકર જોશી
- ગુજરાતી અનુરણન – ડૉ. ચંદ્રકાન્ત મહેતા
- કવિનો શબ્દ – જયંતિ દલાલ
- એકાંકી અને ગુજરાતી એકાંકી – સંપા. જયંત કોઠારી


---


**લેખન :** ડૉ.હેતલ ગાંધી, પ્રોફેસર અને ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.


---

એકમ 5

# હૃદયમાં પડેલી છબીઓ : ખંડ-1

5.0 ઉદ્દેશો
5.1 પ્રસ્તાવના
5.2 પૂર્વભૂમિકા
5.3 હૃદયમાં પડેલી છબીઓ ખંડ-1
5.4 તમારી પ્રગતિ ચકાસો

**5.0 ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ ગુજરાતી સાહિત્યમાં ચરિત્રલેખન બાબતે થયેલા કાર્યથી વિદ્યાર્થી માહિતગાર થશે. ઉમાશંકર જોશીના ચરિત્રલેખન અને રેખાચિત્ર આલેખનની વિશેષતાઓથી પરિચિત થશે.

**5.1 પ્રસ્તાવના :**

ગુજરાતી સાહિત્યમાં નર્મદે લખેલા કવિચરિત્ર અને મહાપુરુષોના ચરિત્રોથી ચરિત્રલેખનનો આરંભ થયો છે. એમ મનાયું છે. ચરિત્રલેખન સર્જક, સમાજસેવક, મહાનુભાવ કે અન્ય કોઈ પણ વ્યક્તિના જીવનની સામગ્રીનો આધાર લઈ લખાતું, વ્યક્તિના ચરિત્રનો ચિતાર આપતું આલેખન છે. નર્મદને જે આત્મચરિત્ર માટે લાગ્યું હતું. તેમજ મહાપુરુષોના જીવનચરિત્રો આપણી પ્રજાએ જાણવા જોઈએ, એમ લાગ્યાથી લખવાની શરૂઆત કરી હતી.

નર્મદ પછી નરસિંહરાય ભોળાનાથ દિવેટિયા 'સ્મરણમુકુર'માં આપ્તજનો અને અન્યના સંસ્મરણો આપે છે. બળવંતરાય ઠાકોર 'વિવિધ વ્યાખ્યાનો-2'માં પ્રેમાનંદ નવલરામ પંડ્યા, મણિલાલ નભુભાઈ, રમણભાઈ નીલકંઠ મણિશંકર રત્નજી ભટ્ટ અને નાનાલાલ કવિ આદિ સર્જકોના ચરિત્રો આપે છે. ગોવર્ધનરામ ત્રિપાઠીએ 'દલપતરામનો અક્ષરદેહ' નામનું જીવનચરિત્ર આપ્યું છે. નાનાલાલ 'આપણા સાક્ષર રત્નો' ભાગ-1 અને ભાગ-2માં આઠેક સર્જકોના જીવનકવનની માહિતી આપતા લેખો પ્રગટ કરે છે.

ચરિત્રલેખનમાં સ્વામી આનંદ એક વિશેષતા ઉમેરે છે. માત્ર મહાપુરુષોના જ નહીં સામાન્યજનો જે અનાયાસે હૃદયની માનવ્યની મૂડીને આધારે કશીય સ્પૃહા વિના કામ કર્યે જતા હોય તેવા - લોકજનોના ચરિત્રો આલેખવાનું શરૂ કરે છે. 'ધરતીનું લૂણ', 'કુળકથાઓ', 'સંતોના અનુજ', 'નઘરોળ' એ ચરિત્રગ્રંથોમાં આ ચરિત્રો પ્રગટ થયાં છે. સ્વામી આનંદ પાસેથી આથી વૈવિધ્ય સભર અને માતબર ચરિત્રો મળ્યાં છે.

કિશોરલાલ મશરૂવાળા જનસામાન્યની આસ્થા જેમાં છે તેવા 'રામ-કૃષ્ણ', 'બુદ્ધ અને મહાવીર', 'ઈસુ ખ્રિસ્ત', 'સહજાનંદ સ્વામી' દ્વારા ચરિત્ર લેખન કરે છે. 'ધૂમકેતુ' 'કવિકતા' નામની પુસ્તિકા દ્વારા બળવંતરાય ઠાકોર, નાનાલાલ કવિ અને ખબરદારના ચરિત્રોનો પરિચય કરાવે છે. રમણલાલ વસંતલાલ દેસાઈ, લીલાવતી મુનશી, ઝવેરચંદ મેઘાણી પોતાની આગળ શૈલીથી ચરિત્રલેખન કરે છે. મેઘાણીના 'માણસાઈના દીવા'માં રવિશંકર મહારાજની સેવા પ્રવૃત્તિમાં સંકળાયેલા લોકોના ચરિત્રો સાથે રવિશંકર મહારાજનું ચરિત્ર સારી રીતે વ્યક્ત થયું છે.

કિસનસિંહ ચાવડા અને જયંતિ દલાલના ચરિત્રલેખનમાં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના ચરિત્રલેખનમાં કોઈ મહાનતા, સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા જ નહીં હૃદય સમૃદ્ધિથી છલકાતા, દુઃખી છતાં દુઃખને ન ગણકારતા સહજતાથી અન્યને મદદરૂપ થતા ને દીવાના પ્રકાશામાં ન

આવતા જનોના ચરિત્રો છે.

ઉમાશંકર જોશી પૂર્વે થયેલા ચરિત્રલેખનનો આ આછો ચિતાર છે. ઉમાશંકર જોશી ચરિત્રો લખવાનું શરૂ કરે છે તે પહેલાં ચરિત્રલેખન વિશેના ખ્યાલો સ્પષ્ટ થઈ રહ્યાં છે. ચરિત્ર મહાપુરુષોના ને સાથે જેમના કાજે કોઈ મહાપુરુષ થાય કે જેમાંના કારણે કોઈ મહાપુરુષ બને તેવા સામાન્ય જનના ચરિત્રો આલેખવાનું શરૂ થઈ ચૂક્યું હતું. ઉમાશંકર જોશીએ ચરિત્ર લેખન શરૂ કર્યું તેમાં પોતે 'સંસ્કૃતિ' સામાયિકમાં તંત્રી હોવાને કારણ તરીકે સામે ધરે છે. 'હૃદયમાં પડેલી છબીઓ'ના આલેખનો આમ સમયાંતરે ઊભી થયેલી જરૂરિયાતમાંથી નીપજી આવ્યા છે.

ઉમાશંકર જોશીએ 'ગાંધીકથા' અને મસ્તબાલ કવિજીવન' એવા બે ચરિત્રો આપ્યાં છે. આ ઉપરાંત તેમણે કરેલાં ચરિત્રાલેખને 'સૌના સાથી, સૌના દોસ્ત' 'હૃદયમાં પડેલી છબીઓ : ખંડ-1 અને 2,' ઈસામુ શીદા અને અન્ય, '31માં ડોકિયું' અને 'થોડુંક અંગત'માં પ્રગટ થયા છે. 'ગાંધીકથા'માં પ્રસંગચિત્રો છે. ઉમાશંકર જોશીની દૃષ્ટિમાં કેટલાંક પ્રસંગોએ ઝીલાયેલા ગાંધીની છબી ગાંધીકથામાં મળે છે. 'મસ્ત બાલ' કવિજીવન એ બાલાશંકર કંથારિયાનું જીવનચરિત્ર છે. મોટેભાગે ઉપેક્ષિત રહેલા 'કલાની કવિ'ના સર્જકના જીવન અને કવન વિશે ઉમાશંકર જોશી અભ્યાસપૂર્ણ લખાણો આપે છે. ઉમાશંકર જોશીએ આપેલા આ 'મસ્ત બાલ કવિજીવન' એ બાલાશંકર કંથારિયાના જીવન અને સર્જનનો સુપેરે ખ્યાલ આપ્યો છે.

'ગાંધીકથા'માં ગાંધીજીના જીવનની બહુમૂલ્ય ક્ષણોમાંથી કેટલીક ક્ષણોને પસંદ કરી ગાંધીજીના ભવ્ય સુંદર જીવનને તેમણે પ્રગટ કર્યું છે. અહીં જુદાજુદા પ્રસંગો આલેખાયા છે. આ આલેખન પણ સમયક્રમ પ્રમાણે નથી. ગાંધીજી વિશેના લેખો જેમાં લખાતા ગયા તેમ સંસ્કૃતમાં પ્રકાશિત થતાં ગયાં. એટલે અહીં ગાંધીકથામાં જીવનક્રમ સચવાયો નથી. ગાંધીજીના જીવનના મહત્ત્વના પ્રસંગોને તેમણે કેન્દ્રમાં રાખ્યા છે. જોકે ગાંધીકથામાં ગાંધીજીના શૈશવની માંડીને ઉત્તરાવસ્થા સુધીના સમયગાળાને આવરી લેવાયો છે. ગાંધીજીના વિવિધ ગુણોને આ પ્રસંગો દ્વારા એ ઉજાગર કરી આપે છે.

'જીવનનો કલાધર'માં ગાંધીજી વિષયક કાવ્યો અને લેખો સંગ્રહાયાં છે. થોડુંક અંગત એ અંગત સંસ્મરણોને પ્રગટ કરતો મરણોત્તર ગ્રંથ છે.

### 5.2 પૂર્વભૂમિકા

'હૃદયમાં પડેલી છબીઓ' ખંડ 1 અને 2 ઉમાશંકર જોશીએ કરેલા રેખાચિત્રોનો સંગ્રહ છે. આ સંગ્રહમાં સ્વાગત પ્રવચન, અવસાન નોંધ જેવા પ્રસંગોએ ત્વરીત લખાયેલા લેખક કહે છે તેમ 'પેન સ્કે વિસ' - રેખાચિત્રો છે. શબ્દાંકનો એવો શબ્દપ્રયોગ પણ કર્યો છે. આ ચરિત્રલેખનની કળા છે જેમાં વિગતવાર વ્યક્તિના ચરિત્રનો તેના વિવિધ સંજોગોમાં પ્રગટ થતાં રંગોનો પરિચય આપવાનો હેતુ નથી હોતો. ઉમાશંકર જેવા પ્રબુદ્ધ સર્જક જ્યારે કોઈ વ્યક્તિ વિશેષ વિશે કહેવાનો પ્રયત્ન કરે ત્યારે આછી રેખાઓમાંથી જે તે વ્યક્તિના જીવન અને તેમણે કરેલું મહત્ત્વનું કામ ઝળકી ઊઠે. ચિત્રકલાની પ્રવિધિનો શબ્દ 'પેન પિક્ચર' છે ને સાથે ફોટોગ્રાફીનો શબ્દ છે 'છબીઓ !' 'હૃદયમાં પડેલી છબીઓ' - એ એક રીતે સ્પષ્ટ કરી દે છે કે અહીં જે રેખાંકનો છે તે વ્યક્તિ વિશેષનો સમગ્રલક્ષી પરિચય નહીં, લેખકના ચિત્તપટ પડેલી છાપને પ્રદર્શિત કરશે. હૃદયમાં પડેલી છબીઓ ખંડ-1 અને 2માં એ રીતે સિદ્ધ હસ્ત કલાકારના હસ્તે સહજતાથી આલેખાઈ ગયેલા શબ્દ ચિત્રો છે.

### 5.3 હૃદયમાં પડેલી છબીઓ ખંડ-1

હૃદયમાં પડેલી છબીઓ પ્રથમ ખંડમાં બધા થઈને પંચોતેર રેખાચિત્રો-શબ્દચિત્રો છે. ઉમાશંકર જોશી આ પ્રકારના પોતાના લેખનને 'Pen-Pictures' તરીકે ઓળખાવે છે. પ્રથમ ખંડના નિવેદનમાં આ લખાણો વિશે સ્પષ્ટતા કરતા કહ્યું છે. 'આમાંના ઘણાં શબ્દાંકનો હું તંત્રી ન હોત તો કદાચ થયાં ન હોત તેમ છતાં તે અંકમાં જગા ન હોય, પછીના અંક વખતે દૂર હોઉં, તે પછી મોડું થઈ જાય, - એમ આનંદશંકર જેને સદ્‌ગત સમકાલીનો અંગેનો

'હૃદયનો હક' કહે છે તે ક્યારેક તો એક-બે વાક્યો અથવા નામોલ્લેખ દ્વારા પ્રગટ થવા પામે.'

હૃદયમાં પડેલી છબીઓ પ્રથમ ખંડમાં જે શબ્દાંકનો વ્યક્ત થયાં છે તેમાં મોટાભાગના શબ્દાંકનો સદ્‌ગત સમકાલીનોને અંજલિ આપવા લખાયા છે. 'સંસ્કૃતિ' સામયિકમાં આ શબ્દચિત્રો/શબ્દાંકનો પ્રગટ થયા છે. એમાંથી પ્રથમ ખંડમાં ગુજરાતના દેશના અને વિદેશના સાહિત્યકારો અને મનીષીઓની છબી પ્રસ્તુત થઈ છે.

આ પ્રકારનું લખાણ પહેલીવાર ઈડરની માધ્યમિક શાળામાં ભણતા હતા ત્યારે સચ્ચરિત્ર હેડમાસ્તરના અભિનંદન પ્રસંગે એમણે કર્યું હતું. બીજું શરદબાબુના અવસાન વખતે 1938માં કોઈ સામયિકને માટે તૈયાર કર્યું હતું. 'હૃદયમાં પડેલી છબીઓ'માં જે શબ્દાંકનો છે એમાં સ્વાગત પ્રવચન, અભિનંદન પ્રસંગ વખતે આલેખાયેલી છબીઓ પણ છે. અહીં જે પંચોતેર શબ્દાંકનો છે તેમાં જેમના વિશે વિગતવાર આલેખન થયું હોય તેવામાં છે 1. ઝવેરચંદ મેઘાણી, 2. ભગવાનલાલ ઈન્દ્રજી, 3. ચૂનિલાલ મડિયા, 4. કનૈયાલાલ મુનશી, 5. અંબુભાઈ પુરાણી, 6. ટૉયમ્બી, આ સિવાય અહીં જેમના વિશે લખાયું છે તેવા બળવંતરાય ઠાકોર, ફાર્બસ, હિંમતલાલ અંજરિયા, અંબાલાલ જાની, હરિપ્રસાદ દેસાઈ, કવિશ્રી ખબરદાર, રામનારાયણ પાઠક, ચૂનીલાલ વર્ધમાન શાહ જયશંકર સુંદરી, ચાંપશીભાઈ ઉદ્દેશી, રમણલાલ દેસાઈ, ધૂમકેતુ, નાનાલાલ કવિ, દેશળજી પરમાર, રત્નમણિરાવ જોટે, પં. ઓમકારનાથજી, શયદા, પ્રાણજીવન પાઠક, ડોલરરાય માંકડ. યશવંત પંડ્યા, જયંતિ દલાલ, કૃષ્ણલાલ શ્રીધરાણી, પન્નાલાલ પટેલ, ગુલાબદાસ બ્રોકર, નિરંજન વર્મા, પ્રિયકાન્ત મણિયાર, પ્રબોધ પંડિત, આટલા ગુજરાતના દેશના જાણીતા મહાનુભાવોમાં મહાકવિ વલ્લાતોળ, મૈથિલી શરણ ગુપ્ત, કવિશ્રી દિનકર, ફિરાક ગોરખપુરી, કલાગુરુ અવન્તન્દ્રનાથ, જદુનાથ સરકાર, શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય, સજનિકાન દાસ, બુદ્ધદેવ બસુ, નરસિંહ ચિંતામણ, સ.જ. ભાગવત, આનંદકુમાર સ્વામી. વિદેશી મહાનુભાવોમાં ચેખોવ, રોમારોલાં, ક્રોચે, આન્દ્રેજીદ, સમરસેટ ઝોઝ, રોબર્ટ ફ્રોસ્ટ, ઈ.એમ. ફોસ્ટૅર, સેઈન્ટ જોન પર્સ, એફટીસ, ટી.એસ. એલિયટ યુજીન ઓ'નીલ, બોરિસ પાસ્તરનાક, અર્નેસ્ટ હેમિંગ્વે, ઇલ્યા એહરન બર્ગ, કાર્લ શેપીરો, ડિલન થૉમસ આન્ટ્રે માલરી, ઇતિહાસચાર્ય ટોયન્બી.'

આમ ગુજરાતના 44, દેશના 13 તથા વિદેશી 18 મહાનુભાવોના શબ્દાંકનો આ પ્રથમ ખંડમાં પ્રગટ થયાં છે. આમાં ઐતિહાસિક ક્રમ કે ઉચ્ચોવચતાના ધોરણોથી લખાયેલા શબ્દાંકનો નથી, કે નથી એવું વિશેષ વર્ગીકરણ.

આ શબ્દાંકનોમાં મેઘાણી, ભગવાનલાલ ઈન્દ્રજી કનૈયાલાલ મુનશી, મડિયા રાજા, અંબુભાઈ પુરાણી વિશે વિગતે આલેખન થયું છે.

'જેને પોતાનો સ્વધર્મ સૂઝી ગયો છે તે ખરેખરો સુખિયો છે.' - કાર્લાઈલના આ વાક્યને મેઘાણી માટે પ્રયોજીને મેઘાણીની સ્વધર્મ-સજગતાને ઉમાશંકરે પુરસ્કારી છે. મેઘાણીના ચરિત્રનું આલેખન સંશોધન દૃષ્ટિએ કર્યું છે. જન્મથી લઈને અવસાન સુધીની બધી જ ઘટનાઓને-પ્રસંગોને ઉમાશંકર જોશીએ શોધી શોધીને આલેખ્યાં છે. કલકત્તાથી એલ્યુમિનિયમના કારખાનાની ઊંચી પદવી વાળી નોકરી છોડીને સૌરાષ્ટ્ર / કાઠિયાવાડ પાછા ફરતા મેઘાણી વતનનો સાદ સાંભળીને તો ખરાં જ સાથે સ્વધર્મ સંભાળવા પાછા ફર્યા છે તેમ ઉમાશંકર જોશી નોંધે છે. આ સ્વધર્મ એટલે સાહિત્ય પોતાનું જો ખરું જ પણ લોકની જે 'અજડ વાણી' તેને જાળવી લેવાનો ઉદ્યમ એમને વતનમાં પાછા લઈ આવે છે.

'સદ્‌ભાગ્યે જીવનની શેષ એક પચીસી એ સાહિત્યજીવનને અર્પણ કરી શકે છે, પણ 'હું આવું છું' એમ કહે છે તે માત્ર સાહિત્ય જીવનને જ નહિ, સૌરાષ્ટ્રને પણ કહે છે. આ આખી પચીસી કલમની સાથે એ ધૂણે છે અને સૌરાષ્ટ્રના ગત ગૌરવને હંમેશને માટે લિપિબદ્ધ કરી આપે છે, નવીન સૌરાષ્ટ્રને પોતાની વાર્તા નવલકથા દ્વારા એના ચહેરાનું દર્શન કરાવે છે. અને ચાલુ પત્રકારત્વ ખેડીને એના વિકાસની માવજત કરે છે.' (પૃ.114, હૃદયમાં પડેલ છબીઓ : ખંડ-1)

ઉમાશંકર જોશી કવિ-સંશોધક ઝવેરચંદ મેઘાણીના સ્વધર્મને ઉજાગર કરતી પરિસ્થિતિ અને સંજોગોનું વર્ણન કરે છે. મેઘાણીની સંવેદન શીલતાના ઉદાહરણો આપે છે. એમ એક રાષ્ટ્રીય ગાયકનો પરિચય કરાવે છે.

'મેઘાણી એટલે સાક્ષાત્ સૌરાષ્ટ્ર. પચાસ વરસ સૌરાષ્ટ્રની ધરતી મેઘાણીના દેહરૂપે સૌની વચ્ચે વિહરીને પોતાના કેવા કેવા હૈયા ધબકાર રેલાવી ગઈ ? એ ભૂમિના સૈકાઓથી સંચિત થયેલી વેદનાઓ અને યાતનાઓ, એના લાજળ આંસુ, એની મૂંગી વીરતા, એના ઉન્મત બલિદાન, એના કાલાઘેલા આતમબોલ - બધુ મેઘાણીની વાણીના સ્પર્શની સજીવન થઈને ગુજરાતી ભાષામાં અમર પદને પામ્યું.' (પૃ. 145 હૃદયમાં પડેલી છબીયો ખંડ-1)

ઉમાશંકર જોશી તથ્યોનો, મેઘાણીના જ અવતરણોનો આધાર લઈ એક મહાન માનવ આત્માની અમર રેખા આલેખે છે. જરૂર પડ્યે તેમણે ગાંધીજીના અવતરણોનો આધાર લઈને પણ મેઘાણીના વ્યક્તિત્ત્વને ઉજાગર કર્યું છે.

'કાઠિયાવાડને ઓળખવામાં કુનેહ જોઈએ... કાઠિયાવાડમાં ઈતિહાસ પડ્યો છે, નૂર પડ્યું છે. ગામડાઓમાં ગુણ ભક્તિ અને નેક દિલી છે. પ્રજા ભોળી છે. શહેરનો પવન ત્યાં ઘૂસ્યો છે છતાંય આ અજ્ઞાન પ્રજામાં કળા, સૌન્દર્ય વગેરે ઘણું ભર્યું છે. રાજકીયતામાં પણ તેઓ બહુ કુશળ છે. એ સાહિત્યની શોધખોળ પાછળ મેઘાણી ગાંડા હતાં... જ્યારે આવું ડહોળાયેલું વાતાવરણ હોય ત્યારે મેઘાણી જેવા લોકસાહિત્યવીરો જો એ સંદેશોમાં હોય, તો આખું વાતાવરણ પલવારમાં પલટાવી નાંખે. એ તો જેમ કૃષ્ણની બંસરીની નાદે ગાયોનું ધણ કે ગોપીઓનું ટોળું કૃષ્ણની પાછળ જ હોય, તેમ સાહિત્યની બાબતમાં છે, પરંતુ કમભાગ્યે આવા સાહિત્યકારની કિંમત અંકાતી જ નથી. આપણે તેમને સમજી જ નથી શકતા. પરિણામે તેઓની જે ઝંખના હોય છે તે અધૂરી જ રહી જાય છે અને અકાળે આ દુનિયામાંથી અલોપ થઈ જાય છે.' (પૃ. 145 એજન)

મેઘાણી વિશેના આ શબ્દાંકનનું શીર્ષક જ મેઘાણી : 'કૃષ્ણની બંસરીની સેવા' એવું યથાર્થ આપ્યું છે.

ભગવાનલાલ ઈન્દ્રજીના શતાબ્દી પ્રસંગ નિમિત્તે બુદ્ધિપ્રકાશમાં લખાયેલ આ શબ્દાંકન વિશિષ્ટ પ્રકારનું સંશોધન શાખાના વિધાનને યોગ્ય અંજલિ છે. ભગવાનલાલ ઈન્દ્રજી વિશે ગુજરાતી સમાજ-શિક્ષિત સમાજ પણ કંઈ જાણતો નથી એનું દુઃખ વ્યક્ત કરતાં આક્રોશપૂર્ણ શાપવાણી પ્રગટે છે -

'જે પ્રજા સાચા પૂજાર્હોને ઓળખી શકતી નથી તે ક્રમે ક્રમે પૂજ્ય પુરુષાને પેદા કરવાની શક્તિ પણ ગુમાવી બેસે છે.' (પૃ. 02 હૃદયમાં.) નર્મદના સમકાલીન ભગવાનલાલ ઈન્દ્રજીના સંશોધનો વિશ્વખ્યાત થયાં છે. તેમણે કરેલા કાર્યને યોગ્ય મહત્તા નથી અપાઈ. 'નર્મદ મોટો હતો અનેક ક્ષેત્રમાં એણે કામ કર્યું હતું. પણ એનો સમગ્ર પુરુષાર્થ વિવિધ ક્ષેત્રોના ખેડાણામાં જ ખપ્યો-ખૂપ્યો. પરિપક્વ ફળની સિદ્ધિ. સર્વકાલીન મહત્ત્વની કાર્યસમૃદ્ધિ, એને જમે પાસે ન-જેવી છે. પ્રજાના નવોત્થાન વખતે એ બાહોશ નર સામે પૂરે પાપા પગલીએ ચાલવા મથતો દેખાય છે. એ દૃશ્ય બેશક માથું જમાવવા પ્રેરે એવું છે. પણ ક્ષત્રપવંશ સોપારાનો અશોકલેખ, ખારવેલ લેખ નક્કી કરનાર પંડિતજીનો પુરુષાર્થતો પૌરાણિક ત્રિ-વિક્રમની જ યાદ આપે છે.' (પૃ. 03 એજન)

ત્રિ-વિક્રમના પુરુષાર્થ સાથે ભગવાનલાલ ઈન્દ્રજીના કાર્યને મૂલવતી વખતે બહુ જ સભાનતાપૂર્વક તેમના સંજોગો, કાર્યક્ષેત્રની શક્યતાઓ, શારીરિક હાડમારી, એ કાર્ય સાધવા આડેની મુશ્કેલીઓ વગેરેને નજર સામે રાખે છે.

'પંડિતજીએ સતત પચીસ-ત્રીસ વરસ સુધી શારીરિક હાડમારીઓનો વિચાર સરખો કર્યા વગર સંશોધનના લગભગ અણખેડાયેલા ક્ષેત્રમાં અજબ ખંત, ધીરજ અને કલ્પના શક્તિથી કામ કર્યં છે.' - (પૃ. 3 એજન)

ભગવાનલાલ ઇન્દ્રજી આપણા એવા પુરાતત્ત્વવિદ હતાં જેમણે ‘ખારવેલનો શીલાલેખ, ગિરનાર તળેટીનો રુદ્રદામાવાળો શીલાલેખ, અલ્હાબાદના સ્તંભ પરના લેખમાંથી સમુદ્ર ગુપ્તના સમકાલીનોના નામ, ક્ષત્રપોના સિક્કાઓ પટથી આખી વંશાવાળી ગોઠવી, સોપારાનો અશોકના લેખનો ખંડ મેળવી વાચના તૈયાર કરવી આદિ કાર્યો જહેમતથી, મૌલિકતાથી, કલકત્તાથી તથા સત્યની ઝંખનાથી કર્યા છે. એમનું આ કાર્ય વિશે વાત કરતાં ઉમાશંકર જોશી કાર્લાઈલનું અવતરણ ટાંકે છે. ‘Hero : : as a Creator of the past (અભતના સર્જકરૂપે મહાનર)’ (પૃ. 4 એજન)

ઉમાશંકર જોશી એમનો પરિચય આપતા કહે છે.

‘ક્યાં જૂનાગઢની ધૂળિયા નિશાળ, ક્યાં લાયડન યુનિવર્સિટીની ડૉક્ટરેટની પદવી ? ક્યાં નાનકડા પ્રશ્નોરા કુટુંબમાં જન્મ ને ક્યાં લેંગ, ફાર્બસ, ડૉ. ભાઉદાજી, બ્યૂલર, કેમ્પબેલ વગેરેનું નવુ કુટુંબ ? ક્યાં એકવડા કાડાનું બેઠી દડીનું સાધારણ શરીર અને ક્યાં નાસિક ખંડવા ઓકારેશ્વર, ઈન્દોર, ઉજ્જૈન, ભીલસા, સાંચી, ઉદયગિરિ, બનારસ, અલ્હાબાદ, દિલ્હી, કાલસી, મથુરા આગ્રા, ગ્વાલિયર, નેપાળ વગેરેના અથાગ શ્રમપૂર્વક કરેલા પ્રવાસ? પંડિતજીનું જીવન એ હૈયા ઉકલત પ્રમાણે હાથ લાગેલા ક્ષેત્રમાં નમ્રપણે અવિરત મહેનત કરવાથી મળતી પરમ ઉજ્જવલ સિદ્ધિનું નિદર્શન છે’ (પૃ. 4 એજન)

ઉમાશંકર જોશીએ વિવિધ વિદ્વાનોના અવતરણો ટાંકીને ભગવાનલાલ ઇન્દ્રજીના વ્યક્તિત્વના સંશોધક-વિશ્વ પ્રસિદ્ધ સંશોધકના પાસાને ઉજાગર કર્યું છે. સાથે સહજ સરળ, નિરપેક્ષભાવે જીવન જીવતા આ મહામાનવના માનવ્યથી છલકાતા હૃદયના દર્શન કરાવ્યા છે. ભગવાનલાલ ઇન્દ્રજી તેમના ક્ષેત્રના વિદેશી સંશોધકો રેપ્સન, બ્યુલર અને મેક્સમૂલર દ્વારા જે માન મળ્યું છે તે ગુજરાતના અન્ય કોઈ સંશોધકને નહીં મળ્યું હોય.

મૃત્યુ પછીની ક્રિયાઓ નહીં કરવાની નમ્ર અરજ કરતા ભગવાનલાલ ઇન્દ્રજીમાં સુધારકવૃત્તિ છે, પોતે કષ્ટ વેઠીને અન્યને દુઃખમાંથી છોડવવાના પ્રસંગોમાં એમની પરોપકારવૃત્તિ પ્રગટ થાય છે.

પોતાની હસ્તપ્રતો એશિયાટીક સોસાયટીની મુંબઈ શાખાને સોંપતા વસિયતનામામાં એમણે નોંધ્યું છે કે, આ હાથપ્રતો મારા ગુરુ ડૉ. ભાઉદાજીની હાથપ્રતોની નજીકની અલમારી પર ગોઠવવી અને તેની ઉપર ‘ભગવાનલાલ ઇન્દ્રજી ડૉ. ભાઉદાજીનો શિષ્ય’ એવી તકતી મૂકવી.’ આમ ડૉ. ભાઈદાજી ગુરુમિત્ર પ્રત્યેનો ભાવ પ્રગટ થયો છે.

ભગવાનલાલ ઇન્દ્રજીને ગુજરાતના લોકો જાણે કે ન જાણે પણ ભારતના કેટલાક લોકો વિશ્વ પ્રસિદ્ધ છે તે શ્રેણીમાં ભગવાનલાલ ઈન્દ્રજીનું નામ પહેલી હરોળમાં આવે છે.

મડિયા વિશેનું શબ્દાંકન એ અનૌપચારિક રીતે શરૂ કરે છે. ચૂનીલાલ મડિયાની લાક્ષણિકતા ઉમાશંકર જોશી લેખક થયા પહેલા લખાયેલા પત્રમાંથી તારવે છે. ‘કોઈની પણ શેરશરમ રાખ્યા વગર મોઢામોઢ ટીખળપૂર્વક ટીકા કરી લેવાની શક્તિ’ (પૃ. 194 એજન) ઉમાશંકર જોશીએ બહુ ઓછા લોકોના ભૌતિક ચિત્રો આલેખ્યા છે. મડિયાના પરિચયમાં આ તાદર્શી વર્ણન જુઓ. ‘મડિયા ભીનેવાનું બેવડે કાઠે, ઊંચા કદના હતા. માથું, કપાળ મોટા. ગાલ ભરાવદાર આંખો મોટી. ચાલે ત્યારે એક ખભો સહેજ ઊંચો રહે અને તે તરફના હાથ ચાલ સાથે લયમાં હાલ્યા કરે. વિદ્યાર્થી અવસ્થામાં ઘણીવાર કાઠિયાવાડી મોટિયાર જેવા લાગતા. પણ હસે ત્યારે માંહ્યલો આખું પોટલું વેરાઈ ગયું હોય એમ પ્રગટ થઈ જાય. ગાલ સામ સામી દિશા તરફ ખેંચાય. પ્રમાણમાં નાના, સફેદ દાંતની ચમકી રહે. દાંત વચ્ચે જરીક જરીક જગા હતી. મડિયા હસે ત્યારે એક પ્રકારની નિર્દોષતા પ્રગટ થઈ ઊઠતી. કડવાશ, તીખી ટીકાઓ, એવું બધું પણ બધાની જેમ જ, મડિયાનેય તે ભાગે આપ્યા હતાં - કદાચ વધારે પ્રમાણમાં પણ હોય, તેમ છતાં એ બધા વચ્ચે મડિયા હસે ત્યારે પેલી નિર્દોષતા इयम् अहं-थो: - આ રહી હું - કરતીકને ફટકી જાય. હસે ત્યારે એમની આંખો પણ જરીક ઝીણી થઈ જતી અને એક જાતના ઉલ્લાસભર્યા માર્દવથી ચમકી ઊઠતી. મડિયાના વ્યક્તિત્વનું ખરું સ્વ-રૂપ એમના હસવામાં છતું થઈ જતું.’ (પૃ. 196 એજન)

આ વર્ણનમાં એમની આંતરિક ભાવસમૃદ્ધિનો ય ચિતાર એમણે આપ્યો છે. પણ આટલેથી ન અટકતા તેમની બેફિકરાઈ આપ રંગીપણું, દિલાવરી ભરી અદા આદિ ગુણોને પ્રગટ કરે છે. મેઘાણીની જેમજ મડિયાની પણ કાઠિયાવાડના જીવનની અનેક સ્તરની આત્મિયતાભરી જાણકારી તેમણે અનુભવી છે. તેની અસર તેમના લેખન પર પડી છે તેમ ઉમાશંકર જોશી માને છે. તેમના વ્યવસાય અને લેખન ક્ષેત્રમાં પણ મડિયાના ગુણો તેમણે પરખ્યાં છે. 'નવ નવા આરંભો કરવા, હાડમારી ગણકારવી નહીં. આ બધું મડિયાને મન મોટી વાત ન હતી. પલોટાવાની તક સંઘર્ષ વધાવી લે.' જન્મભૂમિમાં કામ કરતા મડિયા, વાર્તાલિખનમાં નિખરી આવ્યા તેમાં તેમનું બૃહત્ સંદર્ભ માળખું અને વતનની જનતાના વિશાળ જીવનના અનુભવોને ઉમાશંકર જોશી યશના ભાગીદાર ગણે છે.

'ઘૂઘવતા પૂર' અને અન્ય સર્જનાત્મક કૃતિઓના પ્રાગટ્ય, 'રુચિ'નું સંપાદન, અનેક વર્તમાન પત્રોમાં તેમના સ્તંભલેખો અને ધારાવાહિક નવલકથાઓ ચાલતી. મડિયાને 'મોટું મેદાન' જોઈએ એમ કહેતા ઉમાશંકર જોશી આગળ ઉપર યોગ્ય રીતે જ કહે છે કે, 'મડિયા તો મોટા જળનું માછલું' ત્યારે તેમના વિશાળ વ્યક્તિત્ત્વને ક્રિયાશિલતા માટે કશું નાનું ન ખપે તે જ અભિપ્રેત છે. 'મડિયાની પ્રાણશક્તિ, ચિત્તનો વ્યાપ, જીવન રસ એ મોટા માપના હતાં.'

ઝવેરચંદ મેઘાણીની જેમ જ મડિયા વિશે ઉમાશંકર જોશીએ હૃદયપૂર્વક ચરિત્રાલેખન કર્યું છે. ઘણી બધી ઝીણી ઝીણી વિગતો સાથે તેમના વ્યક્તિત્ત્વને આકાર આપ્યો છે.

કનૈયાલાલ મુનશીના શબ્દાંકનોમાં પેટા શીર્ષક જોવા મળ્યા. 1. મુનશી ષષ્ટિપૂર્તિ ઉત્સવ 2. મુનશી - એક મહાવ્યક્તિત્ત્વ 3. કયાં નિત્શે અને નેપોલિયન ક્યાં વ્યાસ અને શ્રીકૃષ્ણ, 4. આધુનિક ભારતના એક મહાન સ્વપ્નશિલ્પી 5. મુંજાલથી કીર્તિદેવ. આ જુદા જુદા સમયે લખાયેલા કે વંચાયેલા કે કહેવાયેલા લખાણો છે. મુનશી સાહિત્યકાર ઉપરાંત પણ ઘણું બધું છે. તેમના વિશેષ ગુણોને તેમણે આ શબ્દાંકનોમાં વ્યક્ત કર્યા છે.

'મુનશી આપણા અમર જ્યોતિર્ધરો'માંના એક છે.' ગુજરાતને એમણે અસ્મિતાનો બોધ કર્યો. જુવાન પેઢીના માનસમાં એમણે નવસ્વપ્નોના બી વાવ્યાં હતાં. નવ યુવકોને ઉલ્લાસનો મંત્ર તેમણે આપ્યો હતો. પ્રણાલિકા ભંજક તરીકે તેઓ બહાર આવ્યાં હતાં.' મુનશીના વિવિધ પરિમાણોને જુદા જુદા પ્રસંગોના આધાર સાથે ઉમાશંકર જોશીએ મૂકી આપ્યા છે. મુનશી સફળ ધારાશાસ્ત્રી, મહાન સાહિત્યકાર, દેશપ્રેમી સ્વાતંત્ર્યના લડવૈયા, રાજકારણમાં ઉચ્ચ હોદ્દાઓ સંભાળ્યા, સંસ્થાઓ સ્થાપી. આમ સતત પ્રવૃત્તિશીલ રહેલા મુનશીના વૃદ્ધાવસ્થાના ચિત્રો ય ઉમાશંકર જોશી આલેખે છે. ઉમાશંકર જોશીની જે વાત બહુ સાચી લાગે છે તે છે - 'રાજા રામમોહન રાય પછીના યુગમાં અર્વાચીન ભારતે નીપજાવેલા મહાન સાંસ્કૃતિક નેતાઓની નક્ષત્રમાલામાં તેમનું સ્થાન છે.' (પૃ. 58 એજન)... ગુજરાતની અસ્મિત અને 'ગુજરાતીતા'ની જીવનના આરંભે ઘોષણા કરી, પણ જીવનની સંધ્યાએ ભારતની અંતરતમ એકતાના ઉદ્‌ગાતા બક્ષી રહ્યું... ભારતનું જે ભાવના સ્વરૂપ છે- અધ્યાત્મ સ્વરૂપ છે. તેના, 'ભારત એક સાંસ્કૃતિક વ્યક્તિ'-ના પૂજારી બની રહ્યાં.' (પૃ.64)

મુનશીના ચરિત્રને આલેખવામાં મુનશીમા જે આદર્શ - નીત્શે, નેપોલિયન અને પોતે ભાર્ગવટેવના હોવાથી ભૃગુ-ના ગુણ-લક્ષણો મુનશીમાં પ્રગટ્યા છે એની પ્રતીતિ ઉમાશંકર જોશી આ જુદા જુદા સમયે લખાયેલા કે કહેવાયેલા શબ્દાંકનો દ્વારા વ્યક્ત કરે છે.

અંબુભાઈ પુરાણી વિશે વાત કરતાં ચરિત્રકારે ત્રણ પેટા શીર્ષકમાં જુદાજુદા પ્રસંગે કહેલી વાતોને મૂકી આપી છે. 1. દૂર છતાં નજીક 2. ગુરુ ફળ્યા 3. આપણા અંબુભાઈ : ગુજરાતના સૂક્ષ્મજીવનનો ચિરંતન અંશ. અંબુભાઈ પુરાણી વિશેના ઉમાશંકર જોશીના ઉદ્‌ગારો જુઓ - 'અંબુભાઈ એટલે ઉત્સાહની મૂર્તિ'

- 'સાવિત્રી' (શ્રી અરવિંદના મહાકાવ્ય) અંગે શ્રી અંબુભાઈને બોલતા સાંભળવા એ એક લહાવો છે.'

- અંબુભાઈ એટલે ઊછળતો પ્રાણશક્તિનો ઉદ્રેક. અંબુભાઈ એટલે વંટોળિયો.'

આમ, અંબુભાઈના વ્યક્તિત્ત્વની છાપ ઉપસાવતા ઉમાશંકર જોશી તેમની સાહિત્યકાર મૂર્તિનો પણ પરિચય આપે છે. શ્રી અરવિંદ ગુરુ પ્રત્યેના તેમના સમર્પણભાવને પણ સુપેરે પ્રગટ કરતા પ્રસંગો નિરૂપે છે.

'પચાસ વરસ પહેલાના ગુજરાતના શિક્ષિત તરુણોના વડીલ-બંધુ ત્રેવીસ વરસ સુધી ગુરુ ચરણોમાં નિસ્યંદચિત્તે એકાગ્ર થનાર આંતરયાત્રી - આત્મપથિક' ઝોળીમાં ગુરુભક્તિ અને યોગવિષયક જ્ઞાનસાધના લઈને ગુજરાત, આફ્રિકા, યુરોપ અમેરિકાના અનેક કેન્દ્રોમાં ફરી વળનાર નવતર કર્મયોગી, નવીન સાધકોના 'શાશ્વત યૌવનવંતા સુહૃદ, યુવાવસ્થાના જૂના મિત્રોના 'ઉગ્ર' છતાં માતાના જેવા 'માયાળુ' 'નિખાલસ હૃદયના' ચિરસ્નેહી દીકરી અતુને તાલીમની પસંદગી વખતે પ્રેય શ્રેય વિવેક શીખવતા અને તેની પસંદગી પ્રમાણે એને પૂર્ણ સહકાર આપતા 'અસાધારણ' વત્સલપિતા, ગુરુએ વિષ્ણુપુરાણનો એક ઉલ્લેખ માગતાં રાતે જાગીને સવારે એમને પ્રસ્તુત શ્લોક નિવેદિત કરી સદ્ગુરુની સાશ્ચર્યાનંદ આશિષ પામનાર એકાગ્ર સંકલ્પવાળા, નિષ્ઠાવાન અન્તેવાસી, આશ્રમના વિશિષ્ટ અતિથિઓને હૈયે વસી જતાં 'આનંદ પુરુષ', દૂરદૂરના વિદેશીઓના હૃદયમાં તેઓને 'પુરાણી નિવાસ' સ્થાપવાનું મજા થાય એવું ઊંડું સ્થાન પ્રાપ્ત કરનાર યોગ ભાષ્યકાર, સુજ્ઞ વિદેશીઓને મન અગ્નિની આંચ લગાડનાર 'તેજસ્‌ના યોદ્ધા' - આ યાદી મુજબના ગુણોને ઉજાગર કરતા પ્રસંગોનો આધાર લઈ આ ચરિત્ર લખાયું છે.

ગુજરાતના મહાનુભાવોના શબ્દાંકનો આલેખતી વખત 'ફાર્બસ'ને તેમણે વિદેશી નથી ગણ્યા. સ્કોટલેન્ડના વતની ફાર્બસ ગુજરાતમાં અમદાવાદમાં આસિસ્ટન્ટ જજ તરીકે એકવીસ વર્ષની ઉંમરે આવે, પોતાને ગમતા આ પ્રદેશના કલા-સાહિત્યની ચિંતા કરે. નવી સંસ્થાઓ સ્થાપે, પોતે આ પ્રદેશની દંતકથાઓ, ઇતિહાસ કથાઓ વગેરેનો ગ્રંથ 'રાસમાળા' લખે સેવા સ્વતંત્ર મિજાજના, ન્યાયપ્રેમી, વત્સલ સજ્જન ફાર્બસ સાહેબ વિશે નર્મદના શબ્દોનો આધાર લઈ ઉમાશંકર જોશી કહે છે. 'બુદ્ધિવર્ધકગ્રંથ'માં કદર કરતાં, પણ દર્દ ચોટપૂર્વક, યુવક નર્મદ લખે છે : ઓ દેશીઓ ! આ શાં તમારાં નૂર ! તમે કેવા ઊંઘાતા અને આળસુ છો કે તમારી પાસે પડેલી તમારી જ ચીજનું તમે ભાન નથી રાખી શકતા ! પરદેશીઓ ને વસ્તુઓનું ચોખ્ખું ભાન કરાવે છે. તો પણ તે ઉપર નિઘા નથી કરતા ! (પૃ. 18 એજન)

'ડાંડિયો'ના જ અવતરણનો ઉપયોગ ફાર્બસના ગુજરાત પ્રેમને વ્યક્ત કરવા કર્યો છે એ જુઓ.

'ભાંગના ક્યારામાં કોઈ વખત તુલસીમાં છોડ ઊગી નીકળે છે તેમ હાલ બે-ત્રણ વર્ષ થયાં ઘણી અવાયલી અને સઉની ડાઢે ચહડેલી 'સીવિલ-સર્વિસ'માં પણ જૂના ટોપીવાલાઓમાના કોઈ બડા અરદન સાહેબો નીવડેલા છે... તેવા મરનાર એલેકઝાંડર કી. ફોર્બ્સ સાહેબ થયા. ફક્ત એમણે સાહેલી ભોગવી જાણી નથી. એમણે તો ગુજરાત જ પોતાનું વતન જાણ્યું છે.' (પૃ. 20 એજન) 'ફાર્બસ વિલાસ', 'ફાર્બસ વિરહ' એ દલપતરામની રચનાઓ અને ડાંડિયોની અવસાન નોંધનો આધાર લઈ ફાર્બસનું આ રેખાચિત્ર આ લેખ્યું છે.

'હૃદયમાં પડેલી છબીઓ ખંડ-1'માં ગુજરાતના મહાનુભાવો વિશેના શબ્દાંકનોમાં મોટાભાગે અવસાનનોંધ નિમિત્તે લખાયેલા છે. દરેકમાં વ્યક્તિના વ્યક્તિત્વની તરત ધ્યાનમાં આવતી લાક્ષણિકતા અને ગુજરાતને કે સાહિત્યને કે સમાજને કે દેશને એ કઈ રીતે કામમાં આવ્યા તેની સહજ પરિચયાત્મક છબી આપણને પ્રસ્તુત કરી છે.

ઉમાશંકર જોશી રાષ્ટ્રીય કક્ષાના ને ઘણા તબક્કે વિશ્વકક્ષાના સર્જકોમાં સ્થાન પામેલા. એટલે ભારતીય સાહિત્યમાં અન્ય ભારતીય ભાષાના સર્જકો વિશે પણ સમયાંતરે શબ્દાંકને તેમણે કર્યા છે. આ શબ્દાંકનોમાં કવિ, ગદ્યકાર, કલા સર્જક, ઇતિહાસ-સંશોધન, સામાજિક કાર્યકરનો પરિચય આ શબ્દાંકનોમાં મળે છે.

કલાગુરુ અવનીન્દ્રનાથ ઠાકુરની ચિત્રકલાને.' અર્વાચીન ચિત્રકલાએ પુનર્જીવન અનુભવ્યું. સાચા અર્થમાં જેને ભારતીય કહી શકાય એવી ચિત્ર શૈલીનો જન્મ થયો, જેની પ્રત્યે પાશ્ચાત્ય કલાવિદો પણ સન્માનથી જોવા લાગ્યા' (પૃ. 228 એજન) કહીને બિરદાવી છે. તો ફિરાક ગોરખપુરી માટેનું શબ્દાંકન ઉર્દૂ કવિતાના સંક્ષિપ્ત ઈતિહાસનો ઉલ્લેખ કરીને આ ક્ષેત્રમાં ફિરાક ગોરખપુરીનું સ્થાન ચિહ્નિત કરી આપે છે. મૈથિલશરણ ગુપ્ત અને દિનકર વિશેનું શબ્દાંકન યોગ્ય રીતે જ તેમના કાર્યક્ષેત્રને ઉદ્‌ઘાટિત કરે છે. શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય, સજનિકાન્ત બસુ, બુદ્ધદેવ બસુ, કવિ વલ્લાતોળ, ક્ષમારાવ આદિના રેખાચિત્રોમાં તેમની કાર્યશૈલી અને ક્ષેત્રમાં કરેલા વિશિષ્ટ કાર્યનો પરિચય આપવાનો અભિગમ રહ્યો છે.

મહારાષ્ટ્રના સ.જ. ભાગવતનો પરિચય એમણે આ રીતે આપ્યો છે.

'ટૂંકૂ ધોતિયું, શરીરે ચાદર, કાબર ચીતરી ટૂંકી દાઢી, ચશ્માં પાછળથી ધસી આવતી પોતામાં સમાવી લેતી વત્સલ દૃષ્ટિ, ઘેરો અવાજ અને વશ કરી લેતું નિર્દોષ ઉજ્જવળ હાસ્ય - ક્ષણભરમાં આત્મીયતાનું વાતાવરણ સર્જાઈ જાય.' (પૃ. 245 એજન) આનંદ કુમારસ્વામીનો પરિચય આપતા એમણે 'પરદેશમાં હિંદના ગૌરવને પ્રતીત કરાવવામાં જેવો ફાળો વિવેકાનંદ, ટાગોર, ગાંધીજી અને શ્રી અરવિંદનો છે તેવો જ આ મહાપુરુષનો છે' (પૃ. 247 એજન) કહ્યું છે.

વિદેશી મહાનુભાવોમાં ટૂંકીવાર્તાના સર્જક ચેખોવ વિશે તેમની પચાસમી પુણ્યતિથિ પ્રસંગે લખતા ઉમાશંકર જોશી મોપાસા અને પીરેન્ડેલોનો ઉલ્લેખ કરે છે. મોપાસાની સાથે સરખામણી કરતાં તેમણે બંનેના સ્વભાવ લક્ષણો તેમના સર્જનમાં પ્રતિબિંબિત થાય છે તેની વાત કરી છે.

'મોપાસામાં વિધિના જેવી નિષ્ઠુર તટસ્થતા છે.' 'ચેખોવમાં, કહો કે વિધિના જ જેવી, અમોઘ આત્મિયતા છે.

આ બંનેની શક્તિઓનો સમન્વય પીરેન્ડેલોમાં થયો છે એમ ઉમાશંકર જોશી કહે છે.

રોમાંરોલાની એક ફ્રેન્ચ ચરિત્રકાર તરીકેનો પરિચય આપતી વખતે ભારતીય મહાનુભાવોના સુરેખ ચરિત્રો આપ્યા છે. તેમાં ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર, સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ આદિ ભારતીય વિભૂતિઓનો પરિચય કરાવ્યો છે. 'અર્વાચીન યુગમાં માનવી માનવી તરીકે જીવી શકે તે માટે રોલાં છેલ્લા શ્વાસ સુધી લડતા રહ્યાં. એમના લખાણોનો એક સંગ્રહ છે : 'I will Not Rest' - હું જંપવાનો નથી. રોલા માનવ જાતિનો અંતરાત્મા હતા. એને જંપ કેવો ?' (પૃ.254 એજન)

ઈટાલીના પ્રસિદ્ધ તત્ત્વચિંતક બેનેદેતો ક્રોચે, નોબેલ પારિતોષિક વિજેતા ફ્રેન્ચ નવલકથાકાર આન્દ્રેજીદ, સમરસેટ મોઝ, માનવતાના કવિ રૉબર્ટ ફ્રોસ્ટ, સાક્ષર કથાકાર ઈ.એમ. ફૉર્સ્ટર, ફ્રેન્ચ કવિ એલેક્સી સેઈન્ટલેગર 'સેઈન્ટ જૉમ પર્સ, નિત્યયાગી કવિ, એફરીસ, ટી.એસ. એલિયટ, યુજીન ઓ'નીલ, બોરિસ પાસ્તરનાક, અર્નેસ્ટ હેમિંગ્વે, ઈલ્યા એહટનબર્ગ, કાર્લ શૅપીરો, ડિલન થૉમસ, આન્દ્રે માલરો, ઈતિહાસાચાર્ય ટૉયન્બી વિશે તેમના કાર્યક્ષેત્રની આછી રેખાઓ આલેખીને શબ્દાંકનો કર્યા છે.

ઉમાશંકર જોશી આરંભમાં જ કહે છે તેમ 'સંસ્કૃતિ'ના તંત્રી-સંપાદક તરીકે સમયે સમયે લખવાનું થયું તે મુજબ આ શબ્દાંકનો થયા છે. કેટલાક સ્વાગત પ્રવચનો, જન્મ-પુણ્યતિથિને અનુલક્ષીને અપાયેલા અર્ધ્ય અને અવસાન નોંધ વખતે અંજલિરૂપે લખાયેલા લખાણોને એમણે 'હૃદયમાં પડેલી છબીઓ'માં પ્રકાશિત કર્યા છે. મહાનુભાવ વિશેષના ચરિત્રની અને તેમના કાર્યક્ષેત્રમાં પ્રદાનની માહિતી સાથે ભાવપૂર્વકનું અનુસંધાન તેમના આ શબ્દાંકનોમાં પ્રાપ્ત થયું છે.

### 5.4 તમારી પ્રગતિ ચકાસો

1. ચરિત્રલેખનનો આરંભ કોનાથી થયો છે ?
2. સુધારકયુગ અને પંડિતયુગના ચરિત્ર લેખકોના નામ જણાવો.
3. ચરિત્ર આલેખનમાં સ્વામી આનંદ કઈ વિશેષતા ઉમેરે છે ?
4. ઉમાશંકર જોશી 'હૃદયમાં પડેલી છબીઓ'ના આલેખનને કઈ રીતે ઓળખાવે છે ?
5. 'હૃદયમાં પડેલી છબીઓ ખંડ-1'માં કેટલા રેખાચિત્રો પ્રગટ થયાં છે ?
6. હૃદયમાં પડેલી છબીઓમાં કેટલા રેખાચિત્રો ગુજરાતના મહાનુભાવો વિશેના છે ?
7. 'જેને પોતાનો સ્વધર્મ સૂઝી ગયો છે તે ખરેખરો સુખિયો છે' - કાર્લાઈલનું આ વાક્ય કોના માટે ઉમાશંકર જોશી પ્રયોજે છે ?
8. પૌરાણિક ત્રિ-વિક્રમના પુરુષાર્થ સાથે નર્મદના સમકાલીન કયા સંશોધકના કાર્યને ઉમાશંકર જોશી સરખાવે છે ?
9. 'I will Not Rest' - હું જંપવાનો નથી' - આ કોના લખાણોનો સંગ્રહ છે.
10. તમને તેમના કાર્યથી પ્રેરણા આપનાર કોઈ એક મહાનુભાવ વિશે તમારા શબ્દોમાં 150 શબ્દોની મર્યાદામાં રેખાચિત્ર લખો.

**સ્વાધ્યાય**

1. 'હૃદયમાં પડેલી છબીઓ ખંડ-1'નાં રેખાચિત્રો વિશે સમીક્ષાત્મક નોંધ લખો.

**લેખન :** દીપક ભાનુશંકર ભટ્ટ : આસિસ્ટન્ટ પ્રોફેસર,
સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

## એકમ 6

# હૃદયમાં પડેલી છબીઓ : ખંડ-2

6.1 હૃદયમાં પડેલી છબીઓ ખંડ-2

6.2 તમારી પ્રગતિ ચકાસો

6.3 સ્વાધ્યાય

હૃદયમાં પડેલી છબીઓ-ખંડ-2માં 'ગુજરાતની, દેશની અને વિદેશની વિવિધ વ્યક્તિઓ અને વિભૂતિઓની છબી પ્રસ્તુત કરે છે. બે જુદા ખંડ કરવામાં કોઈ ઉચ્ચાવચતાનો નિયમ કે વર્ગીકરણની કોઈ પદ્ધતિનું અનુસરણ નથી જણાતું. સહજતાથી આ ભાગ પડ્યા છે. આ દ્વિતીય-ખંડમાં અઠ્ઠાવન શબ્દાંકનો છે. આ શબ્દાંકનો માંય પ્રસંગોપાત, કરેલા ને અવસાન નિમિત્તે કરવાના થયેલા શબ્દાંકનો છે. પહેલા ખંડમાં મનીષીઓની છબીઓ હતી અહીં વિભૂતિઓની છબીઓ છે. કોને મનીષી ગણવા અને કોને વિભૂતિ માનવા તે એમનું વ્યક્તિગત પણ સર્વ સંમત-સ્વીકૃત મંતવ્ય છે. આ ખંડમાં ગુજરાતની અઠ્ઠાવીસ, દેશની એકવીસ અને આઠ વિદેશી વિભૂતિઓની છબી પ્રાપ્ત થાય છે. અહીં પણ સમાજ સેવકો, રાજકીય મહત્ત્વ ધરાવતા અને આધ્યાત્મિક ક્ષેત્રે મહત્ત્વ ધરાવતી વ્યક્તિ/વિભૂતિઓના શબ્દાંકનો મળ્યા છે.

અલબત્ત, એવું કોઈ સ્પષ્ટ વિભાજન નથી કે આ દેશ-વિદેશને આ ગુજરાતના. અનુક્રમણિકામાં શરૂઆતમાં ગુજરાતની છબીઓ પછી દેશની, અને વિદેશની છબીઓ એવો સહજક્રમ બંને ખંડોમાં ઉમાશંકર જોશીએ જાળવ્યો છે. એ ક્રમમાં અહીં, દુર્ગારામ મહેતાજી, ત્રિભુવનદાસ ગજ્જર, સેવામૂર્તિ ઠક્કરબાપા, નાનાભાઈ ભટ્ટ ભાઈ મણિલાલ પારેખ, જે.પી. ત્રિવેદી, વિદ્યાગૌરી નીલકંઠ, શારદાબહેન મહેતા, અનસૂયાબહેન સારાભાઈ, કલ્યાણરાય જોશી, બૃહત્કુટુમ્બી દાદા સાહેબ, નરહરિભાઈ પરીખ, કિશોરલાલ મશરૂવાળા, સ્વામી આનંદ, બે શિક્ષકો, (જીવણલાલ દીવાન અને બલ્લુભાઈ) ઈન્દુલાલ યાજ્ઞિક, ભાઈકાકા, રામદાસ ગુલાટી, વૈકુંઠભાઈ લ. મહેતા, ગગન વિહારી મહેતા, બળવંતરાય, શ્રી મોટા, મગનભાઈ દેસાઈ, ઠાકોરભાઈ દેસાઈ, પરમાનંદ કાપડિયા, મનસુખરામભાઈ, અનોખા આચાર્ય 'એસ.વી.', બબલભાઈ મહેતા, આટલાં ગુજરાતના દેશની જાણતી વિભૂતિઓ માંગે. વિક્રમ સારાભાઈ ગુરુ નાનક, શ્રી અરવિંદ, શ્રીમાતાજી, સરદાર વલ્લભભાઈ પટેલ, રાષ્ટ્રપુરુષ રાજાજી, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, ડૉ. રાધાકૃષ્ણન, જવાહરલાલ નેહરુ, લાલબહાદુર શાસ્ત્રી, ડૉ. ઝાકીર હુસેન, મેં આયાહુ (અબ્દુલ ગફારખાન), માનવેન્દ્રનાથ રોય, સૌમ્યેન્દ્રનાથ ટાગોર, વિનોબા, શ્રીકૃષ્ણ પ્રેમ, ગુરુદયાળ મલ્લિક, સાને ગુરુજી, અગાશી પટના ગુલાબો-(રાવ સાહેબ પટવ ધર્મ), મહાપ્રાણ લોહિયા, પ્રો. જી.ડી. પારેખ, વિદેશી વિભૂતિઓમાં મહાત્મા લિંકન, સિડની વેબ, સ્તાલિન, કાયદે આઝમ ઝિણા, માઓત્સેતુંગ, ચાઉ એન.લાઈ, એડલાઈ સ્ટીવન્સન, જોન કેનેડી, માર્ટિન લ્યૂથર કિંગ.

દુર્ગારામ મહેતાજી ગુજરાતના નવજાગરણ કાળના પ્રથમ સુધારક વિશે મહિપતરામે જે ચરિત્ર લખ્યુ છે તેનો આધાર લઈ ઉમાશંકર જોશીએ આ શબ્દાંકન લખ્યું છે. માનવ ધર્મસભાના સ્થાપક દુર્ગારામ મહેતાજીની સાથે દાદોબા પાંડુરંગ, દલપતરામ માસ્તર, દામોદરદાસ, દિનમણિ શંકર શાસ્ત્રીએ માનવ ધર્મસભાના જે નિયમો ઘડ્યા હતા. તે નોંધવા જોગ છે. ઉમાશંકર જોશી તે નિયમો નોંધે છે 'પ્રથમ - સર્વસૃષ્ટિનો ઈશ્વર એક છે. બીજો - મનુષ્યમાત્રની જાતિ એક છે. ત્રીજો - મનુષ્યમાત્રનો ધર્મ એક, પણ જેણે પોતપોતાના ભિન્ન ભિન્ન ધર્મ માનેલા છે તે તેઓનો અભિમાન છે. ચોથો-મનુષ્યમાં ઉત્તમાધમ ગુણ ઉપરથી જાણવા, કુળ ઉપરથી જાણવા નહિ. પાંચમો-વિવેકને અનુસરીને કર્મ કરવાં. છઠ્ઠો -

ઈશ્વરાનુગ્રહાર્થ ભક્તિ કરવી. સાતમો-સદ્-માર્ગની શિક્ષા સર્વને કહેવી.'' દુર્ગારામ મહેતાજી ગુજરાતની વેદ્ય વિભૂતિ છે એમ કહીને ઉમાશંકર જોશીએ હિન્દુ ધર્મના મૂળ ગુણનું ઉદ્‌ઘાટન કર્યું છે :- 'આખા દેશમાં એ સમયે ખ્રિસ્તિ ધર્મનો પ્રભાવ અને પ્રતાપ વધતો જતો હતો. અહીંનો જર્જરિત ધર્મ તજી ખ્રિસ્તી ધર્મ કેમ અંગીકાર ન કરવો એ પ્રશ્ન ચેતનવંતા સૌ વિચારકો સમક્ષ ઉપસ્થિત થતો આવતો હતો. હિંદુ ધર્મના હજાર દોષો હશે, પણ એનામાં કોઈક અખૂટ ચેતન પણ છે. ખ્રિસ્તિ ધર્મ- સામે એણે પોતાનું ખ્રિસ્તીકરણ કરીને બંગાળમાં બ્રહ્મો-સમાજનું મોઢું કાઢ્યું અને પાછળથી પંજાબમાં ઈસ્લામ સામે આર્યસમાજરૂપે એ ખડો થયો, તેમાં એની જિજીવિષાના બળનો પરિચય થાય છે. એની એ પ્રવૃત્તિની વિગતોમાં ન ઊતરતાં અહીં એટલું જ નોંધવું પર્યાપ્ત થશે કે હિંદુ ધર્મ જર્જર બન્યો છે એવું એને ઓગણીસમી સદીમાં તીવ્ર ભાન થયું. અને એણે જો બચવું હોય તો પોતામાં રહેલા માનવધર્મના જે તત્ત્વો છે તેને ઉપસાવવા જોઈશે એવો એને - એટલે કે એના કેટલાક ચિંતકોને સાક્ષાત્કાર થતો ગયો. માનવધર્મને સાકાર કરતી એક વિશિષ્ટ જીવન સ્મરણી રૂપે જ કોઈપણ ધર્મ સજીવ રહી શકે... 1844માં ગુજરાતમાં જ્યાં ધર્મ માટે કોઈ સંક્ષોભ જેવું સહેજે જોવા મળતું નથી ત્યાં - દુર્ગારામ જેવા એક મહેતાજીને એ સત્યની કાંઈક ઝાંખી થાય છે એ ખરે  જ નોંધપાત્ર છે' (પૃ. 9 એજન) દુર્ગારામ મહેતાજીના રેખાચિત્રમાં તેમના સામાન્યથી મહાન થવાના ગુણો ઉમાશંકર જોશીએ નોંધ્યા છે. 'દુર્ગારામનું વ્યક્તિત્ત્વ 'ઘર દીવડાનું' છે. સમગ્ર ભારતના ચિદાકાશને ભરી દેતા સંસ્કાર જ્યોતિનું નથી.'- કહીને તેમના ગુણોનું સદૃષ્ટાંત આલેખન આ શબ્દાંકતમાં કર્યું છે. તે બહુ હિંમતવાળા, શાંત સ્વભાવના - વિરોધી આગળ મગજ ગુમાવ્યા વિના વાત કરી શકતા, વિરોધીને ન્યાય કરવાની વૃત્તિ, કર્મકાંડ, મૂર્તિપૂજા, અવતાર વગેરેના વિરોધી હતાં, પણ કાયમ પ્રાર્થના કરીને કાર્ય શરૂ કરતા, તેમના સમયની સ્થિતિની જાણ ભવિષ્યના લોકોને થાય તે હેતુથી એ નિત્ય નોંધ કરતા.

અસ્પૃશ્યતા વિશે એમના ખ્યાલ સ્પષ્ટ હતાં. એ 'મનુષ્ય જાતિ માત્ર એક કુટુંબ છે' એમ માનતા. મહાપુરુષના જે ગુણો છતાં દુર્ગારામ મહેતાજી રાજા રામમોહનરાય, કેશવચંદ્ર એમ જેવા મોટા ગજાના સુધારક ન થઈ શક્યા તેની પાછળનું કારણ આપતા ઉમાશંકર જોશી નોંધે છે. એ 'એમનામાં 'માનવ ધર્મસભા' સ્થાપના કરવા જેટલો અને સાત નિયમો તારવવા જેટલો ઉચ્ચ સદ્‌ગ્રાહ હોવા છતાં તેને સજીવ કરનારું ગતિશીલ ધર્મબળ પૂરતા પ્રમાણમાં જોવા મળતું નથી... ધર્મચર્ચામાં વિવેકની સાથે સાથે હૃદયનો જે ધક્કો જોઈએ તે કદાચ એમનામાં નથી. દુર્ગારામ મહેતાજી વિશેના શબ્દાંકનમાં તા.ક.ની નોંધ સાથે રાવ બહાદુર દાદોબા પાંડુરંગ આત્મચરિત્ર, તથા વિનાયક મહેતાએ લખેલા નંદશંકર મહેતાના જીવન ચરિત્રમાંથી આલેખનો મૂક્યા છે. જેમાં દુર્ગારામ મહેતાજીના ચરિત્રની રેખાઓ પણ પ્રાપ્ત થાય છે.

ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર-વિજ્ઞાનવીર એ પ્રો. ગજ્જરના શતાબ્દિ સમારોહ માટે લખાયેલું શબ્દાંકન છે. જેમાં પ્રો. ગજ્જરે સ્થાપેલા કલાભવન, એલેમ્બિક કેમિકલ વર્ક્સ અને તેમના ગુજરાતી સાહૃદો - મણિલાલ નભુભાઈ, બાલાશંકર સંથારિયા, ગોવર્ધનરામ ત્રિપાઠી, કેશવ હર્ષદ ધ્રુવ, બલવંતરાય ઠાકોર, માતૃભાષામાં શિક્ષણના હિમાયતી ત્રિભુવનલાલ ગજ્જરનું જીવનનું લક્ષ્ય  'બીજાઓને સુખી કરવામાં ગૌરવ લેવાનું રહ્યું' છે.

સેવામૂર્તિ ઠક્કરબાપાના 81 વર્ષમાં પ્રવેશ વખતે લખાયેલા શબ્દાંકનનો આરંભ જ ઠક્કરબાપાની સેવામૂર્તિને પ્રગટ કરી દે છે. - 'છેલ્લા ચાર દસકાથી આપણા દેશની દબાયેલી કચડાયેલી, જનતાને સેવામૃત પહોંચાડનાર' તરીકે ઉમાશંકર જોશીએ તેમનો પરિચય કરાવ્યો છે. શ્રી મેઘાણીએ 'ઠક્કરબાપાને અંજલિ' આપતા એમનો એક પત્ર પ્રગટ કર્યો તેમાં તેમની કરુણા મૂર્તિ-સેવાપૂર્તિ પ્રત્યક્ષ થાય છે. 'ભારત સેવક સમાજમાં જોડાતા પહેલા લખાયેલો પત્ર છે. તેમાં એમણે બધી જ જવાબદારીઓ અને લેણાથી મુક્ત થઈ પોતાના અંતરઆત્માના અવાજને સાંભળ્યો. ત્યાગ પણ કેવો ?' 'જીવનના સર્વ વિયોગો દુઃખકર છે, પણ હું તમને

સૌને ઉમદા સેવાકાર્ય માટે તજી જાઉં છું અને સમજું છું કે તમારા સૌની મને શુભાશિષો છે' (પૃ. 31 એજન)

ઉમાશંકર જોશી યોગ્ય રીતે જ કહે છે 'જેનું કોઈ નથી તેને પોતીકાં કરવાનો હૃદયધર્મ ઠક્કર બાપાએ પોતાના ચારેક દસકાના સેવાકાર્ય દ્વારા રેલાવ્યો છે.' (પૃ.32 એજન)

નાનાભાઈ ભટ્ટના 80માં વર્ષના સન્માન સમારંભમાં એમના કાર્યનું વિશેષરૂપે સ્મરણ કરતા ઉમાશંકર જોશી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટના વ્યક્તિત્ત્વનો-કર્તૃત્વનો પરિચય કરાવે છે. નાનાભાઈની શિક્ષણ સાધનાનો ટૂંકો પરિચય આ શબ્દાંકનમાંથી મળે છે.

'ભાઈ મણિલાલ પારેખ : ભાગવત જીવનના પુરુષાર્થી' એ શીર્ષક દ્વારા મણિલાલ પારેખ વિશેના શબ્દાંકનમાં આરંભમાં જ તેમનો પરિચય આપણને મળી જાય છે.

'વાતચીતમાં સહેજે ઊંડાણ અને વ્યાપકતાનો અનુભવ કરાવે એવી વ્યક્તિઓ વિરલ હોય છે. સદ્‌ગત મણિલાલ પારેખ એવી એક વિરલ સંસ્કાર સમૃદ્ધ વ્યક્તિ હતા. વિશાળું એવું ચિત્તનું સંદર્ભ માળખું, પાયાની વસ્તુ પર જ નજર ઠેરવવાની ટેવ, વિશ્વનો સમગ્ર ધર્મવારસો અપનાવવાની ઝંખના અને એ બધા પાછળ ઋજુ જાગ્રત પુરુષાર્થભરી ભાગવતી વૃત્તિ - આ બધાં લક્ષણો સદ્‌ગત મણિલાલ પારેખના જીવનને એક અનોખું વ્યક્તિત્વ અર્પતાં હતાં.' (પૃ.39 એજન)

જે.પી.ત્રિવેદી : મૂર્તિમંત અતિથિસેવા એ શબ્દાંકનમાં ટૂંકાક્ષરીમાં જ જે.પી.ત્રિવેદીસાહેબનો પરિચય મળી જાય છે. 'ગુજરાતનું મોઢું જે થોડા માણસોને લીધે ઊજળું છે, તેમાના પ્રો. ત્રિવેદી સાહેબ એક હતા' - (પૃ.43 એજન પૂનામા રહેતા ત્રિવેદી સાહેબ તેમની અતિથિ સેવા માટે જાણીતા હતા. આ અવસાનનોંધમાં ત્રિવેદી સાહેબની એક વિશેષ લાક્ષણિકતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું છે.'

'સામા માણસમાં માણસની માણસાઈમાં શ્રદ્ધા જગાડવાની અને એને સક્રિય બનાવવાની ગાંધીજીમાં જે અમોઘ શક્તિ છે તે ત્રિવેદી સાહેબ જેવાઓનાં જીવનમાં પ્રત્યક્ષ પ્રતીત થાય છે.' (પૃ.48 એજન)

વિદ્યાગૌરી નીલકંઠને આકાશવાણી પરથી અપાયેલી અંજલિમાં ઉમાશંકર જોશી કહે છે - 'વિદ્યાબેન એક સન્નારી તરીકે કોઈપણ પુરુષ કરી શકે તેટલી ચીવટ અને સજ્જતાથી પોતાની બધી પ્રવૃત્તિઓ ચલાવતાં, અને એમણે બધા પાસેથી જે સન્માન અને પ્રેમ મેળવ્યાં છે તે ગુજરાતમાં અને હિંદુસ્તાનમાં નારીની પ્રતિષ્ઠા સ્થાપવામાં ઘણો મોટો ફાળો આપનાર વસ્તુ છે.' (પૃ.51)

શારદાબહેન, અનસૂયાબહેન સારાભાઈ, કલ્યાણરાય જોશી, દાદાસાહેબ માવળંકર, નરહરિભાઈ પરીખ, કિશોરલાલ, મશરૂવાળા વગેરેના અવસાન પછી અંજલિરૂપે આ શબ્દાંકનો લખાયા છે. રામભાઈ ગુલાટી, વૈકુંઠભાઈ લ. મહેતા, ગગનવિહારી મહેતા, બળવંતરાય મહેતા, શ્રી મોટા, મગનભાઈ દેસાઈ, ઠાકોરભાઈ દેસાઈ, પરમાનંદ કાપડિયા, મનસુખરામભાઈ, આચાર્યશ્રી સુરેન્દ્રભાઈ વૈકુંઠભાઈ દેસાઈ, ડૉ. વિક્રમ સારાભાઈ, વિશેના સંક્ષિપ્ત શબ્દાંકનોમાં તેમનો પરિચય ઉમાશંકર જોશીએ કરાવ્યો છે.

શ્રી અરવિંદના દેહોત્સર્ગ પછી તેમના માટે લખાયેલા શબ્દાંકનમાં છેલ્લા દસકામાં કેટલી વિભૂતિઓને, મહાજનોને ગુમાવ્યાનું દુ:ખ વ્યક્ત કર્યું છે. 'ટાગોર, ગાંધીજી, રમણ મહર્ષિ અને શ્રી અરવિંદ, ગઈ સદીના રામકૃષ્ણ પરમહંસ, દયાનંદ અને વિવેકાનંદ આદિ ઉમેરીએ એટલે હિંદ પોતાની અવદશાની ઘડીમાં પણ હિમાદ્રિના શિખરોની માળા સમી વિભૂતિઓની કેવી પરંપરા પ્રગટાવી છે તેના દર્શન થાય છે. ક્લેશોથી ત્રાસેલું જગત અધ:પાતમાં અટવાયેલા હિંદ તરફ પણ અવારનવાર આશાની મીટ માંડતું હોય તો તે આવી વિભૂતિઓને કારણે' (પૃ.131)

સરદાર વલ્લભભાઈ પટેલ માટે લખાયેલા શબ્દાંકનો 1. ઓથ ગઈ, 2. એકતામૂર્તિમાં તેમના શ્રેષ્ઠ શાસનકર્તાના ચરિત્રની આછી રેખા આલેખી છે.

રાષ્ટ્રપુરુષ રાજાજી, ડૉ.રાજેન્દ્રપ્રસાદ, ડૉ.રાધાકૃષ્ણન, જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી, ડૉ.ઝાકીર હુસેન આદિનો અવસાન નોંધમાં તેમના વ્યક્તિત્ત્વની અને કર્તૃત્ત્વની સુપેરે જણકારી આપવામાં આવી છે.

'મૈં આયા હૂં' - શબ્દાંકનમાં અબ્દુર ગફારખાન (સરહદના ગાંધી તરીકે જાણીતા)ના હૃદય પર આઘાત કરે તેવા ઉદ્ધરણોમાં દેશ-વતન-આઝાદી માટેના કેવા સપના જોયાં હતાં એનો ખ્યાલ આવે છે. ઉમાશંકર જોશી એમની ભારતયાત્રા દરમિયાનના તેમના વ્યાખ્યાનો આધાર લઈ આ શબ્દાંકન લખે છે. તેમણે બે-ત્રણ પંક્તિમાં જ તેમનું વ્યક્તિત્ત્વ આલેખ્યું છે તે જુઓ.

'બાદશાહ ખાનની વયોવૃદ્ધ, આકૃતિ, એમનો વેદનાભર્યો ચહેરો, એમની કરુણાની તરતી આંખો અને ખાસ તો એમનો ઊંડો ગંભીર અવાજ - એ બધામાંથી પ્રેમનો, માનવી માનવી વચ્ચે ભાઈચારાનો સંદેશ નીતરે છે. (પૃ.173 એજન)

માનવેન્દ્રનાથ રોય - વિચારક ક્રાન્તિવીરની, અવસાન નોંધ, સૌમ્યેન્દ્રનાથ ટાગોર : અનેકરંગી પ્રતિભાને પરિચય કરાવતી અવસાન નોંધ ધ્યાન પાત્ર છે.

વિનોબાભાવે માટે લખાયેલું શબ્દાંકની ભારત દેશની આઝાદી અને ગાંધી મૂલ્યોની બાબતે પોતાની રીતે નિષ્કર્ષ કાઢતા વિનોબાની છબી પ્રાપ્ત થાય છે. ભૂદાને મહા અને જય જગતનો મંત્ર ક્રિયાશીલ કરતા વિનોબાની છબી નિરાળી છે તો વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચે સંધાન સાધવાનો પ્રયત્ન તેમની વાણીમાં મળે છે. ઉમાશંકર જોશી કહે છે-' વાણીને એ વિજ્ઞાન અને અધ્યાત્મની જોડાજોડ મૂકે છે. (192 એજન)

શ્રીકૃષ્ણપ્રેમ, ગુરુધ્યાન મલ્લિક, સાને ગુરુજી જેવા મહાનુભાવોનો આછો પરિચય આ શબ્દાંકનોમાં થાય છે. શ્રીકૃષ્ણપ્રેમનું દર્શન એમણે - 'કોઈ ગાંઠ-ગ્રન્થિ વિનાનું ઋજુસભર વ્યક્તિત્ત્વ પૂર્ણપણે સમર્પિત વિલસી રહ્યું હતું.' કહી આપણને કરાવ્યું છે.

'...સિંહ જેવો ચહેરો તરત ધ્યાન ખેંચતો. શરીર તો જાણે ચહેરાને વળગોડેલું ન હોય! મલ્લિકજી એટલે ચહેરો. બલકે ચહેરો નહીં પણ આંખો ના, આંખો પણ નહીં. મલ્લિકજી એટલે આંખોમાં તરવરતો માર્દવભર્યો ઊંડો નિઃસ્પૃહ સ્નેહ.' (પૃ.199 એજન) હૃદયમાં પડેલી છબીમોનો બીજો ખંડ ગુરુદયાળ મલિકજીને અર્પણ કરવામાં આવ્યો છે.

'આપણે જે દુનિયામાં જીવી રહ્યા છીએ તેમાં સાને ગુરુજી જેવા પુણ્યાત્માઓ પણ છે એ કેવડું મોટું આશ્વાસન હતું - કહીને સાને ગુરુજીની અવસાન નોંધનો આરંભ જ તેમના વ્યક્તિત્વ વિશે કેટલા બધા સંકેતો કરી દે છે !

મહાપ્રાણ લોઢિયા માટે તેમણે કહ્યું છે 'મહાપ્રાણ લોહિયાનું ખમીર, ભારતમાતા તારા અનેક સપૂતોમાં ઉછળો.' (પૃ.214)

પ્રો. જી.ડી. પારીખના શબ્દાંકનમાં પણ - 'પારીખનું સ્મરણ કરતાં જે મૂર્તિ નજર આગળ તરી રહે છે. તે તો છે શિક્ષણની અને સમગ્ર સમાજજીવનની સમસ્યાઓને હંમેશા સૂક્ષ્મતાથી ઊંડાણથી અને પૂરા સંદર્ભમાં જોવા મથનાર એક વિચારક બૌદ્ધિકની' એમ ટૂંકમાં જ છબી પ્રસ્તુત કરી દીધી છે.

મહામના લિંકનના વિચારોની પ્રભાવક અસર વિશ્વ પર પડી છે તેમાં જ અબ્રાહમ લિંકનનું ચરિત્ર વ્યક્ત થઈ જાય છે. ઉમાશંકર જોશીએ આરંભમાં જ નોંધ્યું છે - 'માનવજાતિના ઈતિહાસમાં લિંકનનું મુખ્ય અર્પણ એ છે કે એમના જીવનકાર્યથી અને બલિદાનથી લોકશાહી સ્વતંત્રતાને નવો અર્થ સાંપડ્યો છે : દરેકને માત્ર મત આપવાનો અધિકાર મળે એટલું જ નહીં, દરેક ખરેખરા સામાજિક-આર્થિક અર્થમાં સ્વતંત્રતા અનુભવે, નાગરિકો વચ્ચે કોઈ પ્રકારની અસમાનતા ન હોય, સમાજનો એક ભાગ બીજાનું શોષણ કરતો ન હોય.' (પૃ.217)

અબ્રાહમલિંકન સ્વતંત્રતાને-લોકશાહીને એક વિશેષ ગુણથી શોભાવે છે. ગુલતન પ્રથા નાબૂદ કરવાનું કામ સહજ-સરસ નહોતું. ગેટિસ બર્ગના લિંકનના પ્રવચનોમાં એમના વ્યક્તિત્ત્વનો રણકો સંભળાય છે. લિંકન માને છે કે 'જેમ મને ગુલામ થવું ન ગમે તેમ માલિક થવું પણ મને ન ગમે' (પૃ. 220)

સીડનીવેલ અને પ્રભાવશાળી સીલિનની અવસાન નોંધ સાથે તેમના પ્રભાવનું વર્ણન કર્યું છે. કાયદે આઝમ ઝીણા, માઓત્સેતુંગ, ચાઉ એન-લાઈ, એડલાઈ સ્ટીવન્સના, જૉન કેનેડી તથા માર્ટિન લ્યુથર કિંગના શબ્દાંકનોમાં વિશ્વમાં ચાલતા રાજકીય કાવાદાવાઓ અને સકારાત્મક કાર્યો, આદિનું સંભાષણ પણ ચાલે છે.

ઉમાશંકર જોશી હૃદયમાં પડેલી છબીઓ ખંડ બીજામાં જે શબ્દાંકનો કરે છે તે વિવિધ વ્યક્તિઓ અને વિભૂતિઓની મોટેભાગે અવસાન પછીની, કે જન્મ જયંતિ કે શતાબ્દિ પ્રસંગે અપાયેલી અંજલિરૂપે કરેલા છે. સાથે એમના પોતાના વિચારો જે તે સમયની સારી-માઠી પરિસ્થિતિ આદિના આલેખ સાથે તે વ્યક્તિ વિશેષના પદાર્પણને એમણે સંક્ષિપ્તમાં મૂકી આપ્યા છે. ઉમાશંકર જોશી પોતે જ વિશ્વ વ્યાપ્ત વિભૂતિ છે તેવો ખ્યાલ પણ યા શબ્દાંકનોમાં વ્યક્ત થયેલા તેમના વિચારોથી આવે છે.

**6.2 તમારી પ્રગતિ ચકાસો :**

1. હૃદયમાં પડેલી છબીઓ - ખંડ-2માં કેટલા શબ્દાંકનો પ્રકાશિત થયાં છે !
2. ગુજરાતના નવ જાગરણકાળના પ્રથમ સુધારક કોણ હતા.
3. માનવધર્મ સભાની સ્થાપના કરનારા પાંચ દદાઓના નામ જણાવો.
4. 'જીવનના સર્વવિયોગો દુઃખકર છે. પણ હું તમને સૌને ઉમદા સેવાકાર્ય માટે તજી જાઉં છું - અને સમજુ છું કે તમારા સૌની મને શુભાશિષો છે' - આ વિધાન કોના શબ્દાંકનમાં આવે છે ?
5. જય જગતનો મંત્ર કોણે આપ્યો છે ?
6. વિદેશી વિભૂતિઓના શબ્દાંકનો વિશે નોંધ લખો.
7. 'હૃદયમાં પડેલી છબીઓ ખંડ-2' વાંચી તમને ગમતા શબ્દાંકન વિશે નોંધ લખો.

**6.3 સ્વાધ્યાય**

1. હૃદયમાં પડેલી છબીઓ - ખંડ-2ના રેખાચિત્રો વિશે વિસ્તારપૂર્વક લખો.
2. ચરિત્રલેખક ઉમાશંકર જોશી વિશે વિસ્તૃત નોંધ લખો.

**લેખન :** દીપક ભાનુશંકર ભટ્ટ : આસિસ્ટન્ટ પ્રોફેસર,
સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

એકમ 7

# ઉમાશંકર જોશીનું પત્રસાહિત્ય

**રૂપરેખા**


7.1 ઉદ્દેશો

7.2. પ્રસ્તાવના

7.3 ઉમાશંકર જોશીનું પત્રસાહિત્ય

 7.3.1 પત્રસાહિત્ય વિશે

 7.3.2 ઉમાશંકર જોશીના પત્રસાહિત્યનો પરિચય

 7.3.3 પત્રલેખક તરીકે ઉમાશંકર જોશીની વિશેષતાઓ

7.4 સ્વાધ્યાય

7.5 વિશેષ અધ્યયન

7.6 સંદર્ભ પુસ્તકો


## 7.1 ઉદ્દેશો :

- આ એકમના અભ્યાસથી તમે પત્રસાહિત્ય વિશે માહિતી મેળવશો. અને પત્રસાહિત્યની ઉપયોગિતા તમારા ધ્યાનમાં આવશે.
- ઉમાશંકર જોશી જેવા સમર્થ સાહિત્યકારના પત્રલેખનનો તમને પરિચય થશે.
- ઉમાશંકર જોશીની પત્રલેખક તરીકેની વિશેષતાઓ કઈ છે તે તમે શીખશો.
- ઉમાશંકરના કેટલાંક પત્રો તમે પ્રત્યક્ષ વાંચી શકશો. અને તમે પણ એવા પત્રો લખવાનું શીખી શકો.
- અન્ય સાહિત્યકારોના પત્રસાહિત્યને વાંચવા અને તેના પરથી તેમના જીવન-સમયને સમજવા તમે પ્રેરાશો.

## 7.2 પ્રસ્તાવના :

આધુનિક સમયમાં સંદેશા વ્યવહારના માધ્યમોમાં ઘણું પરિવર્તન આવ્યું છે. કૉમ્પ્યુટર, ઈન્ટરનેટ અને મોબાઈલને કારણે પત્રલેખનની કલા હવે લુપ્ત થતી જાય છે. બાકી એક સમય હતો જ્યારે પત્રો લખવાનો અને વાંચવાનો એક જુદો જ આનંદ અને રોમાંચ હતો. ઘણાબધાં સર્જકોએ લખેલા આવા પત્રો સાહિત્યમાં પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સમર્થ ગદ્યકાર એવા શ્રી ઉમાશંકર જોશીનું પત્રસાહિત્ય ઘણું મહત્ત્વનું છે. બે સંગ્રહોમાં એમના પત્રો સંગ્રહિત થયા છે. 1928માં માત્ર 17 વર્ષની ઉંમરે અમદાવાદમાં તેઓ ભણવા આવ્યા ત્યારથી પોતાના કુટુંબનાં સ્વજનોને અને પછી કવિ-સાહિત્યકાર તરીકે પ્રસિદ્ધ થયા તેમ સાહિત્યના અનેક સ્વજનોને લખેલા પત્રો અહીં સંગ્રહ પામ્યા છે. ઉમાશંકરના આ પત્રોમાં તેમના આંતર વ્યક્તિત્વની કેવી છબી ઝિલાઈ છે અને પત્રલેખક તરીકે તેમની શી વિશેષતા રહી છે તે અહીં આપણે જોઈશું.

## 7.3 ઉમાશંકર જોશીનું પત્રસાહિત્ય

### 7.3.1 પત્રસાહિત્ય વિશે

પત્રલેખન એ સંદેશા વ્યવહારનું અને અંગત લાગણીઓ વ્યક્ત કરવાનું એક મહત્ત્વનું સાધન રહ્યું છે. આજે આધુનિક ઉપકરણોના યુગમાં એનું સ્વરૂપ થોડું બદલાયું છે, તેમ છતાં sms કે e-mail સ્વરૂપે આજે પણ પત્રો લખાતા રહે છે. આવા આધુનિક સાધનો નહોતા ત્યારે કલમ વડે કાગળ ઉપર લખાયેલા પત્રો લઈને ટપાલી આવે એની સૌ આતુરતાથી રાહ

જોતા. માતા-પિતાથી દૂર રહેતા સંતાનો વચ્ચેના પત્રો, બે પ્રેમીજનો વચ્ચેના પ્રેમપત્રો, મિત્રો વચ્ચેના આત્મીયપત્રો, સર્જકો મને કલાકારોના પોતાના ભાવકો-ચાહકો સાથેના પત્રવ્યવહારો એમ અનેક પ્રકારના પત્રોની એક અલગ જ દુનિયા હતી. પત્ર એ આમ તો આત્મકથાનું જ એક સ્વરૂપ છે. જે સમયે અને જે સંદર્ભે તે લખાયો હોય તે સમય-સંદર્ભનો તે યાદગાર દસ્તાવેજ બની રહે છે. જેને સંબોધીને તે લખાયો હોય તેની પ્રત્યેની પત્રલેખકની આત્મીયતા અને અંગત સંવેદનો તેમાં સીધેસીધા, નિખાલસપણે પ્રગટ થતા હોય છે. અમુકવાર પ્રત્યક્ષ ન કહી શકાય એવી ઘણી બધી વાતો પત્ર દ્વારા વ્યક્ત કરાતી હોય છે. પત્ર લખતી વેળાની લેખકની મનોસ્થિતિ - તેના મનમાં ચાલતી વિચારોની મથામણ - અંગત પત્રોમાં વ્યક્ત થાય છે. આમ પત્રો એ મોટેભાગે વ્યક્તિના આંતરમનની સાચી છબી પ્રગટ કરે છે. આવા પત્રો જ્યારે કોઈ સંવેદનશીલ સર્જકો લખે ત્યારે એનું એક આગવું જ મૂલ્ય હોય. સાહિત્યના સર્જકો દ્વારા લખાયેલા પત્રો પણ સાહિત્યના એક પ્રકાર લેખે જગતભરની વિવિધ ભાષાઓમાં સ્થાન પામતા રહ્યા છે.

ગુજરાતી સાહિત્યમાં ઘણાં નોંધપાત્ર પત્રો પુસ્તકોમાં સંગ્રહાયેલા છે. વિશ્વનાથ ભટ્ટ દ્વારા સંપાદિત 'નર્મદનું મન્દિર' (ગદ્ય વિભાગ)માં નર્મદે લખેલા ચૌદ પત્રો સમાવિષ્ટ છે તેના પરથી તત્કાલીન ભાષા અને સમાજજીવનના કેટલાંક પ્રશ્નોની વિગતો સાથે નર્મદના વિલક્ષણ વ્યક્તિત્વનો પણ સરળ પરિચય મળે છે. કલાપીના બે પત્રગ્રંથો પ્રગટ થયા છે - 'કલાપીના 144 પત્રો' અને 'કલાપીની પત્રધારા' આ બન્ને સંગ્રહોમાં કલાપીએ સાહિત્યકાર મિત્રો, કુટુંબીજનો અને સ્નેહીઓ પર લખેલા 679 પત્રો ગ્રંથસ્થ છે. આ પત્રોમાં કલાપીનું નિખાલસ અને લાગણીશીલ વ્યક્તિત્વ ઊપસે છે. ઉપરાંત તેમના જીવનની મનોમંથનની ક્ષણો અને તેમની ચિંતનશીલતાનો પણ પરિચય મળે છે. પત્રોની ભાષાશૈલી પણ ધ્યાન ખેંચે એવી છે. ગાંધીજીના અનેક લખાણોમાં પત્રો પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અનેક વ્યક્તિઓને સંબોધીને લખાયેલાં અસંખ્ય પત્રોમાં સાદી અને સરળ અભિવ્યક્તિ તથા વિચારોની સ્પષ્ટતા નોંધપાત્ર છે. 'ગાંધીજીનો અક્ષરદેહ' ગ્રંથમાળામાં આ પત્રો સંગ્રહાયેલા છે. ગાંધીજીના પત્રને સંપાદિત કરનાર કાકાસાહેબ કાલેલકર પાસેથી પણ ત્રણ પત્રસંગ્રહો મળ્યા છે : 'શ્રી નેત્રમણિભાઈને', 'ચિ. ચંદનને' અને 'વિદ્યાર્થિનીને પત્રો.' પહેલા સંગ્રહમાં બે મિત્રો વચ્ચેના લાગણીભર્યા સંબંધોનું આલેખન છે. અને બીજા સંગ્રહોમાં કૌટુંબિક જીવન અંગેના તથા નારીધર્મને લગતા મુદ્દાઓ પર કાકાસાહેબના વિચારો સરસ રીતે વ્યક્ત થયા છે.

પત્ર સાહિત્યમાં ખૂબ ધ્યાન ખેંચતું સંપાદન છે - ઝવેરચંદ મેઘાણીના પત્રોનું 'લિ. હું આવું,' પહેલાં 'લિ. સ્નેહાધીની ઝવેરચંદ'માં તેમના જુદી જુદી વ્યક્તિઓને લખેલા 176 પત્રો પ્રગટ થયા હતા. પરંતુ ત્યારબાદ તેમના કુટુંબીજનો અને અનેક સાથીમિત્રો પર લખાયેલા પત્રોનો બૃહદ સંચય 'લિ. હું આવું છું' નામે પ્રગટ થયો. આ બધા પત્રોમાં મેઘાણીના સંઘર્ષમય જીવનની અંતરછબિ સચોટ રીતે ઊપસી આવી છે. મેઘાણીની ઊર્મિલ અભિવ્યક્તિ અને ભાષાનો પ્રેમ અને જુસ્સો પણ તેમના પત્રોમાં જોવા મળે છે.

હિમાંશી શેલતે સંપાદિત કરેલ પુસ્તક 'સ્વામી અને સાંઈ'માં સ્વામી આનંદ અને મકરંદ દવે વચ્ચે ચાલેલા વીસ વર્ષના પત્રવ્યવહારો સંગ્રહ પામ્યા છે, જે બંને વિલક્ષણ સર્જકોના 'ઉઘાડા દિલનો દસ્તાવેજ' જેવા છે. બંને સર્જકોની ભાષામાં જોવા મળતી તળપદાં શબ્દોની સમૃદ્ધિ ખાસ નોંધપાત્ર છે. મનુભાઈ પંચોલી - 'દર્શક'ના પત્રોના પણ બે સંગ્રહો થયા છે : 'ચેતો વિસ્તારની યાત્રા' અને 'પત્ર તીર્થ' દર્શકના પત્રોમાં પ્રકૃતિથી માંડીને અધ્યાત્મ રાજકારણ, કેળવણી, કલા અને સાહિત્ય સુધીના અનેક વિષયો પર તેમના વિચારો નોંધપાત્ર છે.

આવા વાસ્તવિક પત્રો ઉપરાંત પત્રના માધ્યમથી રચાયેલી સર્જનાત્મક કૃતિઓ પણ ધ્યાનપાત્ર છે. તેમાં કાવ્યસ્વરૂપમાં હીરાબહેન પાઠકનું 'પરલોકે પત્ર' અને રાજેન્દ્ર શુક્લનું 'જત જણાવવાનું તને' (ગઝલો) નોંધપાત્ર છે. ઉપરાંત મધુ રાયે માત્ર પત્રો દ્વારા સર્જાયેલું

નાટક 'ચતુષ્કોણ' અને વિનોદ જોશીએ પત્ર નવલકથા 'મોરપિચ્છ' આપીને પત્રલેખનનો મહિમા કર્યો છે.

### 7.3.2 ઉમાશંકર જોશીના પત્રસાહિત્યનો પરિચય :

ઉમાશંકર જોશીના પત્રોના બે સંગ્રહો પ્રગટ થયા છે : (1) 'પત્રો' (1928-1950) અને (2) 'પત્રો : 2' (1951-1970) (પત્રોનો છેલ્લો અને ત્રીજો ભાગ 1971 થી 1988 સુધીના પત્રોનો પ્રકાશિત કરવાનું નિવેદનમાં જણાવ્યું છે પરંતુ હજુ સુધી તે પ્રગટ થયો નથી.) અહીં પહેલા ભાગમાં 329 અને બીજા ભાગમાં 604 એમ કુલ 933 જેટલા પત્રો સંગ્રહાયેલા છે. પોતાના જીવનકાળ દરમ્યાન આટલા બધા પત્રો લખનાર ઉમાશંકર 'ઘણીવાર મજાકમાં પોતાને 'અ મેન ઑફ લેટર્સ' કહેતા' એવું 'પત્રો'ના નિવેદનમાં તેમના દીકરી સ્વાતિબહેન જોશીએ નોંધ્યું છે. (અંગ્રેજીમાં લેખક કે સાહિત્યકાર માટે 'મેન ઑફ લેટર્સ' શબ્દો વપરાય છે, આમ તે અર્થમાં તો ઉમાશંકર 'મેન ઑફ લેટર્સ' હતા જ, પણ પોતે બહુ બધા પત્રો લેટર્સ લખનાર પણ છે એવી રમૂજ અહીં થઈ છે.) આ જ નિબંધમાં સ્વાતિબહેને નોંધ્યું છે કે ''(ઉમાશંકર) પોતાના ગામ બામણાથી નીકળીને મુંબઈ અને અમદાવાદમાં સ્થિર થયા ત્યારથી પોતાના કુટુંબના સ્વજનોને અને પછી બહોળા સાહિત્ય જગતના પરિવારના સ્વજનોને અને ત્યારબાદ જાહેર જીવનના વિસ્તૃત ફલક પર અનેક અધિકારી અને અન્ય વ્યક્તિઓને સતત પત્રો લખતા રહ્યા.''

ઉમાશંકર જોશીના અવસાન બાદ એમના પુત્રી નંદિની જોશીએ એમના સ્વજનો અને મિત્રો પાસેથી ઉમાશંકર દ્વારા લખાયેલા પત્રો મેળવવાનું શરૂ કર્યું. મોટાભાગના લોકોએ કાળજીથી સાચવેલા આ પત્રો આવ્યા. ત્યારબાદ એ પત્રોની નકલ કરાવી સમયાનુસાર ગોઠવી સંગ્રહ માટે હસ્તપ્રત તૈયાર કરી. મોટી સંખ્યામાં પ્રાપ્ત થયેલા આ પત્રોને અહીં સમયાનુક્રમે (વર્ષ પ્રમાણે) ગોઠવવામાં આવ્યા છે. 1928થી લઈને 1970 સુધીના ગાળામાં લખાયેલા આ પત્રો વાંચતા જઈએ તેમ ઉમાશંકર જોશીના જીવનના ઘણા બધા પાસાં આપણી સામે ખુલતા જાય છે. આરંભે ભણવાની સાથે દેશસેવાની તત્પરતા આર્થિક અગવડો વચ્ચે કુટુંબીજનો પ્રત્યેની લાગણી, પિતાના અવસાન બાદ સ્વજનોની જવાબદારી, નબળી આંખો સાથે વાંચવાનો-ભણવાનો સંઘર્ષ આ દરમ્યાન સર્જાતું સાહિત્ય, પ્રગટ થતાં પુસ્તકો સાહિત્યના નિકટના સ્વજનો સાથે થતી સાહિત્યિક ચર્ચાઓ, લગ્નજીવન શિક્ષક તરીકે, સંશોધક તરીકે, અધ્યાપક તરીકેની નોકરીમાં આવતા ચઢાવ-ઉતાર, સ્વતંત્રતા બાદ દેશની અને સમાજની સ્થિતિ જોઈને અનુભવાતી નિરાશા, જાહેર-જીવનના પ્રશ્નો અંગે ચિંતન, 'સંસ્કૃતિ' સામાયિક ચલાવવાની નિસબત અને મથામણ, દીકરીઓ પ્રત્યેનું વાત્સલ્ય જેવા કવિના વ્યક્તિત્વના અનેક સ્વરૂપો આ પત્રોમાંથી ઊપસતા જાય છે. જુદી જુદી વ્યક્તિઓને જુદા જુદા સમયગાળામાં લખાયેલા આ પત્રોમાંથી ઉમાશંકર જોશીના આંતરજીવનની કેવી ઝલક મળે છે તે હવે આપણે તપાસીએ.

આ પત્રોને અભ્યાસની સરળતા માટે મુખ્ય ચારેક વિભાગમાં વહેંચી શકાય. (1) કુટુંબીજનો પરના આરંભના પત્રો (2) સાહિત્ય પરિવારના નિકટના મિત્રો, મુરબ્બીઓને લખાયેલા પત્રો (3) દીકરીઓ પરના પત્રો અને (4) પ્રાસંગિક, વહેવારુ કામકાજના તથા કેટલાંક વિશેષ પત્રો.

### (1) કુટુંબીજનો પરના આરંભના પત્રો

સંગ્રહમાં ઉમાશંકરનો સૌ પ્રથમ પત્ર તા. 24 સપ્ટે. 1928ના રોજ મોટાભાઈ રામશંકર જોશીને અંગ્રેજીમાં લખાયેલો છે. તેમાં સારંગપુરમાં તેમના રહેવાના રૂમ અંગે અને આવનાર વેકેશનમાં પોતે મિત્રો સાથે આબુ જવાની યોજના કરે છે તેની માહિતી છે. ત્યાર પછીના પાંચેક વર્ષના પત્રો મોટે ભાગે રામશંકર જોશી તથા અન્ય ભાઈઓ, પિતા (જેઠાલાલ જોષી) મામા (કૃષ્ણરામ ઠાકર) મામી તથા અન્ય સ્વજનો પર લખાયેલા છે. તેમાં કેટલીક બાબતો નોંધપાત્ર છે. 1928માં ગુજરાત કૉલેજમાં દાખલ થયા એ જ વર્ષે ઓક્ટોબરમાં સાયમન

કમિશનના વિરોધમાં વિદ્યાર્થીઓએ પરીક્ષાનો બહિષ્કાર કર્યો ત્યારે પ્રિન્સિપાલે એમને ત્રણ રૂપિયાનો દંડ કર્યો, તેના વિરોધમાં કૉલેજમાં હડતાળ પડી. ઉમાશંકર પણ તેમાં જોડાયેલા ત્યારે એમના મામાએ બધું બાજુ પર મૂકી અભ્યાસમાં ધ્યાન આપવાનું જણાવ્યું હતું તેના જવાબમાં લખાયેલા પત્રમાં હજુ તો યુવાવસ્થામાં પ્રવેશતા ઉમાશંકરની દેશદાઝ સચોટ રીતે વ્યક્ત થઈ છે. તે નોંધીએ :

''આજ નવનવ દિવસથી સ્ટ્રાઈક ચાલુ છે. અને કૉલેજના કમ્પાઉન્ડમાં પણ કોઈ પેસતું નથી. બહાર રોજ સભા કોઈ અગ્રણીના પ્રમુખપદે ભરાય છે. અને વિદ્યાર્થીઓમાં નવીન જોમ ઊભરાય છે. હવે ત્રણ રૂપીઆ કે પુનઃ પરીક્ષા એવું કશું રહ્યું નથી; હવે તો ચોકખો 'રાજનૈતિક સવાલ' ખડો થયો છે. ઘમંડી કાર્યભારીઓની મરજીને હિન્દનો યુવાન વશ થશે, કે હિન્દના યુવકની મરજીનો જ અમલ થશે ? આ પ્રશ્ન અત્યારે ધુંધવાયો છે. જ્વાળાઓ સળગશે, દિશદિશમાં ભભુકશે; અત્યાચાર ક્યાંય બળીને રાખ થઈ જશે.'' (પત્રો (1928-1957) પૃ. 9)

દેશપ્રેમની આવી તીવ્ર લાગણીની સાથે સાથે સામાજિક કુરૂઢિઓના વિરોધની વૃત્તિ પણ આ યુવાન ઉમાશંકરમાં પ્રબળ છે. એમના કુટુંબમાં યોજાયેલ એક બાળ-લગ્નનો વિરોધ કરતા એક પત્રમાં એમણે લખ્યું કે ''સ્ત્રીની કિંમત આપણે ત્યાં બચ્ચાં જણનાર યંત્ર સિવાય બીજી કશી નથી.'' એ જ દિવસે (9 મે, 1930) પિતાશ્રીને લખેલા પત્રમાં પણ પિતાજીએ આ બાળ-લગ્નમાં સાથ આપ્યો તે અંગેનો આક્રોશ આકરા શબ્દોમાં વ્યક્ત થયો છે, તે જોઈએ :

''પૂજ્ય પિતાશ્રી

ત્હમને વિનવી વિનવીને થાક્યો છતાં, આખરે આંખ આડા કાન કર્યા જેવું થયું. મારો પત્ર મળે તે પહેલાં તો બારશ વહી ગઈ હશે ને કરૂણાના બાર વાગી ગયા હશે. કોનો વાંક કાઢું ? ને કોના ઉપર ક્રોધ કરું ? પણ વાંક કાઢે ને ક્રોધ કરે હવે શું વળશે ? રૂઢિની ગુલામીથી સૌ એટલાં ટેવાઈ ગયાં છીએ કે આપણને પોતા કરતાં, પોતાનાં કરતાં રૂઢિનું રક્ષણ વધારે સાંભરે છે... વધારે દિલગીરીનું કારણ તો એ છે કે આપના જેવા બુઝુર્ગ અનુભવસિદ્ધ પુરુષને પણ જાણવા છતાં ખોટી આબરૂના બૂરા ખ્યાલ નીચે રૂઢિની જહેમત ઉઠાવવી પડે છે.''

(પત્રો (1928-1950) પૃ. 16)

માત્ર 19 વર્ષની ઉંમરે વિચારોની આવી પકવતા અને પિતા જેવા વડીલોને પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દેવાની હિંમત આશ્ચર્ય ઉપજાવે છે. આ જ સમયગાળામાં તેઓ અભ્યાસ છોડીને સત્યાગ્રહમાં જોડાય છે. વીરમગામ છાવણીમાં રહી 'વીરમગામ સત્યાગ્રહ સમાચાર' પત્રિકાના પ્રકાશનમાં મદદ કરે છે. અંગ્રેજ સરકાર દ્વારા ધરપકડ થાય છે. 14 અઠવાડિયાની સખત જેલની સજા થાય છે. ત્યાંથી છૂટીને કૉંગ્રેસના અધિવેશમાં ભાગ લેવા સઢવાળા નાના જહાજમાં દરિયા માર્ગે મુસાફરી કરીને કરાંચી જાય છે. પાછા આવીને આગળ અભ્યાસ માટે કૉલેજમાં ન જોડાતા વિદ્યાપીઠમાં કાકાસાહેબ કાલેલકર સાથે રહી વિદ્યાપીઠની લાયબ્રેરીમાં વાંચવાનું અને પાંચ કુવા પાસે વિદેશી કાપડના પિકેટીંગમાં જવાનું જેવી પ્રવૃત્તિઓમાં પરોવાય છે. 1932માં સ્વાતંત્ર્યસંગ્રામના સૈનિક તરીકે આઠ માસનો બીજો જેલનિવાસ પણ વેઠે છે. જેલમાં પણ વાચન-લેખન પ્રવૃત્તિ ચાલુ રાખે છે. 1933-34માં પિતાજીની માંદગી દરમ્યાન ઉમાશંકર એમની સારસંભાળ માટે વતન બામણામાં રહે છે. એપ્રિલ, 1934માં પિતાજીનું અવસાન થાય છે એ જ વર્ષે જૂન માસથી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અધુરો અભ્યાસ પૂર્ણ કરવા પ્રવેશ મેળવે છે. અને તેમનો મુંબઈ નિવાસ અને વધુ સાહિત્યિક પ્રવૃત્તિઓ શરૂ થાય છે.

**(2) સાહિત્યકારો પરના પત્રો**

અભ્યાસકાળથી જ ઉમાશંકરનું સાહિત્યસર્જન શરૂ થઈ ગયું હતું. જેલનિવાસ દરમ્યાન

પણ વાચન-લેખન ચાલતું હતું. કાવ્યો, વાર્તાઓ, એકાંકીઓ લખાતા હતા. કાકાસાહેબ ઉપરાંત રામપ્રસાદ શુક્લ સુન્દરમ્, ઝવેરચંદ મેઘાણી હરિશ્ચંદ્ર ભટ્ટ, ગુલાબદાસ બ્રોકર, ચુનિલાલ મડિયા વગેરે સર્જકો સાથે નિકટનો નાતો સ્થપાતો જાય છે. સાહિત્ય સ્વજનો પરના પત્રો અહીં ખૂબ મોટી સંખ્યામાં સંગ્રહાયા છે. આ ઉપરાંત પણ ઘણા સર્જકો-વિવેચકો સાથે અવારનવાર એમનો પત્રનાતો જોવા મળે છે જેમાં કિસનસિંહ ચાવડા, નગીનદાસ પારેખ, નિરંજન ભગત, મહેન્દ્ર મેઘાણી, અસિમ રાંદેરી, કરસનદાસ માણેક, ભૃગુરાય અંજારિયા, રમણલાલ જોશી, ચંપકલાલ વ્યાસ વગેરેનો સમાવેશ થાય છે. સમકાલીનો ઉપરાંત એ સમયના કેટલાંક વડીલ-મુરબ્બીઓ એવા ગાંધીજી, આનંદશંકર ધ્રુવ, રસિકલાલ પરીખ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, બ.ક. ઠાકોર, રા.વિ. પાઠક, બચુભાઈ રાવત પરના કેટલાંક પત્રો પણ અહીં સચવાયેલા છે. જેમાં આ મુરબ્બીઓ પ્રત્યેનો ઉમાશંકરનો સ્નેહાદર છલકાતો જોવા મળે છે.

સાહિત્યકારો સાથેના આ પત્રવ્યવહારમાંથી ઉમાશંકરની વિલક્ષણ સાહિત્યસૂઝ, સાહિત્ય પ્રતિ પ્રામાણિક નિષ્ઠા, અન્યોના સર્જનમાં પણ સક્રિય રસ લેવાની વૃત્તિ, મિત્રોની કૃતિઓ પ્રત્યે પણ તટસ્થ સમીક્ષા, સાહિત્ય પરિષદની સ્વાયત્ત કામગીરી માટેની હોંશ વગેરે ગુણો ખાસ ધ્યાન ખેંચે છે. અહીં થોડા નમૂનાના પત્રાંશો પરથી તેમની આ સાહિત્યપ્રીતિ અને સાહિત્યસ્વજનો પ્રત્યેના સ્નેહસખ્યનો અનુભવ કરીશું.

તા.3-8-1932ના રોજ સાબરમતી જેલમાંથી લખેલા એક પત્રમાં રામપ્રસાદ શુક્લ (રતિભાઈ)ને સંબોધીને તેમણે લખ્યું છે તેમાં તેમના એકાંકી લેખન વિશે સરસ નોંધ જોવા મળે છે :

''અમને અહીં લખવાનું ઠીક મળ્યું. 25-30 ઊર્મિકાવ્યો લખ્યાં છે. એક તો નવીન પ્રયોગ છે. પણ અહીં મારા અસ્તિત્વનું એક નવું અંગ ઉઘડ્યું. નાટકો, ઈબ્સન, શૉ, ગોલ્સવર્ધી, સીંજ, બર્કલી અને બીજા નવીનોનું ઠીકઠીક વાંચવામાં આવ્યાં. પેલા શહીદો (જેમાં ઈશુ પણ એક પાત્ર છે. પ્રાંતિજ હતા ત્યારે મેં કાગળમાં લખેલું યાદ છે ને ?) વાળું નાટક લખી દીધું. પછી થયું. આવું Idealistic લખવા કરતાં તદ્દન Realistic લખવું. પહેલો જ પ્રયત્ન સફળ થયો. 'સાપના ભારા' ઘણાને વંચાવ્યું છે. સૌનેય ગમ્યું છે. પછી તો આજ લગીમાં થઈ કુલ છ એકાંકી નાટકો (એક પ્રકાશનની સામગ્રી) લખ્યાં. બધાના વિષયો લોક-જીવનમાંથી છે. ભાષા ઈડરી બોલી dialect એથી બધાંય thoroughly original છે એ એનું ખાસ અંગ. ચાર તો ટ્રેજેડી છે. તમને નવાઈ થશે કે નાટકમાં ને તેમાં ખાસ કરીને ટ્રેજેડીઝમાં હું શું સમજું. પણ મેં ચાંચ બોલવા હિંમત કરી છે. ને તમે એમાંનો ટ્રેજીક ઈન્ટરેસ્ટ જોશો ત્યારે જરૂર છક થશો. ભાઈ સુન્દરમ્‌ને એ બહુ ગમ્યાં છે.

(તા.3-8-1932, 'પત્રો' પૃ.35)

માત્ર વીસ વર્ષની ઉંમરે, હજુ તો સ્નાતક પણ થયા નહોતા એ સમયે સાહિત્યની આવી સૂઝ અને નોંધપાત્ર કૃતિઓનું સર્જન તેમનામાં રહેલી સહજ પ્રતિભાનો પરિચય આપે છે. અહીં સુન્દરમ્‌નો ઉલ્લેખ છે જે તેમના 'સારસ્વત સહોદર' ગણાયેલા છે. બંને કવિઓને સર્જનના આરંભથી પરસ્પરના સાહિત્ય માટે આવી કદર જોવા મળે છે. 1931 થી લઈને 1970 સુધીના સુન્દરમ્ પરના 70થી વધુ પત્રો અહીં સંગ્રહાયા છે. તેમાં આરંભના કેટલાક પત્રો તો ખૂબ નિરાંતે લખાયેલા છે (અમુક પત્રો આઠ-દસ પાનાંના છે !) આ પત્રોમાં મિત્રો વચ્ચેની આત્મીયતા, પુસ્તક પ્રકાશન અંગેની વહેવારુ સલાહો, કૃતિઓ અંગે ટીકા-ટીપ્પણો, ક્યારેક રમૂજો અને નિકટનો કૌટુંબિક નાતો જોવા મળે છે. કેટલાંક પત્રાંશો જોઈએ.

''મને લાગ્યું છે કે બ્રિટીશ રાજમાં ખેડૂને કરમે કુસકા રહે છે તેમ ગુજરાતી સાહિત્યમાં લેખકને કરમે એની ચોપડીનાં અવલોકનો જ માત્ર રહે છે.

...

મારી માન્યતા :

સાહિત્ય સર્જન પાછળ પૈસાનો ખ્યાલ ન રહે.

પણ

પણ એકવાર કંઈ છપાવીએ તો બાઘા બનવું નહિ. આપણે ઘરના (કે જેલના) રોટલા ખાઈને લખીએ ને કમાણી કરે બીજા એમ ન બને એ જરૂર જોવાનું. આટલી જ વાત.''

(તા.17-7-33, 'પત્રો' પૃ.41)

''આજ સવારે મારા ભાઈનો અ'વાદથી કાગળ છે એમાંથી ખબર પડી કે તમને રણજિતરામ (એ નામ જોડે સંધાવાથી ખરેખર તમારે મગરૂર થવું જોઈએ) સુવર્ણચંદ્રક મળ્યો. બે દિવસથી અહીં પુરાઈ રહીને પરીક્ષાનું વાંચતો હતો એટલે બહાર છાપાં પણ નહિ જોયેલાં. નવી વાત હોય એમ બપોરે શ્રી મેઘાણીને કહેવા ગયો તો એમણે શનિનું જ જન્મભૂમિ ધર્યું. (એ લખાણ એમનું નહિ હોં - by the way !) એ પણ મારા જેટલા જ ખુશ થયા હતા.''

(તા.1-10-1934, 'પત્રો' પૃ.64-65)

''પ્રિય ભાઈશ્રી

Shatayuh Kava शतायुः कव – એવો કાલે તાર સંદેશો અમે મોકલ્યો તે મળ્યો હશે. (તેમાં ઉપર પ્રમાણે સુધારો કરી લેશો.) ગુજરાતી ભાષા બોલનારના જીવનમાં તમે કેટલી મધુરતા આ વરસોમાં ઉમેરી છે અને હજી એટલાં વરસ ઉમેરતા રહો અને તમારી ઈષ્ટ રીતે જીવનની કૃતાર્થતા પામો એ જ પ્રાર્થના.''

(તા.23-3-1968, 'પત્રો-2' પૃ.556)

સુન્દરમ્‌ના જેટલાં જ સ્નેહાદર ઉમાશંકરને ઝવેરચંદ મેઘાણી પ્રત્યે પણ છે. 1937થી લઈને 1947માં મેઘાણીનું અવસાન થયું ત્યાં સુધીના 37 જેટલા પત્રોમાં આ પ્રેમ અને આદર દેખાઈ આવે છે. મેઘાણીને પણ ઉમાશંકર માટે એવો જ ભાવ હતો તે પણ આ પત્રોમાંથી જોઈ શકાય છે. એક પત્રનો આરંભ જોઈએ :

''પ્રિય ભાઈશ્રી ઝવેરચંદ મેઘાણી અને બેન ચિત્રાદેવી સેવામાં,

મુંબઈમાં તમારો કાગળ મળેલો. એને કાગળ કરતાં નાનકડી પુસ્તિકા કહીએ તો ખોટું નહિ. વાંચતાં વાંચતાં બહુ જ લહેર આવી... તમે રોજરોજની લેખન-મજૂરીમાંથી આટલો સમય કેમ ચોર્યો હશે તેની જ મને તો નવાઈ થતી હતી ... એટલા સમયમાં તો તમે કદાચ એકાદ વાર્તા બેસાડી કાઢત, પણ મને તો ખબર છે જ કે સાહિત્યવાર્તા કરતાં, જીવનવાર્તામાં જ તમને વધારે રસ છે. આપણા જેવા માણસોને જોડનારું તત્ત્વ પણ કદાચ એ જ છે.''

(તા.20-5-1937, 'પત્રો' પૃ.113)

મેઘાણી પરના આ બધા પત્રો આવા જ સ્નેહભાવથી છલકે છે. ઉમાશંકરે મેઘાણી સાથે તેમના પત્રકારત્વની પુસ્તક સમીક્ષાઓની લોકસાહિત્યના સંશોધન-સંપાદનની, સાહિત્ય સર્જન અંગેની ખૂબ રસપ્રદ ચર્ચાઓ આ પત્રોમાં કરી છે. મેઘાણીના સંઘર્ષમય અંગતજીવન અને સાંસારીક સમસ્યાઓનો પણ ક્યારેક ઉલ્લેખ છે. આ બધામાં ઉમાશંકરનો મેઘાણી માટેનો સમભાવ અને આદર પ્રદર્શિત થાય છે.

ગુજરાતીના એક વિચક્ષણ કવિ હરિશ્ચંદ્ર ભટ્ટ પરના 46 જેટલા પત્રો ઉમાશંકરનો તેમની સાથેનો મધુર મૈત્રી સંબંધ પ્રગટ કરે છે. અંગ્રેજી ઉપરાંત પોલિશ, જર્મની જેવી ભાષાઓ જાણનાર અને રિલ્કે, બૉદલેર જેવા કવિઓના ઊંડા અભ્યાસી, વિશ્વસાહિત્યથી સુપેરે પરિચિત આ કવિ સાથે ઉમાશંકરના પત્રોમાં વિદેશી સાહિત્યની ઘણી ચર્ચા જોવા મળે છે. હરિશ્ચંદ્ર ભટ્ટે ઉમાશંકરને યુરોપિયન સાહિત્યના ઘણાં પુસ્તકો વાંચવા આપેલા ઉપરાંત ઉમાશંકરે ઘણાંબધાં વિદેશી પુસ્તકો હરિશ્ચંદ્ર પાસેથી મંગાવેલા એની પણ નોંધો લગભગ બધા પત્રોમાં છે. કાવ્યપંક્તિઓ કે પંક્તિમાંના શબ્દો અંગેની ચર્ચા પણ ધ્યાન ખેંચે છે. હરિશ્ચંદ્રના અંગત જીવન, નોકરીની સમસ્યા અંગે પણ ઉમાશંકરની મિત્ર તરીકેની નિસબત જોવા મળે

છે. હરિશ્ચંદ્ર ભટ્ટના અવસાન બાદ ઉમાશંકરે એમના કુટુંબને ખાસ્સો સધિયારો આપેલો તે એમની દીકરી મેઘા પરના પત્રોમાંથી જોઈ શકાય છે. મુંબઈમાં ઉમાશંકરનો આવો જ અંગત સંબંધ ગુલાબદાસ બ્રોકર સાથેનો પણ તેમની પરના 63 જેટલા પત્રોમાં જોવા મળે છે. બ્રોકરના સાહિત્યની ચર્ચા ઉપરાંત મુંબઈના સાહિત્યિક વાતાવરણ વિશેની થોડી વાતો પણ એમાં છે. બ્રોકરને લખેલા પત્રોને અંતે (કરસનદાસ) માણેક, (સુંદરજી) બેટાઈ, મનસુખલાલ (ઝવેરી) વગેરે ઘણા મિત્રોને સ્નેહસ્મરણ પાઠવેલાં જોવા મળે છે.

આ સંગ્રહમાં સૌથી વધુ (230થી વધુ) પત્રો ચુનિલાલ મડિયા પરના છે. (તેમાં બે-ચાર-છ લીટીના નાના પત્રો પણ સામેલ છે.) મડિયાના આરંભકાળથી તેમના સર્જન અને અંગત જીવનમાં ઉમાશંકર રસ લેતા રહ્યા છે. પરીક્ષામાં સફળ ન થતા મડિયાને અભ્યાસ પૂર્ણ કરવા અંગે અવારનવાર ટકોર, તેમની કારકિર્દી અંગે, સાહિત્યિક પ્રવૃત્તિ અંગે, માયાળુ વડીલની જેમ ઉમાશંકર સૂચનો આપતા રહ્યા છે. મુંબઈ અને અમદાવાદમાં એકબીજાના ઘરે આવવા જવાનો ઘરોબો પણ આ કુટુંબો વચ્ચે કેળવાયો હતો. મડિયા અને તેમના પરિવાર માટેનો મધુર સ્નેહ ઉમાશંકરના પત્રોમાં જણાઈ આવે છે. એક-બે પત્રાંશો જોઈએ :

''...પણ ઘર છોડતાં પ્રધાન પ્રવૃત્તિ ભણવાની - એ સંકલ્પ કરીને જ નીકળશો.

...મુંબઈમાં B.Com. નો બિલ્લો મેળવ્યા પહેલાં જાઓ તો મને વહેમ આવે કે એ કદી જ પછી નહિ થાય... વિચારશો.

જિંદગી હજી આખી ને આખી બાકી છે. શ્રદ્ધા અને સદ્‌ભાવનાપૂર્વક હિંમત કરનારને ક્યાંય-ક્યારેક પાછા પડવાનું નથી.

સ્નેહાધીન ઉમાશંકર જોશી (તા.16-11-1944, 'પત્રો' પૃ.321)

''પ્રિય ભાઈશ્રી મડિયા,

આજે સવારે છાપામાં તમને રણજિતરામ સુવર્ણચંદ્રક અપાયાના સમાચાર છે. તમે ઈનામો-ચંદ્રકોથી આગળ ખસી ગયા છો તેમ છતાં સાહિત્યિક મંડળો આવા વિશેષ ઉપચારથી જ પોતાની લાગણી વ્યક્ત કરી શકે એટલે અમે પણ તેની પછવાડે પછવાડે અભિનંદન આપવાની તક લઈએ છીએ....''

(તા.6-8-1958, 'પત્રો-2' પૃ.264)

1935માં ગાંધીજીએ સાહિત્ય પરિષદના પ્રમુખ થવાનું સ્વીકાર્યું. ત્યારે ઉમાશંકરે ગાંધીજીને લખેલા ત્રણ પત્રો અહીં સંગ્રહાયા છે. એ સમયે પરિષદ પર કનૈયાલાલ મુનશીનું પ્રભુત્વ હતું. કોઈ નવીન પેઢીના તત્ત્વોને તે દાખલ થવા દેવા માંગતા નહોતા. 'ભદ્રવર્ગીય સાક્ષરો' જ પરિષદનું સંચાલન કરે એ ઉમાશંકરને યોગ્ય જણાતું નથી. માટે ગાંધીજી આવી સંસ્થાના પ્રમુખ થાય એના વિરોધમાં ઘણા આકરા શબ્દોમાં એક લાંબો પત્ર ગાંધીજીને લખ્યો હતો. તેના અનુસંધાનમાં જ બીજા બે પત્રો પણ હતા. આ પત્રોમાં પરિષદમાં 'સાહિત્ય મને લોકજીવન વચ્ચેનું અંતર ટાળવા માટે' અને બંધારણમાં સુધારા કરી નવીનોને તક આપવા અંગે પ્રમુખપદે બેસવા જનાર ગાંધીજી પાસે અપેક્ષા વ્યક્ત થઈ છે :

''આપ પ્રમુખ થાઓ છો એટલે આપને 'બંધારણ' પણ સાદું કરી આપવાની એક સારી તક છે... જેના લીધે પરિષદમાં નવાં તત્ત્વો સહેજે દાખલ ન થઈ શકે, તેવા બંધિયાર બંધારણને શું કરે ?...

...બંધારણમાં આપ જરૂરી ફેરફાર કરી આપો તો આપને હાથે પરિષદ અને ગૂજરાત પર વળી એક મહા ઉપકાર થશે.''

(તા.નવેમ્બર 1935, 'પત્રો' પૃ.77)

પછીના વર્ષોમાં પણ મેઘાણી અને અન્ય પરના પત્રોમાં ઉમાશંકરે પરિષદના નવા બંધારણ ઘડતર માટે ખાસી જહેમત લીધી હોવાનું જોવા મળે છે. આમ, ઉમાશંકરની સાહિત્યપ્રીતિ અને જીવન તથા સાહિત્ય માટેની નિસબત આ પત્રોની વિશેષતા છે.

### (3) દીકરીઓ પરના પત્રો

ઉમાશંકર જોશીની કુટુંબવત્સલતા અને દીકરીઓ પ્રત્યેનો અનુરાગ પણ તેમના જીવનનું એક આગવું પાસું છે. પોતે વિદેશ પ્રવાસે હોય ત્યારે તથા દીકરી વિદેશમાં ભણવા ગઈ ત્યારે લખાયેલા સંખ્યાબંધ પત્રોમાં એમનો વાત્સલ્યભાવ સરસ રીતે વ્યક્ત થયો છે. મોટી દીકરી નંદિની (જન્મ : 1941) અને નાની દીકરી સ્વાતિ (જન્મ : 1948) પર લખાયેલા સૌ પ્રથમ પત્રો 1956નાં છે. જ્યારે બંને દીકરીઓ અનુક્રમે 15 વર્ષ અને 8 વર્ષની હશે ત્યારે આ પત્રો લખાયા છે. એ વર્ષે ભારત સરકાર તરફથી અમેરિકાની યુનિવર્સિટીઓમાં 'જનરલ-એજ્યુકેશન'ના અભ્યાસાર્થે ગયેલા પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે ઉમાશંકર જોશીએ અમેરિકા અને ઈંગ્લૅન્ડનો પ્રવાસ કરેલો. ત્યાંથી પાછા વળતાં ફ્રાન્સ જર્મની, ઈટાલી, ગ્રીસ વગેરે દેશોમાં પણ એ ગયેલા. માર્ચના અંતથી લઈને ઑગસ્ટના આરંભ સુધી ચારેક મહિનાના આ વિદેશ વસવાટ દરમ્યાન એમણે ખૂબ નિયમિત રીતે બન્ને દીકરીઓને 25 જેટલાં પત્રો લખેલો. આ પત્રોમાં પ્રવાસવર્ણનની શૈલી છે. વિમાની મુસાફરીના વર્ણનથી શરૂ કરી જ્યાં રોકાયા તે જગ્યા, ભોજન, ભોંયરામાં ચાલતી મેટ્રો ટ્રેનનો અનુભવ, પ્રથમવાર ગગનચૂંબી મકાનો (50, 60, 70 માળના) જોવાનો અનુભવ વગેરે દીકરીઓને પ્રત્યક્ષ થાય એ રીતે લખ્યું છે. અમેરિકા, ઈંગ્લૅન્ડ અને યુરોપના કુદરતી સૌંદર્ય ધરાવતા દેશોના જુદા જુદા શહેરો - ન્યૂયોર્ક, એમહર્સ્ટ શિકાગો, મેડિસન, ઓક્સફર્ડ, લંડન, પેરિસ વગેરે જગ્યાએથી આ પત્રો લખાયા છે. આ પત્રોમાં જે તે જગ્યાના જોવા જેવા સ્થળોનું સૌંદર્ય, ત્યાંના લોકો તેમની રહેણી કરણી, ખાણીપીણી, મ્યુઝિયમો, પ્રસિદ્ધ સાહિત્યકારોના ઘરો-સ્મારકો વગેરે વિશે પણ રસપ્રદ વર્ણનો અહીં જોવા મળે છે. સાથે સાથે પોતાની કામગીરી અંગે ત્યાંની યુનિવર્સિટીઓ વિશે, વિદ્યાર્થીઓ વિશે, ત્યાં મળતાં વિદ્વાન પ્રોફેસરો વિશે પણ માહિતી આપતા જાય છે. અમેરિકાના 83 વર્ષના પ્રસિદ્ધ કવિ રોબર્ટ ફ્રોસ્ટને ઘરે બે-ત્રણ વાર નિરાંતે મળવાનો પ્રસંગ વર્ણવે છે. તેમની સાથે રાત્રે મોડા સુધી 'ઘરના ડોસા હોય એ રીતે વાતો થઈ.' તેમણે પોતાની કવિતાની પુસ્તક (Collected works) ભેટ આપ્યું, તેમની વાડીમાં તેઓ કેરી ઊગાડે છે. વગેરે મજાની વાતો એમણે લખી છે. તો હાર્વર્ડ વિશે લખ્યું છે :

''હાર્વર્ડ તો વિદ્વાનોનું ઘર છે. 300 વર્ષ જૂની યુનિવર્સિટી છે. ત્યાં વિવેચક-ચિંતક આઈ.એ.રિચર્ડ્સ સાથે જમતી વખતે બેસવાનું હતું. ઘણી વાતો-ચર્ચાઓની તક મળી. બીજે દિવસે એમની સાથે સવાર ગાળી. છ મહિના પણ ઓછા પડે, પણ અમારે બે-ત્રણ દિવસમાં જ ડેરા ઉપાડવાના હતા.''

(તા. 24-4-1956, 'પત્રો-2' પૃ. 155)

આ દરેક સમય દરમ્યાન તે દીકરીઓને દિલથી યાદ કરતા રહે છે :

''રોજ સાંજે સૂતાં પ્રાર્થના કરું છું અને સ્વાતિ, નંદિની નિશાળે જવા જમવા બેઠા હશે એ ચિત્ર નજર આગળ આવે છે. સવારે ઊઠું છું ત્યારે પ્રાર્થના કરું છું અને સ્વાતિ નિશાળથી આવતી હશે એ નજરે પડે છે. 11 કલાકનો ફેર છે.''

(તા.5-4-1956, 'પત્રો-2' પૃ.144)

''અહીં જોવાનું બહુ છે. સ્વાતિ તો જોવાનું શરૂ કરે તો જોવામાં ને જોવામાં જ નંદિની જેવડી થઈ જાય.''

(તા.13-4-1956, 'પત્રો-2' પૃ.148)

''અહીં કાંઈ સારું જોવા મળે કે બને તો એ બધાનો હેવાલ લખવાનું મન થાય - તમે હોંસેહોંસે વાંચો અને આનંદમાં ભાગ પડાવો એ માટે.'

''ચિ. બેન નંદિની,

મેં લખેલો કાગળ તને આજે વરસગાંઠને દિવસે મળ્યો ? તને હું ખૂબ યાદ કરું છું અને તારો બધી રીતે સુંદર વિકાસ થાય એવું ઇચ્છું છું.

...

બેન સ્વાતિ ખૂબ યાદ આવે છે. કોઈ વાર તો એનું ધ્યાન ન ચાલતું હોય !''

(તા.5-7-1956 'પત્રો-2' પૃ.197-98)

ત્યાં કાર્યક્રમોની વ્યસ્તતા અને અહેવાલલેખન, મેળાવડાઓ વગેરે વચ્ચે પણ ઉમાશંકર એક વત્સલ પિતા તરીકે દીકરીઓની વર્ષગાંઠ યાદ રાખીને એ જ દિવસે તેમને પત્ર મળે તેમ પત્રો પોસ્ટ કરે છે. તેમના ભણતરની ચિંતા કરે છે. ત્યાં એમની ઉંમરની છોકરીઓ સાથે વાર્તાલાપ કરીને પણ દીકરીઓને યાદ કરી લે છે. ખરેખર, આ પત્રો વાંચવા એ દીકરીઓ માટે અદ્ભુત લ્હાવો હશે !

સપ્ટે. 1961માં નંદિનીબહેન અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં વધુ અભ્યાસ માટે ગયા ત્યારે બે વર્ષ દરમ્યાન તેમની પર લખાયેલા 123 પત્રો અહીં સંગ્રહાયા છે. આ પત્રોમાં પણ ઉમાશંકરનું પિતૃહૃદય નિરંતર ધબકતું જોવા મળે છે. આરંભના પત્રોમાં કોર્સની પસંદગી વિશે ત્યારબાદ ત્યાં રહેવા વિશે. જમવા વિશે, આર્થિક ચિંતા ન કરવા વિશે, ભણવામાં તબિયતનું ધ્યાન રાખવા વિશે દરેક પત્રમાં અવારનવાર સલાહ-સૂચનો જોવા મળે છે. દીકરીની સારી કારકિર્દી માટે એક વિદ્વાન અને પ્રેમાળ પિતાની ચિંતા અહીં જોઈ શકાય છે. પરદેશમાં રહેતી દીકરીને ભણવાની સાથે સાથે ત્યાંના સુંદર હવામાન, ખોરાક-પાણીને લીધે સ્વાસ્થ્ય સુદૃઢ બનાવવાની, ત્યાંના સાંસ્કૃતિક જીવનનો આનંદ માણવાની સારા નાટકો જોવાની સલાહ પણ તેઓ આપે છે. અહીંની કૌટુંબિક સામાજિક વાતોની સાથે રાજકારણના ચૂંટણી-પરિણામોના સમાચાર પણ આ જાગ્રત પિતા આપતા રહે છે. નંદિનીબહેનને પ્રેરણા અને ઉત્તેજન આપવા કેટલાંક પત્રો અહીં સુંદર અંગ્રેજીમાં પણ લખાયેલા છે. આ બધા પત્રોનો એક જ પ્રેરણા સ્રોત છે દીકરી માટેનો અખૂટ પ્રેમ. આ પ્રેમનો એક અંશ માણીએ :

''ચિ. પ્રિય નંદિની,

એકવીસ વરસ પહેલાં આજના શુભ દિવસે તું અમને મળી. તારી નાની ભૂરી આંખો - અને તેમાં પ્રગટ થતો અલૌકિક પ્રકાશ હજી એવો જ યાદ છે. અમને જેવી આનંદદાયક નીવડી છે તેવી જગતને પણ આનંદદાયક થા. અને તને પણ જગત નાનું મનુષ્યજીવન આનંદદાયક નીવડો. આખું જીવન તારી સામે છે. એમાં હજી જાણી કસોટીઓ, મુશ્કેલીઓ, નાસીપાસીઓ આવશે. - પણ તે બધાની દ્વારા તે બધાની પાર તને સતત અક્ષય આનંદની પ્રાપ્તિ હો.''

(તા.13-7-1962 'પત્રો-2' પૃ.382)

જાન્યુ. 1964માં માતા જ્યોત્સ્નાબેનને ટ્યૂમરનું ઓપરેશન કરાવવું પડ્યું. પણ ત્યારબાદ એમની સ્થિતિ ગંભીર બનતા નંદિનીબહેને તાત્કાલિક ભારત આવવું પડ્યું. છેવટે માતા-પુત્રીનું મિલન થઈ શક્યું પણ માતાનું જીવન લંબાયું નહીં. એક ખુશહાલ કુટુંબ પર વેદના અને શોકનું કાળું વાદળ છવાઈ ગયું. જો કે આ આઘાતમાંથી ઉમાશંકરને બહાર કાઢનાર પણ આ દીકરીઓ જ છે. જ્યોત્સ્નાબેનના અવસાનના થોડા દિવસો પછીના જ ડૉ. સુમન્ત મહેતાને લખાયેલા એક પત્રમાં ઉમાશંકરે દીકરીઓની સ્વસ્થતા અને તેમના તરફથી મળેલી હિંમતનું સરસ વર્ણન કર્યું છે. અને પછી લખ્યું છે : ''બેન નંદિનીએ બધું રમત હોય એમ સંભાળી લીધું છે. બંને બેનોને હું સાચવું છું કે તેઓ મને એ પ્રશ્ન છે. જીવનનું વહેણ એકદમ બદલાઈ ગયું છે.'' ('પત્રો-2' પૃ.512) આમ આ પત્રોમાંથી વ્યક્ત થતો પિતા-પુત્રીઓ વચ્ચેના આવા સ્નેહનો નાતો અદ્ભુત છે.

**(4) પ્રાસંગિક, વહીવટી કામકાજના તથા કેટલાંક વિશેષ પત્રો :**

અહીં સમાવિષ્ટ ઘણાં પત્રોમાં કેટલાંક પ્રાસંગિક અને વહેવારુ કામકાજ અંગેના પત્રો પણ છે. આવા પત્રોમાંથી ઉમાશંકર જોશીની કાર્યદક્ષતા, વહીવટી સૂઝ, ફરજનિષ્ઠા, સૂક્ષ્મ વિવેક વગેરે ગુણોનો સરસ પરિચય મળે છે. જેમ કે 1954માં ગુજરાત યુનિવર્સિટીમાં

ગુજરાતી ભાષા-સાહિત્યના અધ્યાપક થવા માટે તેમણે યુનિ.ના મહામાત્રને જે પત્ર લખેલો તે ગુજરાતમાં અરજી લેખનનો એક સુંદર નમૂનો છે. (તા. 29 જાન્યુ. 1954, 'પત્રો-2' પૃ. 84, 85) આ પદ માટે એમ.એ.ની પ્રથમ વર્ગ સાથેની ડિગ્રી જરૂરી હતી, જે તેમની પાસે હતી, તેથી તેમણે અરજી કરેલી. પરંતુ પાછળથી એમને ખબર પડી કે ગુજરાતી ભાષાના કોઈ પ્રૌઢ વિદ્વાન પાસે આવી ડિગ્રી ન હોય તો પણ યુનિવર્સિટી આ સ્થાન માટે તેમને આમંત્રણ આપીને બોલાવી શકે છે. ત્યારે એમણે પોતાની અરજી પાછી ખેંચતો પત્ર યુનિ.ના રજિસ્ટ્રારને લખ્યો. તેમાં સ્પષ્ટ લખ્યું કે ''મારી અરજી કોઈપણ રીતે આપણા કોઈ પ્રૌઢ વિદ્વાનને આ સ્થાનનો લાભ મળે એ આડે ન આવે તે માટે મારું નામ અરજદાર તરીકે રદ કરવા કૃપા કરશો.'' ('પત્રો-2' પૃ. 87) જો કે પછીથી કુલપતિ શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયાના કહેવાથી તેઓ ઇન્ટરવ્યુ માટે ગયા હતા. તેવો પત્ર પણ મળે છે. (તા. મે 20, 1954, 'પત્રો-2' પૃ. 88) પરંતુ પોતે પૂરેપૂરી લાયકાત ધરાવતા હોવા છતાં અન્ય કોઈ વધુ લાયક વિદ્વાનને આ જગ્યા મળે તે માટે ખસી જવાની નમ્રતા ઉમાશંકર બતાવે છે તે તેમના વ્યક્તિત્વને એક ઊંચાઈ બક્ષે છે. આર્થિક વ્યવહારોમાં પણ એમના વ્યક્તિત્વની આવી જ ઉચ્ચતા જોવા મળે છે. 1970માં ગુજ. યુનિ.ના કુલપતિ હતા તે દરમ્યાન જ દિલ્હીમાં રાજ્યસભાના સભ્ય તરીકે નિયુક્ત થયા એટલે તરત જ તેમણે કુલપતિ તરીકે મળતું ઓનોરેરિયમ (માનદ્ વેતન) લેવાનું બંધ કર્યું તે અંગે ગુજ. યુનિ.ના રજિસ્ટ્રારને લખેલો પત્ર પણ અહીં છે. (તા. 1-4-1970, 'પત્રો-2' પૃ. 574)

1970માં તેઓ રાજ્યસભાના સભ્ય થયા ત્યારે તેમને અભિનંદનના જે અનેક સંદેશાઓ મળ્યા હશે, તે દરેકને જવાબરૂપે એક ટાઈપ કરેલો પત્ર મોકલ્યો હતો. પરંતુ આવા છાપેલા પત્રમાં પણ અંતે અંગત સ્પર્શવાળી એકાદ લીટી તેઓ લખે છે. નમૂના માટે આ એક પત્ર જોઈએ.

''પ્રિય ભાઈ ધીરેન્દ્ર મહેતા,

આપના સ્નેહભર્યા અભિનંદન માટે હું આપનો આભારી છું. આપની શુભેચ્છાઓ હંમેશા મારું બળ બની રહેશે.

આપની કુશળતા ઇચ્છું છું.

(ઉપરનો ટાઈપ કરેલો પત્ર અનેક લોકોને મોકલ્યો હતો.)

તમે ગોઠવાયા જાણી સંતોષ થયો. અધ્યયન બરોબર થતું હશે. તબિયત જાળવતા હશો જ.

સ્નેહાંકિત

ઉમાશંકર જોશીની શુભેચ્છાઓ.''

(તા. 21-4-70, 'પત્રો-2' પૃ. 575)

આ જ રીતે 1968માં તેમને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો તેના અભિનંદનના પ્રત્યુત્તરરૂપે લખેલા કાર્ડ સ્વરૂપના પત્રો પણ મળે છે. તેમાં પણ એમની નમ્રતા અને વિવેક જોવા મળે છે. છાપેલી લીટીઓ જોઈએ.

''ભારતીય જ્ઞાનપીઠનું 1967નું રાષ્ટ્રીય પારિતોષિક 'નિશીથ' કાવ્યસંગ્રહને મળ્યું તે અંગે આપે દર્શાવેલી સ્નેહની લાગણી માટે હૃદયથી આભારી છું.

આપની સદ્‌ભાવના મારી હંમેશની પ્રેરણા બની રહેશે.''

('પત્રો-2' પૃ. 558, 559)

ઉમાશંકર જોશી ગુજ. યુનિ.માં કુલપતિ હતા તે દરમ્યાન નવા વરસના અભિનંદન પાઠવતી સુંદર પંક્તિઓ છાપેલાં કાર્ડ પણ તેઓ મિત્રો અને સ્નેહીજનોને મોકલતા હતા. તેના નમૂના પણ જોવા જેવા છે :

''સ્નેહી શ્રી સુંદરમ્,

ચરણોમાં હજો સ્ફૂર્તિ, આયુર્યાત્રાપથે નવી,

અને દૃષ્ટિ હજો લાગી ધ્રુવલક્ષ્યે નિરંતર.

ઉમાશંકર જોશીના

સપ્રેમ વ.મા.''

(તા. 2-11-1967, 'પત્રો-2' પૃ. 554)

1968માં કાકાસાહેબ કાલેલકર અને અન્યોને લખેલા પત્રમાં પણ આવી સુંદર પંક્તિઓ જોવા મળે છે :

''દૂધલ તડકો, નરવી હવા

ગાંધી-સપનું -

શુભ આ વર્ષે નવા

બનો ભાથું એ હૃદયહૃદયનું.''

(તા. 20-10-1968 'પત્રો-2' પૃ. 563)

તે પછીના 1969ના વર્ષે આ પંક્તિઓથી સૌને નવા વરસના અભિનંદન પાઠવેલા જોવા મળે છે.

'અમાસના હૃદયમાં

દીવડી દિવાળી રચે;

વિશ્વ આખું હસી ઊઠે

જરી જો સન્મતિ લચે.''

('પત્રો-2' પૃ. 569-571)

આવા કાવ્યાત્મક પ્રાસંગિક પત્રો ઉપરાંત કેટલાંક વિશેષ પત્રોનો પણ ઉલ્લેખ કરવો જોઈએ જેમાંથી ઉમાશંકરની સત્યનિષ્ઠા અને સાચી વાત વિવેકપૂર્વક કરવાની આવડત જોવા મળે છે. 1955માં એમણે મુંબઈના કાયદા અને કેળવણી પ્રધાનના અંગત મંત્રીને લખેલો એક પત્ર મળે છે. તે વાંચતા સમજાય છે કે કોઈ શ્રી નારાયણદાસ પ. શાહ (ડભોઈવાળા)એ નર્મદે કરેલા કવિ દયારામના કવિ-વર્ણન વિશે વાંધાં ઉઠાવેલો અને દયારામ વિશે પોતાના પુસ્તકમાં પ્રગટ કરેલાં ઇતિહાસ જ સાચો છે એવું સાબિત કરવાનો પ્રયત્ન કરેલો. ત્યારે આ પત્રમાં ઉમાશંકરે ખૂબ સચોટ દલીલો કરીને નર્મદના પક્ષે રહી નર્મદના દયારામ વિષયક કામની વિશેષતાઓ બતાવી અને નર્મદનું કામ કેમ મહત્ત્વનું છે તે દર્શાવ્યું. આ આખો પત્ર વાંચવા જેવાં છે. (તા. માર્ચ 1, 1955, 'પત્રો-2' પૃ. 105-107)

1955નો બીજો એક પત્ર પણ મહત્ત્વનો છે. શ્રી ગોવર્ધનરામ શતાબ્દી મહોત્સવ વખતે સાહિત્ય પરિષદના 19મા સંમેલનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે ઉમાશંકરને આમંત્રણ મળ્યું તેના જવાબમાં તેમણે શતાબ્દી મહોત્સવના મંત્રીઓને આ પત્ર લખ્યો હતો તેમાં પરિષદને ''જે બિનલોકશાહી રીતે અને મૃતપાય દશામાં ચલાવવામાં આવે છે.'' તે અંગે કનૈયાલાલ મુનશીના વલણ અંગે સખત નારાજગી વ્યક્ત કરી છે. એમણે અગાઉ 1936માં ગાંધીજી પરિષદના પ્રમુખ થયા ત્યારે પણ પરિષદનું બંધારણ સુધારવા અંગે જે ઊહાપોહ કરેલો તેનો ઉલ્લેખ અહીં જોવા મળે છે. આવી પરિષદના સંમેલનમાં જવાનો એમને ઉત્સાહ નથી. પણ પરિષદના પ્રથમ પ્રમુખ શ્રી ગોવર્ધનરામને સન્માન-અંજલિ આપવા પોતે આ આમંત્રણ સ્વીકારે છે. એવું એમણે લખ્યું છે. આવા પત્રોમાં ઉમાશંકરનો સારાસારનો વિવેક દેખાઈ આવે છે.

ઉમાશંકરે 1959માં રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના સભ્ય તરીકે વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને તથા 1970માં રાજ્યસભાના સભ્ય તરીકે વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીને લખેલા બે અંગ્રેજી પત્રો પણ અહીં છે. પહેલા પત્રમાં સાહિત્ય અકાદમી દ્વારા

પ્રકાશિત થનારા સમકાલીન ભારતીય ટૂંકી વાર્તાના સંપાદન વિશે અને પત્રને અંતે અકાદમીની બેઠક વખતે આઝાદ મેમોરિયલ લેકચર્સ જેવા કોઈ બૌદ્ધિક વ્યાખ્યાનો ગોઠવવા અંગે સરસ સૂચન જોવા મળે છે. તો બીજા પત્રમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયની સલાહકાર સમિતિ સમક્ષ મૂકવાના કેટલાંક મહત્ત્વના મુદ્દા તેમણે રજૂ કર્યા છે. આ બંને ઉપરાંત અંગ્રેજીમાં લખાયેલા અન્ય પત્રોમાં ઉમાશંકર જોશીનું અંગ્રેજી ભાષા પરનું સરસ પ્રભુત્વ અને મુદ્દાસર રજૂઆતની શૈલી ધ્યાન ખેંચે છે.

આવા અનેક રસપ્રદ પત્રોથી આ સંગ્રહો આપણને આકર્ષે છે. આ બધા પત્રો સળંગ વાંચવા જઈએ તેમ ઉમાશંકર જોશીનો આખો જીવનકાળ આપણી સામે ઊઘડતો જાય છે. આઝાદી પહેલાના સમયગાળાની સામાજિક, શૈક્ષણિક, રાજકીય ઝલક અહીં મળે છે તો આઝાદી પછીના સમયગાળાના પણ સાંસ્કૃતિક સાહિત્યિક કેળવણી વિષયક, તથા વિશ્વના અન્ય દેશોની પણ કેટલીક માહિતી આપણને મળે છે 'સંસ્કૃતિ પુરુષ' ઉમાશંકર જોશીના આંતર-બાહ્ય વ્યક્તિત્ત્વનો એક અચ્છો પરિચય આ પત્રોમાંથી આપણને સાંપડે છે.

### 7.3.3 પત્રલેખક તરીકે ઉમાશંકર જોશીની વિશેષતાઓ

#### (1) વ્યક્તિત્વની પારદર્શકતા, નિખાલસતા :

પત્રલેખન એ આત્મકથનનું જ એક સ્વરૂપ છે. આત્મકથાની જેમ અહીં પણ લેખકનું વ્યક્તિત્વ સીધેસીધું વાચકો સમક્ષ પ્રસ્તુત થાય છે. ત્યારે વ્યક્તિત્વની સચ્ચાઈ, નિખાલસતા એ પત્રલેખનનું મહત્ત્વનું અંગ બને છે. ઉમાશંકરના પત્રોમાંથી એમના વ્યક્તિત્વની આવી પારદર્શકતા જોવા મળે છે. યુવાનીના આરંભથી લઈને છેક પ્રૌઢાવસ્થા સુધીના એમના આ પત્રોમાં તેઓ જેવા છે તેવા જ સ્વરૂપે આપણને દેખાય છે. એમના આ વ્યક્તિત્વની નિખાલસતા આપણને આકર્ષે છે. આરંભમાં ભાઈઓ, પિતા અને અન્ય કુટુંબીજનો પરના પત્રોમાં આ સ્વજનો પ્રત્યેનો તેમનો મનોભાવ એકદમ સહજ રીતે વ્યક્ત થયો છે. કુટુંબમાં એક બાળલગ્નને ટેકો આપનાર પિતા પ્રત્યે પણ ઉમાશંકર પોતાનો રોષ તેમને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દે છે. સત્યાગ્રહના કેદી તરીકે 14 અઠવાડિયાની જેલમાં જતા પહેલાં પરદેશી કાપડનો મોહ રાખતા ભાઈઓને પણ તેઓ ચોખ્ખું કહે છે કે ''પરદેશી કાપડ હોય તેટલું હવે તો જલાવી દો ને ખરબચડી ખાદી પહેરવાનું શરૂ કરો. નહિ તો પછી જાઓ પરદેશ. એટલે અમે નામ ન લઈએ. રામુભાઈ ચેતજો પરદેશીનો મોહ હજીય હોય તો છોડજો.'' (તા. 28-10-30 'પત્રો' પૃ. 19-20) આમ પોતાના મનમાં જે હોય તે સાફ શબ્દોમાં જણાવવાની વૃત્તિ એમના બધા પત્રોમાં જોવા મળે છે. 1968માં જ્ઞાનપીઠ જેવું ભારતીય સાહિત્યનું સર્વોચ્ચ પારિતોષિક મળ્યું ત્યારે પણ પોતે કેવા મહાન સર્જક છે એવા કોઈ અહ્મ વગર સુન્દરમ્ પરના પત્રમાં તે સહજ રીતે સ્વીકારે છે કે આ એવોર્ડ યોગાનુયોગ છે પોતે સર્વશ્રેષ્ઠ છે. એટલે પસંદગી પામ્યા એવું નથી. એમનું આ નિવેદન એમના નિખાલસ સ્વભાવને સચોટ રીતે વ્યક્ત કરે છે, તે જોઈએ.

''આપણા દેશની આટલી ભાષાઓ, આપણી ઉંમરના જ લેખકો સારી એવી સંખ્યામાં, એમને તોળવા માટેની સજ્જતા આજે તો ન જેવી છે . જે હાથમાં આવી ગયો તે ખરો. પણ તેણે આપણા બધાના પ્રતીક તરીકે જ ઊભવાનું હોય.''

(તા. 10-6'68 'પત્રો-2' પૃ. 559)

પોતાના સમકાલીન મિત્ર-સર્જકો સાથે આવી નિખાલસતા આજના સમયમાં તો આપણને ખરેખર આશ્ચર્ય પમાડે એવી લાગે છે. આવી સચ્ચાઈ અને પ્રામાણિકતા ઉમાશંકરનાં વ્યક્તિત્વનું એક ઉજળું પાસું છે.

#### (2) વિચારોને સચોટ રીતે અભિવ્યક્ત કરતી ભાષા :

ઉમાશંકર જોશી કવિ હોવાની સાથે સમર્થ ગદ્યકાર પણ છે. એમની વાર્તાઓ, નાટકો, નિબંધો, વિવેચન વગેરેમાં એમનું ગદ્ય ખૂબ પ્રભાવક નીવડ્યું છે. આ પત્રોની શૈલીમાં પણ

ભાષા પરની એમની પકડ જણાઈ આવે છે. મનમાં ચાલતી મથામણો અને વિચારોની આંટીઘૂંટીને તે સચોટ ભાષામાં વ્યક્ત કરી શકે છે એ તેમની મોટી વિશેષતા છે. 18-19 વર્ષની ઉંમરે તેઓ નોંધપોથી લખતા હતા એનો ઉલ્લેખ એક પત્રમાં છે. ('પત્રો' પૃ. 17, 18) એ નોંધપોથીના બે-ત્રણ ફકરા પણ એમણે એ પત્રમાં ટાંક્યા છે. એ વાંચીને પણ આરંભથી જ એમના ભાષા પ્રભુત્વનો ખ્યાલ આવે છે. જેમ જેમ અભ્યાસ, વાચન અને પ્રૌઢિ વધતા જાય છે તેમ ભાષાસજ્જતા પણ વધતી જાય છે. સુન્દરમ્, મેઘાણી, હરિશ્ચંદ્ર ભટ્ટ, મડિયા, ગુલાબદાસ બ્રોકર વગેરે સાહિત્યિક મિત્રોને લખેલા લાંબા પત્રોમાં ભાષાનું સૌંદર્ય ખાસ નોંધનીય છે. એમાં ઘણીવાર કાવ્યાત્મકતા વણાઈ આવે છે. બોલચાલના અંગ્રેજી શબ્દો અને ક્યારેક તો આખા અંગ્રેજી વાક્યો પણ સહજતાથી ગુંથાઈ જાય છે. ક્યારેક તળપદા શબ્દો અને પ્રાદેશિક લય, લ્હેકાનો પણ સરસ પ્રયોગ ઉમાશંકર કરી લે છે. આ બધાને કારણે આ પત્રો એકદમ રસાળ બન્યા છે. વાંચનારને જાણે ઉમાશંકર પોતાની સાથે વાતો કરી રહ્યા હોય એવું લાગે એવી સરસ આ શૈલી છે. કેટલાંક ઉદાહરણ નોંધીએ :

સત્યં શિવં સુન્દરમ્

22-12-31

એક સુંદર સ્થળ

મંગલ સંધ્યા

પ્રિય સુન્દરમ્

તમે ઢંઢોળ્યા વિના બોલો એવા ક્યાં છો ? કાગળ લખ્યો ત્યારે ભાઈ કાંઈક સળવળ્યા ને પાછા કોણ જાણે ક્યાંય ગૂમ ! ને પછી, - જુવો તો ખરા ? - અમારે કાને પૂકાર આવે છે : ''મને કવણ ચાહશે ?'' અંદર અંદર - ઊંડે ઊંડે - એકલા એકલા પોતાની જાતને આવું કૈં ને કૈં ગૂઢ પૂછ્યા કરતાં શું કદી કંટાળતા નથી. ને અમને બધાંને કશું જ પૂછવાનું મન થતું નથી ?'

('પત્રો' પૃ. 28)

- ''હમણાં વૌઠાના મેળે જઈ આવ્યો. બહુ મજા આવી

  Great source of inspiration our fairs are indeed.''

(હરિશ્ચંદ્ર ભટ્ટને 'પત્રો' પૃ. 210)

- ''પેરિસવાળું ધરબી દિયો જલદી. જે પાના થાય તે. તમ રોખો

  લેખક ને પેરિસ રોખો વિષય, તંઈએ પછી કે'વાનું હોય ?...

  શ્રી નિરંજનને કવિતા પણ ઠબકારો.''

(ચુનિલાલ મડિયાને 'પત્રો-2' પૃ. 60)

- ''ચિ. બેન મીરાં,

માનશો ? બે-ત્રણ દિવસથી હું પણ કાગળ લખવાનો વિચાર કરતો હતો, કે બેન મીરાંએ આગળ ભણવા વિશે શું કર્યું એ પૂછી મંગાવું.''

(મીરાં હરિશ્ચંદ્ર ભટ્ટને, 'પત્રો-2', 'પૃ. 48)

- ''પ્રિય ભાઈશ્રી અનિલ,

  તમારું હૃદય તમારા ચહેરા ઉપર જ તરવરતું હોય છે.''

(અનિલ શાહને 'પત્રો-2' પૃ. 79)

આવી જીવંત, તાજગીસભર ભાષા આ પત્રોની આગવી વિશેષતા છે.

**(3) સ્નેહ, વાત્સલ્યભાવ અને લાગણી નીતરતું વ્યક્તિત્વ :**

ઉમાશંકરના મિત્રો અને સ્નેહીજનો કે ચાહકો-ભાવકોને લખાયેલા પત્રોમાં એમનું સ્નેહાળ અને ઊર્મિશીલ વ્યક્તિત્વ સતત અનુભવાય છે. એમના દરેક પત્રોમાં આત્મીયતા અને આદર બતાવતું સંબોધન (પરમપ્રિય ભાઈ શ્રી રામુભાઈ, પ્રિય સુન્દરમ્, સ્નેહશ્રી મેઘાણીભાઈ, પ્રિય ભાઈ મડિયા, પ્રિય ભાઈશ્રી મહેન્દ્ર, સ્નેહીશ્રી વિષ્ણુ પ્રસાદભાઈની સેવામાં, વગેરે) તથા આદર સૂચક આશિષ, પ્રેમ અને શુભેચ્છા પાઠવતું સમાપન (લી. ઉમીયાશંકરના સવિનય પ્રણામ, ઉમાશંકરના સપ્રેમ પ્રણામ, ઉમાશંકર જોશીના સપ્રેમ વંદે માતરમ્, સ્નેહાંકિત ઉમાશંકર, સ્નેહાધીન ઉમાશંકર જોશીના વં. મા, ઉમાશંકર જોશીના શુભાશિષ, ઉ.જો.ના સ્નેહસ્મરણ વગેરે) પત્રલેખકનો વાચક સાથે ગાઢ, લાગણીભર્યો નાતો બાંધી આપે છે. એમણે જે જે સાહિત્યિક મિત્રોને પત્ર લખ્યા છે. તેમાંના મોટાભાગના પત્રોમાં મિત્રના સ્વજનો - પત્ની, બાળકો, વડીલો - દરેકને નામ સાથે યાદ કરીને સ્નેહ-સ્મરણ પાઠવ્યા છે. નિકટના મિત્રો પરના દરેક પત્રમાં બાળકો પ્રત્યેનો તેમનો સાચુકલો સ્નેહ અને વાત્સલ્યભાવ સતત છલકાતો જોવા મળે છે. ઘણીવાર પત્રોને અંતે બાળકોને સંબોધીને લખેલી એક-બે લીટીઓ પણ બાળકોના મનને પ્રસન્ન કરી દે એવી જોવા મળે છે. સાવ ઔપચારિક કામ માટે લખેલી નાની ચિઠ્ઠીઓમાં પણ એ પત્રવાચકને કુશળતાનો અને સ્વજનોને સ્નેહ સ્મરણનો સંદેશો પાઠવવાનું ચૂકતા નથી. કોઈ સ્વજન કે ચાહકના સગાં-સ્નેહીનું અવસાન થયું હોય તો સદ્‌ગતના વ્યક્તિત્વને ટૂંકમાં આલેખીને ખરેખર દિલાસો અને સાંત્વના મળે એવા પત્રો પણ તેઓ લખે છે. એમનું આવું લાગણી નીતરતું, સ્નેહાળ વ્યક્તિત્વ પણ આ પત્રોની વિશેષતા છે. આના પણ કેટલાંક ઉદાહરણ નોંધીએ :

- ''શ્રી ચિત્રાદેવીને અમારાં સૌનાં સ્નેહવંદન જરૂરથી કહેશો. નાનો બાબો નાનક, મસ્તાન મઝામાં હશે. મુંબઈ ક્યારે ?''

(ઝવેરચંદ મેઘાણીને 'પત્રો' પૃ. 154)

- ''શ્રી હરવિલાસબેન અને બાળકો તથા માતુશ્રી આનંદમાં હશે. એમને અમારા બંનેના સ્મરણ. બેબી આનંદમાં છે. ડૉક્ટરને, જિતેન્દ્રને સ્વપ્નસ્થને, સર્વેને સ્નેહ સ્મરણ.

(હરિશ્ચંદ્ર ભટ્ટને 'પત્રો' પૃ. 252)

- ''મોટાભાઈ, અ.સૌ. સુમનબેનને, અમારા વંદન, ભાઈ વિનોદ, બેન ચંદ્રી મીનાક્ષી, વિજય - સૌ મજામાં હશે.

(ગુલાબદાસ બ્રોકરને, 'પત્રો' પૃ. 406)

- અપૂર્વ ! આપણે મળીશું. વરસાદમાં નાહીશું, ગાયો-ભેંશો-ઊંટ-ઘેટાં-બકરાં જોઈશું ને મજા કરીશું. ઝટઝટ આવી જા. માસીબા તને ખૂબ યાદ કરે છે.

(ચુનીલાલ મડિયાને, 'પત્રો-2', પૃ. 312)

- ''...તમે કદાચ જાણતા હશો કે પિતાજીને ઈ.સ. 1931ની સાલથી હું ઓળખું. તેઓ ઘણા જ સૌમ્ય સંસ્કારી અને પરગજુ સ્વભાવના હતા,... તેમના ગુણોનું સ્મરણ કરી તેમાંથી બળ મેળવવાની પ્રભુ તમને શક્તિ અર્પે ! સદ્‌ગત રામભાઈનો આત્મા ચિરશાંતિ પામો એજ પ્રાર્થના.''

(ભરતકુમારને પત્રો-2 પૃ. 572)

**7.4 સ્વાધ્યાય**

નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો.

(1) ઉમાશંકર જોશીના પત્રસાહિત્ય વિશે વિગતે નોંધ તૈયાર કરો.

(2) ઉમાશંકરે સાહિત્યકાર મિત્રોને લખેલા પત્રોનો સંક્ષિપ્ત પરિચય આપો.

(3) ઉમાશંકરના દીકરીઓ પર લખાયેલા પત્રોમાંથી પ્રગટતા વાત્સલ્યનો પરિચય કરાવો.

(4) પત્રલેખક તરીકે ઉમાશંકર જોશીની વિશેષતાઓ નોંધો.

(5) સૂચના પ્રમાણે પત્રલેખન કરો.

(i) કૉલેજમાંથી કરેલા કોઈ પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

(ii) હોસ્ટેલમાં રહીને ભણતા અથવા વિદેશ ભણવા ગયેલા તમારા નાના ભાઈને પત્ર લખી ઉત્તેજન આપો.

(iii) તમારા મિત્રના પિતાનું અવસાન થયું છે, ત્યારે તેને આશ્વાસન આપતો પત્ર લખો.

## 7.5 વિશેષ અધ્યયન

ગુજરાત સાહિત્યમાં નોંધપાત્ર બનેલા પત્રસાહિત્યના નીચેના પુસ્તકો મેળવીને વાંચો અને તેમાંથી જે તે સર્જકના જીવન-સમયનો પરિચય મેળવવાનો પ્રયત્ન કરો.

(1) 'કલાપીની પત્રધારા' - સંપા.જોરાવરસિંહજી સૂરસિંહજી ગોહિલ

(2) 'વિદ્યાર્થીનીઓને પત્ર' - કાકાસાહેબ કાલેલકર

(3) 'લિ. હું આવું છું.' - ઝવેરચંદ મેઘાણી

(4) 'સ્વામી અને સાંઈ' - સંપા.હિમાંશી શેલત

## 7.6 સંદર્ભ પુસ્તકો

(1) પત્રો (1928-1950) સંપા. નંદિની જોશી, દેવેન્દ્ર જોશી

(2) પત્રો-2 (1951-1970) સંપા.સ્વાતિ જોશી

(3) ઉમાશંકર જોશીની વિચારયાત્રા સંપા. ચંદ્રુ મહેરિયા, મનીષી જાની, સ્વાતિ જોશી

(4) ગુજરાતી સાહિત્યકોશ ખંડ : ત્રણ - ગુજરાતી સાહિત્ય પરિષદ

**લેખન :** પ્રો.ડૉ.જિતેન્દ્ર મેકવાન (આસી.પ્રોફેસર)
મહેમદાવાદ આર્ટ્સ એન્ટ કૉમર્સ કૉલેજ

## એકમ 8

# ઉમાશંકર જોશીનું અનુવાદ-સંપાદનકાર્ય

**રૂપરેખા :**

8.1 ઉદ્દેશો

8.2 પ્રસ્તાવના

8.3 ઉમાશંકર જોશીનું અનુવાદકાર્ય

8.4 ઉમાશંકર જોશીનું સંપાદનકાર્ય

8.5 સારાંશ

8.6 વિશેષ અધ્યયન

8.7 ચાવીરૂપ શબ્દો

### 8.1 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ દ્વારા તમે

- ઉમાશંકર જોશીની સાંસ્કૃતિક અભિરુચિથી પરિચિત થશો.
- બે ભિન્ન ભાષાઓ વચ્ચેના સેતુકાર્યથી માહિતગાર થશો.
- અનુવાદ પામેલી કૃતિઓ દ્વારા તેમની કૃતિ-પસંદગીમાં રહેલું વૈવિધ્ય જાણી શકશો.
- તેમના મૌલિક સર્જનની સમાંતરે ચાલતા અનુવાદકાર્યમાં રહેતી તેમની સર્જનાત્મક પ્રતિભાથી પરિચિત થશો.
- મૂળ કૃતિના રસસ્થાનો અનુદિત કૃતિમાં કેવા ઉજાગર થયા તે અંગેની જાણકારી પ્રાપ્ત કરી શકશો.

### 8.2 પ્રસ્તાવના :

ઉમાશંકર જોશીની સર્જક અને વિવેચક તરીકેની સજ્જતાથી આ અગાઉના પ્રકરણોમાં તમે પરિચિત થઈ ચૂક્યા છે. ગદ્ય અને પદ્યના મોટા ભાગના સ્વરૂપોમાં ઉમાશંકર જોશીની એક આગવી સર્જક પ્રતિભાના આપણને દર્શન થયા છે. દરેક સર્જક એમના રોલ મોડેલ સમા સર્જક અને વિવેચકોમાંથી પ્રેરણા પ્રાપ્ત કરતા હોય છે. સર્જક તરીકે માતૃભાષામાં તો એ સજ્જ હોય એ સ્વાભાવિક છે. પરંતુ આપણું કેટલુંક ઉત્તમ સાહિત્ય આપણી વૈદિક ભાષા-દેવભાષા એવી સંસ્કૃતમાં હોય ત્યારે એવી ભાષાનું અધ્યયન સર્જકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થતું હોય છે. આપણા મોટા ભાગના અર્વાચીન સાહિત્ય સ્વરૂપો પણ વિદેશી સાહિત્ય એટલે કે અંગ્રેજી સાહિત્યમાંથી ઊતરી આવ્યા છે ત્યારે અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ સર્જકને એના સર્જનમાં એટલું જ ઉપયોગી થઈ પડતું હોય છે. આમેય આપણે ત્યાં એ જોવા મળ્યું છે કે જેનું માતૃભાષા પર જેટલું પ્રભુત્વ વધુ એટલું અન્ય ભાષામાં એનું પ્રભુત્વ અને ઊંડાણ વધુ જ હોય છે. ઉમાશંકર જોશી એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમણે ભારતીય સાહિત્ય વિશે અંગ્રેજી ભાષામાં વ્યાખ્યાન આપી એની સજ્જતાનો આપણને પરિચય કરાવ્યો છે. બહુમુખી પ્રતિભા ધરાવનાર ઉમાશંકરે ભારતીય અને વિદેશી ભાષામાંથી જે કાંઈ વાંચ્યું - માણ્યું એ ગમતાનો એમણે ગુલાલ કરી ગુજરાતી ભાષામાં ઉતારી આપણને એ અખૂટ ખજાનો હાથવગો કરી આપ્યો છે.

### 8.3 ઉમાશંકર જોશીનું અનુવાદકાર્ય :

'ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ' ગ્રંથ-5ના પૃ. 90 પર શ્રી રમેશ ર. દવે નોંધે છે કે, ''અનુવાદ કરવો એ, મૌલિક લખાણ કરવા કરતાં વધારે અઘરું કાર્ય છે - એમ સ્વીકારનારા ઉમાશંકરે અંગ્રેજી, સંસ્કૃત અને બંગાળી ભાષાની પ્રશિષ્ટ કૃતિઓના બહુધા સમશ્લોકી

ગુજરાતી અનુવાદો કર્યાં છે.''

ઉમાશંકર જોશીએ સંસ્કૃતના મહાન કવિ ભવભૂતિના 'ઉત્તરરામચરિત'નો અનુવાદ ઈ.સ.1950માં કર્યો. ભવભૂતિ દ્વારા વર્ણવવામાં આવેલો એક પત્નીત્વનો આદર્શ અને રાજધર્મ વિરુદ્ધ પ્રેમધર્મની કસોટીએ કસાતા રામનું પાત્રાલેખન સરસ રીતે વર્ણવાયા છે.

ઉમાશંકર જોશી દ્વારા સંસ્કૃતના સુપ્રસિદ્ધ કવિ કાલિદાસની ખૂબ જ જાણીતી કૃતિ 'શાકુંતલ'નો સમશ્લોકી અનુવાદ 1955માં થયો. શાકુંતલનો અનુવાદ કરતાં પહેલાં કૃતિના પ્રમાણિત પાઠ માટે એમણે ખૂબ જ ખેવના દાખવેલી શાકુંતલ માટે એમણે સંસ્કૃત સામગ્રી માટે રાઘવ ભટ્ટ સ્વીકૃત વાચના સાથે અને પ્રાકૃત સામગ્રી માટે બ.ક. ઠાકોરના અભ્યાસલેખનો આધાર લીધો છે. શ્લોકોનું સમશ્લોકી ભાષાંતર, અન્વય-વિતરણ અને સંદર્ભસામગ્રીની ટીપથી સમૃદ્ધ એવી વિસ્તૃત પ્રસ્તાવનાઓ આ અનુવાદની ઉપયોગિતા વધારી આપે છે. 'શાકુંતલ'માંનો કન્યા વિદાય વેળાનો નિમ્નલિખિત શ્લોક-અનુવાદ સંસ્કૃત અને ગુજરાતી બંને ભાષા ઉપર ઉમાશંકર જોશીનું કેટલું પ્રભુત્વ છે તેના દર્શન કરાવે છે :

'પહેલી જે જળ ના પીએ, નવ તમે પીધેલું હો ત્યાં સુધી,
વ્હાલાં આભરણો, ન તો ય ચૂંટતી સ્નેહે કરી પલ્લવો,
બેસે પહેલી જ વાર ફૂલ તમને ને જે ગણે ઉત્સવ
તે આ જાય શકુંતલા પતિગૃહે, આપો અનુજ્ઞા સહુ !'

ઉમાશંકર જોશીએ રવીન્દ્રનાથ ટાગોરકૃત 'એકોત્તરશતી'ના 15 અને 'ગીતપંચશતી'ના 30 ગીતોનો ગદ્યાનુવાદ અન્ય અનુવાદકોની સાથે 1978માં કર્યો છે. 'ઈશાવાસ્ય ઉપનિષદ' શીર્ષકથી 'અખંડ આનંદ' માસિકમાં 1986-'87 દરમ્યાન પ્રકાશિત થયેલા અનુવાદમાં 16 મૂળ સંસ્કૃત શ્લોકો અને તેનો વૈદિક છંદોલય જળવાઈ રહે તેવો સમશ્લોકી અનુવાદ ઉમાશંકરે શ્લોકોના અન્વય અર્થ તથા ટિપ્પણ અને તાત્પર્ય સાથે જોવા મળે છે. ઈશાવાસ્ય ઉપનિષદમાં રહેલા અધ્યાત્મ તત્ત્વની જાણકારી આપતો આ અનુવાદ ગુજરાતી ભાષાને ઉમાશંકરની ઉત્તમ ભેટ સમાન બની ગયો છે.

ઉમાશંકર જોશીએ 'સર્મન્સ ઑન માઉન્ટ'નો અનુવાદ 'ઈસુનું ગિરિપ્રવચન' એ નામે 1980માં કર્યો છે. અનુષ્ટુપ છંદમાં કરેલો આ અનુવાદ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં નિરુપાયેલા અનુષ્ટુપનું સ્મરણ કરાવે એટલો પ્રભાવશાળી અનુવાદ છે.

પૉલિશ કવિ એડમ મિત્સકિયેવિચના 'ધી ક્રિમિયન સૉનેટ્સ'માંનાં 18 સૉનેટકાવ્યોનો અનુવાદ અનુષ્ટુપ, પૃથ્વી, મંદાક્રાન્તા, વસંતતિલકા, સ્રગ્ધરા અને હરિણી છંદોમાં થયો છે. આ સૉનેટમાળામાં ઝંઝાવાતી સાગર અને દુર્ગમ ગિરિપ્રદેશમાંથી પસાર થતા, દેશવટો પામેલા પૉલેન્ડવાસી કવિ-પ્રવાસીને ધ્વસ્ત રાજધાની, કિલ્લો અને કબ્રસ્તાનના સાક્ષાત્કારથી વેકેલી વિષાદની લાગણીનું નિરૂપણ મૂળને ખૂબ જ વફાદાર રહીને થયેલું જોવા મળે છે. અનુવાદના અંતે સૉનેટ કાવ્યપ્રકાર વિશેનો ઉમાશંકરનો દીર્ઘ અભ્યાસલેખ પણ છે.

ઉમાશંકર જોશીએ મિત્સકિયેવિચકૃત ગુલે પોલાંડ નામનો અનુવાદ 1939માં કર્યો છે. રવીન્દ્રનાથ ટાગોરની કવિતાના ગુજરાતી અનુવાદની વાત કરીએ તો 'એકોત્તરશતી'ના 15 અને 'ગીતપંચશતી'ના 30 ગીતોનો ગદ્યાનુવાદ નગીનદાસ પારેખ અને અન્ય અનુવાદકો સાથે ઈ.સ. 1978માં કર્યો છે. આમ, અનુવાદક તરીકે ઉમાશંકર જોશીનું માતબર પ્રદાન રહ્યું છે.

### 8.4 ઉમાશંકર જોશીનું સંપાદનકાર્ય :

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત થયેલ ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 5 પૃ. 86 પર રમેશ ર. દવે નોંધે છે કે, 'ઉમાશંકરે સ્વયંસ્ફૂર્તિથી તેમજ સંયોગાનુસાર કવિતા, ટૂંકી વાર્તા, એકાંકી, જીવનચરિત્ર અને વિવેચન-સંશોધન-અનુવાદ જેવાં સાહિત્યસ્વરૂપો અને ક્ષેત્રોમાં નાનાંમોટાં 53 સંપાદનો સ્વતંત્ર તેમજ અન્ય વિદ્વાનોના સહયોગથી કર્યાં છે.'

- ઉમાશંકર જોશી કથાસાહિત્યના સંપાદનક્ષેત્રે પોતાની રચનાઓ સુધી સીમિત રહ્યા છે. એમણે 'ઉમાશંકરની શ્રેષ્ઠ વાર્તાઓ' અને 'ઉમાશંકરનાં શ્રેષ્ઠ એકાંકી' ઉપરાંત 'વરસની શ્રેષ્ઠ વાર્તાઓ : 1951' જેવાં સંપાદનો આપ્યાં છે. નિબંધ અને વિવેચનક્ષેત્રે એમણે સૌથી વધારે સંપાદનો આપ્યાં છે. જેમાં સર્જકલક્ષી, સિદ્ધાન્તલક્ષી અને આસ્વાદલક્ષી ગ્રંથો અલગ તરી આવે છે.
- આનંદશંકર બાપુભાઈ ધ્રુવનું લેખન અને વિવેચન જેમાં સચવાયું છે તે ત્રણ ગ્રંથોમાંના પ્રથમ ગ્રંથ 'કાવ્યતત્ત્વવિચાર'નું સંપાદન રા.વિ. પાઠક સાથે 1940માં થયું. દ્વિતીય ગ્રંથ 'સાહિત્યવિચાર' (1941) અને 'વિચાર-માધુરી' (1946)નું સંપાદન પણ રા.વિ. પાઠક સાથે જ થયું છે.
- 'કાલેલકર અધ્યયનગ્રંથ' (1961), 'મેઘાણી ગ્રંથ' (ભાગ-1-2 (1952), 'શરતચંદ્ર જન્મ શતાબ્દી ગ્રંથ' (1977), 'મડિયાનું મનોરાજ્ય' (1970) અને 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ભાગ : 1 (1973) ભાગ : 2 (1976) ભાગ : 3 (1978) અને ભાગ : 4 (1981) આ ચારેય ભાગનું સંપાદન એમણે અનંતરાય રાવળ અને યશવંત શુક્લ સાથે કર્યું છે.
- ઉમાશંકર જોશીએ 'અખાના છપ્પા' (1953) અને 'અખેગીતા' રમણલાલ જોશી સાથે (1967)માં કરેલ સંપાદનમાં તેમણે પૂર્વે કરેલ 'અખો : એક અધ્યયન' અભ્યાસગ્રંથની મોટી મદદ મળી છે. 'અખેગીતા'માં એમણે અખાની તત્ત્વજ્ઞાનની સમૃદ્ધિને જુદા-જુદા વિભાગોમાં સમજાવીને સરળ કરી આપી છે અને એ પણ મૂળ સામગ્રીને ખૂબ જ વફાદાર રહીને.
- ઉમાશંકરના કોઈ અતિપ્રિય કવિ હોય તો તે છે પ્રેમાનંદ. તેથી પ્રેમાનંદના 'દશમસ્કંધ' (ભાગ-1-2) (હરિવલ્લભ ભાયાણી સાથે) 'અનુક્રમે' (1969 અને 1971)નું સંપાદન કરતી વખતે તેમણે પ્રેમાનંદની સર્જકતાને ભાવભરી સ્પષ્ટતાથી પ્રદર્શિત કરી છે.
- કવિ બાળાશંકર કંથારિયાકૃત 'કલાન્ત કવિ' (1942) બ.ક. ઠાકોરકૃત 'મ્હારાં સૉનેટ' (1953) અને હરિશ્ચંદ્ર ભટ્ટકૃત 'સ્વપ્નપ્રયાણ' (1959) : આ ત્રણ સંપાદન દ્વારા ઉમાશંકર જોશીએ ગુજરાતી કવિતાના ત્રણ તબક્કાના મહત્ત્વના કવિઓની કવિતાઓ તેની સાથેના અભ્યાસલેખોને કારણે સરસ રીતે ઉપલબ્ધ કરાવી આપી છે. કવિ અને તેમની કવિતા તથા સર્જનપ્રક્રિયા અંગે સમ્યક્ દૃષ્ટિથી થયેલી આનુપૂર્વી સહિતની મીમાંસાને લીધે આ સંપાદનો ખૂબ જ સમૃદ્ધ સાબિત થયાં છે.
- 'મેહુલો ગાજે ને માધવ નાચે' (રઘુવીર ચૌધરી સાથે) (1987) પણ એમનું કવિતાઓનું જ એક અન્ય સંપાદન છે.
- ઉમાશંકર જોશીના 'કાવ્યાયન' નામના સંપાદનમાં ભારતીય તેમજ વિદેશી ભાષાઓની કવિતાના અનુવાદ 'પ્રતિભા અને પ્રતિભાવ' (1981)માં ગુજરાતી ભાષાની ચિરંજીવ કાવ્યકૃતિઓના આસ્વાદો મળે છે. અને 'સર્જકની આંતરકથા' (1984)માં ગુજરાતી સર્જકોની તેમની સર્જનપ્રક્રિયાગત કેફિયત છે. આ ત્રણેય ગ્રંથોમાંનાં બેસીને લખાયા હોય એ કોટિના છે.
- 'લોહીમાં જ પત્રકારત્વ અંગેનો સળવળાટ હશે' - એમ કહેનારા ઉમાશંકરે 1930માં સત્યાગ્રહી સૈનિક તરીકે વીરમગામ સત્યાગ્રહ છાવણીમાંથી પ્રકાશિત થતી પત્રિકા 'નવજીવન'ના પ્રકાશનની જવાબદારી 19 વર્ષની વયે ઉપાડેલી. 'નવજીવન'ના સંપાદનનો આ 'મોંઘો' અનુભવ પછીથી 'બુદ્ધિપ્રકાશ'ના સંપાદનમાં અને 'સંસ્કૃતિ'ના પૂરાં 38 વર્ષો સુધી ખપ લાગ્યો છે.
- ઉમાશંકરે 1947ની 26મી જાન્યુઆરીએ પ્રગટ થયેલા 'સંસ્કૃતિ'ના પ્રથમ અંકમાં 'શિવસંકલ્પ' શીર્ષક હેઠળ પ્રેમભાવ દ્વારા માનવ-સમાજની ઉન્નતિ સાધવાની શ્રદ્ધા પ્રગટ કરી છે અને પછીથી આપઘડતરની સાથોસાથ પ્રજાઘડતરનો પુરુષાર્થ એમણે

'સંસ્કૃતિ' નામના સામયિક દ્વારા કર્યો છે. ઉમાશંકરની રાજ્ય, દેશ અને સમગ્ર વિશ્વ વિશેની પ્રેમભરી ચિંતા-નિસબત 'સંસ્કૃતિ'ના 'સમયરંગ' અને 'અર્ધ્ય' નામનાં વિભાગોમાંનાં લઘુ અને દીર્ઘ લખાણોમાં 'જીવવાની રીતના એક ભાગ રૂપે' પ્રગટ થતી રહી છે.

'સંસ્કૃતિ' સામયિકમાં સાહિત્ય ઉપરાંત કલા, સમાજ, સંસ્કૃતિ, શિક્ષણ-કેળવણી, ધર્મ-તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, રાજનીતિ-રાજકારણ - અર્થકારણ - સમાજકારણ જેવા વિવિધ વિષયો પર પંડિત સુખલાલજી, કાકાસાહેબ કાલેલકર, પી.સી. વૈદ્ય, ફાધર વાલેસ, આર. કે. અમીન, પ્રબોધ પંડિત, મનુભાઈ પંચોળી 'દર્શક', સ્વામી આનંદ, નાનાભાઈ ભટ્ટ અને સંતપ્રસાદ ભટ્ટ જેવા લેખકોના લેખો પ્રગટ થયા છે. 'સંસ્કૃતિ'માં લલિત સાહિત્યનાં મોટા ભાગના સાહિત્ય-પ્રકારોની પાણીદાર કૃતિઓ - કેતન મુનશીની વાર્તા 'ફટકો', મધુ રાયનું નાટક 'ઝેરવું' અને નિરંજન ભગતની પ્રવાલદ્વીપ-કવિતા-પ્રકાશિત થયેલી છે. 'સંસ્કૃતિ'ના વિશેષાંકોની વાત કરીએ તો તેનો 100મો અંક લોકશાહી વિશે, 200મો અંક વિવેચન વિશે, 300મો અંક વિદેશી કાવ્યકૃતિના અનુવાદનો અને 400મો અંક ગુજરાતી ભાષાનાં મૂર્ધન્ય કાવ્યોના આસ્વાદનો હતો. આ ઉપરાંત સર્જકની સર્જનપ્રક્રિયાનો આલેખ આપતો સર્જકની આંતરકથા વિશેષાંક પણ ખાસ નોંધપાત્ર છે. ઉપરોક્ત વિશેષાંકો 'કાવ્યાયન', 'પ્રતિભા અને પ્રતિભાવ'માં ગ્રંથસ્થ થયાં છે. કવિ તરીકે જાણીતા પત્રકાર ઉમાશંકરે માનવ અને પ્રકૃતિ - એકેયમાંથી પોતાની શ્રદ્ધા ગુમાવી નથી. તેથી જ 'સમયરંગ' અને 'શેષ સમયરંગ'માંનાં લેખો તેમની મનોયાત્રાના પદચિહ્નો સમાન છે. એનો વિષયવ્યાપ વ્યાસકુળનો છે. વ્યક્તિએ નાગરિક રૂપે દાખવવાના પુરુષાર્થ-ધર્મની આ લેખોમાં આત્મનીરિક્ષણપૂર્વક મીમાંસા થયેલી જોવા મળે છે. 'ગવર્નરના પગારો,' 'પુત્રનાં લક્ષણ પારણામાંથી', 'વડોદરામાં વર્તમાનપત્રો પર અંકુશ', 'ગુજરાતી ભાષાના પ્રેમીઓને વિનંતી', 'સર્વોદય : સમાજ-વાદનું સાચું સ્વરૂપ', ''રાષ્ટ્રપતિ : મૂર્ધન્ય વ્યક્તિ કે 'રબ્બરસ્ટેમ્પ' ?'' 'પ્રજાને ફોસલાવી શકાશે નહીં' જેવા લેખો ઉદાહરણરૂપ છે. એમની પત્રકારીય લેખોમાંની ચુસ્તી અને વિશદતા તથા નિર્ભીક સ્પષ્ટવાદિતા અને રસાળતા વાચકોની અપેક્ષાને સારી પેઠે સંતોષે છે.

ઉમાશંકર જોશીએ 'આચાર્ય આનંદશંકર ધ્રુવ સ્મારક ગ્રંથ' (1944), 'કલાપીનાં કાવ્યો' ('આપણો સાહિત્યવારસો' સંપુટ બીજો) (1974), 'કાલેલકર અધ્યયનગ્રંથ (1061), 'ગાંધીકાવ્ય સંગ્રહ' ઝીણાભાઈ દેસાઈ સાથે (વિક્રમ સંવત 1993), 'ગુજરાતી લોક-સાહિત્યમાળા (માણકો : 1 અને 2) (ઈ.સ. 1957 અને 1959), ટી.બ. નર્મદશંકર મહેતા સ્મારક ગ્રંથ (1968) સૈયદ સાબિરઅલી બુખારીકૃત 'ધ્રૂજતી પ્યાલી' (1908), શ્રી અંબુભાઈ પુરાણી ષષ્ઠિપૂર્તિ અભિનંદન ગ્રંથ (1955), શ્રી અંબુભાઈ પુરાણી સ્મૃતિગ્રંથ (1969), 'સાહિત્ય પલ્લવ' ભાગ-1-2-3 (સ્નેહરશ્મિ સાથે) અને 'સાહિત્યસંચય' (1062)માં શૈક્ષણિક વર્ષ 1062-'63થી 1965-'66 સુધી પ્રી-યુનિવર્સિટી વિનયનની પરીક્ષા માટે તૈયાર કરવામાં આવેલા સંપાદનો છે.

આ ઉપરાંત (નિશીથ) પુરસ્કાર ગ્રંથમાળા : અંતર્ગત ઉમાશંકર જોશીએ નિમ્નલિખિત કવિતાસંગ્રહોનું સંપાદન કરેલ છે.

1. 'સુબ્રહ્મણ્ય ભારતીનાં કાવ્યો' (અનુ. તિ. કુ. જયરામન્)
2. 'પ્રેમ વાચા માગે છે' (માર્ટિન ઑલવૂડકૃત, અનુ. ઉદયન)
3. 'વનલતા સેન' (જીવનાનંદ દાસકૃત, અનુ. ભોળાભાઈ પટેલ)
4. 'ઑડનનાં કાવ્યો' (અનુ. નિરંજન ભગત, ઉમાશંકર જોશી અને અન્ય)
5. 'વસ્તુનું મૂળ અને બીજા કાવ્યો' (મિરોસ્લાફ હોલુબકૃત, અનુ. હસમુખ પાઠક)
6. 'ગાથા માધુરી' (હાલકૃત, અનુ. હરિવલ્લભ ભાયાણી)
7. 'પુ. શિ. રેગે' (અનુ. સુરેશ દલાલ)

8. 'વિંદા કરંદીકર' (અનુ. જયા મહેતા)
9. 'ગ્રેસ' (અનુ. જગદીશ જોશી)
10. 'વસંત બાપટ' (અનુ. વસંત ના. જોશી)
11. 'મંગેશ પાડગાંવકર' (અનુ. સુરેશ દલાલ)
12. 'નારાયણ સર્વે (અનુ. વસંત ના. જોશી)
13. 'આરતી પ્રભુ' (અનુ. જયા મહેતા)
14. 'ઑથેલો' (અનુ. મનસુખલાલ ઝવેરી
15. 'સ્કૅન્ડિનેવિયાની કવિતા' - ૧ (ફિનલૅન્ડ, આઈસલૅન્ડ, નૉર્વેનાં કાવ્યો) (અનુ. વત્સરાજ ભણોત, 'ઉદયન')
16. 'સ્કેન્ડિનેવિયાની કવિતા'- ૨ (ડેન્માર્ક, સ્વીડનની આધુનિક કવિતા) (અનુ. વત્સરાજ ભણોત 'ઉદયન')
17. 'સમકાલીન અસમિયા કવિતા' (અનુ. ભોળાભાઈ પટેલ)
18. 'ઇન્દિરા સંત' (મરાઠી કવિતા) (અનુ. શકુંતલા મહેતા)
19. 'અનિલ' (મરાઠી કવિતા) (અનુ. મનસુખલાલ ઝવેરી)
20. 'કિંગ લિયર' (અનુ. મનસુખલાલ ઝવેરી)

આ સિવાય 'ગ્રંથ' સામયિકના એપ્રિલ-મે-જૂન (અંક 4-5-6) 1986નું સંપાદન ઉમાશંકર જોશીએ નિરંજન ભગત અને યશવંત દોશી સાથે કરેલું તેની પણ નોંધ લેવી જોઈએ.

**8.5 સારાંશ :**

ઉમાશંકર જોશીએ અંગ્રેજી, સંસ્કૃત અને બંગાળી ભાષાની જાણીતી કૃતિઓના મોટેભાગે સમશ્લોકી અનુવાદ કરવાનું ભગીરથ કાર્ય કરેલું છે. જેમાં ભવભૂતિનું 'ઉત્તરરામચરિત', કાલિદાસનું 'શાકુંતલ' ટાગોરનાં 'એકોત્તરશતી' અને 'ગીતપંચશતી', 'ઈશાવાસ્ય-ઉપનિષદ' અને પૉલિશ કવિ એડમ મિત્સકિયેવિચના 'ધી ક્રિમિયન સૉનેટ્સ'માંનાં 18 સૉનેટકાવ્યોનો અનુવાદ મુખ્ય ગણાવી શકાય.

- જે તે કૃતિના મૂળ ભાવને અક્ષત રાખી ગુજરાતીમાં અનુવાદ કરવામાં ઉમાશંકર ખૂબ જ સફળ રહ્યા છે.
- કૃતિના પ્રમાણભૂત પાઠ પ્રાપ્ત કરવાની તેમની ખેવના ખાસ પ્રશંસાપાત્ર છે.
- ઉમાશંકર જોશીએ સ્વતંત્ર કે અન્ય સાથે નાનાં-મોટાં 53 સંપાદનો કરી પોતાની સંપાદકીય સૂઝનો આપણને સુપેરે પરિચય કરાવ્યો છે.
- સંપાદન માટે હાથ ધરવામાં આવેલ તેમણે કરેલ સર્જકોની પસંદગી દાદ માગી લે તેવી છે.
- 'સંસ્કૃતિ' સામયિકના તંત્રી તરીકે તેમણે હાથ ધરેલું કુલ 38 વર્ષનું સંપાદનકાર્ય કાબિલે દાદ છે.
- 'નિશીથ' પુરસ્કાર ગ્રંથમાળાનું સંપાદન પણ એમની કવિતાક્ષેત્રની ઊંચાઈ અને ઊંડાણ બંનેનું સુપેરે દર્શન કરાવે છે.

**લેખન :** ડૉ.અશ્વિન આણદાણી એસોસિએટ પ્રોફેસર,
દેસાઈ સી.એમ.આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ,વિરમગામ

## 8.6 વિશેષ અધ્યયન : ઉમાશંકર જોશીનાં સંપાદનો

વિદ્યાર્થી મિત્રો ! ઉમાશંકર જોશીનું સંપાદનકાર્ય માતબર છે. આપણા જાણીતા વિવેચક શ્રી કનુભાઈ જાનીનો લેખ અત્રે આપના વિશેષ અધ્યયન માટે રજૂ કરીએ છીએ.

'સંસ્કૃતિ' (1947થી 1984ના 37 વર્ષ) અને 'બુદ્ધિપ્રકાશ' આદિ સામયિકો સિવાયનાં એમનાં નામાભિધાનવાળાં બધાં સંપાદનોની યાદી કરીએ તો એ છ વિભાગમાં વહેંચી શકાય, અને તેમાંય કાલેલકર-સાહિત્યમાળાના પંદરેક ગ્રંથોને એક જ સંપાદન ગણીએ તોપણ, ઝડપથી કરેલી યાદી પ્રમાણે પણ તેપન જેટલાં ગ્રંથસ્થ સંપાદનો થાય :

1. કવિતા (મધ્યકાલીન) : 3 : ('અખાના છપ્પા', 'અખે ગીતા' અને 'દશમસ્કંધ')
2. કવિતા (અર્વાચીન) : 8 : ('ગાંધી કાવ્યસંગ્રહ' '37, 'કલાન્ત કવિ', '42, 'મ્હારાં સૉનેટ' '53, 'સ્વપ્નપ્રયાણ' '59, 'કલાપીનાં કાવ્યો' '74, 'મેહુલો ગાજે ને માધવ નાચે' '87, 'નિશીથ એવં અન્ય કવિતા', 'ધ્રૂજતી પ્યાલી' '88)
3. કવિતા (ભારતીય અને વિદેશી) : 14 : (નિશીથ પુરસ્કાર ગ્રંથમાળા. અર્વાચીન મરાઠી કવિત્નાં સાત પુસ્તકો અને સાત અન્ય.)
4. ગદ્ય : 7 : ('કાવ્યતત્ત્વવિચાર' '40, 'સાહિત્યવિચાર' '41, 'દિગ્દર્શન' '42, 'વિચારમાધુરી' '46, 'વરસની શ્રેષ્ઠ વાર્તાઓ' '51 અને 'ઉમાશંકરનાં શ્રેષ્ઠ એકાંકી' તથા 'ઉમાશંકરની શ્રેષ્ઠ વાર્તાઓ' '85)
5. સ્મૃતિ-અભિનંદનાદિ ગ્રંથ : 9 : ('આચાર્ય આ.ધ્રુવ સ્મારક ગ્રંથ' '44, 'મેઘાણી ગ્રંથ' 1-2 '52, 'અંબુભાઈ પુરાણી પષ્ટિપૂર્તિ અભિનંદગ્રંથ' '55, 'કાલેલકર અધ્યયનગ્રંથ' '61, 'દી.બ.નર્મદાશંકર મહેતા સ્મારકગ્રંથ' '68, 'અંબુભાઈ પુરાણી સ્મૃતિગ્રંથ' '69, 'મડિયાનું મનોરાજ્ય' '77, 'શરતચંદ્ર જન્મશતાબ્દી ગ્રંથ' અને કાલેલકર-ગ્રંથાવલિના પંદરેક ગ્રંથો)
6. પ્રકીર્ણ : 12 : ('લોકસાહિત્યમાળા' મણકો 1 અને 2; 'સાહિત્યપલ્લવ' ધો.8,9,10; 'સર્જકની આંતરકથા', 'પ્રતિભા અને પ્રતિભાવ', 'કાવ્યાયન' અને પરિષદ સંપાદિત ગુ.સા.ઈતિહાસના ચાર ગ્રંથો).

આમાંથી કેટલાકમાં એ એકલા અને કેટલાકમાં અન્ય સાથે, ક્યાં મુખ્યત્વે માર્ગદર્શન જ અને ક્યાં એમનું જ આગવું કાર્ય, એ તારવણી આપોઆપ થઈ જાય એવી છે. આ તેપનમાંથી બરાબર અડધોઅડધ સંપાદનો કવિતાવિષયક છે. આઅ પચીસેકમાંથી ત્રણ તો એમનાં અમૂલ્ય પ્રદાન જેવાં છે 'મ્હારાં સૉનેટ', 'સ્વપ્નપ્રયાણ' અને 'કલાન્ત કવિ'-તેમાંય છેલ્લાં બે; તેમાંય જેમ મધ્યકાલીન અખો એ એમનો એક અભ્યાસવિશેષ એમ 'કલાન્ત કવિ' પણ ગદ્યમાં આનંદશંકરના ચાર વિવેચનગ્રંથો અને પ્રકીર્ણમાંથી લોકસાહિત્યમાળા મણકો-1 આ સિવાયનામાં પણ એમનો અવાજ તો બધે જ સાથિયા પૂર છે જે.

એમનો અભ્યાસ અને વસ્તુપકડ ક્યારેક વ્યક્તિપરિચયનાં બેચાર પાનામાં પણ સઘન છતાં સહજરૂપે નીતરે છે. 'કાલેલકર અધ્યયનગ્રંથ'માં 'કાકાસાહેબની કવિતા અને બે પત્રસંગ્રહો' પરનો એક લખે એમ બે લેખો જ છે, પણ કાકાને સમજવા અનિવાર્ય થઈ પડે તેવા છે. કાલેલકરના લઘુનિબંધોમાંની કવિતાનો રસિક પરિચય સોદાહરણ એમણે આપ્યો છે, ને મરાઠી છતાં ગુજરાતી આવું લખે એનું આશ્ચર્ય ન હોય કહીને એક ઓછી જાણીતી વિગત આપે છે : ''મરાઠીના પ્રથમ પંક્તિના કવિ ગોવિન્દાગ્રજ નવસારીના વતની હતા અને મરાઠી તેમ જ ગુજરાતી બંને ભાષાઓ જાણતા.'' કાલેલકરના જીવનના મહત્ત્વના પરિવર્તનબિંદુની વિગતને ઐતિહાસિક સંદર્ભમાં એક જ સરળ વાક્યમાં મૂકી આપે છે : ''આયુષ્યનો મંથનકાળ કાકાસાહેબે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ અને સંસ્થાઓમાં વટાવીને પોતાના પ્રિયમાં પ્રિય પરિભ્રમણને પણ તિલાંજલિ આપીને ગાંધીજીએ તૈયાર કરેલી ભોંયમાં મૂળિયાં નાખ્યા હતાં. કાલેલકરનું ગદ્ય કેવું સીધું કાવ્યપ્રેરક બને છે એના ઉદાહરણરૂપે 'ઓતરાતી દીવાલો'નું પણ જેમના હાથમાં મારું માન મેં સોંપ્યું ન હતું તેમને હાથે મારું અપમાન શું''નું કથન શ્રીધરાણીમાં કેવું કાવ્યરૂપ લે છે એ બતાવે છે :

''માન તમારે હાથ ન સોંપ્યું.
કેમ કરી અપમાનશો ?''

ક્યારેક વસ્તુને સમજાતું કવિચિત્ત એક પ્રતીક જ એવું આપે છે કે વસ્તુ આપોઆપ પમાઈ જાય : પત્રો એટલે 'શબ્દહોડીઓ' (330) 'પત્રસૃષ્ટિ તે ખરું જોતાં પાત્રસૃષ્ટિ', કાકાનો શબ્દ એટલે 'વાગ્યજ્ઞ' કાલેલકર ગ્રંથાવલિના પ્રત્યેક ભાગના આરંભે મૂકેલ લેખમાં પણ કાકાનો આવો મિતાક્ષરી પરિચય છે : 'ભૂગોળના રસિયા તેવા જ ખગોળની સૌંદર્યસૃષ્ટિના પણ તરસ્યા' (4); ''કાકાસાહેબની બીજી એક મોટી અને વિરલ એવી બક્ષિસ તે વિનોદવૃત્તિની (શેક્સપિયરમાં પક નામનું એક પાત્ર આવે છે તેના ઉપરથી ઓળખાતી પકવૃત્તિ પણ)'' (5) 'મડિયાનું મનોરાજ્ય'માં 'મડિયારાજા'એ ચરિત્રલેખ પણ હળવા ચરિત્રલેખનો એક ઉત્તમ નમૂનો. બચપણની ભાષા મોટપણે પણ ન ભૂલ્યા, ન છોડી એ સંદર્ભમાં લખે છે : એમનું ''ગ્રહણયંત્ર (રીસીવિંગ સેટ) ઘણું સૂક્ષ્મ સંવેદનશીલ અને સર્વગ્રાહી હોવું જોઈએ. મોટા લેખક માટે આ એક મોટી અસ્કામત ગણાય. પ્રતિભાવંત લેખકોને માટે બાળપણ એ એક મોટી અનુભવખાણ હોય છે.'' ''શબ્દની મદદથી જીવનના એક વિશાળ સંકુલ સંદર્ભના એ સ્વામી બની'' ચૂકે છે. ''પોતાનું એક રાજ્ય સાથે લઈને ફરે છે'' (5) ક્યારેક એક જ ફકરો કેટલીય કૃતિઓને આવરી લઈ પ્રત્યેકની લાક્ષણિકતા હેલામાં આપી દે છે. વાતચીતિયા ઢબે એનું એક ઉદાહરણ '' 'ઘૂઘવતા પૂર'ના કથાસમુદાય''થી આરંભાતો અને ''તેનો પરિચય થાય છે''થી અંતાતો પાન છ પરનો ફકરો. મડિયાથી કથાકલા, એકાંકીકલા, સૉનેટકલા, પ્રવાસવર્ણનકલા ચારેને એ બેચાર વાક્યોમાં આવરી લે છે. કેટલું આત્મસાત્ કર્યું હોય ત્યારે સહજમાં આમ થાય ! ક્યારેક ખૂબ રસિક અંગત વાતો પણ વિગતરૂપે વણી લે છે : ''એમની આરંભની એક નવલકથાના સિનેરૂપાન્તરમાં પાત્ર તરીકે ઊતરવા કોઈએ નહીં ને સાક્ષરવર્ય શ્રી બલવંતરાય ઠાકોરે ઈચ્છા દર્શાવી હતી એવું સ્મરણ છે.'' (7) મડિયાના લગ્ન વખતે ફોટા લીધેલા તેની વાત કરે છે. આવી અનૌપચારિકતા અને ઉષ્મા હરિશ્ચંદ્રની કે 'સાબિરઅલીસાહેબ'ની કવિતાનો પરિચય કરાવે છે ત્યાં પણ, સ્થળે સ્થળે, પમાય છે : ''શ્લેષથી હસી લેવાની તક કવિ જતી કરતા નથી. 'તમ યાદની કેડી પકડીને, જી ! વનને વટાવી જાણું છું.'- એ જાણે જરીક દાઢમાં બોલાયું ન હોય ! એમાં સહેજસહેજમાં 'જી-વન'ની 'વન' સાથે સરખામણી ચીંધી દીધી છે.'' ('ધ્રૂજતી પ્યાલી' 10) ક્યારેક કવિને જ સૂઝે એવો પ્રશ્ન કરીને કવિતાને મૂલવે છે : 'આપણી ભાષામાં ખારા મહાસાગરને 'મીઠા મહેરામણ'નું બિરુદ કયા કવિએ આપ્યું હશે ?' (12) ક્યારેક વળી સંપાદન નિમિત્તે વિગતસભર સુંદર ચરિત્ર આલેખી આપે છે. મેઘાણી-ગ્રંથમાંનું મેઘાણીચરિત્ર એક સર્વોત્તર ચરિત્ર છે- વિગતો એની પસંદગી, ગોઠવણી, મુલવણી એ બધી દૃષ્ટિએ હા, શરત ચૂકો છે. જે સંશોધન લઈને બેસે એને હાથે ચૂકો તો થાય.

આનંદશંકરનું પ્રજ્ઞા ભર્યું, પ્રૌઢ, સિદ્ધાન્તપૂત, વ્યવસ્થિત, સ્વસ્થ, પ્રસન્ન વિવેચન મળ્યું તેનો યશ મોટે ભાગે ઉમાશંકરને જાય છે. હા, રા.વિ.પાઠક છે. આરંભે ઉપોદ્‌ઘાત દરેક ગ્રંથમાં એમની પાસે જ લખાવડાશે છે, પણ અંતે 'વિચારમાધુરી'ના ઉપોદ્‌ઘાતમાં (પ્રથમાવૃત્તિ, 1946, પૃ.9-10) બહુ જ ખુલ્લે દિલે, આજે તો વિરલ એવી નિખાલસતાથી પાઠકસાહેબ 'અંગત વાત' કરે છે : ''આ ચારેય સંગ્રહોનું સંપાદનકાર્ય શ્રી ઉમાશંકર જોશી અને મને સોંપાયેલું. તેમાં જૂના અંકો કાઢવછા, તેના લેખો જોઈ જવા, તેમાંથી પસંદ કરવા, અને પસંદ કરેલાને જુદાં જુદાં મથાળાં નીચે ગોઠવવા, એ સર્વ અત્યંત શ્રમનું કાર્ય શ્રી ઉમાશંકરે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં સંભાળી લઈ મને બધી મહેનતમાંથી ઉગારી લીધો છે, અને ઉપોદ્‌ઘાતનો યશોભાગ મને એકલાને જ આપ્યો છે. એ એમના બન્ધુકૃત્યની નોંધ લીધા વિના રહી શકતો નથી.''

એ ચારેય પુસ્તકો સાહિત્યપ્રેમી કોઈને પણ વાંચ્યા વિના ન ચાલે એવાં, આપણું અમૂલ્ય વિવેચનધન છે. પણ એમાં 'વિવેચનમાધુરી'ના ઉપોદ્‌ઘાતના પ્રથમ ફકરામાં જણાવેલી મુશ્કેલીઓને કારણે પણ, એક એક સંગ્રહ જુદે જુદે સમયે કરવા જતાં, બધી જ સામગ્રી નજર સામે આવી ગયા પછી જ પાડી શકાય તેવું વિષયનું વર્ગીકરણ મળતું નથી દા.ત.

'કાવ્યતત્ત્વવિચાર'માં જ શોભે એવી રસ ચર્ચાના બે લેખો છેક છેલ્લા સંગ્રહમાં છે ! તો 'દિગ્દર્શન'માં મુખ્યત્ત્વે ઇતિહાસવિષયક લેખો સમાવવા ધારેલા, છતાં 'ઇતિહાસનું તત્ત્વચિંતન' એ મહત્ત્વનો લેખ તો 'સાહિત્યવિચાર'માં છે. 'દિગ્દર્શન'માં સાહિત્યદૃષ્ટિએ અગત્યનાં ગ્રંથાવલોકનો છે. એને લેખક, સ્વરૂપ, વિષય-એમ વિચારીને કોઈ એક ધોરણે, ભલે ત્રણ ગ્રંથોમાં પણ મૂકી શકાયા હોત. ક્યાંક તરત તરી આવે એવી શરતચૂકો પણ રહી ગઈ છે. દા.ત. 'વિચારમાધુરી'ના ઉપોદ્દ્ઘાતમાં પાઠકસાહેબ લખે છે કે 'અમદાવાદમાં ભરાવાની એક કેળવણી પરિષદ માટે તો તેમણે (આનંદશંકરભાઈએ) વિચારવાના વિષયોની એક લાંબી યાદી આપી છે...' (8) હકીકતે (202) 'વસન્ત'ના તંત્રીએ પોતે ખુલાસો કર્યો છે તેમ 'પરિષદના મંત્રીઓ તરફથી પ્રસિદ્ધ થયેલી વિષયની યાદી' જ એમણે પ્રસિદ્ધ કરી છે.

આવી નાની-ઝીણી મર્યાદાઓ છતાં, યુનિવર્સિટીની ખોટ પૂરી પાડવાના હેતુથી ચાલેલા 'વસંત'ની સમૃદ્ધિ આ સંપાદનોને કારણે જ આપણને સુલભ બની છે. રૂડા પ્રતાપ ઉમાશંકરના કે ગાંધીયુગના આરંભાયેલ એક અરધા સૈકાના બૌદ્ધિક ઇતિહાસનો જેમાં આલેખ છે એવી સમૃદ્ધિ સંપડાવી આપી. ઉમાશંકરનાં ગદ્ય સંપાદનોમાં આનંદશંકરના ગદ્યની સંપ્રાપ્તિ આપણા સમગ્ર સાહિત્યને સમૃદ્ધ કરે છે.

પણ સંપાદનક્ષેત્રે એમનું નિજી પ્રદાન કવિતાક્ષેત્રે અખો એમણે કેવો આપ્યો ! કવિતા ને વિવેચન બંને. અમસ્તુંય, કવિતા ચોપાસ ફેલાય. 'કાવ્યાયન'માં કહે છે તેમ આપણા કાવ્યરસિકોની - કાવ્યજ્ઞોની કાવ્યરુચિ ચારે કોર ફરી વળે' એ એમની મનીષા માટે તો એમણે પુરસ્કારગ્રંથમાળા આપી. 'વિશ્વકવિતાનો મધુપુટ' રચવો હતો એમન કહે છે : 'જો સંદર્ભમાં સુપેરે પામવી' ('કાવ્યાયન', 1972. 8) હતી. એમાં એમણે અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, રશિયન, ગ્રીક, ડચ, સ્વીડિશ, નોર્વેજિયન, હિબ્રુ, જાપાનની, ચીની, કોરિયન... એમ વિશ્વની અનેક ભાષાઓમાંથી છન્નુ, અને ભારતીય ભાષાઓમાંથી ચાળીસ, એમ એકસો છત્રીસ કાવ્યો ભાષાન્તર રૂપે પ્રત્યેકના આસ્વાદ સાથે આપ્યાં. એ દ્વારા 'આધુનિક ચેતનાના વૈવિધ્યભર્યા ઉન્મેષો', 'વિવિધ સૌંદર્ય બોધાવસ્થાના... પ્રમાણિત આલેખો' હાથવગા કરી દીધા. 'પ્રતિભાવ' અને 'પ્રતિભા' (1981)માં એ જ રીતે ચોસઠ ગુજરાતી કાવ્યોનાં આસ્વાદો કાવ્યજ્ઞો પાસેથી મેળવીને મૂક્યાં. આ બે સંગ્રહોથી કાવ્યમરમીઓને પણ ઉમાશંકરે ન્યાલ કરી દીધા. આવા પ્રયોગો ભાગ્યે જ કોઈ ભાષામાં થયા હશે.

અર્વાચીન ગુજરાતી કવિતાક્ષેત્રે એમનું પ્રદાન વિશેષ ત્રણ સંપાદનોનું : 'મ્હારાં સૉનેટ'ની બીજી આવૃત્તિ, 'સ્વપ્નપ્રયાણ' અને 'કલાન્ત કવિ'. બલવંતરાયે 135 સૉનેટો આપેલાં, ઉમાશંકરે બલવંતરાયના છૂટક કાટળિયાં, નોંધો, નોંધપોથીઓ, દીપત્સવી અંકો, બરોડા કૉલેજ મૅગેઝીન, 'કુમાર-કવિતા'ના જૂના અંકો, અન્ય સામયિકો, અંગત પત્રો- એમ અનેક સ્થળોએથી ખોળી મેળવીને 166 સૉનેટો આપ્યાં. આમ 31 સૉનેટો એમને કારણે બચ્યાં, ગ્રંથસ્થ થયાં પાઠોમાં પણ સારી પેઠે ગડમથલ કરીને પાઠ નક્કી કરી આપ્યા છે. 'હજી પ્રો.ઠાકોરનાં અપ્રસિદ્ધ સૉનેટ હોવા સંભવ છે.' (1962; 11)ને ભવિષ્યમાં કોઈ નિઃશેષ વાચના આપે એવી એમની ટહેલ છે.

બ.ક.ઠાકોરના પરિશીલન દરિમયાન કેટલાંક હૃદ્ય નિરીક્ષણો મળે છે : 'ખરું જોતાં તો લાગણીનું સાધારણીકરણ થતાં, ભાવ કાવ્યત્વને પામતાં, કોઈ કૃતિ નરી આત્મલક્ષી રહેવા પામતી નથી.' ('62; 14) વૃદ્ધાવસ્થા અંગેનાં કાવ્યો વિશે લખે છે : 'આવું તીવ્ર વિષાદભર આલેખન બલવંતરાય સિવાય કોઈ કવિમાં, શું ગુજરાતીમાં શું કદાચ કોઈ ભાષામાં પણ, જવલ્લે જ મળશે.' આમ તો બેધડક એ જ કહી શકે જે કાવ્યક્ષેત્રે ચોપાસ ફરી વળ્યો હોય. બ.ક.ઠાકરની વૃદ્ધાવસ્થાવિષયક કવિતા તરત ધ્યાન ખેંચે છે. 'જર્જરિત દેહને' કહે છે.

'સખા કહું ? કહું તુરંગમ ? તું છેક હારી ગયો ?'

ને છેલ્લે છે :

'સબૂર જરિ, ના ચહૂં, કશુંય જે ત્હને શક્ય ના,
કદી ન તગડીશ, લે વચન ! સાથિ સંગી અહો,
જરા ઉચલ ડોક; દૂર નથી જો વિસામો હવે.'

કેવું ભાષાજોમ ! કહે છે : 'ગુજરાતી સાહિત્યમાં અખા પછી કોઈએ જો જોરદાર ભાષા વાપરી હોય તો તે બ.ક.ઠાકરે' (1962, 21)

1959માં ઉમાશંકરને કારણે આપણને આપણી સદીની બીજી પચ્ચીશીનો એક ઉત્તમ કવિ મળે છે હરિશ્ચંદ્ર. એની કવિતા રચાતી હતી ત્યારે બ.ક.તપતા હતા; છતાં પ્રવાહિતા ને યતિભંગ જેવાં ક્યાંક જણાતાં લક્ષણો બાદ કરો તો એની કવિતા આ મુખ્ય પ્રવાહથી કાંઈક જુદી તરીને ચાલતી જણાશે. હરિશ્ચંદ્ર પોતાનાં કાવ્યોને કાળે કાળે કેવા મઠારતા રહ્યા છે એની વિગત, કવિનોંધ સાથે ઉમાશંકરે ખૂબ સારી રીતે આપી છે, અહીં કવિતા-ઈતિહાસ સાથે કવિતા મળે છે. '28માં વાતચીતિયા શૈલીમાં જે લખ્યું :

'ગયા ઘણાય કવિએ વળી હું વદું છું -'

એ ભાવે દસ વરસે કેવું નવું રૂપ લીધું એ ઉમાશંકર આપે છે :

'જાણ્યા ન મુગ્ધ ઉરભાવ, ન પંથ પૂછ્યો,
યાત્રી અમે રખડતાં વનમાં જનોમાં;
પ્રસ્થાનને વરસ કૈંક વીત્યાં, હવે તો
ભૂલ્યાં અમે પૂજનઅર્ચનના વિધિઓ.
યાત્રા કરી જીવનતીર્થની એક માર્ગે;
ભાથું લઈ તપનું, મંદિર માંહી આવી
બાળો બધો ધૂપ અમે સુખદુઃખનો ત્યાં;
યાત્રી હવે જગતમં ધૂમરેખ જેવા.'

1960માં જન્મ અને ચુંમાળીસની કાચી વયે 1950માં આત્મહત્યા. કવિતાનો જ જીવ. વિશ્વકવિતાને આત્મસાત કરવાના ઓરતા પૂરા યુરોપનેય હજી રિલ્કે જાણીતો નહોતો ત્યારે એના જીવનકવનથી આ માહેર. યુરપીય-અમેરિકી કવિતાના આવા ચાહક પોલિશ ભાષા ખૂબ સારી જાણે. એમાંથી સીધું ભાષાન્તર કરીને કાવ્યો આપનાર; 21-22ની ઉંમરથી જીવનભર કાવ્યો જ જેમણે સેવ્યાં એવાં; પોતાની 174 કૃતિઓની હસ્તપ્રત તૈયાર કર્યા પછી 'પ્રસિદ્ધ કરશો નહિ' એવી સૂચના મૂકી જનાર; છતાં એ મૃત્યુ પછી નવ વર્ષે ઉમાશંકરે એનાં કાવ્યો પ્રસિદ્ધ કર્યાં. શ્રમ લઈને હરિશ્ચંદ્રે અભિમત પાઠ નક્કી કરી, અન્ય પાઠાન્તરો કવિનોંધ સાથે ટિપ્પણીમા આપી, કૃતિના તારીખ-વાર-સમય, સમય-સમયે કરેલા ફેરફારો અંગેની કવિ નોંધો સુદ્ધાં આપી, આગળ કાકાસાહેબની પ્રસ્તાવના, પછી (બચુભાઈ પરના પત્રના રૂપમાં) કવિની ભાવનાસૃષ્ટિ પરનો પોતાનો લેખ, વળી અલગ 'સ્વપ્નપ્રયાણની કવિતા' પરનો લેખ, પાછળ વિગતસભર કવિનોંધો સાથેનું પોતાનું ટિપ્પણ, અનુપૂર્તિ વગેરે સાથે, ઉમાશંકરે હરિશ્ચંદ્રનાં 244 કાવ્યો આપ્યાં છે. અપવાદરૂપે એક સ્થળે કવિથી જુદો પાઠ આપવાની છૂટ એ લે છે. (137) ક્યાંક મૂળ પ્રતમાં કશુંક રહી ગયું હોય તો ટિપ્પણમાં સૂચના મૂકવી પડે છે : (પૃ.177) 'છેલ્લી બે લીટીઓ રદ કરવી.' છેલ્લી ચાર પંક્તિ અહીં કાવ્યાન્તે છપાવી રહી ગઈ છે તે ઉમેરવી.' આવું અપવાદરૂપે છે. છે તેય એમની નિખાલસતાનું દ્યોતક. ન આપ્યું હોત તો કોણ જાણવાનું હતું ? ઉમાશંકર 'પંક્તિ'ના અર્થમાં, કદાચ અંગ્રેજીમાંના 'લાઈન'ની અરસ નીચે, 'લીટી' શબ્દ (17, 179, 192) પ્રયોજે છે એ ખૂંચે છે. ટિપ્પણમાં બાઈબલકથાઓને ગ્રીકપુરાકલ્પન કથાઓ, અન્ય કવિ કવિઓની સમાનભાવવાળી પંક્તિઓ વગેરે સામગ્રી પણ આપતા જાય છે, એથી કાવ્યો વધુ આસ્વાદ્ય બને છે.

'34માં ઉમાશંકરે મુ.બચુચાઈએ હરિશ્ચંદ્રનો પરિચય કરાવ્યો. '39માં ઉમાશંકરે મુંબઈ છોડ્યું. પછી પત્રથી પરિચય વધ્યો. એ જેટલો પ્રેમસંબંધ છે એટલો કાવ્યસંબંધ પણ છે. ઉમાશંકરે લેખ દ્વારા કરાવેલ હરિશ્ચંદ્રનો કાવ્ય પરિચય એમાંની પ્રણયમીમાંસાને કારણે સ્મરણીય બને છે. પ્રણયમાં દેહ-આત્મ-દ્વંદ્વ પીડે; આત્મલગ્નથી અભેદ આવે; પછી પ્રણય વિશાળ ધર્મભાવ બની જાય. પ્રિયતમા, સરસ્વતી અને ગંગાની એક ત્રિમૂર્તિ રચાય !

''વસન શ્વેત મહીં નીરખી હતી,
હૃદયની મુજ એ જ સરસ્વતી...
......

ગંગા જેવી તું સદા મુક્તિદાત્રી.''

બાલાશંકરની પણ આ જ દૃષ્ટિ. એ ન પકડાઈ એથી મોટો ઊહાપોહ જાગેલો નહિ તો વાત સ્પષ્ટ હતી :

''નહીં તો તું જાણે વિરહ તુજનો આ શું કરશે,
બળી દિને દિને ઝૂરી અને બાલ –''

અને એ પણ પ્લેગમાં ચાળીસની કાચી વયે 1898માં ગયા. ને કવિતા ચુમ્માળીસ વરસ સુધી અપ્રસિદ્ધ રહી ! '42માં ઉમાશંકરે પ્રસિદ્ધ કરી ત્યારે, કવિતામાં કથે છે એમ, દૃષ્ટિ સાફ હતી :

''તારી કલાન્ત ! કલાપિ-કાન્ત-મણિને કર્ણે રમેલી ગિરા
ખેલો સૌ શ્રવણે સુખશ્રુતિ, રસપ્રૌઢા, સમાધિસ્થિરા.''

પોતાને કવિતાનો છંદ લગાડનાર બાલાશંકરની કવિતા મણિલાલને પ્રસિદ્ધ કરવી હતી પણ એ તો વાસોવાસ ગયા ! પછી કલાપીની ઈચ્છા હતી, પણ એ પણ ગયા. 1908માં અનંતરાય માધવજી દવેએ 'પ્રેમપંચદશી' છપાવ્યું. તેમાં 38 કૃતિઓ આપી; પણ એમાં 17 તો મણિલાલ, કલાપી, કાન્ત, બળવંતરાય વગેરેની એવી ઠઠાડી દીધી કે ઉમાશંકર જેવા પણ ભરમાયા ! (આ 'દવે'ને બદલે સ્મૃતિદોષમાં (પૃ.45, 51, પર પાદટીપ) ત્રણેય સ્થળે ઉમાશંકર 'ભટ્ટ' લખે છે.') પણ આ દવેને કારણે 'કલાન્ત કવિ' અને 'હરિપ્રેમપંચદરશી' પ્રકાશમાં આવ્યું. પછી સાહિત્યપરિષદે બાલકવિતાનું કામ બ.ક.ઠા.ને સોપ્યું (1911). ન થયું. દસકો વીત્યો. 1922માં વિદ્યાપીઠના 'સાબરમતી' દ્વૈમાસિકમાં રા.વિ.પા.એ બાલકવિતા વિશે લખ્યુ, ધ્યાન દોર્યું. વળી છ વરસ વીત્યે 1928માં ન.દે.મહેતાએ ધ્યાન દોર્યાથી નાનાલાલે આ દલપત શિષ્યનું મૅટર 1929માં માગીને લીધું. કાંઈ થયું નહિ. આખરે સાહિત્યસભાએ આ કામ રસિકલાલ પરીખેન સોંપ્યું; એમનાથી ન થતાં એમાં રા.વિ.પા.ને જોડ્યા. ત્યાં '39માં વિદ્યાસભામાં ઉમાશંકર જોડાતાં, એ બંનેએ 'સહસંપાદક' તરીકે ઉમાશંકરને જોડ્યા. ને આખરે એ 'સહ'ન રહેતાં મુખ્ય સંપાદક બન્યા ને 1942માં આમ, કવિના મૃત્યુ બાદ ચુમ્માળીસ વર્ષે, એમની કવિતા પ્રસિદ્ધિ પામી. 'કોઈ પણ ગણનાપાત્ર કવિ સંગ્રહને અભાવે વાંચનાર વર્ગના ધ્યાનબહાર લાંબો સમય રહેવા પામ્યો હોય તો તે બાલાશંકર.' ('કલાન્ત કવિ' પ્રસિદ્ધ થયાની સાલ બાબત ઉમાશંકરની સરતચૂક થઈ છે. પૃ.17ના બીજા ફકરામાં 1885 આપે છે; પાદટીપમાં એ 'ભારતીભૂષણ'માં 1893માં છપાયાનું લખે છે, તો 20મે પાને પહેલી જ લીટીમાં 1892માં છપાયાનું લખે છે.)

ઉમાશંકરે બે આવૃત્તિઓ આપી, કવિની ચાર દીર્ઘ રચનાઓ ('કલાન્ત કવિ', 'હરિપ્રેમપંચદશી', હાફિઝનો કાવ્યાનુવાદ અને 'સૌંદર્યલહરી'નો કાવ્યાનુવાદ) બંનેમાં લગભગ યથાતથ રહી. બાકીની કૃતિઓના કર્તૃત્વ વિશે સારી પેઠે ઊહાપોહ થયેલો. મણિલાલ, બવલવન્તરાય, કાન્ત, કલાપી ગેરે જાણીતા અને કેટલાક અજાણ્યા કવિઓની રચનાઓ ઘૂસી ગયેલી ! એ ટાળી રહી તેમાં પણ નિઃશંક લાગી તે પુરવણીરૂપે આપી એ દૃષ્ટિએ આ બીજો સંગ્રહ (1962ને 1975) હવે શ્રદ્ધેય બન્યો છે.

'કલાન્ત કવિ'ના 23મા શ્લોકમાં એક વિરામચિહ્નની સરતચૂકે સમગ્ર કાવ્યનો અભિગમ બદલી નાખેલો (એને સંજાણા કહે છે તેમ પરકીયા પ્રેમનું કાવ્ય બનાવી દીધેલું); એ પણ સંપાદકે સુધારી લીધું, ને નિખાલસપણે જણાવ્યું : 'પ્રથમ આવૃત્તિ વખતે પણ આ બીજી આવૃત્તિમાં જે વલણ મેં અખત્યાર કર્યું છે તે હું... કરી શક્યા હોત.' (1972; 22) પોતે જે 15 પ્રકીર્ણ કૃતિઓને બાલની માને છે તેના આધારો આપે છે. (પૃ.23) અને રહી જતી 12 પુરવણીવાળી કૃતિઓ વિશે પણ પોતે શા માટે તે સમાવી તેનાં કારણો આપે છે (27થી 42); છતાં એ બાબતમાં ભૃગુરાયને પણ એવું કહેવાનું છે કે ઉમાશંકરની જોડાજોડ આ બાબતમાં એમને વાંચવા પડે. 'કલાન્ત કવિ'ની 1975ની આવૃત્તિ પરની ભૃગુરાયે પોતાની નકલમાં કરેલી હાંસિયાનોંધ શ્રી જયંત કોઠારીએ પ્રસિદ્ધ કરી છે. ('કલાન્ત કવિ તથા બીજાં વિશે' 1988). વાંચતાં લાગ્યા વિના રહેતું નથી કે, 'ગુજરાતી સાહિત્યનો પણ આ પ્રકારનો એક વિરલ અને રોમાંચક દસ્તાવેજ' એ છે. ઉમાશંકર ને ભૃગુરાય બંને ગયા, છતાં 1975ની

આવૃત્તિ પછી પણ, આ બંનેની મલ્લિનાની ચાલુ રહી છે - સત્યશોધનની સારસ્વત ચર્ચાનું એક ઊજળું પ્રકરણ પૃ.40 પરનું 'શંકરશિષ્ય' અંગેનું ઉમાશંકર જોશીનું અનુમાન અને 41 પરનું પણ એ અંગેનું અનુમાન ગળે ઊતરે તેવાં નથી. પૃ.44 પર નિખાલસ રીતે કહે છે. 'जयविजय તે સાક્ષર શ્રી નવલરામ પંડ્યાના પુત્ર ધીરતરામ એ ભાઈ ભૃગુરાયનું તારણ તથ્યશોધનનો એક ઉત્તમ નમૂનો છે.' (1975; 44) ચર્ચા ઝીણવટમાંથી ઊભી થઈ છે. આમાં સંજાણા, ભૃગુરાય વગેરે અનેક જોડાયા. આપણે ત્યાં જવલ્લે જ જોવા મળતી ચર્ચા આ પ્રશ્ને એટલી થઈ છે કે એ દૃષ્ટિએ પણ બાલકવિતા પ્રકરણ અભ્યાસીએ જોવું જોઈએ. ઉમાશંકરે દરેક ચર્ચાને જોઈ, જરૂર લાગી ત્યાં સુધારા કર્યા, જવાબો આપ્યા, ને સતત 1939થી 1975 સુધી. પાંત્રીસેક વર્ષ, છેક ભૂંસ-સુધાર-ફેરવ-ચર્ચાની મથામણ વણથાક્યે કર્યે રાખી. સંપાદન કેવી ધીરજ. કેટલી ઝીણવટ, કેવી ચર્ચા, કેવી ચોકસાઈ, કેવા કેવાં તથ્યશોધનો માલી લે છે એનો આ એક સૌથી ઉત્તમ નમૂનો છે.

જેમ કેટલાક દાખલા ગાણિતિકો માટે અનિવાર્યતઃ ફરજિયાત હોય; એમ ગુજરાતી સાહિત્ય-સંશોધન-અધ્યયનના અભ્યાસી માટે, ને અધ્યાપક માટે, કોઈ ખાસ દાખલો એવો ગણવો હોય તો હું આ આપું. કોઈ એવો કવિ હોય જે દલપતરામની વ્રજકાવ્યછાંટવાળી ને નરસિંહરાવની નવા જમાનની અંગ્રેજી ઢબની કવિતાની કડી પૂરી પાડતો હોય, જે કલાપી-મણિલાલનો ગઝલપ્રેરક હોય, અરબીફારસીના પ્રવાહના અર્વાચીન કવિતામાં થતા આરંભનો ખ્યાલ આપતો હય, અરબીફારસીના પ્રવાહના અર્વાચીન કવિતામાં થતા આરંભનો ખ્યાલ આપતો હોય, શાક્ત ને સૂફી બંને સંસ્કારોનું ભારતીકરણ કેમ થયું એ સંસ્કૃતિ-સંઘટ્ટનનું ઉદાહરણ પૂરું પાડતો હોય, જૂની તત્ત્વનિષ્ઠ સંસ્કૃત કવિતાને પણ ગુજરાતી પદ્યદેહ આપતો હય, જેની કવિતા પ્રસિદ્ધિને અભાવે સાડાચાર દાયકા સુધી પ્રચ્છન્ન સરસ્વતીને રૂપે વહી હોય, જેને પ્રગટાવવા કલાપી-મણિલાલ-નાનાલાલ-બ.ક.ઠા., રા.વિ.પા, રસિકલાલ પરીખ સતત પચાસ વરસ સુધી મથ્યા હોય, જેને મણિલાલ, નરસિંહરાવ, સંજાણ, ઉમાશંકરને ભૃગુરાય જેવાના વિવેચનનો લાભ મળ્યો હોય; જેનો લાંબો સંપાદન ઇતિહાસ હોવાની તથ્યશોધનના, કર્તૃત્વના, અર્થઘટનના, પાઠાન્તરના એમ સંશોધન તાલીમના બધા જ પ્રશ્નો આપોઆપ જોવા મળતા હોય, જેની ચર્ચા હજી ચાલુ હોય તો એવા કવિ બાલ. બાલવિવેચનને નક્કર ભૂમિકા ઉમાશંકરે પૂરી પાડી છે. નાનીમોટી સરતચૂકો છતાં આ સંપાદન સત્યસ્થાપન ને તથ્યખોજનો એક ઉમદા દસ્તાવજે છે. ઉમાશંકરને તો આમાં બીજો શો રસ હોય ? તથ્ય, સત્ય, પ્રેમ, કાવ્ય બધું આત્મપોષક બને એ જ. એવું કાર્ય અહીં સિદ્ધ થયું છે. ઉમાશંકર કાવ્યના માણસ છે એટલા જ કાર્યના માણસ રહ્યા.

હરિશ્ચંદ્રની બે પંક્તિઓ છે :

''કાવ્યો રૂહેજો જીવતર તણી કોઈની ના કમાણી,
જીવ્યાસિદ્ધિ સહુની ફળજો કાર્યમાં કાવ્ય શામો.''

એના પરની ઉમાશંકરની ટીકાર છે : 'કાવ્યો મળે એટલાથી કવિહૃદયને સંતોષ નથી. માનવ્યને ઉપકારક કાર્ય પણ પ્રગટવું જોઈએ નહિ તો આત્માને વેચીને કાવ્યો પામ્યા જેવું થાય.' ઉમાશંકરને કાવ્યાર્થી છે એટલા જ કાર્યાર્થી છે કારણ કે એ 'આત્માર્થી' છે, એ 'કલાન્ત કવિ' જે સંપાદનનું તારણ.

**સ્વાધ્યાય**

૧. અનુવાદ-સંપાદન ક્ષેત્રે ઉમાશંકર જોશીના પ્રદાન વિશે સવિસ્તાર લખો.

---

**લેખન :** કનુભાઈ જાની (૧૯૨૫) જાણીતા વિવેચક

'વિવેચક ઉમાશંકર જોશી' : સંપાદક ચન્દ્રકાન્ત ટોપીવાળા,પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, દ્વિતીય આવૃત્તિ-૨૦૦૩માંથી સાભાર.

---

એકમ 9

# ઉમાશંકર જોશીનું સાહિત્યિક પત્રકારત્વ

**રૂપરેખા :**

9.1 ઉદ્દેશો

9.2 પ્રસ્તાવના

9.3 પત્રકાર ઉમાશંકર જોશી

9.4 તમારી પ્રગતિ ચકાસો

9.5 સ્વાધ્યાય

## 9.1 ઉદ્દેશો :

- આ એકમના અભ્યાસથી ઉમાશંકર જોશીના સાહિત્યિક પત્રકારત્વ વિશે જાણવા મળશે.
- 'પત્રકાર ઉમાશંકર' વિશે 'કુમાર' અને 'કવિલોક' જેવા સાહિત્યિક સામયિકોના તંત્રી ધીરુ પરીખનો અભ્યાસપૂર્ણ લેખ આપના અભ્યાસક્રમનો ભાગ બને એવો ઉદ્દેશ છે.
- સાહિત્યિક પત્રકારત્વમાં ઉમાશંકર જોશીના નોંધપાત્ર પ્રદાન વિશે સમીક્ષાત્મક આલેખ સમજવા મળશે.

## 9.2 પ્રસ્તાવના :

મૂર્ધન્ય સર્જક ઉમાશંકર જોશીની સર્જકતા અને વિવેચક પ્રત્યેની સજ્જતા ઉપરાંત સાહિત્યિક પત્રકારત્વ બાબતની તેમની સૂઝપૂર્વકની સક્રિયતા 'સંસ્કૃતિ' સામયિક નિમિત્તે વિકસે છે. સાડા ત્રણ દાયકાથી વિશેષ સમય સુધી 'સંસ્કૃતિ' ચાલ્યું. 'સંસ્કૃતિ' સામયિક ગુજરાતની સાહિત્યિક આબોહવા નિર્માણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

'સંસ્કૃતિ' સામયિકનું પ્રાગટ્ય અને પ્રસાર ગુજરાતી સાહિત્યની ગતિવિધિમાં અગત્યનું સ્થાન ધરાવે છે. અનુગાંધીયુગ-આધુનિકયુગના ઘણા સર્જકો માટે 'સંસ્કૃતિ' સાહિત્યની પાઠશાળા છે. સંસ્કૃતિમાં પ્રગટ થયેલ વાર્તા-કવિતા જેવી આધુનિક સમયની અનેકવિધ રચનાઓ, સર્જકો પ્રામાણિક વિવેચના પામે છે. કિશોર જાદવ અને મધુ રાય જેવા વાર્તાકારોની પ્રયોગશીલ નવલકથાઓ 'સંસ્કૃતિ'માં પ્રગટ થઈ હતી. નિરંજન ભગત, લાભશંકર ઠાકર, સિતાંશુ જેવા કવિઓની પ્રયોગશીલ રચનાઓને પણ પ્રગટ થવા માટે 'સંસ્કૃતિ'માં જગા મળે છે.

'સંસ્કૃતિ' સામયિક ઉમાશંકર જોશીની સામાજિક નિબસત અને ગાંધીચેતનાનો હિસાબ સુપેરે આપે છે. તેમાં તેમની સામાજિક નિસબત, સુધારક દૃષ્ટિ ગાંધી વિચાર અને સાહિત્યિક ગતિવિધિનું નેતૃત્વ છબી જોઈ શકાય છે.

## 9.3 પત્રકાર ઉમાશંકર જોશી

કવિ ઉમાશંકર, વિવેચક ઉમાશંકર, એકાંકીકાર ઉમાશંકર, વાર્તાકાર ઉમાશંકર અનુવાદ ઉમાશંકર, સંશોધક-સંપાદક ઉમાશંકરની જેમ, 'સંસ્કૃતિ'ને ખ્યાલમાં રાખી, તંત્રી ઉમાશંકર કહેવાથી એમના વ્યક્તિત્વના એક વધુ પાસાને રજૂ કરી શકાય. અલબત્ત, 'તંત્રી ઉમાશંકર' કહેવાથી એક વાસ્તવિકતા જળવાય છે, એ પર્યાપ્ત નથી. ઉમાશંકરને પૂરેપૂરા પામવા માટે તંત્રી ઉમાશંકરને બદલે ઉમાશંકર એટલે 'સંસ્કૃતિ' એમ સમીકરણ માંડવું સમુચિત છે. 'સંસ્કૃતિ'નું અને એને નાતે ઉમાશંકરનું ગુજરાતના સકલ જીવનમાં કેટલું મહત્ત્વનું સ્થાન છે તે સ્વતંત્ર દીર્ઘ અભ્યાસનો વિષય બની શકે તેમ છે. પરંતુ આ લઘુ લેખમાં તો 'સંસ્કૃતિ'ના સંદર્ભમાં પત્રકારત્વનો પરિચય કરાવવાનો ઉપક્રમ છે. જો કે 'સંસ્કૃતિ' શરૂ કર્યું એ પૂર્વે 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી તરીકે એમણે પત્રકાર તરીકેનો પરિચય પ્રજાને કરાવી આપ્યો છે.

૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારતને રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું. એ પૂર્વે થોડા મહિને 'સંસ્કૃતિ' માસિકનો આરંભ થયો. પ્રથમ અંકની સામગ્રી જોતાં 'સંસ્કૃતિ'ના સ્વરૂપનો સહેજે ખ્યાલ આવે છે. એમાં પ્રથમ ક્રમે તંત્રી ઉમાશંકરનું વિચારપ્રેરક લખાણ 'શિવ સંકલ્પ' છે. આ લઘુ લખાણમાં પ્રેમ અને પ્રેમ દ્વારા માનવસમાજની ઉન્નતિમાં ઉમાશંકરની શ્રદ્ધા પ્રકટ થઈ છે. 'સમયરંગ' શીર્ષક નીચે સમકાલીન સાંસ્કૃતિક-રાજકીય ઘટનાઓ પર મિતાક્ષરી તંત્રીનોંધો પ્રકટ થયેલી છે. આ ઉપરાંત કાકા કાલેલકરનો પ્રવાસનિબંધ, રામનારાયણ વિ.પાઠકનો ચિંતનાત્મક નિબંધ, કિશનસિંહ ચાવડાની વાર્તા, ઉત્સવ પરીખનો તત્કાલીન રાજકીટ ઘટના-બંધારણસભા વિશેનો મનનલેખ, ઉમાશંકર, સ્નેહરશ્મિ, હરિશ્ચંદ્ર ભટ્ટ, મનસુખલાલ ઝવેરી, રમણલાલ વ.દેસાઈનાં કાવ્યો અને 'સ્વાધ્યાય અને સમીક્ષા' વિભાગમાં 'ગ્રંથકીટ'ની પુસ્તકસમીક્ષાઓ પ્રકટ થયેલી છે. છેલ્લે 'અર્ઘ્ય' વિભાગમાં રવીન્દ્રનાથ ટાગોર, આલ્ડસ હક્સ્લી, હરમાન, હેસ અને શ્રી વિયોગી હરિનાં લખાણોમાંથી અવતરણો આપ્યાં છે. આ સામગ્રી જોતાં 'સંસ્કૃતિ'ને માત્ર સાહિત્યિક સામયિક નહિ, પરંતુ વ્યાપક રસનું સામયિક બનાવવાની મનીષા સ્પષ્ટ વર્તાઈ આવે છે. ત્યાર પછી 'પત્રમ્ પુષ્પમ્' જેવા વિભાગો એમાં ઉમેરાયા છે. પરંતુ ૧૯૮૦માં એ માસિકમાંથી ત્રૈમાસિક બન્યું અને ૧૯૮૪માં ત્રૈમાસિકનો અંક પ્રકટ કરી એ બંધ કર્યું ત્યાં સુધી એકંદરે 'સંસ્કૃતિ'ના પ્રથમ અંકની આકારમુદ્રા વત્તેઓછે અંશે જારી રહી હતી.

નવાઈની વાત એ છે કે 'સંસ્કૃતિ'ના પ્રથમ અંકમાં તંત્રીની કેફિયત ક્યાંય દેખાતી નથી. જોકે 'અર્ઘ્ય' વિભાગમાં પૃષ્ઠ ૩૫ પર શ્રી વિયોગી હરિએ ડિસેમ્બર ૧૯૪૬માં કરાચીમાં ભરાયેલા અખિલ ભારતીય હિન્દી સાહિત્ય સંમેલનના પ્રમુખપદેથી આપેલા ભાષણમાંથી 'પત્રકારોને બે શબ્દ' શીર્ષકથી જે અંશ, ઉદ્ધૃત કર્યો છે તેમાં તંત્રીના નિવેદનનો આડકતરો ઈશારો કોઈ વાંચી શકે. શ્રી વિયોગી હરિ જણાવે છે : 'સાહિત્યનિર્માણ તથા રાષ્ટ્રરચનાનાં આ મહત્ત્વપૂર્ણ કાર્યોમાં આપણા પત્રકાર બંધુઓની જવાબદારી અને કર્તવ્ય સ્પષ્ટ છે. એમની મુશ્કેલીઓ હું રુડી રીતે જાણું છું. એમને ક્યારેક સમય સમય પર પ્રહાર સહન કરવા પડે છે. એમનો ત્યાગ પ્રશંસનીય છે. પરંતુ ક્ષમા કરશો, આગે બઢવામાં એ તેજી નથી બતાવી રહ્યા... પત્રસંચાલકોએ પોતાનો દૃષ્ટિકોણ બદલવો રહેશે. તેઓ કંઈક નૈતિક સિદ્ધાંતો બનાવી લે અને તેની ઉપર સ્થિર રહે. સંપાદકની ખુરશી ઉપર સસ્તા માણસોને ન બેસાડે. એમની ઉપર અનુચિત અંકુશ ન રાખે, ભદ્દાં અને ગંદાં વિજ્ઞાપનોને પત્રમાં સ્થાન ન આપે. સમાજની સુરુચિનું ધ્યાન રાખે...'

આ ઉદ્ધરણમાં એક સાચા પત્રકાર સામેના પડકારો, એની સામેના આદર્શો અને તે આડેની આફતોનો ઈશારો છે. ઉમાશંકરે એક સાચા પત્રકારનો ધર્મ 'સંસ્કૃતિ'ના તંત્રી તરીકે નિભાવ્યો છે. પ્રજાજીવનનું ઘડતર વિસારે પાડવાનું કોઈ પણ આદર્શ પત્રકારને પાલવે નહિ. આ માટે જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જેને જેને કહેવા જેવું લાગે તેને કહેવાનું એક સાચો પત્રકાર ચૂકતો નથી. ઉમાશંકરે પત્રકાર તરીકેનો આ પ્રજાધર્મ અવશ્ય બજાવ્યો છે. તે 'સંસ્કૃતિ'નાં ૩૮ વર્ષના અંકો જોવાથી પ્રતીત થાય છે.

સુંદર, મરોડદાર અને સુશોભિત અક્ષરોમાં પૂઠા પર 'સંસ્કૃતિ' શબ્દ અને રસિકલાલ પરીખના રેખાંકન 'ફસલ' સાથે પ્રથમ અંક ૨૬મી જાન્યુઆરી, ૧૯૪૭ના રોજ વાર્ષિક સાત રૂપિયાના લવાજમ સાથે પ્રકટ થાય છે. અંકના પહેલા જ પાને મુદ્રાલેખ છે. 'સત્યં પરં ધીમહિ.' વળી, ત્યાં મંગલકુંભનું રેખાંકન પણ મૂકવામાં આવ્યું છે. એ જ અંકમાંના પ્રથમ 'શિવ સંકલ્પ' નામક લેખમાં ઉમાશંકર જણાવે છે :

'ભગવાન મહાકાલને જંપ નથી. પ્રજાઓની વણજારો ક્યાંક કસોટીની કરાડો ઉપર લઈ જાય છે તો ક્યાંક અવિશ્વાસની આંધીમાં સપડાવી દે છે, ક્યારેક મૃત્યુની ખીણમાં થઈ શાંતિનાં રસાળ મેદાનોમાં પહોંચાડે છે તો ક્યારેક વળી તંદ્રાનાં ધુમ્મસો વટાવી ક્ષણભર માનવતાનાં શિખરો પર સ્થાપે છે અને એમ દશાવીશીની ઊલટપાલટ થયાં જ કરે છે. પણ એ સર્વ પલટાવોમાં વ્યક્તિઓને તેમજ સમૂહોને નિસ્વાર્થ પુરુષાર્થના પ્રસંગો એ મનામાન્યા

આપ્યે જાય છે. તે બધાં પરિવર્તનો બાહ્ય પણ બને છે કેમ કે પ્રજાઓમાં રહેલું એ સર્વ પલટાઓમાં વ્યક્તિઓને તેમ જ સમૂહોને નિઃસ્વાર્થ પુરુષાર્થના પ્રસંગોએ અમૃત तत्त्व-अमृतं प्रजासु કદીય કોઈ ને કોઈ રૂપે પ્રગટ થયા વગર રહેતું નથી.'

'પૃથ્વીની પ્રજાઓ આજે રક્તસ્નાન કરીને ઊભી છે. કોઈને હૈયેથી હજી ફફડાટ ગયો નથી... અને આપણી પ્રજાના ભાગ્યની તો કસોટીનો સમય છે. ૧૮૫૭થી ૧૯૫૭ સુધીના શતકનો આ છેલ્લો દસકો તે આ જ સુધીના સહુ પરિશ્રમો, ત્યાગો અને બલિદાનો સાર્થક કરવા માટેનો છે. ઘરના ચણતરમાં મોભ ચઢાવવાની ઘડી આવે છે એ જ આજની ઘડી છે.'

બીજા વિશ્વયુદ્ધનો સંદર્ભ અહીં ચોખ્ખો પામી શકાય છે. ભારતની આઝાદીના અરુણોદયની કુક્કુટવાણી અહીં સંભાળય છે. નિરાશામય વાતાવરણમાં પણ આશાની ઉજ્જવળ કોર નીકળેલી અહીં અનુભવી શકાય છે. માટે જ લેખક કહે છે : 'ઘરના ચણતરમાં મોભ ચઢાવવાની ઘડી આવે છે એ આજની ઘડી છે.' સ્વતંત્ર ભારતના ઘર-ચણતરનો પુરુષાર્થ ૧૯૪૭ સુધી આવી પહોંચ્યો છે. એની છત માટે હવે મોભ ચઢાવવાનો અવસર આવ્યો છે. પ્રજાઘડતર એટલે જ સ્વદેશ-ઘડતર આવી સાચી સમજ અને પાકી જવાબદારી સાથે 'સંસ્કૃતિ' પ્રકટ થાય છે. એના પ્રતીક સમા મંગલકુંભ અને મુદ્રાલેખમાં તેમ જ આ પ્રથમ 'શિવ સંકલ્પ'માં ઉમાશંકર પત્રકાર તરીકે પોતાનો શો ધર્મસંકલ્પ છે તેના ઈંગિત સાથે જાણે 'સંસ્કૃતિ' પ્રકટ કરે છે. આત્મફરજની મોટી મોટી જાહેરાતિયા બાંગો પોકાર્યા વગર સ્વસ્થ શાંત સ્વરૂપે 'સંસ્કૃતિ' દ્વારા સ્વતંત્ર ભારતના સમાજઘડતરમાં એક સંસ્કૃતિ-શિક્ષક તરીકે આ સામયિક દ્વારા ઉમાશંકર કાર્યપ્રવૃત્ત બને છે.

૩૮ વર્ષ સુધી એમણે 'સંસ્કૃતિ' દ્વારા આ ભાગ ભજવ્યો છે. સફળતાથી ભજવ્યો છે. એકવાર એમણે પોતાને વિશે ક્યાંક કહેલું 'Self-appointed travelling teacher of Gukarat', તે યાદ આવે છે. ખૂબ આશા અભીપ્સાથી એમણે ચૂપચાપ આ ધર્મ બજાવ્યો છે. એમનામાં રહેલો પ્રજાવત્સલ શિક્ષક અને માનવતાપ્રેમી મનુષ્ય 'સંસ્કૃતિ'ની સામયિકયાત્રામાં સતત આગળ તરી આવતો દેખાય છે. કદાચ આ વૃત્તિ-પ્રવૃત્તિનું સૂચન પ્રથમ અંકમાં મુખછબી રૂપે મુકાયેલી મહાત્મા ગાંધીની લાક્ષણિક તસવીરમાં અને એ તસવીર નીચે મુકાયેલી આ બે પંક્તિઓમાં વાંચી શકાય છે :

'વાવાઝોડાં વૈરની વૃત્તિઓનાં
શમાવવાની પડી ટેવ જેને.'

આમ, મૂંગા મૂંગા એમણે કરેલો 'સંસ્કૃતિ' સામયિકનો આરંભ એમને વરેલો પ્રજાધર્મનો સ્વસ્થ ગંભીર પુરુષાર્થ છે. ૧૯૮૪ના અંતે 'સંસ્કૃતિ'ને સમેટી લેવાનો નિર્ણય કર્યો ત્યારે જે વાત એમણે આરંભમાં કરવાની હોય તે, આમ, અંત ભાગે કરી-'સંસ્કૃતિ વિદાય માગે છે' એ શીર્ષકથી :

''૧૯૪૬ની આખરમાં સ્વેચ્છાએ ગુજરાત વિદ્યાસભામાંથી હું મુક્ત થયો ત્યારે જે કેટલાક વિચારો સૂઝ્યા તેમાં સામયિક કાઢવાનો વિચાર પણ મનમાં સ્થિર થતો ગયો. જાતે વહોરેલી નવરાશથી કટાઈ ન જાઉં એ એક કારણ, પણ સમયની સાથે ગાઢ અનુસંધાનપૂર્વક જીવવાની તક મળે એ મુખ્ય પ્રેરણા નામનો વિચાર કરવા-બેસવાપણું રહ્યું નહીં. ચાલો, 'સંસ્કૃતિ' કાઢીએ એમ જ સૂઝ્યું. મારા પોતાના વલણને અનુસર્યો હોત તો 'ધર્મ' કહેવાનું પસંદ કરત, પણ 'સંસ્કૃતિ' કહેવાથી ધર્મ ઉપરાંત સમયના તકાજા પ્રમાણે રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન આદિ વિષયો અને મુખ્ય રસનો વિષય સાહિત્ય તે સૌનો આદર થઈ શકે એમ લાગ્યું. જીવવાની રીતના એક ભાગ રૂપે સંપાદનકાર્ય સાથે સંકળાવવાનું બન્યું.''

આમ, 'સંસ્કૃતિ'નું પ્રાકટ્ય, સંચાલન અને સંપાદન 'જીવવાની રીતના એક ભાગ રૂપે' થયું એ જોતાં ઉમાશંકરને પામવા માટેનો એમનો આ અભિવ્યક્તિ-પુરુષાર્થ સમજવો અનિવાર્ય બની રહે છે. ઉમાશંકરમાં આરંભથી જ એક પ્રજાપુરુષ પ્રચ્છન્ન રૂપે રહેલો છે. તે 'સંસ્કૃતિ'ના પ્રકાશનથી પ્રકટ થાય છે. પ્રજાસંપર્કની આથી સીધી અને વ્યાપક તક ઊભી થાય

છે. એમણે તકને દીપાવી છે. સામયિકનું 'ધર્મ' એવું નામાભિધાન ન કરતાં 'સંસ્કૃતિ' નામાભિધાન કર્યું એમાં પણ એમની વ્યાપક ધર્મભાવના પ્રકટ થતી જોવા મળે છે. આથી જ 'સંસ્કૃતિ'માં એમણે સાહિત્ય ઉપરાંત ધર્મ, તત્ત્વજ્ઞાન, રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાપન આદિ ક્ષેત્રોનાં લખાણોનું સંપાદન કર્યું છે. 'સંસ્કૃતિ' દ્વારા કેટકેટલી તદ્‌વિદ કલમોનો લાભ એમણે પ્રજાને આપ્યો છે ! વિજ્ઞાન વિશે ન.મૂ.શાહ, કુમાર ઠાકર આદિનાં લખાણો ગણિતશાસ્ત્ર વિશે પી.સી.વૈદ્ય કે ફાધર વાલેસ આદિનાં લખાણો, અર્થશાસ્ત્ર વિશે આર.કે.અમીન, ઋષિકેશ પાઠક, વાડીલાલ ડગલી આદિનાં લખાણો, રાજકારણ વિશે ઉત્સવ, પરીખ, પ્રવીણ શેઠ આદિનાં લખાણો, ધર્મ-અધ્યાત્મ વિશે નાનાભાઈ ભટ્ટ, 'દર્શક', સ્વામી આનંદ, રા.વિ.પાઠક આદિનાં લખાણો, દેશવિદેશના સાહિત્ય વિશે સંતપ્રસાદ ભટ્ટ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, નિરંજન ભગત આદિનાં લખાણો ! અને સર્જનાત્મક સાહિત્ય વિશે લખવા બેસીએ તો કેટલી મોટી નામાવલિ થાય ! ગુજરાતી સાહિત્યમાં સ્થિર થઈ ચૂકેલા અને સ્થિર થવા સર્જાયેલા અનેક સાહિત્યકારોની કલમ 'સંસ્કૃતિ'નાં પૃષ્ઠો પર જોવા મળે છે. સાહિત્યનાં લગભગ બધાં સ્વરૂપોની પાણીદાર કૃતિઓ એમાં પ્રકટ થતી રહી હતી. એમાં રૂઢિપ્રેમીઓથી રૂઢિવિરોધીઓ સૌનાં સાચાં કલાત્મક લખાણોને સ્થાન મળતું રહ્યું હતું. 'ફટકો' જેવી સ્વ.કેતન મુનશી જેવા આશાસ્પદ લેખકની કે લક્ષ્મીકાન્ત ભટ્ટ જેવા ઓછું લખતા વાર્તાકારોની કે કિશોર જાદવ અને મધુ રાય જેવા સર્જકોની પ્રયોગલક્ષી રચનાઓ એમાં પ્રસિદ્ધિ પામી છે. 'ઝેરવું' જેવું મધુ રાયનું પ્રયોગલક્ષી એકાંકી કે 'સ્વરભાર' અને 'બોલીનું સ્વરૂપ' જેવા પ્રબોધ પંડિતના ભાષાવૈજ્ઞાનિક લખાણો, નિરંજન ભગતની 'પ્રવાલદ્વીપ'ની કેટલીક રચનાઓ કે લાભશંકર-સિતાંશુની આધુનિક કાવ્યકૃતિઓ તરત સ્મરણમાં આવશે. તંત્રી ઉમાશંકરે સર્જનની ગુણવત્તાને ધોરણે કૃતિઓ પ્રકટ કરી છે. એમાં 'સેકન્ડનું મૃત્યુ' (સળંગ અંક ૩૯૯) જેવી અલ્પખ્યાત હિતેશ પુરોહિતની કૃતિ જોવા મળે તો જાદવનો 'ગુજરાતીમાં નવી ટૂંકી વાર્તા વિશેની કલાવિચારણા' કે દલપત પઢિયારનો 'ગદ્ય વિશેની મારી અભિજ્ઞા' જેવા શાસ્ત્રીય ચર્ચા કરતા સાહિત્યિક લેખો પણ જોવા મળે. સાહિત્યની દૃષ્ટિએ 'સંસ્કૃતિ' કોઈ વાડાબંધીનું સામયિક નહોતું. સાહિત્યિક કે અન્ય ક્ષેત્રોનાં મહત્ત્વનાં સંમેલનોના ઉપયોગી હેવાલો પણ 'સંસ્કૃતિ'નાં પાનાં પર સ્થાન પામતાં.

'સંસ્કૃતિ'ના સમયે સમયે વિશેષાંકો પણ પ્રકટ થયા છે. એનો ૧૦૦મો અંક 'લોકશાહી' વિશેની સંગોષ્ઠિનો હતો. ૨૦૦મો અંક 'વિવેચન અંક' તરીકે પ્રકટ થયો હતો. શેક્સપિયરની ૪૦૦મી જન્મજયંતી પ્રસંગે 'શેક્સપિયર અંક' તો ગાંધીજીના અવસાન પછી નો 'ગાંધી વિષયક' અંક હતો., તો વળી રા.વિ.પાઠકના અવસાન પછીનો અંક એમને લગતો હતો. ૩૦૦મો અંક પરદેશી કાવ્યોના આસ્વાદનો વિશેષાંક હતો. તો વળી ૪૦૦મો અંક આપણી કાવ્યકૃતિઓના આસ્વાદનો વિશેષાંક હતો. વચ્ચે સર્જકોની સર્જનપ્રક્રિયાના લેખોનો પણ વિશેષાંક પ્રકટ થયો હતો. આ વિશેષાંકો પણ તંત્રીની સૂઝસમજના દ્યોતક છે. આ રીતે સર્જાતા ગુજરાતી સાહિત્ય સાથે 'સંસ્કૃતિ'નો સતત અને સમ્યક્ સંબંધ રહ્યો હતો.

સાહિત્ય સિવાયનાં ક્ષેત્રોમાં પણ 'સંસ્કૃતિ' મુક્ત વિચારનું સામયિક બની રહ્યું હતું. અન્યના સ્વસ્થ-મુક્ત વિચારોને એમાં વાચા મળતી હતી, પરંતુ એથી વિશેષ તો એના તંત્રીની વિચારપ્રધાન લેખસામગ્રી એમાં અભરે ભરી છે. જો 'સંસ્કૃતિ' ના હોત તો ઉમાશંકરનાં વૈચારિક લખાણો આટલી માત્રામાં કદાચ પ્રકટ થતાં હોય કે કેમ એ પ્રશ્ન છે. એમાં એમની એક સ્વસ્થ નિર્ભીક વિચારક તરીકેની મુદ્રા ઊપસી રહે છે. જે મહિનામાં ભારત આઝાદ થયું તે મહિનાના એકલે કે ઑગસ્ટ, ૧૯૪૭ના અંકમાં 'अर्थष्वभिज्ञ स्वराट्' શીર્ષકથી લખાયેલા તંત્રીલેખમાં ઉમાશંકર ભગવાન બુદ્ધના જીવનનો પ્રસંગ ટાંકી, અંતે રૉબર્ટ ફ્રોસ્ટની બે પંક્તિઓ મૂકે છે :

"I bid you to a one-man revolution
The only revolution that is coming" જ

અને પછીનો આનો ભાવાર્થ અનુવાદ આપી સમાપન કરતાં કહે છે : '-એકેએક

માણસ પોતામાં ક્રાન્તિ ઉપજાવે એ ક્રાન્તિ માટે હું તમને નિમંત્રું છું. જો કોઈ ક્રાન્તિ આવી રહી હોય તો તે માત્ર આ જ છે. સ્વરાજમાં જીવવા ઈચ્છનારા એકેએક માણસે સ્વરાટ્ થવાનું છે.' સ્વાતંત્ર્યોત્તર-ભારતીય સમાજની આ હતી એમની ઝંખના ! 'સંસ્કૃતિ'ના પછીનાં પૃષ્ઠો પર આ ઝંખના કોળી રહે તે માટેના વૈચારિક પ્રયત્નો છે. આથી જ વર્ષના સપ્ટેમ્બરના અંકમાં 'સમયરંગ'માં આઝાદ ભારતના ગવર્નરોના પગારની બાબતમાં એઓ લખે છે :

'૧૫મી ઑગસ્ટ પછી સ્વાધીન હિંદી સંઘના પ્રાન્તોમાં જે હિન્દી ગવર્નરો નિમાયા છે તેમના માસિક છ હજારના આવકવેરામુક્ત પગારો જાહેર થતાં આખી જનતાએ આઘાત અનુભવ્યો હતો. પાછળથી તે ઘટાડીને ત્રણ હજારનો (આવકવેરામુક્ત) ઠરાવવામાં આવ્યો છે. અત્યાર સુધીના પરદેશી હાકેમોના પણ આવકવેરામુક્ત ન હતા અને આવકવેરામુક્ત પગારો આપવાનો આ નવો ચીલો નવી સત્તાને ક્યાં લઈ જશે એની સૌને ફડક લાગી હતી.' એમના આ શબ્દોમાં ચિંતા અને ચીમકી છે. એક સજાગ મનુષ્યની, નિર્ભીક તંત્રીની અહીં ઝાંખી થાય છે. આવાં તો અનેક ઉદાહરણો ઠેર ઠેર મળી આવશે. એમની લાક્ષણિકતાનો એક નમૂનો 'સંસ્કૃતિ' જૂન ૧૯૭૫નું પ્રથમ પાનું છે. ૨૬મી જૂને કટોકટી જાહેર થયેલી. એના પ્રતિકારરૂપે તે મહિનાના 'સંસ્કૃતિ'ના પ્રથમ પાને (સળંગ પૃ.૧૬૯) મથાળે ૨૪ પોઈન્ટના અક્ષરોમાં લખ્યું છે :

''૨૬મી જૂન, ૧૯૭૫ના રોજ 'આંતરિક' કારણોસર કટોકટીની સરકારી જાહેરાત'' આ લખાણ પછી નીચે આખું પાનું કોરું મૂક્યું છે. અહીં પ્રજામાનસની વૈચારિક અભિવ્યક્તિ અને સમગ્ર વ્યક્તિસ્વાતંત્ર્ય પરની રાજકીય તરાપને બાકીનું પાનું કોરું મૂકીને એમણે કાવ્યાત્મક રીતે રજૂ કરી છે, અને ઉદ્ધૃત પંક્તિમાં આંતરિક શબ્દને અવતરણચિહ્નમાં મૂકીને કટાક્ષ પણ કરી લીધો છે. પણ ઉમાશંકર આટલેથી અટક્યા નથી પછી પાનું ફેરવતાં ૧૭૦મા પાને એમણે નીચે પ્રમાણે સૂચના છાપી છે :

''સૌ ગ્રાહકોને અને વાચકોને -

'સંસ્કૃતિ' માસિક બ્રિટિશ સમયમાં સ્વાતંત્ર્ય મળવાના થોડા મહિના પહેલાં શરૂ થયું હતું. સ્વાતંત્ર્યનાં વરસો દરમિયાન જીવનવિચારના માસિકપત્ર રૂપે તેને ખીલવવાનો સતત પ્રયત્ન રહ્યો છે. જીવનના વિવિધ પ્રશ્નોની મુક્તપણે ચર્ચા કરતા માધ્યમ રૂપે તે પ્રગટ થતું રહ્યું. હવે તેનું પ્રકાશન મોકૂફ કરવું રહે છે.

'જેઓના લવાજમની રકમ અહીં જમા છે તેમને તે રકમ આ વરસના અંતમાં અંકો પ્રગટ ન થવાના કારણે, પાછી પહોંચાવડવાની વ્યવસ્થા થશે.''

ઉપર્યુક્ત સૂચનામાં 'બ્રિટિશ સમય', 'ખીલવવાનો સતત પ્રયત્ન', 'મુક્તપણે ચર્ચા કરતા માધ્યમ રૂપે' શબ્દગુચ્છોના કાકુ અને વ્યંજના સુજ્ઞ વાચકથી અજાણ નહીં જ રહે. જૂન ૧૯૭૫ પછીથી 'સંસ્કૃતિ'નું પ્રકાશન મોકૂફ રહ્યું-પત્ર ત્રણચાર માસ પૂરતું જ. પછી સંયુક્ત અંકો પ્રકટ કરી ૧૯૭૫ના વર્ષનું પ્રકાશન પૂર્ણ બનાવાયું હતું. પરંતુ કટોકટી સામેનો એમનો પુણ્યપ્રકોપ આ રીતે પ્રકટ કર્યો હતો. પણ ઉમાશંકર રહ્યા કવિ. આથી એ જ અંકના ૧૭૦મા પાને પેલી સૂચનાથી નીચે એમણે 'ઉ.જો.'ની સહીથી એ તારીખના શીર્ષકવાળું કાવ્ય પણ પ્રકટ કર્યું :

'રોજનો એનો એ તડકો
કૂદતી ખિસકોલી
ઊડતી દેવચકલી
ઊંચે ઊંચે યુકેલિપ્ટસને
બોગનવેલિયાની વીંટળાતી રંગછોળ
પણ નસોમાં એકાએક
રુધિરવહેણે ધસતું મૃત્યુ...

કાલે હતો તે ડકો ક્યાં છે ?'

તો આ છે પત્રકાર ઉમાશંકર. ૧૯૪૭થી શરૂ થયેલું 'સંસ્કૃતિ' ૧૯૮૦ સુધી માસિક સ્વરૂપે ૩૪ વર્ષ અને ૧૯૮૧થી ૧૯૮૪ સુધી ત્રૈમાસિક સ્વરૂપે ૪ વર્ષ એમ કુલ ૩૮ વર્ષ ચાલી સ્વયં તંત્રીના સ્વનિર્ણયે જ બંધ થયું તેમાં ગુજરાતની પ્રજાને એક સમૃદ્ધ, સ્વસ્થ, સ્વચ્છ, સાંસ્કૃતિક સામયિક ગુમાવ્યાનો ગેરલાભ અવશ્ય થયો, પરંતુ 'જીવવાની રીતના એક ભાગ રૂપે' શરૂ થયેલું સામયિક પોતાના પછી અન્યની 'જીવવાની રીત' સાથે કદાચ મેળ ન ખાય એવા ભાવિ અંદેશાથી સંકેલી લેવામાં આવ્યું હોય તેમાં તેના તંત્રીના પક્ષે ભારોભાર ઔચિત્ય અને તર્કાચાર છે. આમ, 'સંસ્કૃતિ'નો વિલય એ માત્ર એક સામયિકનો વિલય નહોતો, પરંતુ એક જીવતીજાગતી સાંસ્કૃતિક અક્ષરસંસ્થાનો વિલય હતો. દર મહિને, કે પછી દર ત્રણ મહિને, જેને ત્યાં 'સંસ્કૃતિ' આવતું તેને એક સાંસ્કૃતિક સંસ્થાના આગમનનો આનંદ રહેતો હશે અને પછી 'સંસ્કૃતિ'નાં પૃષ્ઠોમાંથી પસાર થવું એટલે એક સાંસ્કૃતિક પ્રવાસનો આહ્‌લાદ અનુભવાતો હશે. આજે એ આનંદ અને આહ્‌લાદ રહ્યા નથી. ફરી કોઈ વિરલ વ્યક્તિ પોતાની અંગત જરૂરિયાત તરીકે 'જીવવાની રીતના એક ભાગ રૂપે' કોઈ અન્ય સામયિક પ્રકટ કરશે ત્યારે એમાં 'સંસ્કૃતિ'નો પુનર્જન્મ હશે. 'સંસ્કૃતિ' એ માત્ર સામયિક નહોતું, પરંતુ જંગમ સાંસ્કૃતિક સંસ્થા હતી; ઉમાશંકર એના અધ્યક્ષ હતા. આથી જ 'સંસ્કૃતિ' એટલે ઉમાશંકર અને ઉમાશંકર એટલે 'સંસ્કૃતિ' એમ કહેવાનું સાર્થ બને છે.

**9.4 તમારી પ્રગતિ ચકાસો.**

(1) 'સંસ્કૃતિ' માસિકનો પ્રારંભ ક્યારે થયો ?

(2) 'સંસ્કૃતિ'નો મુદ્રાલેખ જણાવો.

(3) 'સંસ્કૃતિ'ના વિવિધ વિશેષાંકો વિશે માહિતી આપો.

(4) 'સંસ્કૃતિ' બંધ કરવાનો નિર્ણય ક્યારે લેવાયો ?

(5) આ લેખના આધારે 'સંસ્કૃતિ'માં પ્રગટ થયેલા લેખકોની યાદી બનાવો.

**9.5 સ્વાધ્યાય**

(1) 'સંસ્કૃતિ' સામયિક નિમિત્તે ઉમાશંકર જોશીના સાહિત્યિક પત્રકારત્વ વિશે લખો.

---

**લેખન :** ધીરુ પરીખ (૧૯૩૩) કવિ, વિવેચક, નિબંધકાર

'વિવેચક ઉમાશંકર જોશી' : સંપાદક ચન્દ્રકાન્ત ટોપીવાળા,પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, દ્વિતીય આવૃત્તિ-૨૦૦૩માંથી સાભાર.

---

# MGT-01

## ગ્રંથકારનો અભ્યાસ – ઉમાશંકર જોશી

## પ્રશ્નપત્રનું માળખું

કુલ ગુણ : ૭૦

| પ્રશ્નક્રમ | અભ્યાસસામગ્રી બ્લોક | પ્રશ્નનો પ્રકાર | ગુણભાર |
|---|---|---|---|
| ૧ | બ્લોક ૧માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૨ | બ્લોક ૨માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૩ | બ્લોક ૩માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૪ | બ્લોક ૪માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૫ | સમગ્ર પાઠ્યક્રમમાંથી પૂછવા. | ટૂંકનોંધ લખો.<br>(પાંચમાંથી બે) | ૧૪ |

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

•

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**


BAOU
Education for All
ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

MGT – 01

માસ્ટર ઑફ આર્ટ્સ - ગુજરાતી

ગ્રંથકારનો અભ્યાસ

# ઉમાશંકર જોશી





## વિવેચક ઉમાશંકર જોશી - 4

BAOU
Education
for all

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક,ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં,ગુજરાત સરકારશ્રીએ ઈ.સ.૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે,શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. **BAOU**ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો,આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છે : **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય,જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય,જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત,વ્યવસાયલક્ષી,જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ,કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્દો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી,જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.
અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાય**
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

**નિદર્શન :**

પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય — સ્કૂલ ઑફ હ્યુમિનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સમિતિ :**

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રો.ડૉ.ઉષા ઉપાધ્યાય — વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

ડૉ.હેતલ ગાંધી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પરામર્શન (વિષય) :**

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન-સંપાદન :**

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સહસંપાદન :**

પ્રા.પ્રવીણ વણકર — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** ૨૦૨૦-૨૧

**પ્રકાશક :** કાર્યકારી કુલસચિવ,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# 4

## વિવેચક ઉમાશંકર જોશી

### બ્લોક : ૪


| | |
|---|---|
| **એકમ : 1** | |
| વિવેચક ઉમાશંકર જોશી | 01-07 |
| **એકમ : 2** | |
| ઉમાશંકરની સિદ્ધાંત વિવેચના | 08-16 |
| **એકમ : 3** | |
| ઉમાશંકર જોશીની કાવ્યવિવેચના | 17-21 |
| **એકમ : 4** | |
| ઉમાશંકર જોશીની કૃતિનિષ્ઠ વિવેચના | 22-27 |
| **એકમ : 5** | |
| ઉમાશંકર જોશીનું સંશોધનકાર્ય | 28-31 |
| **એકમ : 6** | |
| ઉમાશંકરનો મધ્યકાલીન ગુજરાતી કૃતિ પરત્વેનો અભિગમ | 32-35 |
| **એકમ : 7** | |
| ઉમાશંકર જોશીની વિવેચનામાં સામાજિક ચેતનાનું મૂલ્ય | 36-39 |

## પાઠ્યક્રમ પરિચય

એમ.એ.પાર્ટ-૧ના અભ્યાસક્રમમાં ગ્રંથકાર ઉમાશંકર જોશીનો અભ્યાસ કરવાનું ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સુનિશ્ચિત થયું. વીસમી સદીના સર્જકોમાં ઉમાશંકર જોશીનું સાહિત્યિક પ્રદાન તેમને માત્ર ગુજરાતી સાહિત્યમાં જ નહિ પણ સમકાલીન ભારતીય સાહિત્યમાં પણ શીર્ષસ્થ ભૂમિકાએ પ્રથમ પંક્તિમાં સ્થાન અપાવે તેવું છે. કવિ-વાર્તાકાર-નિબંધકાર-વિવેચક-અનુવાદક-સંપાદક આદિ અનેકવિધ ભૂમિકાએ ઉમાશંકર જોશીની સર્જકતા-સજ્જતાનો પરિચય સુવિદિત છે. ગ્રંથકાર તરીકે ઉમાશંકર જોશીનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી વીસમી સદીની સાહિત્યક ગતિવિધિના મૂલ્યવાન પ્રવાહમાં પ્રવેશે છે.

ઉમાશંકર જોશીએ વીસ વર્ષની યુવાન વયે 'વિશ્વશાંતિ'ના 'મંગલ શબ્દ'થી સર્જનનો પ્રારંભ કર્યો. 'સંસ્કૃતિ' સામયિક સુધી વિસ્તરેલી સાહિત્યિક નિસબતનો સમગ્રલક્ષી આલેખ કોઈપણ જિજ્ઞાસુને માટે સર્વથા પ્રેરક, પ્રોત્સાહક છે. 'ગુજરાત યુનિવર્સિટી', 'શાંતિનિકેતન' આદિ વિશ્વવિદ્યાલયોના કુલગુરુ રહી ચૂકેલા ઉમાશંકર વીમસી સદીના ગુજરાતી ભાષા-સાહિત્યના મૂલ્યવાન પ્રતિનિધિ તરીકે રાજ્યસભામાં પણ નિયુક્તિ પામ્યા. 'જ્ઞાનપીઠ' પુરસ્કૃત સર્જક ઉમાશંકર જોશીએ ગુજરાતી સાહિત્ય પરિષદ, કેન્દ્રીય સાહિત્ય અકાદમી આદિ સર્વોચ્ચ સાહિત્ય સંસ્થાઓમાં અગ્રભૂમિકાએ માર્ગદર્શન પૂરું પાડ્યું.

મૂર્ધન્ય સારસ્વત ઉમાશંકર જોશીની બહુમુખી પ્રતિભા વિશે સંદર્ભ સહિત અભ્યાસ-સામગ્રી ઉપલબ્ધ કરાવવાનો આ વિનમ્ર પ્રયાસ ગુજરાતી ભાષા-સાહિત્યના દરેક વિદ્યાર્થી માટે ઉપયોગી થશે એવી અપેક્ષા અસ્થાને નથી. અભ્યાસ સામગ્રી લેખનમાં સઘન અધ્યયન અને નિત્ય સ્વાધ્યાયનો કોઈ વિકલ્પ નથી એ વાતનું સ્મરણ રહે. શુભેચ્છાઓ.

**એકમ 1**

# વિવેચક ઉમાશંકર જોશી

1.1 ઉદ્દેશો
1.2 પ્રસ્તાવના
1.3 પાઠ્યક્રમ સારાંશ
1.4 વિવેચક ઉમાશંકર જોશી
1.5 તમારી પ્રગતિ ચકાસો
1.6 સ્વાધ્યાય

**1.1 ઉદ્દેશો :**

- આ એકમના અભ્યાસ દ્વારા તમે ઉમાશંકર જોશીની વિવેચક તરીકેની પ્રતિભાનો પરિચય પામશો.
- ઉમાશંકર જોશીના વિવેચનગ્રંથોના નામથી પરિચિત થશો.
- ઉમાશંકર જોશીના વિવેચન વૈવિધ્યની રસવૃત્તિના વ્યાપ વિશે જિજ્ઞાસા કેળવાશે.
- પ્રશિષ્ટ કવિની વિવેચનાને સર્જકતાનો આધાર મળે ત્યારે વિવેચન કેવું રસવંતુ બને તે જોઈ શકાશે.
- આ એકમના અભ્યાસથી આપણી સમીક્ષાદૃષ્ટિ વિસ્તરે અને અભ્યાસવૃત્તિ વધે એ ઇચ્છનીય છે.

**1.2 પ્રસ્તાવના :**

ઉમાશંકર જોશી માત્ર કવિ નથી. વિવેચનક્ષેત્રે પણ તેમનું નોંધપાત્ર પ્રદાન છે. વિવેચનના વિવિધ પ્રકારો તેમણે ખેડ્યા છે. સુધારકયુગમાં નર્મદે વિવેચનનો પ્રારંભ કર્યો. નર્મદના સાહિત્યવિચારમાં 'કવિ અને કવિતા' 'કવિતાજાતિ', 'ટીકા કરવાની રીત', 'દયારામ' આદિ વિષયોનો સમાવેશ થાય છે. નવલરામે ઊંડી રસવૃત્તિ અને આત્મનિરીક્ષણથી વિવેચન કર્યું. નવલરામે 'કાવ્યશાસ્ત્ર સંબંધી વિચારો' 'મનના વિચાર', 'હાસ્ય અને અદ્‌ભુત રસ' આદિ લેખો દ્વારા કાવ્ય વિવેચનની સ્વસ્થ પરિપાટીનો પ્રારંભ કર્યો. કાવ્ય-નાટકનાં અવલોકનો પણ આવ્યા. રમણભાઈ નીલકંઠ, ગોવર્ધનરામ ત્રિપાઠી, આનંદશંકર ધ્રુવ, બ.ક.ઠાકોર જેવા સર્જક-વિવેચકોએ પોતાની ભૂમિકાથી કાવ્યતત્ત્વ વિચાર આપ્યો છે.

ઉમાશંકર જોશી માત્ર કવિ નથી, વિવેચક છે. કાવ્યસર્જનની શક્તિને કારયિત્રી પ્રતિભા કહેવાય; કાવ્યવિવેચનની શક્તિને ભાવયિત્રી પ્રતિભા કહે છે. કાવ્યનું ભાવન કરવાની શક્તિ કહો કે સજ્જતા; વ્યક્તિને અધિકારી ભાવક ઠેરવે છે. સાહિત્યકૃતિ વિશે અધિકારપૂર્વક અભિપ્રાય કે સમીક્ષા આપવાની પ્રવૃત્તિ એટલે અધિકારી ભાવક દ્વારા થયેલી વિવેચન પ્રવૃત્તિ.

વિવેચનકાર્યને જવાબદારીપૂર્વક નિભાવવાનું જેમણે કામ કર્યું છે તેમાં ઉમાશંકર જોશીનું નામ આદરપૂર્વક લેવાય છે. ખુલ્લા મનથી, પૂર્વગ્રહ વગર, દુરાગ્રહ વગર, અનાવશ્યક અનુગ્રહ ટાળીને, ગાળીને, અભ્યાસપૂર્વક, વાચનયાત્રાને આનંદયાત્રાની જેમ માણ્યા પછી પોતે પ્રાપ્ત કરેલા આનંદનો અન્યને પરિચય કરાવવાની સહૃદય સક્રિયતા એટલે વિવેચન પ્રવૃત્તિ. વિવેચક પાસે નીરક્ષીર ન્યાયદૃષ્ટિ પણ હોવી જોઈએ. ગાંધીયુગમાં શરૂ થયેલી ઉમાશંકર જોશીની વિવેચન પ્રવૃત્તિ જીવનપર્યંત ચાલી. તેમના સંશોધન-વિવેચનનો સમગ્રલક્ષી પરિચય આપણે આ એકમમાં મેળવીશું.

**પાઠ્યક્રમ સારાંશ :**

કવિ ઉમાશંકર જોશી પર ગાંધીજીવન-દર્શનનો પ્રભાવ સુવિદિત છે. ગુજરાતી સાહિત્ય, ભારતીય સાહિત્ય અને વિશ્વસાહિત્યથી તેમની અભ્યાસચેતના સમૃદ્ધ બની છે. વિવેચક તરીકે તેમણે આસ્વાદ્ય ઉપક્રમ પસંદ કર્યો છે. સંશોધન-વિવેચનમાં ભરપૂર વૈવિધ્ય તેમની અભ્યાસદષ્ટિ અને રસવૃત્તિનો પરિચય કરાવે છે. પૌરાણિક સાહિત્ય, મહાકાવ્યોનો અભ્યાસ, સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ - અનુવાદ આદિથી પોષાયેલી તેમની જીવનચેતના અને સર્જકચેતનાનો લાભ તેમની વિવેચન દૃષ્ટિને પણ ફાવ્યો છે. વિવિધ સાહિત્ય સ્વરૂપોના આંતર-બાહ્ય લક્ષણો વિશેની શિસ્તબદ્ધ સજ્જતા તેમની વિવેચનાને — વાચનાને પ્રમાણભૂત બનાવે છે. સમગ્ર સાહિત્યિક પરંપરામાં ફરી વળેલી વિદ્યાચેતનાએ વિવેચન દ્વારા જાણે ક્ષણેક્ષણના વિદ્યાતપનો મૂલ્યવાન હિસાબ આવ્યો છે.

આ એકમમાં આપણે તેમના વિવેચનગ્રંથો, સિદ્ધાંત વિવેચન, કર્તાલક્ષી વિવેચન, નવલકથા વિવેચન, વાર્તા વિવેચન આદિનો પરિચય મેળવીશું. આ એકમમાં 'ગાગરમાં સાગર' સમાવવાનો નમ્ર પ્રયાસ છે. ઉમાશંકર જોશીની વિવેચન દૃષ્ટિ અને વિવેચન વૈવિધ્યનો સમગ્રલક્ષી સંક્ષેપ આ એકમમાં મળશે. જિજ્ઞાસુ વિદ્યાર્થી સંદર્ભગ્રંથો કે મૂળ વિવેચનગ્રંથો વાંચશે તો અભ્યાસની ક્ષિતિજ વિસ્તરશે.

**1.4 પાઠ : વિવેચક ઉમાશંકર જોશી**

ઉમાશંકર જોશીનો પહેલો વિવેચનસંગ્રહ ૧૯૪૮માં 'સમસંવેદન' નામે પ્રગટ થયો. ૧૯૮૬માં 'આસ્વાદમૂલક અવબોધ' નામે છેલ્લો વિવેચન-સંગ્રહ પ્રગટ થયો. તેમના દેહાવસાન બાદ ઈ.સ. ૧૯૯૭માં 'કાવ્યાનુશાસન' અને 'કવિતાવિવેક' જેવા પુસ્તકો પણ પ્રગટ થયા.

ઉમાશંકર જોશીના વિવેચન પુસ્તકોની યાદી નીચે મુજબ છે :

૧. સમસંવેદન (૧૯૪૮)
૨. અભિરુચિ (૧૯૫૯)
૩. નિરીક્ષા (૧૯૬૦)
૪. શૈલી અને સ્વરૂપ (૧૯૬૦)
૫. કવિની સાધના (૧૯૬૧)
૬. શ્રી અને સૌરભ (૧૯૬૩)
૭. પ્રતિશબ્દ (૧૯૬૭)
૮. કવિની શ્રદ્ધા (૧૯૭૨)
૯. શબ્દની શક્તિ (૧૯૮૨)
૧૦. નિશ્રેના મહેલમાં (૧૯૮૬)
૧૧. પ્રેમાનંદ - પરિચય પુસ્તકા (૧૯૮૮)
૧૨. કવિતાવિવેક (૧૯૯૭)
૧૩. કાવ્યાનુશીલન (૧૯૯૭)
૧૪. અખો : એક અધ્યયન (૧૯૪૮) - સંશોધનગ્રંથ

ઉમાશંકર જોશીના વિવેચન પુસ્તકોની યાદી આપણે જોઈ. હવે આપણે ઉમાશંકર જોશીની સમગ્ર વિવેચના વિશેની પરિચયાત્મક નોંધ જોઈશું.

**અખો : એક અધ્યયન :**

આપણે ઉમાશંકર જોશીના વિવેચનગ્રંથોની જે યાદી જોઈ તેમાં ચૌદમા ક્રમે આ પુસ્તકનો ઉલ્લેખ કર્યો છે. આ પુસ્તક તેમનો સંશોધન ગ્રંથ છે. તેમણે પોતે એમ જણાવ્યું છે કે, 'અનુસ્નાતક વર્ગમાં ભણાવવાને બહાને જે ભણવા મળ્યું તેનું પરિણામ છે.'

કુલ સાત પ્રકરણમાં આ ગ્રંથ વહેંચાયેલો છે. 'અખાની જીવનચર્યા' નામનું પ્રથમ પ્રકરણ છે. આ પ્રકરણમાં અખાના જીવન સાથે વણાઈ ગયેલી દંતકથાઓનો ઉલ્લેખ છે.

આત્મનિરીક્ષક, બહુશ્રુત કવિ તરીકે તેમણે અખાને ઓળખાવ્યો છે. અખાના સર્જનમાં ગુજરાતી વિચારપ્રધાન કવિતાની શરૂઆત અભ્યાસપૂર્વક, તારણો સહિત ઉમાશંકર જોશીએ જોઈ છે. કવિ માંડણની અસર કહો કે પ્રભાવ એવો હતો કે ઉમાશંકર જોશીએ અખાના સર્જનમાં માંડણની અસર અને અખાના શિષ્યત્વની નોંધ કરી છે.

'અખો એક અધ્યયન'માં ઉમાશંકર જોશીએ અખાના સમયના સમાજનું પ્રતિબિંબ તેની રચનાઓમાં કઈ રીતે ઝીલાયું છે તેની ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે. એ ચર્ચા કરતી વખતે મુનશી અને નરસિંહરાવ જેવા સમીક્ષકોના અભિપ્રાયોની પણ સસંદર્ભ નોંધ કરીને પોતાના તારણો આપ્યા છે.

અખાના જીવન-કવનનો સર્વાંગી અભ્યાસ આ ગ્રંથને મહત્ત્વનો સંશોધનગ્રંથ બનાવે છે. અખાની મહત્ત્વની કૃતિઓ; 'પંચીકરણ', 'ગુરુશિષ્યસંવાદ', 'ચિત્તવિચાર-સંવાદ', 'અનુભવબિન્દુ' અને 'અખેગીતા'ની અભ્યાસપૂર્વક ચર્ચા કરવાની સાથે અત્રે દર્શાવ્યા મુજબના ક્રમમાં તેનું સર્જન થયું હશે એવા મહત્ત્વના તારણ પર તેઓ આવ્યા છે. અખાએ તેની ખૂબ લોકપ્રિય રચનાઓ, 'છપ્પા' ઉત્તરવયમાં તેમ જ પૂર્વવયમાં પણ લખ્યા હશે એમ ઉમાશંકર જોશીએ જણાવ્યું છે. અખાના છપ્પાની સંખ્યા (૭૪૫ની આસપાસ) જોતાં એમ અવશ્ય કહી શકાય કે સમગ્ર જીવન દરમિયાન છપ્પાનું સર્જન ચાલતુ રહ્યું છે.

અખાની કૃતિઓ વિશે ઉમાશંકર જોશીએ આપેલા તારણોની તેમના અનુગામી વિવેચકો, અભ્યાસીઓ દ્વારા સમીક્ષા પણ થઈ છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ઉમાશંકર જોશીએ 'અનુભવબિંદુ'ને 'ચિંતનરસનું ઘૂંટેલું એક બિંદુ' અને ખંડકાવ્ય તરીકે ઉમદા કૃતિ હોવાનું નોંધ્યું છે તેની સમીક્ષા કરતાં ભૂપેન્દ્ર ત્રિવેદી 'ખંડકાવ્ય' શબ્દપ્રયોગ માટે વાજબી રીતે પ્રશ્ન ઉઠાવે છે.

આ સંશોધનગ્રંથમાં અખાના છંદો અને ભાષાનો અભ્યાસ તથા અખાને તત્ત્વજ્ઞાની કવિ તરીકે ઉમાશંકર જોશીએ અભ્યાસપૂર્વક અવલોક્યા છે.

**પુરાણોમાં ગુજરાત :** ઉમાશંકર જોશીની વિશિષ્ટ અભ્યાસદૃષ્ટિનો લાભ આ પુસ્તકને મળ્યો છે. આપણા પુરાણ સાહિત્યમાં ગુજરાત વિશેના ઘણા ઉલ્લેખો મળે છે. જેમાં કાલ્પનિક અને ઐતિહાસિક વાસ્તવની વિગતોનો અભ્યાસ કરી ગુજરાત વિશે તારણો આપવાનું પડકારરૂપ છે. સંશોધક ઉમાશંકર જોશીએ સ્કંદપુરાણ અને મહાભારતને અભ્યાસ અર્થે મુખ્ય આધાર તરીકે રાખ્યા છે. આપણા આ પૌરાણિક સાહિત્યમાં ગુજરાતની ભૌગોલિક તેમજ ઐતિહાસિક ઓળખ પૌરાણિક સાહિત્યમાં કેવી રીતે નિરૂપણ પામી છે તેનો અભ્યાસ આ ગ્રંથમાં જોવા મળે છે. પૌરાણિક સાહિત્યના સર્જકો મોટાભાગના યાત્રિકો હતા. તેમના સાહિત્યમાં યાત્રાળુની અનુભૂતિ હોવાથી, સ્વાનુભવના આ ઉલ્લેખોમાં રહેલા તથ્યોને સંશોધક ઉમાશંકર જોશીએ સ્વીકાર્યા છે.

**સર્જક પ્રતિભા : નરસિંહ મહેતા :** 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-ભાગ-૨' માં નરસિંહ મહેતા વિશેનો ઉમાશંકર જોશીનો લેખ મૂલ્યવાન છે. આ લેખ સ્વતંત્ર વિવેચન પુસ્તિકા સ્વરૂપે પ્રગટ થાય તો ઘણો ઉપયોગી બને તેવો છે અત્રે, આ પ્રકરણમાં તેમના વિવેચન પુસ્તકોની યાદીમાં તેનો ઉલ્લેખ નથી કર્યો પણ મધ્યકાળના મહત્ત્વના સર્જક નરસિંહ મહેતા વિશે ઉમાશંકર જોશીના મૂલ્યવાન ગણાયેલા અભ્યાસ વિશે આપણે જાણવું જરૂરી છે. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ-૨'માં સમાવિષ્ટ આ લેખ; 'સર્જક પ્રતિભા-૧'માં પણ ફરીથી છપાયો છે; જે તેનું મહત્ત્વ દર્શાવે છે.

નરસિંહ મહેતા વિશેના આ લેખમાં- 'નરસિંહ ગુજરાતી ભાષાનો આદિ કવિ'- ઇતિહાસ દૃષ્ટિએ નથી, પણ નરસિંહમાં ગુજરાતી ભાષાને એનો પ્રથમ મુખ્ય અવાજ સાંપડે છે. કોઈ ભાષા જેને લીધે સાહિત્યની ભાષા બને — સાહિત્ય ધરાવતી ભાષાનું ગૌરવ પામે એવો એક વીર્યવંત સર્જકનો એ અવાજ છે. એ અર્થમાં નરસિંહ ગુજરાતીનો 'આદિકવિ' જરૂર છે.

નરસિંહ મહેતાના જીવન-કવન-સમય વિશે ઉમાશંકરે નરસિંહની રચનાઓના આધારે ચર્ચા કરી છે. કૃતિમાંથી સાંપડતા સંકેતો અને બાહ્ય પ્રમાણોને આધારે નરસિંહ મહેતાનો આયુષ્યકાળ ઈ.સ. ૧૪૦૮થી ૧૪૭૫નો તેમણે અંદાજ આપ્યો છે.

નરસિંહ મહેતાની રચનાઓનું ચાર ભાગમાં આ રીતે તેમણે વિભાજન કર્યું છે : (૧) આત્મકથાત્મક કૃતિઓ (૨) અન્ય આખ્યાનકલ્પકૃતિઓ (૩) કૃષ્ણપ્રીતિના ઊર્મિગીતો (૪) ભક્તિજ્ઞાનના ઊર્મિ કવિતા.

ઉમાશંકર જોશીએ નરસિંહ મહેતાની ભક્તિજ્ઞાનની ઊર્મિ કવિતાને 'પરિણતપ્રજ્ઞાની પ્રસાદી' ગણેલ છે. ગાંધીજીને પ્રિય, નરસિંહ મહેતા કૃત 'વૈષ્ણવજન'ને વિવેચક ઉમાશંકર જોશીએ 'રાષ્ટ્રીય ભક્તિગીત' તરીકે ઓળખાવ્યું છે. નરસિંહ મહેતા વિશેના ઘણાં મૂલ્યવાન તારણો ઉમાશંકર જોશીએ આપ્યા છે જેમાં નરસિંહ મહેતાને આદિકવિ ગણવાની સાથે 'ગુજરાતી કૃષ્ણવિષયક ગીતોની સમૃદ્ધ પરંપરાની ગંગોત્રી નરસિંહ છે' - ઉપરાંત 'દયારામ તો નરસિંહ વિના કલ્પી શકાતા નથી', 'નરસિંહના આવવાથી ગુજરાતી ભાષા રસસ્રોત બની રહે છે'- જેવા વિધાનો ઉલ્લેખનીય છે.

**કવિ પ્રેમાનંદ :** (૧૯૮૮માં પ્રગટ થયેલી પુસ્તિકા) વિવેચક ઉમાશંકર જોશીએ પ્રેમાનંદ વિશે આ પરિચય પુસ્તિકા પ્રગટ કરી છે. પ્રેમાનંદને ઉમાશંકર જોશીએ 'આખ્યાન શિરોમણિ' તરીકે ઓળખાવ્યા છે. તેમણે પ્રેમાનંદની રચનાઓમાં દર્શાવેલા વર્ષના આધારે તેનો જન્મ ઈ.સ. ૧૬૪૫ની આસપાસ હોવાનું નોંધ્યું છે. અને ઈ.સ. ૧૭૦૦ સુધીનો પ્રેમાનંદનો જીવનકાળ હોવાની ધારણા વ્યક્ત કરી છે. આખ્યાનકવિ તરીકેની સર્વ સિદ્ધિઓ, રસસિદ્ધિ, માનવસ્વભાવનું નિરીક્ષણ, કથાકથનનું કૌશલ, કરૂણરસ હાસ્યરસ, નાટ્યાત્મકતા, ચરિત્રચિત્રણમાં સમકાલીન જીવનરંગનો સમાવેશ આદિની સમ્યક્ ચર્ચા ઉમાશંકર જોશીએ કરી છે. ગુજરાતનું હૃદય આર્દ્ર રાખવામાં પ્રેમાનંદનો ફાળો સારો એવો છે એમ કહીને ઉમાશંકર જોશી લખે છે : 'રસદૃષ્ટિએ, કવિકર્મની દૃષ્ટિએ પ્રેમાનંદની કૃતિઓમાં નળાખ્યાન મામેરું, દશમસ્કંધ, હૂંડી, સુદામાચરિત્ર, રણયજ્ઞ, ઓખાહરણ, ચંદ્રહાસઆખ્યાન તે એ ક્રમમાં આગળ તરી આવે છે, જેને લીધે પ્રેમાનંદ ગુજરાતી ભાષાના અમર કવિ છે.'

આમ, નરસિંહ, અખો, પ્રેમાનંદ વિશેનો ઉમાશંકર જોશીનો અભ્યાસ તેમના અનુગામીઓ માટે અભ્યાસની દિશાઓ ખોલી આપવાની સાથે પથદર્શક નીવડે છે.

**વિવેચન વૈવિધ્ય :** ઉમાશંકર જોશીના વિવેચનમાં ઘણું વૈવિધ્ય છે. અહીં આપણે ગુજરાતી ઉપરાંત વિવિધ ભાષાઓ જેવી કે સંસ્કૃત, બંગાળી, અંગ્રેજી સાહિત્ય સર્જકો કે રચનાઓ વિશેની તેમની વિવેચન પ્રવૃત્તિની નોંધ કરીશું.

ઉમાશંકર જોશીએ વિભિન્ન ભાષા-સાહિત્યમાં રસપૂર્વક પોતાની અભ્યાસી દૃષ્ટિને સક્રિય કરી છે અને સમૃદ્ધ ભાવક-ચેતનાનો પરિચય કરાવ્યો છે. તેમણે 'શ્રી અને સૌરભ'માં સંસ્કૃત સાહિત્યના પોતાના અભ્યાસનો સંતોષપ્રદ પરિચય આપ્યો છે. ચંદ્રકાન્ત શેઠે યોગ્ય રીતે જ નોંધ્યું છે કે, 'તેઓ જેમ 'અભિજ્ઞાન શાકુન્તલમ્' વિશે તેમજ 'વેઈટિંગ ફોર ગોદો' વિશે પણ તલસ્પર્શિતાથી વિવેચન કરવાની ક્ષમતા દર્શાવી શક્યા છે.

પાશ્ચાત્ય સાહિત્યના ગ્યુઈથે, શેક્સપિયર, વર્ડ્ઝવર્થ, ટી.એસ. એલિયટ, રોબર્ટ ફ્રોસ્ટ આદિના અભ્યાસ દ્વારા પરિતોષ પામેલી ભાવકતાએ ગુજરાતી સાહિત્ય સર્જન તેમજ વિવેચનને પણ સમૃદ્ધ કર્યું.

રમેશ ર. દવેએ યથાર્થ નોંધ્યું છે કે, 'ગુજરાતી અને ભારતીય જ નહીં બલકે સમસ્ત વિશ્વસાહિત્ય વિશે એક કવિની અનંતદૃષ્ટિ અને વિવેચકની વિશ્લેષણમૂલક તથા તુલનાત્મક વિવેકદૃષ્ટિ એમના વિવેચનમાં નિરંતર પ્રવર્તી છે. આ વિવેચનમાં વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસની સાથોસાથ હોમર, સોફોક્લિસ અને શેક્સપિયર વિશે વિચારણા થઈ છે.'

**સિદ્ધાંતલક્ષી વિવેચન :**

ઉમાશંકર જોશીએ સિદ્ધાંતલક્ષી વિવેચનલેખોમાં; કાવ્યસિદ્ધાંત, સાહિત્ય-સર્જનની પ્રક્રિયા, છંદ, શૈલી, આકૃતિ, કલ્પન, અર્થઘટન જેવા વિષયોની મૂળગામી વિચારણા કરી છે. કવિતાએ કલાધર્મી બનવાનું છે એમ જણાવી 'આજની ગુજરાતી કવિતા' (૧૯૩૪) એ વ્યાખ્યાનલેખમાં તેઓ જણાવે છે : 'કવિતા ઊર્મિપ્રધાન હો કે ન હો, વિચારપ્રધાન હો કે ન હો, આદર્શપ્રધાન હો કે ન હો, વાસ્તવપ્રધાન હો કે ન હો, કવિતા 'કવિતાપ્રધાન' હોય એટલે બસ. સારા જીવનતંત્રને સ્પર્શી શકે તે કવિતા, ઊર્મિ, વિચાર, આદર્શ, વાસ્તવ – એ બધાં તત્ત્વોને સમેટી લેતી કવિતા 'કવિતા પ્રધાન' જ હશે...'

ઉમાશંકર જોશીએ કવિનો શબ્દ, કવિની શ્રદ્ધા જેવા વિષયો પર ગહન ચિંતન કરી સાહિત્યકલાની પ્રતિષ્ઠા કરી છે.

ઉમાશંકર જોશીએ Image માટે 'ભાવપ્રતીક' શબ્દ યોજ્યો છે. કવિતામાં છંદ વિશેની તેમની ચર્ચા પણ મૂલ્યવાન છે. છંદની વાત કરતી વખતે તેમણે લયને મહત્ત્વ આપ્યું છે. ''છંદને દેશવટો આપી શકાય તો પણ લયને તો હરગિજ આપી શકાશે નહિ'' – આ એમનું સ્પષ્ટ મંતવ્ય છે. તેમણે ભારપૂર્વક નોંધ્યું છે કે, ''શબ્દાર્થ તીર છે, તો છંદોલય ધનુષ્ય છે.'' કાવ્યમાં છંદોલયનું મહત્ત્વ માત્ર પિંગળશાસ્ત્ર સુધી તેઓ સીમિત રાખતા નથી.

ઉમાશંકર જોશીએ પદ્યમાં ભાષાલય ને છંદોલયની સૂક્ષ્મચર્ચા કરી છે 'છંદોવિચાર : મુક્ત છંદ' તેમનો ઉલ્લેખનીય લેખ છે. તેમણે છાંદસ તેમ જ અછાંદસ બન્ને પ્રકારની કવિતા આપી છે. 'વિશ્વશાંતિ'ના આ કવિ-વિવેચકે 'છિન્નભિન્ન છું' જેવી અછાંદસ કવિતા પણ આપી છે.

ઉમાશંકર જોશી કલાની સ્વાયત્તતાના સ્વીકાર સાથે કલાની જીવન સાપેક્ષતાનો પણ મહિમા કરે છે. તેમણે કલામાં જીવનનું 'રૂપપરિવર્તન' જોયું છે. તેમણે જીવન અને કલા સંદર્ભે કહ્યું છે કે, 'જીવનદૃષ્ટિ અને સાહિત્યદૃષ્ટિ વચ્ચે કાંઈ ને કાંઈ સંબંધ સર્વત્ર જોવા મળવાનો.' 'શૈલી અને સ્વરૂપ'માં ઉમાશંકર જોશીએ શૈલી વિશે તેમજ તમામ સાહિત્ય સ્વરૂપ વિશે અભ્યાસપૂર્વક સમગ્રલક્ષી કહી શકાય તેવું સમૃદ્ધ ચિંતન પ્રગટ કર્યું છે.

''દરેક સર્જનની જે વિશિષ્ટ મુદ્રા, પ્રત્યેક કલાકૃતિના જીવાતુભૂત રસતત્ત્વને સ્ફુટ કરનારી જે વિવિધ રૂપલીલા, તે એની શૈલી''

''કલા એ અભિવ્યક્તિ છે અને એ અભિવ્યક્તિમાં પરિણમ તો કલાકારનો સમગ્ર વ્યાપાર એ એની શૈલી છે.'' (શૈલી અને સ્વરૂપ)

ઉમાશંકર જોશીએ કાવ્યની શૈલીને શરીર પરની ત્વચા સમાન જોઈ છે. કાવ્યના અંતસ્તત્ત્વ સાથેના તેના સજીવ સંબંધને લીધે તે કવિની સર્જકપ્રતિભાનો વિષય છે એમ તેઓ માને છે. 'શીલ તેવી શૈલી' વિધાનની રસપ્રદ ચર્ચા તેમની પાસેથી મળે છે.

**કર્તાલક્ષી વિવેચન :** ઉમાશંકર વ્યાપક અર્થમાં સંસ્કૃતિ ચિંતક છે. પ્રાચીન સાહિત્ય, મધ્યકાલીન, સાહિત્યથી લઈ અર્વાચીન, આધુનિક સાહિત્યસર્જકો વિશે તેમણે અભ્યાસપૂર્વક વિવેચના કરી છે.

કર્તાલક્ષી વિવેચનમાં મહાભારતના રચયિતા વ્યાસ, રામાયણના વાલ્મીકિથી લઈને કાલિદાસ, ભવભૂતિ, નરસિંહ, અખો-પ્રેમાનંદ, રવીન્દ્રનાથ, ન્હાનાલાલ, બ.ક. ઠાકોર, હરિશ્ચંદ્ર ભટ્ટ, રોબર્ટ ફ્રોસ્ટ અને ચેખોવ સુધી વિસ્તરતી સમીક્ષા ગુજરાતી વિવેચનનું નોંધપાત્ર પ્રકરણ છે.

ઉમાશંકર જોશીએ કરેલા કૃતિ વિવેચનોમાં મહાભારત, શાકુંતલ, ઉત્તરરામચરિત્ત, કુમારસંભવ, અખેગીતા, નળાખ્યાન, 'સરસ્વતીચંદ્ર', 'કલાન્ત કવિ' 'સ્વપ્નપ્રયાણ' 'બારી બહાર' અને 'ધ્વનિ' જેવી રચનાઓનો સમાવેશ થાય છે. તેમની આસ્વાદલક્ષી વિવેચનામાં 'વસંતવિલાસ' 'શરદપૂનમ', 'મારી આંખે કંકુના સૂરજ' આદિ રચનાઓના આસ્વાદ ઉલ્લેખનીય છે.

**નવલકથા વિવેચન :** કવિ તરીકે પ્રતિષ્ઠિત ઉમાશંકર જોશીએ પોતે એક નવલકથા લખી છે. નવલકથા સ્વરૂપમાં તેમની સર્જનાત્મક સિદ્ધિ ખાસ વિશિષ્ટ નથી રહી પણ તેમની વિવેચનદૃષ્ટિનો લાભ 'સરસ્વતીચંદ્ર' 'માનવીની ભવાઈ', 'આરણ્યક', 'મૈલા આંચલ', 'ગારંબીચા બાપુ' (મરાઠી નવલકથા)ને મળ્યો છે. રાધેશ્યામ શર્માની 'ફેરો' નવલકથાની પણ તેમણે વિવેચનાત્મક પ્રસ્તાવના આપી છે. 'નવલકથાકારની ભારત માટેની ખોજ' એમનો વિશિષ્ટ અભ્યાસલેખ છે.

પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' વિશે લખતી વખતે પન્નાલાલની સર્જકતામાં મહાનતાનું આગવું મૂલ્ય નોંધ્યું છે. 'સરસ્વતી એમને શોધતી આવી, એમની કલમમાં ઊતરી' એમ જણાવીને માનવહૃદયની ઉચ્ચતમ અભિવ્યક્તિ તરીકે પન્નાલાલની નવલકથાનો મહિમા કર્યો છે. પન્નાલાલે 'મળેલા જીવ'માં પોતાના હૈયાનું હીર પાયેલું એમ વિવેચક ઉમાશંકર જોશીએ નોંધ્યું છે.

સમકાલીન સર્જક મનુભાઈ પંચોળી 'દર્શક'ને તેમણે સાચા વિશ્વ નાગરિક તરીકે ઓળખાવ્યા છે તે તેમની નવલકથાના વાચનને કારણે દર્શકની પાત્રનિર્માણ શક્તિ, આદર્શ માટેની અભિરુચિ અને સર્જનાત્મક અભિગમની તેમણે ભાવપૂર્વક પ્રશંસા કરી છે. ઉમાશંકરે 'દીપનિર્વાણ'માં ઇતિહાસના વિનિયોગનો મહિમા કર્યો છે. દર્શકની ભાષાશૈલીમાં સાત્વિક રસિકતાની નોંધ કરીને તેમણે ગોવર્ધનરામ પછીના અગ્રગણ્ય નવલકથાકાર તરીકે દર્શકનો ઉલ્લેખ કર્યો છે.

ગોવર્ધનરામ ત્રિપાઠીકૃત મહાનવલ 'સરસ્વતીચંદ્ર' વિશેનું તેમનું કૃતિનિષ્ઠ વિવેચન પણ નોંધપાત્ર છે. આ નવલકથાને તેમણે 'સંયુક્ત કુટુંબનું કાવ્ય' કહી છે. સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરે છે એ ઘટનાને વિશે ઉમાશંકર જોશી કહે છે કે ગૃહત્યાગ એ 'પૂરી જવાબદારીથી આરંભાયેલ સર્વમેધયજ્ઞ હતો' સરસ્વતીચંદ્રની કથાને 'મનભર મધપૂડા' સાથે સરખાવીને વિવેચકે ગોવર્ધનરામની વર્ણનશક્તિ, પાત્રાલેખનકળા અને કથા કહેવાની કળાની ઉચિત્ત નોંધ લઈને આ કથામાં રહેલાં પ્રણય, કુટુંબજીવન અને સંન્યાસભાવની અનુભૂતિઓનું ભળી જવું પ્રમાણ્યું છે. આપણા વિવેચને સરસ્વતીચંદ્રને 'રખડુ ફિલસૂફ' કહ્યો છે; ઉમાશંકર જોશીના અભિપ્રાય મુજબ તે 'અંતરયાત્રી' કે સંસ્કૃતિ વિહારી' છે.

ઉમાશંકર જોશીએ ઊર્મિ અને વાસ્તવના મિશ્રણવાળી નવલકથા તરીકે 'પાછલે બારણે'ને મૂલવી છે અને તેમાં વાત્સલ્યભાવનો વિજય થતો નિહાળ્યો છે. ચુનીલાલ મડિયાની 'વ્યાજનો વારસ'ને શાંતરસની નાયક વિનાની નવલકથા કહીને સર્જકની સિદ્ધિ-મર્યાદાને ચીંધી બતાવી છે.

અનુગામી પેઢીના સર્જકોમાં સાતમા દાયકાની, રાધેશ્યામ શર્માની લઘુનવલ 'ફેરો'ની પ્રસ્તાવના-રૂપે લખેલો લેખ 'ક્યાં છે પરીક્ષિત'માં પ્રયોગશીલ સર્જકની ખૂબીઓ નોંધી છે. રાધેશ્યામ શર્માની નોંધપાત્ર ગણાયેલી આ લઘુનવલ વિશે ઉમાશંકર જોશીનો અભિપ્રાય મૂલ્યવાન છે. કથાનું લાઘવ, રચનારીતિ, કલ્પન સમૃદ્ધિનો ઉલ્લેખ કરી 'ફેરો'ની સિદ્ધિઓ દર્શાવી છે. જોસેફ મેકવાનની 'આંગળિયાત'ને પણ ઉમાશંકર જેવા વરિષ્ઠ સર્જક-વિવેચકની વિવેચનાનો લાભ મળ્યો છે. 'આંગળિયાત'ની લોકબોલીમાં રહેલી સર્જનાત્મક બળકટતાને ધ્યાને લઈ તેમણે એક વિશિષ્ટ રચના તરીકે ઓળખાવી છે.

વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની બંગાળી નવલકથા 'આરણ્યક' નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ પણ પ્રસિદ્ધ થયો છે. ઉમાશંકર જોશીએ આ નવલકથામાં અરણ્યવાસી પાત્રોનો જીવનસંઘર્ષ અને તેનું હૃદયસ્પર્શી આલેખન પ્રમાણ્યું છે. ફણીશ્વરનાથ 'રેણુ'ની 'મૈલા આંચલ'માં વ્યક્ત થયેલી ભૂમિહીન આદિવાસીઓની જીવનપીડા, સામાજિક-રાજકીય ગતિવિધિને પ્રતિબદ્ધતાથી મૂલવી છે.

નવલકથા વિવેચનમાં કથાવસ્તુ, પાત્રો, ભાષા, પરિસ્થિતિ, સર્જકનો અભિગમ આદિ દરેક ઘટકોની સંયોજનકળા અને સૌન્દર્યદૃષ્ટિ ઉમાશંકર જોશીએ ખાસ ધ્યાને લીધી છે.

સિદ્ધિઓની સમાંતરે મર્યાદા દર્શાવવાનું પણ ચૂક્યા નથી. સમકાલી કે તરતના અનુગામી સર્જકો વિશે વાત કરીને તેમણે પોતાની સહૃદયતા દર્શાવી છે.

**વાર્તા વિવેચન :**

ઉમાશંકર જોશી ગાંધીયુગના ઉલ્લેખનીય વાર્તાકાર પણ છે. તેમણે કેટલાક વાર્તાસંગ્રહોના આમુખ પણ લખ્યા છે. ત્રણ વાર્તાસંગ્રહો વિશેનું તેમનું વિવેચન ગ્રંથસ્થ થયું છે. સરોજિની મહેતાના વાર્તાસંગ્રહ 'ચાર પથરાની મા' વિશેનો તેમનો લેખ પત્ર વિવેચન સ્વરૂપે મળે છે. તેમણે આ લેખને 'નહિ તહોમત, નહિ ચુકાદો' એવું શીર્ષક આપ્યું છે. ચંદ્રકાંત શેઠે આ શીર્ષકનો ઉલ્લેખ કરીને ખાસ નોંધ્યું છે કે, 'તેઓ એક વિવેચક તરીકે નથી ઇચ્છતા તહોમતદાર થવાનું, નથી ઇચ્છતા ચુકાદો આપનાર કાજી થવાનું. એમનો આ આત્મસંયમ જ તેમને શ્રદ્ધેય વિવેચક બનાવે છે.' લેખિકા સરોજિની મહેતાની વાર્તાકલાનો આ પત્ર-લેખમાં ઉમાશંકરે વિવેકપૂર્વક પરિચય કરાવ્યો છે.

'જયંતિ દલાલની પ્રતિનિધિ વાર્તાઓ'ના આમુખ તરીકે તેમની પાસેથી 'વાર્તા, મનનો માળો' એવો લેખ મળે છે. ગુજરાતી વાર્તાના સબળ પુરસ્કર્તા તરીકે સુરેશ જોષીની સાથે તેમણે જયંતિ દલાલને ઓળખાવ્યા છે. વાર્તાકાર જયંતિ દલાલની અભિવ્યક્તિકળા, કટાક્ષનો વિનિયોગને તેમણે ખાસ ચીંધી બતાવ્યા છે.

કીકુભાઈએ અનૂદિત કરેલી વાર્તાઓનો સંગ્રહ 'ખોવાયેલો તારો'ની બીજી આવૃત્તિને આવકારતા તેમણે વાર્તા-અનુવાદની પ્રવૃત્તિની આવશ્યકતા પર ભાર મૂક્યો છે. વાર્તાઓ વિશે તેમણે આસ્વાદ વૃત્તિથી નોંધો કરી છે.

'વરસની શ્રેષ્ઠ વાર્તાઓ-૧૯૫૧'; ટૂંકી વાર્તાનું સંપાદન ઉપરાંત ઉમેદભાઈ મણિયારના વાર્તાસંગ્રહ 'પાંખ વિનાનાં પારેવા' વિશે પણ તેમણે અભ્યાસપૂર્ણ આમુખ આપેલ છે.

**નાટ્યવિવેચન :**

ઉમાશંકર જોશીએ મુનશીની નાટ્યકૃતિ 'લોપામુદ્રા'માં સંઘર્ષ નિરૂપણની કુશળતાની નોંધ કરી છે. પણ કૃતિ નાટ્યાત્મક બનવાના બદલે 'નાટકીય' બને એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે.જયંતિ દલાલના 'પ્રવેશ બીજો' નાટ્યસંગ્રહની સમીક્ષામાં જયંતિ દલાલની સંવાદકળા, કટાક્ષકળાની ઉચિત રીતે નોંધ લીધી છે. જયંતિ દલાલની એકાંકીકલાથી પ્રભાવિત ઉમાશંકર જોશીએ એમ નોંધ્યું છે કે 'ગુજરાતનાં વીસ ઉત્તમમાં ઉત્તમ એકાંકીઓ પસંદ કરવામાં આવે તો એમાં દલાલનું એકાંકી તો હોય જ'. એમના 'દ્રૌપદીનો સહકાર' એકાંકીને તેમણે ગુજરાતીનાં નોંધપાત્ર એકાંકી તરીકે સ્થાન આપ્યું છે.

ચુનીલાલ મડિયાના બે નાટ્યગ્રંથો વિશે આમુખરૂપે લઘુલેખ લખ્યા છે તેમાં મડિયાની ગામ્યજીવનની અભિવ્યક્તિવાળા નાટકોની ભાષાની ખાસ નોંધ લીધી છે. મડિયાના એકાંકીઓમાં નગરજીવન-ગ્રામજીવન; બન્ને વિશે ઉમાશંકર જોશીની સમીક્ષાદૃષ્ટિનો લાભ મળે છે. તેમના એકાંકીઓમાં 'સમ્રાટ શ્રેણિક'ને શ્રેષ્ઠ એકાંકી ગણાવે છે.

યશોધર મહેતાના 'રણછોડલાલ અને બીજાં નાટકો'ની પણ સમીક્ષા તેમણે કરી છે. યશોધર મહેતાના નાટકોને રેડિયો નાટકો-ઐતિહાસિક નાટકો તરીકે સમીક્ષાત્મક પરિચય આપીને તેમણે 'રણછોડલાલ' ઉત્તમ ચરિત્રનાટક હોવાનું નોંધ્યું છે.

ઉમાશંકર જોશીની નાટ્ય સમીક્ષાઓ, ચંદ્રકાંત શેઠના મત મુજબ અભિપ્રાય સ્વરૂપની વિશેષ રહી છે. જે સમગ્ર રીતે જોઈએ તો યથાર્થ છે. ઉમાશંકર જોશીની ભાવયિત્રી પ્રતિભા 'શાકુંતલ' કે 'ઉત્તરરામચરિત'ના અભ્યાસમાં જેટલી પ્રવૃત્ત થઈ છે તેવો લાભ ગુજરાતી નાટ્યરચનાઓને મળ્યો નથી એમ ચંદ્રકાંત શેઠે યથાર્થ નોંધ્યું છે. અલબત્ત, સંસ્કૃત નાટકોને માણવામાં વિવેચક, ભાવક ઉમાશંકરને જે આનંદ આવ્યો તે એ નાટકોની શ્રેષ્ઠતા કહો કે સર્વકાલીનતાના તત્ત્વોના કારણે. ગુજરાતીમાં એવી માતબર નાટ્યકૃતિ તેમને મળી હોય તો, તેના અભ્યાસમાં ઉમાશંકર જોશીની વિવેચના ખીલી હોત એમ કહી શકાય.

**ઉપસંહાર :**

સાહિત્યના લગભગ દરેક સ્વરૂપ વિશેનું ઉમાશંકર જોશીનું વિવેચનકાર્ય તેમના વિશાળ કાવ્યસર્જનની સમાંતરે ચાલતું રહ્યું છે. તેમના વિવેચનગ્રંથોની સંખ્યા, ગુણસમૃદ્ધિ તેમના સમકાલીનોમાં, અનુગામીઓમાં તેમને મૂર્ધન્ય તરીકે સ્વાભાવિક રીતે પ્રતિષ્ઠિત કરે છે. સર્જક ઉમાશંકર જેટલાં જ વિવેચક ઉમાશંકર મૂલ્યવાન છે એમ અવશ્ય નોંધીએ.

## 1.5 તમારી પ્રગતિ ચકાસો.

(૧) ઉમાશંકર જોશીના સંશોધનગ્રંથનું નામ જણાવો ?

(૨) 'અખાની જીવનચર્યા' પ્રકરણ કયા ગ્રંથમાં છે ?

(૩) 'પંચીકરણ' અને 'અનુભવબિંદુ'ના સર્જકનું નામ આપો.

(૪) નરસિંહની ભક્તિ કવિતાને ઉમાશંકરે કેવી ગણી છે ?

(૫) 'દયારામ તો નરસિંહ વિના કલ્પી શકાતા નથી' વિધાન કોનું છે ?

(૬) 'શ્રી અને સૌરભ'માં કઈ ભાષાની રચનાઓ સમીક્ષા પામી છે ?

(૭) ઉમાશંકર જોશીએ કયા વ્યાખ્યાનલેખમાં 'કવિતા 'કવિતા પ્રધાન' હોવી જોઈએ' એવો ઉલ્લેખ કર્યો છે ?

(૮) ઉમાશંકર જોશીએ ઈમેજ માટે કયો ગુજરાતી શબ્દ પ્રયોજ્યો છે ?

(૯) ઉમાશંકર જોશીએ કઈ નવલકથાઓનું વિવેચન કર્યું છે ?

(૧૦) ઉમાશંકર જોશીએ ટૂંકીવાર્તાના કયા સંગ્રહો વિશે સમીક્ષા કરી છે ?

(૧૧) ઉમાશંકર જોશી દ્વારા સમીક્ષા થઈ હોય તેવી ગુજરાતી નાટ્યરચનાઓના નામ આપો.

## 1.6 સ્વાધ્યાય

(૧) ઉમાશંકર જોશીના વિવેચનકાર્ય વિશે વિસ્તૃત નોંધ આપો.

(૨) ઉમાશંકર જોશીના સિદ્ધાંત વિવેચન વિશે ટૂંકનોંધ લખો.

(૩) નવલકથા અને ટૂંકીવાર્તા વિશે ઉમાશંકર જોશીએ કરેલા વિવેચનકાર્ય વિશે લખો.

(૪) ઉમાશંકર જોશીના સંશોધનગ્રંથોનો પરિચય આપો.

(૫) ઉમાશંકર જોશીનું કર્તાલક્ષી વિવેચન - ટૂંકીનોંધ લખો.

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ
પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

# એકમ 2

# ઉમાશંકર જોશીની સિદ્ધાંતવિવેચના


2.1 ઉદ્દેશ
2.2 પ્રસ્તાવના
2.3 ઉમાશંકર જોશીની સિદ્ધાંતવિવેચના
2.4 સ્વાધ્યાય


## 2.1 ઉદ્દેશ :

- આ એકમના અભ્યાસથી ઉમાશંકર જોશીની સિદ્ધાંતવિવેચનાથી પરિચિત થશો.
- ઉમાશંકર જોશી દ્વારા થયેલી કાવ્ય વિચારણાના મૂળગામી ચિંતનથી અવગત થશો.
- ભારતીય સાહિત્ય મીમાંસા અને પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસાના સઘન અધ્યયનથી સમૃદ્ધ થયેલી ઉમાશંકર જોશીની સાહિત્ય વિભાવનાનો પરિચય કેળવીશું.
- સર્જક-વિવેક ઉમાશંકર જોશીની સાહિત્ય વિચારણાના મહત્ત્વના મુદ્દાઓના આધારે સાહિત્યિક સિદ્ધાંતોની વ્યાપક ભૂમિકા સમજવામાં આ એકમ સહાયક થશે.
- સર્જનપ્રક્રિયા, ભાવનપ્રક્રિયા આદિની તાત્વિક ભૂમિકા સમજીએ.

## 2.2 પ્રસ્તાવના :

ઉમાશંકર જોશીની સિદ્ધાંતવિવેચના ગુજરાતી સાહિત્યની સિદ્ધાંતવિવેચનામાં મૂલ્યવાન છે. સર્જનપ્રક્રિયા, ભાવકની ભૂમિકા, કવિની સાધના, કવિનો ધર્મ, કવિનો શબ્દ જેવી સંજ્ઞાઓ કે વિષયવસ્તુઓમાંથી આપણે પસાર થતા હોઈએ છીએ. કાવ્ય હેતુ, કાવ્ય ઉદ્દેશ જેવી પાયાની બાબતો તથા રસવિચાર, ધ્વનિ, વક્રોકિત, રમણીયતા આદિ પૂર્વની મીમાંસાના અભ્યાસી અને સમકાલીન ભારતીય સાહિત્યમાં શીર્ષસ્થ ભૂમિકાએ સક્રિય ઉમાશંકર જોશી પાશ્ચાત્ય કાવ્ય વિચારણાના પણ અભ્યાસી હતા.

સાહિત્ય પદાર્થને વિશે તેમણે કરેલ ચિંતન અનુભવ અને અભ્યાસનો આધાર છે. ગુજરાતીમાં તેમની પૂર્વે થઈ ગયેલાં સાહિત્ય વિચારકોની સિદ્ધાંતવિવેચનાથી તેમની દૃષ્ટિ-મતિ સમૃદ્ધ બની છે. ઉમાશંકર જોશીએ કાવ્ય પદાર્થને લગતા વિભિન્ન પ્રશ્નોની છણાવટ કરતા લેખો લખ્યા છે. તદ્દવિષયક પ્રવચનો, વાર્તાલાપો અને લેખોની દીર્ઘ પરંપરાના તેઓ જાણકાર હોવાની સાથે પ્રતીતિપૂર્વક વિચારીને સર્જકતાને સક્રિય રાખનારા કવિ હતા. સાહિત્ય તેમજ સાહિત્યના શિક્ષણ વિશેના તેમની સમજને સહજ એવી અભ્યાસનિષ્ઠાનો સથવારો હતો. ઉમાશંકર જોશીએ સિદ્ધાંતચર્ચાને માત્ર સાહિત્યવિદ્યાના પ્રદેશનો વિષય નથી પણ તત્ત્વજ્ઞાનના પ્રદેશોનો વિષય ગણાવ્યો છે. ભારતીય સાહિત્યની વિભાવના, સાહિત્ય પદાર્થની મૂળગામી વિચારણાના આસ્વાદ-મૂલક સિદ્ધાંતો આ એકમમાં જાણીએ. રસકીય ધોરણોનો આગ્રહ અને જીવનસત્ત્વનો સંદર્ભ તેમના સાહિત્ય સિદ્ધાંતમાં મહત્ત્વ ધરાવે છે.

## 2.3 ઉમાશંકરની સિદ્ધાંતવિવેચના

પૂ...રા... છ દાયકા (૧૯૨૮-૧૯૮૮)ના સમયગાળામાં પથરાયેલી ઉમાશંકરની વિદ્યાવૃત્તિ, સર્જન અને શાસ્ત્રની વિવિધ ધારાઓમાં વહેતી રહી. સજાગ કલાકાર તરીકેની સર્જકતા, અનૂ-એક શાસ્ત્રસેવનથી સમૃદ્ધ વિદ્વત્તા અને બહુવિધ વિચારક્ષેત્રોમાંની મર્મસ્પષ્ટ બૌદ્ધિકતા જેવા પ્રતિભાઅંશોનો આગવો સ્પર્શ એમની કાવ્યવિષયક સિદ્ધાંતવિવેચનાને સાંપડ્યો છે. આ કારણે એમની વિચારણામાંથી ઊઠતાં વિધાનો વિશેષ પ્રમાણભૂતતા પ્રાપ્ત કરે છે. આનંદશંકર અને રા.વિ.પાઠક જેવા પુરોગામી ગોત્રપુરુષો કરતાં એમની સિદ્ધાંતવિચારણા સમય, જથ્થા અને તત્ત્વ – એમ ત્રણેય બાબતમાં વિસ્તારી રહી છે.

★

સિદ્ધાંત અને પ્રત્યક્ષ વિવેચનની ઉભયવિધ ધારાઓને આરંભકાળથી જ આપણે ત્યાં પશ્ચિમની તદ્વિષયક — ને સમયાંતરે ઉપલબ્ધ થતી રહેલી — વિચારણાનું પોષણ મળતું રહ્યું છે. પંડિતયુગ દરમિયાન ભારતીય કાવ્યવિચાર — એટલે સંસ્કૃત અલંકારશાસ્ત્ર ના વિભિન્ન ખ્યાલો એની સાથે, યથાવકાશ, સમજણ પ્રમાણે સંકળાતા રહ્યા. આ સ્થિતિમાં સિદ્ધાંતનિરૂપક તરીકે છે. ઉ.જો.ની. કારકિર્દીના આરંભે ગુજરાતી (ભાષામાંના) કાવ્યવિચારનું કાઠું પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાના વિચારતંતુઓથી ગંઠાયેલું હતું. અનુકાલીન કાવ્યવિચારક તરીકે ઉમાશંકરનાં વિવેચન વિશેનાં કેટલાંક ગૃહીતો આ કારણે પૂર્વપરંપરામાંથી પકડી શકાય છે. એ સ્થિતિમાં, એમનાં સૈદ્ધાંતિક પ્રતિપાદનો ને ફલિતાર્થોની તારવણીનું કામ, એમની પ્રતિજ્ઞા અને ગૃહીતોના પ્રકાશમાં કરવાનું વાજબી ગણાશે.

'...ભારતીય કે પાશ્ચાત્ય એવા ભેદ બાજુએ રાખીને કાવ્યપદાર્થ સમજવા અંગેની તાત્ત્વિક અને પ્રામાણિક મથામણો... એ જ ઈષ્ટ માર્ગ છે... ભારતીય સાહિત્યવિચારને.... પાશ્ચાત્ય સાહિત્ય અને કલાવિજ્ઞાનના પ્રકાશમાં ઉલટાવી સુલટાવી તપાસી એમાંના સ્વીકાર્ય અસ્વીકાર્ય અંશોને સુરેખ તારવી આપવાના રહે છે. એ જ રીતે પાશ્ચાત્ય સાહિત્યવિચારના તથ્યને પણ... તમામ સાહિત્યના અને અહીંના કાવ્યશાસ્ત્રના સંદર્ભમાં નાણી જોવું એ પણ (આપણી નવવિવેચનનાનું) કર્તવ્ય બને છે.' (વિ.ર.ત્રિવેદીની વિવેચનાને અનુલક્ષીને થયેલાં આ વિધાનો, ઉમાશંકરની ખુદની સિદ્ધાંતવિવેચના માટેની પ્રતિજ્ઞા તરીકે સ્વીકારવામાં કશી હરકત નથી.) આમ પાશ્ચાત્ય અને અત્રત્ય સિદ્ધાંતવિચારણામાં ઉચ્ચાવચતાની તકરાર ઊભી કર્યા વગર, કાવ્ય વિશેના વર્તમાન પ્રશ્નોની ચિકિત્સા ઉભય કાવ્યમીમાંસાના અનુમોદક કે પોષક વિચારોના ઉપલક્ષ્યમાં કરવી. વિચારપરંપરાઓની ભેદકતા નહિ, પણ પૂરકતા ને સમન્વય સાધવાની વૃત્તિ-પ્રવૃત્તિને એમણે 'નવવિવેચનાની કાર્ય દિશા' તરીકે સ્વીકારી છે.

'સિદ્ધાંતવિવેચન અંગેની એમની આ પ્રતિજ્ઞાને નજરમાં રાખીને ચાલીએ તો એમની વિચારણામાં સર્વથા 'મૌલિક', 'અપૂર્વ' કે 'અસાધારણ સિદ્ધાંત'ની અપ્રાપ્યતાની સ્થિતિનું વિસ્મય ન થવું ઘટે. કેમ કે કાવ્યવિચારક તરીકે ઉ. જો.નું લક્ષ્ય પૂર્વ-પશ્ચિમના સંપ્રદાયસ્થાપક 'આચાર્યો'ને નહિ, પણ પ્રતિપાદિત 'વિચાર'ને ગ્રહીને કાવ્યને લગતા પ્રશ્નોની ચર્ચા કરવાનું રહ્યું છે. વળી, સવાસો વર્ષની આપણી વિવેચનામાં કાયસિદ્ધાંતને લગતા સળંગ પ્રકરણગ્રંથ કે 'કાવ્ય'ના વ્યાપક પ્રશ્નોની સાંગોપાંગ ક્રમબદ્ધ ચર્ચા કરતા આકરગ્રંથની અપેક્ષા રાખવાનું પણ યોગ્ય નથી. ઉપરાંત, આધુનિક સમયે ઈતર માનવવિદ્યાઓ સાથેની વિવેચનની તત્ત્વમુખી સંલગ્નતાના પ્રભાવક વિચારસંદર્ભોના અભિગમને કારણે કાવ્યવિચારની સમૂળગી બૌદ્ધિક પ્રવૃત્તિ અતિસંકુલ ને બહુ-આયામી પ્ર-ચલિત દશામાં આવી પડી છે. આવા પ્રવાહી વાતાવરણમાં વૈચારિક વલણોનું સિદ્ધાંતરૂપે વ્યાપ્તિબંધન અતિદુષ્કર ને પડકારરૂપ બન્યું છે.

★

ઉમાશંકરની સિદ્ધાંત-વિવેચનાનો સકલ વિચારપિંડ જેમાંથી બાંધી શકાય એ વિધાનાત્મક આધારસ્રોતો આ પ્રમાણે છે.

(૧) 'કાવ્ય' પદાર્થને લગતા વિભિન્ન પ્રશ્નો — સર્જનની પ્રક્રિયાનું સ્વરૂપ, કાવ્યનાં ઓજારો, કાવ્યનાં માધ્યમ અને કાવ્યાનુભવની સમસ્યા, વિવેચનની પ્રકૃતિને મૂંઝવણો વગેરેને લગતા, જુદા જુદા નિમિત્તે ને સમયાંતરે લખાયેલા પ્રકીર્ણ લેખો, સ્વાધ્યાયો, સંભાષણો;

(૨) કૃતિ/કવિની પ્રત્યક્ષ વિવેચનાને અનુષંગે અર્થઘટન/મૂલ્યાંકન સંદર્ભે વ્યક્ત થયેલાં અછડતાં પુષ્ટિદાયક વિધાનો/મંતવ્યો;

(૩) વિભિન્ન સાહિત્યપ્રકારોના સ્વરૂપગત લક્ષણગ્રથનને આંકતા અભ્યાસલેખો;

(૪) રૂઢ અર્થમાં સાહિત્યપદાર્થની સીધી ચર્ચા ન કરતા હોય પણ સાંપ્રતકાલીન સંસ્કારજીવન ને જાગતિક સંદર્ભમાં, લેખકની સ્વતંત્રતા, જવાબદારી, સમાજસાપેક્ષતા વગેરે બાબતોને લગતી ચર્ચા કરતાં લખાણો;

(૫) ભારતની વિભિન્ન પ્રદેશભાષાઓમાં મધ્યકાળે, પ્રબોધનકાળે અને સ્વાતંત્ર્યોત્તર કાળે પ્રવર્તતી સાહિત્યધારાઓમાં ઊપસતાં કેટલાંક સમાન વલણો અને 'ભારતીયતા'ની વિભાવનાની તાત્ત્વિક તપાસને લગતા તુલનાવાચી લેખો.

-આ વિવિધ આધારસ્રોતોમાંથી ઊપસતી સિદ્ધાંતવિચારણાની સ્વરૂપ ઘટના કેવી છે ?

★

ઊગતી અવસ્થામાં (૧૯૩૪) 'કવિતા અને તત્ત્વજ્ઞાન' શીર્ષકના મુગ્ધદશાના નિબંધમાં ઉમાશંકરની સિદ્ધાંતવિચારણાનાં અસ્ફુટ ગૃહીતો વાંચી શકાય એમ છે. 'તીવ્ર અનુભવ-સંવેદનની' ભાષાગત અભિવ્યક્તિ, 'માણસપણા'ને 'સંચેત હૃદય' સાથેની અન્વિતિ, વિચારદ્રવ્ય તો કેવળ આલંબન 'કવિતાનો પ્રાણ તો એની અંતર્ગત કલા', 'કવિતા તરીકેની કિંમત એના કવિતાપણામાં માટે પોતાની અંદરની કળા પર જ આધાર' : આવાં વિધાનો તમે કવિતાના સ્વતંત્ર અસ્તિત્વ, કાર્યપદ્ધતિ, કવિતાની સ્વાયતત્તા, અભિવ્યક્તિ દ્વારા જ સૌન્દર્યનિર્મિત, કળાસિદ્ધિ કે કળાનિર્ણયમાં ઇતર દ્રવ્યોથી અપ્રસ્તુતતાના ખ્યાલો અહીં ઉલ્લેખાયા છે. અનુકાલીન વિચારણામાં સમયક્રમે આ ગૃહીતોનાં સં-શોધન, પરિ-શોધન થતાં રહ્યાં છે.'

★

ઉમાશંકરની કાવ્યવિચારણામાં સર્જનની આંતરપ્રક્રિયાનો મુદ્દો લગભગ કારકિર્દીના આરંભકાળથી વારંવાર ઘુંટાતો રહ્યો છે. કવિકર્મ અને કવિવ્યક્તિતાને લગતો પ્રશ્ન ૧૯૪૦થી ૧૯૬૦ સુધી સતત ઘોળાતો રહ્યો છે. સર્જક કવિ તરીકે પ્રક્રિયામાં એમની જાત-સંડોવણી (Self involvement) સંભવતઃ જિજ્ઞાસાને સતત સંકોરતી રહી હશે ? ગમે તે હો, રચનાકાર તરીકેનું એમનું આત્મ-સાક્ષ્ય સર્જનપ્રક્રિયાના આંતરમર્મોની વિચારણાને મોઢામોઢની અધિકૃતતાનો દરજ્જો સંપડાવે છે. 'સમસંવેદન' (૧૯૪૦), 'કવિની સાધના' (૧૯૫૫), 'કવિકર્મ' (૧૯૫૯), 'કવિની શ્રદ્ધા' (૧૯૬૭) - આ લેખો પૈકી પ્રથમમાં સર્જનવ્યાપારની અંતર્ગત જિજ્ઞાસા, પછીના બંને લેખોમાં સર્જનપ્રક્રિયાની આંતરસંકુલતા અને છેલ્લા લેખમાં સર્ગઘટનાની ભીતરી અવસ્થાની ઊહાપોહનો ઉત્તરોત્તર વિસ્તરતો આલેખ જોવા મળે છે, એટલું જ નહિ, પાછલા ત્રણેય લેખોમાં 'સાધના', 'કર્મ'ના પ્રક્રિયાવિભાવો અને 'શ્રદ્ધા'નો અવસ્થાવિભાવ 'કવિ'ના વ્યક્તિભાવને સંલગ્ન છે એ ધ્યાનાર્હ રહે. 'કવિતાનો જન્મ' અને પશ્ચાદ્દર્શન-પુરોદર્શનની જાતકેફિયતમાં સ્વાનુભવના દાખલા ટાંકીને સર્જન પરનાં આંતરબાહ્ય પ્રભાવક પરિબળોનો ખુલાસો આપે છે. આ ઉપરાંત હરિશ્ચંદ્ર ભટ્ટ, અરાલવાળા અને શ્રીધરાણીના સંગ્રહોના પ્રવેશકલેખોમાં 'દર્શન' અને 'વર્ણન'ની પ્રક્રિયાગત આંટીઘૂંટીને લગતા ઉલ્લેખો દ્વારા સર્ગવિચારનો ઇષત્સ્પર્શ જોવા મળે છે.

પટાંતરે સર્જનપ્રક્રિયાને સ્પર્શતો ધ્યાનપાત્ર પ્રથમ લેખ છે 'સમસંવેદન'. અહીં એ પરંપરાપ્રોક્ત કાવ્યપ્રયોજનોને મુકાબલે નવું ને મહત્ત્વનું પ્રયોજન નિર્દેશે છે. 'સામા માણસમાં સમ-સંવેદન'ની કવિની અભીપ્સા જોઈ શકાશે કે આ પ્રતિપાદનના પાયામાં જ અવગમનનો ખ્યાલ ગૃહીત રહ્યો છે. કવિતામાં ઊતરતું સંક્રમણશીલ ભાવસંવેદન કવિની 'અંગત વસ્તુ' નથી, પણ 'સર્વગ્રાહી અનુભવસાર' 'સંવેદનાત્મક સત્ય' 'સૂઝ' છે. આટલું કહેતાં સુધી તો કશી મુશ્કેલી નથી, પરંતુ 'કવિનું સમાધિઅવસ્થાનું દર્શન તે વર્ણન વખતે સાંગોપાંગ રેખાંકિત થવું સર્વથા શક્ય નથી.' એમ કહેતી વેળા 'અવગમન'નો છેદ ઊડી જવા પામે છે. કાવ્યસર્જનના મૂળ ઉપક્રમથી જ એમને ભાવકગત અવગમન ઇષ્ટ છે જ. એટલે પાછળના તબક્કે 'કવિકર્મ'માં આ ભૂલ સુધારી આખો ખ્યાલ પરિષ્કૃત કરીને મૂકે છે. 'કવિને મૂળ ભાવ ભાવકના ચિત્તમાં સંક્રાંત કરવાનો છે એ અર્થમાં અવગમનનો પ્રશ્ન જ નથી, કેમ કે મૂળ ભાવ કાવ્યમાં ટકવા પામતો નથી. જોકે, સર્જનની રચનાક્ષણે સંક્રમણનો ખ્યાલ કવિના મનમાં સભાનપણે હોતો નથી પણ 'કવિગત સાધારણીભૂત સંવેદન-કવિસંવિદ એ કાવ્યના માધ્યમ દ્વારા ભાવકસંવિદની તુલ્ય બને છે એ જોતાં અવગમન થાય છે જ.' (આમ નહિ ?

'ભાવકસંવિદ, કાવ્યના માધ્યમ દ્વારા, કવિગત સાધારણીભૂત સંવેદન – કવિસંવિદની તુલ્ય બને છે.') 'અંગત ભાવ' અને 'કાવ્યગત ભાવ'ની ભેદકતા સ્થાપીને અવગમનની તાર્કિક સ્વીકૃતિ આમ સ્થાપી આપી.

કાવ્યસર્જનની ઘટના પ્રકૃતિથી જ સ્વેચ્છાનિર્ભર નથી. સર્ગવિતર્કોનાં ચૈતસિક સંચરણો અનુમાનનો વિષય રહ્યાં છે. આ અ-કળ, ગૂઢ ને રહસ્યપૂર્ણ પ્રક્રિયાના અવાંતરક્રમો ઉકેલવાનો ઉમાશંકરનો પુરુષાર્થ, આપણી સિદ્ધાંતવિચારણા એ દિશામાંનો સૌથી પ્રથમ પ્રયાસ છે. કવિનું ભાવાત્મક 'દર્શન' શબ્દાત્મક 'વર્ણન'ને પામે એ આખીયે પ્રક્રિયા કલાગત રૂપાંતરણની અતિસૂક્ષ્મ ને તરલ સંકુલ ચિત્તઘટના છે.

પદાર્થનું અભિજ્ઞાત્મક બોધન ચૈતસિક ભૂમિકાએ એનું રૂપાંતરણ અને રૂપાયિત ભાવની શાબ્દી અભિવ્યક્તિ – એમ સર્ગપ્રક્રિયાને એ ત્રણ ભૂમિકામાં પૃથક્કૃત કરે છે. પ્રત્યક્ષ બોધજન્ય અનુભવો અને સ્મૃતિસંચિત કાવ્યો, પ્રેરણાસ્ફુરણાની ક્ષણે અંતર્જ્ઞાન અને પરિસ્પંદ વ્યાપારે રૂપાંતરણ પામે. સાધારણ્યના સ્પર્શે એમાંની અંગતતા ખરી પડે. કલ્પનાવ્યાપાર આ રૂપાયિત સંવેદનોને ભાવપ્રતીક તરીકે ઉપસાવે અને આ ભાવપ્રતીકો/પ્રતીકો ભાષિક અભિવ્યક્તિ પામે – આવો સર્ગક્રમ એમણે ચીંધ્યો. 'કવિકર્મ' શીર્ષકના અનુકાલીન લેખમાં એ પ્રેરણાનું સ્ફુરણ અને પ્રેરણાની સક્રિયતા એમ બે જ ભૂમિકામાં સર્જનપ્રક્રિયાને વર્ણવે છે. આ સર્ગઘટનામાં મહત્ત્વની ભૂમિકા છે પ્રેરણાનું સ્ફુરણ. આ 'પ્રેરણા એટલે માનવીય સંવિદમાંથી કવિસંવિદ પ્રગટવાની શક્યતાનો રસ છે અને કાવ્ય એનું માધ્યમ છે. આટલા ખુલાસા સાથે પ્રેરણાસ્ફુરણને કાવ્ય સૂઝવાની પર્યાયવાચી સ્થિતિ તરીકે વર્ણવે છે.

અનુભવાત્મક બાહ્ય જગત કાવ્યમાં ભાવરૂપે પરિવર્તિત થઈને આવે છે. એમાં કવિના વાસ્તવ-અનુભવોમાંથી – પ્રત્યક્ષ યા કલ્પનારૂપે - ઘણું બધું કવિતામાં ઊતરે, એમ છતાં કાવ્યોપકારક અનુભવો વ્યવહારઅનુભવ સાથે સમમૂલ્ય નથી હોતા. અંગત અનુભવોનું ભાવમય પરાવર્તન/પરિવર્તન થવાની પ્રક્રિયા કવિપરિસ્પંદને આભારી છે. અને એમ થતાં કૃતિગત શાબ્દી ઘટનાનો સંબંધ કવિના અંગત અનુભવો સાથે નહિ પણ પરિવર્તિત ભાવરૂપ સાથે સધાય છે.

ચિત્તગત સહજસ્ફુરિત સંવેદનો, સમુચિત ભાવપ્રતીક દ્વારા અભિવ્યક્તિ પામે એ ખ્યાલ, એલિયટના 'વસ્તુગત સહ-સંબંધક'ના કાવ્યસિદ્ધાંતથી પ્રભાવિત છે. ભાવપ્રતીક અંગેની એમની વિભાવના વ્યાપક અને ભારઝલી છે. ટૂંકા ફલકમાં ચમત્કૃતિ ઉપસાવતું કલ્પન, સમગ્ર કૃતિના આશયને વ્યંજિત કરતી કળાપ્રયુક્તિ, પ્રસંગ, પરિસ્થિતિ કે પાત્રરૂપે ભાવપ્રતીકની ગૂંથણી, વ્યક્તિબોધક ઉપરાંત સમગ્ર પ્રજાજીવનને સાકાર કરતી ધ્વનિમુદ્રા : એમ ભાવપ્રતીકની સંકેતસીમાઓ, પ્રયોજનભેદે, લાંબીટૂંકી થતી રહી છે.

'દર્શન' અને 'વર્ણન' વચ્ચેના અવાંતરક્રમમાં, કવિના અંગત ભાવનું બિનંગત ભાવરૂપે સધાતું પરિવર્તન, પશ્ચિમની વિચારણાના 'અંતર્જ્ઞાન' કે 'કલ્પના'ના સિદ્ધાંતો દ્વારા પૂરું પ્રતીતિકર બનતું નથી. એ સ્થિતિમાં અહીં સર્જનસંદર્ભે અભિનવપ્રોક્ત 'સાધારણ્ય'ના ખ્યાલની કારકતા ચીંધે છે. 'સાધારણ્ય'નો હેતુ ભાવસંલગ્ન અંગતતાને ગાળીને 'પોતાની ચેતનાને મૂળ સ્વરૂપે આનંદઘન રૂપે આસ્વાદવા માટે **સર્જક** તેમ જ ભાવકને પ્રેરવા'નો છે. અને એમ કરવામાં, 'ભલે ને વિભાવાદિમાં ગમે તેટલું અસાધારણ (particular) સમાયું હોય. માત્ર એની સાથે **સર્જક** (અને ભાવક પણ) અંગત રીતે સંબદ્ધ નહિ હોય, આ સ્થિતિ' સાધારણ્ય દ્વારા સિદ્ધ થતી હોય છે. જોઈ શકાશે કે અંગતતામાંથી બિનસંગતતા ભણી ભાવના પરાવર્તનની પ્રક્રિયાનો તર્કસંગત તાળો, સાધારણ્ય દ્વારા મેળવી આપે છે. ભાવકને લાધતા રસાનુભવના ખુલાસામાં જ નિતાંતપણે પ્રયોજાતા/ઉલ્લેખાતા સાધારણ્યના વ્યાપારને, ઉ.જો. સર્જનપ્રક્રિયાના અવાંતરવ્યાપાર તરીકે સાંકળે છે એને અભિનવનો મૂલતઃ આધાર છે, તેમ છતાં સર્જનસંદર્ભે એની પ્રભાવકતા ને કારકતાની આટલી વિશદ ને તાર્કિક સ્થાપના એ ઉ.જો.નું આગવું પ્રદાન છે. ભાવના કલાત્મક રૂપાયનની અતિસંકુલ, ક્રમબહુલ છતાં અસંલક્ષ્યક્રમ ચૈતસિક પ્રક્રિયાના આંતરવ્યાપાર તરીકે, સાધારણ્ય પૂર્વ અને અપર સર્ગવિવર્તો

સાથે સંબદ્ધ છે, હોય, પણ એ પંડ્યે નથી અવગમન કે નથી રૂપવિધાયિની પ્રક્રિયા. આ સ્થિતિમાં, 'આખરે તેઓ સાધારણ્યના પર રૂપવિધાયિની પ્રક્રિયા અને અવગમનની પ્રક્રિયાનો ભાર નાખી દેતા લાગે છે.' — એવું સુરેશ જોષીનું મંતવ્ય ચિંત્ય બની રહે.

પ્રાચીન આલંકારિકોની કાવ્યમીમાંસા 'દર્શન'(શાસ્ત્ર)ની એક વા અન્ય ધારાથી પ્રભાવિત રહ્યા કરી છે; ઉમાશંકરની કાવ્યમીમાંસા 'દર્શન' (સંજ્ઞા)થી સતત પ્રભાવિત - અને નિયંત્રિત પણ — રહ્યા કરી છે. ભટ્ટ તૌતનાં સૂત્રમાંથી 'દર્શન' અને 'વર્ણન' સંજ્ઞાઓને ઊંચકીને, વિવેચનપ્રવૃત્તિની શરૂઆતના અરસામાં જ એ પ્રયોજે છે. એ વખતે કદાચ એમાં સંજ્ઞાપ્રયોગનો ગૌરવાભિધાનનો મુગ્ધ અહોભાવ છે, એટલું ' સંકેતાયથાર્થ્યનું સ્વારસ્ય નથી. 'સમ-સંવેદન' (૧૯૪૦)થી 'કવિની શ્રદ્ધા' (૧૯૬૭) પર્યન્ત 'દર્શન' સંજ્ઞા એમની વિવેચનામાં વારંવાર વપરાયા કરી છે. પરંતુ એમની કાવ્યચર્ચામાં આ સંજ્ઞા સર્વત્ર એકાત્મક ને સમરેખ અર્થસંકેતો ધરાવતી નથી. સૂત્રમાંનો મૂળ-પ્રયોગ કાલસંધિત્સુ દૃષ્ટિને સંકેતિત કરે છે. જ્યારે એમની ચર્ચામાં સંદર્ભભેદે એ જ સંજ્ઞા 'વિશિષ્ટ અનુભૂતિ/સંવેદન', 'આગવો દૃષ્ટિકોણ', 'ચોક્કસ જીવનદૃષ્ટિ', 'પ્રેરણા', 'આકસ્મિક સાક્ષાત્કાર', 'સહજ જ્ઞાન', 'વ્યાપનશીલ ને નિયામક વિચારતત્ત્વ' : એમ જુદા જુદા અર્થસંકેતોમાં પ્રયુક્ત થતી રહી છે. 'દર્શન'ને એક સ્થળે આકાર્યમાણ પૂર્વસ્વીકૃત તત્ત્વબોધ તરીકે થાપી, 'વર્ણન'માં એમના અશેષ અવતરણની અશક્યતા દર્શાવે છે. તો અન્ય સ્થળે, '...વર્ણન પૂરું થાય એ પહેલાં દર્શન શું હતું તે ચોક્કસપણે કહી શકાતું નથી...ભાષા દ્વારા કામ પાડતાં પાડતાં જ, અંતે, દર્શન કે પ્રેરણાનું સાચું સ્વરૂપ શું હતું તે જાણવા મળે છે.' - એમ વાત કરે છે. આવા આંતરવિરોધ અને પ્રતિપાદનની દ્વિ-ધાનાં ચિંતાસ્થાનો અભ્યાસીઓએ ચીંધી બતાવ્યાં પણ છે. 'દર્શન' સંજ્ઞાની અર્થબહુલતા અને અર્થાન્તરણની સંભાવના સ્વીકાર્યા પછી પણ. 'દર્શનને અનુરૂપ વર્ણન કરી શકે ત્યારે જ તેની સાધના પૂરી થાય છે. '...આકૃતિ પૂરી થયા પહેલાં કવિના અનુભવ વિશે વાત કરવી પણ અકાળે છે.' - દર્શન-વર્ણનના પ્રક્રિયાગત વ્યુત્ક્રમને નિર્દેશતાં આ પરસ્પરવિરોધી વિધાનોની તાર્કિક સંગતિ બેસાડવાનું મુશ્કેલ છે.

કાવ્યસંદર્ભે 'દર્શન'નો વિભાવ કૃતિના અંતસંચરિત કે બીજાંકુરિત ભાવદ્રવ્ય તરીકે, અભિમત છે ત્યાં એ જીવનાભિમુખતા પર ભાર મૂકતા રહ્યા છે કૃતિગત 'સૌંદર્યપૂત' સત્ય 'શિવત્વ'ને સાચવતું રહે, ઉદ્‌ઘોષનું રહે, જરૂર લાગે તો શાસનદંડની સહાયથી પણ એવા આરંભકાળ (૧૯૪૦)ના વલણમાં અભિનિવેશની થોડીક ઉગ્રતા હતી, એ પાછલી વિચારણામાં નીકળી ગઈ, છતાં કૃતિના કાવ્યત્વના નિર્ણય માટે રસકીય ધોરણોનો આગ્રહ રહે, પરંતુ કૃતિની મહાનતાના નિર્ણયમાં તો એમાં અકારિત જીવનસંદર્ભનું તારતમ્ય જ માન્ય રહે, એમ એલિયટને સંભારીને ટાંકે છે. અને એ સ્થિતિમાં 'કવિએ 'નર્યા કાવ્યકલાના ઉપાસક' કે 'કેવળ પયગંબર' બનવાનું નથી, પણ 'બંને એકી સાથે બનવાનું છે.' એવો અભિપ્રાય ઉચ્ચારે છે.

કલાકાર તરીકે કવિએ નિરૂપવાનું છે 'દર્શનનું સત્ય.' અને એ અભિવ્યક્ત થાય છે શબ્દ દ્વારા. શબ્દની સંઘટનામાં અવાજની નાદાત્મક ચેતના અને એના દ્વારા અભિવ્યંજિત અર્થાત્મક ચેતના યુગપત્ અવસ્થામાં રહે છે. શબ્દની અર્થઘટનામાં કવિસંવેદ્ય ભાવ, ભાવના અને સમગ્ર સામાજિક સંદર્ભ દ્વારા જીવનનો થતો અનુપ્રવેશ આખરે એની ઈષ્ટતમ કક્ષાએ 'માનવજીવનના, વિશ્વજીવનના તમામ પદાર્થોના પરસ્પર યથાર્થ સંબંધની સમજ' પર્યન્ત, ભલે કવિની શ્રદ્ધારૂપે પણ, વિસ્તરે છે. જોકે, કૃતિની કાવ્યઘટનામાં, કવિની વ્યક્તિતતા અને કવિતાનાં શ્રદ્ધામૂલ્યો વચ્ચે કળાવિવેક આવશ્યક ગણ્યો છે. કવિના વ્યક્તિ તરીકેના અંગત અભિગ્રહો - આગ્રહો, કે કૃતિભેદે પ્રત્યક્ષ થતાં વિરોધી આસ્થામૂલ્યો પણ કળાભાવનમાં નડતરરૂપ ન બને. કેમ કે કાવ્યની બાબતમાં કવિની સ્વ-સ્થ શ્રદ્ધા નહિ, પણ શબ્દ-સ્થ શ્રદ્ધા નિર્ણાયક બનતી હોય છે. એટલે જો રસાત્મક પ્રતીતિકરતા સિદ્ધ થતી હોય તો કાવ્યમાં શબ્દાયિત શ્રદ્ધા અંગે સ્વકીયતા - પરાયત્તતા કે શ્રેયોનીતિ અંગેની તકરાર ઉઠાવવાનું વાજબી ન ગણાય.

'કાવ્યમાં દર્શન કરતાં વર્ણનનો મહિમા ઓછો નથી.' અને 'આકાર, આયોજન, ઘાટઘૂટ : એ છે કલાસૃષ્ટિનું સત્ય — છેક શરૂઆતની કાવ્યચર્ચામાંના આ મંતવ્યો, સમગ્રતયા, એમનું વલણ 'દર્શન'ને મુકાબલે 'વર્ણન'ને અનાદરનું નથી એની સાક્ષી પૂરે છે. 'વર્ણન' જેવી સાદી સંજ્ઞા તળે એમને અભિપ્રેત તો છે કાવ્યની અભિવ્યક્તિને લગતી સમગ્ર ભાષિક પ્રક્રિયા સમયક્રમે એમની વિચારણા કૃતિના સંવિધાન અને ભાષાકર્મની દિશામાં મોરો બદલતી દેખાય છે. બહિર્-નિર્દેશક અભિધેયસંકેતોને અંતર્ નિર્દેશક વ્યંગ્યસંકેતો ભણી વાળવાના ઉપક્રમે ભાષાની 'ઠરડમરડ', કૃતિના અર્થ-તરંગોમાં નાદ-અંશની સમર્પકતા, નાદનિષ્પન્ન 'લય'ની રચનાગત સાભિપ્રાયતા, કાવ્યમાં thinking એટલે thingingના સમીકરણ દ્વારા ભાવાત્મક વિચારકાવ્યની અ-મૂર્તતાના કળાત્મક પ્રતીકવિધાનની મૂર્તતા માટેની અનિવાર્યતા : ટૂંકમાં, 'કવિકર્મ એ જ કવિધર્મ'નો વ્રતસંકલ્પ, કવિની રચનાકર્મ પ્રત્યેની પૂર્ણ પ્રપત્તિ તરફનો વળાંક સૂચવે છે. એમ જોઈએ તો, કવિ-શ્રદ્ધાની ચતુસ્સુચિ - 'શબ્દ'ની બંદ-ગી, નિરપેક્ષ નાદ-આરાધન, કવિ-કર્મનું ચર્યા-વરણ અને કાવ્યાકૃતિ દ્વારા વિશ્વની સભરતા અને -અકલતાના સૌંદર્યપ્રકટનો મનોરથ પણ રચનાપ્રક્રિયાને જ, મુખ્યત્વે ઉપલક્ષે છે. પંડિતયુગની વિકસિત કાવ્યસમજ દરમિયાન પણ ભાષાકર્મની વિચારણાને આપણે ત્યાં સ્થાન મળ્યું નહોતું, કાવ્યમાં વર્ણસંઘટના ને અલંકારની રચનાગત સાભિપ્રાયતા પરત્વે રા. વિ. પાઠકનું ધ્યાન દોરાયું હતું. પણ વર્ણઘટના, છંદ, લય, અલંકાર, પ્રતીક ને રચનાવિધાનને લગતા મુદ્દાઓની ચર્ચાનો વ્યવસ્થિત ઉપક્રમ ઉમાશંકરમાં દેખાય છે, અને એમ કાવ્ય-'વસ્તુ'ની ચર્ચાની સમાંતરે/સાથે અભિવ્યક્તિની ખોજને લગતા પ્રશ્નો પણ એમના દ્વારા આપણી કાવ્યવિવેચનામાં જગ્યા મેળવતા થયા.

સર્જનપ્રક્રિયા ને તદ્નુષંગી પ્રશ્નોની ચર્ચા ઉ.જો.ની વિવેચનામાં મોટો પ્રદેશ રોકે છે. એ ઉપરાંત, કાવ્યની સ્વાયત્તતા ને કાવ્યની 'સેન્દ્રિય એકતા'નો આગ્રહ પણ સેવાતો રહ્યો છે. ભાવકના કાવ્યાનુભવને લગતા કેટલાક ખુલાસા એમણે, વિ. ર. ત્રિ અને ડોલરરાય માંકડની તદ્વિયક ચર્ચાની ટિપ્પણી રૂપે કર્યા. કાવ્યાનુભવના પર્વવસાન માટે — ખાસ તો કરુણરસની બાબતમાં 'આનંદ' સંજ્ઞાના ઔચિત્ય અંગે પ્રશ્ન ઉઠાવી, રસાનુભવમાં અનુક્રમે 'તદાકારતા', 'પ્રશ્રબ્ધિ' અને 'દર્શન' — એમ પણ ભૂમિકા સૂચવી હતી. ઉ.જો. એ, આમાંની પ્રથમ બે ભૂમિકાઓને જ કલાભુવનના ઉપ-ક્રમ તરીકે સ્વીકારી. 'દર્શન'ને તો રસાનુભવના સમાપન પછીના સભાન ને વિમર્શાત્મક વિવેચનાનુભવ તરીકે યોગ્ય રીતે ગણાવે છે. સાંપ્રત સાહિત્યની વિવેચના માટે રસસિદ્ધાંતની પ્રસ્તુતા અંગે પણ એમણે સમાધાન આપ્યું કે અભિનવવ્યાખ્યાયિત રસસિદ્ધાંતની સાથે અલંકાર, રીતિ, ધ્વનિ, વક્રોક્તિ, ઔચિત્યાદિ ખ્યાલોનો સમપર્ક અંશોને તે તે સ્થાને યથાવકાશ સંયોજીને વ્યવહારીએ તો રસસિદ્ધાંતની પ્રસ્તુતાનો પ્રશ્ન રહે નહીં.

★

સિદ્ધાંતવિવેચનનું પ્રત્યક્ષ પ્રતિષ્ઠાન (પ્રતિ+સ્થાન) નહીં, પણ જેમાં અનુષ્ઠાન વરતી શકાય એવા સ્વરૂપલક્ષી અભ્યાસલેખો પણ, એમનું મહત્ત્વનું પ્રદાન છે. નિબંધ, સૉનેટ, ખંડકાવ્ય, એકાંકી — વિભિન્ન સાહિત્યાકારોના લક્ષણગ્રથનને આંકી આપતા એમના નિબંધો વિષયની માંડણી, ચર્ચાની ખુલાવટ, અંગાંગનું પૃથક્કરણ ને એની પરસ્પરોકારક અન્વિતિ, સંજ્ઞા ને સ્વરૂપને લગતા ઐતિહાસિક સંદર્ભો ને નિરૂપણની વિશદતાને કારણે ધ્યાનાર્હ બન્યા છે.

રૂઢ અર્થમાં અને ચુસ્ત રીતે જેને સૈદ્ધાંતિક વિવેચનના ખાનામાં ન મૂકી શકાય, પરંતુ આધુનિક સંદર્ભોમાં સાહિત્યસંબદ્ધ વ્યાપક પ્રશ્નોને વિચારતા લેખોમાં સાહિત્યકાર તરીકે જાગતિક સમસ્યાઓ સાથેની વૈચારિક નિસ્બત જોવા મળે છે, સંસ્કાર ઘટના તરીકે સાહિત્યને પરિવર્તિત પરિપ્રેક્ષ્યમાં જુદી જુદી કક્ષાએ સ્પર્શતા સમસામયિક રાજકીય, સામાજિક સંદર્ભો એમાં છેડાયા છે. 'સાહિત્ય અને અર્વાચીન જીવન', 'સાહિત્યિક સુરુચિ', 'લેખકની જવાબદારી', 'હિન્દની આધ્યાત્મિક વ્યક્તિતા' — લેખકની નજરે' વગેરે સંભાષણોમાં

બદલાયેલ સાંસ્કૃતિક - રાજકીય પરિવેશમાં સર્જનાત્મક સાહિત્યકારને સાંકળતા નવા સંબંધો અને એના સ્વરૂપે લગતી વિચારણાથી છે સાહિત્યવિચારણાનો એવો એક નવો જ આવિષ્કાર પ્રગટ થતો દેખાય છે. 'ભારતીયતા'નું પરિમાણ ઉપસાવતાં, ભારતીય સાહિત્યની તુલનાત્મક ચર્ચા કરતાં લખાણોમાં, ભારતની વિભિન્ન પ્રદેશભાષાઓમાંના મધ્યકાલીન સંતસાહિત્ય અને અર્વાચીન કથાસાહિત્યમાં પ્રગટ થતી 'સમાનતા', 'સર્વસાધારણ વલણો' અને એમાંથી બધાંતી 'ભારતીયતા'ની કેવી મુદ્રા કયા પ્રકારે ઊપસે છે એનો તુલનાવાચી નિષ્કર્ષ દાખવતા લેખોમાં ઉ.જો.ની સત્ત્વગ્રાહી દૃષ્ટિ ને ઊંડી સમજદારીનો પરિચય મળે છે.

★

વિવેચનના બંને પ્રદેશો - સિદ્ધાંતચર્ચા અને સાક્ષાત્ વિવેચનમાં ઉમાશંકર સતત વિચારતા રહ્યા છે. આ બંનેમાં, એમની દૃષ્ટિએ, 'વિવેચકનું મુખ્ય કાર્ય તે તો પ્રત્યક્ષ સાહિત્યવિવેચનનું છે.' વિવેચનની ઉત્તમતા માટે સિદ્ધાંતચર્ચા અનિવાર્ય નથી. કેમ કે પ્રત્યક્ષ વિવેચનમાં જ વિવેચકની સૈદ્ધાંતિક સજ્જતાની પ્રતીતિ મળી રહે એટલે વિવેચકની મુલવણી માટે પણ સાક્ષાત્ વિવેચનની એની કામગીરીને જ નજરમાં રાખવાનો આગ્રહ એમણે વ્યક્ત કર્યો છે.

વિચારપદ્ધતિ કે શાસ્ત્રશાસન તરીકે વિવેચનની તાત્ત્વિક વિચારણા એમણે બહુ કરી નથી. 'વિવેચન : કલા કે શાસ્ત્ર ?' (૧૯૪૭) અને 'વિવેચનના પ્રશ્નો' (૧૯૬૩) - આ બે લેખોમાં વિવેચનની પ્રકૃતિ, પ્રયોજન અને પરિણતિની થોડીક છણાવટ એમણે કરી છે. પ્રથમનાં લેખમાં, વિવેચનને સર્જનનું સમોવડિયું થાપવાના દાવાનું એમણે નિરસન કર્યું છે. 'વિવેચન એટલે આસ્વાદમૂલક અવબોધક' - એ કારિકાસ્થાપન, બીજા લેખનું વક્તવ્ય છે. વિવેચન દ્વારા એમને ઈષ્ટ છે. વિવેક સિદ્ધાંતચર્ચા કરતાં એ નોખી પ્રવૃત્તિ છે. સિદ્ધાંતચર્ચા એ 'સાહિત્યવિદ્યાના નહિ પણ તત્ત્વજ્ઞાનના પ્રદેશનો વિષય' એમણે ગણ્યો છે.

★

બન્યું છે એવું કે આપણી વિવેચનામાં નિરૂપણપદ્ધતિ અને વિચારસૂત્રો, ખ્યાલો (concepts) પ્રારંભકાળથી જ પશ્ચિમની કાવ્યમીમાંસાથી પ્રભાવિત ને સંચારિત રહ્યાં છે. નર્મદ - નવલરામને વિભાવોના સંકેતાભિધાનની સમર્પક પરિભાષાનો અંતરાય સારી પેઠે નડ્યો, પરંતુ સજ્જતા અને સમજના વિસ્તારને કારણે, પંડિતયુગની વિવેચનાને સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાંથી તેમજ દર્શન-અધ્યાત્મના પ્રદેશમાંથી ચલણી સંજ્ઞાઓને, પાશ્ચાત્ય કે નૂતન સાહિત્યવિભાવોના અભિધાન માટે પણ પલોટી. આ બાબતમાં ઉમાશંકરનું અનુસંધાન, રા.વિ.પાઠકને મુકાબલે આનંદશંકર ધ્રુવ સાથે વિશેષ દેખાય છે. 'શ્રદ્ધા', 'સાધના', 'સ્વરૂપાનુસંધાન', 'સમાધિ-અવસ્થા', 'ચૈતન્ય', 'અધ્યાત્મ', : આવી કાવ્યશાસ્ત્રેતર સંજ્ઞાઓ તળે ઊપસતા વિભાવસંકેતોએ ક્યારેક સંદિગ્ધતા અને નિરૂપણની અવિશદતા પણ ઊભી કરી. એ કારણે કેટલીક વાર કાગદી કલમઝીંક પણ થતી રહી. પરંતુ કાવ્યવિચારક તરીકે ઉમાશંકરનો ઉપક્રમ શરૂઆતથી જ અત્રત્ય-પાશ્ચાત્ય સિદ્ધાંતોના યથાવકાશ, યથાશક્ય, સમન્વયપરાયણ ઉપયોગનો રહ્યો છે.

'કવિતા અને પ્રાગતિકતા' (૧૯૪૦)ના લેખમાંનાં કેટલાંક વિધાનોમાં ડોકાતા પ્રતિબદ્ધ આગ્રહોને આક્રોશ ને બાદ કરતાં એમની કાવ્યવિવેચના એકંદરે, સ્વસ્થ, સમતોલ, અનાગ્રહી અને પ્રતિપાદનની પ્રવાહિતાને અનુસરે છે. એમની કાવ્યવિચારણા સિદ્ધાંતસ્થાપનાના ઉદ્દેશથી નહિ. પણ, જુદા જુદા વખતે, પ્રકીર્ણ લેખો રૂપે પ્રગટ થતી રહી. આ કારણે એનાં પ્રતિપાદનોમાં સમયાંતરે સ્થિત્યંતરો પણ વરતાયાં છે. તેવાં સ્થળોમાં વૈચારિક અસંગતિ કે આંતરવિરોધને બદલે તત્ત્વવિચારની ગતિશીલતા ઘટાવવાનું વાજબી લાગે.

માનવવિદ્યાની બહુવિધ જ્ઞાનશાખાઓ સાથેનો એમનો બહોળો ને સઘન સંપર્ક એમના કાવ્યવિચારને નવું પરિમાણ આપે છે. આ કારણે એમની વિચારણા શાસ્ત્રની જડતા ને એકાંગીપણાથી ઊગરી છે. પ્રબુદ્ધ નાગર સાહિત્યકાર તરીકે, સમસામયિક વિશ્વસંદર્ભો સાથે,

રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સંવિવાદ, પરિસંવાદ, ગોષ્ઠીઓ સાથે એ સતત સંકળાયેલા રહ્યા. એ સ્થિતિમાં એમની વિચારણામાં બહુશ્રુતતા ઉપરાંત વ્યાપક સમજ, સૂક્ષ્મ તુલનાદૃષ્ટિ, વિષયને મૂળમાંથી ઉપસાવવાની ઝીણી સૂઝના ગુણો પ્રગટ થતા રહ્યા છે. પૂર્વના કે પશ્ચિમના, પ્રાચીન કે અર્વાચીન : વિભિન્ન સંસ્કારદર્શી વિચારકોની ચિંતનસૃષ્ટિના સતત પરિશીલનને કારણે, એમની સિદ્ધાંતવિચારણાના ચિંતાપ્રદેશો વિસ્તરતા રહ્યા. ગાંધીયુગની વિચારભૂમિમાં આરંભાતી એમની સિદ્ધાંતવિવેચના પૂર્વપક્ષે પંડિતયુગની વ્યુત્પત્તિ સાથે અને ઉત્તરપક્ષે રૂપનિર્મિતિ સાથે અનુસંધિત થતી રહી. 'વિવેચન, સતત વહન દશામાં રહે છે.' એ એમની વિચારગતિનું નિયામક સૂત્ર રહ્યું છે, એટલે એમની કાવ્યવિચારણા નવા નવા પ્રવાહોથી સંમાર્જિત, સંશોધિત અને પરિવર્ધિત થતી રહી.

સંપ્રજ્ઞતાની અને સજ્જતાની વિસ્તરતી ક્ષિતિજોના આ દેશકાળમાં, પ્રદેશભાષામાં સ્વકીય ને સીમિત 'કાવ્યશાસ્ત્ર'ની શક્યતા રહી નથી. પરંતુ પૂર્વપશ્ચિમની સમૃદ્ધ સિદ્ધાંતપરંપરાને આત્મસાત્ કરીને, એમાંના સારસત્ત્વને સારવીને, સાહિત્યના સ્વરૂપનિદાન માટે પ્રયોજાતી કારિકાઓને આમેજ કરીને જો અને જ્યારે ભારતીય કાવ્યશાસ્ત્રનું પુનર્વિધાન થાય, તો અને ત્યારે, ઉમાશંકરની કેટલીક વિચારણા – 'કવિકર્મ', 'ભારતીયતા'નો ઊપસતો વિભાવ. 'શૈલી' જેવા નિબંધો/વિચારઅંશો, નિઃશંકપણે એ નવઘટનામાં પ્રદાનરૂપ બને તેમ છે.

**2.4 સ્વાધ્યાય**

(૧) ઉમાશંકર જોશીની સિદ્ધાંતવિવેચના વિશે વિસ્તારથી લખો.

---

**લાભશંકર પુરોહિત** (૧૯૩૩) વિવેચક,સંશોધક

'વિવેચક ઉમાશંકર' : સંપાદક-ચંદ્રકાન્ત ટોપીવાળા, પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, દ્વિતીય આવૃત્તિ-૨૦૦૩માંથી સાભાર.

---

એકમ 3

# ઉમાશંકર જોશીની કાવ્યવિવેચના


3.1 ઉદ્દેશ
3.2 પ્રસ્તાવના
3.3 ઉમાશંકર જોશીની કાવ્યવિવેચના
3.4 તમારી પ્રગતિ ચકાસો
3.5 સ્વાધ્યાય
● સંદર્ભસૂચિ


## 3.1 ઉદ્દેશ :

- આ એકમના અભ્યાસ દ્વારા તમે ઉમાશંકર જોશીની ભાવયિત્રી પ્રતિભાને ઓળખી શકશો.
- ઉમાશંકર જોશીના સમકાલીન કવિતા વિશેના અભિપ્રાયો, મૂલ્યાંકનદષ્ટિને જાણી શકશો.
- કાવ્યવિવેચનપ્રતિ ઉમાશંકર જોશીની નિસબતનો સુરેખ અહેવાલ મળશે.
- અર્વાચીન કાવ્યધારા કે કાવ્યસમૃદ્ધિને ઉમાશંકર જોશીની સમીક્ષાદષ્ટિનો કેવો લાભ મળ્યો છે તે જોઈ શકાશે.

## 3.2 પ્રસ્તાવના :

કવિ-વિવેચક ઉમાશંકર જેમ કવિતામાં તેમ વિવેચનમાં પણ મૂર્ધન્ય સાક્ષરની ભૂમિકાએ સક્રિય રહ્યા છે. સાહિત્યસર્જન અને અધ્યાપનની અવિરતયાત્રામાં તેમણે અથક સક્રિયતાથી સર્જનમાં તેમજ વિવેચનમાં પોતાની વિદ્યાચેતના, શબ્દસાધનાનો હિસાબ આપ્યો છે. સમકાલીનો તેમજ અનુગામીઓમાં તેમણે એક જ્વલંત ઉદાહરણ પૂરું પાડે એવી સજ્જતા અને ભાવક તરીકેની ભૂમિકા ભજવી છે. હૃદયમાં ઉમળકો અને આવકારની લાગણી સાથે તેમણે નવીન કવિતા વિશે લખેલા લેખો અર્વાચીન કવિતાના વિવેચનના ઈતિહાસનું નોંધપાત્ર પ્રકરણ છે. ઉમાશંકર જોશીનો વિવેચન અભિપ્રાય વર્ષોની શબ્દસાધના અને કેળવાયેલા દૃષ્ટિફલકનો સમ્યક પરિચય આપે છે.

સર્જાતા સાહિત્ય વિશે પૂરી જવાબદારી અને વિવેચક તરીકેનો ધર્મ સમજીને તેમણે કામ કર્યું છે. પ્રહ્‌લાદ પારેખ, શ્રીધરાણી, પ્રિયકાન્ત મણિયાર, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત આદિની કવિતા વિશેના તેમના વિવેચનોએ કાવ્યવિવેચનમાં રાજમાર્ગ કંડાર્યો છે.

આ એકમમાં આપણે તેમની કાવ્યવિવેચનાને પામીશું. સિદ્ધાંત વિવેચન, કર્તાલક્ષી વિવેચન અને સંશોધનકાર્યની જેમ તેમનું આ કાર્ય પણ ગુજરાતી વિવેચનની મૂલ્યવાન ગુણસમૃદ્ધિ છે.

## 3.3 ઉમાશંકર જોશીની કાવ્યવિવેચના :

ઉમાશંકર જોશી વિશે આપણા જાણીતા સર્જક-વિવેચક ચંદ્રકાન્ત શેઠનો મહાનિબંધ; ગુજરાતી શોધ નિબંધના ઈતિહાસમાં નોંધપાત્ર ઉપલબ્ધિ છે. ઉમાશંકર જોશીના સર્જન-વિવેચનની સર્વાંગી તપાસ કરીને તેમણે મૂલ્યવાન તારણો આપ્યા છે.ચંદ્રકાન્ત શેઠે નોંધ્યું છેઃ

'ઉમાશંકરનો વિવેચનમાં પણ પક્ષપાત રહ્યો છે-કવિતા તરફ તેઓ કવિ-વિવેચક તો છે જ; પરંતુ પ્રધાનપણે કવિતા-વિવેચક પણ છે.' ઉમાશંકર જોશીએ કાવ્યગ્રંથો વિશે ઘણાં લેખો લખ્યા છે. 'કલાન્ત કવિ' બાબત 'સ્નેહાલાપનો કવિ' વિશે તેમણે નોંધ્યું છે કે 'જીભને ટેરવે રમી શકે એવી રસઘન પંક્તિઓ બાળાશંકરના એક 'કલાન્ત કવિ' જેવા કાવ્યમાંથી મળે છે તેટલા પ્રમાણમાં ભાગ્યે જ કોઈ અન્ય ગુજરાતી એક કૃતિમાં જડશે.'

રતિલાલ છાયાના 'સોહિણી' કાવ્યસંગ્રહની કવિતા વિશે આનંદપૂર્વક તેમણે નોંધ્યું છે કે રતિલાલ 'કવીતાનો જીવ' છે. દરિયા વિષયક કાવ્ય જોઈને રતિલાલ છાયામાં 'સાગર કવિ' થઈ શકવાની સંભાવના તેમણે દર્શાવી હતી.

'શૈલી અને સ્વરૂપ'માં ઉમાશંકર જોશી એ નોંધ્યું છે; 'વિવેચક જૂના શિષ્ટ ગ્રંથોનું ઉત્તમ વિવેચન આપે એટલું પૂરતું નથી. એની શક્તિની કસોટી તો રચાતા આવતા સાહિત્યને તારતમ્ય બુદ્ધિએ તપાસી એની અંતર્ગત શક્યતાઓ અને સિદ્ધિઓને પોતાની ઘડાયેલી રુચિ વડે ઓળખી કાઢી એની સાચી મુલવણી કરવામાં છે.'

ઉમાશંકર જોશીના ઉપરોક્ત વિધાનની ભૂમિકાએ આપણે એ જોવું જોઈએ કે તેમણે રચાતા આવતા સાહિત્યની તારતમ્યબુદ્ધિ વડે તપાસ કરી છે ? એ ભૂમિકાએ જોઈએ પોતાના સમકાલીન કવિઓ, કૃષ્ણલાલ શ્રીધરાણી, હરિશ્ચંદ્ર ભટ્ટ અને પ્રહ્લાદ પારેખ જેવા સર્જકોની આવકાર, ઉમળકો તેમણે પ્રગટ કર્યો છે. આ ત્રણેય કવિઓ ગાંધીયુગના કવિ ખરા તેમની કાવ્યરચનાનું આંતરસત્ત્વ કાંઈક જુદું છે. તે સમયની દૃષ્ટિએ અનોખું છે. સૌંદર્યનિષ્ઠ શબ્દને પોંખવાનું કાર્ય ઉમાશંકર જોશીએ સવેળાએ, સાનંદ નિભાવ્યું છે.

શ્રીધરાણીની 'કોડિયાં' સંગ્રહની વિવેચના કરતાં તેઓ શ્રીધરાણીની અભિવ્યક્તિ બાબતે ભાવકની રુચિનું ઘડતર થાય એ રીતે ધ્યાન દોરે છે. શ્રીધરાણીની કવિતાની ત્રણ મુખ્ય લાક્ષણિકતા તરફ ધ્યાન દોરતા તેઓ જણાવે છે કે આ કવિતામાં 'કનીય રસોજ્જવલ પદાવલિ, કીટ્સની યાદ અપાવે એવી ઈન્દ્રિયગ્રાહ્યતા, ભાવનામયતા અને જીવનના વાસ્તવની સહજ પકડ' - જેવાં લક્ષણો ધ્યાન ખેંચે છે. શ્રીધરાણીનું 'આઠમું દિલ્હી' કાવ્ય જાણીતું છે. 'આઠમું દિલ્હી'ના કાવ્યદેહ, ભાવપ્રતીક યોજવાની ક્ષમતા, આગવો લય, અભિવ્યક્તિની સ્પર્શક્ષમતાને ઉમાશંકરે પ્રમાણી છે. 'કોડિયાં' પછી 1961માં શ્રીધરાણીનો બીજો સંગ્રહ 'પુનરપિ' પ્રગટ થાય છે. 'પુનરપિ' વિશે પણ ઉમાશંકરે લખ્યું છે. આ સંગ્રહના કાવ્યોમાં 'આયરની'નું તત્ત્વ તેમણે તારવ્યું છે, પ્રમાણ્યું છે. કવિતામાં 'આંતરચેતના-પ્રવાહ' વિશેની નોંધ 'પુનરપિ'ની સમીક્ષા સંદર્ભે ઉમાશંકરે કરી છે; જે નોંધપાત્ર ગણાય. તેમણે શ્રીધરાણીની કવિતાશક્તિને ઔચિત્યપૂર્વક પ્રમાણતા નોંધ્યું છે કે 'શ્રીધરાણીની કવિ તરીકેની ચિરંજીવિતામાં 'વડલો' તેમજ 'કોડિયાં'ને 'પુનરપિ'ની કેટલીક કવિતાનો ફાળો અવશ્ય હશે એમ પણ જણાય છે.'

ચંદ્રકાન્ત શેઠે યોગ્ય રીતે જ નોંધ્યું છે કે, 'આપણી કવિતાના નૂતન વળાંકો સર્જવામાં ઉમાશંકર કવિયિત્રી તેમજ જે નવા વળાંકો ઉદ્ભવે તેનું આકલન કરવામાં ઉમાશંકરની ભાવયિત્રી પ્રતભાએ પ્રમાણમાં સારી સજાગતા દાખવી છે.'

1959માં હરિશ્ચંદ્ર ભટ્ટની કવિતાનું સંપાદન 'સ્વપ્નપ્રયાણ' શીર્ષકથી તેમણે કર્યું. હરિશ્ચંદ્ર ભટ્ટના કવિત્વને આવકારતો લેખ-સંપાદકીય તેમની ભાવયિત્રી પ્રતિભાનો સુચારુ પરિચય કરાવે છે. 'હરિશ્ચંદ્રમાં પ્રેરણાનો વેગ અને અવિશ્રાન્ત કવિકર્મનો એકસાથે સુભગ વિનિયોગ' તેમણે નિહાળ્યો છે. આ કવિતામા સંસ્કૃતિ સૌરભની સાથે પશ્ચિમના સાહિત્યનો પ્રભાવ પણ તેમણે નિહાળ્યો છે. પ્રણયભાવના, વિશાળ ધર્મભાવનામાં પરિવર્તન પામે એમાં જ તેનું સાફલ્ય એવી હરિશ્ચંદ્રની પ્રતીતિને વિવેચક ઉમાશંકર પારખી શક્યા છે. ધર્મઝંખના અને પ્રણયઝંખના હરિશ્ચંદ્રની કવિતાના મુખ્ય તાર છે એવું તારણ કાઢીને તેમણે ઉચિત રીતે જ હરિશ્ચંદ્રના 'ઘૂંટાયેલાં કવિત્વ'ને પ્રમાણ્યું છે.

'સ્વપ્નપ્રયાણ'ની કવિતામાં અનેકવિધ સંસ્કૃતિસંદર્ભ, અભિવ્યક્તિમાં ઘૂંટાતું કવિત્વ અને સચ્ચાઈનો રણકો, પ્રણય-ધર્મની સાચુકલી ઝંખના અને અવિરામ કલાશ્રમને ધ્યાને લઈ વીસમી સદીની બીજી પચ્ચીશીની ગુજરાતી કવિતાના ઉત્તમ કાવ્યસંગ્રહ તરીકે 'સ્વપ્નપ્રયાણ'ને બિરાદવે છે.

પ્રહ્લાદ પારખેની કવિતા 'બારી બહાર' (1940)ની 'આંખ, કાન, નાકની કવિતા' લેખ ખૂબ જાણીતો છે. ઉમાશંકરની વિવેચનાનો ઉલ્લેખ આ પ્રસ્તાવના વગર અધૂરો ગણાય. 'બારી બહાર'ની કવિતામાં કવિનું સૌન્દર્યાભિમુખ વલણ વિવેચક ઉમાશંકર જોશીએ અભ્યાસપૂર્વક પ્રમાણ્યું છે. પ્રહ્લાદ પારેખની કવિતામાં ઈન્દ્રિયગ્રાહ્યનો ગુણ જે રીતે નિષ્પન્ન થયો છે તે જોઈને જ તેમણે આ કવિતાને 'નીતરાં પાણી'નો ગુણ ધરાવતી કવિતા કહી છે. 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો' જેવા કાવ્યોના સૌંદર્યને ઉજાગર કરી ઉમાશંકરે સાચા અર્થમાં વિવેચકધર્મ બજાવ્યો છે. પ્રહ્લાદ પારેખની સર્જકતા, અનુસર્જનની ક્ષમતા, લય, લાઘવ તથા 'દિલચસ્પ ગીતો'ને ભાવવો સમક્ષ, તેમની રુચિનું ઘડતર થાય તે રીતે ઉમાશંકરે મૂલ્યાંકન કર્યું છે.

જ્ઞાનપીઠ પુરસ્કૃત રાજેન્દ્ર શાહના 'ધ્વનિ' કાવ્યસંગ્રહનો પરિચય આપતા તેમણે રાજેન્દ્ર શાહનો 'સૌન્દર્યલબ્ધ કવિ' તરીકે પરિચય આપ્યો છે. રાજેન્દ્ર શાહની મૂળગામી નિરીક્ષણ શક્તિ, ગ્રામપ્રદેશનું વસ્તુજગત, અભિવ્યક્તિનો લય, જીવનમર્મ અને કલાદૃષ્ટિનો સુભગ સમન્વય ઉમાશંકર જોશી યોગ્ય રીતે પારખે છે. 'ઈંધણા વીણવા'ના લય-ઢાળને પ્રમાણતા વિવેચક ઉમાશંકર 'નિરુદ્દેશે'ને પણ પરખે છે. 'ધ્વનિ' કાવ્યસંગ્રહને ઔચિત્યપૂર્વક પ્રમાણ્યા પછી ઉમાશંકરે આ કવિતામાં ભાષાવિષયક તથા છંદની થોડી મર્યાદાઓ તરફ શુભાશયથી નિર્દેશ પણ કર્યો છે.

જયંત પાઠકના કાવ્યસંગ્રહ 'મર્મર'ની સમીક્ષા પણ ઉમાશંકરે કરી છે. તેમણે કવિની ગીતકવિતાને છંદોબદ્ધ રચના કરતા વધુ નીવડેલી ગણાવી છે. 'સંગ્રહમાં મુગ્ધ પ્રણયની નાજુક કવિતાની ફોરમ ઊડી રહી છે એ એનું પ્રધાન આકર્ષણ છે' એમ નોંધીને કાવ્યતત્ત્વ સિદ્ધ કરનારા કવિઓ-બાલમુકુંદ, વેણીભાઈ પુરોહિત, ઉશનસ્‌ની પંક્તિમાં જયંત પાઠકને પણ ઉમળકાથી ઉમેરે છે.

પ્રિયકાન્ત મણિયારની કવિતા માટે 'વાયુનાં શિલ્પ' જેવું ધ્વનિપૂર્ણ શીર્ષક પ્રયોજ્યું તે આજે પણ યાદગાર ગણાય છે. 'પ્રતીક' કાવ્યસંગ્રહને પ્રિયકાન્તની કાવ્યશક્તિનાં પ્રતીક તરીકે તેમણે ઓળખાવેલ છે. વીસમી સદીની સૌન્દર્યલબ્ધ કવિતામાં ચોથા-પાંચમા દાયકામાં, પ્રિયકાન્તની કવિતામાં 'યથાર્થનું આત્મીયતાભર્યું દર્શન' ઔચિત્યપૂર્વક પ્રગટ થયું છે તે ઉમાશંકરે યોગ્ય રીતે પ્રમાણ્યું છે.

નિરંજન ભગતનાં કાવ્યસંગ્રહો 'છંદોલય', 'કિન્નરી' તથા 'અલ્પવિરામ'ના સંક્ષિપ્ત વિવેચનલેખો 'સ્વપ્નનો સુરમો' શીર્ષક હેઠળ 'અભિરુચિ'માં સમાવિષ્ટ કર્યા છે. 'છંદોલય'ની કવિતાને અંગત ભાવોર્મિના કથનરૂપ ઓળખાવી છે, ઉમાશંકરે આ કવિની આંખ 'સ્વપ્નનો સુરમો આંજેલી' છે એમ કવિની પંક્તિનો જ ઉપયોગ કરીને જણાવ્યું છે. આ સંગ્રહમાંના છંદોલયને કવિના લોહીના લય તરીકે ઓળખવવાની સાથે નવીન છંદોલય નિપજાવવાની ફાવટ નથી એવી ટકોર પણ કરી છે. 'કિન્નરી' સંગ્રહમાં ગીતરચના સજ્જતાને વખાણે છે. 'અલ્પવિરામ' સંગ્રહના કાવ્યશિલ્પને તેમાં રહેલા સંવાદિતાના સૂરને પણ ઉદાહરણ સહિત દર્શાવે છે.

રમણીક અરાલવાળાના કાવ્યસંગ્રહ 'પ્રતીક્ષા'ની પણ ઉમાશંકરે સમીક્ષા કરી છે. તેમણે આ કવિનો 'પ્રૌઢિશાલી અને કાસબરસિયા નૂતનતર કવિ' તરીકે પરિચય કરાવ્યો છે. અરાલવાળાના મૈત્રીકાવ્યો તેમજ માતૃકાવ્યોની નોંધ લઈને ઉમાશંકરે ઉમેર્યું છે કે, કોઈ અરાલવાળાને 'માતૃકવિ' કહેવા લલચાય એવી સંભાવના છે.

શેખાદમ આબુવાળાની 'ચાંદની'ની કવિતા, ગઝલોનો આસ્વાદ કરાવતા ઉમાશંકરે તેમાં રહેલી પ્રયોગશીલતા, ભાષાશુદ્ધિની પણ યોગ્ય રીતે નોંધ લીધી છે. ગની દહીંવાલાના 'ગાતાં ઝરણાં'નું આમુખ ઉમાશંકરે લખ્યું છે. આ કાવ્યોની 'દર્દીલી મધુરપ'ને તેઓ આવકાર ભૂમિકાએ પામી શક્યા છે.

પારસી કવિ મીનુ દેસાઈના કાવ્યસંગ્રહ 'પડથાર'નો પ્રવેશક લખતી વખતે તેમણે પ્રસન્નતા દાખવી છે. ધોરાજીના કવિ 'કલીમ'ના કરાંચીથી પ્રકાશિત થયેલા 'આકાશગંગા' (1964)નું આમુખ પણ તેમણે આપ્યું છે.

ઉમાશંકરે 'કાવ્યાનુશીલન'માં 'આયુષ્યના અવશેષે' તથા રાવજી પટેલના ગીત 'મારી આંખે કંકુના સૂરજ' વિશે જે લેખ કર્યા છે તે ઉલ્લેખનીય છે.

ઉમાશંકર જોશીએ કાવ્યસંગ્રહની પ્રસ્તાવના, આમુખ, પ્રવેશક લખતી વખતે આવકારતી ભૂમિકા, સહૃદય અધિકારી ભાવક તરીકે પ્રગટ કરવાની સાથે છંદ-ભાષા આદિમાં જ્યાં મર્યાદા જણાય ત્યાં વિવેચકપૂર્વક નોંધ કરી છે. સમકાલીન કવિઓ વિશે આદર થાય તેટલું તેમણે લખ્યું છે.

1940માં તેમણે 'ત્રીસી પછીની કવિતા : ભાવપ્રતીકોનો પ્રશ્ન' એવો લેખ કર્યો હતો. જેમાં તેમણે નોંધ્યું છે :

'નવી કવિતા કથયિત્વ પરત્વે મહાત્મા ગાંધીજી અને આયોજના પરત્વે પ્રો.ઠાકોર એમ બે ભિન્ન ભિન્ન પ્રકારની વ્યક્તિઓના ખભા પર ચડીને ચાલી રહી છે.' આમ, જે તે સમયગાળાની કવિતા વિશે તેમના નિરીક્ષણો અનુગામીઓ માટે ઘણા માર્ગદર્શક નીવડ્યા છે.

પુરોગામી કવિઓમાં નરસિંહરાવે ઊર્મિકાવ્યક્ષેત્રે જે ઐતિહાસિક પ્રદાન કર્યું છે તેની ઉચિત નોંધ લીધી છે. કલાપી અને ન્હાનાલાલ દ્વારા ઊર્મિકાવ્યમાં આવેલી સમૃદ્ધિને પણ તેમણે નોંધી છે. ન્હાનાલાલને '1920-30 સુધીની અર્વાચીન કવિતાનું શિખર' માનતા જણાય છે. ગુજરાતી કવિતાને પ્રાચીન-મધ્યકાલીન કરતાં નવો ઘાટ આપનારા કવિઓમાં યથાર્થ રીતે દલપત-નર્મદનો ઉમાશંકરે ઉલ્લેખ કર્યો છે.

ઉમાશંકર જોશીની કાવ્યવિવેચના અંતરનો ઉમળકો, અધિકારી ભાવકની સહૃદયતાનો મૂલ્યવાન દસ્તાવેજ છે. અર્વાચીન કવિતાના સમૃદ્ધ કહી શકાય તેવા સમયગાળાની મહત્ત્વની કાવ્યસિદ્ધિની તેમણે વિવેચનદૃષ્ટિથી ઔચિત્યપૂર્વક સ્થાન-માન આપ્યું છે. ઉમાશંકર પોતે કવિ હોવાનો લાભ તેમની કાવ્યવિવેચનાને અને વિશ્વસાહિત્યના અવિરત અભ્યાસથી પ્રેરાયેલી ભાવકચેતનાનો અભ્યાસપટ ખૂબ વિશાળ છે. તેમના અભિપ્રાયની તટસ્થતા, કાવ્યમર્મજ્ઞ દૃષ્ટિ અને રસિકતાનો લાભ તેમની વિવેચન દૃષ્ટિને મળ્યો છે. અર્વાચીન કાવ્યગુચ્છોનો તેમણે કરાવેલો પરિચય પ્રસ્તાવનામાર્ગે આવ્યો હોય તો પણ વધામણીનો સૂર અતિશયોક્તિમાં ન પરિણમે તેની તેમણે વિવેકપૂર્વક કાળજી રાખી છે.

1956માં કવિ ઉમાશંકરે 'છિન્નભિન્ન છું' કાવ્ય લખ્યું. ત્રીશી પછીની ગુજરાતી કવિતાના વળાંકને પોતે અભ્યાસપૂર્વક અવલોકી રહ્યા હતા. મુક્ત પદ્ય અને પદ્યમુક્તિ તથા કવિતાની કલ્પન અને પ્રતીક પરની નિર્ભરતા, ચિત્ર જેવી લલિતકળાનો પ્રભાવ અને પશ્ચિમની કવિતાના અનુવાદની પ્રવૃત્તિના કારણે કવિતાની અભિવ્યક્તિમાં આવેલા પરિમાણોને તેમણે નોંધ્યા છે. નવા ભાવપ્રતીકોના પ્રયોગની નોંધ લઈને તેનું ચલણ વધે તે સ્થિતિને તેમણે આવકાર્ય ગણી છે. અલબત્ત, ગુજરાતી કવિતાના એક સદીના પ્રવાહને જોઈને તેમણે આપણી કવિતાની અંગ્રેજી કાવ્ય પરની નિર્ભરતાની ટીકા પણ કરી છે. તેઓ કહે છે કે 'ગુજરાતી કવિતાએ જો ખરેખરો વિકાસ કરવો હશે તો એણે એની સ્વત્તા વિકસાવ્યે જ છૂટકો.'

સામ્પ્રત દેશકાળના, વિશ્વના પ્રવાહોના અભ્યાસી ઉમાશંકર જોશીની સર્જકચેતના, વિવેચનચેતના જુદી જ ભૂમિકાએ 'સાહિત્ય અને અર્વાચીન જીવન' વિશે, રવીન્દ્ર શતાબ્દી પ્રસંગે દિલ્હીમાં વક્તવ્ય આપતાં કહે છે કે 'અર્વાચીન સાહિત્યમાં સાહિત્ય પોતાનું પહેલાનું મહત્ત્વ ગુમાવી બેઠું હોવાની'-લાગણી વ્યક્ત કરી છે. આધુનિક જીવનપ્રવાહોમાં 'સાહિત્યકારોએ કદી પોતે સાહિત્યકાર તરીકે આટલા બધા બિનઅસરકાર' હોવાનું નહીં અનુભવેલું. કલાકારની પોતાની સર્જનધર્મની નિષ્ઠામાં જ આ અરાજકતાપૂર્ણ સ્થિતિમાં સર્જકતાને પ્રતિષ્ઠિત કરવી પડશે એવો સૂર તેમની વાણીમાં છે.

આમ, ગુજરાતી કવિતાના વિવેચન નિમિત્તે સમકાલીનોની કવિતાને ઔચિત્ય અને અભ્યાસપૂર્વક અવલોકીને ઉમાશંકર જોશીએ સાચો વિવેચકધર્મ નિભાવ્યો છે.

**3.4 તમારી પ્રગતિ ચકાસો.**

1. ઉમાશંકર જોશી વિશે કોણે મહાનિબંધ લખ્યો છે ?
2. 'જીભને ટેરવે રમે' એવી પંક્તિઓ કોની કવિતામાં ઉમાશંકરે જોઈ છે ?
3. રતિલાલ છાયાના કયા કાવ્યસંગ્રહ વિશે ઉમાશંકરે લેખ કર્યો છે ?
4. ઉમાશંકરે કયા કવિની કવિતાનું સંપાદન કર્યું છે ?
5. કયા કવિની કવિતામાં 'આંતરચેતના પ્રવાહ'નું દર્શન ઉમાશંકર જોશીને દેખાય છે ?
6. 'પ્રેરણાનો વેગ અને અવિશ્રાન્ત કવિકર્મ'-કયા કવિને આ વિધાન લાગુ પડે છે ?
7. ઉમાશંકરે બીજી પચ્ચીશીનો ઉત્તમ કાવ્યસંગ્રહ કયો ગણ્યો છે ?
8. 'વિવેચક ઉમાશંકર જોશી કવિતાને 'આંખ, કાન, નાકની કવિતા' ગણે છે ?
9. કયા કાવ્યસંગ્રહમાં 'દિલચસ્પ ગીતો' હોવાની ઉમાશંકર જોશીએ નોંધ લીધી છે ?

10. વિવેચક ઉમાશંકર જોશી દૃષ્ટિએ ‘સૌન્દર્યલુબ્ધ’ કવિ કોણ છે ?
11. જયંત પાઠકના કયા કાવ્યસંગ્રહની સમીક્ષા ઉમાશંકર જોશીએ કરી છે ?
12. પ્રિયકાન્ત મણિયારની કવિતા માટે કયું શીર્ષક પ્રયોજ્યું છે ?
13. ઉમાશંકર જોશીના મતે કયા કવિની આંખ ‘સ્વપ્નનો સુરમો આંજેલી’ છે ?
14. ઉમાશંકર જોશી કોને ‘પ્રૌઢિશાલી અને કસબરસિયા નૂતનતર’ કવિ તરીકે ઓળખાવે છે ?
15. રમણીક અરાલવાળાના કયા કાવ્યસંગ્રહની સમીક્ષા ઉમાશંકર જોશી પાસેથી મળે છે ?
16. ઉમાશંકર જોશીએ કયા કવિની ‘દર્દીલી મધુરમ’ની નોંધ લીધી છે ?
17. હરિશ્ચંદ્ર ભટ્ટની કવિતામાં કઈ બાબતને વિવેચક ઉમાશંકર જોશી પ્રમાણે છે ?
18. 1930 પછીની કવિતામાં કઈ બાબત પર ઉમાશંકર જોશીએ લેખ કર્યો છે ?
19. શેખાદમ આબુવાળાના કયા કાવ્યસંગ્રહ વિશે ઉમાશંકર જોશીએ સમીક્ષા આપી છે ?
20. પારસી કવિ મીનુ દેસાઈના કયા કાવ્યસંગ્રહ વિશે ઉમાશંકર જોશીએ પ્રવેશક લખ્યો છે?

### 3.5 સ્વાધ્યાય

- ઉમાશંકર જોશીની કાવ્ય વિવેચના વિશે વિસ્તૃત નોંધ લખો.

**સંદર્ભસૂચિ :**

1. ઉમાશંકરનો વાગ્વૈભવ (ખંડ-2 ગદ્યસર્જન)-ચંદ્રકાન્ત શેઠ, પ્ર.આ.-2008
2. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-5, ઉ.જો.વિશુનું પ્રકરણ, રમેશ ર.દવે-પ્ર.આ.2005

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ
પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

## એકમ 4 — ઉમાશંકર જોશી કૃતિનિષ્ઠ વિવેચના


4.1 ઉદ્દેશ

4.2 પ્રસ્તાવના

4.3 ઉમાશંકર જોશી કૃત કૃતિનિષ્ઠ વિવેચના

4.4 તમારી પ્રગતિ ચકાસો

4.5 સ્વાધ્યાય


### 4.1 ઉદ્દેશ :

- ગુજરાતી સાહિત્યમાં કૃતિનિષ્ઠ વિવેચના અભિગમથી પરિચિત થશો.
- ઉમાશંકર જોશીઓ માત્ર કૃતિને ધ્યાનમાં રાખી જે વિવેચના કરી છે તેનો અભ્યાસ થશે.
- જિજ્ઞાસુ માટે આ અભ્યાસ કૃતિનિષ્ઠ વિવેચનની તાલીમરૂપ બની રહેશે.
- ઉમાશંકર જોશીના બહુપરિમાણીય સાહિત્યવિચારને સમજવાની તક મળશે.

### 4.2 પ્રસ્તાવના :

ઉમાશંકર જોશીએ સિદ્ધાંત વિવેચના-વિવેચનના સિદ્ધાંતો-શૈલી-સ્વરૂપ વિચારણા તથા વિવિધલક્ષી અભિગમથી વિવેચના કરી છે. કૃતિનિષ્ઠ વિવેચના એટલે કૃતિને કેન્દ્રમાં રાખીને થયેલી વિવેચના. કૃતિ આસપાસના વલણો કે વિશ્વને ધ્યાને લીધા વગર કૃતિના સ્વરૂપને કેન્દ્રભમાં રાખીને કલાકૃતિ સિદ્ધ થાય છે કે નહીં તેનો વિચાર કરવો. અલબત્ત કૃતિનિષ્ઠ વિવેચનના આધુનિક અભિગમથી જૂદું પડતું વલણ ઉમાશંકર જોશીની વિવેચનામાં છે. અહીં આ એકમમાં ચર્ચાયેલી રચનાઓમાં કૃતિનિષ્ઠ રહીને પણ ઉમાશંકરે કૃતિને ઉપકારક તત્ત્વો, સર્જકનું દર્શન, લય-ભાવબોધ અભિવ્યક્તિરીતિની જે વાત કરી છે તેનો આલેખ ઉદાહરણ સહિત પામીશું.

### 4.3 ઉમાશંકર જોશીકૃત કૃતિનિષ્ઠ વિવેચના

ઉમાશંકર જોશી આપણા એક મોટા ગજાના પીઢ સર્જક કવિ જ માત્ર નથી, આપણા એક સર્વકાલીન મહત્ત્વ ધરાવતા પીઢ વિવેચક પણ છે. એમનું વિવેચનકર્મ એમના સર્જકકર્મ કરતાંય કંઈ મોટું છે એમ લાગ્યા વગર રહેતું નથી. 1928-31માં જો એમનું કવિકર્મ શરૂ થાય છે તો 1941માં, એકાદ દસકા પછી એમનું વિવેચનકર્મ પણ શરૂ થાય છે જે છેક 1988માં 'ઈશાવાસ્ય'ના વિવરણ સુધી ચાલે છે. એમની કવિતા કરતાં કદાચ એમનો કાવ્યવિચાર વધુ પુષ્પપ્રૌઢ ને વિશાળ-ગહન લાગે છે. એનું કારણ એ હોવાનો સંભવ છે કે કારયિત્રીપ્રતિભા એ જન્મજાત હોય છે, તેમ ભાવયિત્રી પ્રતિભા. પણ વિવેચનશક્તિ તો એબરક્રોમ્બી કહે છે તેમ aquired - પ્રાપ્ત કરી શકાય છે. ઉમાશંકરમાં કારયિત્રી ઉપરાંત ભાવયિત્રી એમ બંને પ્રતિભાઓ તો મોટિવરૂપે છે જ પણ કાવ્યશાસ્ત્ર, લોકશાસ્ત્રની અવેક્ષણાથી તથા પૂર્વ-પશ્ચિમનાં કાવ્યશાસ્ત્ર ઉપરાંત પૂર્વ-પશ્ચિમની સિદ્ધ થયેલી પ્રશિષ્ટ કૃતિઓના સેવન-વ્યાસંગથી તેમની સાહિત્યરુચિ વિશાળ-ગહન ને ઊંચી એમ ત્રિપરિમાણિક વિકાસ સાધતી રહી છે. તેઓ ઉત્તમ અતીતના સંવેદનશીલ શિષ્ય ને વારસદાર તો હતા જ પણ પોતે એક મોટા ગજાના કવિ અને સહૃદય રહેવાથી એમની રસરુચિને સર્વતોભદ્ર વિશ્વકાવ્યરુચિના સતત સંસ્કાર પડતા રહ્યા છે. પરિણામે ઉમાશંકરનો વિવેચનશબ્દ પ્રાચીન-અર્વાચીન રસરુચિના ક્ષેત્રે એકસરખો શ્રદ્ધેય ને સન્માન્ય રહ્યો છે.

આ પરિપુષ્ટ ને પરિષ્કૃત થતી રહેતી રસરુચિને કારણે ઉમાશંકર કાલિદાસ, ભવભૂતિ, રવીન્દ્રનાથ, અરવિંદ, મહાભારત, રામાયણ અને આપણા ઉપનિષદોની કવિતાનું ભાવન કરે છે તો પશ્ચિમના શેક્સપિયર, ગ્યૂઈથે, વર્ડ્ઝવર્થ, ટી.એસ.એલિયટ, રોબર્ટ ફ્રોસ્ટ, બેકિટ વગેરેની કૃતિઓનું ભાવન પણ કરે છે. ઘરઆંગણે ગુજરાતીમાં તે નરસિંહ, અખો,

પ્રેમાનંદ જેવા મધ્યકાલીન તો ગોવર્ધનરામ પ્રભૃતિ ઠાકોર, કાન્ત, કલાપી જેવા સાક્ષરયુગીન કવિઓને સેવે છે તો ગાંધી અનુગાંધી યુગના સુંદરમ્, શ્રીધરાણી, પ્રહ્લાદ, હરિશ્ચંદ્ર, પતીલ, સ્વપ્નસ્થ, રાજેન્દ્ર શાહ, નિરંજન, અરે છેક રાવજી પટેલ સુધીની કૃતિઓનું તે ભાવન કરી શકે છે. આથી તે સર્વદેશીય ને સર્વકાલીન રુચિના સમવાય જેવી તેમની રુચિ વિકસી છે. પરિણામે આપણી કવિતામાં જે જે સ્થિત્યંતરો આવ્યાં તેમાં જેમ એમની ભાવક વિવેચના પણ આવાં બળોના ભાવનમાં અગ્રણી રહી શકી છે અને મઝાની વાત તો એ છે કે આમ કરવામાં એમની કાવ્યરુચિને અગવડ પડી નથી. બલકે તે તેને પહોંચી શકે છે ને પામી પુરસ્કૃત પણ કરી શકે છે. ક્યાંય એમને એમની કાવ્ય વ્યાખ્યા ફેરવવી પડી નથી. મૂળ કાવ્ય વ્યાખ્યાને જ તે સહેજ વિકસિત કરી લે છે ને સામંજસ્યમાં તેને તેમાં ભેળવી દે છે. તેથી જ ઉમાશંકર 1956 પછીની આધુનિક રુચિવાળાનેય એકધારા શ્રદ્ધેય અને અનુપેક્ષ્ય રહ્યા છે. આ વાત નોંધપાત્ર લાગે છે.

ઉમાશંકરની વિવેચનપ્રવૃત્તિ વિવેચનક્ષેત્રની હર કેડી ઉપર ફરી વળી છે. તેમણે સાહિત્યકારો વિશે, સાહિત્યતત્ત્વ વિશે, કાવ્યની વ્યાખ્યા વિશે, બાહ્યાન્તર અંગ ને આત્મા વિશે તો લખ્યું જ છે, પણ કાવ્ય-કૃતિઓની વિવિધ રીતની વિવેચના પણ કરી છે. એમણે આ કામ કાવ્યસંગ્રહોની પ્રસ્તાવનારૂપે, અવલોકનરૂપે અને સંશોધન-સંપાદનરૂપે વિપુલ પરિમાણમાં કર્યું છે. મારો નમ્ર પ્રયાસ આમાંથી માત્ર કાવ્યકૃતિઓના એમના કૃતિનિષ્ઠ વિવેચનાનો જ અંદાજ કાઢવાનો છે. એમાંય એમનો આવો એકેએક પ્રયાસ અંદાજ બનતો નથી. અમુક નમૂનારૂપ સમીક્ષાલેખોને આધારે એમની કૃતિનિષ્ઠ વિવેચનાનું લક્ષણ બાંધી તેનું કંઈક વ્યાકરણ હોય તો તે તારવવાનો છે.

આ 'કૃતિનિષ્ઠ' વિવેચન એ કઈ ચીજ છે વારુ ? આ સંપ્રત્યય શ્રી સુરેશ જોષીકાળમાં આપણી કાવ્યરસાસ્વાદવિવેચનામાં છેક ઉપર તરી આવ્યો હતો. સુરેશ જોષીએ કૃતિના રસાસ્વાદમાં આપણી વિવેચના લગભગ રેઢિયાળ બની ગઈ હતી એમ કહ્યું. એમાં તાણીતૂસીને આણેલાં અર્થઘટનો, કવિનો જમાનો, કવિની આત્મકથાની ઘટનાનો પ્રભાવ વગેરેનો નિષેધ પોકાર્યો અને જેમ શુદ્ધ કાવ્યની વાત કરી તેમ શુદ્ધ વિવેચનાની પણ વાત કરી અને જણાવ્યું કે દરેક કાવ્યકૃતિ એ એના પંચભૂતોથી ઘડેલી એક સ્વાયત્ત અને સંપૂર્ણ સૃષ્ટિ છે. તે કશાયની ઉપજીવિની નથી. કાવ્યનું ઉપાદાન જો ભાષા છે તો તે એક વિશિષ્ટ ભાષાપ્રપંચમાં સિદ્ધ થતી હોવાથી આ ભાષાપ્રપંચનું કવિકર્મ કૌશલ જ આસ્વાદનું છે ને તે પોતે જ આસ્વાદ માટેની બધી સજ્જતા પૂરી પાડે છે. એને એની નિર્મિતિની ધાતુઓના ઉપકરણોના વિનિયોગ-કૌશલ રૂપે જ તપાસી, પામવી રહે છે. આ માટે ગુજરાતી કવિતાના આસ્વાદ કરાવતા કેટલાક નમૂનારૂપ લેખો પણ લખ્યા જે હવે તે સ્વરૂપે પ્રાપ્ય પણ છે. આ પૂર્વે કૃતિનિષ્ઠ વિવેચનાનો સમૂળો અભાવ હતો એવું તો નથી આનો પુરોગામી શ્રેષ્ઠ નમૂનો આનંદશંકરના 'વસંતવિજય'ના રસાસ્વાદનો છે. પણ આ પ્રયાસમાં કેવળ કૃતિના શબ્દઅર્થલય માત્રના ઓજારોનો જ ઉપયોગ નથી. તે કવિની શ્રદ્ધાને પણ આસ્વાદમાં સંડોવે છે. રામનારાયણનો આ કૃતિનો રસાસ્વાદ પણ કર્તાની શ્રદ્ધાને સંડોવે છે. ઉમાશંકરનો કાવ્યરસાસ્વાદ સુરેશ જોષીની રુચિનો સર્વથા રહેતો નથી, તે કવિના જીવન અને શ્રદ્ધાને, અરે, કવિના વ્યક્તિત્વ સુદ્ધાંને સંડોવે છે. એક કંઈક આનંદશંકર-રામનારાયણની પદ્ધતિને અનુસરે છે. જો કે કાવ્યના ઉપાદાન-જેમાં તેનું લયતત્ત્વ, નાદતત્ત્વ પણ ખરું જ - નો લાભ ઉઠાવે છે. જો કે પાછળથી સુરેશ જોષીએ કર્તાનું વ્યક્તિત્વ પણ કાવ્યનું એક ઉપાદાન છે એમ જણાવ્યું છે. સુરેશ જોશી આવી રસાસ્વાદપ્રવૃત્તિમાં કહે છે કે કલામાં આવતો સર્જકશબ્દ સંદિગ્ધતા ઉપસાવે છે. એથી એની વ્યંજનાશક્તિને મોકળાશ મળે છે. અભિધાની ચોક્કસ એવી એકાર્થતા કાવ્યને પાયાની હાનિ પહોંચાડે છે તે વાતમાં તો બંને જોશીઓ સંમત ને સહમત છે. ઉમાશંકર પણ કહે છે કે, ''કાવ્યકૃતિમાં શબ્દ નર્યા કોશગત અર્થનો વાહક રહેતો નથી. થોડોઘણો ધૂંધળો બને જ છે. કાવ્યના સમગ્ર સંદર્ભના બળે એ સંજીવની પામે છે.'' બંને અલબત્ત ઈચ્છે છે કે કૃતિનો રસાસ્વાદ મૂળભૂત રીતે કૃતિની શબ્દલયશક્તિને આધારે

થવો જોઈએ, પણ ઉમાશંકર રસાસ્વાદ મૂળભૂત રીતે કૃતિની શબ્દલયશક્તિને આધારે થવો જોઈએ, પણ ઉમાશંકર રસાસ્વાદ મૂળભૂત રીતે કૃતિની શબ્દલયશક્તિને આધારે થવો જોઈએ, પણ ઉમાશંકર રસાસ્વાદમાં કવિનું જીવન, શ્રદ્ધા-મૂલ્યો, વ્યક્તિત્વ પણ ક્યારેક રસાનુભૂતિમાં ઉપકારક ગણે છે. હરિશ્ચંદ્ર ભટ્ટના 'સ્વપ્નપ્રયાણ'ની પ્રસ્તાવના ઉપર ગણાવ્યાં તે ઘટકોનો રસાસ્વાદમાં વિનિયોગ કરે જ છે તે દીવા જેવું ચોખ્ખું છે. આ પૂર્વે આનંદશંકર અને રામનારાયણમાં આવા નમૂના પ્રાપ્ત થયા હતા જ. ઉમાશંકર કાવ્યરસાસ્વાદમાં એમ પણ માને છે કે કવિતાએ કવિતા બનવા માટે કલાના નિયમો અનિવાર્યપણે માનવા જોઈએ. પણ મહાન કવિતાના મૂલ્યાંકનમાં કવિનાં જીવનમૂલ્યો, શ્રદ્ધાઓ, સામાજિકતા વગેરેને આણવાં જરૂરી છે. એવો ટી.એસ.એલિયટનો હવાલો એ આપે છે ને good અને great કૃતિનો વિવેક કરે છે. શુદ્ધકવિતા એ જેમ એક અશક્ય આદર્શ છે તેમ કેવળ કૃતિનિષ્ઠ શુદ્ધ વિવેચનને પણ તે અપર્યાપ્ત ગણે છે.તે કહે છે તેમ 'કવિતા સમગ્ર સંવિત્‌તંત્રથી સંવેદવાની છે.' આમ કવનનો ભાષાપ્રપંચ પામવા સમગ્ર જીવનની ચેતનાનો પૂરો પ્રપંચ કામે લગાડવાની વાત કરે છે.

એમના 'કૃતિનિષ્ઠ' વિવેચનની આગળ વાત કરીએ તે પૂર્વે એમની કવિતાનિર્માણની ને ભાવનની કેફિયત સમજી લઈએ તે ઠીક રહેશે.

આપણે એક વાત સમજી લેવી જોઈએ કે કલા માત્ર સર્જકચેતનાના ઉપાન્ત્ય એવા ઉત્કર્ષની પ્રવૃત્તિ છે. કવિતાની વાત કરીએ તો તે ભાષાની ને મનની જ ગતિવિધિ છે. અંત્ય absolute ultimate ચેતનાના પ્રકર્ષમાં તો ભાષાય નથી રહેતી કે નથી રહેતું મન. એ બ્રહ્મનો પોતાનો પ્રદેશ છે જે ભાષાતીત તેમ જ મનસાતીત છે. મનુષ્યને જ મન અને ભાષા વિકાસના ક્રમે મળેલાં હોઈ કાવ્યકલાનો સંભવ થયો છે, તેની પાર તો છે નર્યું શાન્ત એવું મૌન. આમ માનવકવિ મન વડે શબ્દને ને શબ્દ વડે મનને ઊંડું ને ઊંડું ખોતર્યા કોતર્યા કરે છે, અને તેમાંથી સંકુલ એવી કલાનો વિકાસ થયો છે અને કાવ્યાસ્વાદમાં મન અને ભાષા એટલે કે ભાવ અને ભાષાની જે અદ્વૈત પામેલી સંપૃક્તિ છે, રહસ્યગૂંથણી છે તેને એવી રસવિવરણપ્રક્રિયાથી અનાવૃત્ત કરવાની છે. એટલે કવિતાકલાના મૂળમાં છે ભાષા ને ભાષાના મૂળમાં છે વર્ણ. કહો કે શબ્દ. ન શબ્દને વળગ્યો છે અનિવાર્ય એવો લય-નાદ.

ઉમાશંકર કવિતાકલામાં આવા શબ્દનો ભારે મહિમા કરે છે, પણ આ શબ્દને સામાજિકતા વળગી જ હોય છે. તે કહે છે ''એટલું ખસૂસ કહી શકું કે કવિ તરીકે વિકસવું હોય એણે ઉત્તરોત્તર વધુને વધુ બહોળા સમાજ-સંદર્ભમાં ઓતપ્રોત થતા રહેવાનું હોય છે.'' એટલે કે જીવન જ કવિનું સૌથી મોટું ઉપાદાન છે જેને વ્યક્ત કરવાનું છે ભાષામાં, શબ્દમાં. આવા શબ્દ માટે તે કહે છે ''શબ્દ અને કાર્ય વચ્ચેનો ભેદ ધીમે ધીમે વિલીન થઈ જાય છે. શબ્દ પોતે જ કર્મ બની રહે છે : કવિ, એટલે તે કહે છે : 'જેનું કાવ્ય એ જ કર્મ એવો મનુષ્ય.' 'સમસંવેદન'માં કહે છે : માણસમાત્રને પોતાને કોઈ સમજે એવી એષણા હોય છે એવી સમસંવેદના પહોંચાડવા તે કલાકૃતિ રચે છે. સિદ્ધ થયેલી કાવ્યકૃતિમાં આવી સમસંવેદના માટેની સજ્જતા હોય છે જ. કવિતા વાંચવાની કળાના લેખોમાં ઉમાશંકર કહે છે કે કવિતા શ્રાવ્ય કલા છે, કાનની કળા છે. પણ પછી વાંચવાની કળા કહેતાં તે લખે છે. ''કવિતા લોહીથી વાંચવાની'' કળા છે. ''સમગ્ર સંવિત્તંત્રથી સંવેદવાની કલા છે.'' તે કેવી રીતે બને છે ? ઉમાશંકર લખે છે : ''કવિતા શબ્દમાં મૂળ ધાતુ છે કૂ. કૂ = અવાજ કરવો. આ અવાજ તત્ત્વમાં નાદતત્ત્વ + સામાજિક સંકેત એમ બે અર્થો રહેલા છે. કવિતા બોલીને સાંભળવાની કળા છે. એટલે એમાં નાદતત્ત્વ ને લયતત્ત્વનો લાભ લેવાનો છે. ઉમાશંકર કહે છે : 'વાંચનારી આંખ કવિતાના અવાજને ઉપાડીને શ્રવણેન્દ્રિયને સોંપી દે છે જે એના સૌંદર્યબોધને જાગ્રત કરે છે.' આ લય - નાદશક્તિનો લાભ લઈને પછી શબ્દોની મુખ્યાર્થબાધ કરતી લક્ષણા - વ્યંજનાશક્તિનો કાવ્યાસ્વાદમાં લાભ લેવાનો રહે છે; કહો કે અખિલ કવિકર્મકૌશલનો તાગ લેવાનો રહે છે. તે સૂત્રાત્મકતાથી કહે છે તેમ 'કવિકર્મ કે અખિલ કવિકર્મકૌશલનો તાગ લેવાનો રહે છે. તે સૂત્રાત્મકતાથી કહે છે તેમ 'કવિકર્મ એ જ કવિધર્મ.' તો કવિકર્મનું ઉદ્‌ઘાટન એ જ ભાવકધર્મ, વિવેચકધર્મ એમ કહેવું જોઈએ. આમ એકંદરે જોઈએ તો ઉમાશંકરની કાવ્યસમજમાં બે વાત હવે સમજાય છે કે કવિતાનો જન્મ

પ્રેરણામૂલક છે. પણ કવિતાને દ્વિજ બનાવવામં કુન્તક કહે છે તેવું કવિકર્મકૌશલ કામે લગાડવું પડે છે. તો કાવ્યરસાસ્વાદમાં તે કૃતિનિષ્ઠ હોય ત્યારેય ઉમાશંકર કાવ્યાનંદપ્રાપ્તિમાં કશીય અપ્રમેય-અવ્યાખ્યેય દશા અનુભવવા વિશે તથા કવિકર્મકૌશલનો અંદાજ કાઢતાં. શબ્દ-અર્થ-લય-tonal value - જે નાદતત્ત્વ, લયકેફ, ભાવસમાધિ, ઘૂંટાયલાપણું, પ્રતીકક્ષમતા બધાંની ઉત્કૃષ્ટ શક્તિને કામે લગાડવાની વાત કરે છે.

ઉમાશંકરનાં કાવ્યસંગ્રહ, અવલોકનો, સંપાદન-પ્રસ્તાવનાઓથી લાંબી યાદી આપી શકાય તેમ છે. તે છેક 1941માં 'અખો : એક અધ્યયન'થી શરૂ થઈ છેક 1988માં 'ઈશાવાસ્ય ઉપનિષદ'ની ટીકાટિપ્પણી સુધી ચાલુ રહેલી છે. આ અવલોકનોમાં 'વસંતવિલાસ' (1943), 'કલાન્તકવિ' (1942), 'વાયુનાં શિલ્પ' પ્રતીક (પ્રિયકાન્ત) વિશે (1953), 'મર્મર' (1953), 'છંદોલય' (1950), 'કિન્નરી' (1951), 'અલ્પવિરામ' (1954), 'અભિસાર' (1948), 'દર્દીલી મધુરપ' (1953) વગેરે કેટલાંય છે. 'શાકુંતલ', 'ઉત્તરામચરિત'ની પ્રસ્તાવનાઓ છે તો 'બારી બહાર' (1940)ને 'સ્વપ્નપ્રયાણ'ની પ્રસ્તાવનાઓ છે. 1987માં 'નિશ્રેના મહેલ'માં તે આપણા ભક્તિપદોનું ભાવન કરે છે ને 1988માં તે 'ઈશાવાસ્ય'નું વિવરણ આપે છે. આટલાં જ હોવાનો સંભવ નથી હજી બીજાં કેટલાંય હશે. એમને હાથે પશ્ચિમનાં વર્ડ્ઝવર્થના 'ટિંટર્ન એબી' અને ઠાકોરના 'આરોહણ'નું સમાન્તર ને સમકક્ષ ભાવન મળે છે. 'સંસ્કૃતિ'નો એક આખો વિશેષાંક એમણે કાવ્યભાવનનો પ્રગટ કર્યો છે ને બીજો અંક 'સર્જકની આંતરયાત્રા' વિશે કાઢ્યો છે જેમાં ઉમાશંકરનો સંપાદકીય લેખ જોડવામાં આવ્યો છે તે આવી રસાસ્વાદ પ્રવૃત્તિનું ઊંડું પૃથક્કરણ કરે છે.

એમની કાવ્યસંગ્રહોની સમીક્ષાઓ 'સંદેશ'ની સાહિત્યકૉલમ ચલાવતા તે વિશે થયેલી પ્રવૃત્તિ છે. છતાંય કલમના એકાદ લસરકે કવિના સંગ્રહને કે કોઈ કૃતિને અજવાળી મૂકે છે. ક્યારેક તો શીર્ષકોય એમની સમગ્ર સમીક્ષાનો સૌંદર્યમૂલક અંશ બની રહે છે. જેમ કે 'વાયુનાં શિલ્પ', 'સ્વપ્નનો સૂરમો' વગેરે જે વસ્તુને સૂચવી રહે છે, તે સંકેતે છે.

એમનાં સંશોધન-સંપાદન-પ્રસ્તાવના બેશક, વધુ સારી કૃતિનિષ્ઠ વિવેચનાના નમૂના બની રહ્યા છે. છેક 1941ના 'અખો : એક અધ્યયન' માટે કવિ લખે છે : 'છેલ્લે બે પ્રકરણ અખાનું હૃદય સમજવાના પ્રયાસ માટે રોક્યાં છે.' પછી ઉમેરે છે તે ખૂબ મહત્ત્વનું છે : 'ખરું જોતાં આને માટે જ આગળની બધી મથામણ છે.' આ પ્રકરણોમાં ઉમાશંકર અખાની શબ્દશક્તિ, લય-નાદ-શક્તિને આધારે જ એને આપણે સર્વકાલીન મોટો કવિ સ્થાપે છે. પછી તો એમને જાણે અખો વળગે જ છે. એની મોહિનીથી ગૃહીત રહે છે. આ વૈરાગી જ્ઞાની કવિમાં આપણો સંસાર પાછલે બારણે કેવો પેઠો છે તેની નોંધ કરે છે, ને અખાના 'હાસ્ય'ની મીમાંસા પણ કરે છે ને કહે છે, 'અખો ઉપમાકવિ છે; ને હસતો કવિ છે.' ઉમાશંકરે આમ પૂર્વિણ અદા કર્યું છે. કાલિદાસ-ભવભૂતિની કૃતિઓના અનુવાદમાં કેમ ગયા તે વિશે લખે છે, '1946 આખરે અધ્યાપનકાર્યમાંથી મુક્ત થયો ને પહેલી ઈચ્છા આત્મશિક્ષણ અર્થે કાલિદાસ-ભવભૂતિને ચરણે બેસવાની થઈ !' અધ્યાપક મટ્યા તો શિષ્ય થવાની વાત ચાલુ થઈ. આ બંને પ્રસ્તાવનાઓ બે ભારતીય મહાન કૃતિઓનો તાગ લે છે ને રવીન્દ્રનાથની કંઈક આગળ જવાનું તાકે છે. ભવભૂતિમાં તો તે સીતા અને રામ બંનેને ન્યાય આપવા તે સમર્થ રીતે મથ્યા છે અને છેવટનું મૂલ્યાંકન તો તેની ભાષા-લયશક્તિને આધારે ને કલા પરત્વે જ કરે છે ને કાલિદાસને એ રીતે જ દર્શન-વર્ણનના ન્યાયે જ કરીને તે ભવભૂતિ કરતાં મોટો કવિ સ્થાપે છે. આ બંને પ્રસ્તાવનાઓનું સ્થાન આપણી અખિલ ભારતીય કક્ષાની વિવેચનામાંય ઘણું ઊંચું ગણાશે.

કવિતા ઉપરાંત કેટલીક ભારતીય નવલકથાઓનું મૂલ્યાંકન પણ એમણે શબ્દશક્તિને આધારે જ, પ્રતીકશક્તિને આધારે જ કાવ્યરીતિએ કર્યું છે એમાં રવીન્દ્રનાથની 'ગોરા', મૈત્રેયીદેવીની 'ન હન્યતે' વગેરેની પ્રસ્તાવના ગણી શકાશે. આ પ્રસ્તાવનાઓ ગદ્યકૃતિઓની છે પણ કાવ્યરીતિએ જ દર્શનવર્ણવનને ન્યાયે લખાઈ છે. રવીન્દ્રનાથના 'સતી' સંવાદોનો અનુવાદ નગીનદાસનો છે તેની પ્રસ્તાવનામાં તે કાલેલકર જેટલી ઊંચાઈ સિદ્ધ કરે છે ને રવીન્દ્રવિવેચનના ઉત્તમ વારસદાર જેવા તે લાગે છે. આ ઉપરથી એમ લાગે છે કે

અર્થઘટનની બાબતમાં તે આપણે ત્યાં લગભગ અજોડ જેવી પ્રતિભા ધરાવે છે, પ્રતિભા એટલે 'પ્રતિ+ભા' સામું અજવાળું ફેંકનાર જેવા સમાનધર્મા વિવેચક લાગે છે. એમની આવી પ્રસ્તાવનાઓ આપણી ભાષાને તેમ જ આપણી આખી સંસ્કૃતિની ઊંચાઈએ સમકક્ષ રહી ઉભયને અજવાળે છે. એમની આવી પ્રસ્તાવનાનો બીજી ભાષામાં અનુવાદ થવો જોઈએ. એમની 'બારી બહાર'ની અને 'સ્વપ્નપ્રયાણ'ની પ્રસ્તાવનાઓનો ખાસ ઉલ્લેખ થવો ઘટે છે. 1940માં લખાયેલી પ્રહ્‌લાદ પારેખના 'બારી બહાર' કાવ્યસંગ્રહની એમની પ્રસ્તાવના નમૂનેમદાર સીમાચિહ્નરૂપ બની છે જેવી એ ફરી વારંવાર લખી શક્યા નથી. એ પ્રસ્તાવનામાં ઉમાશંકર પોતાની પેઢીની કવિતા પછી 1940માં કેવો સૌંદર્યલયદૃષ્ટિનો નવપ્રવેશ થાય છે. જેમાં સમકાલીન રાજકીય સામાજિક સંઘર્ષોનો પ્રભાવ નહિવત્ વર્તાય છે તે બતાવ્યું છે. ઉમાશંકરે જ અગાઉ પોતાના યુગની કવિતાનો એક સૂત્રમાં પરિચય આપ્યો હતો કે અર્વાચીન ગુજરાતી કવિતા અનુભૂતિ-વિષય પરત્વે ગાંધીજીને અને અભિવ્યક્તિ પરત્વે પ્રા.ઠાકોરને ખભે ચઢીને ચાલે છે તેમાં આમૂલ ફેરફાર 1940માં આવે છે તેની તેમણે નોંધ લીધી છે. કારણ કે પ્રહ્‌લાદની કવિતામાં ગાંધી ઠાકોર બંનેને ખભેથી આ પાલખી ઊતરી ગઈ છે ને ઠાકોર નહીં પણ રવીન્દ્રનાથ ઠાકુરને માર્ગે વળી જતી તે દેખાય છે. આ પ્રસ્તાવનાનો બીજો ખંડ પણ એટલો જ નવીન છે. આંખ, કાન, નાકના ડૉક્ટરો તો હોય છે, પણ ઉમાશંકરે આંખ, કાન, નાકની ઈન્દ્રિયો વડે કાવ્યભોગ્યતાની અહીં નોંધ લીધી છે એ રસાસ્વાદની ઈન્દ્રિગ્રાહ્યતા જ નહીં, ભોગ્યતાની વાત ખરેખર નોંધપાત્ર છે. પછી તે એ રીતિનો ઉપયોગ આપણી કવિતાના આસ્વાદમાં એક મહત્ત્વની કેડી બની ગયો છે. આમાં પણ ઉમાશંકરે શબ્દ-લય-નાદશક્તિનો માપદંડ જ કામે લગાડ્યો છે.

'બારી બહાર'ની પ્રસ્તાવનાથી 'સ્વપ્નપ્રયાણ'ની પ્રસ્તાવનારીતિ વળી જુદી જ છે. ઉમાશંકરે અહીં હરિશ્ચંદ્ર કવિની આત્મકથાના અંશો રસાસ્વાદની પ્રક્રિયામાં કામે લગાડ્યા છે. હરિશ્ચંદ્રનો પશ્ચિમી સાહિત્યનો-ખાસ તો પોલાંડનો પ્રભાવ, અમુક રીતનો ખ્રિસ્તી પ્રભાવ. હરિશ્ચંદ્રનું નિરંતર ચાલુ રહેલું અંતસ્તવન કે આત્મતડપન અને એનો ગ્રાફ દોરી આપતું સમાન્તર કવન એવી કવિના મનોવિશ્વમાં ચાલતાં સંઘર્ષો સંવેદનોની કવિના પત્રો-નોંધો આદિને આધારે સામાજિક, રાજકીય, ધાર્મિક એવી વ્યક્તિની રગો ઉપર અનુભવાયેલી વેદનામૂલક અનુભૂતિ કેવી તો કવિતામાં સતત ઝંકૃત થતી રહી છે તેની અહીં નોંધ લેવામાં આવી છે. આ બધું તે કરે છે ત્યારેય હરિશ્ચંદ્રની કવિતાની શબ્દ-લય-નાદશક્તિને આધારે જ મૂલ્યાંકન કરે છે. ઘૂંટાયેલી નાદકેફી પંક્તિઓનાં તે પ્રહ્‌લાદ અને હરિશ્ચંદ્રમાંથી ભરપૂર અવતરણો ટાંકતા આવે છે ને આવી અવરણક્ષમતાને તે મોટો કાવ્યગુણ પણ ગણાવે છે. હરિશ્ચંદ્રમાં ઉમાશંકર પ્રહ્‌લાદના મૂલ્યાંકનથી જુદા જ ચીલે સામાજિક આદિ વાસ્તવનો પ્રભાવ તે આસ્વાદમાં લઈ આવે છે ને તેને પ્રમાણિત કરે છે. 'બારીબહાર'ની પ્રસ્તાવનામાં તે અનન્ય રહ્યા છે તો 'સ્વપ્નપ્રયાણ'ની પ્રસ્તાવનામાં તે રામનારાયણની 'પૂર્વાલાપ'ની સમકક્ષ રહ્યા છે. જો કે બંનેમાં કાવ્યની શક્તિની વાત તો તે સમાન રીતે જ. શબ્દ-લયશક્તિને આધારે જ કરે છે. સ્વપ્નસ્થના કાવ્યસંગ્રહની પ્રસ્તાવનાની ઝાઝી નોંધ લેવાઈ નથી પણ 'લીલી લીમડીઓ કેટલે દૂર' પ્રસ્તાવના પણ આવા ગુણે કરીને જ નોંધપાત્ર છે.

ઉમાશંકર એમના અંતિમ જીવનગાળામાં આપણાં ભક્તિપદો-પ્રાર્થનાપદોની કાવ્યવત્તા તરફ વળ્યા હોય તેમ લાગે છે. 1987માં પ્રગટ થયેલા 'નિશ્રેના મહેલ' સંગ્રહમાં એમના એવા ભક્તિમૂલક રસાસ્વાદો સંગ્રહાયા છે. પણ તેનુંય અંતિમ મૂલ્યાંકન તો એ ભક્તકવિતાદર્શનની વાત તેની વર્ણનશક્તિથી એટલે શબ્દ-લય-નાદશક્તિથી જ તે કરે છે. આમાં થોડાક ઓછા જાણીતા ભક્ત એવા પદકવિઓને તે બધે જ અંદાજે છે. એવું જ એક મહત્ત્વનું મૂલ્યાંકન 1988માં તે આપણા પ્રાચીન એવા 'ઈશાવાસ્ય ઉપનિષદ'નું વિવરણ કરતાં કરે છે. તે વાત એમના મનમાં અખાની પેઠે ઘર કરીને રહી છે. તે લખે છે કે આ વાત તત્ત્વનું ટૂંપણું તો છે જ, તેનો તે અસાધારણ મહિમા કરે છે. પણ કેવળ ભાષા-લય-નાદશક્તિને આધારે તે 8મા શ્લોકમાં આવું ઉપનિષદ સમજવાની ચાવી ઋષિએ મૂકી આપી છે એ વાતનું તે ઉદ્‌ઘાટન કરે છે અને 'મનીષી' કરતાંય 'કવિ'નો શો વિશેષ છે તેનો મર્મ સમજાવે છે. કવિ

તે એકને વળગી રહેતો હોવા છતાં તે તેની શંકરાચાર્યનેય પાઠ ભણાવે છે. ઉમાશંકરનું આ 'ઈશાવાસ્ય' એક ઉત્તમ સંપાદકીય પામ્યું છે તે પણ વૈશ્વિક કક્ષાના સમાદરને પાત્ર છે. એને પણ સર્વ ભાષામાં ને 'ઈશાવાસ્ય'ની સર્વ અદ્યાવધિ ટીકામાં મહત્ત્વનું સ્થાન મળવું જોઈએ. ઉમાશંકરે વાતવાતમાં મને કહ્યું હતું. વિનાબા અને કાકાસાહેબ ઉમાશંકરને કહ્યું હતું કે 'આ વાત અમારા ધ્યાનમાં ન આવી. પણ તમે કવિ છો એટલે જ તે પકડી શક્યા છો.' ઉમાશંકરે કહ્યું છે કે દરેક કૃતિમાં કવિની અમુક રીતની ચાલ હોય છે. એ જો પકડી શકાય તો કાવ્યના રસાસ્વાદનો પૂરો નકશો ઊઘડે છે. ઉમાશંકરે ઈશાવાસ્યનું મૂલ્યાંકન પણ એક કાવ્યરચનાની રીતે જ કર્યું છે. તે લખે છે : 'ઈશાવાસ્ય'ને એક કાવ્યરચના તરીકે જોતાં, તેનાં બંધારણને સમજવા જતાં તે કેવી રીતે રચાતી આવી છે એની ઉપર નજર રાખતાં-કલ્પનાથી કવિ ઋષિની પાછળ પાછળ એમના પગલામાં પગ મૂકતા ચાલ્યા આવતાં-એમને ચાવી મૂકતા જોઈ લીધા. આ વાત કવિએ મોલ્ટનના અગાઉ ક્યારેક ટાંકેલા પેલા વાક્યને સમર્થન આપે છે કે કાવ્યનો આસ્વાદ કરવાનું ગજું તો કવિઓને જ મળ્યું છે ને તેય કોઈ ઉત્તમ કવિ ને જ !

1941ના 'અખો : એક અધ્યયન'માં ઉમાશંકરે ઊંડી મલ્લિનાથી કરી છે. પણ તે કેવળ મલ્લિનાથી કરનારા વિવેચક મલ્લ નથી. તેમણે રવીન્દ્રનાથની વિવેચનાને પણ સેવી છે. પણ તે કેવળ રવીન્દ્રનાથી કરનારા પણ નથી. તેમની બંને પદ્ધતિમાં સજ્જતા છે એ ચોક્કસ, પણ એમના ઉત્તમ રસાસ્વાદમાં આ બેય પદ્ધતિનો ઉત્તમ સુમેળ દેખાય છે. કારણ કે ઉમાશંકર કવિવિવેચક મર્મજ્ઞ હોવાને કારણે તે વસ્તુ અને તેનું વ્યાકરણ બેય જાણે છે. એ જેટલા અભ્યાસી છે એટલા જ તે સહૃદય ભાવક પણ છે. એમનામાં રહેલા સર્જકે એમના ભાવનને પરિષ્કૃત કરીને અજવાળ્યું છે. વધારામાં એમની ભાવયિત્રી પ્રતિભા ખરેખર પ્રતિ+ભા કરનારી બની રહી છે. અર્થઘટનમાં આ વાત સ્પષ્ટ દેખાઈ આવે છે. વળી એમની ભાવયિત્રી પ્રતિભા વિશ્વસાહિત્યના પોષણે પુષ્ટ થઈ છે. પરિણામે તે એક વિશ્વમાનવી સુધીનો વિકાસ પ્રગટ કરે છે. તે કવિતાના સર્વરુચિક્ષેત્રમાં અકુતોભય ફરી શકે છે ને તેનું ભાવન પણ કરી શકે છે. આવા દરેક ભાવનનું તે છેવટનું મૂલ્યાંકન સાહિત્યકલાના માપદંડે કરે છે. એટલે કે દરેક કૃતિનું ભાવન મૂલ્યાંકન શબ્દશક્તિને આધારે કરે છે. આવાં ભાવનોમાં તેમનો ખાસ કોઈ વિશેષ હોય તો તે ભાષાપ્રપંચમાં ગૂંથાયેલા નાદ-લયનું તત્ત્વ છે. તે કહે છે તેમ 'લય કદી જૂઠું ન બોલે.' તે લય ઉપર ખૂબ જ શ્રદ્ધાળુ છે. પણ શબ્દશક્તિની જરાય અવગણના કર્યા વિના તેમાં તે કવિની શબ્દશ્રદ્ધા ઉપરાંત જીવનશ્રદ્ધાનેય રાસાસ્વાદના ક્ષેત્રમાં સહજ રીતે આસ્વાદમૂલક રીતે આણે છે ત્યારે કૃતનિષ્ઠ વિવેચકોને તે અવગણવા જેવું લાગતું નથી. બલકે તે કૃતિનિષ્ઠતામાં મહત્ત્વની સંપૂર્તિ થતી હોય તેમ લાગે છે.

**4.4 તમારી પ્રગતિ ચકાસો.**

1. કૃતિનિષ્ઠ વિવેચન એટલે શું ? સમજાવો.
2. આ એકમમાં કઈ કૃતિની ચર્ચાના ઉલ્લેખો મળે છે તે જણાવો.

**4.5 સ્વાધ્યાય**

1. ઉમાશંકર જોશીએ કરેલ કૃતિનિષ્ઠ વિવેચનની ઉદાહરણ સહિત ચર્ચા કરો.

---

**ઉશનસ્** (૧૯૨૦-૨૦૧૧) કવિવિવેચક

'વિવેચક ઉમાશંકર' : સંપાદક-ચંદ્રકાન્ત ટોપીવાળા, પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, દ્વિતીય આવૃત્તિ-૨૦૦૩માંથી સાભાર.

---

## એકમ 5

# ઉમાશંકર જોશીનું સંશોધનકાર્ય

5.1 ઉદ્દેશો
5.2 પ્રસ્તાવના
5.3 ઉમાશંકર જોશીનું સંશોધનકાર્ય
5.4 સ્વાધ્યાય

## 5.1 ઉદ્દેશ :

- આ એકમના અભ્યાસથી તમે ઉમાશંકર જોશીના સંશોધનકાર્યથી પરિચિત થશો.
- સંશધોનકાર્યના પરિણામો, સંશોધનનની શિસ્ત, સંશોધકના અભિયમની જાણકારી મળશે.
- સંશોધનની ભાષા અને ઉમાશંકરની શૈલીનો પરિચય થશે.
- ઉમાશંકરના બે મહત્ત્વના ગણાયેલા સંશોધનકાર્યની જાણકારી મળશે.

## 5.2 પ્રસ્તાવના :

ઉમાશંકર જોશીએ મધ્યકાલીન કવિ અખા વિશેના અભ્યાસ 'અખો : એક અધ્યયન' તથા 'પુરાણોમાં ગુજરાત' જેવા બે મૂલ્યવાન સંશોધનો આપ્યા છે. અખા જેવા કવિની દાર્શનિકતા, ભાષાની અસરકારતા વિશે તત્ત્વનિષ્ઠ અભિગમ, અર્થઘટન અને ગહન ચિંતનનો ઉમાશંકરે અનુભવ કરાવ્યો છે. એ રીતે 'પુરાણોમાં ગુજરાત'નું પણ અનોખું મૂલ્ય છે.

રમણ સોની લિખિત આ એકમમાં આપણે ઉમાશંકર જોશીના સંશોધનકાર્યની સમીક્ષા પામીશું. અલબત્ત, આ લઘુલેખમાં સર્વાંગી સમીક્ષાને અવકાશ નથી પણ વિદ્યાકીય અભિગમ ધરાવનારને બન્ને સંશોધનગ્રંથ વાંચવાની જિજ્ઞાસા થાય એ રીતે રમણ સોનીએ અહીં પરિચય કરાવ્યો છે.

## 5.3 ઉમાશંકર જોશીનું સંશોધનકાર્ય

ઉમાશંકરના સર્જનેતર પ્રકાશનોમાં એમના સંશોધનગ્રંથો સૌથી વહેલા છે - 'અખો : એક અધ્યયન' 1941માં અને 'પુરાણોમાં ગુજરાત' 1946માં અલબત્ત, એમના પહેલા વિવેચનસંગ્રહ 'સમસંવેદન' (1948)માંના લેખો 1937 જેટલાં પાછળના છે, ને એમાં 'કાકાસાહેબની કવિતા' (1937) જેવો આસ્વાદ-વિવેચનનો અને 'સૉનેટ' (1939) જેવો સ્વરૂપઅભ્યાસનો-એવા બે સુદીર્ઘ લેખો એમણે આરંભે જ આપ્યા હતા. અખા વિશેના અભ્યાસપ્રબંધનો આરંભ મોડામાં મોડો 1939માં થયાનું સમજાય છે. આમ, વિવેચન-સંશોધનનો આરંભ ઉમાશંકરમાં લગભગ એક સાથે જ થયો ગણાય.

એ વખતે એમની ઉંમર 27-28 આસપાસ. સંશોધન જેવી કામગીરી માટે તો એ પ્રમાણમાં નાની વય ગણાય. પરંતુ એમના કામમાં આ વયની કોઈ કચાશ દેખાતી નથી; ઊલટું અહીં તો પ્રકૃતિ ને નિરૂપણ બંનેની પ્રૌઢિ વરતાય છે. બંને ગ્રંથો સંશોધનની તત્ત્વનિષ્ઠતા અને સત્યસંશોધનની દૃષ્ટિએ નમૂનેદાર છે, મતસમર્થનના આધારો આપવામાં દેખાતાં શ્રમ અને ચીવટ તથા યોગ્ય પદ્ધતિ નિપજાવવામાં પ્રગટતાં સૂઝ-સમજ ઉમાશંકરને ઊંચી કોટિના સંશોધક ઠેરવે છે.

આ બંને સંશોધનો વિશે વિગતે ને ઝીણવટથી લખવું તે વધુ સમય-ને વધુ સજ્જતા પણ-માગી લેનારી બાબત છે. એટલે, અહીં તો ઉમાશંકરના સંશોધનકાર્યની પદ્ધતિ ને એની ગતિ વિશે કેટલાંક નિરીક્ષણો જ આપવાનો પ્રયાસ છે.

'અખો : એક અધ્યયન' વિષયનાં વ્યાપ અને ઊંડાણની દૃષ્ટિએ એક મોટા ગજાનું ને ઉમાશંકરનું મહત્ત્વાકાંક્ષી કામ છે. અખાના અભ્યાસને, એમના જ શબ્દોમાં કહીએ તો, એક 'મુખ્ય મથક' (હેડક્વાર્ટર) રાખીને લગભગ આખાય મધ્યકાલીન સાહિત્યને તે ખૂંદી વળ્યા છે

અને એમાંથી અખાના જીવન ને સર્જન અંગે જે તથ્યો લાધ્યાં તે, અને તેટલાં જ, અખાના નામે જમા કરતા રહ્યા છે - દંતકથાના ખડકલાને દૂર ખસેડીને આ માટે, આપણાં રેઢિયાળ બની ગયેલાં (ને મૂળ અર્થ-મર્મ ગણ ગુમાવી બેઠેલાં) 'અધ્યયનો'માં થાય છે એમ અભ્યાસવિષય કવિની પ્રાપ્ત બધી જ જીવનવિગતો મૂકી આપવાને બદલે. આરંભે એમણે અખાની જીવન-ચર્ચા કરી છે. એમાં સાચા સંશોધક માટે અત્યંત આવશ્યક એવો દૃષ્ટિકોણ એમણે અપનાવ્યો છે : 'અખા વિશે તપાસ કરતાં પ્રથમ તો બધી જ વિગતોને ચિંત્ય કોટિની ગણી લીધી. તેમાંથી પછી ઊંડા ઊતરતાં કેટલીક પ્રમાણસિદ્ધ નીવડી આવી તો કેટલીક પોકળ નીકળી અને કેટલીક ચિંત્ય કોટિની જ રહી. છાતીઠોકીને જેને વિશે કહી શકાય કે આ હકીકત છે તેનું જ હકીકત તરીકે આ નિબંધમાં 'સમર્થન' કર્યું છે.' (પ્રાક્કથના) આછોપાતળો મેળ પાડી દેતા અનુમાનને જોરે કે એકાદા હાથવગા તથ્યને આગળ ધરીને પરિહાર કે સ્થાપના કરવા એ લલચાતા નથી. કોઈ મધ્યકાલીન કવિના કોઈક બોધક પદની પંક્તિઓમાં વયદર્શક સંજ્ઞાઓ ગુંથાતી જતી હોય ને એમાં છેલ્લી સિત્તેરની હોય તો, પદરચના ટાણે એ કવિ સિત્તેરની વયનો હશે એવું બેધડક કહી દેનારા સંશોધકો પણ આપણે ત્યાં નથી એમ નહીં !) એથી ઊલટું ચર્ચાસ્પદ વિગતોનો પરિહાર કરવા ને હકીકતને સ્થાપવા, એ સંશોધિત તથ્ય ચારે બાજુથી પુષ્ટ થાય ત્યાં સુધી થોકબંધ સમર્થનો ઉમાશંકરે પૂરા પાડ્યાં છે. 'ગુરુ બ્રહ્માનંદ ?'ની વીસેક પાનાં સુધી ચાલતી ચર્ચા આનું એક સમર્થ દૃષ્ટાંત છે. એમનું સંશોધકમાનસ લીધેલા વિષયને ઘેરો ઘાલીને પડ્યું હોય એવો અનુભવ સ્મરણશક્તિ પણ ઘણી સતેજ છે એથી દૂર દૂર ને ખૂણેખાંચરે વેરાયેલી બાબતોનું પણ એ સુવ્યવસ્થિત આકલન કરી શક્યા છે. અલબત્ત, એની પાછળ શ્રમસાધના પણ ઓછી નહીં જ હોય.

સર્જકની સૂઝ ને વિવેચકની સજ્જતા પણ એમને ઘણાં ઉપયોગી થયાં જણાય છે. 'અખો અને માંડણ' તથા 'કૃતિઓ અને એમનો ક્રમ' એ બંને પ્રકરણો એની પ્રતીતિ કરાવે છે. કવિતાની સર્જકરગમાં એમની કવિસંવેદના ફરી વળે છે ને વિવેચકની મૂલ્યાંકનદૃષ્ટિ તારણો ઉપસાવવામાં કામે લાગે છે. અલબત્ત, એની પાછળ મથન સંશોધકનું હોય છે. અખાની કવિતામાંનાં વિષય, દૃષ્ટાન્તો ને ક્યાંક તો પંક્તિઓ સુદ્ધાંમાં વિસ્તરેલી માંડણની અસરો વિગતવાર બતાવીને, 'તો પછી અખાનું મૌલિક શું ?' - એ તારવતાં એમણે એક દ્યોતક વિધાન કરેલું છે : 'લોકોક્તિની કોટિએ પહોંચતી વાણીઓની પરિણત પ્રજ્ઞાનું બાળક છે.' (સંવર્ધિત આવૃત્તિ, 1973, પૃ.118) આ તો તારણોનું તારણ છે જ્યાં પહોંચતાં એમનામાંના સર્જક-વિવેચકે પણ અખા-માંડણની કવિતા ઉથલાવી છે. ત્રણે શક્તિઓની આવી યુગપત્ ઉપસ્થિતિ બલકે સક્રિયતા રસપ્રદ છે.

અખાના જમાનાની ચર્ચા સાચા અર્થમાં પુનર્મૂલ્યાંકન બને છે-મધ્યકાલીન યુગનું જ નહીં, મધ્યકાલીન સાહિત્યનાં ઈતિહાસવિષયક લખાણોનું પણ, ગેરમાર્ગે દોરનારી ને ગતાનુગતિક રીતે વણાતી રહેલી આવી વિગતોને એમણે પૂરેપૂરી ઉખેળી છે, ને સાફસૂફ કરી સાચી રીતે ગૂંથી છે. મુનશીના જાણીતા અભિપ્રાયના પરિહાર નિમિત્તે એમણે અખા-પ્રેમાનંદ-શામળના જમાના વિશેની અનેક બાબતોને માંજી-ઘસીને પારદર્શક કરી છે.

અખાની કૃતિઓના રચનાસમય અને ક્રમની ચર્ચા એમણે અનેક આંતરપુરાવાઓની મદદથી, તુલનાત્મક દૃષ્ટિએ કરી છે. અહીં પણ એમની ઉત્તમ આકલનશક્તિ દેખાય છે. સંશોધકની 'ખણખોદ' વૃત્તિ અહીં સફળ બની રહી છે.

અખાની ભાષા મનાય છે એટલી કૂટ નથી-એની ચર્ચા અનેક રીતે નોંધપાત્ર, અને સંશોધક તરીકેનાં ઉમાશંકરનાં ઘણાં આયામોને બતાવી આપનારી છે. ભ્રષ્ટ પાઠોની ચકાસણીમાં દેખાતાં સજ્જતાનો અભાવ અને પ્રમાદ અખાને સમજવામાં નડે છે; એટલું જ નહીં ઘણી જગ્યાએ તો mis-reading જ મુશ્કેલી સરજનારું બની રહે છે એ એમણે અનેક દૃષ્ટાન્તોથી બતાવી આપ્યું છે. ('દરિદ્ર ન વધે ન સુખનું માન' એવી સ્પષ્ટ પંક્તિ 'દરિદ્ર નવ ઘેન સુખનું માન' એમ ખોટી વંચાતાં ઊભી થયેલી અકારણ દુર્બોધતા આવું એક મહત્ત્વનું દૃષ્ટાન્ત છે. 'દરિદ્ર ન દગ્ધે'- એવા અન્ય પાઠથી એમણે સાચા પાઠના પોતાના અનુમાનને સમર્થિત પણ કર્યું છે. આવી તર્કકઠોર ચકાસણીમાં એમનું ભાષાજ્ઞાન ને કાવ્યસૂઝ મદદે આવ્યાં

છે. અખાના સમયની ભાષાના સંદર્ભે એમણે કરેલી વ્યાકરણ ચર્ચા પણ અખાની કવિતાની ભાષાસંશુદ્ધ શાસ્ત્રીય વાચનાની દિશામાં એક મહત્ત્વનું પ્રદાન બની રહે એવી છે. સંશોધનનાં આવાં અનેક ઓજારો પરની ઉમાશંકરની પકડ પ્રભાવિત કરનારી છે.

આ સંશોધનપ્રબંધની એક મહત્ત્વની વિશેષતા તે ઉમાશંકરની શૈલી છે. સંપૂર્ણ વૈજ્ઞાનિક દૃષ્ટિને પ્રયોજતું હોવા છતાં એમનું લખાણ દુર્બોધ કે ભારેખમ બની ગયું નથી. એમાં વિશદતા ને પ્રવાહિતા છે. એથી એ ઘણી જગાએ તો સુવાચ્ય જ નહીં, સુખવાચ્ય પણ બને છે. એમાં અધ્યાપકની વક્તવ્ય-ઉદ્‌બોધન રીતિની પ્રતીતિજનકતા ને જીવંતતા પણ છે. ઉમાશંકરની મર્મશક્તિ પણ એમાં પ્રગટ થતી રહી છે. 'તિલક કરતાં ત્રેપન વહ્યાં' એ પંક્તિને આધારે, અખાએ ત્રેપનની વય પછી કવિતા કરી હશે એવા કોઈકના ઉભડક તારણ સામે એ લખે છે : 'એટલે આ છપ્પાઓની રચના માટે અખાને 'ત્રેપન' વરસ સુધી અદબપલાંઠી વાળી બેસાડી રાખવાનો અત્યાચાર આપણી વિદ્વત્તાએ કરવો ઠીક નથી.' (પૃ.72). એમની નર્મ-મર્મવાળી હળવાશભરી લેખનરીતિનાં બીજાં એકબે દૃષ્ટાન્ત પર્યાપ્ત થશે. (1) 'એટલું જ કહેવાનું છે કે અખાની લેખનપદ્ધતિ તે ઉડઝૂડિયા અથવા શિષ્ટ શબ્દ વાપરીને કહું તો 'મૌલિક' નથી પણ 'પરંપરાપુષ્ટ' છે. (પૃ.94) (2) પણ 'આપણે જોઈશું તેમ માંડણમાંથી કેટલુંક તો અત્યારનો કૉલેજોમાં પ્રચલિત એક પ્રયોગ વાપરું તો 'બેઠું ને બેઠું' અખાને ઉપાડીને પોતાની રચનામાં મૂકી દીધું છે.' (પૃ.96)

અખાની સર્જકતાને લક્ષ્ય કરીને થયેલી સંશોધન ચર્ચા તેમ જ આવી લેખનરીતિને કારણે, નિવેદનમાં શ્રી યશવંત શુક્લે આપેલી ઓળખ - 'રસિક પાંડિત્યની દીપ્તિવાળો ગ્રંથ'- યથાર્થ ઠરે છે.

'પુરાણોમાં ગુજરાત' એ સાહિત્ય સંશોધન નથી. સંશોધનની એક નવી જ, ને વધુ આકરી શિસ્તની આવશ્યકતા અહીં હતી. પુરાણોમાં ગુજરાતનાં ભૌગોલિક સ્થાનો-સ્થળનામોની ગંજાવર સામગ્રી વેરાયેલી પડી છે. (ને ઉમાશંકરે મૂળ આધારોમાં પણ મોટી બાથ ભીડી છે. ગુજરાત અંગે સૌથી વધુ સામગ્રી ધરાવનાર 'સ્કંદપુરાણ', અન્ય પુરાણો, વૈદિક સાહિત્ય, 'બુહત્ સંહિતા', 'મહાભારત' આદિના-ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીએ તારવ્યું છે એમ-લગભગ છ લાખ શ્લોકોમાંથી પસાર થવા ઉપરાંત પ્રાચીન ઉત્કીર્ણ લેખો, તામ્રપત્રો, સિક્કાઓ આદિ શ્રધ્ધેય સાધનોને એમણે જોયાં છે ને એમ માહિતીના એક મોટા જંગલ સાથે જ કામ પાડ્યું છે.) આ બધું જોવાનું હતું એટલું જ નહીં એમાંથી વિગતોનું પૃથક્કરણ કરીને એનું સંકલન કરવાનું હતું એથી એમાં જાણકારી-સજ્જતા જ નહીં, યોગ્ય પદ્ધતિની શોધ પણ એટલી જ જરૂરી હતી. ઉમાશંકરે પૂરા સંશોધન-કૌશલથી આ બધું પાર પાડ્યું છે.

ગુજરાતનાં સ્થળનામોના સંદર્ભકોશ રૂપે એમણે આ સંશોધનને આકાર આપ્યો છે. અકારાદિક્રમે મુકાયેલી આ સામગ્રીમાં પ્રતિ-નિર્દેશો (cross-references) આપીને એમણે ભૌગોલિક એકમોને તથા પરસ્પર સંબંધ ધરાવતાં નામોને સાંકળ્યાં છે. આવી પદ્ધતિને કારણે સામગ્રીનું સંકલન ઉપયોગી ને સ્પષ્ટતાદર્શી થઈ શક્યું છે.

સ્થળનામો સાથે વિગતનિર્દેશો કરતા જઈને પાદટીપોમાં એમણે મૂળ આધારો ટાંક્યા છે જેથી અભ્યાસીઓ માટે તુલના આદિ તરત હાથવગાં બને.

અંગ્રેજીમાં અંકનિર્દેશનની રોમન આંકડા જેવી એકાધિક કોટિ છે. એની મદદથી સંદર્ભપદ્ધતિ સુકર બને છે. ભારતીય ભાષાઓમાં આવી સગવડ નથી. એથી, આંકડાઓનાં બેથી વધારે સ્તર, ગૂંચવાડો ન થાય એ માટે, ટાળીને એમણે પર્વનામ આદિના સંક્ષેપાક્ષરોની મદદ લેવાની પ્રયુક્તિ અજમાવી છે. સંશોધકના આયોજન કૌશલનો આ એક ભાગ છે.

સંશોધકની એક મહત્ત્વની, ને હંફાવી દેનારી કામગીરી તે જરૂરી વિગતોને ચકાસવા ઉપરાંત બિનજરૂરી વિગતોને ટાળતા જવું તે છે. પોતાની કાર્ય દિશાના સંદર્ભમાં ઉમાશંકરે એક તરફ પુરાણોમાં કાળક્રમની ચર્ચાને ટાળી છે તો બીજી તરફ, પુરાણો પોતે જ લૌકિક વ્યુત્પત્તિઓને બહેલાવતાં રહ્યાં છે એટલે એમાંથી તથ્યપૂર્ણ ઐતિહાસિક સામગ્રી તારવી લેવા એમણે સાધક સાંયોગિક પુરાવાઓથી તથા મૂળ વ્યુત્પત્તિ તરફ નજર રાખતા રહી પુરાણકારોના તરંગશોખને પકડી પાડીને બધું બિનજરૂરી બાજુમાં રાખ્યું છે.

આછાંપાતળાં અનુમાનોથી નિર્ણયો આપી દેવાની લાલચમાં સંશોધક ભવિષ્યના અભ્યાસીને ગેરમાર્ગે જ દોરે. ઉમાશંકરે પોતાની પદ્ધતિના જ ભાગ રૂપે, 'મળેલા પુરાવાઓ ઉપરથી જેટલું અને જે સ્થિતિમાં તથ્ય સમજાય તેટલું તે સ્થિતિમાં રજૂ કરી છૂટવું અને કંઈ જ કદાગ્રહને તેમાં પ્રવેશવા દેવો નહીં.' એવો સંકલ્પ કરીને મથન-સંશોધન પછી પણ અસ્પષ્ટ રહેતી ને કશા તારણ-નિર્ણય સુધી ન પહોંચતી બાબતોને તટસ્થભાવે જ નિર્દેશી આપી છે.

સંશોધનની પદ્ધતિ માટે આવી વિવિધ પ્રયુક્તિઓ અને ઓજારો સ્વીકારીને થયેલું એનું વિનિયોજન ઉમાશંકરની વૈજ્ઞાનિક દૃષ્ટિના પ્રમાણરૂપ છે.

સ્થળનામો-સંજ્ઞાઓની ચર્ચામાં એમણે ઘણાં મહત્ત્વનાં પ્રતિપાદન કર્યાં છે.

'અપરાન્ત'ની ચર્ચામાં, આજ સુધી ઉત્તર કોંકણનો ગણાતો આ પ્રદેશ ખરેખર તો ઉત્તર વાયવ્યનો પ્રદેશ છે એવી સ્થાપના એમણે અનેક સંદર્ભો-આધારો આપીને કરી છે. હરિપ્રસાદ શાસ્ત્રી કહે છે એમ, ઉમાશંકરનું આ 'એક નોંધાપાત્ર મૌલિક પ્રદાન છે.' ('કવિનો શબ્દ', પૃ.129)

અર્બુદ, અવન્તિ, નર્મદા આદિ સંજ્ઞાઓની ચર્ચામાં એમણે ક્ષેત્રવ્યાપી અનેક નામો અને અસંખ્ય તીર્થસ્થાનો નિર્દેશ્યાં છે. એમાં પણ, વિશાળ સંદર્ભને જોઈને એનું શ્રમભર્યું ઉત્તમ સંકલન કરવાની શક્તિ દેખાય છે.

દ્વારકાની સંજ્ઞાચર્ચા તો દ્વારકા અંગેનો 20-25 પાનાંનો એક વિસ્તૃત સંશોધન-લેખ જ બની રહી છે.

'આનર્ત'ની ચર્ચા સૌથી વધુ સક્ષમ ને દ્યોતક છે. ઉત્તર ગુજરાત ને સૌરાષ્ટ્ર મળીને થતા લાંબા પ્રદેશ માટે મહાભારત-ભાગવતમાં આ સંજ્ઞા પ્રયોજાયેલી છે, પણ મહાભારતમાં જ આ પ્રદેશની એક લાક્ષણિક ઓળખ 'નટનર્તક ગાયકાઃ'ના પ્રદેશ તરીકે થયેલી છે. એના પરથી 'આનર્ત'માં 'નૃત્' ધાતુ સાથે સંબંધની શક્યતા જોઈને એમણે એની અનેક પ્રતીતિકર આધારો સાથે ચર્ચા કરી છે, અને મહાભારતમાં 'નટનાયકાઃ' નામનું પાઠાંતર મળે છે તથા ઈડર આસપાસના પ્રદેશમાં 'નાયક' નામની ગાયન-વાદન-અભિનય સાથે સંકળાયેલી જ્ઞાતિ મળે છે એ પરથી એમણે ઉત્તર ગુજરાતને આનર્ત પ્રદેશ તરીકે ઓળખાવ્યું છે-વ્યુત્પત્તિકોશોની મદદથી પણ આ ચર્ચાનું સમર્થન કર્યું છે. ઉમાશંકરનું આ બીજું મહત્ત્વનું પ્રદાન ગણાય.

શાસ્ત્રીયતાની ઊંચી પરિપાટીની દૃષ્ટિએ, તર્કકઠોર વિગત-ચકાસણીની દૃષ્ટિએ તેમ જ કલ્પનાશીલતાને વૈજ્ઞાનિક પદ્ધતિમાં પ્રયોજવાની દૃષ્ટિએ આ બંને સંશોધન-ગ્રંથો ઉમાશંકરને એક વિચક્ષણ સંશોધક ઠેરવે છે.

**5.4 સ્વાધ્યાય :**

1. ઉમાશંકર જોશીના સંશોધનકાર્ય વિશે સમીક્ષાત્મક નોંધ લખો.

---

**રમણ સોની** (૧૯૪૬) વિવેચક,કોશકાર-સંપાદક
'વિવેચક ઉમાશંકર' : સંપાદક-ચંદ્રકાન્ત ટોપીવાળા, પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, દ્વિતીય આવૃત્તિ-૨૦૦૩માંથી સાભાર.

---

## એકમ 6 ઉમાશંકર જોશીનો મધ્યકાલીન ગુજરાતી કૃતિ પરત્વેનો અભિગમ

6.1 ઉદ્દેશ
6.2 પ્રસ્તાવના
6.3 ઉમાશંકર જોશીનો મધ્યકાલીન ગુજરાતી કૃતિ પરત્વેનો અભિગમ

### 6.1 ઉદ્દેશ :

- ઉમાશંકર જોશીના વિવેચનકાર્યના વિવિધ સ્વાધ્યાય પૈકી મધ્યકાલીન સાહિત્યના અભ્યાસનું ક્ષેત્ર જાણવાની તક મળશે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પરત્વે ઉમાશંકર જોશીના અભ્યાસની સજ્જતા અને ભાવકતાનો પરિચય થશે.

### 6.2 પ્રસ્તાવના :

મધ્યકાલીન સાહિત્યનો અભ્યાસ આગવી શિસ્ત માગી લે છે. મધ્યકાલીન ગુજરાતી ભાષા વિશેની સૂઝ, અભિવ્યક્તિરીતિની જાણકારી અને બૃહદ જીવનસંદર્ભથી સભર મધ્યકાળને વિશે પોતાનો અભિપ્રાય રજૂ કરે ત્યારે શ્રદ્ધેય બને. નરસિંહ મહેતા, પ્રેમાનંદ, અખા વિશે ઉમાશંકરે તેમની ચિંતનશીલ પ્રકૃતિનો પરિચય કરાવતા આસ્વાદ્ય લેખો આપ્યા છે. મધ્યકાલીન સાહિત્ય પ્રત્યે તેમને જે લગાવ હતો તે અત્રે રજૂ કરેલ અભ્યાસથી સારી રીતે જણાઈ આવે છે. સંસ્કૃત સાહિત્યના અભ્યાસ, આસ્વાદથી સમૃદ્ધ થયેલી કવિની વિવેચન ચેતના મધ્યકાલીન સાહિત્ય પરત્વે પણ સ્પષ્ટ રીતે અલગ પડે છે. અખાની અસરકારતા અને પ્રેમાનંદની અસાધારણ લોકપ્રિયતાને તેમણે ઉત્તમ રીતે વ્યક્ત કરી છે.

### 6.3 ઉમાશંકરનો મધ્યકાલીન ગુજરાતી કૃતિ પરત્વેનો અભિગમ

મધ્યકાલીન ગુજરાતી કવિઓ અને તેમની કૃતિઓ વિશે અભ્યાસપ્રવૃત્ત થવું જોઈએ, એવી દિશાસૂઝ અર્વાચીનોમાં આદ્ય એવા નર્મદથી જ આમ તો આપણે ત્યાં પ્રગટેલી. મુદ્રણવ્યવસ્થાનો અભાવ, કવિઓની જ્ઞાન/ભક્તિ/ધર્મપરાયણતાને મુકાબલે સર્જનસભાનતા પરત્વેની ઉદાસીનતા - જેવી સ્થિતિઓને કારણે કવિઓના જીવન-કવન વિશે હકીકતનિષ્ઠ અભ્યાસ રજૂ કરવા માટે વેઠવી પડતી સમસ્યાઓ નર્મદે અનુભવી, ચીંધી, ને એનાં 'કવિચરિતો' લેખમાં વિશેષરૂપે પ્રગટી આવી પણ. નર્મદના આ પ્રયત્નમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અભ્યાસ માટેનો સંશોધનાત્મક અને સમીક્ષાત્મક અભિગમ ઊઘડી આવ્યો. એ પછી ઉત્તરોત્તર આપણા વિદ્યાપ્રીતિ ધરાવતા પુરુષોએ આ પ્રયત્નને સફળ રીતે વિકસાવ્યો છે. સંસ્કૃત અને પશ્ચિમી સાહિત્યચિંતનની પરંપરાનો પ્રકાર મેળવતા રહીને ગુજરાતી ભાષા-સાહિત્ય સર્જન અને વિવેચનનાં ક્ષેત્રે નવા-નવા ઉન્મેષો દાખવતું રહ્યું છે. એ સાથે જ મધ્યકાલીન સાહિત્યનું સંશોધનાત્મક પર્યેષણ ગતિશીલ બન્યું છે. ઉમાશંકર આ પરંપરામાં મૂર્ધન્ય સ્થાને બિરાજે છે. 1941માં તેમનું 'અખો : એક અધ્યયન' પ્રસિદ્ધ થતું, તો 1988ની આખરમાં મુદ્રિત થયેલ 'કવિ પ્રેમાનંદ' તેમનું 1989માં પ્રસિદ્ધ થતું, મરણોત્તર પ્રકાશન છે. આ બે વર્ષોને જોડીએ તો અડતાળીસ વર્ષનો રચાતો તેમના સંશોધનતપનો દીર્ઘ વ્યાપ ઉમાશંકરને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પરત્વે કેવો લગાવ હતો તેની પ્રથમ નજરે જ આદરપ્રદ પ્રતીતિ કરાવે છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સૌથી વધુ મહત્ત્વના કવિઓ તે નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, અખો, શામળ અને દયારામ. ઉમાશંકરે આ પૈકીના ત્રણ-નરસિંહ, પ્રેમાનંદ અને અખો-પર તો સંશોધનાત્મક દૃષ્ટિએ અભ્યાસપૂર્ણ છતાંય આસ્વાદ્ય કોટિનાં વિસ્તૃત અધિકરણો આપ્યાં છે. અન્યોના સહકારમાં 'દશમસ્કન્ધ' અને 'અખેગીતા'ની તેમ જ 'અખાના છપ્પા'ની સ્વતંત્ર રીતે શાસ્ત્રીય વાચનાઓ તૈયાર કરી છે; તો મીરાં, દયારામ અને શામળ વિશે પ્રાસંગિક વક્તવ્યો કે લેખોનાં સ્વરૂપે નિરીક્ષણો ઉદ્‌ગાર્યાં છે. આ કવિઓની કાવ્યપ્રવૃત્તિની એ

વાત કરતા હોય છે, ત્યારે, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યસમગ્ર એમની નજરમાં હોય છે. નરસિંહની વાત કરતા હોય ત્યારે એ પ્રાગ્નરસિંહયુગની પ્રવૃત્તિને ભૂલતા નથી, પ્રેમાનંદની વાત કરતા હોય ત્યારે ભાલણ-નાકર વિષ્ણુદાસને પૂરી જાણકારીના નાતે સંભારે છે, તો વળી અખો તો એમનો કદાચ વિશિષ્ટ શ્રદ્ધેય કવિ જણાય છે, તેથી એની જ્ઞાનાશ્રયી કવિતાપરંપરાને ભારતીયસ્રોતના સંદર્ભે બિરાદાવતાં એ થાકતા જ નથી. ભગિની ભાષાસાહિત્યના સંદર્ભો આપતા જાય ને યુરોપીય સાહિત્ય અને તત્ત્વવેત્તાઓની વિચારણાથી આ મધ્યકાલીન કવિઓનાં કાર્યોને વિસ્મય પુષ્ટ કરતા જાય ત્યારે ઉમાશંકરનું વિવેચન અભિગમ-સ્પૃહણીય બની જાય છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સર્જકોનો સર્જનપ્રવૃત્તિ પરત્વેનો અભિગમ કલાલેખેનો નહીંવત્ જ. ધર્મપરાયણતા, ઈશ્વરપરાયણતા, પર લોકપરાયણતાનાં વલણો જ અભિનિવેશપૂર્વક આ સર્જનોમાં બહુધા નિરૂપિત છે, એ જાણીતી વાતા છે ત્યારે કલા ખાતર કલાની દૃષ્ટિને વરેલા વિવેચકો આ સાહિત્યપરંપરાનો ઊપહાસ ન કરે તો જ આશ્ચર્ય. વળી આધુનિક જીવનસંદર્ભમાં જ રસ ધરાવતો ભાવક/વિવેચક પણ આવું જ વલણ રાખવાનો ! આ સ્થિતિની નોંધ લઈએ, તેનાથી જ મધ્યકાલીન સાહિત્યના ભાવક/વિવેચકની વ્યક્તિત્વમુદ્રા કેવી હોય, એવો પ્રશ્ન ઊભો થાય. ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ, એનાં કૌશલની ગતિવિધિ, પ્રજાજીવનની ગતિવિધિ જેવા વિષયોમાં રસ ધરાવી એકંદરે ગુજરાતની અસ્મિતા ઓળખવામાં સાચો વિદ્યાપુરુષાર્થ અનુભવે, એવું જેનું વલણ હોય એ જ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અભ્યાસમાં પ્રવૃત્ત થવાનો. વળી હસ્તપ્રતોમાં અને અનુશ્રુતિઓમાં અટવાતું કવન-જીવન ઉકેલવા ધૂળધોયાની ધીરજ એણે બતાવવી પડે. એય અપેક્ષા. સદ્ભાગ્યે ઉમાશંકર આવા વિરલ વ્યક્તિત્વનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

ઉમાશંકર એક વ્યક્તિ લેખે જાગતિક ચેતનાના પુરુષ હતા. એમની શ્રદ્ધા હતી ‘શબ્દ’માં. એવો ‘શબ્દ’ જે વિશ્વરહસ્યનો અણસાર આપી શકે. એથી એમણે વૈશ્વિક તેમ જ ભારતીય ભગિનીભાષાઓના સાહિત્યનો/વાઙ્મયનો વ્યાસંગ જીવનસભર કર્યો. એમાંથી એમનું ભાવકત્વ લોકોત્તર પેઢીની કક્ષાએ પહોંચ્યું હતું. વ્યક્તિત્વના આવા ગુણવિશેષોને પરિણામે જ એમનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું અધ્યયન-લેખન અનોખી દીપ્તિ દાખવે, પથદર્શક બને તેવાં છે. નર્મદ, ઈચ્છારામ દેસાઈ, હરગોવિંદદાસ કાંટાવાળા જેવા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંપાદકોની સંપાદનપદ્ધતિ પર દૃષ્ટિ કરીએ છીએ ત્યારે આ વાત વિશેષ સ્પષ્ટ થાય છે. કવિઓના જીવન વિશે પ્રચલિત અનુશ્રુતિઓનું તથ્યાતથ્ય શોધવાનો ઉમાશંકરનો આગ્રહ જ નહિ, ઉદ્યમ રહ્યો છે. કવિઓની કૃતિઓની સંખ્યાની તેઓ યાદી કરીને નોંધ જ નહીં આપે, એ કૃતિઓના અસંદિગ્ધ કર્તૃત્વની સમસ્યા ઉપાડીને સકલ કૃતિઓના, એક વિષયજૂથની કૃતિઓના, સમગ્ર પરંપરાના, પરિપ્રેક્ષ્યમાં નિઃશંક નિર્ણય પર અવાય છે કે કેમ ત્યાં સુધી એ ખોજ ચલાવવાના. સાધન-સામગ્રીઓની, એમ કરતાં ટાંચ વર્તાતી હોય તો તેય જણાવી ભાવિસંશોધનના નકશાઓય સૂચવવાના. કૃતિઓના કર્તૃત્વના પ્રશ્ન એ છેડે, એના અનુષંગે નિશ્ચિત વાર-તિથિ-માસ-વર્ષ દર્શાવતી રચનાઓ તારવી, તે કૃતિઓના બાનીસંદર્ભે આનુપૂર્વી, કવિજીવનની પૂર્વ-ઉત્તર મર્યાદાઓ જેવી લગભગ હકીકતનિષ્ઠ ઠરે એવી વિગતો આપવા પ્રયત્ન કરે. આવા પોતીકા પ્રયત્નમાં પુરોગામી સંશોધકનાં નિરીક્ષણોનો પૂરી ચોકસાઈથી અને પ્રામાણિકતાથી લાભ તો લેતા જ હોય, પણ એ સાથે તેઓ પ્રત્યે આદર પણ વ્યક્ત કરતા રહેવાના.

સાહિત્યના ક્ષેત્રમાં ‘પરંપરા અને પ્રયોગ’ની એક મોટી સમસ્યા ચર્ચાયા કરે છે. કોઈ પણ જમાનાના સાહિત્યમાં આ બંને ઘટનાઓ બનતી જ રહેવાની; પણ એ જ્યારે એનું કોઈ પણ એક છેડાનું આત્યંતિક રૂપ પકડે ત્યારે સાહિત્યની હયાતી ચિંતાપ્રેરક બનતી હોય છે. મધ્યકાલીન સાહિત્યમાં તો પરંપરા સાથેનું અનુગામીઓમાં ઉત્કટ અનુસંધાન બહુધા અનુભવાતું હોય છે. ત્યારે ઉમાશંકરનો અભિગમ નોંધપાત્ર બની રહે છે. અખાની તત્ત્વજ્ઞ કવિ તરીકે ગુજરાતી સાહિત્યમાં તો એમણે પ્રતિષ્ઠા કરી આપી જ છે, પણ એ સાથે દેશના મધ્યકાલીન સાહિત્યમાં એનો કેવો અનોખો અવાજ છે, એ તરફેય ધ્યાન ખેંચે છે. તો એ સાથે આવો કવિ પોતાના પુરોગામીનો કેવો ઋણી હોય છે, તે કેવી સૌમ્ય વાણીમાં ચીંધે છે ! : ‘અખાની

કેટલીક લોકોક્તિઓ કાવ્યરચનામાં વણાઈ એનો ભાગ બની છે. પણ અખાથી દોઢેક સૈકા પહેલાં થઈ ગયેલા શિરોહીના માંડણ બંધારાની કહેવતકોશ જેવી નહીં પણ છંદ અને કડીની પંક્તિસંખ્યા જેવી વસ્તુઓ અંગે પણ માંડણની એ કૃતિની અખાના 'છપ્પા' ઉપર સ્પષ્ટ છાપ પડેલી જોઈ શકાય છે' અને પછી, આ પ્રશ્ન પરત્વે એમનું પરિપ્રેક્ષ્ય સમજાઈ જાય એવું એમનું વિધાન આવે છે : 'સાહિત્યના ઈતિહાસોમાં કાલિદાસપૂર્વે ભાસ-અશ્વઘોષ, શેક્સપિયર પૂર્વે માર્લો, તુલસીદાસ પૂર્વે જાયસી, પ્રેમાનંદ પૂર્વે નાકર-વિષ્ણુદાસ, એવો ક્રમ સામાન્યતઃ મળી આવતો હોય છે. વ્યુત્પન્નમતિ વિવેચક જ, આમ, આ પ્રશ્ન પરત્વે સૌમ્ય અભિગમ દાખવી શકે.'

કવિજીવન અંગેની અનુશ્રુતિઓને હલ કરવી, એ એક પ્રશ્ન છે તો એવો જ બીજો પ્રશ્ન કવિજીવન વિશેની ચમત્કારી ઘટનાઓ નિર્દેશાયેલી હોય અને તેય કવિની પોતાની કૃતિઓમાં ! તેને ઉકેલવાનો ત્યારે સંશોધક ઉમાશંકરે લીધેલો રાહ નોંધી રાખવા જેવો છે : નરસિંહ મહેતાની આત્મકથનાત્મક કૃતિઓની સમીક્ષા કરતાં એમની સમક્ષ આ પ્રશ્ન ઊભો થયો. ત્યારે એ ઐતિહાસિક ભૂમિકા મનમાં જાણે કે સ્મરે છે : 'ભક્ત કવિ પોતે જ પોતાને અંગે ચમત્કારોનો ઉલ્લેખ કરે એવાં લખાણો મળે છે. સંતો વિશે બીજા લોકો ચમત્કારો વર્ણવે છે, તે તો જુદા.' અને પછી પોતાનો આગવો અભિગમ પ્રસ્તુત કરે છે : 'ચમત્કારકથા અંગેનું મનોવિજ્ઞાન અધ્યયન માગી લે છે. કોઈક દૃઢ પ્રતીતિને કલ્પકતાથી આકાર આપવામાં આવતાં ચમત્કારકથા જન્મે છે. નરસિંહ અંગેના આર્થિક મદદના ચમત્કારો એને માટે સહાનુભૂતિ ધરાવનારા ધાર્મિકમિત્રોની મદદ એને મળી હશે અને પોતે તો સૌમાં પરમેશ્વરને જોનારો હતો એટલે ભગવાને જ એ કસોટીના પ્રસંગો પાર પાડ્યા એમ એણે અનુભવ્યું હશે, એ રીતે ઘટાવી શકાય.' અહીં ચમત્કારની ઘટનાને પરામનોવિજ્ઞાનના અભિગમથી જ જોઈ શકાય, એ દૃષ્ટિનો આવકાર બલકે સ્વીકાર છે તો એ તત્કાલ શક્ય નથી (અને અહીં, સાહિત્યના ઈતિહાસમાં એટલી કદાચ અનિવાર્ય વાત નથી, બલકે વિષયાંતર છે) એથી કૌતુક પોષાય અને બુદ્ધિ આનાકાની ન કરે તેવું આહ્‌લાદક એ કેવું અર્થઘટન પ્રગટ કરે છે !

છેક 1940થી ઉમાશંકરે સાહિત્યપદાર્થને મૂલવવાનું એક ગૃહીત સ્વીકારેલું હતું : ''કોઈ કૃતિ કવિતા છે કે કેમ તેની કવિતાનાં ધોરણોથી તપાસ થશે, પણ તે મહાન કવિતા છે કે કેમ તે તો જીવનના સંદર્ભમાં નક્કી થશે.'' ટી.એસ.એલિયટની વિચારણા ઉમાશંકરે અહીં ઝીલી છે, એ સુસ્પષ્ટ છે. એમણે પોતે જ એલિયટને ટાંકીને જ આવું વિધાન કર્યું છે. શુદ્ધ કલાવાદીઓની દૃષ્ટિએ અથવા તો રૂપરચનાવાદી અભિગમની દૃષ્ટિએ અહીં સાહિત્યકલાને મૂલવવાનાં બેવડાં ધોરણો પ્રતીત થયાં છે. પરંતુ ઉમાશંકરની સમગ્ર વિવેચનપ્રવૃત્તિને પ્રત્યક્ષ કરીએ છીએ ત્યારે એમના આ વલણનાં બેવડાં ધોરણની હીનતા નહીં પણ બેવડાંનો સમન્વય જ અનુભવાય છે અને એ એમની સાહિત્યચિંતક લેખેની મહાન સિદ્ધિરૂપ ઘટના ગણવી જોઈએ. વિદેશી કે દેશી પરપ્રાન્તીય કે પ્રાન્તીય સાહિત્યને ઉમાશંકર હંમેશાં આસ્વાદકની દૃષ્ટિએ જ ઉપભોગે છે. પરિણામે કોઈ વાદ-વિચારણાથી એ કુંઠિત રહેવાની સ્થિતિમાંથી ઊગરી ગયા છે. પૂરા વિસ્મયપૂર્વક અને છતાં વિદગ્ધતાને વિસર્યા વિના એ કૃતિવિશ્વમાં પ્રવેશે છે. નિર્વિઘ્ન સંવિત્તિ, આમ તો કૃતિવિશ્વના ભાવનનું અંતતોગત્વા પરિણામ હોય પણ ઉમાશંકર આ આદર્શસ્થિતિનું અવતરણ થાય એ માટે પોતાની સંવિઘ્નસંવિત્તિ તો નથી ને એ વિશે જાણે વિદગ્ધ રીતે સભાનતા દાખવે છે. તેથી જ મધ્યકાલીન કવિઓને કૃતિઓની પૂરા સમભાવથી એ માણે છે ને ચકાસેય છે.

સાહિત્યનો 'શબ્દ' શોધવાની એમની રીત 'સહૃદય'ની છે. શબ્દાર્થની એ સૃષ્ટિ હોવાથી શબ્દાર્થની સંરચનાનું વૈશિષ્ટ્ય એ શોધતા હોય છે, પછી એ કોઈ લઘુ કૃતિ હોય કે દીર્ઘ કૃતિ હોય. એ શોધવાનું વ્યાકરણ એમની પાસે આધુનિકતમ પદ્ધતિઓની જાણકારી હતી એની શાખ તો પૂરે છે, અભિનિવેશપૂર્વક કેવળ એ આધુનિક પદ્ધતિને જ લેખે લગાડવામાં ભાવકત્વ હ્રસ્વતા પામતી જશે, એ તરફ આપણને સભાન પણ કરે જ છે. નરસિંહ નિમિત્તે એમણે લખ્યું છે, ''ધર્મ, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ, બીજા કોઈ વિષયની જેમ કવિતા અંગભૂત બની શકે છે, બનતાં રહ્યાં છે. કવિતાની મહત્તાનો આંક કાઢવામાં આવે તે વખતે એ, જો

એ કવિતા બનવા પામ્યાં હોય તો કૃતિને ઉચ્ચતા અર્પવામાં ઉપકારક બને.'' અને પછી નરસિંહની કવિતાનું નિરીક્ષણ આપે છે : ''નરસિંહ અધ્યાત્મવસ્તુને લીલયા મૂર્તતા આપી શકે છે. એમાં એને ભાષાનો તમામ વૈભવ-લય, શબ્દ, કલ્પન, આદિ-પોતાની સર્વ સેવાઓ આપી છૂટે છે.'' એમણે નરસિંહની સમગ્ર કવિતાને એના ભાષાસંદર્ભે નિરીક્ષી છે : ''નરસિંહમાં શું શૃંગારપ્રીતિનાં કાવ્યોમાં, શું ભક્તિજ્ઞાનનાં કાવ્યોમાં, સરળ રસઘન વાણીનો પરિચય થાય છે અને પછી, વ્યક્તિ તરફથી એમની દૃષ્ટિ સમષ્ટિ પર ખસે છે : ''નરસિંહના આવવાથી ગુજરાતી ભાષા રસસ્રોત બની રહી છે.'' ઉમાશંકરની 'રસઘન' સંજ્ઞા પેલા આઠ કે નવ રસના સંદર્ભે જ નથી, અને કૃતિના ચરમ આદર્શરૂપ રમણીયાર્થની નિષ્પત્તિનો એ પર્યાય છે, એમ એમણે દૃષ્ટાંતો દ્વારા રચેલા વ્યાકરણ પરથી કહી શકાય તેમ છે.

અખા વિશેનાં એમનાં નિરીક્ષણો-અભિપ્રાયો તો સુપ્રચલિત છે, 'અખાના છપ્પા'ની લોકપ્રસિદ્ધિની પેઠે જ ! એ અભિપ્રાયોની લોકપ્રિયતામાં ઉમાશંકરની ભાવકશ્રેષ્ઠતા સૂચિત થાય છે તો પ્રજારુચિઘડતર તરીકેના સૂચવાતા વિવેચકધર્મનેય અનુભવી શકાય છે. અખાને એમણે 'અક્ષયરસ'નો કવિ કહ્યો છે અને એ 'અક્ષયરસ'ની એમની વિભાવના કેવી છે ! અભિનવગુપ્તપાદને યાદ કરી એમની 'શાન્તરસ'ની વિભાવનાને અહીં ઉમાશંકર લેખે લગાડે છે, ત્યારે એમની વિવેચનદૃષ્ટિવિશાળતાનોય તે વિસ્મય ને આહ્‌લાદ માણી લેવાયા વિના રહેવાતું નથી. 'અક્ષયરસ'ને ન શોધી શકનાર નર્મદે અખા વિશે કહેલું કે 'એની કવિતામાં હાસ્ય સિવાય બીજો રસ જ નથી.' એ વાત ઉમાશંકર નોંધે છે ખરા, પણ કેવા સૌમ્ય સૂરમાં : 'નર્મદ ભલે (એમ) કહે.' અને પછી, નર્મદના અભિપ્રાયનું સંશુદ્ધીકરણ કરતા હોય તેમ એક પરિપક્વ નિર્ણયરૂપે લખે છે : 'અખાને મુખ્યત્વે હાસ્ય અભિપ્રેત નથી. અખાની મનઃસૃષ્ટિમાં શાન્તના એક વિવર્તનરૂપે જ હાસ્યનું સ્થાન છે.'

મરણોત્તર પ્રકાશન 'કવિ પ્રેમાનંદ'માંય એમનાં સમતોલ નિરીક્ષણો દીર્ઘકાલ ટકે એવાં નોંધાયાં છે. પરંપરાપ્રાપ્ત આખ્યાનકવિતામાં પ્રેમાનંદના પ્રદાનને એક વાક્યમાં ઉચિત રીતે એ નિર્દેશી શક્યા છે : 'પ્રેમાનંદની રચનાઓ સૌથી જુદી તરી આવે છે, તે તો એ રસૈકલક્ષી છે, તે કારણે.' એ રસૈકલક્ષિતા એટલે શું ? તો ઉમાશંકર એનાં ત્રણ ઘટકો - કથાકથનકૌશલ, મનુષ્યસ્વભાવનિરૂપણ અને બાની-નો સદૃષ્ટાન્ત આસ્વાદ કરાવે છે. કથનકૌશલનો પ્રમાનંદીય વિશેષ ઓળખાવતાં ટી.એસ.એલિયટકથિત ત્રણ સૂરોની વિભાવનાનો આધાર લઈ નાટ્યાત્મકતાનું પરિણામ પ્રેમાનંદ કેવું સિદ્ધ કરતો હોય છે, એ દર્શાવાય છે તો વર્ણનકૌશલને ઓળખાવતાં સિનેમાપદ્ધતિની દૃશ્યસંયોજનાની શોધ કરી અપાઈ છે ('મધ્યમાલા' (ચં.ટો.)માં 'મામેરું' સંદર્ભે પ્રથમ વાર આવો ઉપક્રમ થયો છે, એ અહીં યાદ આવે છે.) 'ચંદ્રહસાખ્યાન'ને અને એ નિમિત્તે પ્રેમાનંદને આ રીતે અભિનવ ભાવક પ્રાપ્ત થયો છે. નરસિંહ અને અખાના અધ્યયન નિમિત્તે બન્યું છે તેમ પ્રેમાનંદના અધ્યયન પરિણામેય પ્રેમાનંદ વ્યક્તિ પરથી, એમની સમષ્ટિ પર-ગુજરાતી ભાષા પર-દૃષ્ટિ વળે છે : 'ગુજરાતી ભાષાના પ્રેમાનંદ ઉપર ચારે હાથ છે. કોઈ કવિની કાવ્યબાની ભાષાના પર્યાયરૂપ બને અને લાંબા સમય સુધી રહે એવું ક્યાંક ક્યાંક જ જોવા મળે છે. પ્રેમાનંદ અંગે એવું બન્યાનું કહેવામાં ભાગ્યે જ અતિશયોક્તિ થશે.'

'અખાના છપ્પા'ની લોકપ્રિયતા વિશે ઉમાશંકરે એક માર્મિક વાત કરી છે : 'મનુષ્યમાં ધર્મતૃષા, તત્ત્વતૃષા હોય છે, તેમ સૌંદર્યતૃષા પણ હોય છે. ગુજરાતી લોકસમાજે, કોઈ વિવેચક ઉપર પ્રશ્ન છોડવાને બદલે, 'છપ્પા'ને પોતાની છાતીસરસા રાખીને અખાની તત્ત્વતૃષા તોષનારી કૃતિઓમાંથી સૌથી વધુ સૌંદર્યતૃષા છિપવનારી કૃતિ એ છે, એ જાહેર કરી દીધું છે.' ઉમાશંકરનો મધ્યકાલીન સાહિત્ય પ્રત્યેનો લગાવ અને અભિગમ, તેમની આ વાણીમાંથી જ નથી સૂચિત થઈ જતો કે શું ?

● **સ્વાધ્યાય**

● ઉમાશંકર જોશીએ કરેલો મધ્યકાલીન સાહિત્યનો અભ્યાસ : સમીક્ષાત્મક નોંધ તૈયાર કરો.

---

**સુભાષ દવે** (૧૯૩૬) વિવેચક

'વિવેચક ઉમાશંકર' : સંપાદક-ચંદ્રકાન્ત ટોપીવાળા, પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, દ્વિતીય આવૃત્તિ-૨૦૦૩માંથી સાભાર.

## એકમ 7

# ઉમાશંકર જોશીની વિવેચનામાં સામાજિક ચેતનાનું મૂલ્ય


7.1 ઉદ્દેશ
7.2 પ્રસ્તાવના
7.3 ઉમાશંકરની વિવેચનામાં સામાજિક ચેતનાનું મૂલ્ય
7.4 સ્વાધ્યાય
- વિશેષ લેખનપ્રવૃત્તિ


**7.1 ઉદ્દેશ :**

- આ એકમના અભ્યાસ દ્વારા તમે ઉમાશંકર જોશીની વિવેચનામાં સામાજિક ચેતના વિશે અભ્યાસપૂર્વક જાણી શકશો.
- વિવેચના વિવિધ અભિગમો પૈકી સામાજિકતાનો વિભાવ સ્પષ્ટ થશે.
- જીવનલક્ષી વિવેચન અભિગમની સમજ કેળવાશે.
- સાહિત્ય અને સમાજ વચ્ચેના પરસ્પર સંબંધો, સાયુજ્ય અને કળાવાદી અભિગમ વચ્ચે સમન્યપૂર્વકની વિવેચનાનો પરિચય થશે.

**7.2 પ્રસ્તાવના :**

વિવેચક ઉમાશંકરની સામાજિક નિસબતનો આલેખ તેમના સર્જન વિવેચનમાંથી સહજ રીતે મળી આવે. જીવન અને કલાનો અવિરત અનુભવ તેમના વિવેચન અભિગમને ઘડવામાં સહાયક બને છે. ગાંધીજીના જીવનકાર્યથી પ્રભાવિત એવા આ સર્જક-વિવેચકે સામાજિક વાસ્તવ અને સૌન્દર્યશાસ્ત્ર વિશેની સમજને સમતુલાપૂર્વક વિવેચનમાં રજૂ કરી છે.

સ્વાયત્તતા સ્વતંત્રતા અને સામાજિક હેતુઓ માટેની પ્રતિબદ્ધતા તેમની વિવેચનમાં સહજ રીતે નિષ્પન્ન થાય છે. સર્જનમાં જીવાતા જતા જીવનની છબી મળે તો તેમને મન વિશેષ આવકાર્ય છે.

જીવનમાં નૈતિક-મૂલ્યોની અપેક્ષા વાંધાપ્રભાવનું પરિણામ છે. પણ માત્ર નૈતિકતા કે સામાજિક નિસબત જ હોય તો કવિતા ફસડાઈ પડે એમ સમજતા ઉમાશંકર જોશીને અર્વાચીનોમાં આદ્ય નર્મદ દલપતની કવિતામાં સામાજિક ચેતના હોવા છતાં તે કવિતાઓ બહુ પ્રભાવિત કરી શકી નથી.

અત્રે ઉમાશંકર જોશીના સમૃદ્ધ વિવેચન સાહિત્ય પૈકી સારરૂપ સામગ્રી તરીકે જયંત ગાડીતે કરેલા નિરીક્ષણો આપના અભ્યાસ માટે રજૂ કરીએ છીએ. 'સમસંવેદન', 'કવિની સાધના', 'અભિરુચિ', 'કવિની શ્રદ્ધા', 'શૈલી અને સ્વરૂપ' તથા 'નિરીક્ષા' આદિમાં વ્યક્ત થયેલા કાવ્યવિચારમાં ઉમાશંકર જોશી જેવા કવિની સામાજિક ચેતનાને કારણે તમે કાવ્યવિચારના મર્મને પામી શકશો. સામાજિક ચેતનાનો મુદ્દો અભ્યાસક્રમમાં સહેતુક છે. આપણે ત્યાં અમુક વિવેચકો સામાજિક નિસબત કે ભાવનાશીલ વિચારસરણીને કલાપદાર્થથી વિરુદ્ધની બાબત ગણે છે. સામાજિક પ્રતિબદ્ધતા દાખવતી કે સામાજિક દાયિત્વનો મહિમા થતી એવી રચનાઓ પ્રત્યે અન્ય કલાવાદીઓ જેવો આભડછેટનો સંબંધ તેમણે રાખ્યો નથી સામાજિક ચેતના કે સામાજિક અભિજ્ઞતા વિશે તેમણે પ્રચારકની જેમ આકરું વલણ રાખ્યું નથી. પણ ઉમાશંકર જોશી જેવા મૂર્ધન્ય સર્જકને સાહિત્યમાં કે સાહિત્ય વિવેચનમાં સામાજિક ચેતના જેવા મુદ્દે ખેવના થાય એ આવકાર્ય છે.

### 7.3 ઉમાશંકર જોશીની વિવેચનામાં સામાજિક ચેતનાનું મૂલ્ય

સામાજિક ચેતના એટલે સામાજિક અભિજ્ઞતા એમ હું સમજું છું. આમ તો દરેક વ્યક્તિ કોઈ ને કોઈ સમાજ સાથે જોડાયેલી હોય છે. અંગત વિચારો, લાગણીઓ, મૂલ્યો દરેક પર સમાજની અસર હોય છે. એટલે વ્યક્તિનું અંગતમાં અંગત સંવેદન પણ એના સમાજજીવનની તાસીરથી પ્રભાવિત હોય છે. એ રીતે દરેક વ્યક્તિના સંવેદનમાં સામાજિક અભિજ્ઞતા પડેલી હોય છે પણ સામાજિક ચેતના કે સામાજિક અભિજ્ઞતાનો એનાથી થોડો જુદો અર્થ છે. જ્યારે વ્યક્તિ પોતાના અંગત સંવેદનમાંથી બહાર નીકળી પોતાના સમાજ કે વિશ્વના અન્ય સમાજોમાં બનતી ઘટનાઓ – રાજકીય, ધાર્મિક, આર્થિક વગેરેને સંવેદે ત્યારે એવી વ્યક્તિ સામાજિક ચેતના કે સામાજિક અભિજ્ઞતા ધરાવે છે એમ કહી શકાય. સાહિત્યજગતમાં ઘણા સર્જકો પોતાના અંગત સંવેદન, પોતાના અંગત જીવનની મથામણોને વાચા આપે છે ને પોતાની આસપાસના જગતમાં જે કંઈ બની રહ્યું હોય તેનાથી બહુધા અલિપ્ત રહેતા હોય છે. જ્યારે કેટલાક સર્જકોના મનોજગતમાં ઊઠતી મથામણો પોતાના ને પોતાની આસપાસના સમાજોમાં બનતી ઘટનાઓમાંથી ઉદ્‌ભવી હોય. આવી મથામણોને જ્યારે તે સાહિત્યમાં વાચા આપે ત્યારે એવો સર્જક સામાજિક ચેતનાવાળો સર્જક કહી શકાય. આવો સામાજિક ચેતનાવાળો સર્જક સમાજજીવનને કેવી રીતે અને કેટલું ઝીલે છે, કઈ ઘટનાઓ એના સંવિદને સ્પર્શે છે, એમને એ કેવી રીતે કળારૂપ આપે છે. આ સૌ પ્રશ્નોનો વિચાર આપણને કળાના ને સાહિત્યના સૌંદર્યશાસ્ત્રમાં લઈ જાય.

ઉમાશંકરનાં સર્જન અને વિવેચનમાં સામાજિક અભિજ્ઞતા તરફનો ઝોક સ્પષ્ટપણે વરતાઈ આવે છે. જોકે એમના સાહિત્યવિષયક ખ્યાલો માર્ક્સવાદી કાવ્યચિંતનનો પ્રભાવ ઝીલતા નથી. રામનારાયણ, કાકાસાહેબ કાલેલકર, એરિસ્ટોલ, મેથ્યુ આર્નલ્ડ, ક્રૉચે, એલિયટ ને રોમેન્ટિક કાવ્યચિંતનની કેટલીક અસર તથા ભારતીય કાવ્યમીમાંસાનો પ્રભાવ ઝીલી એમની કાવ્યવિચારણા બંધાયેલી દેખાય છે. સામાજિક ચેતનાવાળો સર્જક ઊંચી કાવ્યકૃતિનું નિર્માણ કરે તો કેવી રીતે કરી શકે એની સૌંદર્યશાસ્ત્રને ધોરણે ઝીણી તપાસ એમણે નથી કરી, તો પણ સામાજિક ચેતનાના સંદર્ભમાં કાવ્યસર્જન અને કાવ્યમૂલ્યાંકન અંગે એમણે કરેલા કેટલાક ઉદ્‌ગારો પરથી એમ કહી શકાય કે ઉમાશંકર મુખ્યત્વે જીવનલક્ષી ને ભાવનાવાદી વિવેચક છે.

''કળા મનુષ્યની સામાજિક વૃત્તિઓનો ઉત્તમોત્તમ આવિષ્કાર છે.''[૧] કળાકાર કે સાહિત્યકાર દૃષ્ટાને સત્યશોધક છે,[૨] ''સર્જકે જીવન કે પ્રકૃતિનું પ્રતિબિંબ પાડવાનું નથી, પરંતુ પ્રકૃતિનાં સંભવિત રૂપોને – એમાંના ભાવનાત્મક સત્યને બહાર લાવવાનું છે. પ્રકૃતિનાં એવાં રૂપોને બહાર લાવી શકે એવું પૂરેપૂરું સ્વાતંત્ર્ય એની પાસે હોય, એ નિર્ભીક હોય એ અત્યંત જરૂરી છે.''[૩] ઉમાશંકરના આ બધા વિચારો એમના સાહિત્ય તરફ જોવાના ભાવનાવાદી વલણને પ્રગટ કરે છે.

''કળાકાર સત્યશોધક ને દ્રષ્ટા છે એમ કહી ઉમાશંકર કળાકાર કે સર્જકના કાર્યનું સમાજમાં ઘણું મહત્ત્વ છે એનું ગૌરવ કરે છે.''[૪] ''સર્જક કોઈની પ્રશસ્તિ કરનાર ભાટ-ચારણ નથી, શાસનકર્તાઓના વિચારોનું ડિમડિમ વગાડનાર પ્રચારક નથી કે ધર્મગુરુ ને પયગંબર જેવો ઉપદેશક પણ નથી. સર્જક જ્યારે પોતાની સત્યશોધક વૃત્તિ છોડીને બીજી વસ્તુઓથી સમાજ આગળ પોતાને ન્યાય્ય ઠેરવવાનો યત્ન કરે છે ત્યારે સમાજને માટે એ ચિંતાનો વિષય બને છે.''[૫]

ઉમાશંકરે સર્જકના સમાજ પ્રત્યેના ઉત્તરદાયિત્વને આનાથી પણ થોડું આગળ લંબાવી એમાં નૈતિક તત્ત્વ ઉમેર્યું છે. આમ તો ૧૯૪૦માં લખાયેલા 'કવિતા અને પ્રાગતિકતા' લેખમાં એમનો સાહિત્ય તરફ જોવાનો નૈતિક અભિગમ કંઈક વિશેષ તારસ્વરૂપે પ્રગટ થયેલો દેખાય છે. પાછળનાં વર્ષોમાં એ અભિગમ કંઈક સમતોલ બને છે, પરંતુ એનો તંતુ છેક તૂટી નથી જતો. 'લેખકની જવાબદારી' લેખમાં પ્રચારકતા ને પ્રતિબદ્ધતાને વખોડી નાંખી વસ્તુસ્થિતિનું એની પૂરેપૂરી સંકુલતામાં પ્રતિનિર્માણ કરવામાં કલાની સર્જકતા છે એમ તેમણે સ્વીકાર્યું, પરંતુ લેખમાં આગળ જતાં સાહિત્ય તરફ જોવાનો એમનો નૈતિક અભિગમ બહાર આવ્યા વગર

રહી શક્યો નહીં. આજની યંત્રયુગીન સંસ્કૃતિની વૈષમ્યભરી સ્થિતિમાં, ઉપલક રીતે ગૂંચવાડા ભરેલા લાગતા વિશ્વક્રમમાં જે અંતિમ સંવાદવ્યવસ્થા પ્રવર્તી રહી છે. એનું સૂચન કરનાર કલા બની રહે. એલું જ નહીં 'કલા એ ઊંચે ને ઊંચે બઢતા અસીમ માટે ક્ષુધા ધરાવતા, વસ્તુમાત્રની સઘન સાર્થકતાને આંબવા કરતાં બૃહત્તર ઉચ્ચતર જીવન સિવાય બીજું શું છે ?'[૬] એમ કહે છે ત્યારે એમનો નૈતિક દૃષ્ટિકોણ બરોબર ઉપર તરી આવે છે. એટલે ૧૯૬૨માં લખાયેલા 'રાષ્ટ્રીય એકાત્મકતાની ગંગોત્રી' લેખમાં તેઓ 'સાહિત્યકારોનાં સર્જનો પ્રજાને એકહૃદય કરવામાં સહેજે સફળ નીવડે છે.' કે 'ઉત્તમ સાહિત્યના નિર્માણ દ્વારા પ્રજાની એકાત્મકતાની સાધના ચાલે છે.'[૭] એમ કહે છે ત્યારે રસબોધ સિવાય સાહિત્ય અન્ય સામાજિક હેતુઓ પણ સિદ્ધ કરે છે એવી તેમની માન્યતા ૧૯૪૦માં હતી તેનાથી ઝાઝી બદલાઈ નથી એમ દેખાય છે.

''જીવનનાં દુરિતોથી, સર્જક જ્ઞાત હોય, દુરિતોને પોતાના સર્જનમાં એ વ્યક્ત પણ કરે.''[૮] ''પરંતુ આખરે તો સાચું સાહિત્ય 'શિવ'ની ઉપાસના બની રહે એમાં જ એનું સ્વારસ્ય છે.''[૯] 'સાહિત્ય તરફના આ નૈતિક દૃષ્ટિકોણને લીધે ઉમાશંકર જીવનની ગંદકીને બહાર લાવતા વાસ્તવવાદી સાહિત્ય તરફ બહુ ઉમળકો બતાવી શકતા નથી. એટલે જ પન્નાલાલની 'માનવીની ભવાઈ'નો કાળુ રાજુનાં સ્તન ચૂસે છે એ કથાના અંતભાગમાં આવતો પ્રસંગ એમને જચ્યો નહીં. કથાને એ કોઈ રીતે ઉપકારક બનતો નથી એમ કહી સાહિત્યિક ધોરણે પ્રસંગની અનુપકારકતા બતાવવાનો એમણે પ્રયત્ન કર્યો છે, પરંતુ સાહિત્ય તરફનો આ નૈતિક અભિગમ પણ મૂલ્યાંકનમાં કામ કરી ગયો છે એમ અનુભવાય છે.'[૧૦]

ઉત્તમ સાહિત્યના નિર્માણ માટે સર્જકે બાહ્ય જગતમાંથી ઘણું ગ્રહણ કરવું પડે છે એ વસ્તુ તેમણે સ્વીકારી છે અને કાવ્યાસ્વાદ કે કાવ્યના અંતિમ મૂલ્યાંકન માટે પણ એ બાબતને તેમણે આધાર બનાવી છે. એટલે કોઈ પણ સાહિત્યકૃતિની કળાકીય ધોરણે તપાસ થવી જોઈએ એવો આગ્રહ રાખે છે, પરંતુ ત્યાં કાવ્યમૂલ્યાંકનની ઇતિશ્રી નથી. કાવ્ય કેટલી ઊંચાઈએથી આવે છે એનું મહત્ત્વ પણ છે, એટલે કે કથયિતવ્યની ઉન્નતતાનું, પ્રેરણાના મૂળની ઉચ્ચતર કક્ષાનું પણ કાવ્યના મૂલ્યાંકનમાં મહત્ત્વ છે એનો આગ્રહ એમણે સેવ્યો છે.[૧૧] 'કવિતા અને પ્રાગતિકતા' લેખમાં તો એનાથી પણ થોડા આગળ જઈ તેઓ જીવનવિરોધી કાવ્ય રસબોધમાં ય વિઘ્ન ઊભું કરે એવો વિચાર વ્યક્ત કરે છે.[૧૨] ત્યારે કાકાસાહેબના વિચારોની તેઓ ખૂબ નજીક જતા દેખાય છે.

ઉમાશંકરનું કૃતિલક્ષી વિવેચન ઘણુંખરું પ્રાસંગિક છે. પોતાના સૈદ્ધાંતિક ખ્યાલોના પ્રકાશમાં પોતાના સમયના કે પોતાના પુરોગામી સમયના સાહિત્યને એમણે તપાસ્યું હોય એમ ઝાઝું જોવા નથી મળતું. પ્રસંગોપાત્ત પ્રવેશકો રૂપે, અજંલિ રૂપે અથવા અન્ય કોઈ બાહ્ય નિમિત્તે એમને કૃતિવિવેચન માટે પ્રેર્યા હોય એમ વિશેષ બન્યું છે. એ વખતે એમણે સર્જક કે સાહિત્યકૃતિને કળાકીય ધોરણે મૂલવવા તરફ વિશેષ લક્ષ આપ્યું છે. એટલે કવિતામાં ભાવ, ભાષા, છંદ, લય ઇત્યાદિ દૃષ્ટિએ કે નવલકથામાં વસ્તુ, પાત્ર, ભાષા ઇત્યાદિના સંદર્ભે વિચાર થયો છે. એટલે અનુભવને કળારૂપ આપનારી સ્વરૂપગત સામગ્રી પરથી એમનું ધ્યાન ક્યારેય વિચલિત થયું નથી.

જોકે એ પરિસ્થિતિમાં પણ સામાજિક ચેતનાના સંદર્ભમાં કેટલાંક દ્યોતક નિરીક્ષણ એમણે કર્યા છે. જેમ કે મોટા કવિની મહત્તા એ યુગચેતનાને ઝીલે છે એમાં રહેલી છે એવું તેઓ માને છે. કાલિદાસ અને રવીન્દ્રનાથ ટાગોર એ રીતે એમને મોટા કવિ લાગે છે. 'કાલિદાસ એ સાચા અર્થમાં હિંદના રાષ્ટ્રકવિ છે.'[૧૩] 'રવીન્દ્રનાથ ટાગોરને ધરતીની માટીના કવિ કહીએ તો એમાં ઘણું ઔચિત્ય છે. આ ધરતીને, ધરતી ઉપરની કુદરતને અને ખાસ તો ધરતીના માનવીની જીવનલીલાને ચાહનારા એમના જેવા કવિઓ ઓછા મળશે.[૧૪] એટલે સારા કવિમાં જીવાતા જીવનની છાયા ન જોવા મળે તો એમાં એમને કવિની ઊણપ લાગે છે. રાજેન્દ્ર શાહનો 'ધ્વનિ' કાવ્યસંગ્રહ એ દૃષ્ટિએ એમને ઊણો લાગ્યો હતો.[૧૫]

ક્યારેક સામાજિક અભિજ્ઞતામાંથી ઉદ્‌ભવતી ભાવની સચ્ચાઈ હૃદયસ્પર્શી કવિતાના નિર્માણમાં કેવી રીતે નિમિત્ત બને છે તે મલબારીના 'અર્પી દઉં સો જન્મ' એ કાવ્યના આસ્વાદમાં બતાવે છે.[૧૬] અલબત્ત સામાજિક અભિજ્ઞતાનો સ્વીકાર કરવા છતાં કળાનાં સૌંદર્યનિષ્ઠ અંશો પરથી એમની નજર જરાય દૂર ખસતી નથી. એટલે કવિતામાં સામાજિક ચેતના અનુભવાય એટલા માત્રથી કવિ કે કૃતિને પ્રશંસવાનું એમનું વલણ નથી. નર્મદ-દલપતની કવિતામાં સામાજિક ચેતનાનો સ્પર્શ છે છતાં એ કાવ્ય સુધી પહોંચતી નથી તેથી એના પ્રત્યે કોઈ અહોભાવ બતાવતા નથી.[૧૭] એટલું જ નહીં ત્રીસીની કવિતામાં પણ જોવા મળતી સમાજાભિમુખતા કાવ્યત્વ સુધી પહોંચતી નથી એનો સ્વીકાર કરે છે.[૧૮] જોકે કળાકીય ધોરણે કૃતિને મૂલવવા તરફ લક્ષ આપવા છતાં ક્યારેક એમનો નૈતિક અભિગમ આગળ આવી જાય છે. 'વસંતવિલાસનું રસદર્શન'માં 'વસંતવિલાસ'ના કાવ્યત્વમૂલક અંશોની સુંદર ચર્ચા કર્યા પછી એમાં નિરૂપાયેલા શૃંગારનિરૂપણને તત્કાલીન સમાજની કોઈ વિશિષ્ટ અવદશાનું કે હતપ્રભ વિલાસિતાનું સૂચક ગણે છે.[૧૯] 'નહિ તહોમત, નહિ ચુકાદો' લેખમાં કંકુમાં કે મરિયમબૂ જેવાં પાત્રો રૂઠેલી સાવિત્રી કે વેરથી ઊછળતી તરુલતા કરતાં માણસાઈની ભાવનાને પ્રવર્તાવતાં હોવાને લીધે તેઓ એમનો વધારે પુરસ્કાર કરે છે.[૨૦]

આમ સાહિત્ય અને સમાજ વચ્ચે રહેલા સંબંધનો સ્વીકાર અને બીજી તરફ સાહિત્યના કળાકીય તત્ત્વોની ખેવના એ બે છેડાઓ વચ્ચે સમતુલા જાળવીને ઉમાશંકરની વિવેચના ચાલતી જણાય છે.

**સંદર્ભ**


૧. સમસંવેદન, પૃ.૬
૨. સમસંવેદન, પૃ.૧૬, કવિની સાધના પૃ. ૫૬
૩. અભિરુચિ, પૃ.૧૧૬
૪. અભિરુચિ, પૃ.૧૧૫
૫. અભિરુચિ, પૃ.૧૧૪-૧૧૫
૬. અભિરુચિ, પૃ.૧૧૭
૭. પ્રતિશબ્દ, પૃ.૬૨-૬૩
૮. અભિરુચિ, પૃ.૧૧૭
૯. સમસંવેદન, પૃ.૩૨
૧૦. નિરીક્ષા, પૃ.૨૮૭
૧૧. કવિની સાધના, પૃ.૧૧૭
૧૨. સમસંવેદન, પૃ.૨૧
૧૩. અભિરુચિ, પૃ.૪૬
૧૪. એજન, પૃ.૯૮
૧૫. એજન, પૃ.૭૫
૧૬. એજન, પૃ.૬૮
૧૭. શૈલી અને સ્વરૂપ, પૃ.૨૮૧
૧૮. એજન, પૃ.૨૮૬
૧૯. સમસંવેદન, પૃ.૪૯
૨૦. અભિરુચિ, પૃ.૨૧૫


**7.4 સ્વાધ્યાય**

૧. ઉમાશંકર જોશીની વિવેચનામાં સામાજિક ચેતના વિશે વિસ્તારથી લખો.

૨. વિશેષ લેખન પ્રવૃત્તિ :
સાહિત્યકાર અને સામાજિક નિસબત વિશે તમારા વિચારો પ્રગટ કરો.

---


**જયંત ગાડીત** (૧૯૩૮-૨૦૦૯) વિવેચક,નવલકથાકાર



'વિવેચક ઉમાશંકર' : સંપાદક-ચંદ્રકાન્ત ટોપીવાળા, પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, દ્વિતીય આવૃત્તિ-૨૦૦૩માંથી સાભાર.

## MGT-01

## ગ્રંથકારનો અભ્યાસ – ઉમાશંકર જોશી

## પ્રશ્નપત્રનું માળખું

**કુલ ગુણ : ૭૦**

| **પ્રશ્નક્રમ** | **અભ્યાસસામગ્રી બ્લોક** | **પ્રશ્નનો પ્રકાર** | **ગુણભાર** |
|---|---|---|---|
| ૧ | બ્લોક ૧માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૨ | બ્લોક ૨માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૩ | બ્લોક ૩માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૪ | બ્લોક ૪માંથી પૂછવા. | વિસ્તૃત પ્રશ્નો<br>(બેમાંથી કોઈપણ એક) | ૧૪ |
| ૫ | સમગ્ર પાઠ્યક્રમમાંથી પૂછવા. | ટૂંકનોંધ લખો.<br>(પાંચમાંથી બે) | ૧૪ |

BAOU
Education for All

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

•

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**